# श्री सुपार्श्वनाथ चरित्र

भाग २ जो.

अनुवादकर्त्ता,

आचार्य-

श्रीअजितसागरजी महाराज.

# પ્રસ્તાવના.

જેના નિર્મળ સંયમે જગતમાં જ્યોતિ પ્રસારી અહા !
કીર્ત્તિકાનન કેશરી પ્રખરને વિદ્વાન જ્ઞાની મહા !
જેની લેખીનીએ લખ્યા અણમુલા ગ્રંથો સુજ્ઞાને ભર્યા !
જ્ઞાની ! અંતર સદ્ગુરૂ નિવસજ્યો **શ્રી બુદ્ધિસાગર** સદા !

**પાદરાકર.**

સસૌંદર્ય વિભૂષિત, સાહિત્ય સાગરના તરલ તરંગો ઉછાળનાર, પદલાલિત્યના પરમ પ્રેમભર્યા પરાગ પરિમલથી વિશ્વને વિમુગ્ધ બનાવી દેનાર, ભવ્ય જનોને રસભર કથામૃતના પાન સાથેજ સદ્જ્ઞાનની ગુટિકાનું સેવન કરાવનાર, શ્રી અભયદેવસૂરિના પ્રશિષ્ય શ્રીલક્ષ્મણ ગણિજી. વિરચિત શ્રી સુપાર્શ્વનાથ ચરિત્રના સરળ અને સુન્દર અનુવાદના પ્રથમ વિભાગની પ્રસ્તાવના છ માસપર જ્યારે મેં લખી ત્યારે કલ્પનાયે ન હતી કે બીજો ભાગ પણ પ્રસ્તાવના માટે મારી પાસે આવશે. વ્યવસાયી અને સાહિત્ય સેવાના છંદવાળો હુંજ આ પુસ્તક પ્રકાશનના વિલંબનો કારણભૂત બન્યો ? ભાવનગર ગુર્જર સાહિત્ય પરિષદ્ પછી તુર્તજ જૈન સાહિત્ય પરિષદ્ ભરવાના કાર્યમાં ડુબેલો અને તત્પશ્ચાત તેનો રિપોર્ટ તૈયાર કરવામાં ગુંથાયેલ મને આચાર્ય શ્રી અજીતસાગરજી સૂરિજીએ ઘણો ટોક્યો છતાં ઉતાવળે હું નજ આ કામ ઉકલી શક્યો—અને તેથી આજે મોડો મોડાયે વાંચકના કરકમળમાં આવું છું. આવી સુન્દર કૃતિના રસમંદિર પર—મ્હારે મારૂં કથનટાંકણું મૃદુતાથીજ ફેરવવું પડે—તેમાં અવનવા રંગો પૂરવા મારી પીંછી આસ્તેથીજ ચલાવવી પડે એ જ્ઞાત છેજ—કે રખેને હું મૂળ વસ્તુને વિરૂપ ન કરી બેસું.

પ્રારંભમાં ચરિત્રના પ્રથમ પૃષ્ઠના મથાળે સૂરિજી પોતાના સદ્‌ગુરૂ દેવના ચરણસરોજમાં વંદન કરતાં કથે છે કેઃ—

॥ शास्त्रविशारद जैनाचार्य योगनिष्ठाध्यात्मज्ञानदिवाकर सद्गुरु गच्छाधिराज श्रीमद् बुद्धिसागरसूरि चरणसरोजेभ्यो नमः ॥

વિનય અને વિવેકવડે વિભૂષિત આપણા ચરિત્ર લેખકની લેખિની હવે ચરિત્ર લેખનના મેદાનમાં પૂર વેગથી ચાલે છે. આ લેખક આચાર્યશ્રીની લેખનશક્તિ પાંડિત્ય અને કવિત્ત્વશક્તિનું પીછાન તો હું પ્રથમ ભાગમાં જ કરાવી ગયો છું. એટલે હવે કથાના રસકુંડમાંજ ડૂબકી મારવી રહે છે.

ધર્મ જીજ્ઞાસુ, પોતાના મનુષ્યભવને સફળ કરવાની મહેચ્છાવાળા શ્રાદ્ધજનોને નિત્ય સેવવાયોગ્ય–મુક્તિમાર્ગ દાતા–ભગવંતે ભાખેલ સમકીત મૂલ બારવ્રત, તેના અતિચાર અને એના સેવનથી થતાં અનિષ્ટ તથા વ્રત પ્રતિપાલનથી થતાં ઉત્કૃષ્ટ ફળ નિર્દેશ આ ગ્રંથમાં ઉત્તમરીત્યા વર્ણવ્યો છે. ને તે ઉમદા દ્રષ્ટાંતોવડે વિશાળતાથી કહેવામાં આવ્યો છે. વળી તે કથા વર્ણનમાં ચાતુર્ય–ઉત્તમ બુદ્ધિ વિલાસ, જનસ્વભાવ દર્શન, અદ્‌ભુત ગૂઢ ગંભીર તત્વજ્ઞાન પ્રરૂપણા, તત્સમયના લોકાચાર ધાર્મિક–વ્યાવહારિક–સામાજીક, રાજકીય પરિસ્થિતિ, પ્રબળ વૈરાગ્ય ભાવના, અને સંસારની અસારતા આદિ વિકટ પ્રશ્નોના ઉકેલ સરળ અને સફળતાથી કર્યા છે. વિદ્વાન અને સામાન્ય જ્ઞાન પામેલ મનુષ્યને વા ધર્મજીજ્ઞાસુ વનિતા વર્ગને પણ સુલભતાથી સહજ સ્હમજાય તેવો આ ધર્મકથા ગ્રંથ છે.

લેખક મહાશય પોતાની સુરસ રસભર વર્ણન શૈલી આ દ્વિતીય વિભાગમાં પણ એક સરખી રીતેજ ચલાવ્યે જાય છે. વળી તેમ કરવા જતાં તેમાં કોઈ જાતનો દોષ ન આવતાં ઉલટાં નવિન રસનાપૂર તેમાં છવાતા જાય છે, વાંચક તેમાં તલ્લિન બનતો જાય છે.

શ્રી સુપાર્શ્વનાથ પ્રભુને વંદન કરીને હવે મહા ભાગ્યવાન–તત્વજ્ઞાનના જીજ્ઞાસુ ભક્ત દાનવીર્ય રાજા પ્રભુને ત્રીજા અણુવ્રતનું સ્વરૂપ જણાવવા વિનંતી કરે છે. ગ્રામ, આકર અને નગરાદિક સ્થાનોમાં સચિત્ત, અચિત્ત અને મિશ્ર એમ ત્રણ પ્રકારની ચોરી નરકદ્વાર જેવું અતિસ્થૂલ ફળ હોય તેવો

સર્વથા ત્યાગ કરવો—આ **સ્થુલાદત્તદાન વિરમણ વ્રત** ઉપર પ્રભુ દેવ યશનું દ્રષ્ટાંત આપે છેઃ—

હર્ષપૂર નગર હજાર આમ્રવૃક્ષથી વિભૂષિત હતું. અત્યારના ક્ષુદ્ર બગિચાઓ સાથે પૂર્વકાલીન સહસ્રામ્રવન સરખાવતાં તે સમયમાં વૃક્ષોનું કેટલું પરિશીલન થતું હશે ? ને મેઘવૃષ્ટિ વૃક્ષોની વિપૂલતા પર અવલંબે છે એમ કહેવાય છે તેથી મેઘનો અભાવ તત્સમયમાં ઓછો સંભવે છે તે સત્ય છે. મુનિસમાન નયસાર રાજા " આ શબ્દોજ ભૂતકાળના નૃપતિઓની ધર્મ-વૃત્તિ, ન્યાયપરાયણતા અને વિશુદ્ધતા સૂચવે છે. નયસાર=ન્યાયના સમસ્ત સારનો જ્ઞાતા ! કેવું અર્થભાવપૂર્ણ સુન્દર નામાભિધાન ? શીલગુણમાં શિરોમણિ સમાન સુરસુન્દરી રાણી પણ આદર્શપાત્ર છે. ધનાઢ્ય શ્રેષ્ઠિની પત્ની પણ ' બહુ દયાળુ ' વર્ણવી છે. દેવયશ શ્રેષ્ઠિપુત્ર ! જીનરાજ ભગવાનના વચનોમાં દ્રઢ શ્રદ્ધાળુ, વિવેક નેત્રોથી વિભૂષિત ! ગુણ રત્નોનો મહાનિધિ એવો ! તેની સ્ત્રી પ્રેમરસનું કુલભવન, જૈન મતની ઉત્તમ ભાવનાવાળી શ્રેષ્ઠ શ્રાવિકા ! દેવયશ શ્રાવક પણ બાર પ્રકારનો શ્રાવક ધર્મ પાળતો, દરેક પર્વ દિવસે પૌષધ પ્રતિમાનો અભ્યાસ કરનાર ને વિશુદ્ધાચારથી લોકમાં પ્રસિદ્ધ, શુદ્ધ વ્યાપારથી વિપૂલ દ્રવ્ય મેળવનાર ! આ કથાના આ આદર્શ પાત્રો તત્સમયની ધર્મભાવના પૂર્ણ ઉત્તમ ચારિત્ર, પરમ પ્રેમ પરબ્રહ્મનાં આરાધન કરનાર—વ્રતધારી અને ન્યાયોપાર્જીત—દ્રવ્ય ઉપાર્જન કરી સુખપૂર્વક જીવન જીવનાર જણાય છે. આજના છળ પ્રપંચથી યેન કેન પ્રકારેણ જીવન ગાળનાર આપણાં કેટલાક બંધુ ભગિનીઓને માટે ઉત્તમ બોધદાયક આ પાત્રો ખરેખર છે.

એકદા દેવયશ જીનમંદિરે દર્શનાર્થે જતાં રાજમુદ્રિકા માર્ગમાં જણાતાં સર્પના ભયથી માર્ગને ત્યાગે તેમ તે માર્ગ બદલી અન્ય માર્ગે ગયો. લોભવિવર્જિત—નિઃસ્વાર્થ—પાપભીરૂ સત્પુરૂષો સર્વથા અદત્તવસ્તુથી વેગળા નાસી પોતાનાં વ્રત ને શીલ સાચવે છે. દેવયશનું આ વર્તન નિઃસંશય પ્રેક્ષણીય એવં આદરણીયજ ગણાય. તેનો કુટિલમિત્ર ધનદેવ પિતરાઇભાઇ થતો હોઇ—દેવયશના તેજ દ્વેષથી તેને આફતમાં લાવવા તે મુદ્રિકા લઇ ભોળા દેવયશને ત્યાં જમી—રહી તે મુદ્રિકા દેશયશની પેટીમાં સંતાડી રાજાને જાહેર કરે છે. રાજા તો તે મુદ્રિકા શોધતો અભય-

દાનનો પડહ વજડાવે છે ને પાંચ દિવસમાં મુદ્રિકા આવી જવા પ્રજાને સૂચવે છે નહી તો પછી ચોરને દેહાંત દંડનો ભય બતાવે છે. અહિં દેવયશને પૂછતાં ના કહેતાં—તપાસ થાય છે. ધનદેવ દેવયશની પેટીમાંથી મુદ્રિકા કાઢી બતાવે છે. પણ સાથે સાથે નવકાર મંત્રનું ફળ અને પરિગ્રહનું પ્રમાણપત્ર પણ નીકળે છે. રાજા દેવયશને વધસ્તંભ પર મોકલે છે. ધનદેવ રાજી થાય છે, રાજાનો આદેશ તો સત્યજ છે. "ખુદ રાજાનો પુત્ર હશે તો તેને પણ દેહાંત દંડની શિક્ષા કરવામાં આવશે!" આ પડહમાં રાજાની ન્યાયવૃત્તિ જણાય છે. વળી પાંચ દિવસમાં જડેલી વસ્તુ પાછી આપી જનારને અભયદાન દેવાની રાજાની વૃત્તિ ને નીતિ પણ ઉત્તમ ગણાય. દેવયશને રાજા જ્યારે મુદ્રિકા માટે પુછે છે ત્યારે તે તો સ્પષ્ટજ જણાવે છે કે, "આ લોક અને પરલોકમાં ત્રીજા વ્રત ભંગથી ઉત્પન થયેલાં નરકાદિદુઃખનાં કારણભૂત પાપો ભોગવવાં પડે તેની શી ગતિ થાય?" "પ્રાણનો ત્યાગ થાય તોપણ આ ચોરીનું કામ તો હું ન જ કરૂં?" દેવયશના આ શબ્દો ખરેખર એક ઉત્તમ પુરૂષને શોભે તેવાજ છે. ધર્મપરની અદ્‌ભુત પ્રતીતિ—અને સત્ય પ્રતિજ્ઞાપાલનમાં ઉત્કટ આત્મબળ—છતાં નિડરતા? અદ્‌ભુત જણાય છે. દેવયશની પેટીમાંથી મુદ્રિકા નીકળે છે ત્યારે રાજા બોલે છે: "અમૃતમાંથી વિષ ઉત્પન્ન થયું" હા! સત્પુરૂષોને આ શબ્દો જ અતિ ભયંકર શિક્ષા સમાન છે. દેવયશ માત્ર એટલુંજ કહે છે "આ સર્વ દૈવનું કર્તવ્ય છે." વાહ ધૈર્ય ને પૂર્વકર્મમાં અચળશ્રદ્ધા!

સ્ત્રી એ પુરૂષની અર્ધાંગના—સુખ દુઃખની ભાગીદાર છે. દેવયશ પર આવેલ કષ્ટ જાણી તેની સ્ત્રી રૂકિમણી મૂર્છિત થાય છે ને પરિજનના શિતોપચારથી સહજ શાંતિ મળતા એટલાજ શબ્દો બોલે છે:—"રે! પાપિષ્ટ દૈવ! આવા ધાર્મિક પુરૂષના દેહ પર તું પ્રહાર કરતો કેમ અટકતો નથી?" પોતાના પતિના ચારિત્ર પર કેટલો વિશ્વાસ ને શ્રદ્ધા? હવે "રૂકિમણિ" "હવે ખેદ કરવાથી શું?" એમ જાણી "જે કરવાનું તે કરૂં" એવા નિશ્ચય પૂર્વક શુદ્ધ થઇ પૌષધશાળામાં જઈ હૃદયમાં શાસન દેવીનું સ્મરણ કરી, નાસિકાના અગ્રભાગ પર—દૃષ્ટિ રાખી, કાયોત્સર્ગ કરે છે. એટલે પંચ પરમેષ્ઠિના ધ્યાનના પ્રભાવે શાસન દેવી પ્રકટ થાય છે ને ધીરજ આપે

છે. રૂક્મિણીની પતિભક્તિ ધર્મશ્રદ્ધા પતિના કષ્ટ પ્રસંગે ન ગભરાતાં ધીરજ પૂર્વક ધર્મારાધન દ્વારા પતિનો ઉદ્ધાર કરવાની શક્તિ અને તે રીતે શાસન દેવીની સ્હાય મેળવવામાં સ્ત્રીધર્મની પરાકાષ્ટા બતાવે છે.

હવે શાસન દેવી દેવયશ જેવા ધર્મિષ્ઠ પુરૂષ પરના અસત્ય આરોપથી ક્રોધિત બની તથા રૂક્મિણી જેવી પવિત્ર પતિવ્રતાને સ્હાય કરવા અર્થે રાજ્યમાં ચમત્કારિક ઉપદ્રવ ઉપજાવે છે ને રાજભવનમાં અન્ન, જળ, તાંબૂલ આદિ અપહરી રાજાનાં નેત્ર ખોલે છે. રાજા સ્થગિધર પાસે તાંબુલ માગે છે. એ સૂચવે છે કે, પૂર્વે પણ તાંબૂલ ચર્વણ વિધિ હોવો જોઈએ અને તે રાજ માન્ય ઉપહારનું ચિન્હ છે. બીડી હુક્કો આદિને બદલે તાંબૂલભક્ષણ વધુ નિર્દોષ અને ઉપભોગ્ય પૂર્વે રાજાઓ પણ ગણતા હોય એમ લાગે છે. મંત્રીને ત્યાં પણ આવો જ ઉપદ્રવ જણાતાં મંત્રી રાજાને દેવયશની નિર્દોષતા હોય એમ લાગતું જણાવે છે. એટલામાં ચામરધારિણીના શરીરમાં શાસનદેવી પ્રવેશી મંત્રીને ઠપકો આપે છે. "ધર્મિષ્ટપર જુલમ ગુજારનાર પોતાના સ્વામી ( રાજા ) ને અટકાવતો નથી. તો તું મંત્રી શાનો ? × × × મંત્રીએ અસત્ય માર્ગે ચાલનાર રાજાની ઉપેક્ષા કરવી ન જોઇએ. ૪૦" આ ઠપકામાં મંત્રીધર્મ અને રાજધર્મનાં શાસન તરી ઉઠે છે. મંત્રીશ્વરે રાજાને દુષ્કૃત્ય કરતાં વારવોજ જોઇએ. નહિં તો તે મંત્રીજ શાનો ? આ માન્યતા અત્યારના મંત્રીઓમાં હોત તો દેશી રાજ્યોની આવી દશા હોત નહીં. આ પછી દેવી ધનદેવનું તમામ કપટ ખુલ્લુ કરે છે. ત્યાં આકાશમાંથી વિમાનારૂઢ દેવયશ આવે છે. ચામરધારિણી, રાજા, મંત્રી સૌ તેને માન આપે છે. રાજાએ તેને બહુમાન પૂર્વક પોતાના સિંહાસને બેસાડી અન્ય આસને સ્થાન લીધું. ગુણિ, નિર્દોષ, ધર્મિષ્ઠ, પુરૂષોનું રાજાઓ પણ રાજમદ–અભિમાન ત્યાગી બહુમાન કરતા–પોતાના સિંહાસને પધરાવતા ને ધન્ય થતા. શાસનદેવી દેવયશને પ્રાર્થના પૂર્વક કહે છેઃ—તું જૈન મતનો રાગી છે. તેમજ દયાધર્મમાં અગ્રણી છે. વળી તેં ઉત્કૃષ્ટ રીતે ગૃહીધર્મનો સ્વીકાર કર્યો છે અને સર્વથા નિર્દોષ છે ! હું જૈન શાસનની રક્ષક દેવી છું. ત્હારી સ્ત્રીએ કાયોત્સર્ગ કરી મને બોલાવી છે. હું તને વિડંબના કરનારને શિક્ષા કરીશ. દેવમદદ પામનાર દેવયશ પોતાના ઉદારભાવને પ્રકટ કરતો દેવીને તેમ કરતાં વારે છે અને એ વિડંબના પોતાના અશુભકર્મને લીધે થઈ

જણાવે છે અને દુશ્મનના પ્રાણનો બચાવ એજ પોતાનું સ્વામિવાત્સલ્ય માને છે. મોટા મનના સત્પુરૂષોની સર્વદા સર્વત્ર આવીજ કૃતિ હોય છે.

રાજા પછી પોતાની પટરાણીને દેવયશની પત્ની રૂકિમણી પાસે મોકલી તેને પાલખીમાં તેડાવે છે ને પોતે તેને પગે પડે છે. તેને આશિષ આપતાં રૂકિમણી કહે છે–" હે ! નરાધીશ ! આપ સૌ કલ્યાણના પાત્ર થાઓ ! " રાજા રૂકિમણીને પછી ભદ્રાસને પધરાવી હાથ જોડી–"ધર્મભગિની " શબ્દે સંબોધી પોતાના ગુનાહની ક્ષમા યાચે છે ને સર્વ રાજ્યસંપત્તિ તેને ચરણે ધરે છે. ત્યાં દેવયશનો પુત્ર આવે છે ને પોતાના માતાપિતાને નમી સર્વનો સત્કાર કરે છે. રાજાનો વિવેક ને દેવયશના પુત્રનો વિનય ને માતપિતાની ભક્તિ આદરણીયજ ગણાય.

આ પછી દેવયશ સૌને લઇ ઉદ્યાનમાં આવેલા સૂરીન્દ્રને વંદન કરવા જાય છે. ને હળુકર્મી મહાભાગ દેવયશ સ્ત્રી સહિત દીક્ષા લેવા રાજા પાસે આજ્ઞા માગે છે. દશ દિવસ પછી **રાજા અને સંબંધી વર્ગની સમ્મતિ પૂર્વક** ઠાઠમાઠથી–સર્વ નગરમાં અમારી ઘોષણા કરાવી–સન્માર્ગે દ્રવ્ય વ્યય કરાવી, ચતુર્વિધ સંઘની ભક્તિપૂર્વક દીન અનાથ દરિદ્રીઓને યથોચિત દાન દઈ પત્ની સહવર્તમાન દીક્ષા અંગીકાર કરી. રાજાએ બહુધન આપી તેના પુત્રને શ્રેષ્ઠી (નગરશેઠ) પદે સ્થાપન કર્યો. રાજાએ પણ ગૃહીધર્મ સ્વીકાર્યો ને જૈનશાસન બહુજ દીપવા લાગ્યું. દેવયશ મુનિ અને રૂકિમણી સાધ્વી સમ્યક્ પ્રકારે ચારિત્ર પાળી–કેવળજ્ઞાન પામી તદ્‌ભવે મુક્તિ પામ્યાં સ્થૂલા-દત્તાદાન વિરમણ વ્રત પ્રતિપાલનથી આમ આ પવિત્ર દેવયશ મુનિ મુક્તિ પામ્યા.

આ પ્રમાણે પ્રથમ કથા પ્રભુએ શ્રી દાનવીર્ય રાજાને સંભળાવી. હવે બીજી કથામાં પ્રભુ દાનવીર્યરાજાને નાહટ શ્રેષ્ઠીની કથા કહે છે. ત્રીજા અણુ-વ્રતના પ્રથમ અતિચારનું સ્વરૂપ સમજાવતા પ્રભુ વિસ્તારે છે. દાનવીર્ય રાજા અને બીજા સૌ જીજ્ઞાસુઓ આ પ્રભુ વચનામૃતનું પાન ચાતકની જેમ કરે છેઃ–

વિશાળ લક્ષ્મીના કમલમન્દિર સમાન ભદ્દિલપુર નગરે સ્થિરદેવ શ્રેષ્ઠિ અને કમલશ્રી તેની ભાર્યા વસે છે. તેના લોભી અને ઉન્માર્ગગામી નાહટ નામે પુત્રને કોઇ તેનો મિત્ર વ્યાપારનો લોભ બતાવી નગર બહાર અનેક

મુનિગણુથી પરવરેલા એક સૂરિ પાસે લઇ જાય છે અને વિનંતી કરતાં ધર્મને ચોગ્ય જાણી સૂરિ તે શ્રેષ્ટીપુત્ર નાહટને પોતાની પાસેના કીંમતી રત્નો બતાવે છે. સમ્યક્ત્વરૂપી મહા રત્ન તને પસંદ પડે તો ગ્રહણ કર. આ સમ્યક્ત્વ રત્ન જૈન શાસનરૂપી ક્ષીર સાગરમાંથી પ્રકટ થયેલું છે. સર્વ ગુણોથી સંપૂર્ણ અને ચિન્તામણી રત્ન સમાન મનોવાંચ્છિત અર્થ આપવામાં શ્રેષ્ટ છે. વળી શુદ્ધ છે કાંતિ જેની એવો આ બીજો પ્રાણીવધ વિરતિનામે હાર છે. જેમાં મન વચન કાયા એમ ત્રણને ત્રણ ગુણા કરતાં નવ થાય એવી નવ સેરો રહેલી છે " વિગેરે યુક્તિપૂર્વક વચનોવડે મુનિ ધર્મ અને ગૃહિ ધર્મ વિસ્તારથી સંભળાવતાં તે બન્નેએ ગૃહિધર્મ સ્વીકાર્યો ને પાલન કરવા લાગ્યા.

પણ લોભી એવો નાહટ પોતાના ત્રીજાવ્રતને કલંકિત કરનાર દુષ્કૃત્યને આદરે છે ને મિત્રનો વાર્યો છતાં ચોરેલો માલ ધન લેતાં પકડાઈ રાજ્યદંડ સહી કુલની કીર્તિ ધન વિગેરે સર્વસ્વ ગુમાવી પર્યાલોચના કર્યા શિવાય મરી નરકગમન કરે છે આમ ત્રીજા વ્રતના પ્રથમ અતિચારનું સ્વરૂપ પ્રભુ પ્રકાશે છે.

હવે ત્રીજા વ્રતના દ્વિતીયાતિચારનું સ્વરૂપ સંભળાવવાની દાનવીર્ય રાજાની નમ્ર વિનંતી ઉપરથી પ્રભુ દ્વિતીય સ્તેન પ્રયોગાતિચારપર મહનની કથા વિસ્તારથી સંભળાવે છે.

કુસુમપુર નગર અનેક ગુણિ પુરૂષોવડે સેવાયેલું જણાવે છે. તેમાં વહન કર્યો છે પૃથ્વીનો ભાર જેણે, દયાથી વ્યાપ્ત હૃદયવાળા–ઉત્તમ વંશમાં ઉત્પન્ન થયેલા પર્વત સમાન સ્થિર બુદ્ધિવાળા વૈરોચન રાજા રહે છે. આ રાજાના પુત્રનો મિત્ર મહન છે. રાજકુમાર પ્રજા પીડી તેમનું ધન આદિ હરી લે છે આથી રાજા પુત્રને સખ્ત ઠપકો દેતાં કહે છેઃ—"હે દુરાચારી! મારૂં રાજ્ય છોડી ગમે ત્યાં ચાલ્યો જા! તું મારો પુત્રજ નથી. મારા પૂર્વજોએ મહા યત્નથી પાળેલી પ્રજાને ક્રિયાવડે લુંટી મારી કીર્તિને તેં દુષિત કરી, પશુ અને પુત્રમાં સમાન રાજનીતિ રાખવા પંડિતો સત્યજ કહે છે. હું તારા ખુલ્લા દોષોને છુપાવી ચોગ્ય દંડ ન કરૂં તો નીતિ માર્ગથી વિપરીત ચાલનાર ગણાઉં પોતાના રાજ્યમાં સર્વ જનોનું સમભાવ પૂર્વક નીતિથી પાલન કરવું તેજ લક્ષહોમ—સરોવર કૂવા અને દેવમન્દિરાદિક બનાવવા સમાન ગણાય."

અહા ! પૂર્વના નૃપતિઓ ! કેવા ઉચ્ચાશય, નીતિ અને ધર્મના તેમજ શાસનના પાલનકર્તા–પ્રખર સત્ય માર્ગાનુગામિ ? પુત્રને પણ પ્રજાથી વધુ પ્રિય ન ગણનાર ! પશુ અને પુત્રમાં સમાન નીતિ ધરનાર અને પ્રજા પાલન-માંજ લક્ષહોમનું પુણ્ય માનનાર ! આવો ! ભૂતકાળના પુણ્ય શ્લોક નૃપતિઓ ! આવો અત્યારે અમારા ભારત વર્ષમાં અને શિખવો અમારા વર્તમાન નૃપતિઓને નૃપધર્મ–પ્રજાધર્મ !

રાજપુત્ર ચાલ્યો જાય છે ને રસ્તે એક મુનિનાં દર્શન તથા કોઈ ઉત્તમ યોગ પામી ધર્મભાવનાવાળો થાય છે. બાદ તેને બહુ પ્રકારે રાજ્ય લાભ વિગેરે થાય છે અને રાજ્ય સાથે પોતાનું લીધેલું વ્રત યથાસ્વરૂપે પાળી મોક્ષ સુખ વરે છે. જ્યારે મહન તે વ્રતના અપ્રતિપાલનથી રૌદ્રધ્યાનવડે મરી ત્રીજી નરકે જાય છે.

આ પછી ભગવાન્ સુપાર્શ્વ પ્રભુ શ્રી દાનવીર્ય રાજાને **ત્રીજાવ્રતના તૃતીય વિરુદ્ધ રાજ્યાતિક્રમાતિચાર** ઉપર ઉદયન શ્રેષ્ટિની કથા કહી બતાવે છે.

તત્પશ્ચાત્ **તૃતીય અણુવ્રતમાં ચોથા અતિચારપર** વરૂણવણિકની કથા વિસ્તારથી સંભળાવે છે. તેમાં ત્રીજું વ્રત ધારણ કરી જે કુટ ( ખોટાં ( વજન અથવા માનાદિકથી વ્યવહાર કરે છે તે ઉભય લોકમાં દુઃખી થાય છે તે પર આ કથાનો અધિકાર છે. આ કથામાં હરિવિક્રમ રાજા લોકોની દયાને લીધે ( લોકો ધર્મ પાળે એ આશયથી ) ચૌટામાં ભરતચક્રવર્તિનું નાટક કરાવે છે ક્યાં આજના તરગાળા અને ભાંડ ભવૈયાઓના ક્ષુદ્ર અભિનયોથી રીઝતા વર્તમાન નૃપતિઓ ને ક્યાં પૂર્વના ગંભીર આશયવાળા ધર્મભાવના-ભર્યાં ઉત્તમ નાટકો ધર્મદૃષ્ટિએ જોવાની લાલાસવાળા મહારાજાઓ. ?

ભરત નરેશનો અરિસા ભવનનો પ્રયોગ–આંગળીએથી એક મુદ્રિકા નીકળી જતાં ઉપજતો વૈરાગ્ય–તેથી ભાવના શ્રેણિએ ચઢતાં ઉપજતું કૈવલ્ય જ્ઞાન ને પાંચસો રાજાઓ સાથે મુનિવેશ લઈ ચાલી નીકળવું–આ સૌ તથા *વૈરાગ્યોપદેશક વચનો સાંભળી શ્રેષ્ટિપુત્ર વરૂણ વૈરાગ્ય રૂપી રંગ*-શાળામાં ઉતરી પડી પોતાના જેવા સત્વહીન માટે કંઈ ધર્મપ્રાપ્તિનો માર્ગ પુછે છે ને તેને સમ્યક્ત્વાદિ બાર પ્રકારનો ધર્મ સંભળા-

વવામાં આવે છે, પિતા સહિત વરૂણ વ્રત અંગીકાર કરે છે. પણ કુટ તોલાદિથી ધનપ્રાપ્તિમાં પડી જાય છે ને ત્રીજા અણુવ્રતના ચોથા અતિચારના દોષ કરે છે ને પિતા વારે છે છતાં માનતો નથી. તેના પિતા તેને ધનશ્રેષ્ઠિનું દૃષ્ટાંત દઇ તેમાં ધનશ્રેષ્ઠિનું સત્વયુક્ત ચારિત્ર બતાવે છે. અને કુટવાદીઓને થતાં દુઃખ દર્શાવે છે છતાં વરૂણ ન ડગ્યો.

એક વખતે કોઇ રાજપુરૂષ વરૂણને ત્યાંથી માલ ખરીદે છે ને તે વજનમાં ઓછો થતાં તેનાં કાટલાં—માપ વિગેરે રાજ દરબારમાં મંગાવી તપાસતાં અમાત્ય તેના પિતાની અર્ધી સંપત્તિ હરી લઇ મહા કષ્ટે તેને જીવતો છોડે છે. પણ દ્રઢબંધને પ્રથમ બંધાવાથી જર્જરિત થઈ તેની વેદનાથી અંત સમયે આર્ત્તધ્યાન કરી મરી ભુંડ યોનિમાં અવતરી અનંત ભવભ્રમણ કરે છે.

હવે ત્રીજા અણુવ્રતે **પંચમ તત્પ્રતિરૂપદ્રવ્યક્ષેપાતિચાર** ઉપર સાગરચંદ્ર શ્રેષ્ઠિની કથા ભગવાન કહે છે. સાગરચંદ્ર માલમાં ભેળ સેળ કરવાથી વધ બંધનાદિ દુઃખો વેઠી વ્યંતર થાય છે તથા ગુણચંદ્ર વ્રત્ત પ્રતિ પાલનમાં દ્રઢ રહી મોક્ષ પ્રાપ્ત કરે છે. આમ ત્રીજા અણુવ્રત પર ભગવાને પ્રથક પ્રથક કથાઓ દાનવીર્ય રાજાને સંભળાવી.

હવે પૃષ્ટ ૫૦ થી ચોથા અણુવ્રતનું સ્વરૂપ પ્રભુ સમજાવે છે ને તે પર મહાસત્વવાન—'સ્વદારા સંતોષી વીરકુમારની કથા કહે છે. તેમાં એક મુનીંદ્રની આસપાસ સસલાં મૃગલાં પાડા ઘોડા હાથી સિંહ વાઘ આદિને પરસ્પર વૈરવાળાં છતાં નિર્ભયપણે ચિત્રભાવે બેઠેલાં જોઇ વીરકુમાર ચકિત થાય છે, સાધુઓમાં રહેલી દયાભાવભરી સાત્વિક વૃત્તિ અને તેનો પ્રભાવ અહીં સાક્ષાત્ જણાય છે. ત્યાં કુમાર ઉપદેશ સાંભળી પ્રથક પ્રથક વ્રત લ્યે છે. ને તેનો પરિવાર પણ ઉત્તમ વિચારવાળો થાય તેમાં શી નવાઈ?

એકદા રાજા પોતાના કુમારોની પરીક્ષા માટે "પંચાલ દેશનો અધિકારી વર્ષે દશ લાખ સોનૈયા ઉત્પન્ન કરાવી આપે છે, જ્યારે બીજો પંદર લાખ સોનૈયા ઉત્પન્ન કરાવી આપવા કહે છે તો પ્રથમના અધિકારીને જણાવતાં દશ લાખથી વધુ ઉત્પન્ન પોતે કરાવી શકશે નહીં એમ જણાવે છે તો હવે શું કરવું?" એવો પ્રશ્ન પુછે છે. સૌ રાજકુમારો પંદર લાખ

પ્રાપ્ત કરાવી આપનારને ત્યાં નિમવા જણાવે છે, જ્યારે વીરકુમાર ને પૂછતાં તે પ્રથમના અધિકારીનેજ રાખવાને ન્યાય નીતિથીજ દ્રવ્ય ઉત્પન્ન કરવા મત આપી કેટલાંક ઉત્તમ રાજનીતિનાં બોધવચન કહે છે ને છેવટે એક શ્લોક કહે છે:—

दुग्धमादाय धेनूनां, मांसाय स्तनकर्तनम् ।
अत्युपादानमर्थस्य, प्रजाभ्यः पृथिवीभुजाम् ॥

**અર્થ**—"રાજાઓએ પ્રજા પાસેથી મર્યાદા ઉપરાંત કર લેવો તે ગાયોનું દુધ લઇ લીધા પછી તેનાં માંસ માટે સ્તન ( આંચળ ) કાપવા બરોબર છે." અહા હા ! કેવી ઉત્તમ સિદ્ધાંતોની ખાણુ જેવી શિક્ષાવલી ! રાજાઓને માટે આ શ્લોક સર્વોત્તમ ગણી શકાય તેવો આદર્શ છે. વર્તમાન કાળે આ શ્લોકનું પ્રતિપાલન કરનાર રાજવીઓ ભારત વર્ષમાં ક્યારે પાકશે ?

રાજા વીરકુમારને મહા બુદ્ધિશાળી ને સત્વવાન જાણી તેને વધુ કીર્તિ—સત્વ અને પ્રભાવ પ્રાપ્તિ અર્થે વિદેશ મોકલી દે છે ને વિમલ મંત્રીપુત્ર સાથે તે વીરકુમાર દેશાટને ચાલ્યો જાય છે. ધીર વીર પુરૂષો પૃથ્વીપટે પર્યટન કરી ધન યશ અને સૌભાગ્ય પ્રાપ્ત કરી લાવે છે. કુમાર કોશલપુરમાં આવતાં ત્યાંની રાજકુમારી જે પુરૂષ દ્વેષિણી છે તેને પોતાના બુદ્ધિબળવડે પોતાની અનુગામિની કરી પરણે છે. રાજા રાજકુમારના રસોડે માંસાદિથી રહિત રસવતી ભાળી તેનું કારણ પૂછતાં વીર કુમાર પોતાનો માંસાદિ ત્યાગ નિયમ જણાવી વિવાહ નિમિત્તે માંસાદિ ત્યાગ કરાવે છે અને ઉપદેશાદિથી રાજાને પણ માંસાદિ બંધ કરાવે છે.

એકદા દૂતી માર્ફતે રાજા મંત્રી, નગરશેઠ અને પ્રતિહારની સ્ત્રીઓ કુમારને ભોગ વિલાસ માટે કહેણ મોકલે છે તેને ( રાજા સમક્ષ ) કુમાર ઉપદેશાદિથી પ્રતિબોધ આપે છે અને અનેક દૃષ્ટાંતે તે ચારેને સન્માર્ગે દોરી તેમને પરપુરૂષનો ત્યાગ અને સમ્યક્ત્વ વ્રતનો સ્વીકાર કરાવી જવા દે છે. આ પરથી આપણે ઘણો ઉત્તમ બોધ લઇ શકીયે એમ છે. જરા જરામાં વિચલિત બની ઉઠતી ચંચળ વૃત્તિઓ પર અંકુશ રાખવો—અતિ સુન્દર સ્વરૂપને ભોગ્યજ માની લેઇ તેમાં અંધ બની જતાં દિલને રોકવું—

રાજ લોભને ત્યાગ કરવો એ અતિ મુશ્કેલ છતાં સત્વવંત ભાગ્યશાળીઓ કેવી રીતે પ્રલોભનોને ઠોકરે મારે છે તે આ કથામાં જોવા જેવું છે.

છેવટે રાજા પ્રતિબોધ પામી કુમારને રાજ સોંપી રાણી સાથે દીક્ષા લે છે. કુમાર પણ વિનયશીલ એવા વિમલને રાજ્ય સોંપી પિતા પાસે જઇ તેમને સદુપદેશ દઇ—લઇ પિતા પ્રવ્રજ્યા લેતાં ત્યાંનું રાજ પામી ચિરકાળ ભોગવી શ્રાવક ધર્મ નિરતિચારપણે પાળી દીક્ષારમણીને વરી નાના પ્રકારના દેશરૂપી સરોવરમાં ભવ્ય પ્રાણીરૂપ કમલોને પ્રતિબોધ કરી સૂર્યની પેઠે મોક્ષ પામે છે. આમ યુવાન સર્વ સામગ્રી સહિત સત્તારૂપ લક્ષ્મીને સમયાનુકુલ સામગ્રી મળે છતે ચોથું વ્રત નિરતિચારપણે પ્રતિપાલન કરવામાં આદર્શ એવા વીરકુમારની કથા પ્રભુએ કહી.

પ્રભુ તત્પશ્ચાત્ ઇત્વર **પરિગૃહીતાગમનાતિચાર** પર વજ્ર વણિકની કથા વિસ્તારથી કહે છે. તેમાં દ્રવ્ય આપીને થોડા સમય માટે રાખેલી વેશ્યા સ્ત્રી પણ પર સ્ત્રી ગણાય માટે તેનો સંગ કરનાર પણ મહા પાપ કરી ઉભય લોકને બગાડે છે તેનું વર્ણન વજ્ર વણિકને દ્રષ્ટાંતે કહે છે.

દ્વિતીય અપરિગૃહીતા ગમનાતિચાર પર દુર્લભ વણિકની કથામાં કુલટા અને અનાથ વિધવાઓ પરસ્ત્રીજ ગણાય તે પર વિસ્તાર પૂર્વક દુલભ વણિક આ વ્રત ખંડનથી કેવાં મહાકષ્ટો પામ્યો તે જણાવતાં પ્રભુ કેટલો ઉપદેશ આપે છેઃ—" સર્વ લોકો ધનને માટે સંભ્રાંત થઇ ઉદ્યોગ કરે છે પણ ધનનું કારણ મુખ્ય ધર્મ છે ને તેને માટે તો સર્વ લોકો સદાકાળ નિરૂદ્યોગી રહે છે. જો ધર્મ વિના મનોવાંચ્છિત એમને એમ સિદ્ધ થતાં હોત તો સમસ્ત ગણુ લોકમાં કોણ દુખી રહે ? "

ભદ્દિલપુરના અરિકેસરી રાજાની માતૃહીના ગુણસુન્દરી નામે રાજકુમારી વસ્ત્રાભૂષણથી વિભૂષિત બની પિતાને વંદન કરવા જતાં ત્યાં તમે કોના પ્રતાપે આ સુખ વૈભવ ભોગવો છો ? " એવા રાજપ્રશ્નના જવાબમાં સૌ રાજના પ્રસાદે એમ કહેતાં રાજકુમારી તે પ્રશ્નના જવાબમાં પોતાનાં શુભાશુભ કર્મના પસાયને આગળ કરતાં ક્રોધે ભરાઇ રાજા તેને કોઇ દરિદ્રી લાકડાંની ભારી વેચનાર સાથે પરણાવી વસ્ત્રાભૂષણ લઇલઇ જીર્ણ વસ્ત્ર સહિત દરિદ્રી સાથે રવાના કરી દે છે ને પૂર્વોપાર્જીત સુકૃત્યનો અનુભવ કરવા

ફરમાવે છે. ગુણસુન્દરી પણ પતિ સાથે ચાલી જાય છે ને પોતાના ચતુરાઇ આદિ ગુણોવડે સદ્ઉદ્યમથી વિપુલ ધન વૈભવ પામી પિતાને મળી તેને ધર્મ સમજાવી વધુ ધર્મશ્રવણ માટે સદ્ગુરૂ પાસે લઇ જાય છે. ને ત્યાં રાજા ઉત્તમ બોધ સાંભળી પોતાના ( કડીયારા ) જમાઇ પુણ્યપાળને રાજ્ય સોંપી દીક્ષા લઇ અંતે મોક્ષ પામે છે.. આ દૃષ્ટાંત સાંભળી પંથી વણિક પિતા પુત્રે બાર પ્રકારનો શ્રાવક ધર્મ અંગીકાર કર્યો. પિતા તો ઉદ્યમ પૂર્વક વ્રત પાળે છે પણ દુર્લભ કુલટા વિગેરે સાથે ક્રિડા કરે છે ને વાર્યા છતાં ચતુર્થવ્રત ખંડીત કરી બીજાં અણુવ્રતો પણ ખંડે છે. પ્રાંતે એક ક્ષત્રિયની બાલ વિધવા દીકરી સાથે ચેષ્ટા કરવા જતાં તેના પોકારથી તેના પરિ જનોના પ્રહારાદિથી તે મૃત્યુ પામી પ્રથમ નરકે ગયો. આમ અપરિગૃહીતા સ્ત્રીનો સર્વથા ત્યાગ કરવા પૂર્વકનો વિસ્તારથી અધિકાર પ્રભુએ પ્રકાશ્યો.

તત્પશ્ચાત્ તૃતીય અનંગ ક્રીડાતિચાર પર ધનદત્ત શ્રેષ્ઠિની કથા તથા ચતુર્થ પરવિવાહાતિચાર પર દુર્ગશ્રેષ્ઠિની કથા, પંચમ તીવ્રાભિલાષાતિચાર પર સુયશશ્રેષ્ઠિની કથા ઘણાજ વિસ્તાર પૂર્વક અને અતિ રસપ્રદ–દૃષ્ટાંતો સહિત, મધુર વાણીવડે કરી ભવિજનને હિતકારી જાણી દાનવીર્ય રાજાને સંભળાવ્યાં છે- આ કથાઓમાં વિવિધ પ્રસંગના રંગનાં આલેખન લેખકે બહુજ ખુબીથી કર્યાં છે. પૃષ્ટ ૧૦૧ થી સ્થૂલ પરિગ્રહ પરિમાણ વૃત પર ઉપદેશ આપવા પ્રભુને દાનવીર્ય રાજા વિનંતી કરતાં કહે છે કે ' હે ધર્મરક્ષક ! જગદ્ગુરૂ ! પંચમ અણુવૃતનું સ્વરૂપ સમજાવો !

ક્ષેત્ર, હિરણ્ય, સુવર્ણ, ધન, ધાન્ય, મનુષ્ય, પશુ અને અન્ય ધાતુ વિગેરે વસ્તુઓનું પરિમાણ કરવું તે સ્થૂલ પરિગ્રહ પરિમાણ વ્રત કહેવાય છે.

આ વ્રત પર પ્રભુ સુપાર્શ્વસ્વામિ સુન્દર એવં સદ્બોધદાયક સેનશ્રેષ્ઠિની સવિસ્તર કથા કહે છે.

સુવર્ણમય ધ્વજપતાકાઓથી સુશોભિત તથા અનેક જૈન મંદિરો જેમાં શોભી રહેલાં છે એવી કાંચી નામે નગરીમાં નરપાલ નામે રાજા રાજ્ય કરે છે. ભૂતકાળમાં સુવર્ણ ધ્વજપતાકાઓ ધનાઢ્યોની હવેલીઓ પર ફરક્યાં કરતી હોય એમ જૈનમંદિરોની વિપુલતા જણાય છે. આ વર્ણન

ભુતકાળના ગત વૈભવો અને જૈનધર્મ પ્રચારની સ્થિતિ પ્રતિપાદન કરે છે. બહુ ધનાઢ્ય એવા સેનશ્રેષ્ટિની કમલની માલા સમાન સર્વ ગુણ સંપન્ન એવી કુવલયમાલા નામે પત્ની છે. આ નામ કેવું સુન્દર છે? તેમને ત્રણ પુત્રો હરિ, હર, બ્રહ્મા. તેઓ સુવર્ણ સમાન કાંતિવાળા, સર્વ કલાઓના પારગામી અને નીતિશાસ્ત્રના નિધાન રૂપ હતા. તંદુરસ્ત અને ખાનદાન ઓલાદનાં સંતાનની કાંતિ સુવર્ણ સમાન હોય, સર્વ કલાઓના પારગામી? (બી. એ, એલ, એલ, બી કે એમ એ થાય તેજ વિદ્વાન અગર કલાધરો ગણાતા આ જમાનામાં કલાધરો ૬૪ કે ૭૨ કલાઓના પારગામી હશે?) અને નીતિશાસ્ત્રના નિધાન હોય એમાં શી નવાઇ?

આ કથામાં સેન શ્રેષ્ટિની વ્રત પ્રતિપાલનની તિવ્ર અભિલાષા પૂર્વકની પ્રવૃત્તિ નિઃસ્વાર્થ અને સંતોષવૃત્તિ, તથા વ્યંતર સ્હાય છતાં રાજપ્રતિ વફાદારી અનુકરણીય છે. આમાં સેન શ્રેષ્ટિ રાજાની મદદથી રાજાનું તથા વ્યંતરની મદદથી પોતે મેળવેલું અનર્ગળ દ્રવ્ય સાતે ક્ષેત્રોમાં વાપરી દીક્ષા લઇ કર્મ ખપાવી અંતે તે સિદ્ધિપદ વરે છે. સંતોષ રૂપી રસાયનનું પાન એ આદર્શ આ કથામાં છે,

તત્પશ્ચાત્ પ્રભુ દાનવીર્ય રાજાને તેમની અતિ વિનીત વિનતીથી **પ્રથમ ક્ષેત્ર વસ્તુ પરિમાણાતિક્રમાતિચાર** પર નવધન શેઠની સુન્દર કથા વિસ્તારથી કહે છે.

દ્વિતીય રૌપ્ય સુવર્ણ પરિમાણાતિક્રમાતિચાર પર ભરતશ્રેષ્ઠિની કથા બહુજ સુંદર રીતે સંભળાવી છે. જે પુરૂષ નરેંદ્રાદિકની સ્હાય મેળવીને પરિગૃહીત નિયમથી વધારે દ્રવ્ય મેળવીને પછી તે દ્રવ્ય પોતાના મિત્રો વિગેરેને વહેંચી આપે છે તે દ્રવ્ય વિરતિનું વૃત ખંડન કરે છે. આ ઉપર ભરત શ્રેષ્ઠિની કથા અતિશય મનન શીલ છે—આદરણીય છે.

ધાન્યખેટ નગરના માનવરાજ નામના નૃપતિના રાજ્યમાં શંખશ્રેષ્ટિને ક્ષેમિકા નામ પત્ની તથા ભરત અને રત્ન નામે બે પુત્રો હતા. સૌ કુટુંબ સંપીલું અને પરસ્પર સ્નેહભાવથી વર્તનાર હતું.

ઉદ્યાનમાં વિજયસૂરિ ગણિ ચાર જ્ઞાન સહિત ક્ષમાના સાગર સમાન પધારેલા. ત્યાં ક્રિડા અર્થે ગયેલા બેઉ બંધુઓએ તેમને જોયા—ભક્તિપૂર્વક

વાંદ્યા ને સૂરિજીએ તેમને યથાયોગ્ય ઉપદેશ દીધો ને તેથી પ્રતિબોધીત બન્નેએ સમ્યક્ત્વ મૂળ ગૃહીધર્મ સ્વીકાર્યો તથા પંચમ વ્રત વિશેષ વધુ સંકીર્ણતાથી લીધું. ગુરૂએ વારવા છતાંયે જાણે તેની પરીક્ષા માટે હોય તેમ લક્ષ્મી દેવી તેના ના પાડવા છતાં કોટિ દ્રવ્ય આપી જાય છે ને પોતાનાં સગાંને વહેંચી આપવા જણાવે છે અને તે પ્રમાણે તે કરે છે. આ જોઇ રભસ પોતાના ભાઇને શિખામણ દઇ દૃષ્ટાંત દે છે કે એક ધનશ્રેષ્ઠિમિથ્યા દ્રષ્ટિ છતાં લક્ષ્મી દેવી જવાની રજા માગે છે ત્યારે તુર્ત ચાલી જવા જણાવે છે. તેથી પ્રસન્ન થઈ લક્ષ્મી વર માંગવા કહેતાં ધનશ્રેષ્ટિ " મારૂ કુટુંબ કોઇપણ સમયે દંત કલેશથી છુટું ન પડે તેવો બંદોબસ્ત કરવા " જણાવે છે. કુટુંબસંપ હોય ત્યાંજ લક્ષ્મી વસે એ સૂત્ર બરાબર સમજનાર શ્રેષ્ટિની ચતુરાઇ સમજી જઇ ત્યાંજ વસી. છે. જો કે મિથ્યા દ્રષ્ટિ છતાં ધને લક્ષ્મીનો લોભ ન કર્યો ને તું જ્ઞાની, શ્રાવક ને પરિહગ્રના નિયમવાળો થઇ આ શું કરે છે ? આથી ઉલટો ભરત તેનો તિરસ્કાર કરી તેને નિભ્રંસે છે ને રભસ તેને કાંઇ ન કહેતાં જુદો રહે છે. અને વિધિપૂર્વક ધર્મ તથા વ્રતારાધન કરે છે. ભરત વ્રત ભંગ કરતાં રાજદંડ પામે છે ને દંડાઇ દરિદ્રાવસ્થા પામે છે, જ્યારે રભસ ધન-વૈભવ સંપન્ન થાય છે.

એકદા કોઇ ચાડીયાના કહેવા પરથી ધનવાન રભસ પાસેથી નાણાં કઢાવવા રાજા યુક્તિ કરી તેને ત્યાં મંત્રીને મોકલે છે-મંત્રી પેટીગો ખાલી જુવે છે ને આશ્ચર્ય ચકીત બને છે. રાજા પાસે રભસને લઇ જતાં પોતે રૂપીઆ દશ હજાર હમણાંજ પેટીમાં મુકેલા છતાં કયાં ગયા તે સમજી શકતો નથી એમ જણાવે છે અને ગુપ્ત રહેલી દેવી આકાશવાણી કરી રાજાને રભસની નિર્દોષતાની ખાત્રી આપી તે જૈનધર્મી છે ને તેને પીડવામાં આવશે યા તો તેના દ્રવ્ય કે કોઇ વસ્તુપર બદનજર કરવામાં આવશે તો રાજાને સપરિવાર ચુરેચુરા કરીશ એમ કહી તે ચાડી કરનારનું મુખ વાંકુ કરી છોડયો-તે પછી સર્વ દ્રવ્ય પાછું રભસનું જણાવા લાગ્યું. પછી રભસ પણ અનાથાદિને દાન આપવા લાગ્યો અને ધર્મારાધન કરી સમાધિ મરણવડે બ્રહ્મલોકમાં ઉપન્યો અને ત્રીજે ભવે મોક્ષે જશે તથા ભરત પંચમ વ્રતને કલંકીત કરી નાગલોકમાં ઉત્પન્ન થઇ ઘણા કાળને અંતે મોક્ષ સુખ પામશે.

પૃષ્ટ ૧૨૫ થી શ્રી સુપાર્શ્વનાથ પ્રભુ દાનવીર્ય રાજાને ધન ધાન્ય-

**પરિમાણાતિક્રમાતિચાર** પર દેશળ શ્રાવકની કથા સંભળાવે છે તથા **ચતુર્થ દ્વિપદ ચતુષ્પદ પરિમાણાતિ ક્રમાતિચાર** પર દુર્લભ ગોપની કથા વિસ્તારથી વર્ણવે છે. **પંચમ કુપ્ય પરિમાણાતિક્રમાતિચાર** ( એટલે પોતાના મૂળ નિયમથી અધિક થઇ ગયેલી પાત્રાદિક વસ્તુઓ ભાંગીને ફરીથી તેટલી સંખ્યા પૂર્ણ કરવી તે ) ઉપર માનદેવની કથા કહી બતાવે છે. અહીં પાંચે અતિચારનું સ્વરૂપ પૂર્ણ થાય છે. આ કથાઓમાં આડ કથાઓ પણ રસમાં વૃદ્ધિ કરી ઉપદેશને વધુ રસાળ ને દ્દઢ કરે છે.

છઠ્ઠા દિગ્પરિમાણવ્રત ( જે શ્રાવક ઉંચી નીચી અને તિર્યક્ દિશા સંબંધી ગમનાગમનથી યોજન સંખ્યાનું પ્રમાણ કરે છે તે ચૌદ રજ્જુ પ્રમાણ લોકમાં રહેલા જીવોને અભયદાન આપવામાં હેતુભુત થાય છે ) ઉપર મનોરથ વણિકની કથા કહે છે.

આમાં સુધન શ્રેષ્ટિની મહિમા પત્નીથી ઉત્પન્ન થયેલા મેઘરથ અને મનોરથ નામે બે પુત્રો એકદા આમ્રવનમાં ક્રીડાર્થે જતા હતા ત્યાં મહા પ્રભાવિક મુનીંદ્રને જોતાંજ તેમને નમી તેઓએ આવા ભર યૌવનમાં કાં દીક્ષા લીધી એમ પુછતાં વૈરાગ્ય ઉપરાંત એક રાજકન્યા પણ મારા વૈરાગ્યનો હેતુભુત છે એ જણાવતાં તેનું ચરિત્ર પણ તેઓ પૂછે છે. ને મુનિ પોતાનું જીવન વૃત્તાંત ઉપકાર દૃષ્ટિએ કહે છે.

ધરણી તિલક નગરના રાજા મહેશ્વરની તિલોત્તમા નામની અતિ સુન્દર ને જ્ઞાની પુત્રીને રાજા પ્રશ્ન કરે છે—પુત્રી ! ત્હારો ભર્તા કોણ થશે ? તેના જવાબમાં તે રાજકન્યા પોતાનો ભર્તા સુભટ, નૈમિત્તિક અથવા વિજ્ઞાન-વેત્તા થશે એમ જણાવે છે. આ પરથી તત્સમયની લલનાઓની શૂરવીરતા-પરની પ્રીતિ, નૈમિત્તિક જ્ઞાન તથા વિજ્ઞાન પરની ભક્તિ આસક્તિ પ્રકટ જણાય છે. આજની શુષ્ક કેળવણી અને તે સમયના જ્ઞાનમાં આસ્માન જમીનનો ફરક આ પરથી અવબોધાય છેજ.

હવે રાજા તેવા કોઈ ગુણે વિભૂષિત વીર, નૈમિત્તિક કે વિજ્ઞાન શાસ્ત્રીને જામાતૃ તરીકે શોધી લાવવા અનુચરો પાઠવે છે. ને જુદે જુદે સ્થળે તપાસ કરવા મંત્રી પ્રતિહાર આદિ નીકળી પડે છે મંત્રીને એક શૂરવીર નર મળે છે જે પોતાનું અદ્ભુત વીરત્વ મંત્રીને બતાવવા મંત્રીના હજાર

સુભટોને ક્ષણમાં હજાર બાણો વડે એકલોજ પરાજિત કરે છે. આ ચતુરાઇ અને વીરતા જોઇ તેને પોતાની સાથે જમાઇ તરીકે પસંદ કરી લઈ જાય છે. ને જોશીના કથનાનુસાર સાતમે દિવસે લગ્ન નક્કી કરે છે.

પ્રતિહારે એક વૈશ્ય વિજ્ઞાન શાસ્ત્રીને મહા પરિશ્રમે શોધી કહાડી તેના બનાવેલા અદ્‌ભુત કારીગરીવાળા રથમાં બેસી તે સૂત્રધારને પોતાના સ્થળે જવા સૂચવતાં તે સૂત્રધાર તે યંત્રોવાળા રથને આકાશમાર્ગે ભમાવી કીલિકાપ્રયોગવડે ધરણીતિલક રાજા પાસે લઈ ગયો. ત્યાં તેની ને કુમારીની મુલાકાત થઈ ને કુમારીએ તેને પસંદ કર્યો ને તે સૂત્રધાર ત્યાંજ રહ્યો.

સ્થગિધરે ભ્રમણ કરતાં એક ત્રિકાળદર્શી સુદર્શન નામે ઉત્તમ નૈમિત્તિકને શોધી કાઢ્યો અને પોતેજ ત્યાં આવી તેણે સાતમે દિવસે લગ્ન નિર્ધાર્યું. હવે સુભટ–રથકાર ને નૈમિત્તિક એ ત્રણે કુમારીના ઉમેદવાર થયા.

એટલામાં કોઇક તે તિલોત્તમા કુમારીને હરી ગયો. રાજાએ નિમિતીઆને પુછતાં તેણે બતાવેલ સ્થળે રથકારના રથની મદદવડે તે સુભટ વિંધ્યાટવીમાં ગયો તો ત્યાં એક પુરૂષ તે કન્યાને મધુર વચને વિનવતો જોયો. તેને આવાહન કરી હરાવી કન્યાને રાજા પાસે લાવવામાં આવે છે અને તે ત્રણે જણ કન્યાને પરણવા પરસ્પર લઢે છે. અંતે સૌએ પોતપોતાના પ્રભાવથી કન્યાને લાવવામાં કરેલી મદદ જણાવી પણ આખરે સુભટને તે કન્યા વરી ને બીજા બે વિલખા થઇ પાછા ફર્યા.

આમાં પૂર્વકાલીન કળાઓનો આદર્શ આપણી સમક્ષ રજુ થાય છે. એકજ માણસ હજાર બાણ સામટાં છોડી દુશ્મનને પરાજીત કરી શકે એ બળ–કળનું અદ્‌ભુત દર્શન અહીં થાય છે. સૂત્રધાર યંત્રોદ્વારા રથ બનાવી આકાશમાં ઉડાવી નિમેષમાત્રમાં ઇચ્છેલ ઠેકાણે પહોંચે. એકલા કારીગરીનો આદર્શ તથા નૈમિત્તિક જ્ઞાનથી કોણ ક્યાં હશે તેની ખબર મેળવી તે કામે લગાડી શકાય એ જ્ઞાનની વિશિષ્ટતા !

હવે રથકાર કુમારીને પામી ન શકવાથી પોતાનાં સ્વજન, સંપત્તિ, ધન, પરિજન કે વિજ્ઞાનને અફળ માનતો જીવિત પરિત્યાગ કરવા ઉંચા પર્વતના શિખર પર જતાં ત્યાં ધ્યાનસ્થ મુનિને જોતાં તેમની પાસે જઇ વંદન કરી બેસતાં મુનિએ પુછતાં સર્વ વૃતાંત તેમને સંભળાવી દે છે.

મુનિ એવા અકાર્યથી તેને-વારી મુનિ ધર્મનો ઉપદેશ આપી દીક્ષા આપે છે, તેજ મુનિ હું પોતે.

આ શ્રવણ કરી વૈરાગ્ય પૂર્વક પોતે મેઘરથ તથા તેનો બંધુ સમ્યકત્વાદિ વ્રત લે છે, તેમાં વિશેષે દિગ્વ્રત ગ્રહણ કરે છે. અન્યદા બેઉ ભાઇઓ દ્રવ્યાર્થે વિદેશ જતાં કરિયાણાં વેચવા દૂર દેશાવર જવાના નિર્ણયપર આવવા ચર્ચા કરતાં મેઘરથ વ્રત ભંગ કરીને પણ જવા કટિબદ્ધ થતાં મનોરથ સર્વમાલ તેને આપી દઇ નિવૃત્ત થાય છે ને મેઘરથ આગળ વધે છે. રસ્તે વારાણસીમાં દાણ ચોરી કરે છે ને અપમાન પામે છે. ને બજાર સોંઘો થઇ જતાં નુકશાનમાં આવી જઇ ધર્મથી પણ પતિત થાય છે.

અહીં મનોરથ ઉજ્જયનીમાં રહે છે. ત્યાં રાજપુત્રને સર્પદંશ થતાં ગારૂડીયોના ઘણા પ્રયત્ને વિષ નથી ઉતરતું, ત્યારે નગરમાં હાહાકાર બની જતાં પટહ વજડાવે છે ને અર્ધું રાજ્ય લઇ સર્પ ઉતારનારને આમંત્રે છે. મનોરથ પોતે જ્યાં રહે છે તે મહેન્દ્રસિંહની આજ્ઞા લઇ જવા તત્પર થાય છે. ને ત્યાં જઈ નૈષેધિકીના ઉપચાર પૂર્વક પંચ પરમેષ્ઠિ સ્તોત્રના સ્મરણ પૂર્વક નમસ્કાર મંત્રથી રાજકુમારને સજીવન કરે છે. ત્યાં પરમેષ્ઠિના શ્રવણથી રાજકુમારને પૂર્વભવનું જ્ઞાન થાય છે. ને મિથ્યાત્વ દૂર થાય છે. જે વ્યંતરે તે કુમારમાં સર્પપણે ડશી પ્રવેશ કરેલો તે વ્યંતર પૂર્વભવમાં દેશવિરતિ વ્રતથી ભ્રષ્ટ થયેલો હતો તેમ જણાય છે. તે વ્યંતર દેશવિરતિ વ્રતથી કેમ ચલિત થયો તે પોતાના પૂર્વભવની લંબાણ કથા કહે છે તેમાં ઘણી આડ કથાઓ આવે છે.

રાજા મનોરથના આ મહા કાર્યથી પ્રસન્ન થઇ તેને પોતાનું રાજ્ય આપવા જણાવે છે પણ નિઃસ્પૃહ મનોરથ તે ન લેતાં રાજાને ધર્મમાં સ્થિર કરે છે ને રાજા તેને નગરશેઠના પદે નિયુક્ત કરે છે. ને તે જૈન ધર્મ પ્રતિપાલન કરતો થકો ત્યાં સુખપૂર્વક વસે છે.

વૈભવશાળી મનોરથની હકીકત મેઘરથના જાણવામાં આવતાં દરિદ્રી થયેલો તે ભાઇના દ્વારે આવે છે ને મનોરથ પણ તેને પોતાને ત્યાંજ પોતાની જેમ રાખે છે ને પોતાના માતા પિતાને પણ બોલાવી સૌને ધર્મ-

ધ્યાનમાં દ્રઢ કરે છે. આમ દિગ્ પરિમાણ વ્રતના પાલનનો પ્રભાવ જોઇ સૌ એ વ્રતમાં દ્રઢ બને છે. આ કથામાં તો લેખકે કમાલ કરી જણાય છે.

પછી પ્રભુ દાનવીર્ય રાજાને **ભોગ પરિભોગ વિરમણ** વ્રત પર વિશ્વસેન કુમારની કથા લંબાણથી કહે છે. અને **દ્વિતીય અણુવ્રતમાં** લાગતા અતિચાર પર મદ્ય માંસ દ્યૂત અને રાત્રિભોજનપર દત્ત શ્રેષ્ઠિની કથા કરી સંભળાવે છે. આ કથામાં તો મદ્ય માંસ દ્યૂતને રાત્રિભોજન પર અનેક કથાઓ રસભર વર્ણનો સહિત કર્તાએ બહુ સુંદર રીત્યા વર્ણવી જણાય છે.

**અનર્થ દંડ વિરમણ વૃત**—( અનર્થને માટે જે શસ્ત્ર અગ્નિ મુશળ વિગેરે ઘાતક વસ્તુઓ અન્યને આપવી-અપાવવી તે અનર્થ દંડ ) પર વિમળ શ્રાવક ત્રીજું ગુણવ્રત પાળીને સ્વર્ગ તેમજ મોક્ષસુખ કેવીરીતે પામે છે તે દર્શાવે છે.

પ્રથમ કંદર્પોત્સર્પણ વચનાતિચાર પર ત્રીજું ગુણવ્રત ધારણ કરી કામોદ્દીપક વચન બોલે તે ) મિત્રસેનની તથા **દ્વિતીય કૌકુચ્યાતિચાર** ( નેત્રાદિક અંગોના નાના પ્રકારના વિકાર સહિત જે ચેષ્ટા કરવી તે ) પર સિંહવણિકની કથા પ્રભુએ સંભળાવી છે.

આ પછી પ્રભુએ દાનવીર્ય રાજાને અનુક્રમે નીચે પ્રમાણે કથાઓ સંભળાવી છે:—

**તૃતીય મૌખર્યાતિચાર**—તે ત્રીજા ગુણવ્રતને ધારણ કરી જે શ્રાવક વાચાળપણાથી કોઇને મિથ્યા અપવાદ આપે તે ઉપર પદ્મવણિકની કથા.

**ચતુર્થ અધિકરણાતિચાર**—ઘંટિ ખાંડણીયો સાંબેલુ વિગેરે દૂષિત સાધનો જથ્થાબંધ ભેગાં કરી રાખવાં તે પર દુર્લભ વણિકની કથા.

**પંચમ ભોગાતિરેકાતિચાર**—તે ત્રીજા ગુણવ્રતને ધારણ કરીને જે અતિશય ભોગ સાધનોનું સેવન કરવું તે પર મુળદેવ વણિકની કથા.

**સામાયિક વૃત**—સાવદ્ય યોગનો પ્રતિપક્ષી-ના સેવન પર નાગદત્ત કુમારની કથા.

**મનોદુષ્પ્રણિધાનાતિચાર**—સામાયિક લઇ મનમાં દુર્ધ્યાન કરવું તે-પર માન વણિકની કથા.

**દ્વિતીય વચન દુષ્પ્રણિધાનાતિચાર**—સામાયિક ગ્રહણ કરી અયો-ગ્ય વચન બોલવું તે-પર વિસદ શ્રેષ્ટિની કથા.

**તૃતીય કાયદુષ્પ્રણિધાનાતિચાર**—સામાયિકમાં રહી ઉપયોગ શૂન્ય થઇ અપ્રમાર્જીત સ્થાનમાં આસનાદિ કરવું તે-પર શ્યામલ વણિ-કની કથા.

**ચતુર્થ અનવસ્થાનાતિચાર**—સામાયિક ગ્રહણ કરી તેનો મર્યાદા યુક્ત સમય પૂર્ણ ન કરવો વા સામાયિકમાં સ્વેચ્છા પ્રમાણે પ્રવૃત્તિ કરવી તે-પર વરૂણ શ્રેષ્ઠિની કથા.

**પંચમ સ્મૃતિ વિહીનતાતિચાર**—ચિત્તની શૂન્યતાને લીધે ગ્રહણ કરેલું સામાયિક શૂન્યચિત્તે પાળવું તે-પર સોમ વણિકની કથા.

**દેશાવકાશિક વૃત્ત**—વિસ્તાર સહિત એવાં પણ દરેક વ્રતોના ગ્રહણ કરેલા નિયમનો પ્રાયે જે સંક્ષેપ કરવામાં આવે તે-પર શંખકુમારની કથા.

**પ્રથમ આનાયનાતિચાર**—ગ્રહણ કરેલા અવધિની બહારથી, ગ્રામ તથા ગૃહાદિકમાં રહેલી વસ્તુઓને જે બીજાની પાસે મંગાવે તે-પર વિંધ્ય વણિકની કથા.

**દ્વિતીય પ્રેષણાતિચાર**—દિગવકાશનો નિયમ લઇ-પોતે ન જતાં બીજાને મોકલવો તે-પર સદ્ર શ્રેષ્ટિની કથા.

**તૃતીય શબ્દાતિચાર**—દેશાવકાશિક વૃત લઇ કાસાદિક ( ખુંખારા-દિક ) ના નિમિત્તે શબ્દ કરવા તે-પર મતિસાગર મંત્રિની કથા.

ચતુર્થ સ્વરૂપ પ્રદર્શનાતિચાર—દેશાવકાશિક વ્રત ગ્રહણ કરી કોઇ કાર્યને લીધે દૂર રહેલા પુરૂષને પોતાના સ્વરૂપનું ભાન કરાવવું તે-પર કૃષ્ણની કથા.

**પંચમ પુદ્ગલ ક્ષેપાતિચાર**—દેશાવકાશિક વ્રત ગ્રહણ કરી કાંકરા વિગેરે વસ્તુઓના પ્રક્ષેપવડે પોતાને જાહેર કરવો તે-પર સોમશ્રેષ્ઠિની કથા.

**પૌષધવ્રત**—ભવ્ય પ્રાણિઓએ આહાર-દેહસતકાર-બ્રહ્મચર્ય-અને વેપાર એમ ચાર પ્રકારનું પૌષધવ્રત દેશથી કિંવા સર્વ પ્રકારે પાળવું તે-પર મલયકેતુ રાજાની કથા.

**પૌષધના પાંચ અતિચાર**—પૌષધમાં રહી અપ્રતિલેખિત, દુષ્પ્રતિલેખિત, અપ્રમાર્જીત, અને દુષ્પ્રમાર્જીત શય્યાનુ સેવન કરવું તેમજ સમ્યક્ પ્રકારે પૌષધ લઇ તેનું પ્રતિપાલન ન કરવું તે—પર વૈશ્રમણ પુત્રોની કથા.

**અતિથિ સંવિભાગ વૃત**—ગૃહસ્થીએ શ્રદ્ધાવડે, વિશુદ્ધ, ન્યાયોપાર્જીત દ્રવ્યવડે લાવેલું અને નિર્દોષ એવું ભોજનાદિક પોતાને ત્યાં આવેલા સુપાત્ર મુનિઓને અર્પણ કરવું તે; તેમજ પ્રફુલ્લમન વડે કરી રોમાંચિત થઈ સત્પાત્ર સાધુઓને શુદ્ધ દાન આપવું તે—પર શાંતિમતીની કથા.

**પ્રથમ સચિત્ત નિક્ષેપણાતિચાર**—અતિથી સંવિભાગનો નિયમ લઇ દુષ્ટ ચિત્તવડે ઓદનાદિક પદાર્થ સચિત્ત વસ્તુઓમાં મુકવા તે—ઉપર લક્ષ્મી શ્રાવિકાની કથા.

**દ્વિતીય સચિત્ત પિધાનાતિચાર**—અતિથિ સંવિભાગનો નિયમ લઇ દાન આપવા લાયક વસ્તુને સચિત્ત વસ્તુથી ઢાંકી દેવી તે—ઉપર વિજયા શેઠાણીની કથા.

**તૃતીય કાલાતિક્રમણાતિચાર**—દાનનો નિયમ કરવા છતાં હૃદયમાં શઠતા રાખવી તે—ઉપર દેવચંદ્ર શ્રાવકની કથા.

**ચતુર્થ પરવ્યપદેશાતિચાર**—અતિથિદાનનો નિયમ લઇ પોતાને ત્યાં સત્પાત્ર આવે છતાં પોતાના દ્રવ્યને કપટથી પરાયું કહેવું તે—ઉપર સ્થવિરાની કથા.

**પંચમ માત્સર્યાતિચાર**—આ પણ દાન આપે છે તો શું એનાથી પણ હું અશક્ત છું ? એવા માત્સર્યભાવથી જે દાન આપવું તે—ઉપર નંદવણિકની કથા.

આમ વ્રતો—અતિચારાદિકનું દૃષ્ટાંત સમેત પ્રભુએ વિવેચન કરી સંભળાવવાથી વિકસ્વર થયેલ રોમવાળા દાનવીર્ય રાજા પ્રભુને અંજલી જોડી હવે કહે છે—" હે પતિત પાવન ! હે ત્રૈલોકય બંધુ ! યતિ અને શ્રાવક ધર્મનું સવિસ્તર સ્વરૂપ આપે સંભળાવ્યું તેમજ દરેક વ્રતના અતિચાર પણ સદૃષ્ટાંત કહ્યા. હવે તો અંત સમયમાં સમાધિપૂર્વક મરણ થાય તેનો વિધિ બતાવી અમને કૃતાર્થ કરો. આના પ્રત્યુત્તરમાં દયાના સાગર—અકારણ બંધુ જગદુદ્ધારક—પ્રભુ બોલ્યા—હે ભૂપાળ જે શ્રાવકે બારવ્રત અંગીકાર

ક્રી વિધિ સહિત પાળ્યાં હોય, તેણે અંત સમયમાં ઉપયોગપૂર્વક સમાધિ મરણુ માટે સંલેખના કરવી. આ ઉપર મલયચંદ્રનું દૃષ્ટાંત પ્રભુ કહે છે.

આ કથાવાળું પ્રકરણુ અતિ ઉપયોગી છે. મનુષ્ય માત્રને મૃત્યુ આવવાનુંજ છે. તો અંત સમયે જે ધર્મના આરાધનપૂર્વક સમાધિ મરણુ પામવું તે દુર્લભ છે. સંલેખના ઉત્કૃષ્ટ બાર વર્ષની તથા જઘન્યથી છ માસની છે. અને જો ધર્મધ્યાન–વ્રતપ્રતિપાલન–સમ્યક્ત્વમૂલ બારવ્રતનાં આરાધન આદિનો અભ્યાસ હોય તો છેવટે અભ્યાસથી પણુ સમાધિ મરણુ થાયજ. આ કથામાં મહાસેન રાજા અને મલયચંદ નામે તેનો મિત્ર સ્વારી સહિત સુંદર અશ્વોપર બેસી ફરવા નીકળે છે. તે રાજાના સિદ્ધાર્થ નગરના વર્ણનમાં તે નગરના વૈભવ આદિના વર્ણનમાં લેખકે પાંડિત્યની પરાકાષ્ઠા કરી છે. છતાં તત્સમયનાં નગર દર્શન કરાવી તે નગરનાં વખાણુ કરવામાં અપૂર્વ ચાતુર્ય બતાવ્યું છે:—

સિદ્ધાર્થનગર ! તેમાં બંધ તો કાવ્યોમાં અને સરોવરોની પાળમાંજ રહેલો છે ! અન્યમાં નહિં ! ચિંતા તો ધર્મ કાર્યમાંજ ! રાગ તો મુનિઓ અને સજ્જનો ઉપરજ ! વ્યસન દાન આપવાનું જ ! વિલાસ ! વિલાસવતી સ્ત્રીઓના કેશ કલાપમાંજ ! વાહ વર્ણન શૈલી ! અપ્રતિમ કલ્પનાના ભોગી રસતરંગોમાં વિહરતા, ધર્મરત્નના ઝવેરી આ ગ્રંથનાં આ લેખકને તો નમીજ પડાય છે.

રાજા તથા તેનો મિત્ર બન્ને ઘોર જંગલમાં આવી પહોંચે છે. ઘોડાઓ વિરમતાં જ મૃત્યુ પામે છે. તૃષાતુર રાજા મલયચંદ્રને પાણીની શોધમાં મોકલે છે. ત્યાં મહામુનિને જોતાંજ પાણી બતાવવા વિનવતાં મહાસેન રાજાનું નામ દે છે. મુનિ તો મૌન રહે છે પણુ ત્યાં બેઠેલી એક મૃગલી આ મહાસેન નામ સાંભળી ઉભી થઇ–મલયચંદ્રને સાન કરી દોરી જઇ પાણી અપાવે છે ને રાજા પાસે મલયચંદ્ર સાથે જાય છે. રાજા તથા મૃગલી સાથે મલયચંદ્ર ગુરૂદેવ પાસે આવી ધર્મશ્રવણુ કરી રાજા મૃગલીનો અધિકાર જાણુવા મુનિને પુછતાં તે તેની પૂર્વભવની સ્ત્રી બંધુમતી છે એમ કહી તેનું પુર્ણ વૃત્તાંત જણાવે છે. પૂર્વભવમાં બંધુમતિનો રાજાએ અસત્કાર કરવાથી તેણી ઉપવનમાં જઈ ઉંચી ધર્મભાવનાઓ ભાવે છે અને આમ વિચારમાં

નિમગ્ન પ્રેમથી વંચિત પતિવિરહી–તે છાતી ફુટી ઇર્ષાથી મરણ પામી મૃગલી થાય છે. એને રાજાનું નામ સાંભળતાંજ તેને જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થાય છે. આ પરથી રાજાને પોતાના પાપનું પ્રાયશ્ચિત કરવા તથા ધર્મશ્રવણ માટે આતુર દેખી ગુરૂદેવ તેને ધર્મનું સ્વરૂપ વિસ્તારથી સંભળાવે છે. સમ્યકૂત્વના ભેદ વિસ્તારથી કહી ગૃહીધર્મથી માંડી ઠેઠ સંલેખના પર્યંત ગૃહિધર્મ સંભળાવે છે. સંલેખનાનું ઉત્કૃષ્ટ સ્વરૂપ સમજાવે છે. તથા જઘન્ય સંલેખના પણ જણાવે છે. આ સાંભળી રાજા, મલયચંદ્ર તથા મૃગલી સમ્યકત્વ સહિત દેશવિરતિ ધર્મનો સ્વીકાર કરે છે. મૃગલી કાળ કરી સૌધર્મ દેવલોકમાં જશે.

રાજા તથા મલયચંદ્ર પાછા સ્વસ્થાને આવે છે ને મલયચંદ્ર વ્યાધિગ્રસ્ત થતાં અનશન વ્રત ધારણ કરવા આજ્ઞા આપવા રાજાને વિનવે છે. પણ રાજા વૈદ્યોની સારવાર કરવા જણાવે છે. એવામાં સુભાગ્યે તેજ સમયે ચારણ મુનિ આકાશેથી ઉતરી ત્યાં આવે છે. ને તેમને મલયચંદ્ર પાસે લઈ જવામાં આવે છે. ત્યાં મલયચંદ્રને મુનિ ધર્મોપદેશ દઇ અનશન વ્રત આપે છે ને વિશુદ્ધપણે નિરતિચાર પાળી સમાધિપૂર્વક કાળ કરી તે બ્રહ્મલોકમાં જાય છે.

રાજા શોક પરિપૂરિત થતાં મુનિ તેને સંસારની અનિત્યતા સમજાવી શોક દૂર કરાવી ધર્મમાર્ગે વાળી ભવ્યજનોને પ્રતિબોધ આપી અન્યત્ર વિહાર કરી જાય છે.

અહિં રાજાને એક દુઃસ્વપ્ન આવે છે ને તેનું ફળ સ્વપ્નપાઠકોને પુછતાં તેઓ આ ગૂઢ સ્વપ્નનો અર્થ ન કરી શકવાથી અકસ્માત આવી ચઢેલા સમયસાગરસૂરિને પુછતાં તેના ફળને તેઓ જણાવે છે. કે તે રાજા કાળધર્મ પામી નિર્બાધ સ્થાનમાં જશે. આથી રાજા સમય ઓળખી ગુરૂ પાસે દીક્ષા લઇ કેવળજ્ઞાન પામી અલ્પ સમયમાંજ અચળ અને સર્વદા નિર્ભય એવા મોક્ષપદને પામે છે. ઇચ્છાનો ત્યાગ કરી જે પ્રાણી અનશન વ્રત ગ્રહણ કરે છે તે જીવ તેજ ભવમાં યાતો છેવટે પ્રાયે ત્રીજે ભવે સિદ્ધ થાય છે. આ કથા ઘણાજ અર્થભાવને ધારણ કરવાવાળી છે–આદરણીય છે.

ગ્રંથકાર હવે શ્રી સુપાર્શ્વપ્રભુના નિર્વાણવર્ણનને વર્ણવતાં વર્ણવતાં જાણે પરિશ્રમિત થયા હોય તેમ લાગે છે.

પ્રભુ દાનવીર્ય રાજાને કહે છે કે હે રાજન્ ! સમ્યકત્વ સહિત બાર

પ્રકારનો શ્રાવકધર્મ સંલેખના પર્યંત તથા અતિચારનું સ્વરૂપ સમ્યક્ પ્રકારે દૃષ્ટાંત સહિત વિસ્તારથી તને કહ્યું. હવે તું નિરતિચાર ગૃહિધર્મ પ્રતિપાલનમાં સાવધાન થા. પછી રાજાની વિનંતીથી તેને વિધિ સહિત ધર્મદાન કરી પ્રભુ શ્રી નંદિવર્ધન નગરથી વિહાર કરી શત્રુંજય ગિરિનાં દર્શન કરી ગ્રામનગરપુર વિચરતા ધર્મદાન દેતા વિશ્વને ઉદ્ધરતાં વિચરવા લાગ્યા.

ભગવાનની સેવામાં પંચાણું ગણધરો, ત્રણ લાખ મુનિ, ચાર લાખ ત્રીશ હજાર સાધ્વી, બે લાખ સત્તાવન હજાર શ્રાવકો ને ચાર લાખ ત્રાણું હજાર શ્રાવિકાઓ, બે હજાર ને ત્રીશ ચૌદપૂર્વધર મુનિ, અગિયાર હજાર કેવળી મુનિ, પંદર હજાર ત્રણસો વૈક્રિય લબ્ધિવાળા, આઠ હજાર ચારસો વાદીમુનિ, નવ હજાર અવધિજ્ઞાની, નવ હજાર એકસો પચાસ મનઃપર્યવ જ્ઞાની હતા. અન્યત્ર વિહરતાં વિશ્વોપકાર કરતાં પ્રભુ જ્ઞાનવડે મોક્ષ સમય નજીક જાણી માસનું અનશન વ્રત લે છે. અને પ્રભુ ચોરાશી લાખ વર્ષનું એક અંગ થાય તેમાં ચાર અંગ ન્યૂન એવું એકપૂર્વલક્ષ ચારિત્ર પર્યાય પાળી પલ્યંક આસને વિરાજ્યા.

સુરાસુરેંદ્રો પ્રભુને મોક્ષાભિમુખ થયેલા જાણી આવ્યા ને પ્રભુની સ્તુતિ કરવા લાગ્યા. તેટલામાં તો જગદ્ગુરૂ સર્વ પાપદ્વારોનો રોધ કરનાર શૈલેશી ધ્યાનમાં સ્થિર થયા. અને સર્વથા કર્મથી મુકાયલા પ્રભુ ફાગણ વદી સાતમના રોજ પાંચસો મુનિ સાથે દેહ ત્યાગ કરી મોક્ષે ગયા.

દેવતાઓ પ્રભુ વિરહે અશ્રુ સાથે પ્રભુને સંભારતા વિધિપૂર્વક શુદ્ધ સ્થાનમાં ગોશીર્ષ ચંદન તથા અગુરૂ ચંદનની ચિતાઓ રચી એકમાં પ્રભુનાં તથા બીજીમાં પાંચશો મુનિઓના કલેવરો સ્થાપ્યાં. તે વિધિ સહિત ચિતામાં ભસ્મીભૂત કર્યાં. મેઘકુમારોએ ભગવાનની ચિતા ઠારી દીધી.

ગ્રંથકાર પ્રશસ્તિમાં વિસ્તારથી ગ્રંથાલેખનનું કારણ સમય સ્થળાદિ જણાવે છે. છેવટે કુમારપાળ નૃપતિના સમયમાં તેમના રાજ્યમાં ગુરૂમંડલી નગરીમાં શમ્બાસુતના ઉપાશ્રયમાં વાસ કરતા શ્રીમાન્ લક્ષ્મણગણિએ વિ. સં. ૧૧૨૯ માં મહા શુદ ૧૦ મી અને ગુરૂવારે આ ચરિત્ર રચ્યાનું જણાવવામાં આવ્યું છે.

એકંદર અતિ રસાળ–રસ મંજરીઓવડે સુવાસિત તરૂવરની જેમ

અનેક ધર્મભાવનાભરી કથાઓના સમૂહથી વિભૂષિત આ ગ્રંથ અતિ વિશાળ અર્થભાવ–ગાંભીર્ય–રસ–કાવ્ય–કથા–દૃષ્ટાંત–આદિ શાખા પલ્લવ યુક્ત એવો અતિ મનોહર રચનાયે યુક્ત રચાયો છે ને તેનો અનુવાદ પણ શ્રી અજીતસાગર સૂરીશ્વરે અતિ કુશળતાથી રસને ક્ષત ન થવા દેતાં તેમાં ઓર વૃદ્ધિ કરવા પૂર્વક–પોતાના જ્ઞાન સામર્થ્યને પ્રકટ કરતો છતો તેમની કીર્તિ–પરાગ પરિમળને પ્રસારતો એમ અદ્દભુત રીતે તૈયાર કર્યો જણાય છે. અને ખરેખરઃ—

જેના સદ્દગુરૂરાજ, શ્રી શ્રી ધી નિધિ વિશ્વમાં !
ભવિજન તારણ ઝહાઝ, ભાનુપરે વિલસી રહ્યા !
वक्ता ने कविराज अजितसूरि गुरु भक्त शा ?
पामो आत्म स्वराज्य स्वानुभवे जग दोह्यलां ॥

આ ગ્રંથમાં સર્વ પ્રકારના રસ–વૃત્તરૂપી રત્નોના હાર—અતિચાર નિવારણરૂપ વજ્રકવચ અને કથારૂપી રસાયન ભર્યું છે; છતાંયે તેમાં અધ્યાત્મજ્ઞાનનું અમૃત બિંદુ યોગ્ય પ્રમાણમાં મિશ્ર થયું છે તેથી મંદિરને શિખર ધ્વજા જેવો અમુલ્ય લાભ વિશ્વને આ પુસ્તકથી મળે તેમ છે તેમાં કંઇ ન્યૂનતા નથી. આ માટે શ્રીમદ્દ આચાર્ય શ્રીમદ્દ અજિત-સાગરસૂરિજીને અભિનન્દન આપ્યા શિવાય ચાલતું નથી. અધ્યાત્મજ્ઞાન ગગનમણિ–સાગરગચ્છાધિપતિ, ધર્મધુરંધર, કવિ ચૂડામણિ, યોગિરાજ આચાર્ય મહારાજ શ્રીમદ્દ બુદ્ધિસાગરજી સૂરીશ્વરજીને આવા શિષ્યરત્ન તૈયાર કરવા બદલ નમ્યા સિવાય રહી શકાતું નથી. અને એ ગરવા ગુરૂદેવનો;—

અધ્યાત્મજ્ઞાન ગગને, રવિશા પ્રકાશે,
પંડિત જે પ્રખર વિશ્વ વિષે વિરાજે;
ગ્રંથો શતાધિક મહામૂલના વિકાસે,
તત્વામૃતે ભવિજનો જસ નિત્ય રાચે.
ષટ્દર્શને નિપુણ જે અતિ ગૂઢ જ્ઞાને !
ખાખી સુધ્યાન તપ ત્યાગ વિરાગતાને !

( એવા ) શ્રી બુદ્ધિસાગરસૂરિ મહાયોગિ રાજે !
જ્યાં તુચ્છ છે મણિ જડયાં મહારાજ્ય સ્હેજે !

વિશ્વમાં એકજ ! એમના હાથનો વાસક્ષેપ જે શિરપર પડયો હોય—એમના શિષ્ય થવાનું મહાન્ ગૌરવ જેમને સંપ્રાપ્ત થયું હોય, એમનાજ હાથે જે ગણિ અને આચાર્યપદ પ્રાપ્ત કરી શકયા હોય, એમનીજ આજ્ઞામાં સદોદિત જેઓ વિહરતા હોય એવા, પ્રખર વક્તા, વ્યાખ્યાન વાચસ્પતિ સમા, સુન્દર કવિ, અને સુલલિત લેખક આચાર્ય પ્રવર શ્રીઅજિતસાગર સૂરિવરને આવો અણમોલ ગ્રંથ તૈયાર કરી વિશ્વના કલ્યાણ અર્થે વિશ્વ સંમુખ રજુ કરવા માટે ધન્યવાદ આપવા સિવાય રહી શકતા નથી.

શ્રી જૈન આત્માનંદ સભા આવા ગ્રંથોના પ્રકટીકરણ માટે જે જે સુન્દર યત્નો સેવી રહી છે તે માટે તેના કાર્યકર્તા શ્રીયુત્ વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધીને ધન્યવાદ ઘટે છે.

એકંદર આ મહા ગ્રંથ ઉપરથી ભારતવર્ષની જાજ્વલ્યમાન જાહોજલાલી, જૈનધર્મની વિજયપતાકાનું વિશ્વમાં જયવંત વર્તવું, રાજાઓ પણ જૈન ધર્મને માનવાવાળા, નીતિવાન, ગુણિ, રસિક, કવિ–પંડિતોના પૂજારી, રાણીઓ પણ મહાપતિવ્રતા, ચતુર, રસિક, પોતાના ધર્મને, સમજનારી રાજકુમારો પણ દક્ષ–શૂર, વિનયી, ધર્મિષ્ઠ, સાહસિક ને જૈનધર્મમાં રક્તચિત્ત હતા એમ અવબોધાય છે. નિષ્કારણ બંધુ એવા જ્ઞાનક્રિયા અને મોક્ષમાર્ગના આરાધક, મુનિઓ વિશ્વના ઉદ્ધારાર્થે સ્થળે સ્થળે ભ્રમણ કરી પૃથ્વીને પાવન કરી રહેલા. શ્રેષ્ટિ ( શેઠ ) જૈન વ્યાપારીઓજ ગણાતા અને તેમનું વજન–માન=કીર્તિ–મોભો રાજદરબારોમાં અતિશય હતો. તત્સમયના શ્રેષ્ઠિ પુત્રો પણ ગંભીર, સાહસિક–પરદેશમાં અટન કરવામાં રસીયા, વિનયી–વિવેકી–ઉદાર અને રસિક હતા. મહા ધુરંધર, ગીતાર્થ, ચૌદપૂર્વધારી, કેવળજ્ઞાની, એવા મુનિરાજોના વિચરણથી જૈનધર્મનો વિજયધ્વજ વિશ્વમાં નિરંતર ફરફરતો હતો, તત્સમયમાં દિવ્ય વૈભવો છતાં સાદાઇ–વિવેક–ગંભીરતા, મર્યાદા, નીતિ, પ્રીતિ, ધર્મભાવના, પંડિતોપરપ્રેમ, કલાઓ પ્રતિ અતિ આદર, શૌર્ય, સંપ, અને વૃક્ષરાજીની વિપુલતા પ્રતિ એટલો બધો આદરભાવ પરિદૃસ્યમાન થાય છે કે જેવો આજે ક્યાંય નથી જણાતો. આવાં આવાં

અનેક ગતકાલીન, વૈભવો-રીતિ-સ્થિતિ-ધર્મ-આદિનાં દર્શન કરાવતો આ અદ્‌ભુત ગ્રંથ છે. એ વિશ્વમાં વિજયવંત વર્તો અને ભવિજનના હિતના અર્થે હો એમ ઇચ્છાય છે.

ઇત્યલં વિસ્તરેણ ? આ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ગ્રંથ વિશ્વના તથા વિશ્વવાસીઓના આત્મિક અને વ્યાવહારિક કલ્યાણને અર્થે હો ને વિશ્વમાં ભાનુ-ચંદ્ર તપે ત્યાંસુધી વિજયવંત વર્તો એ શુભાશા સહિત વિરમતાં પૂર્ણાહુતિ મંગળ કરૂં છું.

जेना गुणोज गणना जनथी न थाये ।  
ना शेषनाग जीभथी गणतां गणाये ॥  
जोडी द्वि हस्त शुभ आशिष नित्य याचुं ।  
श्री बुद्धिसागर सूरि शरणंज साचुं ॥

ॐ शांतिः शांतिः शांतिः

૨૦-૭-૨૪  
પાદરા.  
( ગુજરાત )

સદ્‌ગુરૂ પાદપદ્મ ભ્રમર-  
મણિલાલ મોહનલાલ-પાદરાકર.



# સૂચના.

---

પ્રથમ આ ગ્રંથ પ્રસિદ્ધ કરવાને શ્રીયુત **વિઠ્ઠલરાય જીવાભાઈ બી. એ.** તૈયાર હતા; પરંતુ તે દરમ્યાન તેઓને જાપાન જવાનું થતાં આ ગ્રંથના અનુવાદક શ્રીમાન્ જૈનાચાર્ય **અજીતસાગરજી સૂરિ મહારાજને,** જગતપ્રસિદ્ધ અને પ્રાચીન સાહિત્યને પ્રકાશમાં લાવનાર, તથા બ્હોળો પ્રચાર કરનાર **શ્રી જૈન આત્માનંદ સભા** ભાવનગર તરફથી તેના **સેક્રેટરી ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસે** આ ગ્રંથ આ સભાને અર્પણ કરવા અને સચ્ચારિત્ર ચૂડામણિ ગચ્છાધિપતિ શ્રીમાન્ સુખસાગરજી મહારાજના નામથી સીરીઝ તરીકે પ્રગટ કરવા વિનંતિ કરવાથી, ઉક્ત મહાત્માએ આ ગ્રંથ આ સભાને પોતાના નામથી નહીં પરંતુ ઉપરોક્ત દાદા ગુરૂરાજની ભક્તિ નિમિત્તે તેઓશ્રીના નામ સ્મરણાર્થે તે મહાપુરૂષનું નામ જૈન સમાજના સ્મરણમાં રાખવા આ કાર્ય ઉક્ત સભાને તેના સેક્રેટરી મારફત સુપ્રત કરવામાં આવેલ છે. ૐ શાંતિઃ ૩

# ખાસ આભાર.

પ્રાતઃસ્મરણીય, સચ્ચારિત્ર ચૂડામણિ, શુદ્ધક્રિયાયોગી, ગચ્છાધિપતિ, બાળબ્રહ્મચારી શ્રીમાન્ સુખસાગરજી મહારાજના શિષ્ય શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય યોગનિષ્ઠાધ્યાત્મજ્ઞાન દિવાકર શ્રીમદ્ બુદ્ધિસાગરજી સૂરીશ્વરજી મહારાજના શિષ્ય જૈનાચાર્ય પ્રસિદ્ધવક્તા શ્રીમદ્ અજીતસાગરજી કે, જેઓ જ્ઞાનોદ્ધારનું કાર્ય કરવા સાથે પ્રસિદ્ધ વક્તા હોઈ વર્તમાન જમાનાને અનુસરી જન સમુહને ઉપદેશ દેવાનું મહત્ કાર્ય હાથમાં લઈ, ગુજરાત અને કાઠિયાવાડ વિગેરે દેશોમાં અનેક સ્થાનેવિહારો કરી, દરેક સ્થળે ધાર્મિક અને સામાજિક ભાષણોદ્વારા ઉપદેશ આપી ઉપકાર કરી રહ્યા છે. જૈન સમાજ ધાર્મિક જ્ઞાન કેમ વધારે પ્રાપ્ત કરે તેને માટે અનેક ઉપયોગી ગદ્ય પદ્યોના ગ્રંથો લખીને પણ સમાજની ઉન્નતિ માટે અનેક પ્રયત્નો કરી રહ્યા છે. આ સભા ઉપર પણ તેઓશ્રીનો પ્રેમ હોવાથી આ શ્રી સુપાર્શ્વનાથ પ્રભુના ચરિત્રનું ભાષાંતર ઘણોજ શ્રમ લઇ પોતે કરી આપી સાથે જ્ઞાનોદ્ધારના આ કાર્ય માટે ઉપદેશદ્વારા આર્થિક સહાય અપાવી આ ગ્રંથનો આ બીજો ભાગ ઉક્ત મહાત્માએ પોતાના દાદાગુરૂ શ્રી સુખસાગરજી મહારાજની ગુરૂભક્તિ નિમિત્તે અને નામ સ્મરણાર્થે સભાના ધારા મુજબ સીરીઝ તરીકે પ્રકટ કરવાની આ સભાને આજ્ઞા કરી છે. જેથી આવો અત્યુત્તમ ગ્રંથ પ્રકટ કરવા આ સભા ભાગ્યશાલી થઈ છે. જેથી આ સભા ઉક્ત મહાત્માનો અંતઃકરણ પૂર્વક આભાર માને છે. ॐ शांतिः ३

# વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| **॥ तृतीय स्थूलादत्तादान विरमण व्रत ॥** | |
| દેવયશ શ્રેષ્ઠીની કથા. | ૧ |
| ધનદેવની ઇર્ષ્યા. | ૨ |
| ધનદેવનું કપટ. | ૩ |
| મુદ્રિકાનો તપાસ. | ૪ |
| ધનદેવનું કાવતરૂં. | ૫ |
| દેવયશને શિક્ષા. | ૭ |
| દેવયશની સ્ત્રીને મૂર્ચ્છા. | ૮ |
| શાસનદેવીનો ચમત્કાર. | ૮ |
| દેવીનું વચન. | ૧૦ |
| ધનદેવને શિક્ષા. | ૧૧ |
| દેવયશની મોક્ષ ગતિ. | ૧૨ |
| **प्रथम स्तेनाहृत कयातिचार नाहट श्रेष्ठीनी कथा.** | **૧૩** |
| નાહટ શ્રેષ્ઠી દૃષ્ટાંત. | ૧૪ |
| સૂરિદર્શન. | ૧૪ |
| મિત્રનો ઉપદેશ. | ૧૫ |
| નાહટની સ્થિતિ. | ૧૮ |
| **द्वितीयस्तेन प्रयोगातिचार मदननी कथा.** | **૧૯** |
| મદન દૃષ્ટાંત. | ૨૦ |
| લોકોનો પોકાર. | ૨૦ |
| સિદ્ધપુત્રનો શાપ. | ૨૨ |
| કુમારની ધર્મજીજ્ઞાસા. | ૨૩ |
| જમાલી પલ્લીપતિ. | ૨૪ |
| પર્યાલોચના. | ૨૫ |
| મોક્ષ પદવી. | ૨૬ |
| **तृतीय विरुद्ध राज्यातिक्रमातिचार** ઉદયન શ્રેષ્ઠીની કથા. | **૨૮** |
| ત્રીજો અતિચાર. | ૨૮ |
| એક બાળાનું દર્શન. | ૨૯ |
| બાળાનું ચરિત્ર. | ૨૯ |
| બાળાનો અભિપ્રાય. | ૩૨ |
| ઉદયનનું કપટ. | ૩૩ |
| **चतुर्थ कूटतुला मानातिचार** | ૩૫ |
| વરૂણ દૃષ્ટાંત. | ૩૫ |
| કેવળજ્ઞાન. | ૩૫ |
| ધનશ્રેષ્ઠીનું દૃષ્ટાંત. | ૩૭ |
| એક આભીરની સ્ત્રી. | ૩૮ |
| વરૂણને શિક્ષા. | ૪૦ |
| **पंचम तत्प्रतिरूप द्रव्यक्षेपातिचार** | ૪૧ |
| સાગરચંદ્ર. | ૪૧ |
| ગુણચંદ્ર. | ૪૩ |
| પિતા પુત્રનો સમાગમ. | ૪૫ |
| સાગરચંદ્રનો કદાગ્રહ. | ૪૮ |
| **चतुर्थ परदारगमन विरमणव्रत** | **૫૦** |
| વીરકુમારનું દૃષ્ટાંત. | ૫૦ |

| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| અદ્ભુત મુનિદર્શન. | ૫૧ |
| કુમારોની પરીક્ષા. | ૫૩ |
| વીર કુમારોનો પ્રવાસ. | ૫૫ |
| દૂતિનું આગમન. | ૫૮ |
| કુમારનું કર્તવ્ય. | ૫૮ |
| રાજદીક્ષા. | ૬૨ |
| વીર કુમારનો મોક્ષ. | ૬૪ |
| **પ્રથમ ઇત્વર પરિગૃહીતા ગમનાતિચાર.** | ૬૫ |
| વજ્ર દૃષ્ટાંત. | ૬૫ |
| દેવનું આગમન. | ૬૬ |
| વજ્રનો દુરાચાર. | ૬૮ |
| **દ્વીતીય અપરિગૃહીતા ગમનાતિચાર.** | ૭૦ |
| દુર્લભ દૃષ્ટાંત. | ૭૧ |
| ગુણસુંદરીની કથા. | ૭૧ |
| સુવર્ણસિદ્ધિ. | ૭૩ |
| દીક્ષામહોત્સવ. | ૭૫ |
| દુર્લભનો દુરાચાર. | ૭૬ |
| **તૃતીય અનંગ ક્રીડાતિચાર** | ૭૭ |
| ધનશ્રેષ્ઠીની કથા. | ૭૮ |
| વૈરાગ્ય કારણ. | ૭૯ |
| ભુવનાનંદાની બુદ્ધિ. | ૮૧ |
| રાજાની પ્રવૃત્તિ. | ૮૩ |
| પુત્રજન્મ. | ૮૪ |
| ધનવણિકનો દુરાચાર. | ૮૬ |
| **ચતુર્થ પરવિવાહાતિચાર** | ૮૭ |
| દુર્ગ દૃષ્ટાંત. | ૮૮ |
| વિદ્યાસાધન. | ૮૮ |
| પુનઃ કાપાલિકનો સમાગમ. | ૯૦ |
| **પંચમતીવ્રાભિલાષાતિચાર** | ૯૧ |
| સુયશ દૃષ્ટાંત. | ૯૨ |
| જુગારની સ્થિતિ. | ૯૨ |
| વિદ્યાસિદ્ધિ. | ૯૩ |
| વિદ્યાનો પ્રભાવ. | ૯૪ |
| મોરનો ચમત્કાર. | ૯૫ |
| મોરધ્વજ રાજા. | ૯૭ |
| **૯ સ્થૂલ પરિગ્રહ પરિમાણ-વ્રત** | ૧૦૧ |
| જગદ્ગુરૂ. | ૧૦૧ |
| સેનશ્રેષ્ઠીની કથા. | ૧૦૧ |
| જ્ઞાની મુનિ. | ૧૦૨ |
| કુટુંબ કલેશ. | ૧૦૩ |
| સેનનો ઉપદેશ. | ૧૦૪ |
| વ્યંતર. | ૧૦૫ |
| સેનશિક્ષા. | ૧૦૭ |
| **પ્રથમ ક્ષેત્રવસ્તુ પરિમાણાતિક્રમાતિચાર** | ૧૦૮ |
| નવધન શેઠની કથા. | ૧૦૯ |
| શેઠાણીની ચતુરાઇ. | ૧૧૦ |
| મંત્રી વગેરેની વિડંબના. | ૧૧૨ |
| સંપદ્ શેઠાણીએ આપેલી શિખામણ. | ૧૧૫ |
| શ્રી ચંદ્રમુનિ. | ૧૧૬ |
| નવધનનો પ્રમાદ. | ૧૧૭ |
| **દ્વિતીય રૂપ્ય સુવર્ણ પરિમાણાતિક્રમાતિચાર** | ૧૧૮ |

| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| ભરત્ શ્રેષ્ઠીની કથા. | ૧૧૮ |
| વિજયસૂરિ | ૧૧૯ |
| લક્ષ્મીદેવીનું આગમન. | ૧૧૯ |
| રભસનો ઉપદેશ. | ૧૨૦ |
| ધનશ્રેષ્ઠી. | ૧૨૧ |
| ધર્મનો ચમત્કાર. | ૧૨૩ |
| **तृतीय धनधान्य परिमाणातिक्रमातिचार** | ૧૨૫ |
| દેશલ શ્રાવકની કથા. | ૧૨૫ |
| કાર્યવ્યવસ્થા. | ૧૨૬ |
| બંધુ વિવાદ. | ૧૨૭ |
| વૈશ્રમણ શેઠની બુદ્ધિ. | ૧૨૮ |
| કોશલનો પ્રભાવ. | ૧૨૯ |
| મંત્રીઓનું કપટ. | ૧૩૦ |
| આજ્ઞાનો ચમત્કાર. | ૧૩૨ |
| દેશલનો અત્યાચાર. | ૧૩૪ |
| **चतुर्थ द्विपद चतुष्पद परिमाणातिक्रमातिचार** | ૧૩૫ |
| દુર્લભ ગોપની કથા. | ૧૩૫ |
| દેવોનો પૂર્વભવ. | ૧૩૭ |
| ધર્મોપદેશ. | ૧૩૮ |
| ધર્મનો પ્રભાવ. | ૧૩૮ |
| ગંધર્વનો પશ્ચાત્તાપ. | ૧૪૦ |
| **पंचम कुप्य परिमाणातिक्रमातिचार** | ૧૪૦ |
| માનદેવ શ્રેષ્ઠીની કથા. | ૧૪૧ |
| વિદ્યાનો ચમત્કાર. | ૧૪૩ |
| અમૃતકલશ શ્રેષ્ઠી. | ૧૪૫ |
| **प्रथम गुणव्रतदिक्परिमाणव्रत** | ૧૪૬ |
| મનોરથ વણીકની કથા. | ૧૪૬ |
| વૈરાગ્ય કારણ. | ૧૪૭ |
| મંત્ર્યાદિકનું પ્રયાણ. | ૧૪૮ |
| રથકાર ચરિત્ર. | ૧૫૧ |
| મેઘરથ. | ૧૫૨ |
| મેઘરથ અને મનોરથ. | ૧૫૩ |
| મનોરથનો સદાચાર. | ૧૫૫ |
| વિદ્યાનો ચમત્કાર. | ૧૫૬ |
| વ્યંતરનો પૂર્વભવ. | ૧૫૯ |
| રાજનિયોગ. | ૧૬૧ |
| શિવભદ્રશ્રેષ્ઠી. | ૧૬૩ |
| બાલપંડિતા. | ૧૬૪ |
| ત્રિદંડી. | ૧૬૬ |
| વાસવદત્તા અને મંત્રીપુત્ર. | ૧૬૮ |
| પુત્રજન્મ. | ૧૬૯ |
| મંત્રીપુત્રનો સમાગમ. | ૧૭૦ |
| રાજાનો મોક્ષ. | ૧૭૧ |
| મહેંદ્રસિંહ. | ૧૭૨ |
| વ્યંતર દેવી. | ૧૭૩ |
| ગુણચંદ્ર. | ૧૭૫ |
| સુંદર વણિક. | ૧૭૬ |
| યશશ્ચંદ્ર. | ૧૭૮ |
| શિવભદ્રનો ઉપદેશ. | ૧૭૯ |
| મનોરથ શ્રેષ્ઠી. | ૧૮૦ |
| મેઘરથ. | ૧૮૧ |

| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| **द्वितीय गुणव्रत भोगपरिभोग विरमण व्रत.** | ૧૮૩ | સભામાં સંગીત. | ૨૨૦ |
| વિશ્વસેન કુમારની કથા. | ૧૮૪ | રાક્ષસનો પૂર્વભવ. | ૨૨૦ |
| પુરંદર રાજા. | ૧૮૪ | સુલસનો શિથિલ આચાર. | ૨૨૧ |
| વિશ્વસેન કુમાર. | ૧૮૪ | સુલસનું મરણ. | ૨૨૩ |
| વિદ્યાધરનો પશ્ચાત્તાપ. | ૧૮૮ | વસુમિત્રનો વિલાપ. | ૨૨૪ |
| દેવોનું સંગીત. | ૧૯૧ | દત્તનો નિયમ. | ૨૨૪ |
| કુમારનો ઉપદેશ. | ૧૯૨ | **तृतीय गुणव्रत अनर्थ दंड विरमण व्रत.** | ૨૨૬ |
| વસંત ક્રીડા. | ૧૯૩ | વિમલ શ્રાવકની કથા. | ૨૨૭ |
| પ્રચ્છન્ન રૂપધારી વિદ્યાધર. | ૧૯૫ | મુનિદર્શન. | ૨૨૭ |
| કનકશ્રીનો સમાગમ. | ૧૯૬ | ધર્મ સેવન-પથિક સમાગમ. | ૨૨૯ |
| કનકશ્રીનું ચરિત્ર. | ૧૯૭ | દીક્ષા સ્વરૂપ. | ૨૩૧ |
| ફરીથી વિદ્યાધરીનું આગમન. | ૧૯૮ | નગરમાં પ્રવેશ. | ૨૩૨ |
| ધર્મમહિમા. | ૧૯૯ | કુમારને સર્પદંશ. | ૨૩૩ |
| વિશ્વસેનનો ગૃહસ્થાશ્રમ. | ૨૦૦ | મણિનો પ્રભાવ. | ૨૩૪ |
| કનકશ્રી. | ૨૦૨ | વિમલ અને રાજાની મુલાકાત. | ૨૩૫ |
| સુરસુંદરી. | ૨૦૩ | રાજ્ય દાન. | ૨૩૬ |
| વિશ્વસેન રાજા. | ૨૦૪ | **प्रथम कंदर्पोत्सर्पण वचनातिचार.** | ૨૩૮ |
| ઉદ્યાનપાલનું આગમન. | ૨૦૫ | મિત્રસેનની કથા. | ૨૩૮ |
| મદ્ય માંસ દ્યૂત રાત્રિભોજન. | ૨૦૭ | મિત્રસેનનો ચમત્કાર. | ૨૩૯ |
| દત્તશ્રેષ્ઠીની કથા. | ૨૦૮ | દુરાચારની શિક્ષા. | ૨૩૯ |
| મુનિદેશના. | ૨૦૮ | **द्वितीय कौकुच्यातिचार.** | ૨૪૧ |
| ભોજાઇનું કપટ. | ૨૧૧ | સિંહવણિકની કથા. | ૨૪૧ |
| અકસ્માત સંકટ. | ૨૧૧ | મુનિદાસ શ્રેષ્ઠી. | ૨૪૨ |
| સુદર્શન શ્રેષ્ઠી. | ૨૧૨ | શેઠનો દૃઢ નિશ્ચય. | ૨૪૩ |
| રાત્રિભોજન. | ૨૧૬ | ધર્મભાવના. | ૨૪૩ |
| સિદ્ધરાજ. | ૨૧૭ | સૂરિનો ઉપદેશ. | ૨૪૫ |
| અસિતાક્ષ યક્ષ. | ૨૧૮ | | |

| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| કપર્દી યક્ષ. | ૨૪૫ | પશ્ચાત્તાપપૂર્વક વૈરાગ્ય. | ૨૭૧ |
| પૂજાનો પ્રભાવ. | ૨૪૬ | બ્હેનનો ઉપદેશ. | ૨૭૪ |
| એક વિટ પુરૂષ. | ૨૪૮ | મૂળદેવની ઉદારતા. | ૨૭૫ |
| સિંહનું મરણ. | ૨૪૯ | શત્રુઓની ધાડ. | ૨૭૫ |
| **તૃતીય મૌખર્યાતિચાર.** | ૨૫૦ | **પ્રથમ શિક્ષાવ્રત સામાયિકવ્રત.** | ૨૭૭ |
| પદ્મ વણિકની કથા. | ૨૫૦ | નાગદત્ત કુમારની કથા. | ૨૭૭ |
| વિજયપાળ. | ૨૫૦ | યુવતિનો સમાગમ. | ૨૭૮ |
| મંત્રીનો ઉપદેશ. | ૨૫૧ | શકુન વિચાર. | ૨૮૦ |
| લક્ષ્મીનું મરણ. | ૨૫૧ | મુનિદર્શન. | ૨૮૨ |
| નૃપવિલાપ. | ૨૫૨ | ગૃહિધર્મનો સ્વીકાર. | ૨૮૫ |
| મંત્રીની યુક્તિ. | ૨૫૨ | સામાયિકનું લક્ષણ. | ૨૮૬ |
| રાજાનો હુકમ. | ૨૫૪ | મલયકેતુની કન્યાઓ. | ૨૮૬ |
| પદ્મવણિક. | ૨૫૫ | નગરવાસી યક્ષ. | ૨૮૭ |
| કૃત્રિમ દેવીનો સમાગમ. | ૨૫૬ | કપર્દી યક્ષ. | ૨૮૮ |
| **ચતુર્થ અધિકરણાતિચાર.** | ૨૫૮ | રાજ્યાભિષેક. | ૨૮૯ |
| દુર્લભ વણિકની કથા. | ૨૫૮ | રાજાનો ઉપદેશ. | ૨૯૦ |
| મુનિનો ઉપદેશ. | ૨૫૯ | **પ્રથમ મનોદુષ્પ્રણિધાનાતિચાર.** | ૨૯૧ |
| સાગરદત્ત શ્રેષ્ઠી | ૨૬૦ | માનુ વણિકની કથા. | ૨૯૨ |
| કાર્પટિકનું કપટ. | ૨૬૧ | શિક્ષોપયોગી દેશના. | ૨૯૨ |
| સાગરદત્તનો પશ્ચાત્તાપ. | ૨૬૨ | નિષ્પુણ્યકનો પશ્ચાત્તાપ. | ૨૯૪ |
| દ્રવ્યની ફરીયાદ. | ૨૬૩ | ન્યાય સ્વરૂપ. | ૨૯૫ |
| વૈરાગ્ય ભાવના. | ૨૬૪ | ઉચ્ચ સ્થિતિ. | ૨૯૬ |
| દુર્લભનો પ્રમાદ. | ૨૬૫ | દુર્ધ્યાન. | ૨૯૭ |
| નામાંકિત ખડ્ગ. | ૨૬૬ | **દ્વિતીય વચનદુષ્પ્રણિધાનાતિચાર.** | ૨૯૮ |
| દુર્લભને શિક્ષા. | ૨૬૭ | વિસલ શ્રેષ્ઠીની કથા. | ૨૯૮ |
| **પંચમ ભોગાંગાતિરેકાતિચાર.** | ૨૬૯ | મુનિદર્શન. | ૨૯૯ |
| મૂળદેવ વણિકની કથા. | ૨૬૯ | દ્રવ્ય અને ભાવમાર્ગ. | ૨૯૯ |
| વૈરાગ્ય કારણ. | ૨૭૦ | | |

| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| સામાયિકમાં શિથિલતા. | ૩૦૦ |
| શાંત શ્રેષ્ઠિની નિષ્ઠુરતા. | ૩૦૧ |
| સદાચારી નિષદ્ધ. | ૩૦૨ |
| **તૃતીય કાયદુષ્પ્રણિધાનાતિચાર.** | ૩૦૪ |
| શ્યામલ વણિકની કથા. | ૩૦૪ |
| વસંતઋતુ. | ૩૦૪ |
| ચારણ મુનિનું આગમન. | ૩૦૫ |
| ચારણ મુનિનો ઉપદેશ. | ૩૦૬ |
| શ્યામલનો પ્રમાદ. | ૩૦૮ |
| **ચતુર્થ અનવસ્થાનાતિચાર.** | ૩૦૯ |
| વરૂણ શ્રેષ્ઠીની કથા. | ૩૧૦ |
| ચારણ મુનિનો ઉપદેશ. | ૩૧૦ |
| ચારભટ ક્ષત્રિય. | ૩૧૧ |
| મોહનનું પરાક્રમ. | ૩૧૨ |
| ચારભટની વ્યગ્રતા. | ૩૧૨ |
| ચારભટને બક્ષીસ. | ૩૧૩ |
| **પંચમ સ્મૃતિવિહીનતાતિચાર.** | ૩૧૪ |
| સોમ વણિકની કથા. | ૩૧૪ |
| એક નવીન કથા. | ૩૧૫ |
| બાળકે કરેલો ઉપકાર. | ૩૧૬ |
| કૃતઘ્ન સોની. | ૩૧૭ |
| ગારૂડીનો પ્રત્યુપકાર. | ૩૧૮ |
| દયાળુ બ્રાહ્મણ. | ૩૧૯ |
| મુનિચરિત્ર. | ૩૨૧ |
| સોમશ્રેષ્ઠીનો પ્રમાદ. | ૩૨૩ |
| **દ્વિતીય શિક્ષાવ્રતદેશાવકાશિકવ્રત.** | ૩૨૬ |
| શંખકુમારની કથા. | ૩૨૬ |
| વિક્રમરાજા. | ૩૨૭ |
| આકાશચારી સુભટ. | ૩૨૮ |
| બન્ને સુભટોનો વિવાદ. | ૩૨૮ |
| રણસંગ્રામ. | ૩૩૦ |
| શંખ અને સુભટ. | ૩૩૦ |
| દેવનો ઉપદેશ. | ૩૩૧ |
| દેશાવકાશિક વ્રત. | ૩૩૨ |
| દેવની પ્રસન્નતા. | ૩૩૩ |
| અકસ્માત શૂલવેદના. | ૩૩૪ |
| શંખરાજાનો પ્રભાવ. | ૩૩૫ |
| **પ્રથમ આનાયનાતિચાર.** | ૩૩૭ |
| વિંધ્યવણિકની કથા. | ૩૩૭ |
| વિંધ્યનો મહોત્સવ. | ૩૩૮ |
| વિંધ્યની માંદગી. | ૩૩૯ |
| વિંધ્યની શિથિલતા. | ૩૪૦ |
| વિંધ્યને શિક્ષા. | ૩૪૧ |
| **દ્વિતીય પ્રેષણાતિચાર.** | ૩૪૨ |
| સદ્દુશ્રેષ્ઠીની કથા. | ૩૪૩ |
| સદ્દુની દુર્દશા. | ૩૪૩ |
| મુનિદર્શન. | ૩૪૪ |
| મુનિનો પ્રશ્ન. | ૩૪૫ |
| મુનિનું ચરિત્ર. | ૩૪૬ |
| ધનનો પ્રભાવ. | ૩૪૭ |
| દિગ્વ્રતનો સંક્ષેપ. | ૩૪૭ |
| લેખવાહક. | ૩૪૮ |
| સદ્દુનો પશ્ચાત્તાપ. | ૩૪૮ |
| **તૃતીય શબ્દાતિચાર.** | ૩૪૯ |
| મતિસાગર મંત્રીની કથા. | ૩૪૯ |
| સુયશાએ આપેલો ઉત્તર. | ૩૫૧ |
| શ્રાવક ધર્મ. | ૩૫૪ |

| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| મંત્રીની કદર્થના. | ૩૫૪ | અદ્ભુત કથા. | ૩૮૦ |
| **વસ્તુ સ્વરૂપ પ્રદર્શનાતિચાર.** | ૩૫૬ | અમર ગુરૂની તપાસ. | ૩૮૧ |
| કૃષ્ણની કથા. | ૩૫૬ | બાલ પંડિતાનું લગ્ન. | ૩૮૩ |
| મોરનું ચરિત્ર. | ૩૫૭ | પ્રશ્નનો ઉત્તર. | ૩૮૪ |
| સ્ત્રીની શોધ. | ૩૫૮ | દેવકૃત ઉપસર્ગ. | ૩૮૬ |
| સાર્થવાહનો ઉપદેશ. | ૩૫૯ | રાજાનો મોક્ષ. | ૩૮૮ |
| કેવળી ભગવાન. | ૩૬૦ | **પૌષધના પાંચ અતિચાર.** | ૩૮૯ |
| કૃષ્ણની શિથિલતા. | ૩૬૦ | વૈશ્રમણ પુત્રોની કથા. | ૩૯૦ |
| અતિચારની વેદના. | ૩૬૧ | વૈશ્રમણની માંદગી. | ૩૯૦ |
| **પંચમ પુદ્ગલક્ષેપાતિચાર.** | ૩૬૨ | મરણકાલ. | ૩૯૧ |
| સોમશ્રેષ્ઠીની કથા. | ૩૬૩ | કેવલી ભગવાન. | ૩૯૧ |
| સૌભાગ્યનો ઉપાય. | ૩૬૪ | ધર્મોપદેશ. | ૩૯૨ |
| ગુરૂમહારાજ. | ૩૬૪ | પ્રથમ, દ્વિતીય અતિચાર. | ૩૯૪ |
| ધનશ્રી ઉપર દ્વેષ. | ૩૬૫ | ત્રીજો, ચોથો, પાંચમો અતિચાર. | ૩૯૫ |
| એક પરિવ્રાજીકા. | ૩૬૬ | **ચતુર્થ શિક્ષાવ્રત અતિથિ. સંવિભાગ વ્રત.** | ૩૯૭ |
| વિમલનો અસત્ય વિચાર. | ૩૬૭ | શાંતિમતીની કથા. | ૩૯૭ |
| સ્ત્રી પ્રત્યે વિમલનો ઉદ્ગાર. | ૩૬૮ | અભયદેવસૂરિ. | ૩૯૮ |
| માબાપનો શોક. | ૩૬૯ | દાનશ્રદ્ધા: | ૩૯૯ |
| સાધ્વીનો સમાગમ. | ૩૭૦ | વર્ષાકાળ. | ૩૯૯ |
| શ્રી પ્રભાની વેદના. | ૩૭૦ | **પ્રથમ સચિત્તનિક્ષેપણાતિચાર.** | ૪૦૧ |
| વિમલનો પશ્ચાત્તાપ. | ૩૭૧ | લક્ષ્મી શ્રાવિકાની કથા. | ૪૦૧ |
| ધનશ્રીનો ઉપદેશ. | ૩૭૩ | જ્ઞાની મહાત્માનો ઉપદેશ. | ૪૦૨ |
| વ્રતની વિરાધના. | ૩૭૫ | લક્ષ્મીનો કપટભાવ. | ૪૦૪ |
| **તૃતીય શિક્ષાવ્રત—પૌષધવ્રત.** | ૩૭૭ | **દ્વિતીય સચિત્તપિધાનાતિચાર.** | ૪૦૬ |
| મલયકેતુરાજાની કથા. | ૩૭૭ | વિજયા શેઠાણી કથા. | ૪૦૬ |
| મુનિનું આગમન. | ૩૭૮ | વિજયાને પ્રતિબોધ. | ૪૦૬ |
| ધર્મ દેશના. | ૩૭૮ | | |
| મલયકેતુ. | ૩૭૯ | | |

| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| વિજયાની દાનભક્તિ. | ૪૦૮ |
| **तृतीय कालातिक्रमणातिचार.** | ૪૦૯ |
| દેવચંદ્ર શ્રાવકની કથા. | ૪૧૦ |
| સૂરિનું આગમન. | ૪૧૦ |
| શિષ્ય પ્રત્યે ગુરૂવચન. | ૪૧૨ |
| કૃપણતાનું ફળ. | ૪૧૩ |
| **चतुर्थ परव्यपदेशातिचार** | ૪૧૪ |
| સ્થવિરાની કથા. | ૪૧૪ |
| મલયચંદ્રસૂરિ. | ૪૧૫ |
| કપટવૃત્તિ. | ૪૧૬ |
| **पंचममात्सर्यातिचार.** | ૪૧૭ |
| નંદ વણિકની કથા. | ૪૧૭ |
| કાયોત્સર્ગમાં રહેલા મુનિ. | ૪૧૮ |
| ધર્મદેશના. | ૪૧૯ |
| વૈરાગ્યનું કારણ. | ૪૧૯ |
| પતંગનું મરણ. | ૪૨૦ |
| મુનિવેષ ધારણ. | ૪૨૧ |
| રાણીઓની પ્રાર્થના. | ૪૨૧ |
| એક યક્ષ. | ૪૨૩ |
| ગુણચંદ્રસૂરિ. | ૪૨૩ |
| નંદવણિક. | ૪૨૪ |
| **संलेखना.** | ૪૨૬ |
| મલયચંદ્રની કથા. | ૪૨૬ |
| મહાસેનરાજા. | ૪૨૭ |
| મુનિદર્શન. | ૪૨૭ |
| મૃગલી અને રાજાનો સંબંધ. | ૪૨૮ |
| સમ્યકત્વ સ્વરૂપ. | ૪૩૦ |
| ઉત્કૃષ્ટ-જઘન્ય સંલેખના. | ૪૩૧ |
| મલયચંદ્રની ભાવના. | ૪૩૨ |
| અનશન વ્રત. | ૪૩૩ |
| રાજાનો શોક. | ૪૩૪ |
| સ્વપ્નવિચાર. | ૪૩૫ |
| સ્વપ્નનો ઉત્તર. | ૪૩૬ |
| સમયસાગરસૂરિ. | ૪૩૬ |
| મહાસેન રાજાનો મોક્ષ. | ૪૩૭ |
| **निर्वाण वर्णन.** | ૪૩૮ |
| તીર્થયાત્રા. | ૪૩૮ |
| સુર તથા સૂરેંદ્રોનું આગમન. | ૪૩૯ |
| નિર્વાણપદ. | ૪૪૦ |
| વિરહભાવ. | ૪૪૦ |
| નંદીશ્વરની યાત્રા. | ૪૪૨ |
| **ग्रंथकारनी प्रशस्ति.** | ૪૪૩ |
| શ્રી ગિરનાર મંડન શ્રીનેમિનાથ સ્તવન. | ૧ |
| શ્રી અજરામર પાર્શ્વનાથજીનું સ્તવન. | ૨ |
| મહુવા મંડન શ્રીમહાવીર જીન સ્તવન. | ૩ |
| ગોધા મંડન શ્રી નવખંડા પાર્શ્વજીન સ્તવન. | ૪ |
| શ્રી અમીઝરા પાર્શ્વનાથનું સ્તવન. | ૫ |
| શ્રી મહાવીર જીન સ્તવન. | ૬ |

# श्रीसुपार्श्वनाथचरित्र.

ભાગ ૨ જો.



આચાર્ય શ્રી અજિતસાગરજી મહારાજ.

ધી 'આનંદ' પ્રેસ-ભાવનગર.

॥ शास्त्रविशारदजैनाचार्ययोगनिष्ठाध्यात्मज्ञानदिवाकरसद्गुरु-
गच्छाधिराजश्रीमद्बुद्धिसागरसूरिचरणसरोजेभ्योनमः ॥

# श्रीसुपार्श्वनाथचरित्र.

## द्वितीयविभाग.

( અનુવાદક-પ્રસિદ્ધવક્તા પન્યાસજી શ્રીઅજીતસાગરજી ગણી )

## देवयशश्रेष्ठीनी कथा.

### સ્થૂલાદત્તદાનવિરમણવ્રત.

દાનવીર્યરાજા બોલ્યો, હે જગદ્ગુરૂ ! હવે ત્રીજા અણુવ્રતનું સ્વરૂપ અમને સમજાવો. શ્રીસુપાર્શ્વપ્રભુ બોલ્યા, હે રાજન્! ગ્રામ, આકર અને નગરાદિક સ્થાનોમાં સચિત્ત, અચિત્ત અને મિશ્ર એમ ત્રણ પ્રકારની ચોરી ચઢાવનાર એવું જે અદત્ત સ્થુલ દ્રવ્ય હોય તેનો સર્વથા ત્યાગ કરવો. તેમજ જે પુરૂષ પરદ્રવ્યને ઢેકું, પાષાણ કે તૃણ સમાન માને છે તેનો મ્હોટો યશરૂપી પટહ દેવયશ શ્રાવકની માફક આ જગતમાં વાગે છે.

**દેવયશનું દૃષ્ટાંત.**

આ ભરતક્ષેત્રમાં વજ્રમણીને ધારણ કરનાર, સુમનસ્ ( દેવ-પંડિતો ) થી સેવાયેલું અને હજાર આમ્રવૃક્ષ ( નેત્રો ) વડે સહિત ઈંદ્રના શરીર સમાન હર્ષપુર નામે નગર છે.

તેમાં ગજ અથવા ગત ( હસ્તી–ગયેલો ) છે પરિગ્રહ જેનો છતાં પણ સકલત્ર ( સ્ત્રી સહિત ) સકલ પ્રાણીઓનું રક્ષણ કરનાર મુનિ સમાન નયસાર નામે રાજા છે. વળી તે કુબેર સમાન ઉદાર છે, છતાં પણ ગત ( જ ) દાન—ના અભાવવડે ( હસ્તીના દાનવડે ) વિખ્યાત છે. શીલગુણમાં શિરોમણિ સમાન, તત્કાલ વિકસ્વર થયેલા કમલદલ સમાન છે નેત્ર જેનાં અને ગતિના વિલાસ વડે જેણે રાજહંસીનો પરાજય કર્યો છે એવી સુરસુંદરી નામે તેની સ્ત્રી છે. વળી તે નગરમાં ધનાઢ્ય નામે શ્રેષ્ઠી રહે છે અને બહુ દયાળુ એવી મલયમતી નામે તેની સ્ત્રી છે. તેઓને દેવયશ નામે પુત્ર થયો. રૂપમાં કામ સમાન, જીન રાજ ભગવાનના વચનમાં દૃઢ શ્રદ્ધાળુ, વિવેકરૂપી નેત્રોથી વિભૂષિત અને ગુણ રૂપી રત્નોનો મહાનિધિ એવો તે દેવયશ રાજાને બંધુ સમાન પ્રિય હતો. તેની સ્ત્રીનું નામ રૂક્મિણી હતું. તે પણ પ્રેમરસનું કુલભવન અને જૈનમતની ઉત્તમ ભાવનાવાળી શ્રેષ્ઠ શ્રાવિકા હતી. વળી બાર પ્રકારનો શ્રાવક ધર્મ પાળતો અને દરેક પર્વના દિવસોમાં પૌષધ પ્રતિમાનો અભ્યાસ કરતો તે દેવયશ શ્રાવક વિશુદ્ધ આચારથી લોકમાં બહુ પ્રસિદ્ધ થયો. અને નિરંતર શુદ્ધ વ્યાપારથી તેણે ઘણું દ્રવ્ય મેળવ્યું.

**ધનદેવની ઇર્ષ્યા.**

સ્વભાવનો ક્રૂર એવો ધનદેવ નામે તેનો પિત્રાઈ ભાઈ હતો. તે હમ્મેશાં તેના ઉપર બહુ દ્વેષ કરતો હતો. જેમ જેમ તેની પ્રશંસા સાંભળે તેમ તેમ કુકર્મના વશથી તે તેની બહુ નિંદા કરતો, તેમજ કોઇપણ માણસ તેના શુદ્ધ-વેપારની વાત તેની આગળ કરે તો તેને એમજ કહેતો કે એ અધમ કૂટવ્યવહારીનું નામ મ્હારી આગળ બોલવું નહીં. પાંચ દિવસ પછી એની મજા દેખશો કે શું થાય છે. હાલમાં તો રાજાની મહેરબા-

નીથી ધમધમાટ ફરે છે, ઠીક ફરવા દ્યો. એના જેવા ઘણા બદમાસે આ નગરમાં અમે જોયા. અને બહુ ઉસ્તાદો ધુળભેગાએ થઈ ગયા. એ પ્રમાણે દેવયશની પાછળ તે નિંદા કરતો હતો. અને તેની પાસે જાય ત્યારે તેનાં છિદ્રો શોધવાની દૃષ્ટિથી અનેક પ્રિય વચન બોલી તેને ખુશ કરતો હતો. છતાં પણ તે દેવયશ તો સ્નેહથી પોતાના બંધુ તરીકે તેને જોતો હતો. અને બહુ પ્રીતિથી સંભાષણ પૂર્વક તેનું સન્માન કરે છે તો પણ તે ધનદેવ પોતાની કુટિલ પ્રકૃતિ છોડતો નથી.

**ધનદેવનું કપટ.**

એક દિવસ દેવયશ વણિક્ દેવવંદન માટે ઉદ્યાનમાં જૈનમંદિર તરફ જતો હશે. તેને જોઈ ધનદેવ બોલ્યો, હે મિત્ર ! મ્હારે પણ દર્શન માટે આપની સાથે આવવું છે. માટે થોડીવાર તમે ઉભા રહો, તેટલામાં હું શુદ્ધ વસ્ત્ર પહેરી આવું છું. દેવયશ પણ ત્યાં ઉભો રહ્યો. તેવામાં રાજપાટીમાંથી પાછા આવતા રાજાએ તેને ઉભેલો જોયો તેથી પૂછયું કે તું એકલો અહીં કેમ ઉભો છે ? પ્રણામ કરી તે બોલ્યો, હે નરેંદ્ર ! હું દેરાસરમાં દર્શન માટે જાઉં છું. એમ દેવયશનું વચન સાંભળી રાજા પોતાને રસ્તે ચાલતો થયો. ધનદેવ હજુ સુધી ન આવ્યો. એટલે જો આવશે તો તે મ્હને જૈનમંદિરમાં મળશે. એમ વિચાર કરી દેવયશ ચાલતો થયો. આગળ ચાલતાં ધુળમાં દબાએલી અને કંઈક ભાગ બહાર ચળકતો જેનો દેખાતો હતો. એવી રાજાની મુદ્રિકા તેના જોવામાં આવી. સર્પના ભયથી જેમ કોઈ એકદમ રસ્તો છોડી ચાલ્યો જાય તેમ દેવયશ તે માર્ગ છોડી પાછો વળીને આગળ ચાલ્યો ગયો. પાછળ આવતા ધનદેવે તેને પાછો વળતો જોઇ વિચાર કર્યો કે શામાટે આ પાછો વળ્યો ? શું આ માર્ગમાં સર્પ હશે ? કે જેથી પાછો વળી આ અન્ય રસ્તે ચાલ્યો ગયો. એમ સંશય કરતો

ધનદેવ ત્યાં જઇ વિશેષ તપાસ કરવા લાગ્યો. ત્યાં સ્વચ્છ વાદળથી આચ્છાદિત, તેજસ્વી સૂર્યના બિંબ સમાન કાંતિમય અને ધુળથી દબાએલી, રાજાની મુદ્રિકા તેના જોવામાં આવી કે તરતજ આડું અવળું જોઇ કોઈ ન દેખે તેવી રીતે મુદ્રિકા લઇ પોતાના વસ્ત્રના છેડે બાંધી દીધી. પછી તે દેવયશની પાછળ ચાલ્યો અને જૈનમંદિરમાં ગયો. ત્યાં દેવયશની સાથે ભગવાનની પૂજા કરી, ચૈત્ય વંદનાદિક વિધિ સમાપ્ત કરી ત્યાંથી નિવૃત્ત થઇ, દેવયશની સાથે તેને ઘેર ગયો. ભોજન પણ તેની સાથે કર્યું અને રાત્રિએ શયન પણ ત્યાંજ કર્યું. જ્યારે ઘરનાં સર્વ માણસો ઉંઘી ગયાં ત્યારે ધનદેવે વિચાર કર્યો કે, આનો ઉચ્છેદ કરવાનો આ સમય ઠીક આવ્યો છે. એમ જાણી કોઈ પણ ન જાણી શકે તેવી રીતે ચામડાના સાંધા તોડી તેની પેટીની અંદર તે મુદ્રિકા મૂકી દીધી.

**મુદ્રિકાનો તપાસ.**

હવે રાજાએ પોતાના મકાનમાં આવી સર્વ અલંકારો ઉતાર્યા એટલે મુદ્રિકા તેના જોવામાં આવી નહીં. તેથી તેણે જાણ્યું કે જરૂર માર્ગમાં મુદ્રિકા પડી ગઇ. એમ જાણી તે વાત તેણે પોતાના સેવકને કરી. તેણે પણ માર્ગમાં આવતા જતા માણસોને પૂછી બહુ ઉપાય સાથે રાજમાર્ગમાં બહુ શોધ કરાવ્યો, તેમજ ધુળધોયા લોકોની પાસે સર્વ રેતી જોવરાવી, પરંતુ મુદ્રિકાનો પત્તો લાગ્યો નહીં. એટલે તે વાત તેણે નરેંદ્રને જણાવી. તેથી રાજાએ પણ સર્વ નગરમાં પટહ ઘોષણા કરાવી કે જેને રાજમુદ્રિકા જડી હોય તેણે પાંચ દિવસની અંદર આપી જવી. અને તે મુદ્રિકા આપનારને હું અભયદાન આપું છું. છતાં ત્યારબાદ જો તે ચોર પકડવામાં આવશે તો તે ખુદ રાજાનો પુત્ર હશે તોપણ તેને દેહાંત શિક્ષા કરવામાં આવશે. આ પ્રમાણે ઘોષણા સાંભળી દેવયશે ધનદેવને બોલાવી કહ્યું કે હે મિત્ર! તે વખતે ત્હેં

રાજમુદ્રિકા જોઇ હતી? ધનદેવ બોલ્યો, તે વખતે એટલે ક્યારે? આવું સંબંધ વિનાનું તું શું બોલે છે? એમ ઉલટું બોલી તેણે પોતાનો અભિપ્રાય જણાવ્યો. ત્યારે દેવયશ બોલ્યો, જ્યારે તું મ્હારી પાછળ ઉદ્યાનમાં દર્શન માટે આવતો હતો. ત્યારે મ્હેં પણ તે મુદ્રિકા જોઈ હતી. માટે જો ત્હેં લીધી હોય તો વેળાસર રાજાને આપી દે. નહીં તો પછી બહુ મુશ્કેલી થઇ પડશે. તેમજ આ ત્હારા વંશને ચોરનો અસહ્ય અપવાદ લાગશે. ધનદેવ બોલ્યો, હે મિત્ર! હું જાણું છું કે ત્હારા સંગથી સારૂં ફલ નથીજ મળવાનું. ઠીક, ઉપરથી ચોરીનું કલંક પણ તું મને આપે છે. ત્હારા જેવા સજ્જન તો કોઇ ન જોયા. તારા સહવાસથી હવે સર્યું, એમ કહી પોતાના મનમાં આનંદ માનતો ધનદેવ પોતાને ઘેર ગયો.

**ધનદેવનું કાવતરૂં**

રાજાના પ્રતીહારને એકાંતમાં બોલાવી ધનદેવે કહ્યું કે ખાસ કાર્યને લીધે રાજાને મ્હારે એકાંતમાં કંઈક કહેવાનું છે, માટે રાજાનો મેળાપ તું મ્હને કરાવ. ત્યારબાદ પ્રતીહાર તેને રાજા પાસે લઇ ગયો. ધનદેવ નમસ્કાર કરી બોલ્યો, હે નરદેવ! આપની મુદ્રિકા દેવયશે લીધેલી છે અને તે વાત નક્કી છે; વળી તેણે ધર્મના કપટથી લોકોને લુંટી લીધા છે, છતાં પણ હજુ તેઓ સમજતા નથી. વળી હે રાજન! જે દિવસે આપની વીંટી પડી ગઇ હતી તે દિવસે દેવયશ જૈનમંદિરમાં જતો હતો, ત્યારે હું પણ તેની પાછળ ગયો હતો અને મ્હારા દેખતાં તેણે ગુપ્ત રીતે નીચે નમી જમીન ઉપરથી તે લઇ લીધી. તે જોઈ મ્હને સંશય આવવાથી તેણે તે વીંટી સંતાડી દીધી. અને તે મુદ્રિકા તેણે પોતાના શયનગૃહમાં પેટીની અંદર મૂકેલી છે. આપનું કાર્ય જાણીને જ આ વાત કરી છે. નહીંતો પોતાનું પેટ કોણ ચીરે? કારણકે તે મ્હારો ભાઈ થાય છે. ત્યાબાદ રાજાએ જાણ્યું કે આ વાત સત્ય છે. કારણકે

હું આવતો હતો તે સમયે દેવયશને મ્હેં પણ તે ઠેકાણે ઉભેલો જોયો હતો. એમ વિચાર કરી ધનદેવને કહ્યું કે તું રાજભક્ત છે, તેથી ત્હારી સેવાનો યોગ્ય સત્કાર કરીશ. પરંતુ હાલમાં દ્વારપાળના કહ્યા પ્રમાણે ક્ષણમાત્ર તું બેસી રહે. એમ કહી તેને દ્વારપાલને સ્વાધીન કરી, કોટવાળને મોકલી કાર્યાંતરના ઉદ્દેશથી દેવયશને બોલાવરાવ્યો. દેવયશ પણ તત્કાળ ત્યાં આવ્યો એટલે એકાંતમાં તેને લઇ જઈ રાજાએ પૂછયું કે હે ભદ્ર ! જૈનમંદિરના માર્ગમાં પડી ગયેલી મ્હારી મુદ્રિકા તે વખતે તને જડી છે, એમ અમારા સાંભળવામાં આવ્યું છે. માટે જો એ વાત સત્ય હોય તો હાલ તે આપી દે. હજુ પણ હું ત્હને અભયદાન આપું છું અને કંઇપણ ત્હને હરકત કરીશ નહી, તું પણ જાણે છે કે સત્યમાં સુખ છે. વળી અમ્હારી આ રાજ્ય સ્થિતિ પણ તે મુદ્રિકાના પ્રભાવથીજ ચાલી આવે છે. આ પ્રમાણે વિષમ વચન સાંભળી દેવયશ બોલ્યો, હે નરેંદ્ર ! આપની મુદ્રિકા મ્હેં લીધી નથી. સેવકો ઉપર આપ સ્વાભાવિકજ દયાળુ છો. તેમજ આપની પ્રતિજ્ઞા સત્ય છે. જેથી મ્હને અભયદાન મળે તેમાં કંઈ સંશય નથી. પરંતુ આ લોક અને પરલોકમાં ત્રીજા વ્રતના ભંગથી ઉત્પન્ન થયેલાં નરકાદિક દુઃખના કારણભૂત પાપો ભોગવવાં પડે તેની શી ગતિ થાય ? માટે હે સ્વામિન્ ! પ્રાણનો ત્યાગ થાય તોપણ આ ચોરીનું કામ હું નજ કરૂં. રાજા બોલ્યો, ત્હારૂં કહેવું સત્ય છે, પરંતુ ત્હારા શયન સ્થાનમાં પલંગ પાસે પેટીમાં તે વીંટી ત્હેં ગોપવી છે, એમ ધનદેવનું કહેવું છે. માટે તમે અહીં રહો અને તે પેટીને અમારા પુરૂષો અહીં લાવે તેવી ગોઠવણ કરો. વળી તેનો તપાસ કરતાં જો મુદ્રિકા નહીં નીકળે તો હું તે પિશાચ રૂપ અધમને ભૂતનું બલિદાન કરીશ. ત્યારબાદ દેવયશે તે જ પ્રમાણે પેટી ત્યાં મંગાવી.

ત્યારબાદ તે પેટી ખુલ્લી કરી જોયું તો તેમાંથી પરિગ્રહનું પ્રમાણ અને નવકાર મંત્રનું ફલ જેમાં લખેલું હતું એવું એકટિપ્પણનું કાગળીયું રાજાના જોવામાં આવ્યું. તે વાંચવાથી રાજા

**દેવયશને શિક્ષા**

સમજી ગયો કે જેના નિયમો આવા ઉત્કૃષ્ટ છે, તે માણસ આવું કાર્ય ન જ કરે. તેથી દ્વારપાલને હુકમ કર્યો કે ધનદેવને તે જલદી અહીં લાવો, કારણકે તેણે આવી ખરાબ વાત શા માટે કરી? દ્વારપાળે તરતજ તેને દાખલ કર્યો. રાજા બોલ્યો, રે અધમ! ત્હારૂં કહેવું અસત્ય છે. એમ રાજાના કહેવાથી ધનદેવે તે પેટી ખંખેરી કે તરતજ તેમાંથી વીંટી નીચે પડી. તે જોઈ પાસે ઉભેલા લોકો બોલ્યા, આ મ્હોટું આશ્ચર્ય છે કે અમૃતમાંથી વિષ ઉત્પન્ન થયું. ત્યારબાદ ભૂપતિએ ક્રોધાયમાન થઈ દેવયશને બહુ તિરસ્કાર પૂર્વક કહ્યું, રે ધૃષ્ટ! કૂટ ધાર્મિક! આ શું? દેવયશ બોલ્યો, હે રાજન્! આ સર્વ દૈવનું કર્ત્તવ્ય છે. રાજા બોલ્યો, તે વાત સત્ય છે. દૈવેજ ત્હને આવી બુદ્ધિ આપી હશે. એમ કહી રાજાએ બહુ વિડંબના પૂર્વક વધસ્થાને તેને લઈ જવાની આજ્ઞા આપી. આરક્ષકે તેને વૃદ્ધ ખર ઉપર બેસાડી, ગેરૂથી શરીર રંગી સુંદર લાલ કણેરના પુષ્પોની માલા ત્હેના કંઠમાં પ્હેરાવી અને આગળ ડિંડિમ નગારાના ઘોષ સાથે બહુ ઠાઠથી નગરની અંદર કોઈ નવીન પ્રકારનો વરઘોડો કાઢ્યો. તેમાં એક પુરૂષ પોતાના હસ્ત વડે ઉંચા વાંસડા ઉપર લટકાવેલી મુદ્રા રત્નને ભમાવે છે. તે જાણે અન્યાયનો પોકાર કરવા માટે નગર લક્ષ્મીનો ઉંચો કરેલો હાથ હોયને શું? તેમ દેખાય છે. આ પ્રમાણે દેવયશનો તિરસ્કાર જોઈ તેના સ્વજન અને પરિજનો રૂદન કરવા લાગ્યા, તેમજ વળી પશુ અને પક્ષિઓ પણ બહુ દુઃખી થઈ આક્રંદ કરવા લાગ્યા. તેમજ લોકોની વાણી શ્રવણ ગોચર થવા લાગી કે અહો! રાજાએ

આ બહુ અયુક્ત કર્યું. આવા ધાર્મિક પુરૂષને પણ દેહાંતદંડ કર્યો. આ અપરાધ એનો સંભવતો નથી. પરંતુ પાપી ધનદેવનુંજ આ કર્ત્તવ્ય છે. માટે આ ધર્મી પુરૂષનું અશુભ કરવાથી દેશ, નગર, રાજ્ય કે રાજાના દેહનું જરૂર અનિષ્ટ થવાનું છે. વળી ધનદેવ આવી વિડંબનાનું પાત્ર બનેલા દેવયશને જોઇ બોલ્યો, જે પુરૂષ પારકાનું અનિષ્ટ ચિંતવે છે તે તેના પોતાના ઉપરજ આવી પડે છે.

**દેવયશની સ્રીને મૂર્છા**

રાજાની આજ્ઞાથી રાજપુરૂષોએ તેના ઘરનો કબજો પોતાને સ્વાધીન કર્યો. આ પ્રમાણે રાજ્ય તરફથી અચિંત્ય બલાત્કાર જોઇ તેમજ પોતાના પતિની દુરવસ્થાને સાંભળી તેની સ્રી એકદમ મૂર્છિત થઈ ગઈ, પણ પરિજનના શીતાદિક ઉપચારથી સચેતન થઈ બહુ દુ:ખથી વિલાપ કરવા લાગી. રે પાપિષ્ઠ દૈવ ! આવા ધાર્મિક પુરૂષના દેહ ઉપર તું પ્રહાર કરતો કેમ અટકતો નથી, કેમકે જેઓના હૃદયમાં કલંકની શંકા પણ નથી, તેઓને મ્હોટું કલંક આપે છે. અથવા હવે ખેદ કરવાથી શું ? અહીં જે કરવાનું છે તે કરૂં. એમ નિશ્ચય કરી શુદ્ધ થઇ પૌષધશાલામાં ગઇ. અને હૃદયમાં શાસન દેવીનું સ્મરણ કરી, નાસિકાના અગ્રભાગ ઉપર દૃષ્ટિ રાખી, કાયોત્સર્ગ કર્યો, એટલે પંચપરમેષ્ઠીના ધ્યાનના પ્રભાવથી તત્કાળ શાસન દેવી પ્રસન્ન થઇ બોલી, હે વત્સે ! ખેદ કરીશ નહીં. સર્વ સારૂં થશે.

**શાસનદેવીનો ચમત્કાર**

એમ કહી દેવીએ એકદમ પોતાનો ચમત્કાર બતાવ્યો કે રાજભવનમાં અન્ન, જલ, તાંબુલાદિક વસ્તુઓનો અપહાર કર્યો. તેમજ મંત્રી વિગેરેના ત્યાંથી પણ તેવીજ રીતે જલાદિકનો અભાવ કર્યો.

ત્યારબાદ રાજાએ પીવા માટે જલ માગ્યું, ત્યારે જલધરીયાએ ગાગર, ઘડા વિગેરે સર્વે જલપાત્ર જોયાં, પરંતુ બિંદુમાત્ર પણ જલ દેખ્યું નહીં, તેથી ભયભીત બની તેણે રાજાને જણાવ્યું કે; સર્વ જલપાત્રો ભરેલાં હતાં, તેમજ પાત્રોમાં છિદ્ર પણ દેખાતું નથી. તેમ છતાં નામાલુમ શું થયું કે; કોઈ ઠેકાણે પાણીનો છાંટો પણ દેખાતો નથી. ત્યારબાદ સ્થગિધરને કહ્યું કે એક પાનનું બીડું તૈયાર કરી લાવ. તેપણ પાનદાનીમાં હાથ નાંખી જુએ છે તો, અંદર એક પણ પાન મળે નહીં. એ પ્રમાણે જે જે વસ્તુઓ મંગાવી તે સર્વ નથી એમ જવાબ મળવાથી, રાજાએ મંત્રીને બોલાવી આ હકિકત જણાવી, એટલે મંત્રી બોલ્યો, હે રાજન્ ! મ્હારે ઘેર પણ આવોજ બનાવ થઈ રહ્યો છે, તેમજ આપના સર્વ સેવકોને ત્યાં પણ આવીજ સ્થિતિ થઈ પડી છે. તે સાંભળી રાજા બોલ્યો, એકદમ આમ થવાનું શું કારણ ? તેનો તમે વિચાર કરો. ત્યારબાદ મંત્રી બોલ્યો, હે રાજન્ ! દેવયશવણિક્ નિર્દોષ દેખાય છે, છતાં ધનદેવે આની ઉપર આરોપ કર્યો છે. વળી તે ધનદેવ બહુ દુષ્ટાત્મા છે, માટે તેનુંજ દોષનો આ કંઈક કુકૃત્ય છે. વળી આ દેવયશ પ્રાણાંતે પણ આ કામ નજ કરે. એમ તેઓના વાતચિત ચાલતી હતી, તેટલામાં ચામરધારિણીના શરીરમાં પ્રવેશ કરી શાસનદેવી બોલી, રે મૂઢ ! આ પ્રમાણે ધર્મિષ્ઠ ઉપર જુલમ ગુજારનાર પોતાના સ્વામીને પણ અટકાવતો નથી, તો તું મંત્રી શાનો કહેવાય છે? વળી તું એમ કહી શકે કે આ કાર્યમાં હું કંઈપણ જાણતો નથી અને રાજાએ પોતાની મેળેજ આ સાહસ કરેલું છે. માટે એમાં મ્હારે શામાટે વચ્ચે પડવું જોઈએ ! એમ જો તું માનતો હોય તો તેપણ ત્હારી મ્હોટી ભૂલ છે. કેમકે નીતિ શાસ્ત્રમાં કહ્યું છે કે–दुर्वृत्तेष्वप्यपत्येषु, यथा माता हितैषिणी । दुर्वृत्तेऽपि तथा राज्ञि, नोपेक्षां सचिवोऽर्हति ॥ અર્થ–" જેમ દુરાચારી એવા પુત્રાદિક ઉપર પણ પોતાની માતા

હિતબુદ્ધિ રાખે છે, તેમ મંત્રીએ પણ અસત્ય માર્ગે ચાલનાર રાજાની ઉપેક્ષા કરવી ન જોઇએ. "વળી ધનદેવે આ મુદ્રિકા કપટવૃત્તિવડે તે પેટીમાં નાંખી હતી તેમજ દેવયશની સાથે ઈર્ષ્યાને લીધે તે પાપીએ આ સમર્થ કૃત્ય કર્યું છે. આ પ્રમાણે તે ચામરધારિણી સ્રીનું વચન સાંભળી, આના શરીરમાં કોઈક દેવી આવેલી છે, એમ જાણી રાજા, મંત્રી વિગેરે લોકો નમસ્કાર કરી અનેક ઉપચારોવડે ક્ષમા માગતા હતા, તેવામાં અવળું થઇ ગયું છે મુખ જેનું એવો તે ધનદેવ, લગુડાદિક (લાકડી વિગેરે) ના પ્રહારવડે કૂટાએલાની માફક, અતિ કરૂણ શબ્દોથી પોકાર કરતો ત્યાં આવ્યો અને બોલ્યો કે; મ્હેં પાપીએ દ્વેષબુદ્ધિથી સ્ફટિક સમાન શુદ્ધ એવા દેવયશ ઉપર આ અકૃત્ય કર્યું છે. એમ ત્યાં કોલાહલ થઇ રહ્યો છે, તેવામાં આકાશગામી વિમાનમાં બેઠેલો, હર્ષાશ્રુને વહન કરતો અને સજ્જનો જેની સ્તુતિ કરે છે એવો દેવયશ પણ ત્યાં દેખાયો, તેથી તેની વિડંબના કરનારા આરક્ષક પુરૂષો દીન થઈ ગયા અને ઉંચા હાથ કરી ત્રાસજનક બૂમો પાડવા લાગ્યા.

**દેવીનું વચન.**

તેટલામાં વિમાન રાજમહેલ ઉપર આવી પહોંચ્યું. દેવયશને વિમાનમાંથી નીચે ઉતરતો જોઇ ચામરધારિણી ઝટ ઉભી થઈ. તેજ પ્રમાણે રાજા, મંત્રી વિગેરે અન્ય જનોએ પણ અભ્યુત્થાન આપ્યું. ત્યારબાદ તે સ્રીએ દેવયશને પોતાના હસ્તનું અવલંબન આપી વિમાનમાંથી નીચે ઉતાર્યો. પછી રાજાએ પણ તેને બહુ માનપૂર્વક સિંહાસન ઉપર બેસાડ્યો અને પોતે બીજા આસન ઉપર બેઠો. ત્યારબાદ શાસનદેવીએ દેવયશને પ્રાર્થના કરી કહ્યું કે તું જૈનમતનો રાગી છે, તેમજ દયાધર્મમાં અગ્રણી છે. વળી ત્હેં ઉત્કૃષ્ટ રીતે ગૃહિધર્મનો સ્વીકાર કર્યો છે. અને સર્વથા તું નિર્દોષ છે, છતાં જે લોકોએ ત્હારી આ પ્રમાણે વિડંબના

કરી છે તેઓને હું શિક્ષા કરૂં છું. કારણ કે હું જૈનશાસનની સેવા કરનારી દેવી છું. વળી ત્હારી સ્ત્રીએ કાયોત્સર્ગ કરી મ્હને બોલાવી છે, એટલે હું તેઓને શિક્ષા કર્યા વિના રહીશ નહીં. આ પ્રમાણે દેવીનો અભિપ્રાય જાણી દેવયશ બોલ્યો, હે દેવિ ? મ્હારા દુષ્કર્મને લીધે મ્હને આ વિડંબના થઈ છે. વળી આ દુઃખ પડવાથી તે કર્મોનો નાશ કરવામાં હું સમર્થ થયો, તેમજ મ્હારા પ્રાણોની રક્ષા થઇ અને દુષ્કીર્ત્તિરૂપ કલંક પણ દૂર થયું. તે સર્વ ત્હારા પ્રભાવથીજ થયું છે. એટલે હેદેવિ ! હવે મ્હારી સેવા કરવામાં ત્હેં કંઈ પણ બાકી રાખ્યું નથી, છતાં પણ હવે આ સર્વ લોકોને ઉપદ્રવથી વિમુક્ત કર ? એટલે તે પણ મ્હારૂંજ વાત્સલ્ય થયું તેમ હું માનીશ. ત્યારબાદ દેવી તેપ્રમાણે સર્વને સ્વસ્થ કરી દેવયશની આજ્ઞા લઈ પોતાના સ્થાનમાં ગઈ.

**ધનદેવને શિક્ષા.**

રાજાએ હુકમ કર્યો કે વિડંબનાપૂર્વક ધનદેવને દેહાંત શિક્ષા કરો. તે સાંભળી દેવયશને દયા આવી તેથી તેણે રાજાને કહી તેને મુક્ત કરાવ્યો. ત્યારબાદ રાજાએ પોતાની પટ્ટરાણીને દેવયશને ત્યાં મોકલી અને તેની સ્ત્રી રૂક્મિણીને પાલખીમાં બેસાડી પોતાને ત્યાં બોલાવરાવી. જ્યારે તે પોતાની નજીક આવી ત્યારે રાજા ઉભો થઈ તેના પગમાં પડ્યો એટલે રૂક્મિણી બોલી, હે નરાધીશ ! સર્વ કલ્યાણના પાત્ર આપ થાઓ. એમ આશીર્વાદ આપ્યા બાદ રાજાએ તેને ભદ્રાસન ઉપર બેસાડી. પછી કૃતજ્ઞ પુરૂષોમાં શિરોમણિ સમાન રાજા હાથ જોડી સર્વ સભા સમક્ષ બોલ્યો, હે ધર્મભગિનિ ? હું આપનો ગુન્હેગાર છું તેમ છતાં આ પાપથી મ્હને ત્હેં મુક્ત કર્યો માટે હું ત્હારો મ્હોટો ઉપકાર માનું છું. રાજ્ય અથવા આ દેહથી પણ તેનો બદલો વાળવાને હું સમર્થ નથી. હવેથી આ સર્વ રાજ્ય સંપત્તિ ત્હારી છે માટે

ત્હને જેમ યોગ્ય લાગે તેમ ત્હારે પોતેજ તેની વ્યવસ્થા કરવાના છે. તે પ્રસંગે દેવયશનો પુત્ર જેને ધાન્યખેટ નામના ઉપનગરમાં સ્વજનોએ મૂકયો હતો તે ત્યાં રાજદ્વારમાં આવ્યો અને દ્વારપાલની સૂચનાથી રાજાએ તેને પોતાની પાસે બોલાવ્યો. તરતજ તે અંદર પ્રવેશ કરી રાજાને નમ્યો પછી પોતાનાં માતાપિતાને નમી સર્વનો યથાયોગ્ય સત્કાર કર્યો. ત્યારબાદ રાજાએ તેને આલિંગન કરી પોતાના ખોળામાં બેસાડ્યો. પછી દેવયશ બોલ્યો, રાજાએ આ સમગ્ર રાજ્યાદિક સંપત્તિ રૂકિમણીને સ્વાધીન કરી છે. વળી તે સ્ત્રી મ્હારે સ્વાધીન છે. અને હું જૈન સિદ્ધાંતના જ્ઞાતા એવા સદ્ગુરૂના સ્વાધીન છું. માટે હાલ ભોજન કરી ચાલો આપણે તેઓને વંદન કરવા જઈએ, કારણ કે તેઓ આજે નંદનઉદ્યાનમાં આવેલા છે, તે વાત નક્કી છે; કેમકે વિમાનમાં બેસી જ્યારે હું અહીં આવતો હતો ત્યારે તેમનાં દર્શન કરીને પ્રણામ પણ મ્હેં કર્યા હતા. માટે પરમ ઉપકારી એવા તે મુનીંદ્રની આજ્ઞા રૂકિમણી સહિત અમારે માન્ય કરવી જોઇએ. વળી હે રાજન્! આપે પણ યથાશક્તિ ધર્મસેવા અંગીકાર કરવી યોગ્ય છે.

ભોજન કર્યાબાદ રાજા મ્હોટા વિસ્તારથી દેવયશ, રૂકિમણી અને તેના પુત્ર સહિત સૂરીંદ્રની પાસે ગયો.

**દેવયશની મોક્ષગતિ.**

તેમજ વિનયપૂર્વક વંદનવિધિ કરી તેઓ ત્યાં બેઠા એટલે સૂરિએ ધર્મલાભ આપી યતિધર્મ અને ગૃહિધર્મનો ઉપદેશ આપ્યો. તે સાંભળી નૃપાદિક સર્વે યથાર્થ બોધ પામ્યા. રૂકિમણી સહિત દેવયશે દીક્ષા લેવા માટે રાજાની આજ્ઞા માગી. રાજાએ જવાબમાં જણાવ્યું કે તમ્હારૂં કહેવું સત્ય છે. પરંતુ દશ દિવસ પછી તે કાર્ય સિદ્ધ થશે. શ્રેષ્ઠીએ પણ તે પ્રમાણે કબુલ કર્યું. ત્યારબાદ ફરીથી વિધિપૂર્વક ગુરૂ મહારાજને વંદન કરી

રાજા સર્વને સાથે લઇ પોતાના સ્થાનમાં ગયો. ત્યાં રાજાએ તેઓની પાસે તેમના સર્વ સંબંધીઓને બોલાવી તેઓની સંમતિ લીધી. અને સર્વ નગરમાં અમારી ઘોષણા કરાવી. તેમજ પોતાના ખજાનામાંથી તેની ઇચ્છા પ્રમાણે જૈન-મંદિરોમાં દ્રવ્ય અપાવરાવ્યું અને ચતુર્વિધ સંઘની બહુ ભક્તિ કરાવી તેમજ દીન, અનાથ અને દારિદ્રિઓને યથોચિત્ત દાન દેવરાવ્યું. પછી તેના પુત્રને બહુ ધન આપી શ્રેષ્ઠીપદે સ્થાપન કર્યો. ત્યારબાદ રાજાએ વિધિપૂર્વક તેઓને દીક્ષા અપાવી અને પોતે પણ ગૃહિધર્મનો સ્વીકાર કર્યો. તેથી જૈનશાસન બહુ દીપવા લાગ્યું. દેવયશ મુનિ અને રૂકિમણી સાધ્વી બન્ને સમ્યક્ પ્રકારે ચારિત્રપાળી કેવળ જ્ઞાન પામી તેજ ભવમાં સિદ્ધિપદ પામ્યાં.

॥ इति तृतीयाणुव्रते देवयशः कथानकं समाप्तम् ॥

# नाहटश्रेष्ठीनी कथा.

## પ્રથમસ્તેનાહૃતક્રયાતિચાર.

દાનવીર્ય રાજાએ પ્રશ્ન કર્યો કે, હે ભગવન્ ! આપના મુખારવિંદમાંથી નીકળતા ત્રીજા અણુવ્રતની કથારૂપ અમૃતનું પાન કરી અમે તૃપ્ત થયા છીએ, પરંતુ તેના અતીચારોની વ્યાખ્યા દ્રષ્ટાંત સહિત સંભળાવી અમને કૃતાર્થ કરો. શ્રી સુપાર્શ્વપ્રભુ બોલ્યા, જે વણિક્ ચોરોએ અપહાર કરેલું ધન ગુપ્ત રીતે ગ્રહણ કરે છે તે **નાહટની** માફક ઉભય લોકમાં વધ બંધનને પાત્ર થાય છે.

વિદ્રુમ–પરવાળાઓ વડે મનોહર, વિશાલ લક્ષ્મીનું કમલ-

**નાહટદષ્ટાંત.** મંદિર એવું સમુદ્ર સમાન ભદ્રિલપુર નામે નગર છે. તેમાં સ્થિરદેવ નામે શ્રેષ્ઠી રહેતો હતો. કમલશ્રી નામે તેની ભાર્યા હતી, તે શીલ ગુણમાં અગ્રણી હતી. નાહટ નામે તેઓને એક પુત્ર હતો. તે સ્વભાવથી લોભી અને વેપારમાં નિર્ભય હતો. એક દિવસ કોઇક તેના મિત્રે તેને લોભાવી કહ્યું કે બહુ કરીયાણું ભરી ઘણા વેપારી લોકો નગરની બહાર આવ્યા છે. તે સાંભળી નાહટ પણ વેપારના લોભથી મિત્રની સાથે ત્યાં ગયો તો કોઈપણ વેપારી ત્યાં મળે નહીં, પછી તેણે પૂછયું કે; હે મિત્ર ! તે વેપારીઓ ક્યાં છે ? તે જલદી બતાવ ?

**સૂરિદર્શન.** આ સાંભળી અનેક મુનિઓથી પરિવૃત્ત ઉદ્યાનમાં બેઠેલા સૂરિને તેણે બતાવ્યા. તે જોઇ નાહટ બોલ્યો, આતો નિર્ગ્રંથ ( ત્યાગી ) છે. મિત્ર બોલ્યો, હે ભદ્ર ! પોતે મુનિ ધર્મમાં રહેલા છે. પરંતુ એમની પાસે બહુ અમૂલ્ય વસ્તુઓ છે. અને તે પણ બહુ મોંઘા ભાવે આપે છે. છતાં પણ જો તે વસ્તુઓ આપણને પ્રાપ્ત થાય તો, તેના પ્રતાપથી લોભ સહિત દારિદ્રરૂપી વૈતાલ નાશી જાય છે. આ પ્રમાણે નાહટને સમજાવીને તેનો મિત્ર પ્રણામ કરી બોલ્યો, હે સૂરીશ્વર ! આ વણિક્ પુત્ર વ્યાપાર માટે આપની પાસે આવ્યો છે. માટે આપના હૃદય રૂપી ગાંઠડીમાં ધારણ કરેલી, બહુ કિંમતી રત્ન, મૌક્તિક વિગેરે કંઇપણ કિંમતી વસ્તુઓ બતાવો. ગુરૂમહારાજ બોલ્યા, ત્હારૂં કહેવું સત્ય છે. પરંતુ એને ખરીદવાનો વિચાર હોય તો બતાવીએ, નહીંતો નિરર્થક બોલવાથી શું વળે ? કેમકે માત્ર બતાવીને પાછું મૂકવાથી ખેદ ઉત્પન્ન થાય. નાહટ બોલ્યો, ગ્રંથિઓ છોડીને રત્ન બતાવો. જોયા વિના માત્ર મુખે બોલ-

વાથી કિંમત કેવી રીતે થાય ? ત્યારબાદ કાનને અમૃત સમાન સુખદાયક ગંભીર વાણી વડે મુનીંદ્ર બોલ્યા, જો સમ્યકૃત્વ રૂપી મહારત્ન ત્હને પસંદ પડે તો ગ્રહણ કર. આ સમ્યકૃત્વ રત્ન જૈન શાસન રૂપી ક્ષીર સાગરમાંથી પ્રગટ થએલું છે. તેમજ સર્વ ગુણોથી સંપૂર્ણ અને ચિંતામણી સમાન મનોવાંછિત અર્થ આપવામાં શ્રેષ્ઠ છે. અને વળી શુદ્ધ છે કાંતિ જેની એવો આ બીજો પ્રાણિવધ વિરતિ નામે હાર છે, જેની અંદર મન, વચન અને કાયા એમ ત્રણને ત્રણ કરણે ગુણતાં નવ થાય એવી નવ સેરો રહેલી છે. વિગેરે યુક્તિપૂર્વક વચનો વડે મુનિધર્મ તથા ગૃહિધર્મ પણ વિસ્તારપૂર્વક સંભળાવ્યો. કર્મના ક્ષયોપશમથી તે બન્ને જણાએ ગૃહિધર્મનો સ્વીકાર કર્યો. ત્યારબાદ મુનિને નમસ્કાર કરી બન્ને પોતપોતાના ઘેર ગયા. અને વિધિ પ્રમાણે તે ધર્મનું પાલન કરવા લાગ્યા.

**મિત્રનો ઉપદેશ.**

એક દિવસ નાહટ પોતાની દુકાનમાં કામ કરતો હતો તેવામાં ત્યાં ચોર લોકો બહુ સુવર્ણાદિક ધન લઈને આવ્યા. તેણે પણ કોઇ ન જાણે તેવી રીતે યુક્તિપૂર્વક તે ધન લઇ તેના બદલામાં કંઈક આપી તેઓને વિદાય કર્યા. આ પ્રમાણે કૂટ વ્યવહાર કરતાં નાહટને તેના મિત્રે જોયો અને મિત્ર સમજી ગયો કે આ અવળે રસ્તે ચઢી ગયો છે એમ જાણી તેણે એકાંતમાં ઉપદેશ આપ્યો કે હે નાહટ ! તું આ કામ કરવું છોડી દે, આથી ત્હારૂં ત્રીજુ વ્રત કલંકિત થાય છે. તે સાંભળી નાહટ બોલ્યો કે, હે મિત્ર ! અદત્તાદાનનુંજ મ્હેં પ્રત્યાખ્યાન કર્યું છે. બીજા કાર્યનો મ્હેં નિષેધ કર્યો નથી. મિત્ર બોલ્યો, ગુરૂએ ત્રીજાવ્રતમાં ચોરીનું ધન લેવું તેને અતિચાર ( દોષ ) કહેલો છે. માટે ચોરીનું ધન સર્વથા ન લેવું એવો નિયમ કર. એમ કહી

તે પોતાને ઘેર ગયો. ત્યારબાદ નાહટ પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે ગુરૂએતો મુનિધર્મનો પણ ઉપદેશ આપ્યો હતો, તેથી તે પણ પાળવો જોઇએ ? હોય, તે તો તેમને કહેવાનો અને આપણો સાંભળવાનો ધર્મ છે. એમ માની પોતાના દુષ્કૃતથી અટકયો નહીં. વળી એક દિવસ કોઇક ચોર રત્નાવલી હાર લઈ તેની પાસે આવ્યો. એટલે તેણે પ્રથમની માફક સ્વલ્પ કિંમત આપી તે હાર લઈ લીધો. તે સમયે વિમલ રાજાનો કારભારી તેની દુકાને લેવડ–દેવડનો સંબંધ હોવાથી નાહટની પાસે આવી બોલ્યો, હે શેઠ ! આજે હમારે રેશ્મી કાપડ લેવાનું છે માટે બતાવો તે ઠીક હોય તો લઈએ. તરતજ પોતે ઉભો થઈ ગાંશડી લઇ બહાર આવ્યો. એટલે કેડમાં ખોસેલો હાર વજનના લીધે નીચે પડી ગયો. જે તરતજ તે કારભારીએ લઈ લીધો અને તપાસ કરીને બોલ્યો, હે શ્રેષ્ઠ ! આ શું ? નાહટ ગભરાઇ ગયો. અને કંઇ પણ જવાબ આપી શકયો નહીં. ત્યારે તેનો હાથ પકડી કારભારી બોલ્યો, આ હારની સાથે બીજા કુંડલાદિક અલંકારો ગએલા છે, તે ત્હારી પાસે છે ? તે સાંભળી નાહટ બોલ્યો, દેશાંતરથી વેપારીઓ આવ્યા હતા તેઓની પાસેથી લક્ષ સોનૈયા આપી આ રત્નાવલી હાર મ્હેં લીધો છે. કારભારી બોલ્યો, હે નાહટ ! હવે જૂઠું બોલવાથી ત્હારૂં કંઇ વળે તેમ નથી. કારણકે મનોહર પ્રાણપ્રિયાના સમાન રાજાને આ હાર બહુ પ્રિય છે. વળી આ હારમાં બહુ ગુણો રહેલા છે. માટે તું પોતેજ રાજાને વિનય પૂર્વક આપી દે. નહીંતો રાજાને માલુમ પડશે તો ધન અને દેહથી પણ ત્હારો છુટકારો થશે નહીં, એમ તેઓ બોલતા હતા તેટલામાં એકદમ ત્યાં આરક્ષક આવ્યો અને મારો, મારો, એમ બોલી તીવ્ર ખડ્ગના પ્રહાર કરી-ને તેને અવળા હાથે બાંધ્યો, તેથી નાહટ બહુ દીન થઇ રૂદન

કરવા લાગ્યો. તે જોઈ કારભારીએ આરક્ષકને પૂછયું, એકદમ તેને બાંધવાનું શું કારણ? આરક્ષક બોલ્યો, સાહેબ! એક ચોર અમારા ઝપાટામાં આવ્યો હતો. નાસતાં ભાગતાં તેણે કહ્યું કે ઘણાખરા રાજાના અલંકારો નાહટને ત્યાં છે. માટે એને રાજા પાસે લઈ જવો ઉચિત છે. એમ કહી આરક્ષક રત્નાવલી હાર સહિત નાહટને નરેંદ્રની પાસે લઈ ગયો. ત્યારબાદ બીજા ચોરોને પૂછવાથી તેઓએ પણ કહ્યું કે હે રાજન્! દરેક ચોરોનો માલ પોતે વણિક હોવા છતાં પણ તેણે હરીલઈને પોતાને ઘેર રાખ્યો છે. તે સાંભળી રાજાની કોપાયમાન દૃષ્ટિ મંત્રી તરફ પડી. મંત્રીએ પણ નાહટને એકાંતમાં બહુ સમજાવ્યો કે રાજાના તેમજ અન્ય લોકોના દાગીના ત્હારી પાસે જે હોય તે વેળાસર આપી દે. નહીં તો આકડાના તૂલની માફક તું ક્યાંઈ ઉડી જઈશ, અને ભૂંડા હાલે મરી જઈશ. નાહટ બોલ્યો, એક હાર વિના મ્હેં જે દાગીના લીધેલા છે તે સર્વ પાછા આપું છું. માત્ર હાર મ્હારી પાસે નથી, કારણ કે મ્હારી પાસેથી કપટ કરી તે હાર કોઈક માણસ લઈ ગયો છે. મંત્રી બોલ્યો, રે ધૂર્ત્ત! ત્રણ લોકનું તત્ત્વ આ હારમાં રહેલું છે, તેથી જો તે તું નહીં આપે તો ત્હારો આ દેહ રહેવાનો નથી એમ જરૂર સમજવું. એમ ધમકી આપી મોરબંધથી સજ્જડ બાંધીને ચાબુકના પ્રહાર કરવા માંડયા તો પણ તેણે હાર આપવાની વાત માની નહીં. જેથી મંત્રીએ તેના પિતાને બોલાવી કહ્યું કે તમ્હારા પુત્રને આ વાત પૂછી જુઓ, નહીંતર આમાંથી તમ્હારે બહુ નુકશાન વેઠવું પડશે. એમ સાંભળી તેના પિતાએ નાહટને એકાંતમાં લઈ જઈ બહુ સમજાવ્યો અને કહ્યું કે અરે કુલદૂષક! હું પ્રથમથી ના પાડતો હતો છતાં ત્હેં ચોરોની સાથે વેપાર

કર્યો તેનું આ ફળ આવ્યું. અતિ લોભરૂપી ગ્રહવડે ગ્રહણ કરાયેલો તું કંઇપણ સમજ્યો નહીં અને આ રાજવિરૂદ્ધ કાર્ય કર્યું. કાગડાની પેઠે પીંડ સામે દૃષ્ટિ કરી પણ પછવાડે લખોટાનો પ્રહાર ન જોયો. કૂટ વ્યવહારથી ઉપાર્જન કરેલું ધન અનર્થનું કારણ થાય છે. તેમજ તે આલોક અને પરલોકમાં અનેક દુઃખો આપે છે. વળી વિશ્વસ્ત જનોને દુઃખી કરવાથી, ભોળા લોકોને છેતરવાથી અને પર પીડાજનક કોઇ પણ કાર્ય કરવાથી નિર્દય ચિત્તવડે જે પારકું ધન ગ્રહણ કરવામાં આવે છે, તે ધન પૂર્વોપાર્જિત સંપત્તિનો ક્ષય કરે છે. તેમજ ઘોર ભયજનક થાય છે. માટે હે પુત્ર! આ કાર્યથી જરૂર ત્હારૂં મૃત્યુ થવાનું છે. વળી જો ત્હારે જીવવાની ઇચ્છા હોય તો તે હાર જ્યાં ત્હેં મૂક્યો હોય અથવા કોઇને આપ્યો હોય તો કહી દે, જેથી ત્હારૂં રક્ષણ કરૂં. નાહટ બોલ્યો, હે પિતાજી! હારની વાત તો કરવીજ નહીં; કારણકે તે હાર મ્હેં કોઇ મ્હારા મિત્રને આપ્યો છે. માટે દ્રવ્ય તથા કુટુંબ સહિત મ્હારા મિત્રને કોઈ પણ જાતની હરકત ન થવી જોઇએ. કૂટનીતિથી વર્ત્તનાર હું પાપી છું તેથી મ્હારે અને રાજાને જેમ થવું હોય તેમ ભલે થાય. આ પ્રમાણે પોતાના પુત્રનો નિશ્ચય જાણી શેઠ મનમાં બહુ ખુશી થયા, અને વિચાર કરવા લાગ્યા કે આ એનું સજ્જનપણું ગણાય, કારણ કે પોતાની આવી સ્થિતિ છતાં પણ તે પોતાના મિત્રનું રક્ષણ કરવા ઇચ્છે છે.

**નાહટનીસ્થિતિ.**

ત્યારબાદ સ્થિરદેવશ્રેષ્ઠી રાજા પાસે જઇ પ્રાર્થનાપૂર્વક કહેવા લાગ્યો કે હે નરાધિરાજ! હું આપનો વણિક્ છું માટે મ્હારી ઉપર કૃપા કરો અને તે ફક્ત હાર વિના બાકીની સર્વ વસ્તુઓ પુરેપુરી પાછી આપશે, તેમજ મ્હારા ભંડારમાં પાંચ કરોડ સોનૈયા છે, તેમાંથી હારની કિંમત અથવા તેથી અધિક

પણ જેટલું ધન જોઈએ તેટલું ગ્રહણ કરો. વળી એના દંડ નિમિત્તે પણ જે જોઈએ તે સુખેથી લઈને તેને મુક્ત કરો. એમ શેઠનું વચન સાંભળી રાજા બોલ્યો, અમૃતમાંથી વિષ પ્રગટ થાય તેમ આ મ્હોટું આશ્ચર્ય ગણાય, કારણ કે સ્થિરદેવનો પુત્ર થઈ આવું વિષમ કષ્ટ પડયુ છતાં પણ ધનના મોહથી પ્રસિદ્ધ વાત ઉડાવી દે છે. પરંતુ આ શેઠ તો સરલ બુદ્ધિનો હોવાથી પોતાના નિધાનમાં રહેલા ધનને પણ પ્રગટ કરે છે. ત્યારબાદ રાજાએ નાહટને ત્યાં બોલાવી શેઠને સોંપી દીધો અને કહ્યું કે તમ્હારી શરમથી એને મુક્ત કર્યો છે; પરંતુ તમ્હારે ત્યાં જે માલ હોય તે આપી દો. એમ સાંભળી 'મ્હોટી મહેરબાની' એમ કહી રાજાને નમસ્કાર કરી પુત્ર સહિત શેઠ પોતાના ઘેર ગયો અને રાજાની આજ્ઞા પ્રમાણે સર્વ કાર્ય કર્યું. ત્યારબાદ નાહટ વણિક પર્યાલોચના કર્યા સિવાય ત્યાંથી મરીને નરકસ્થાનમાં ગયો. માટે હે ભવ્ય પ્રાણીઓ ! આ ત્રીજા વ્રતના અતિચારનું સ્વરૂપ જાણુ અવશ્ય તેને દૂરથી વર્જવો.

इति तृतीयाणुव्रते प्रथमातिचारदृष्टान्ते नाहटकथा समाप्ता ॥

## महननी कथा.

### દ્વિતીય સ્તેન પ્રયોગાતિચાર.

દાનવિર્ય રાજા બોલ્યો, કૃપાના સાગર એવા હે ભગવન્ ! ત્રીજા વ્રતમાં દ્વિતીય અતિચારનું સ્વરૂપ જાણવાની અમારી બહુ ઉત્કંઠા છે તો કૃપા કરી આપ સંભળાવો. શ્રી સુપાર્શ્વપ્રભુ બોલ્યા, જે ત્રીજું વ્રત ગ્રહણ કરીને ચોર લોકોને ચોરી કરવામાં

સહાય આપે છે, તે પુરૂષ મહનની પેઠે ઉભય લોકમાં બહુ દુઃખી થાય છે.

**મહનદૃષ્ટાંત.**

આ ભરતક્ષેત્રમાં સપ્રાકા ( પાંધા ) રં કિલ્લા સહિત ( સર્પોનું મુખ્ય સ્થાન ), બહુ સગુણ ( શકુન ) અનેક ગુણિ પુરૂષો ( પક્ષિઓ ) વડે સેવાયલું, તેમજ બહુ શ્રાવક ( શ્વાપદ ) શીકારી પશુઓવડે વ્યાપ્ત મ્હોટા અરણ્યની માફક કુસુમપુર નામે સુપ્રસિદ્ધ નગર છે. તેની અંદર વહન કર્યો છે પૃથ્વીનો ભાર જેણે, દયાવડે વ્યાપ્ત છે, હૃદય જેનું ( જળથી ભરેલો છે દરેક ભાગ જેનો ) અને ઉત્તમ વંશમાં ઉત્પન્ન થયેલો ( ઉગ્યા છે મ્હોટા વાંસડાઓ જેની અંદર ) એવા પર્વત સમાન સ્થિર બુદ્ધિવાળો વૈરોચન નામે રાજા છે. વળી સારંગ ધનુષ=શ્રેષ્ઠઅંગ) સુદર્શન ( ચક્ર=મનોહર દર્શન ) વડે આનંદજનક, ઉત્તમ વિલાસવડે પ્રગટ કરી છે શોભા જેણીએ અને લક્ષ્મી ( દેવી=શરીરની કાંતિ ) વડે વિભૂષિત એવી કૃષ્ણની મૂર્ત્તિ સમાન લલિતા નામે તેની સ્ત્રી છે. દેવતાઓની મધ્યે અસુર સમાન અનેક દુઃખોને ઉત્પન્ન કરનારો દુર્લભરાજ નામે તેઓને એક પુત્ર છે અને મહન નામે તેનો એક મિત્ર છે. હવે તે દુર્લભરાજ કોઈનું ધન તો કોઈની સ્ત્રીનું બલાત્કારે હરણ કરે છે. વળી નય ( નગ ) નીતિ=વૃક્ષોના સમૂહને નિરંકુશ-ઉન્મત્ત હસ્તીની માફક તે નિર્મૂલ કરે છે.

**લોકોનો પોકાર.**

તેથી નગરના લોકોએ રાજાની આગળ પોકાર કર્યો કે હે નરાધીશ ! આપની છાયામાં અમે રહ્યા છીએ છતાં અનાથની માફક આ નગરીને આપના કુમારે લુંટી લીધી છે. રાજાએ ક્રોધાતુર થઇ કુમારને બહુ ધિક્કાર આપ્યો. રે દુરાચારી ! મ્હારૂં

રાજ્ય છોડી કોઇપણ સ્થાને ત્હને ફાવે ત્યાં તું ચાલ્યો જા. ત્હારૂં મુખ મ્હને દેખાડીશ નહીં. તું મ્હારો પુત્રજ નથી કેમકે મ્હારા પૂર્વજોએ મહા-યત્નથી પાળેલી પ્રજાને ક્રીડાવડે લુંટવાથી મ્હારી કીર્ત્તિને પણ ત્હેં દૂષિત કરી. પશુ અને પુત્રમાં રાજ્યનીતિ સમાન રાખવી એમ જે પંડિતો કહે છે તે સત્ય છે. વળી જો હું ત્હારા ખુલ્લા દોષને છુપાવી યોગ્ય દંડ ન કરૂં તો હું નીતિ-માર્ગથી વિપરીત ચાલનાર ગણાઉં, કેમકે પોતાના રાજ્યમ સર્વજનોનું સમભાવ પૂર્વક નીતિથી પાલન કરવું તેજ લક્ષહોમ, સરોવર, કૂવા અને દેવમંદિરાદિક બનાવવા સમાન ગણાય. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

दुष्टस्य दण्डः स्वजनस्य पूजा, न्यायेन कोशस्य च संप्रवृत्तिः ।
अपक्षपातो रिपुराष्ट्ररक्षा, पञ्चैव यज्ञाः कथिता नृपाणाम् ॥
किं देवकार्येण नराधिपानां, कृत्वा हि मन्युं विषमस्थितानाम् ।
तद्देवकार्यं च स एव यज्ञो—यदश्रुपाता न भवन्ति राष्ट्रे ॥

અર્થ—"દુષ્ટનો દંડ, સજ્જનની પૂજા, ન્યાયથી કોશ ( ખજાના )ની વૃદ્ધિ, સર્વથા પક્ષપાતનો ત્યાગ અને શત્રુઓથી દેશની રક્ષા કરવી એ પાંચે કાર્યો રાજાઓને માટે ખાસ યજ્ઞભૂત કહ્યાં છે. વિષમ સમયમાં આવી પડેલા રાજાઓ જો ક્રોધ વશ ન થાય તો પછી દેવ સંબંધી કાય કરવાથી શું ? કારણકે રાજ્યમાં કોઈ-પણ ઠેકાણે અશ્રુપાત ન થાય તેજ કાર્ય અને તેજ યજ્ઞ જાણવો." વળી જેઓના માટે હું નિરંતર ટાઢ, તડકો, ક્ષુધા અને તૃષા સહન કરૂં છું, તેઓના ગૃહસાર તથા સ્ત્રીઓને બલાત્કારે તું હરણ કરે છે માટે મ્હારે ત્હારૂં કામ નથી, તેથી તું જલદી મ્હારૂં રાજ્ય છોડી અન્ય સ્થળે ચાલ્યો જા, ત્હારૂં મુખ જોવાનો પણ હવે ધર્મ રહ્યો નથી. કેમકે ચોરટાઓની વસ્તી કરતાં શૂન્યસ્થાન ઘણા દરજ્જે શ્રેષ્ઠ ગણાય.

**સિદ્ધપુત્રનો શાપ.**

એ પ્રમાણે પોતાના પિતાના વચન રૂપ દાવાનળથી પ્રદીપ્ત થયું છે શરીર જેનું એવો તે કુમાર મહન સહિત નગર છોડી ચાલ્યો ગયો. આગળ જતાં એક નગર આવ્યું. ત્યાં નગરના બહાર તળાવની પાળ ઉપર બેઠેલા અને એક સિદ્ધપુત્ર જેમના ચરણની સેવા કરતો હતો એવા મુનીંદ્રને નમસ્કાર કરી રાજકુમાર મિત્ર સહિત ત્યાં બેઠો. તેવામાં સુંદર પૌરાંગનાઓનું એક મુખ્ય મંડલ આવ્યું. મુનીંદ્રને જોઇ તેઓમાંથી એક સ્ત્રી બોલી, સખી ! અલી સખી ! જો જો આ એક આશ્ચર્ય છે. આ ભિક્ષુકનું સ્વરૂપ નેત્રને આનંદજનક કેવું સુંદર દીપે છે? તે સાંભળી પોતાના રૂપથી ગર્વિષ્ટ થએલી અન્ય સ્ત્રી થૂત્કાર કરી બોલી, સખિ ! એના ગાલ તો સુકાઇ ગયા છે તેથી સુંદરતાનું ક્યાં ઠેકાણું છે ? માટે એને પતિ ન કરીશ. આ વાત સિદ્ધપુત્રના સાંભળવામાં આવી તેથી તેણે જાણ્યું કે આ પણ ગુરૂનું મ્હોટું અપમાન થયું ગણાય. એમ સમજી સિદ્ધપુરૂષ તે સ્ત્રી ઉપર એકદમ કોપાયમાન થઇ ગયો અને પોતાની વિદ્યાના બળથી મશ્કરી કરનાર તે સ્ત્રીને મુનિઉપર રાગવાલી કરી. ત્યારબાદ તે સ્ત્રી અન્ય સ્ત્રીઓની સમક્ષ મુનિ પ્રત્યે બોલી, સુંદર અંગવાળા એવા હે ભાગ્યવાન્ ! ત્હારા વિના અહીંથી ચાલવાને મ્હારા પગ ઉપડતા નથી ! તેની સખીઓ બોલી, પ્રિય સખી ! પ્રથમ એને જોઇ ત્હેં થૂત્કાર કર્યો તેનું આ ફળ આવ્યું ! જેણીનું મુખ દીનતામાં આવી પડયું છે એવી તે સ્ત્રી બોલી, મ્હારી સખીઓ થઇ તમે જ્યારે ક્ષત ઉપર ક્ષાર નાખશો તો પછી મ્હારે શરણ કોનું રહ્યું ? વળી તમે મ્હને આ છેવટની જલાંજલિ આપો છો એમ નક્કી સમજજો. ત્યારબાદ તત્કાળ બહુ દુઃખથી પીડાએલી તે સ્ત્રી પૃથ્વીપર પડી ગઇ અને બહુ વિલાપ કરવા લાગી. તે સાંભળી સિદ્ધપુત્ર પોતાની વિદ્યા

સમેટી લઇ બોલ્યો કે આ મુનીંદ્ર તો સ્ત્રીઓને ચાંડાલિની સમાન અસ્પૃશ્ય માને છે. માટે અહીં તને બહુ કલેશ થશે, એમ સમજી વિષયવાસનાનો ત્યાગ કરી તુશાંત થા. વળી આ મુનિ ઉપર ત્હારો રાગ હોય અને ત્હારા આત્માને એમના આધીન માનતી હોય તો એમનું સ્થિર અને પરમ સુખદાયક એવું વચન ગ્રહણ કર. તે સાંભળી મુનને નમસ્કાર કરી સ્ત્રી બોલી, જગદ્પ્રભુ ! મ્હારા યોગ્ય જે કરવાનું હોય તે ફરમાવો. મુનિમહારાજ બોલ્યા, સંસાર એ દુ:ખનો ભંડાર છે અને મુકિત એ પરમ સુખનું સ્થાન છે. વળી તે મુકિતનું કારણ જૈનધર્મ છે. અને તે ધર્મનું કારણ અહિંસા છે. તે અહિંસા કામાદિ કષાયોના અભાવથી સિદ્ધ થાય છે. વળી કષાયોનો ત્યાગ આરંભથી વિમુકત થએલા મહાત્માઓ કરી શકે છે તેમજ આરંભનો ત્યાગ વિષયોથી વિરકત થએલા પુરૂષો કરી શકે છે. એમ કેટલુંક ધર્મસ્વરૂપ બતાવી સમ્યકૃત્વ સહિત મહાવ્રત અને અણુવ્રતનુ સ્વરૂપ કહ્યું.

**કુમારની ધર્મજીજ્ઞાસા.**

એક બાજુએ બેઠેલા કુમારે પણ તે ધર્મતત્ત્વ સાંભળી તેમાંથી પરમાર્થ ગ્રહણ કર્યો અને મુનિને વંદન કરી કહેવા લાગ્યો કે હે દીનબંધુ ! નિષ્કારણ વત્સલ ! કૃપાસિંધુ એવા હે મુનીંદ્ર ! વિષય તૃષ્ણાનો ત્યાગ કરી આપની સેવામાં રહેવું તેજ ઉચિત છે. પરંતુ તે યોગ હાલમાં બને તેવો મ્હારો ભાગ્યોદય નથી, આગળ ઉપર તે પણ સિદ્ધ થશે. પણ હે પ્રભો! હાલમાં કૃપા કરી મ્હને ગૃહિધર્મનો ઉપદેશ આપો. તેમજ તેના મિત્ર મહને અને અનંગસેના વારાંગનાએ પણ શ્રાવક ધર્મની પ્રાર્થના કરી. મુનિએ પણ તેઓના વચનની ઘણી પ્રશંસા કરી શ્રાવક ધર્મનો ઉપદેશ આપ્યો, જે સાંભળી બીજી બાજુએ ઉભેલી કેટલીક વેશ્યાઓએ પણ મદ્ય માંસનો ત્યાગ કર્યો. ત્યારબાદ

મુનિને વંદન કરી સર્વે પોતપોતાના સ્થાનમાં ચાલ્યા, તે સમયે અનંગસેનાએ જાણ્યું કે આ કુમાર સાધર્મિક છે તેથી મદન સહિત કુમારને પોતાને ઘેર લઇ ગઈ અને બહુ સન્માન પૂર્વક તેની સેવા કરી, ત્યારબાદ કુમારે અનંગસેનાને પોતાનું યથાર્થ વૃતાંત સંભળાવ્યું, પછી મિત્રસહિત તે ત્યાંથી નીકળ્યો અને તેની સાથે અનંગસેના વેશ્યા પણ ગઈ.

**જમાલી પલ્લીપતિ.**

આગળ ચાલતાં પુર નામે એક નગર આવ્યું. આ નગર પોતાના પિતાના દેશની સંધિમાં હતું. અને તે દેશ વિશ્વસેન રાજાનો હતો. શ્રી અને મિત્ર સહિત કુમારે નગરની અંદર પ્રવેશ કર્યો અને જૈનમંદિરમાં ચૈત્યવંદન કરતો હતો તેવામાં તેજ નગરનો અધિકારી ભગવાનના દર્શન માટે ત્યાં આવ્યો. બહુ ભકિતભાવથી રોમાંચિત થયાં છે ગાત્ર જેનાં અને એકાગ્ર દ્રષ્ટિથી જીનપ્રતિમાંનું ધ્યાન કરતા એવા કુમારને તેણે જોયો. ત્યારે તે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે આ આકૃતિ જોતાં આ પુરૂષ સામાન્ય નથી. તેથી તેના મિત્રને એક તરફ બોલાવી તેણે પૂછયું કે આ કોણ છે? મને પણ કુમારનું વૃત્તાંત યથાસ્થિત કહ્યું. જેથી અધિકારી હાથ જોડી પ્રાર્થના પૂર્વક કુમારને પોતાને ઘેર લઇ ગયો. અને સન્માનપૂર્વક બહુ સેવા કરી આનંદ આપવા લાગ્યો. તેવામાં જમાલિપલ્લીપતિએ ઉડતી વાત સાંભળી કે વિશ્વસેન રાજા મરણ પામ્યો તેથી પોતાનું સૈન્ય લઇ ને જમાલિ દેશનો હક્ક પોતાને તાબે કરવા ત્યાં આવ્યો અને તેણે નગરની ચારે તરફ ઘેરો ઘાલ્યો. હવે નગરની અંદર જળ નહોતું અને બહારનું જળ શત્રુઓએ રોકી લીધું. તેથી લોકો બહુ તરફડવા માંડ્યા અને અધિકારીની પાસે જઇ કહેવા લાગ્યા કે હવે જળ વિના ક્ષણ માત્ર પણ અમારે

ચાલે તેમ નથી, માટે કૃપા કરી આ નગર જમાલિને આપી દો. આ પ્રમાણે લોકોનો પોકાર સાંભળી અધિકારી એકદમ ગભરાઈ ગયો અને હવે શું કરવું ? ક્યાં જવું ? એમ મૂઢ બની વિચારતા અધિકારીને જોઇ કુમારે તેને એકાંતમાં બોલાવી કહ્યું કે આ બાબતની તમ્હારે કાંઇ ચિંતા કરવી નહીં. તેમજ આ લોકોને તમે એમ કહો કે જેમ યોગ્ય લાગશે તે પ્રમાણે એનો ઉપાય અમે સવારે કરીશું, માટે સુખેથી ઘેર જાઓ અને ચિંતા કરશો નહીં. ત્યારબાદ અધિકારીએ પણ તે પ્રમાણે કહી લોકોને વિદાય કર્યા. પછી તેણે કુમારને પૂછયું, હવે આનો ઉપાય શો કરવો ? કુમારે જણાવ્યું કે જે કરવાનું છે તે તમને સવારમાંજ કહીશ, હાલ કહેવાય તેમ નથી. એમ તેને સમજાવીને શાંત કર્યો. રાત્રીના સમયે કુમાર પોતાની વિદ્યાના બળથી પ્રસારેલા કિરણના આધારે કિલ્લાનું ઉલ્લંઘન કરી પલ્લીપતિના આવાસમાં ગયો. તેનું શયન સ્થાન યંત્રથી ગોઠવેલા કાષ્ઠના માળા ઉપર હતું, તેથી તે માળા ઉપર પણ વિદ્યાબળથી જ ચઢયો. ત્યાં સુતેલા તે જમાલિને જોઇ તેને બાહુવડે પકડીને કહ્યું કે, હું યક્ષ છું અને આ નગરનો રક્ષક છું. માટે જો સવારે અહીં ઉભો રહીશ તો જરૂર ત્હારૂં મૃત્યુ થશે. એમ કહી તેના નામવાળી મુદ્રિકા તેના હસ્તમાંથી લઇ તેજ પ્રમાણે કિરણ પ્રયોગવડે પોતાના સ્થાનમાં ગયો. પલ્લીપતિ પણ આવો દેખાવ જોઈ એકદમ ભયભીત થઈ ગયો અને તેજ વખતે પોતાના પરિજનને યક્ષની સમગ્ર વાત કહીને ત્યાંથી તેણે પ્રયાણ કર્યું.

**પર્યાલોચના.**

ત્યારબાદ આરક્ષકને ખબર પડી કે પલ્લીપતિ જમાલી નાશી ગયો, એટલે તેજ સમયે તેણે પોતાનો સેવક મોકલી અધિકારીને જણાવ્યું કે આપણો વૈરી સૈન્ય સહિત રાતમાં નાશી ગયો

છે. ત્યારબાદ અધિકારીએ પણ તે વાત કુમારને જણાવી તેની બહુ પ્રશંસા કરી, કુમાર બોલ્યો, હે રાજપુરૂષ! તમ્હારા પુણ્યોદયને લીધે આ કાર્ય સિદ્ધ થયું છે. ત્યારબાદ કુમારની આંગળીએ બહુ ચળકતી મુદ્રિકા અધિકારીના જોવામાં આવી, જેથી પોતાને બહુ આશ્ચર્ય લાગ્યું અને તેથી તે મુદ્રિકા પોતાના હાથમાં લઇ જોવા લાગ્યો. તેની ઉપર જમાલીનું નામ જોઈ બહુ ખુશી થયો અને તે બોલ્યો, હે પુરૂષ રત્ન ! આ સાહસ કાર્યમાં ત્હારોજ ઉદ્યમ જણાય છે. કુમાર બોલ્યો, આપનું કહેવું સત્ય છે પરંતુ આ કાર્ય કરવાથી મ્હારા ત્રીજા વ્રતનો ભંગ થયો. અધિકારી બોલ્યો, આપનું કહેવું પણ સત્ય છે પરંતુ હું આપનો સાધર્મિક છું તો આપે મ્હારી ઉપર બહુ દયા કરી, તેથી આપનો મ્હારા ઉપર મ્હોટો ઉપકાર થયો, કારણ કે ચતુર્વિધ સંઘ પરમ પૂજ્ય એવા સૂરિ મહારાજ અને જૈનમંદિરો ઉપર ઉપકાર કરવો એમ કેવલી ભગવાને કહ્યું છે. તેમ છતાં પણ હાલ અહીં ગુરૂ મહારાજ પધારેલા છે માટે તેમની પાસે જઈ આપ આલોચન કરો અને તેથી ત્રીજા વ્રતની શુદ્ધિ થશે. કુમાર પણ તેજ પ્રમાણે ગુરૂ સમક્ષ આલોચના કરી નિર્દોષ થયો.

અનુક્રમે વિશ્વસેન રાજા પણ રોગ શાંત થવાથી સ્વસ્થ થયો તેવા સમાચાર અધિકારી ઉપર આવી ગયા.

**મોક્ષપદવી.** વળી હાલમાં કુમારના પરાક્રમવડે નગરને કોઈ પ્રકારનો ભય નથી એમ જાણી કુમારને સાથે લઈ અધિકારી વિશ્વસેન રાજાને મળવા માટે ગયો. પરસ્પર કેટલીક વાતચિત્ત થયા બાદ અધિકારીએ કુમારનું વૃત્તાંત જણાવ્યું, તે સાંભળી રાજાએ વિચાર કર્યો કે મ્હારે પુત્ર નથી તો આનેજ પુત્ર કરવો ઠીક છે. વળી એનામાં એક મ્હોટો ગુણ છે કે સ્થુલ અને અનપરાધી પ્રાણીઓના વધથી એ વિરક્ત

થએલો છે માટે એના વિશ્વાસે રહીશ તોપણ એનાથી કોઈ પ્રકારનો ભય નહીં થાય એમ જાણી રાજાએ કુમારને યુવરાજ-પદવી આપી અને રાજ્ય કારભારનો અધિકાર સોંપ્યો, અને પોતે નિવૃત્ત થઈ તેના સંગથી સમ્યક્ત્વ પામી જૈનશાસનની ઉન્નતિ કરવા લાગ્યો ત્યારબાદ પ્રથમ પદભ્રષ્ટ કરેલા રાજાના દેશમાં મહનને દંડાધિપનું સ્થાન આપ્યું એટલે મહન શ્રેષ્ઠી ઉન્મત્ત દશામાં આવી ગયો. તે પ્રસંગે તે દેશના ચોરલોકો, પર રાજ્યના નજીકના દેશો લુંટી લેતા હતા. લોકોનું ધન અને કેટલાક મનુષ્યોને પણ હરણ કરી ત્યાં લાવતા હતા. મહન તેઓને બહુ ઉત્સાહ આપતો હતો. ચોરલોકો પણ દરેક પદાર્થો-માંથી છઠ્ઠો ભાગ તેને આપતા હતા. આ પ્રમાણે લોભમાં લુબ્ધ થઇ તેણે ત્રીજા વ્રતનું દૂષણ પણ ગણ્યું નહીં. બાદ સીમાડાના રાજાઓએ તે વાત જાણી તેમ વિચાર કર્યો કે આ દંડનાયક દેશ લુંટાવતો છતો શાંત નહીં થાય, માટે કોઈક ઘાતક સુભટ પાસે મહનને મારી નંખાવ્યો. પછી તે મહન ત્રીજા વ્રતનો ભંગ કરી એકઠા કરેલા પદાર્થોમાં મૂર્છિત થઇ ઘાતક ઉપર બહુ ક્રોધાયમાન થયો છતો રૌદ્ર ધ્યાનવડે મરણ પામી ત્રીજી નરક ભૂમિમાં ગયો. ત્યાંથી નીકળ્યા બાદ સંસારમાં બહુકાળ પરિભ્રમણ કરશે. માટે હે ભવ્ય પુરૂષો ! જો મોક્ષ સુખની ઇચ્છા હોય તો ચોરને સહાય રૂપ ત્રીજા વ્રતના બીજા અતિચારનો ત્યાગ કરો. વળી કુમાર પણ ચિરકાળ રાજ્યધર્મ પાળી છેવટે ઉત્કૃષ્ટ નિર-તિચાર ચારિત્ર આરાધીને મોક્ષ સુખ પામ્યો, તેમજ અનંગસેના પણ તેજ પદવીને પામી.

इति श्री तृतीयाणुव्रते द्वितीयातीचारविपाके महनकथा समाप्ता ॥

# ऊदयन श्रेष्ठीनी कथा.

## તૃતીય વિરૂદ્ધરાજ્યાતિક્રમાતિચાર.

દાનવિર્ય રાજાએ પ્રશ્ન કર્યો, હે ભગવન્ ! ત્રીજા અતીચારનું સ્વરૂપ સંભળાવો અને તેનું સેવન કરવાથી

**ત્રીજો અતીચાર.**

કઈ ગતિ થાય છે ? તે પણ આપ કૃપા કરી કહો. શ્રી સુપાર્શ્વ પ્રભુ બોલ્યા, હે રાજન ! જે પુરૂષ પોતાના રાજ્યથી વિરૂદ્ધ રાજ્યમાં વેપાર કરે છે, તે ઉદયનની માફક ત્રીજા વ્રતનો ત્રીજો અતિચાર કરવાથી ધન અને શરીરનો નાશ કરે છે. જેમકે—અનેક મુનિઓના ચરણારવિંદથી બહુ પવિત્ર તેમજ અનેક વિદ્વાનોથી વિભૂષિત જે નગર માત્ર સાત મુનિ ( રૂષિ ) ઓથી સેવાયલુ અને એક જેમાં બુધ રહેલો છે એવા આકાશને હસે છે તેવું શિવભદ્ર નામે નગર આ ભરતક્ષેત્રમાં તિલક સમાન શોભે છે. તેની અંદર ઉત્તમ સુવર્ણવડે યુક્ત સુરન ( જન ) ( સારાં રત્ન—સજ્જનો ) થી સેવાતો, સન્નંદન ( શ્રેષ્ઠ નંદનવન=ઉત્તમ પુત્રો ) વડે સુશોભિત મેરૂગિરિ સમાન સ્થિર પ્રકૃતિવાળો રત્નાકર નામે શ્રેષ્ઠી છે. તેમજ સ્થિર છે યૌવન જેનું, સુવર્ણ સમાન કાંતિ છે જેની, મિષોન્મિષ રહિત છે દૃષ્ટિ જેની અને બહુ વિબુધજન (દેવ=વિદ્વાનો) માં માન પામેલી દેવાંગના સમાન સુંદરી નામે તેની સ્રી છે. સગુણ ( શકુન ) ગુણવાન્—પક્ષિઓએ કરી છે, સેવા જેની એવા ગરૂડ સમાન ઉત્તમનીતિવાળો અને સર્વ કલાઓમાં બહુદક્ષ તેમજ વિનયવાન્ રાજપાલ નામે તેઓને એક પુત્ર છે. તેમજ કનકધ્વજ શેઠનો પુત્ર ઉદયન નામે તેનો મિત્ર છે. બન્ને મિત્રો નદી, સરોવર અને ઉદ્યાનાદિકમાં ક્રીડાઓ કરે છે.

એક દિવસ નદીમાં બન્ને રમતા હતા. તેવામાં ત્યાં ઉત્તમ રૂપવતી એક બાળા તેઓના જોવામાં આવી.

**એકબાલાનું દર્શન.** દીવ્ય અલંકારોને ધારણ કરતી જાણે જલદેવી હોયને શું ? તેમ નેત્રને આનંદ આપતી તે બાલા કાષ્ટનું અવલંબન લઈ જલમાં તરતી હતી, ક્ષણમાં ડુબી જાય અને ક્ષણમાં બહાર નીકળે, તેથી પોતાના આત્માને મૃતપ્રાય માનતી તે બાલાએ પણ દૂરથી તે બન્ને મિત્રોને જોયા અને તે બોલી, મરણ ભયથી ભીરૂ, શરણહીન અને દીન અવસ્થા અનુભવતિ મ્હને આ સમયે તમે પ્રાણ ભિક્ષા આપો. અનાથની રક્ષા કરવામાં ઉપેક્ષા ન કરો. આ પ્રમાણે બાલાનું વચન સાંભળી તેઓ ક્ષણાર્ધમાં નદીના પ્રવાહમાંથી તેને બહાર કાઢી પૂછવા લાગ્યા, તું કોણ છે અને આ સ્થિતિમાં શાથી આવી પડી ? બાલા પોતાનું વૃત્તાંત કહેવા લાગી.

સિદ્ધેશ્વર નામે નગર છે, તેમાં ગુણસેન નામે બહુ ધનાઢ્ય શેઠ રહે છે. જયશ્રી નામે તેની ભાર્યા છે.

**બાલાનું ચરિત્ર.** તેઓને સાત પુત્ર અને છેવટમાં બહુ માનતાઓથી હું એક પુત્રી થઈ. તેમજ તેઓનો મ્હારી ઉપર બહુ પ્રેમ હોવાથી દુર્લભદેવી એવું મ્હારૂં નામ પાડ્યું. અનુક્રમે યૌવન અવસ્થામાં આવી. જેથી મ્હને પરણવા અનેક વણિક્ પુત્રો માગણી કરવા લાગ્યા. હું તેઓને હા પાડતી નહોતી, તેથી મ્હારા માતા પિતાએ મ્હને બહુ સમજાવી તોપણ મ્હારૂં મંતવ્ય મ્હેં તેજ પ્રમાણે સત્ય રાખ્યું છે. વળી હે શ્રેષ્ઠીપુત્ર ! ઉત્તમ શ્રાવક કુળમાં મ્હારો જન્મ છે. નિરંતર સાધુ સંગમાં મ્હારી પ્રીતિ છે, તેમજ કર્મની લઘુતાને લીધે મનથી પણ હું સંસારવાસ ઈચ્છતી નથી. માત્ર સંયમનીજ વાંછા કરૂં છું. પરંતુ સ્નેહપાશને લીધે મ્હારા માતાપિતા મ્હને રજા આ-

પતા નથી તેથી હાલ હું શ્રાવક ધર્મ પાળું છું. મ્હારા માતા-પિતાની દ્રષ્ટિગોચર રહીને સુખેથી ગૃહવાસમાં રહું છું. હવે એક દિવસ હું દર્શન માટે જૈનમંદિરમાં જતી હતી, ત્યારે માર્ગમાં બે રાજપુત્રોએ મ્હને જોઇ એટલે તેમાંથી એક બોલ્યો, હે મૃગાક્ષિ ! પ્રસન્ન થઈ મ્હારા સ્હામી દ્રષ્ટિ કર કે જેથી ત્હારી દ્રષ્ટિરૂપ અમૃતથી હું શાંત થાઉં. પછી બીજો બોલ્યો, હે તન્વંગી ! જો દયા ધર્મ પાળનારી તું સત્ય શ્રાવિકા હોય તો મ્હને છોડીને મનથી પણ બીજાની પ્રાર્થના કરીશ નહીં, અન્યથા જરૂર મ્હારા પ્રાણ પરલોકમાં પધારશે. આ પ્રમાણે બન્નેનાં અસભ્ય વચન સાંભળી જલદી હું જૈનમંદિરમાં ગઈ. વિધિ સહિત પૂજન વંદન કરી ત્યાંથી બહાર નીકળી ગૃહ તરફ આવતી હતી તેટલામાં તે બન્ને જણ આગળ માર્ગ રોકી ઉભા હતા. તેમને જોઈ હું આડે રસ્તે નાઠી અને શીળવ્રતની રક્ષા માટે દૂર ચાલી ગઈ, તોપણ તેઓ મ્હારી પાછળનેપાછળ આવતા હતા. એવામાં એક શંકરનું મંદિર આવ્યું એટલે એકદમ તેની અંદર હું પેસી ગઈ અને દ્વાર બંધ કર્યાં. તેટલામાં તેઓ બહાર આવીને પરસ્પર યુદ્ધ કરવા લાગ્યા. એક કહે મ્હારી સ્રી છે અને બીજો કહે મ્હારી સ્રી છે ! એમ વિવાદમાં એક બીજાના ખડ્ગથી બન્ને જણા પ્રાણ મુકત થયા. એ પ્રમાણે તેઓનું મરણ જોઈ દ્વાર ઉઘાડીને મ્હેં ત્યાં આવી જોયું તો તેજ સ્થિતિમાં બન્નેને જોયા. ત્યારબાદ મ્હને વિચાર થયો કે અરે ! મ્હને ધિક્કાર છે. આ બન્નેના મરણનું કારણ હું પોતેજ થઈ. અથવા આતો મોહનો વિલાસ છે. એમાં મ્હારો શો દોષ ? વળી સ્રીઓનો દેહ અશુચિ રસથી ભરેલો છે. અસ્થિ, વિષ્ટા તેમજ ચામડી તથા નસોથી વ્યાપ્ત છે. તો આ દેહમાં કીડા વિના બીજો કોણ આસક્ત થાય ? યુવતિઓનો નિતંબ ભાગ કામદેવને વિલાસ કરવાની રાજધાની છે

એમ વિષયી લોકો જાણે છે, પરંતુ અશુચિ એવા મળમૂત્રની પોટલી છે તેમ જાણતા નથી. અહો ! મોહ માહાત્મ્ય કેવું છે ? ત્રિવલી રૂપતરંગોથી યુક્ત સ્ત્રીઓની નાભિને મૂઢ પુરૂષો અમૃત કુંડ માને છે. પણ અસંખ્ય દુઃખોનું સ્થાન માનતા નથી. માટે જેવી રીતે આ બન્ને મ્હને જોઇ મોહિત થયા અને મરણ પણ પામ્યા, તેવી રીતે બીજાઓની સ્થિતિ ન થાય તેટલા માટે હું ચોક્કસ વિચાર કરી આત્મઘાત માટે નદીમાં પડી, પણ પછી મ્હને વિચાર થયો કે અરે ! આ મ્હોટું પાપ આચર્યું, કેમકે જીનેંદ્રભગવાને પોતાના અને પરના વધનો નિષેધ કર્યો છે. એમ જાણી આત્મહત્યાના પાપથી ભીરૂ થયેલી એવી હું તમ્હારા જોવામાં આવી. નિષ્કારણ દયાળુ એવા તમોએ મ્હને જીવિતદાન આપ્યું. ત્યારબાદ તેઓ બોલ્યા, ધર્મના સંબંધથી તું અમારી બ્હેન છે. માટે હે ભાગ્યવંતી ! ચાલ, અમારે ઘેર, પછી ત્હારા પિતાને ત્યાં ત્હને અમે લઇ જઇશું. ત્યારબાદ તે બાલા તેઓની સાથે રત્નાકર શેઠને ત્યાં ગઇ. પુત્રના મુખથી બાલાની સર્વ હકીકત જાણી શેઠે પણ સારી રીતે તેની સેવા કરી. બાલાએ શેઠને કહ્યું કે મ્હારા વિયોગથી મ્હારા માતાપિતાને બહુ ચિંતા થતી હશે. તેથી તેમને ખબર મોકલાવો. રત્નાકરે પણ તે પ્રમાણે સમાચાર મોકલાવ્યા. આ લોકોને ધર્મમાં દોરવા જોઇએ એમ જાણી બાલાએ પણ ત્યાં રહીને સર્વ લોકોને શ્રાવક ધર્મનો ઉપદેશ આપ્યો. તેઓએ પણ પોતાની શક્તિ પ્રમાણે સદ્ગુરૂના ચરણકમલમાં ગ્રહી ધર્મનો સ્વીકાર કર્યો. થોડા દિવસમાં તે બાલાનાં માતપિતા પણ ત્યાં આવ્યાં. રત્નાકર શેઠે તેઓની બહુ ભક્તિ કરી અને બાળાનું સર્વ વૃત્તાંત કહ્યું. તમ્હારો વિયોગ હતો છતાં પણ તમ્હારી પુત્રીએ અમારો જન્મ જૈનધર્મના ઉપદેશથી સફલ કર્યો, કારણકે—

यद्यपि विपदि विनश्यति, परमुपकुरुते तथाऽपि खलु सुजनः ।
स्वयमगुरुर्दह्यन्नपि, समीपलोकन्तु सुरभयति ॥

અર્થ—"જેમ અગુરૂ ધૂપ પોતે બળતો છતો પણ સમીપમાં રહેલા પ્રાણીને સુગંધ આપે છે, તેમ સજ્જન પુરૂષ જોકે વિપત્કાળમાં વિનાશ પામે તો પણ પરોપકારથી વિમુખ થતો નથી." એ વાક્ય તેણીએ સત્ય કર્યું.

**બાલાનો અભિપ્રાય.**

ત્યારબાદ તેનાં માતાપિતાએ વિચાર કર્યો કે આ પુત્રીને આપણે સંસારમાં જોડીએ એવી આશા આપણી નિરર્થક છે. કારણ કે જે અન્ય લોકોને વિષય ઉપરથી વિરક્ત કરી ધર્મમાં જોડે છે તે પોતે આ સંસારમાં વિષયભોગમાં કેવી રીતે આસક્ત થાય? ત્યારબાદ પુત્રી માતાપિતાના ચરણમાં પ્રણામ કરી બોલી, હે તાત! હે માત! મ્હારી ઉપર દયા કરી અહીંજ મ્હને દીક્ષા અપાવો. કારણ કે હું બહુ વિચિત્ર દશામાં આવી પડી છું. પ્રથમ તો વિષય વાસનાથી દીન બનેલા રાજપુત્રોનાં મરણનું હું કારણ થઇ. ત્યારબાદ તમોએ પાલન પોષણ કરેલા અને સંસાર જન્ય દુઃખોને નિર્મૂલ કરવામાં સમર્થ એવા આ દેહને મ્હેં અજ્ઞાન બુદ્ધિથી નદીમાં નાખ્યો. જો આ બન્ને જણે મ્હને ન કાઢી હોત તો હું અજ્ઞાન મરણ સાધીને ભવાટવીમાં લાખો દુઃખોનું પાત્ર થાત. પછી તેના પિતા બોલ્યા, વિવેકના કુલમંદિર સમાન એવી હે પુત્રી! અમને પણ આ સુગુરૂનું વચન રૂચિકારક થયું છે. તેથી ત્હારી ઇચ્છા પૂર્ણ કરવા માટે અમે પણ પ્રવૃત્તિ કરાશું. પરંતુ અસાધારણ શીલગુણ, ઉત્તમ વિવેક યુક્ત વચન અને વિનયાદિક ત્હારા ગુણોથી રંજીત થએલો સ્વજનવર્ગ સહસા ત્હારૂં અદર્શન

થવાથી દુ:ખસાગરમાં ડુબી ગયો છે. તો તેઓને ત્હારૂં દર્શન નાવ સમાન થઇ પડશે તેથી હાલ તું જલદી ત્યાં ચાલ. ત્યાં ગયા બાદ ત્હારો મનોરથ સફળ કરીશું. એમ પોતાની પુત્રીને કહી ગુણસેન શ્રેષ્ઠીએ સિદ્ધેશ્વર નામે પોતાના નગરમાં જવા માટે રત્નાકર શેઠની આજ્ઞા માગી. ત્યારે તે બોલ્યો, કલ્પવૃક્ષ સમાન વાંછિતદાયક એવા જૈનધર્મમાં આ દુર્લભદેવીએ અમને સ્થાપન કરી અમારૂં પશુપણું દૂર કરીને મનુષ્યપણામાં દાખલ કર્યા છે. કહ્યું છે કે:—

आहारनिद्राभयमैथुनानि, तुल्यानि सार्द्धं पशुभिर्नराणाम् ॥
ज्ञानं विशेषः पशुमानुषाणां, ज्ञानेन हीनाः पशवो मनुष्याः ॥

અર્થ—"પશુ અને મનુષ્યોને આહાર, નિદ્રા, ભય અને મૈથુન સમાન હોય છે, ઉભયમાં જ્ઞાનમાત્ર વિશેષ હોય છે. માટે જ્ઞાન વિનાના મનુષ્યો પશુતુલ્ય જાણવા." આ પ્રમાણે રત્નાકર શ્રેષ્ઠીએ વિનય સહિત વચન પૂર્વક વસ્ત્રાભરણોથી સન્માન કરી તેઓને વિદાય કર્યા. અનુક્રમે તેઓ પણ પોતાના નગરમાં ગયા. ત્યારબાદ દુર્લભદેવી માતપિતાની આજ્ઞા લઈ સુગુરૂના ચરણકમળમાં દીક્ષા ગ્રહણ કરી એકાદશ અંગોનું અધ્યયન કરી ચિરકાળ વિહાર કરી કેવળ જ્ઞાન પામી બહુ લોકોનો સંસારસાગરમાંથી ઉદ્ધાર કરી પોતે મોક્ષ સુખ પામી.

**ઉદયનનું કપટ.**

હવે રત્નાકરશેઠ પણ કુટુંબ સહિત અંગિકાર કરેલા ગૃહિધર્મમાં ઉદ્યુક્ત થયો. તેનો પુત્ર રાજપાલ પણ તેજ પ્રમાણે હમ્મેશાં ધર્મારાધનમાં તત્પર રહેતો હતો. તેના સંસર્ગથી ઉદયન પણ ધર્મકાર્યમાં ઉદ્યુકત થયો. પ્રાયે તેઓ બન્ને મિત્રો સાથેજ વેપાર પણ કરતા હતા. તેવામાં પોતનપુર રાજાના સમસ્ત દેશમાં

અતિ ભયંકર દુષ્કાળ પડ્યો અને શિવભદ્ર નગરમાં તેમજ સમગ્ર પોતાના દેશમાં સુકાળ જ હતો. તેથી તે દેશના રાજાએ સર્વને ખબર આપી કે જે કોઇ વેપારી પોતનપુર દેશમાં એક મણ પણ ધાન્ય મોકલશે તો તેનો હું મ્હોટો દંડ કરીશ. તેમજ તેનું સર્વસ્વ હરણ કરી લઇશ. આ પ્રમાણેનો ઢંઢેરો પોતે જાણે છે છતાં પણ ઉદયન ગુપ્ત રીતે વેપારીઓ સાથે તે દેશમાં ધાન્ય મોકલાવવા લાગ્યો. તે વાત રાજપાલના જાણવામાં આવી કે તરતજ તેણે ઉદયનને કહ્યું કે વિરૂદ્ધ રાજ્યમાં વ્યવહાર કરવો ત્હને યોગ્ય ગણાય નહીં. તેમજ જો ત્હને રાજાની આજ્ઞા સાંભરતી હોય તો તે કુવેપાર બંધ કર. કારણકે ત્રીજા વ્રતમાં અતિચાર લાગવાથી આ કાર્ય ધર્મ વિરૂદ્ધ પણ થશે. વળી રાજાનો કોપ થવાથી ત્હારા ધનનો પણ નાશ થશે. માનની હાનિ અને જીવવું પણ દુર્લભ થઇ પડશે. વળી અધમ લોકોને આનંદ થશે. અને સ્વજન વર્ગને બહુ પીડા થશે. એ પ્રમાણે રાજપાલે બહુ વાર્યો તોપણ તે અધર્મથી વિરામ પામ્યો નહીં. અનુક્રમે તે વાત રાજાના જાણવામાં આવી. જેથી તેનું સર્વસ્વ હરી લઇ રાજાએ તેને વધ્યસ્થાને લઇ જવાની આજ્ઞા કરી. પોતાનો મિત્ર જાણી તેની ઉપર રાજપાલને દયા આવી. જેથી મહા કષ્ટે તેને છોડાવ્યો. પરંતુ તે આલોચન કર્યા વિના મરણ પામી ભવ-સાગરમાં બહુ સમય પરિભ્રમણ કરશે. વળી રત્નાકર શ્રાવકનું કુટુંબ પણ શ્રાવક ધર્મનું સારી રીતે આરાધન કરી ઉત્તમ દેવ-લોક તથા મનુષ્ય ભવ પામી સ્વલ્પ સમયમાં મોક્ષ સુખ પામશે.

इति तृतीयाणुव्रते विरुद्धराज्यातिक्रमाऽतिचारे
उदयनकथानकं समाप्तम् ॥

# वरुणवणिकनी कथा.

## કૂટતુલામાનાતિચાર.

દાનવિર્ય રાજાએ વિનય પૂર્વક પ્રશ્ન કર્યો કે હે ભગવાન્ ! હે કૃપાસાગર ! તૃતીય અણુવ્રતમાં ચોથા અતિચારનું સ્વરૂપ દ્રષ્ટાંત સહિત સંભળાવીને અમને કૃતાર્થ કરો. શ્રી સુપાર્શ્વપ્રભુ રાજાનો પ્રશ્ન સાંભળી બહુ ઉત્સાહ આપીને બોલ્યા, હે નરાધીશ ! ત્રીજું વ્રત ધારણ કરી જે કૂટ ( ખોટાં ) વજન અથવા માનાદિકથી વ્યવહાર કરે છે, તે પુરૂષ વરૂણની પેઠે ઉભય લોકમાં અવશ્ય દુઃખી થાય છે.

**વરૂણદ્રષ્ટાંત.**

આ ભરતક્ષેત્રમાં સુવર્ણ ( ઉત્તમ કાંતિ– સોનું અથવા બ્રાહ્મણાદિક ઉત્તમ જાતિ ) વડે વિભૂષિત, તેમજ પ્રવર ગદા ( ગજ ) શ્રેષ્ટ ગદા નામે આયુધ ( ઉત્તમ હસ્તિઓ ) નો આધાર ભૂત વિષ્ણુના શરીર સમાન મણિખેટ નામે સુપ્રસિદ્ધ નગર છે. તેમાં નિરંતર દાન ( મદ ) ની વૃષ્ટિ કરવામાં અતિદક્ષ ગજેંદ્ર સમાન હરિવિક્રમ નામે રાજા રાજ્ય કરે છે. ચંદ્રલેખા નામે તેની સ્ત્રી છે. વળી તે નગરમાં દેવસેન નામે નગરશેઠ છે. તેમની સ્ત્રીનું નામ વિજયા છે. અને વરૂણ નામે તેઓને એક પુત્ર છે તે દરેક કલામાં બહુ કુશલ છતાં નિરંતર પોતાના મિત્ર સાથે સ્મશાન ભૂમિમાં તેમજ જંગલમાં ભ્રમણ કરે છે. માત્ર અનર્થ કાર્યમાંજ તે આનંદ માને છે.

**કેવળજ્ઞાન.**

એક દિવસ હરિવિક્રમ રાજાએ લોકોની દયાને લીધે ચોટામાં ભરતચક્રવર્ત્તિનું નાટક કરાવ્યું. લોકો બહુ ઉમંગથી એકઠા થયા. વરૂણ પણ તે ખેલ જોવા લાગ્યો. તે પ્રસંગે નાટકિઆએ ભર-

તનરેશ્વરનો આરીસા ભવનનો પ્રવેશ આબેહુબ ભજવી બતાવ્યો. જેમકે–સુંદર અલંકારોથી વિભૂષિત પોતાનું શરીર જોઈ ભરત રાજા બહુ ખુશી થયા. પછી પોતાની આંગળીએથી મુદ્રિકા નીકળી પડી તેથી શોભા રહિત આંગળી જોઈ અનુક્રમે સર્વ અલંકાર ત્યજી દીધા, એટલે શોભા રહિત પોતાનું શરીર જોયું. તે ઉપરથી આ સંસારમાં સર્વ વસ્તુઓની શોભા કૃતિમ છે એમ માની ભરતચક્રી વૈરાગ્ય પામ્યા. ક્ષણ માત્રમાં કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. દેવોએ મુનિવેષ અર્પણ કર્યો. સુરેંદ્રોએ નમસ્કાર કર્યો. ત્યારબાદ ભવનમાંથી નીકળતાં તેમની પાછળ પાંચસો રાજાઓ પણ નીકળી ચાલ્યા. તે જોવાથી તેમજ વળી વૈરાગ્યનાં વચન સાંભળવાથી વરૂણ વૈરાગ્ય રૂપી રંગશાળામાં ઉતરી પડ્યો. અને પોતે વિવેકી બની સૂત્રધારને પૂછવા લાગ્યો કે આ ભરત સ્વામીના માર્ગને આ મ્હોટા પ્રભાવિક રાજાઓ અનુસર્યા. પરંતુ અમારા સરખા સત્વહીન પ્રાણીઓની કોઈપણ સુગતિ થાય તેવો રસ્તો છે ? હા છે. એમ કહીને તેણે સમ્યક્ત્વાદિ બાર પ્રકારનો શ્રાવક ધર્મ કહ્યો, પોતાના પિતા સહિત વરૂણે સાવધાનપણે તે અંગીકાર કર્યો. પિતાની વૃદ્ધ અવસ્થા હોવાથી વરૂણ દુકાનનું કામ પોતાની બુદ્ધિથી ચલાવતો હતો તેમના કુટુંબના નિર્વાહ જેટલું ધન પણ કમાયો હતો. પરંતુ લોકોમાં માન પામેલા અન્ય ધનાઢ્ય લોકોને જોઈ તેણે જાણ્યું કે લોકમાં કીર્ત્તિ તો ધનથીજ થાય છે. એમ વિચાર કરતાં તેને ધનનો લોભ બહુ વધી ગયો અને તેમાંજ આસક્ત થવાથી તે શુદ્ધ ભાવ ઉપરથી પડી ગયો. જ્યારે પોતાને લેવું હોય ત્યારે મ્હોટા વજનથી તોળે છે અને આપવું હોય ત્યારે નાના વજનથી તોળે છે ! તેમજ ધાન્ય, ઘી, તેલ વિગેરેનાં માપ પણ તેવીજ રીતનાં રાખી કૂટ વ્યવહાર કરવા લાગ્યો. આ વાત તેના પિતાના જાણવામાં આવી તેથી તેણે બહુ

સમજાવીને કહ્યું કે હે પુત્ર ! આ કૂટ વ્યવહાર કરવો આપણને ઉચિત ન ગણાય. વળી વ્રતમાં અતિચાર લાગે છે. એમ બહુ કહ્યું તોપણ વરૂણે પૈસાના લોભથી કૂટેવ છોડી નહીં.

ત્યારબાદ તેના પિતાએ તેના ઉપર એક દૃષ્ટાંત કહ્યું, જેમકે—

**ધનશ્રેષ્ઠીનું દૃષ્ટાંત**

શાંતિ ગામમાં ધન નામે વણિક્ હતો. તે સ્વભાવથી જ સત્યવાદી હતો. તેમજ થોડા લાભથી મ્હોટો વેપાર કરતો હતો. જેથી એટલી બધી તેની પ્રસિદ્ધિ થઈ કે અન્ય દુકાનોનો ત્યાગ કરી સર્વ લોકો તેનીજ દુકાને આવતા હતા. તેમજ લોકોની એટલી બધી ગીરદી થતી કે જમવાનો સમય પણ તેને પુરો મળતો નહોતો. વળી તે લોકોને એમજ કહેતો કે શું મ્હારી એકજ દુકાન છે ? અહીંથી ચાલ્યા જાઓ ! મ્હારી એકલાની પાછળ લાગ્યા છો. મ્હારે તમારો વધારે લાભ નથી જોઇતો. સુંદર ભોજન પણ મર્યાદા ઉપરાંત કરવાથી ઉદ્વેગ કારક થાય છે. એમ તે વરૂણ બોલતો હતો, પરંતુ લોકોએ તેની દુકાન છોડી નહીં. બીજી બધી દુકાનો છોડીને તેની દુકાને દિવસે દિવસે ઘણા લોકો આવવા લાગ્યા. તે વાત સાંભળી પાસેના વેપારીઓ લોકોને કહેવા લાગ્યા કે અરે ! તમે કેવા મુર્ખાઓ છો ! તમ્હારૂં અપમાન કરે છે તોપણ તે જૂઠા ધૂર્તની દુકાન કેમ છોડતા નથી ! એ પણ પોતાના લાભ માટે વેપાર કરે છે. મફત તો નથી કરતો ? વળી અમે પણ કરીઆણું આપ્યા સિવાય તો પૈસા નથી લેતા ! તે સાંભળી કેટલાક ગ્રાહકો બોલ્યા, તમે સર્વે વેપારીઓએ ચોરીનો ધંધો આદર્યો છે. તમને સર્વેને અમે બરાબર ઓળખીએ છીએ. વળી તમે બોલ્યા વિના તોલ કરો છો. પૂછવાથી પુરો જવાબ પણ આપતા નથી. એવી રીતના વેષધારી વણિક્ બનીને તમે સર્વે લોકોને લુંટી લીધા સત્યથી વેપાર કરતો આ વણીક તમારી દૃષ્ટિએ ભલે દ્વિતુંડ (બેમુ-

અવાળો) હોય, પરંતુ અમને તે સારો લાગે છે, કારણ કે રોગને શાંત કરનાર ઔષધ કડવું હોય તોપણ પ્રિય લાગે છે. તે પ્રમાણે લોકોનું વચન સાંભળી અન્ય વેપારીઓ ધનશ્રેષ્ઠી ઉપર વિશેષ દ્વેષ કરવા લાગ્યા, અને દરેક કાર્યમાં તેનાં છિદ્ર શોધતા હતા પરંતુ કિંચિત્માત્ર પણ તેની ભૂલ દેખવામાં આવતી ન હતી.

**એક આભીરની સ્ત્રી**

વેપારી કોમના કોઈએક વણિકે તરતનો મરેલો એક બાળક ત્યાં પડેલો જોયો. પછી સર્વે વેપારીઓની સંમતિ લઈ તેણે એક આભીરીને બોલાવી તેને લાંચ આપી પોતાને સ્વાધીન કરી અને કહ્યું કે અમારૂં આટલું કાર્ય ત્હારે કરવાનું છે. તેણીએ પણ તે પ્રમાણે કબુલ કર્યું, ત્યારબાદ તે ભરવાડની સ્ત્રીને એક વસ્ત્રમાં વીંટીને મરેલો તે બાળક આપ્યો અને કહ્યું કે આ બાળકને કેડમાં બેસારી તે ધનશ્રેષ્ઠીની દુકાને તું જા, પછી તે પ્રમાણે સજીને તેની દુકાન આગળ ગઈ અને સુતરને બદલે તેલ માંગ્યું. તે સમયે અન્ય ગ્રાહકોની સાથે તે આપ લે કરતો હતો તેથી તેણે કંઇ જવાબ પણ આપ્યો નહીં, એટલે તે કોપ કરી બોલી, રે ભિક્ષુ! તું અમને ઉત્તર પણ આપતો નથી ? આ પ્રમાણે આભીરીનું વચન સાંભળી બહુ ક્રોધાતુર થઈ ધનશ્રેષ્ઠીએ તે આભીરીને કંઈક ઠપકાવી. જેથી તરતજ મરેલા બાલકને પૃથ્વીપર ફેંકી દઈને 'હું લુંટાઈ લુંટાઇ' એમ પોકાર કરવા લાગી. તે સાંભળી આરક્ષક લોકો દોડતા ત્યાં આવ્યા અને જોયું તો આભીરીનું તોફાન તેઓના જોવામાં આવ્યું. તેમજ તેણીએ કહ્યું કે આ વાણીઆએ મ્હારા છોકરાને મારી નાંખ્યો. આરક્ષકોએ તે વાત સત્ય માની ધનશ્રેષ્ઠી અને મરેલા બાળક સહિત આભીરીને પકડી લઇ ગ્રામાધિપની આગળ હાજર કરી સર્વ વૃત્તાંત નિવેદન કર્યું. એટલે ગ્રામાધિપ

તે સંબંધી તપાસ કરતો હતો. તે વાત ગામના લોકોના જાણુવામાં આવી, તેથી મિત્ર, પુત્ર તેમજ પોતાના પિતા સમાન ગણાતા તે ધનશ્રેષ્ઠીની આપત્તિને નહીં સહન કરતા એવા ગામના આગેવાન સર્વે એકઠા થઇ અધિકારીના ઘેર ગયા, અને કહેવા લાગ્યા કે આ વાત અસત્ય છે, માત્ર દ્વેષિ લોકોએ આ તરકટ રચેલું છે. કારણ કે ધનશ્રેષ્ઠી સમાન આ નગરમાં કોઇ પણ સત્યવાદી વેપારી નથી, તેમજ પોતે ન્યાયમાર્ગે ચાલનાર છે, વળી જૈનધર્મમાં બહુ શ્રદ્ધાળુ છે. એમ સર્વે લોકો જાણે છે. એ પ્રમાણે લોકોની પ્રાર્થનાથી અધિકારી પણ સમજ્યો કે આ મહાજન લોકોનું કહેવું સત્ય છે. એમ જાણી આભીરીને ખુબ ધમકી આપીને કહ્યું, રે રાંડ ! મરેલો બાળક કેડમાં લઇ જેણે તને મોકલી હોય તેનું નામ બોલ, નહીં તો ત્હારા કાન અને નાક કાપી લઇશ. તે સાંભળી આભીરી બહુ ગભરાઈ અને બોલી કે દેશાંતરમાંથી અનાથ વાછડી સમાન હું અહીં આવી છું. વણિક્ લોકોના કહેવાથી મ્હેં આ દુષ્કૃત્ય કર્યું છે. અધિકારી બોલ્યો, તેઓ કોણ હતા તે બતાવ ! આભીરીએ ત્યાં જોવા માટે આવેલા તે વણિક જનોને બતાવ્યા. એટલે તેઓને કબજે કરીને અધિકારીએ પણ ધનશ્રેષ્ઠી સત્યવાદી, નિર્લોભી અને સર્વ લોકોને સંમત છે એમ સિદ્ધ કરી બતાવ્યું. અને બાકીના વેપારીઓ માયાવી છે એટલે તેઓ લોકોને ફસાવનાર છે. તેથી તેઓએ દ્વેષને લીધે આ કાર્ય કર્યું છે, માટે બહુ વિરૂદ્ધવાદી આ વણિક્ લોકો ઉપર આ તરકટ પડો. ત્યારબાદ આભીરીને આપેલું દ્રવ્ય પાછું મંગાવીને તે કપટી લોકોને નિરૂત્તર કરી અધિપતિએ તેઓનું સર્વ ધન લુંટી લીધું. અને તેઓને કારાગૃહમાં દાખલ કર્યા, તેમજ ધનશ્રેષ્ઠીને બહુ સન્માન કરી વિદાય કર્યો એટલે ગામના સર્વે લોકો મળવા માટે ધનશ્રેષ્ઠીના ઘેર

ગયા અને હર્ષપૂર્વક બોલ્યા કે સર્વત્ર સત્યનો જય થાય છે એ વાત સત્ય છે. આ પ્રમાણે ધનશ્રેષ્ઠીનો મહિમા સર્વ લોકોમાં ફેલાઇ ગયો. ત્યારબાદ ધનશ્રેષ્ઠીના કહેવાથી ગામના લોકોએ સીપારસ કરી તે કૂટવાદીઓને કારાગૃહમાંથી મુક્ત કરાવ્યા. માટે હે વત્સ ! કૂટ વ્યવહાર છોડી દે અને મ્હારૂં વચન માન્ય કર. તેથી તને સુખ મળશે. એમ તેના પિતાએ બહુ સમજાવ્યો તોપણ વરૂણે પોતાનો કદાગ્રહ છોડયો નહીં. છેવટે તેના પિતાએ સ્વજન સમક્ષ ભાગ આપીને તેને પૃથક્ કર્યો.

**વરૂણને શિક્ષા.**

ત્યાર બાદ કોઇક દિવસે એક રાજપુરૂષ વરૂણની દુકાનેથી ગોળ, ખાંડ, જીરૂ વિગેરે કેટલીક વસ્તુઓ ખરીદીને પોતાના મિત્રને ત્યાં ગયો તો તે મિત્ર પણ બીજાની દુકાનેથી તેજ વસ્તુઓ લઇ તેજ વખતે પોતાને ત્યાં બેઠો હતો. બન્ને જણે એક બીજાની વાત કરી. કિંમતમાં બન્નેની વસ્તુઓ સરખી હતી, પરંતુ તોલમાં ન્યૂનાધિક લાગી. તેથી તે રાજપુરૂષે પોતાની વસ્તુઓ બીજી દુકાને જઇ તોલાવી જોઇ તો ત્રીજા ભાગની ઓછી પડી. તે વાત તેણે અમાત્યની પાસે જઇ નિવેદન કરી. જેથી તેણે પોતાની પાસે વરૂણને બોલાવી તેની દુકાનનાં સર્વ વજન-કાટલાં તોલાવી જોયાં તો તે માપ ન્યૂનાધિક થયાં. તેથી વરૂણને બહુ બંધનો વડે દૃઢ બંધાવીને કબજે કર્યો. તે વાત દેવસેન શેઠના જાણવામાં આવી એટલે તે અમાત્યની પાસે ગયા અને વિનતિ કરવા લાગ્યા, તેટલામાં તેણે ઠપકો આપ્યો કે હે શેઠ ! તમ્હારો પુત્ર આ પ્રમાણે કૂટ વેપાર કરે છે ? શેઠ બોલ્યા મહાશય ! જે થવાનું હતું તે થયું. હવે આપની શી મરજી છે ! મંત્રી બોલ્યો, આ અપરાધ માટે હસ્ત છેદન, નેત્ર ખેંચી લેવાં અને સર્વ સંપત્તિનો અપહાર કરવો જોઇએ, તે વાત તમે પણ જાણો છો. તોપણ તમ્હારી શરમથી અર્ધી ગૃહસંપત્તિ

ક્ષાથે એને જીવતો મૂકુ છું. દેવસેન શ્રેષ્ઠીએ તે વાત કબુલ કરી. જેથી મંત્રીએ તે પ્રમાણે સર્વ વ્યવસ્થા કરી વરૂણને બંધનમાંથી મુક્ત કર્યો. ત્યારબાદ દૃઢબંધનો વડે જેનાં અંગ નમી ગયાં છે એવો વરૂણ બહુ દુઃખી થઈ પોતાને ઘેર ગયો. અને તીવ્ર વેદનાથી ત્રીજે દીવસે મરણ પામ્યો. અંત સમયમાં આર્ત્તધ્યાન કરવાથી મરણ પામીને તે ભૂંડની યોનિમાં ઉત્પન્ન થયો બાદ અનંતભવ ભ્રમણ કરી છેવટે અનંતસ્થાન ( મોક્ષ ) ને પણ પ્રાપ્ત કરશે. દેવસેન શેઠ પોતે સમ્યક્ પ્રકારે શ્રાવક ધર્મ પાળી અંતસમયમાં અનશન પૂર્વક મરણ પામી સૌધર્મ દેવલોકમાં ઉત્તમ દેવ થયા.

इति तृतियाणुव्रते चतुर्थातिचारविपाके वरुणकथा समाप्ता.

## सागरचंद्रश्रेष्ठीनी कथा.

### પંચમ તત્પ્રતિરૂપદ્રવ્યક્ષેપાતિચાર.

દાનવિર્ય રાજા બોલ્યો, હે દીનબંધો! હવે ત્રીજા અણુવ્રતમાં પાંચમા અતિચારનું સ્વરૂપ સંભળાવો,

**સાગરચંદ્ર.** શ્રી સુપાર્શ્વ પ્રભુ બોલ્યા, હે રાજન્ ! જે પુરૂષ સારી વસ્તુની અંદર તેવીજ જાતની ખરાબ વસ્તુ મિશ્ર કરી વેચે છે. તે માણુસ સાગરચંદ્રની માફક આ લોકમાં તેમજ પરલોકમાં બહુ દુઃખી થાય છે.

વૃષભ-શ્રેષ્ટ પુરૂષો ( દેવો ) એ આશ્રય કરેલું, સનંદિ પંડિતો (નંદિ નામે બલીવર્દ) સહિત. ઉત્તમ ભૂતિ સમૃદ્ધિ ( ભસ્મ ) વડે ધવલગૃહ એટલે હવેલીઓ અથવા ધવલહર–ઉજવલ છે શંકર જેને વિષે એવા કૈલાસપર્વતના શિખર સમાન નંદિપુર નામે નગર છે.

સજ્જન રૂપી કુમુદવનને પ્રફુલ્લ કરવામાં ચંદ્ર સમાન સમરગજેંદ્ર નામે રાજા તેમાં રાજ્ય કરે છે. વિનય ગુણ સંપન્ન કુમુદિની નામે તેની સ્ત્રી છે. વળી તે નગરમાં સ્થિર છે પ્રકૃતિ જેનીએવો સુમતિ નામે શ્રેષ્ઠી છે, સુલસા નામે તેની સ્ત્રી છે. તેમજ તેઓને સાગરચંદ્ર અને ગુણચંદ્ર નામે બે પુત્ર છે. દરેક કલાઓમાં તેઓ કુશલ અને ગાઢ સ્નેહ પાશથી કોઈ પણ સમયે વિયોગ સહન કરતા નથી. તેમજ તેઓ વ્યવહાર તથા વિહારાદિ દરેક કાર્યોમાં સ્વેચ્છા પ્રમાણે સાથેજ વિચરતા હતા. એક દિવસ કોઇક કાર્ય પ્રસંગને લીધે બન્ને સાથે ગ્રામાંતર જવા નીકળ્યા. બે ગાઉ ગયા એટલે એક મુનિ તેઓના જોવામાં આવ્યા. ત્યારે સાગરચંદ્ર બોલ્યો હે બંધુ ! આજે આપણે જવાનું બંધ રાખો, ચાલો, ઘેર જઈએ. કારણકે આ મુનિનું દર્શન અપશુકન ગણાય છે, તેથી આપણને લાભ મળશે નહીં. તેમજ શુકન શાસ્ત્રમાં કહ્યું છે કે—

मलमलिनवसनदेहो–मुण्डितशिरस्तुण्डकोऽशुचिवदनः ।
मुक्तविभूषो मार्गे, दृष्टः कार्यं न साधयति ॥

**અર્થ**—"જેણે મલિન વસ્ત્ર પહેરેલાં હોય, માથું મુંડાવેલું હોય, મુખ શુદ્ધિહીન હોય તેમજ શારીરિક શોભાનો જેણે ત્યાગ કર્યો હોય એવો ભિક્ષુક માર્ગમાં દૃષ્ટિગોચર થાય તો કાર્ય સિદ્ધિ થાય નહીં." ગુણચંદ્ર બોલ્યો, હે બાંધવ! આવું અયોગ્ય વચન બોલવું ત્હને ઘટતું નથી. જો આવા મહાત્માનું દર્શન પણ અપશુકન ગણાતું હોય તો પછી બીજું કોઈ આ દુનીયામાં શુકન જ નથી. વળી જે મુનિઓનું દર્શન માત્ર પાપનો નાશ કરે છે, વંદન કરવાથી જેઓ પ્રાણી જનોનો ઉદ્ધાર કરે છે. તેમનું દર્શન અપ-શુકન કેમ ગણાય ? સાગરચંદ્ર બોલ્યો, શ્રાવકોની સાથે ત્હારે

સંસર્ગ છે. તેથી આ મુનિ ઉપર ત્હારો પક્ષપાત છે. જેથી તે પાપનું ફલ તું અનુભવે છે. ગુણચંદ્ર બોલ્યો હે બંધુ! આ મુનિ સંબંધી તને દ્વેષ હોવાથી અહીં રહીશ અથવા જઇશ તોપણ તને લાભ થવાનો નથી. જો કે પૂજ્ય એવા મુનિવરો સ્વાભાવિકજ મંગળ સ્વરૂપ હોય છે, પરંતુ નિંદા કરનારને અતિશય અમંગળ ફલદાયક થાય છે. તેમજ તેને ઉભય લોકમાં દુર્ગતિ, દુર્બોધ અને અનંત દુઃખ પ્રાપ્ત થાય છે. માટે હે બાંધવ! આ તમ્હારો વિચાર બહુ ખરાબ છે. વળી કલ્યાણના કુલભવન સમાન આ મુનીંદ્રના દર્શનથી હું જ્યાં જઈશ ત્યાં મ્હારો બહુ સત્કાર થશે. તેમજ બહુ શુભ કાર્ય કરી હું કૃતાર્થ થઇશ. માટે હે બાંધવ! સ્ફુરણાયમાન તેજની મૂર્ત્તિમય આ મુનિની હજુ પણ ક્ષમા માગો. અને શાંત થાઓ. જ્યેષ્ઠ બંધુ પૂર્ણ હઠમાં આવેલો હોવાથી બોલ્યો કે, એની ક્ષમા માગવાથી જે શાંતિ થાય તે શાંતિનો મ્હારે ખપ નથી. ત્હારા જવાથી પણ મ્હારૂં હૃદય બળે છે પરંતુ હું શું કરૂં? તું બહુ ડાહ્યો થઇ ગયો છે, જેથી મ્હને વૃષભ સમાન પણ તું ગણતો નથી. એમ કહી સાગરચંદ્ર પાછો વળ્યો.

**ગુણચંદ્ર.**

સાગરચંદ્રના ગયા બાદ ગુણચંદ્ર મુનિને નમસ્કાર કરી પોતાના કાર્ય માટે આગળ ચાલ્યો, દિવસ તો આનંદમાં વ્યતીત થયો. રાત્રીનો સમય થયો એટલે પ્રયાણ બંધ કરી એક નગરની બહાર વિષ્ણુના મંદિરમાં મુકામ કરી પોતે સુઇ ગયો. અર્ધ રાત્રિના સમયે તેના સાંભળવામાં આવ્યું કે હે સ્વામિન્! ગુણચંદ્ર! ઉભા થાઓ, જલદી સજ્જ કરેલા રથમાં આપ બેસો કે જેની અંદર બેસીને અમ્હારી સ્વામિની આપના માટે ખાસ આવેલી છે. આ પ્રમાણે કોઇક સ્ત્રીનો શબ્દ સાંભળી ગુણચંદ્રે

વિચાર કર્યો કે આ મુનિ દર્શનનું જ ફળ છે. અન્યથા આવો અનુકૂળ શબ્દ ક્યાંથી સાંભળવામાં આવે ? પછી ગુણચંદ્ર નિમંત્રણ કરવા આવેલી સ્ત્રીનો હાથ પકડી રથ આગળ ગયો. રથમાં બેઠેલી કુમારીએ પોતાના હસ્તનું અવલંબન આપી ગુણચંદ્રને રથમાં લઇ લીધો. ત્યારબાદ સુંદર ફલોથી ભરેલું પાત્ર તેના હાથમાં આપ્યું. પછી ઠંડુ પાણી પાઈ સોપારી આપી. ત્યાર બાદ કપુરના મિશ્રણ વાળા ચંદન રસનો ગુણચંદ્રના શરીરે લેપ કર્યો. પછી બહુ વેગથી રથ ચલાવ્યો. આઠ યોજન ગયા એટલે સૂર્યોદયનો પ્રકાશ પડ્યો. જેની સાથે સંકેત કર્યો હતો તે પુરૂષ કરતાં ઘણો સુંદર અને નવીન યૌવન વયમાં આવેલા ગુણચંદ્રને કુમારીએ જોયો અને હૃદયમાં બહુ ખુશી થઇ તે બોલી, હે પ્રિય વલ્લભ ! અહીંજ મ્હને વરો. દૈવના આપવાથી તમેજ મ્હારા ભર્ત્તા છો. અન્યથા અન્ય સાથે મ્હેં સંકેત કર્યો હતો તેમ છતાં તમ્હારો યોગ ક્યાંથી થાય? માટે હે સુભગ રત્ન! દૈવ યોગે જે થવાનું હતું તે થયું. હવે તો તમેજ મ્હારૂં શરણ છો. તમ્હારે કંઇ ચિંતા કરવી નહીં. કોટિ મૂલ્યનાં આ મ્હારાં આભરણ છે તે આપનાંજ છે. આપ ઇચ્છા પ્રમાણે આનંદ ભોગવો. એમ કહી તેણીએ પોતાનું વૃત્તાંત કહ્યું કે વસંત સેના નામે હું નંદિપુરના રાજાની પુત્રી છું. વળી મ્હારા પિતાનો વિચાર એવો છે કે પોતાના સીમાડાના વૃદ્ધ નરેંદ્રની સાથે મ્હારો વિવાહ કરવો, તે વાત મ્હારા સાંભળવામાં આવી. તેથી હું બહુ દુઃખી થઇ અને ગુણચંદ્ર નામના એક ક્ષત્રિય સાથે તે દેવમંદિરમાં મળવાનો મ્હે સંકેત કર્યો હતો, હું રથમાં બેસી ત્યાં આવી અને મ્હારી દાસીને બોલાવવા મોકલી, તેથી તમે તેની સાથે આવી મ્હારા રથમાં બેઠા. વળી હું એમ માનું છું કે મ્હારા પિતાના ભયથી સંકેત કરેલો તે પુરૂષ અહીં નહીં આવ્યો હોય તે સાંભળી ગુણચંદ્ર બોલ્યો કે જો આ

વાત સત્ય હોય તો હું પણ નંદિપુરનોજ રહીશ છું અને જાતનો વાણીયો છું. માટે આ દુર્ઘટ બનાવ દૈવે સુઘટિત કર્યો. જો હું ત્હારા કહેવા પ્રમાણે કરૂં તો કુટુંબ સહિત મ્હારા માતા પિતાને બહુ આપત્તિ આવી પડે. રાજકુમારી બોલી, તમ્હારે કોઈ પ્રકારનો ભય રાખવો નહીં. કારણ કે હું મ્હારા માતા પિતાને બહુ પ્રિય છું. મ્હારૂં વચન તેઓ અન્યથા કરતાં નથી. મ્હારા સુખથી તેઓએ સુખ માનેલું છે. આ પ્રમાણે કુમારીનો નિશ્ચય જાણી ગુણચંદ્ર શકુન બળથી તત્કાલ કુમારીને પરણ્યો. ત્યારબાદ તે કુમારીની પાછળ નીકળેલો સર્વ સાધન સહિત દ્વારપાલ ત્યાં આવ્યો અને પરણવાના ચિન્હવાળી કુમારીને તેમજ તેના ભર્તાને જોઇ તેણે નમસ્કાર કર્યો. પછી ગુણચંદ્ર સહિત કુમારીને રાજાની પાસે તે લઇ ગયો. પોતાના પતિ સહિત કુમારીએ પિતાના ચરણમાં નમસ્કાર કર્યો. ભૂપતિએ તેમને રહેવા માટે મ્હોટો એક પ્રાસાદ આપ્યો. તેમજ તેમના તાબામાં દેશ, હાથી, ઘોડા, રત્નના ભંડાર વિગેરે સર્વ સંપત્તિઓ આપી.

**પિતાપુત્રનો સમાગમ.**

બીજે દિવસે ગુણચંદ્ર પોતાની સ્ત્રી સહિત પોતાના પિતાને ઘેર જવા નીકળ્યો. શેરીની અંદર પ્રવેશ કરતાં આગળ ચાલતા પુરૂષને શેઠે પૂછયું, ભાઈ ! આ કોણ આવે છે ? ત્યારે પુરૂષ બોલ્યો હે શેઠજી ! આ તો રાજાના જમાઇની સ્વારી તમ્હારે ત્યાં આવે છે. તે સાંભળી તરતજ શેઠ તો ચિંતામાં પડ્યા કે એમને અહીં આવવાનું શું કારણ હશે ? અથવા હવે ચિંતા કરવાથી કંઇ વળે તેમ નથી. પ્રથમ એમના આગમનનો સત્કાર કરવો જોઇએ, એમ જાણી શેઠ તો ઉતાવળથી સ્હામા આવ્યા. તેટલામાં પિતાને જોઇ ગુણચંદ્ર હાથિણી ઉપરથી નીચે ઉતરી સ્ત્રી સહિત પિતાના ચરણમાં નમ્યો. શેઠ ખુશી થઇ

બોલ્યા, હે પુત્ર ! આ અદ્ભુત સમૃદ્ધિ ક્યાંથી મળી ? ગુણચંદ્રે પણ મુનિદર્શનથી આરંભી સર્વ વૃત્તાંત નિવેદન કર્યું. ત્યારબાદ તેણે પૂછયું હે પિતાજી ! મ્હારા મ્હોટા ભાઈ કેમ દેખાતા નથી ? પિતાએ કહ્યું ભાઈ ! ત્હારી સાથે અહીંથી તે ગયો છે તેટલી વાત હું જાણું છું. ત્યાર બાદ ગુણચંદ્રે પોતાના અનુચર મોકલી સાગરચંદ્રની શોધ કરાવી, અનુક્રમે ફરતાં ફરતાં તેઓને સાગરચંદ્રનો પત્તો લાગ્યો. ત્યાંથી તેને લઈ અનુચરો ગુણચંદ્રની પાસે આવ્યા અને તેણે પોતાના ભાઈને વિનય પૂર્વક પૂછયું કે મુનિ પાસેથી ગયા બાદ આપને કંઈ લાભ મળ્યો ? સાગર-ચંદ્ર બોલ્યો, અપશુકન થવાથી પાછો વળી હું નગર તરફ આવતો હતો તેટલામાં ત્યાં ચોર લોકો આવી પહોંચ્યા અને મારો મારો એમ બોલતા તેઓએ દંડાદિકના પ્રહારથી જીર્ણ કરી મ્હને પૃથ્વી ઉપર પાડી દીધો. તેમજ વસ્ત્રાદિક ગ્રહણ કરી મુખમાં વસ્ત્રનો ડુચો મારી વૃક્ષના મૂળમાં મ્હને સજ્જડ બાંધીને તેઓ ચાલતા થયા, ત્યારબાદ ત્યાં એક મુસાફર આવ્યો. મ્હારી દીન અવસ્થા જોઈ તેને દયા આવી. જેથી મ્હને બંધનથી મુક્ત કર્યો, પછી તેણે પોતાની પાસેથી થોડુંક ખાવાનું મ્હને આપ્યું. વળી પાણી પાયું. તેથી હું શુદ્ધિમાં આવ્યો, પછી મ્હેં વિચાર કર્યો કે ગુણચંદ્રનું કહેવું સત્ય થયું. મુનિ મહારાજ શકુન રૂપ હોવા છતાં તેમને અમંગલિક માનવાથી મ્હારા મનનો વિચાર મ્હને ફલીભૂત થયો. માટે હજુ પણ મુનિની પાસે જઇ તેમની ક્ષમા માગું. વળી પુણ્યના ઉદયથી કોઇ પણ રીતે તેમનું દર્શન થાય તો સારૂં, એમ જાણી હું ત્યાં ગયો, દૈવયોગે મુનિનાં દર્શન થયાં. નમસ્કારપૂર્વક મ્હારો દોષ પ્રગટ કરી મ્હેં ક્ષમા માગી, ત્યારે મુનિ બોલ્યા, " ધર્મ અને અધર્મનું ફલ આલોકમાં પ્રગટ વેદતા સરલ પ્રાણીઓ જાણી શકે છે," અન્ય કુટિલ જીવો કોઈ

પણ પ્રકારે જાણતા નથી.. વળી આ સંસારમાં જીવોને એક ધર્મ જ શરણ છે; અન્ય વસ્તુઓ દુઃખનુંજ કારણ છે. અજ્ઞાનથી અંધ બનેલો, કષાયમાં પ્રીતિવાળો તેમજ વિષયમાં આસક્ત થયેલો પ્રાણી પ્રસિદ્ધ અને સ્ફુટ બતાવેલા ધર્મને સ્વિકારતો નથી. વળી વિશુદ્ધ માર્ગને પ્રાપ્ત થયેલો વિવેકી જીવ ધર્મ સેવનથી સર્વ વસ્તુ મેળવી શકે છે.” આ પ્રમાણે મુનિએ વિસ્તારપૂર્વક મુનિ અને ગૃહી ધર્મનો ઉપદેશ આપ્યો. મુનિધર્મ પાળવાને અસક્ત હોવાથી મ્હેં ગૃહીધર્મનો સ્વિકાર કર્યો. તેમજ પૂર્વના અપરાધ રૂપ મળને ધોવામાં પ્રાયશ્ચિત્ત રૂપ જલપ્રવાહ વડે મુનિના ચરણ કમળમાં આત્મશુદ્ધિ કરતો હતો, તેટલામાં ત્હારા સેવકે મ્હને જોયો. ગુણચંદ્ર બોલ્યો, “ જ્યેષ્ઠબંધુ ! મુનીંદ્રના દર્શનથી પ્રાપ્ત થયેલી આ રાજ્યલક્ષ્મી આપની છે, આપની ઈચ્છા પ્રમાણે ભોગવો.” તે સાંભળી સાગરચંદ્ર બોલ્યો, “મુનિના ચરણકમળના પ્રસાદથી જૈનધર્મ મ્હને પ્રાપ્ત થયો છે. તો હવે પાપસ્થાનરૂપી આ રાજ્યનું મ્હારે શું પ્રયોજન છે ? માટે હે બંધુ ! હું તો અહીં રહી ધર્મસાધન કરીશ.” આ પ્રમાણે સાગરચંદ્રનો નિશ્ચય જાણી ગુણચંદ્ર પોતાના પિતાને રાજ્યસ્થાનમાં લઈ ગયો. ત્યારબાદ તેણે નરેંદ્રની આગળ મુનિ દર્શનની વાત ક્હી અને આજ્ઞા માગી કે “તે મુનીંદ્રને વાંદવા માટે હું જાઉં છું.” રાજા બોલ્યો, “ અમે પણ આવીએ છીએ.” ત્યારબાદ રાજા, સ્ત્રી સહિત ગુણચંદ્ર, સાગરચંદ્ર અને સુમતિ નામે તેના પિતા વિગેરે સર્વે મુનિ પાસે જઇ અભિવંદન કરી ધર્મ સાંભળવા બેઠા. દેશનાની અંતે રાજાએ સમ્યક્ત્વવ્રત ગ્રહણ કર્યું. ગુણચંદ્રે બાર અણુવ્રત લીધાં, બીજાઓએ સમ્યક્ત્વમાત્ર તેમજ કેટલાક જનોએ યથાશક્તિ ભિન્ન ભિન્ન નિયમો લીધાં.

ત્યારબાદ મુનીંદ્રને નમસ્કાર કરી નરેંદ્રાદિક સવે પોતાના

**સાગરચંદ્રનો કદાગ્રહ.**

સ્થાનમાં ગયા. પૂર્ણિમાનો ચંદ્ર જેમ આકાશને દીપાવે છે તેમ ગુણચંદ્ર ધર્મમાં તત્પર થઈ જૈનશાસનની ઉન્નતિ કરવા લાગ્યો. સાગરચંદ્ર પોતાની દુકાને વેપાર કરતો હતો. પરંતુ કુટુંબના પોષણ જેટલું પણ ધન મહામુશીબતે કમાતો હતો, તેથી ગુણચંદ્ર અનેક યુક્તિપૂર્વક પોતાને ત્યાંથી કેટલુંક દ્રવ્ય તેને ત્યાં મોકલાવતો, પરંતુ મિથ્યાભિમાનના આવેશથી તે સ્વીકારતો નહીં પછી ગુણચંદ્રે તેને ઘણો સમજાવ્યો તો પણ તેણે પોતાની હઠ છોડી નહીં. તેમજ ગુણચંદ્રની સમૃદ્ધિ જોઇ ઇર્ષ્યાને લીધે તે બળવા લાગ્યો. વળી ધનની ઇચ્છાથી બહુ પીડાવા લાગ્યો. તેથી સાગરચંદ્ર ચોળ રંગમાં સો રંગી, કેસરમાં કુસુંબો, કસ્તૂરીમાં કરણીનું મિશ્રણ કરી તેમજ કર્પૂરાદિકમાં તેવા પદાર્થોનું મિશ્રણ કરી મ્લેચ્છ લોકોની વસ્તિમાં વેપાર કરવા લાગ્યો. એક દિવસ કોઈક નોકરની સાથે તકરાર થઈ તેમાં સાગરચંદ્રે તેનું અપમાન કર્યું. તેથી તેણે મ્લેછરાજાને ફરીયાદ કરી અને સાગરચંદ્રની દ્રવ્ય મિશ્રણાદિક કપટ વાર્તા ખુલ્લી કરી. રાજાએ તેનું સર્વ ધન હરી લઈ કારાગૃહમાં પુર્યો. તેમજ બહુ ક્ષુધા તૃષાદિકની વેદનાથી મરણ પામી તે વ્યંતર થયો. ત્યારબાદ મનુષ્યભવમાં અનુભવેલું અતિચારનું ફળ સંભારતો છતો પશ્ચાત્તાપ કરવા લાગ્યો કે અધર્મનું ફળ મ્હેં પ્રત્યક્ષ અનુભવ્યું. જો મ્હેં અતિચારનું સેવન ન કર્યું હોત તો મ્હને આ વ્યંતરપણું પ્રાપ્ત ન થાત. એમ સમજી તેણે જૈનમંદિરમાં તથા સંઘ કાર્યમાં યથાશક્તિ ઉદ્યમ કરી મનુષ્ય ભવ પ્રાપ્ત કર્યો. અને તેજ ભવમાં કરેલા પુણ્યના ઉદયથી પ્રથમ અવસ્થામાં દીક્ષા લઈ વિધિ પ્રમાણે પાળીને સર્વ કર્મનો ક્ષય કરી સાગરચંદ્રનો જીવ મોક્ષે ગયો. તેમજ ગુણચંદ્ર પણ બહુ

સમય ગૃહીધર્મ પાળી સ્ત્રી સહિત પોતે દીક્ષા ગ્રહણ કરી કર્મનો ક્ષય કરી મોક્ષસ્થાને ગયો. વળી જેઓ પરદ્રવ્યનો અપહાર નથી કરતા તેઓ નરકાદિક દુ:ખથી દૂર રહે છે. તેમજ તેઓને સૌભાગ્યવડે વિભૂષિત એવી સ્વર્ગ લક્ષ્મી અવશ્ય વરેલી જાણવી. વળી અદત્તાદાનથી વિરક્ત થયેલા પુરૂષો સર્વ લોકોનું વિશ્વાસ સ્થાન થઇ આ લોકમાંજ વિશાળ કીર્ત્તિ અને સુખસંપત્તિને મેળવે છે. તેમજ પરલોકમાં તેઓના ધનની હાનિ થતી નથી. અને સર્વ ઈચ્છિત કાર્ય સિદ્ધ થાય છે. માત્ર ચિંતવન કરવાથી સુખ સંપત્તિનો લાભ થાય છે. માટે હે ભવ્ય લોકો ! અતિચાર વિમુક્ત દુર્દ્ધર એવું ત્રીજું વ્રત જેઓ ધારણ કરે છે તેઓની સત્કીર્ત્તિરૂપી વેલડી બ્રહ્માંડરૂપી મંડપ ઉપર ફેલાય છે.

इतितृतीयाणुव्रते पञ्चमातिचारविपाके सागरचन्द्रकथासमाप्त ।

इतिश्रीमल्लक्ष्मणगणिविरचितप्राकृतपद्यबन्धश्रीसुपार्श्वजिनचरित्रस्य श्रीसकलसूरिपुरन्दरायमाणपरमगुरुतपगच्छाधिराजशास्त्रविशारदजैनाचार्ययोगनिष्ठाध्यात्मज्ञानदिवाकरश्रीमद्बुद्धिसागरसूरिशिष्यप्रसिद्धवक्तेतिलब्धख्यातिव्याख्यानकोविदपन्यासश्रीमदजितसागरगणिकृतगुर्जरभाषानुवादे प्रभुदेशनाप्रबन्धे सदृष्टान्तातीचारव्याख्योपेतं तृतीयमणुव्रतं समाप्तम् ॥

# परदारगमनविरमणव्रत.

## વીરકુમારની કથા.

દાનવિર્ય રાજા બોલ્યો હે ભગવન્! આપ કૃપાસિંધુ છો માટે કૃપા કરી દીનજનોના ઉદ્ધાર માટે ચોથા અણુવ્રતનું સ્વરૂપ અમને દૃષ્ટાંત સહિત સમજાવો. **શ્રીસુપાર્શ્વપ્રભુ** બોલ્યા, હે રાજન્! ત્હારી જીજ્ઞાસા પૂર્ણ કરવા માટે અમને બહુ આનંદ થાય છે. ત્હારા પ્રશ્નનો ઉત્તર સાવધાન થઈ શ્રવણ કર. ચોથા વ્રતમાં પરસ્ત્રીનો સર્વથા ત્યાગ કરવાનો છે. માટે જે પુરૂષ પરસ્ત્રીનો ત્યાગ કરે છે તે ભવ્યાત્મા પર દ્વારની કોઈ સમયે સેવા કરતો નથી. તેમજ પોતાની સ્રી વિષે સંતોષ માનતો તે પુરૂષ સમગ્ર જગત્નો રક્ષક થાય છે. વળી આ લોકમાં પણ વીરકુમારની માફક પરસ્ત્રીથી વિરક્ત થયેલાની કીર્ત્તિ, યશ અને પુરૂષાર્થો વિસ્તાર પામે છે.

**વીરકુમાર દૃષ્ટાંત.** પુરૂષોત્તમ કૃત શયન ( કૃષ્ણ વાસુદેવે જેની અંદર શયન કરેલું છે=પુરૂષોત્તમ કૃત સદન ) ઉત્તમ પુરૂષોએ નિર્માણ કર્યાં છે ગૃહો જેની અંદર, ઉત્તમ રત્નોથી વિભૂષિત, તેમજ સુપોત (શ્રેષ્ઠ વહાણ=સારા બાલકોનું કુલમંદિર) અને લક્ષ્મીનું નિવાસસ્થાન એવા સમુદ્રના જળ સમાન શ્રીનિલય નામે સુપ્રસિદ્ધ નગર છે. તેમાં રિપુમર્દ્દન નામે રાજા હતો. તે સર્વ કલાઓનું સ્થાન હતો. વળી જેને ત્યાં અનેક હસ્તીઓ શોભતા હતા, તેમજ દરેક શુભ કાર્ય તેને સેવતાં હતાં, એટલુંજ નહીં પરંતુ અમુક સમયે અમુક કાર્ય કરવું તેવો દરેક કાર્યનો ક્રમ તેણે ગોઠવ્યો હતો. વળી કમલશ્રી નામે તેની ભાર્યા હતી. તે સુંદર વિલાસવડે

રતિ અને રંભાદિક અપ્સરાઓનો પરાજય કરતી હતી. આ દુનીયામાં વિલાસનું કુલભુવન માત્ર તેજ ગણાતી હતી. વળી ભુવનરૂપી સરોવરમાં કમલિની સમાન લક્ષ્મીનું ક્રીડા સ્થાન હતી. વિષય સુખમાં આસક્ત થયેલાં તેઓને એક પુત્ર થયો, જેનું નામ વીરકુમાર હતું. વળી તે રૂપમાં સનત્કુમારને અનુસરતો હતો, શૂર, ધીર, ત્યાગી અને કૃતજ્ઞ જનોમાં શિરોમણિ સમાન તેમજ સર્વ કલાઓનો પારગામી હતો છતાં પણ બહુ વિનયવાન્ હતો. વળી તે ચંદ્ર સમાન શીતલ હતો પરંતુ તેમાં કોઈપણ પ્રકારનું લાંછન નહોતું.

**અદ્ભુતમુનિ દર્શન.**

એક દિવસ વીરકુમાર સ્વારી સાથે શિકાર માટે જંગલમાં ગયો. ત્યાં એકેપણ મૃગાદિક પશુઓ તેના જોવામાં આવ્યાં નહીં. તેથી વિસ્મય પામી પોતાના પરિજન સહિત કુમાર ત્યાં આડો અવળો ભ્રમણ કરતો હતો તેટલામાં ત્યાં એકાંતમાં એકઠા થઈ બેઠેલા સસલાઓ, મૃગલા, પાડા, ઘોડા, હાથી, સિંહ, વાઘ અને ચિત્રાઓ વિગેરે અનેક પ્રાણીઓને પરસ્પર વૈરિ છતાં પણ મિત્ર સમાન નિર્ભય સ્થિતિવાળા જોયા. તેમજ તેઓની મધ્યમાં બેઠેલા અને નિરંતર આત્મધ્યાનમાં રક્ત એવા મુનિંદ્રનાં દર્શન થયાં. વળી તે મુનીંદ્ર શ્રવણેંદ્રિયને અમૃતવૃષ્ટિ સમાન અને મેઘ સમાન ગંભીર એવી વાણીવડે ધર્મદેશના આપતા હતા. એવામાં કુમારના સૈનિકોએ તે પશુઓ ઉપર બાણ, ભાલા વિગેરે આયુધોના પ્રહાર કર્યા. પરંતુ તેઓને તે પીડાકારક થયા નહીં. ત્યારબાદ પશુઓમાં વૈરની શાંતિ તેમજ શસ્ત્રોનું વિફલપણું જોઇ કુમાર આશ્ચર્ય પામ્યો અને તેણે જાણ્યું કે આ મુનીંદ્રનોજ પ્રભાવ છે. પછી કુમાર પ્રણામ કરી મુનિની આગળ બેઠો, આ પ્રમાણે કુમારનો આચાર

જોઈ તેનો પરિજન પણ વિનયપૂર્વક નમસ્કાર કરી નીચે બેઠો. ત્યારબાદ મુનિએ ધર્મલાભ આપી ધર્મદેશનાનો પ્રારંભ કર્યો. હે ભવ્ય પ્રાણીઓ ! ઘાસ ચારાથી જીવન ચલાવતા એવા અનાથ પ્રાણીઓનો સંહાર કરવામાં શું પરાક્રમ ગણાય ? તેમજ વૃદ્ધ અને પાંગળાઓનો વધ કરવાથી કોણે જય મેળવ્યો ? એકનો પ્રાણ હણવામાં આવે છે અને તેને મારનારો ખુશી થાય છે, એ વાત સત્ય છે, કારણ કે દરિદ્રિ માણુસ ગોરસ માટે ગાયને મારે છે. વળી. મોહથી અંધ બનેલા અને કોણી ઢીંચણ વિગેરે મર્મ સ્થાનોમાં વ્રણના દુઃખથી પીડાતા પાપી જનો આ ભવમાં જ શીત, ઉષ્ણુ, ક્ષુધા, તૃષાદિક અનેક કલેશો સહન કરે છે. સર્વ પાપી પુરૂષોને પ્રાણી વધનું પાપ નરકનું મુખ્ય કારણ થાય છે. તેમજ માંસ ભક્ષણ પણ ચંડાલની આજીવિકા છે. દરેક જીવોને પોતાનું જીવિત સદા કાળ પ્રિય હોય છે અને મરણ અનિષ્ટ હોય છે એ વાત સિદ્ધ થાય છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

अमेध्यमध्ये कीटस्य, सुरेंद्रस्य सुरालये ।
समाना जीविताकांक्षा, समं मृत्युभयं द्वयोः ॥

અર્થ—" વિષ્ઠામાં રહેલા કીડાને તેમજ સ્વર્ગમાં વાસ કરતા સુરેંદ્રને જીવવાની આશા સરખી હોય છે અને મરણ ભય પણ બન્નેને સરખોજ હોય છે." વળી દુર્વચન, ગાળ, પ્રહાર, પરાજય, ઠગાઈ, અને મૃત્યુ જેમ પોતાને અપ્રિય લાગે છે તેમ બીજાઓને પણ અપ્રિય લાગે તે વાત સત્ય છે. જે વસ્તુ જેને ઇષ્ટ હોય તે વસ્તુ તેને આપવી, જેથી તે પરભવમાં આપનારને પ્રાપ્ત થાય છે. જેવું દાન આ ભવમાં આપવામાં આવે છે તેવું પરભવમાં મળે છે, એક તરફ જીવિત અને એક તરફ ચક્રવર્ત્તી રાજ્ય, એ બન્નેમાંથી એકનો વિનાશ થવાનો પ્રસંગ આવે તો તે પ્રસંગે સર્વ જીવોને પોતાનું

જીવિત બહુ પ્રિય લાગે છે પરંતુ રાજ્યની ઈચ્છા કોઈ કરતું નથી. ધન, બાંધવ, કે સ્વજનોમાં તેમજ સ્ત્રી પુત્રાદિકની અપેક્ષાએ પણ દરેકને પોતાનું જીવિત અત્યંત પ્રિય હોય છે તે વાત આજગત્‌માં અનુભવ સિદ્ધ છે. જો મનુષ્યો પણ પ્રાણીઓનું માંસ ખાય અને રૂધિર પાન કરે તો કીડા, તથા કુતરાઓમાં અને તેઓમાં શો તફાવત ? તેમજ દીન, અનાથ, શરણહીન એવા નિરપરાધી જીવતા પ્રાણીઓને મારી તેઓનું માંસ ભક્ષણ કે રૂધિરપાન કરે તો નરક શિવાય તેઓને બીજું કયું ફલ મળવાનું ? કારણ કે પવિત્ર ભોજન વિદ્યમાન હોય છતાં તેનો અનાદર કરી દુરાચારી લોકો માંસ ભક્ષણ કરે છે. જેઓ નિર્દય અને નિર્વિવેકી બની વિષ્ઠા સમાન માંસનું ભક્ષણ કરે છે તેઓનો જન્મ જ આ લોકમાં ન થવો તે શ્રેષ્ઠ છે. તેમજ તેવા દુષ્ટોનું ઉદર પોષણ પણ દુર્લભ થાય છે. માટે પર પ્રાણી પર દયા રાખવી. આ પ્રમાણે દેશના સાંભળી કુમારે ઉત્કૃષ્ટ એવું સમ્યકત્વ વ્રત ધારણ કર્યું. તેમજ સંકલ્પથી સ્થૂલ અનપરાધિ પ્રાણીઓનો વધ ન કરવો તેવો નિયમ લીધો. તેમજ તેના પરિવારે પરસ્ત્રી સેવન તથા માંસ ભક્ષણનો નિયમ લીધો તથા અન્ય જનોએ પણ યથા રૂચિ નિયમ લીધા. ત્યાર બાદ મુનિને નમસ્કાર કરી તેઓ પોતાના સ્થાનમાં ગયા.

**કુમારોની પરીક્ષા.**

એક દિવસ રાજાએ બુદ્ધિની પરીક્ષા માટે કુમારોને પૂછ્યુ કે પાંચાલ દેશમાં પ્રથમ જે મ્હેં અધિકારી મૂકેલો છે તે બહુ કાર્યદક્ષ અને સરલ સ્વભાવી છે. વળી ત્યાં એક વર્ષમાં દશ લાખ સોનૈયા ઉત્પન્ન થાય છે એમ તેનું કહેવું થાય છે. હવે બીજા અધિકારીઓનું કહેવું એમ થાય છે કે જો આ સ્થાનમાં મ્હને મૂકો તો હું દર વર્ષે પંદર લાખ ઉત્પન્ન કરી આપું. આ વાત પ્રથમના

અધિકારીને અમે જણાવી તોપણ તેણે એમ જણાવ્યું કે જે ઉત્પન્ન થાય છે તેજ પ્રમાણે થશે, મ્હારાથી વધારો થઈ શકે તેમ નથી. છતાં આપને જેમ યોગ્ય લાગે તેમ કરો. માટે હવે આપણે શું કરવું ? આ પ્રમાણે પિતાનો પ્રશ્ન સાંભળી વીરકુમાર શિવાય અન્ય કુમારો બોલ્યા. જે બહુ ધન ઉત્પન્ન કરે તે અધિકારીને તે દેશ સોંપવો ઉચિત છે. ત્યારબાદ રાજાએ વીરકુમાર તરફ દૃષ્ટિ કરી કહ્યું કે તું કેમ કંઇ બોલતો નથી ? ત્યારે તે બોલ્યો, હે તાત ! મ્હારો મત એવો છે કે આપે પ્રથમ બાહોશ અને સત્યવાદી જે અધિકારી મૂકેલો છે તેજ આપનો હિતકારી છે. કારણ કે તે અધિકારી પ્રજાને પીડવા ઇચ્છતો નથી. અને પ્રજા સુખી રહેવાથી રાજ્યમાં સંપત્તિઓ અધિક પ્રાપ્ત થાય છે. વળી તેમ થવાથી ઉત્તરોત્તર ઉદ્યોગની વૃદ્ધિ થાય છે. તેમજ રાજનીતિ પ્રમાણે કર લેવામાં આવે તો બહુ ધન સંપત્તિયો પ્રાપ્ત થાય છે. વળી ન્યાય:પ્રમાણે ચાલવાથી દ્રવ્ય અને ધર્મની પણ આબાદી થાય છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

> अर्थात् त्रिवर्गनिष्पत्ति–र्न्यायोपार्जितवर्द्धनात् ।
> अधर्मोऽनर्थशोकानां, विपरीतात्समुद्भवः ॥

અર્થ—"ન્યાય વડે ઉપાર્જન કરેલા ધનથી ધર્મ, અર્થ અને કામની સિદ્ધિ થાય છે. તેમજ અન્યાયથી મેળવેલી સંપત્તિવડે અધર્મ, અનર્થ અને શોકનો પ્રાદુર્ભાવ થાય," માટે હે પિતાજી ! પ્રથમનો જે નિયોગી છે તેજ યોગ્ય છે. કારણ કે તે નીતિથી ધન મેળવે છે, વળી અન્ય નિયોગી અનીતિથી પંદર લાખ મેળવશે ખરો. પરંતુ તમ્હારો નિયોગી થઈ જે અન્યાયની પ્રવૃત્તિ કરશે તેથી તમે પણ અધર્મી ગણાશો અને ચારે તરફથી આપની ઉપર દુષ્કીર્ત્તિના પ્રહાર પ્રાપ્ત થશે. વળી પ્રથમ વર્ષમાં તે કૂટ નિયોગી

પંદર લાખ મેળવશે પરંતુ બીજે વર્ષે તેનો ચોથો ભાગ કે ત્રીજો ભાગ અને ત્રીજે વર્ષે તો લોકો કર આપવાને પણ અશક્ત થશે. તેથી એક લાખ પણ મેળવવા મુસ્કેલ થશે. આ મ્હારૂં વચન અંતે સત્ય થશે. કારણ કે—

दुग्धमादाय धेनुनां, मांसाय स्तनकर्त्तनम् ।
अत्युपादानमर्थस्य, प्रजाभ्य पृथिवीभुजाम् ॥

અર્થ—"રાજાઓએ પ્રજા પાસેથી મર્યાદા ઉપરાંત કર લેવો તે ગાયોનું દુધ લઈ લીધા પછી તેઓના માંસ માટે સ્તન (આંચળ) કાપવા બરોબર છે." આ પ્રમાણે વીરકુમારનો અભિપ્રાય સાંભળી રાજાએ વિચાર કર્યો કે ઉંમરમાં સર્વ કુમારો કરતાં આ ન્હાનો છે. પરંતુ બુદ્ધિમાં તો મ્હોટો છે. માટે રાજ્યભાર ધારણ કરવાને આ લાયક છે. જો કે એના દ્વેષિ લોકોથી સાવધાન રહી હું એની રાજ્યપદની યોગ્યતા પ્રગટ કરીશ નહીં, પરંતુ તેના સ્વાભાવિક ગુણોને તેમજ લોકોના અનુરાગને આચ્છાદન કરવાને હું શક્તિમાન્ નથી એમ જાણી તે બોલ્યો, હે વત્સ! આ સર્વ કુમારોની બુદ્ધિ મલિન છે. માત્ર તુંજ શુદ્ધ બુદ્ધિમાન છે. કારણ કે સર્વની માન્યતાથી ત્હારી માન્યતા બહુ ઉત્તમ પ્રકારની છે, વળી અન્યાયથી મેળવેલી સંપત્તિનો વિલાસ ત્હને રૂચતો નથી. એમ ત્હારા બોલવા ઉપરથી તેઓની બુદ્ધિનો તિરસ્કાર ખુલ્લી રીતે થયો છે તેથી તું આ રાજ્ય વૈભવ તેમજ આ દેશ છોડી ચાલ્યો જા. જેથી ત્હારી બુદ્ધિનો પ્રભાવ તો પ્રગટ છે છતાં પણ બહુ પ્રસિદ્ધ ન થાય.

**વીરકુમારનો પ્રવાસ.**

નરેંદ્રની આજ્ઞા લઈ નમસ્કાર કરી વિમલ નામે મતિસાગર મંત્રીના પુત્ર સાથે વીરકુમાર ત્યાંથી નીકળ્યો. રાજાએ કુમારની રક્ષા માટે પોતાના સુભટો મોકલ્યા. તેઓ સામાન્ય મુસાફર

સમાન વેષ ધારણ કરી કોઈ ન જાણે તેવી રીતે કુમારના અનુચર તરીકે નિરંતર સેવામાં હાજર રહે છે. અનુક્રમે તે કુમાર કોશલપુરમાં ગયો. નગરની નજીકમાં એક સરોવર હતું. તેના કાંઠા ઉપર સ્વચ્છ હવામાં વિશ્રાંતિ માટે કુમાર બેઠો હતો તેવામાં સુંદર ધ્વનિવડે મનોહર વાજીંત્રોનો નાદ તેના સાંભળવામાં આવ્યો. વિમલે ત્યાં આવતાં કોઇક નગરવાસીને પૂછયું, ભાઈ ? અહીં કોઈ મહોત્સવ છે ? કે જેથી આ વાજીંત્રો વાગી રહ્યાં છે. પુરૂષ બોલ્યો, આ નગરનો અધિપતિ રણધવળ નામે રાજા છે, તેને કુરૂમતિ નામે પુત્રી છે. તે રાજાને પોતાના પ્રાણથી પણ અધિક પ્રિય છે. પરંતુ તે કુરૂમતિ પુરૂષ દ્વેષિણી છે. અર્થાત્ કોઈ પણ વર તેની ધ્યાનમાં આવતો નથી. તેથી તેના પિતાએ કુલદેવીની આરાધના કરી, જેથી કુલદેવી પ્રગટ થઈ બોલી કે પટ્ટ હસ્તી ઉપર કુમારીને બેસારીને તે હાથી છુટો મૂકો અને તે હાથી પોતાની શુંઢવડે જેને વરમાળા પહેરાવે તેજ કુમારીનો વર જાણવો, તેમજ કુમારી પણ તે પુરૂષ ઉપર બહુ પ્રેમવાળી થશે. આ પ્રમાણે દેવીનું વચન સાંભળી રાજાએ તે પ્રમાણે હાથી શણગારી છુટો મૂકયો છે, અને તેની આગળ વાજીંત્રો વાગે છે. હસ્તી પોતે માલી વાડામાં જઈ સુંઢ ઉપર પુષ્પમાળા ધારણ કરીને નરેંદ્ર, માંડલિક, સામંત અને સેનાપતિ મંત્રી સહિત નગરની અંદર ફરવા નીકળ્યો છે. એમ કહી તે પુરૂષ મૌન રહ્યો તેટલામાંજ તે પટ્ટ હસ્તી ત્યાં આવ્યો અને વિમલ મંત્રીના જોવામાં આવ્યો. જેમ ગંડસ્થલોમાંથી નિર્મળ મદ જળ ઝરતું હતું, તેમજ તેના સુગંધથી એકઠા થએલા ભ્રમરાઓના ગુંજારવવડે દિશાઓને વાચલિત કરતા તે પટ્ટ હસ્તીને જોઈ મંત્રીએ કુમારને જાગ્રત્ કર્યો. તેટલામાં તો હસ્તી કુમારની પાસે આવી ગયો. અને શુંઢમાં ધારણ કરેલી પુષ્પમાળા કુમારના કંઠમાં પહેરાવી.

પછી શુંઢવતી વીરકુમારને પોતાના સ્કંધ ઉપર બેસાર્યો. રાજા પણ રૂપમાં કામદેવ સમાન તેને જોઈ બહુ ખુશી થયો. પૂર્ણિમાના ચંદ્રથી તરંગિત એવા ક્ષીરસાગર સમાન અને વિશેષ લાવણ્યરૂપી તરંગોથી સંયુક્ત એવા વીરકુમારને કુમારીએ પણ પ્રેમપૂર્વક જોયો. ત્યારબાદ પુંખવાની તૈયારી કરી. તે સમયે રાજાએ વરને દશ હાથી, હજાર ઘોડા, તેમજ લાખ સોનૈયા આપ્યા. અને વિધિ પૂર્વક છાયા લગ્ન જોઈ કુમારની સાથે કુમારીનું પાણિગ્રહણ કરાવ્યું. તે જોઈ સર્વ લોકો બહુ સંતુષ્ટ થયા. હસ્તમોચન સમયે રાજાએ દશ હજાર ગામ આપ્યા, વળી રહેવા માટે પોતાનો મુખ્ય મહેલ આપ્યો, કુમાર તેમાં ઇચ્છા પ્રમાણે વિલાસ કરતો હતો, કુમારે પોતાના ચરપુરૂષ દ્વારા પોતાના પિતાને સમાચાર મોકલાવ્યા. શુભ વૃત્તાંત સાંભળી પિતા બહુ ખુશી થયા. વિવાહના દિવસોમાં કુમારના રસોડે માંસાદિરહિત શુદ્ધ રસોઇ જોઈ તે રાજાએ કુમારને પૂછ્યું. તમ્હારે રસોડે માંસાદિક કેમ વાપરતા નથી? કુમારે કહ્યું હે રાજન? માંસાદિક સાવદ્ય પદાર્થનો સર્વથા મ્હારે ત્યાગ છે, વિગેરે કેટલીક બાબત સમજાવીને ફરીથી કુમારે કહ્યું કે હે રાજન્? આ વિવાહ પ્રસંગે રસોઇમાં માંસ ન વપરાય તેવો બંદોબસ્ત કરાવો. રાજાએ તેજ પ્રમાણે માંસ બંધ કરાવ્યું. વિવાહનો પ્રસંગ સમાપ્ત થયો, ત્યારબાદ કુમારે રાજાને જણાવ્યું કે માંસ ભક્ષણ નહીં કરવાનું કારણ એ છે કે પંચેંદ્રિય પ્રાણિનો વધ કર્યા શિવાય માંસ મળે નહી અને પ્રાણિવધ એ નરકનું મુખ્ય કારણ છે. એમ ધર્મશાસ્ત્રોમાં કહ્યું છે. વિગેરે બહુ દૃષ્ટાંતપૂર્વક ઉપદેશવડે માંસભક્ષણથી થતા દોષો કહી બતાવ્યા. તેમજ પ્રસંગને લીધે મુનિધર્મ અને ગૃહિધર્મનું તત્ત્વ પણ કહ્યું. તેમજ પોતે ગ્રહણ કરેલા અનુવ્રતોનો અભિગ્રહ તથા માંસાદિકનો ત્યાગ

પણ કહ્યો. તે સાંભળી કુમાર ઉપર રાજાની બહુ પ્રીતિ ઉત્પન્ન થઈ, તેમજ તેના ઉપર વિશ્વાસ પણ સજ્જડ થયો. તેથી રાજાએ પણ માંસના ત્યાગ સાથે દેવ તથા ગુરૂતત્ત્વનો સ્વીકાર કર્યો.

**દૂતિનું આગમન.** એક દિવસ દ્વારપાલવડે પ્રવેશ કરાએલી કોઇક દૂતિ સંધ્યા સમયે કુમારની પાસે આવી અને વિનંતિ કરવા લાગી. હે કુમારેંદ્ર ? આ નગરમાં બહુ રૂપવતી, રાજા, મંત્રી, નગરશેઠ અને પ્રતીહાર એ ચારેની સ્ત્રીઓ આપને જોઈ કામજ્વરથી બહુ દુઃખી થઈ છે. તેથી તે ચારે સ્ત્રીઓએ વિચાર કરી મ્હને આપની પાસે મોકલી છે. માટે તેઓ દરેક પરસ્પર આ વૃત્તાંત ન જાણી શકે તેવી રીતે અનુક્રમે આપના સમાગમનો લાભ તેઓને મળી શકે એટલી કૃપા કરો. ત્યારબાદ પોતાને જે કરવાનું હતું તેનો નિશ્ચય કરી કુમારે જવાબ આપ્યો કે આવતી કાલે રાત્રીના પ્રથમ પ્રહરમાં પ્રતીહારની સ્ત્રી, બીજા પ્રહરમાં શેઠાણી, ત્રીજા પ્રહરમાં મંત્રીની સ્ત્રી અને ચોથા પ્રહરે રાણીને મોકલવી. આ પ્રમાણે કુમારનું વચન સાંભળી દૂતિએ જાણ્યું કે હવે આ કાર્ય સિદ્ધ થયું એમ સમજીને બહુ ખુશી થઇ અને તે વૃત્તાંત દરેકને ઘેર જઈ નિવેદન કરી પોતે કૃતાર્થ થઈ.

**કુમારનું કર્ત્તવ્ય.** બીજે દિવસે કુમારે રાજાને કહ્યું કે આપને હું કંઇક નવીન બનાવ દેખાડવા ઈચ્છું છું. તે જોઇ આપ કોઇ સમયે નહીં જોએલું એવું આશ્ચર્ય પામશો. તે સાંભળી રાજા બોલ્યો: હે સત્પુરૂષ ? હું તને વ્યવહારથી પુત્ર સમાન જાણું છું પણ નિશ્ચયથી તો ત્હને પિતા સમાન માનું છું. કારણકે સદ્ધર્મના દાનથી મ્હારો જન્મ ત્હેં સફલ કર્યો છે. માટે હે વત્સ ? હવે વિકલ્પ કરવાનું કંઈપણ કારણ નથી, આપની ઇચ્છા પ્રમાણે હું વર્ત્તવા

તૈયાર છું. ત્યારબાદ કુમારે કહ્યું હે રાજન્ ? આજે સંધ્યાકાળે ગુપ્તરીતે મ્હારા મકાનમાં પધારવા કૃપા કરશો. રાજાએ પણ તે પ્રમાણે કબુલ કર્યું અને સંધ્યાસમય થયો એટલે કુમારની પાસે ગયો. કુમારે પોતાની પાશમાં કોઇ ન દેખે તેવીરીતે એક ઢોલીયા ઉપર રાજાને બેસાડ્યા. હવે કોઇક બ્હાનું કરી પ્રતીહારની સ્ત્રી પોતાના ઘેરથી નીકળી રાત્રિના પ્રથમ પ્રહરમાં કુમારની પાસે આવીને યોગ્ય સ્થાને બેઠી. એટલે કુમારે ઉપદેશનો પ્રારંભ કર્યો. ભોગાદિક વિષયો આલોકમાં દુઃખજનક છે, તેમજ પરલોકમાં પણ નરકાદિ દુઃખનું કારણ થાય છે. આ ઉપરથી એ વાત સત્ય થઇ કે કાગડાનું માંસ અને તેપણ વળી ઉચ્છિષ્ટ સમાન આ થયું. વળી દુર્ગતિદાયક વિષયોનું સેવન કરવું ખરૂં પણ જો એથી તૃપ્તિ થતી હોય તો અન્યથા વૃથા કલેશ શામાટે સેવવો ? ઉચ્છિષ્ટ ભોજન પણ કરવું, જો ખાવાથી મીઠું લાગતું હોય તો વળી વિષયભોગવવાથી આ જીવને તૃપ્તિ થતી નથી અને પરલોકમાં નરકગતિ પ્રાપ્ત થાય છે, તો આ બે દંડ કેવીરીતે સહન કરવા ? જીવોએ દેવ ભવ પામી બહુ સમય સ્વર્ગાદિ લોકમાં વિષય સુખ ભોગવ્યું, પરંતુ હજુ સુધી પણ તૃપ્તિ ન થઇ તો સ્વલ્પ કાલના જીવિતવાળા મનુષ્યભવમાં ભોગવેલા તુચ્છ વિષય સુખથી કેવીરીતે તૃપ્તિ થાય ? હે સુંદરિ ? જો કે આ વિષયો ભોગવતાં પ્રારંભમાં આનંદ આપે છે, પરંતુ પરિણામે વિરસ અને કિંપાકફલ સમાન અનર્થજનક છે. માટે વિષયોનો ત્યાગ કરી ઇંદ્રિય તથા મનનો નિગ્રહ કરી મોક્ષમાર્ગનું સ્વરૂપ જાણીને તેમાં સદાકાળ ઉદ્યુક્ત થા. વળી તે મોક્ષમાર્ગનું મુખ્ય કારણ સમ્યક્દર્શન, સમ્યગ્જ્ઞાન અને ચારિત્ર ધર્મ છે. પછી તે સર્વેનું ભેદ સહિત સ્વરૂપ તેની આગળ પ્રગટ કર્યું. જેથી તે સ્ત્રી પ્રતિબોધ પામી. ત્યારબાદ કુમારે તેને પડદાની અંદર એકાંતમાં બેસારી.

બીજે પ્રહરે શેઠાણી આવી. તેને પણ તેજ પ્રમાણે કુમારે ઉપદેશ આપ્યો. તે સાંભળી શેઠાણી પણ બોધ પામી. તેને પણ તે પ્રમાણે એકાંતમાં બેસારી. ત્રીજે પહોરે મંત્રીની સ્ત્રી આવી, તેને પણ તે પ્રમાણે ધર્મમાર્ગમાં સ્થિર કરી પોતાની પાછળ પડદામાં બેસારી દીધી. પછી છેલ્લા પહોરે રાણીનું આગમન થયું. કુમારે શય્યામાંથી ઉભો થઇ અભ્યુત્થાન આપી પ્રણામ કર્યો. રાણી બોલી જીવિતનાથ ? આ શું કરો છો ? આ શું અભ્યુત્થાનનો અવસર છે ? અથવા નમસ્કારાદિકનો પ્રસંગ છે ? આપના શરીરના સમાગમરૂપી અમૃત રસથી મ્હારૂં અંગ શાંત કરો, હે સ્વામીન્ ? આપના વિરહાગ્નિથી પ્રદીપ્ત થયેલી મ્હને ક્ષણમાત્ર વિલંબથી સ્પર્શ કરશો તો મ્હને જીવતી જોઇ શકશો નહી. કારણકે જરૂર મ્હારૂં હૃદય ફાટીને ટુકડા થઇ જશે. એમ તે બોલતી હતી. પરંતુ તે સમયે કુમારે તેની તરફ દ્રષ્ટિ પણ ન કરી. કારણ કે તે બહુ કામાતુર થયેલી છે તેથી હાલમાં તેને ઉપદેશ લાગવાનો નથી એમ જાણી તેનો તિરસ્કાર કર્યો. જેથી તે બોલી હે મહાશય ? સત્યપ્રતિજ્ઞાના પાલન કરનાર સત્પુરૂષો શું આપના જેવા હશે ? સત્પુરૂષનું લક્ષણ તો શાસ્ત્રમાં કહ્યું છે કે—

सकृदपि यत्प्रतिपन्नं, तत्कथमपि न त्यजन्ति सत्पुरुषाः ।
नेन्दुस्त्यजति कलङ्कं, नोज्झति वडवानलं सिन्धुः ॥

**અર્થ**—" જેમ ચંદ્રમા કલંકનો ત્યાગ કરતો નથી, તેમજ સમુદ્ર વડવાનલ અગ્નિનો ત્યાગ કરતો નથી તેવી રીતે સત્પુરૂષો એકવાર પણ જેનો સ્વીકાર કરે છે તેનો કોઇપણ સમયે ત્યાગ કરતા નથી." તો હે સ્વામિન્ ? શું મ્હારા મંદ ભાગ્યને લીધેજ આપે સ્વીકારેલું વચન અસત્ય કર્યું. નહીં તો મ્હને બોલાવીને પરાંગમુખ કેમ થયા ? કુમાર બોલ્યો. ત્હારી

દૂતીના કહેવાથી મ્હેં ત્હને અહીં બોલાવી છે. પરંતુ તેનું કારણ એ છે કે જૈનધર્મનો ઉપદેશ કરી દુરંત દુઃખદાયક આ દુરાચારથી ત્હારૂં ચિત્ત નિવૃત્ત કરવું અને શુદ્ધ ધર્મમાં તને સ્થિર કરવી એવો મ્હારો અભિપ્રાય છે. રાણી બોલી પ્રથમ આપ શારીરિક સુખ આપો અને પછી આપનો વિચાર પણ સત્ય કરો. કુમાર બોલ્યો લગ્ન સમયથી પ્રારંભી આજસુધી કામદેવ સમાન સુંદર આકૃતિવાળા પોતાના પતિની સાથે વિષય ભોગવવાથી તને તૃપ્તિ ન થઇ તો હવે ચૌર્ય તરીકે મ્હારા સમાગમથી તૃપ્તિ ક્યાંથી થશે ? માટે આ અસદ્ આગ્રહ છોડી દઇ નિરાબાધ ધર્મ માર્ગનું સેવન કર. આ પ્રમાણે ઉપદેશદ્વારા કુમારે બહુ સમજાવી તોપણ તેણીએ પોતાનો અભિપ્રાય છોડયો નહીં અને ફરીથી બોલી હે કુમાર ? હું ત્હારા કહ્યા પ્રમાણે ચાલીશ. પરંતુ મ્હારી દૂતિ આગળ જે વચન ત્હેં કહેલું છે તે પ્રથમ સત્ય કર. અન્યથા ત્હારા વચનનો મ્હને વિશ્વાસ કેમ આવે ? ત્યારબાદ કુમારે પોતાનો સત્ય વિચાર જણાવ્યો. હે સુભગે ! આ ત્હારી વાંછા આ જન્મમાં પૂર્ણ થવાની નથી, કારણકે પરસ્ત્રીનો સંગ સર્વથા મ્હારે ત્યાજ્ય છે. એ પ્રમાણે કુમારનું અસાધારણ સત્ત્વ તેમજ સન્માર્ગનાં પ્રતિબોધક વચન અને પોતાના દુષ્ટ અધ્યવસાયનો વિચાર કરતી તે રાણી વૈરાગ્ય પામી કુમારના પગમાં પડી અને બોલી કે હે ધર્મ બાંધવ ? સત્ત્વના નિધિ સમાન તું મ્હારો નાનો બંધુ છે અને હું ત્હારી માતા સમાન પાપિષ્ઠ બ્હેન થાઉં છું. છતાં નિર્લજ્જ થઇ મર્યાદાનો ત્યાગ કરી મ્હેં ત્હારી ઉપર જે પાપ ચિંતવ્યું, તે પાપથી હું કેવી રીતે મુક્ત થઇશ ? વળી હે કુમાર ! આ વૃત્તાંત તું જાણતો નથી કે હું ત્હારી ઓરમાન મ્હોટી બેન થાઉં છું. તે વૃત્તાંત હું કહું છું. જેમકે મ્હારો જન્મ મૂળનક્ષત્રમાં થયો હતો; તેથી પિતાનો પ્રેમ મ્હારે વિષે બીલકુલ નહીં

હોવાથી મ્હને ત્યાંથી વિદાય કરી. દૈવયોગે હું બંગાલ દેશમાં ગઈ. તે દેશના અધિપતિ પ્રવરસેન રાજા મારા મામા થાય, તેથી તેમના ત્યાં મ્હને રાખી અને ધાવ માતાઓએ પાળી પોષીને મ્હોટી કરી. અનુક્રમે હું ઉમ્મર લાયક થઈ એટલે પ્રવરસેન રાજાએ ત્હારા સાસરાની સાથે મ્હને પરણાવી. આ વાતને કેટલાંક વર્ષ થયાં ત્યારબાદ પરનારીને સહોદર સમાન માનતો એવો તું પોતાના કુલરૂપી આકાશમાં ચંદ્ર સમાન ઉત્પન્ન થયો. માટે આપણ ભાઈ બ્હેન થયાં અને આ પ્રમાણે કલંકથી મલિન થયેલા મ્હારા પ્રાણને કોઇપણ રીતે ત્યજવા માટે હું જાઉં છું. મ્હારૂં આયુષ પણ ત્હને અર્પણ કરૂં છું. જેથી તું અધિક જીવ. તે સાંભળી કુમાર બોલ્યો આત્મઘાત કરવો એ બાલ મરણ ગણાય અને તેમ કરવાથી પરંપરાએ દુઃખની બહુ વૃદ્ધિ થાય છે. માટે પોતાના સ્થાનમાં જઈ બાકીની રાત્રી નિર્ગમન કરો. આ પાપથી છુટવાનો ઉપાય હું બતાવીશ. જેથી તમ્હારૂં સર્વ પાપ દૂર થઈ જશે. આ સંબંધી બીજો કોઈ પણ ખરાબ વિચાર કરો તો તમ્હને મ્હારા સોગન છે. ત્યારબાદ રાણીએ પણ કહ્યું કે ત્હારૂં વચન હું માન્ય કરૂં છું અને તુંજ મ્હારો ખરો આધાર છે. માટે હવે હું ધૈર્ય રાખી આત્મઘાત કરીશ નહીં. એમ કહી રાણી કુમારની આજ્ઞા લઇ પોતાના સ્થાનમાં ગઈ.

**રાજદીક્ષા.**

તેમજ બાકીની ત્રણ સ્ત્રીઓએ પણ પરપુરૂષ સાથેના સંભોગનો નિયમ લઇ સમ્યકત્વ વ્રતનો સ્વીકાર કરી કુમારને નમસ્કાર કર્યો, ત્યારબાદ ફરીથી પણ વિશેષ શિક્ષા ગ્રહણ કરી તેઓ પોતાના સ્થાનમાં વિદાય થઇ. ત્યારબાદ બહુ આશ્ચર્ય પામેલો રાજા બોલ્યો હે કુમારેંદ્ર ! મ્હારી ઉપર તમે મ્હોટો અનુગ્રહ

કર્યો, વિષયરાગ વિડંબનાનું આ અપૂર્વ નાટક બતાવ્યું. હવે હું મ્હારા સ્થાનમાં જવા માટે રજા માગું છું. કુમાર પણ તેમની વિદાયગીરી માટે તેમની પાછળ ચાલ્યો. કેટલાક માર્ગે જઈ રાજાને નમસ્કાર કરી કુમાર પાછો વળ્યો. રાજા પોતાના મ્હેલમાં ગયો. પ્રભાતકાળ થયો. પોતાનો નિત્ય નિયમ કરી કુમારને પોતાની પાસે બોલાવ્યો. કુમાર પણ ત્યાં આવી ઉચિત સ્થાને બેઠો. રાજા પોતે કંઇક બોલવાનો વિચાર કરતો હતો, તેટલામાં ઇશાન કોણમાં અતિ અદ્‌ભુત તેજનો વિસ્તાર જોવામાં આવ્યો. રાજાએ તત્કાળ દ્વારપાળને પૂછયું કે આ શું દેખાય છે ? દ્વારપાલે ક્ષણ માત્રમાં તેનો તપાસ કરી જણાવ્યું કે અહીંયા કોઇ કેવળ જ્ઞાની મુનીંદ્ર પધાર્યા છે, તેમને વંદન કરવા માટે વિમાનવાસી દેવતાઓ જાય છે, તેઓની આ કાંતિ દેખાય છે. તે સાંભળી સર્વકાર્યનો ત્યાગ કરી રાજા કુમારની સાથે સમસ્ત રૂદ્ધિ સહિત મુનીંદ્રને વાંદવા માટે ત્યાં ગયો. વિધિ પૂર્વક વંદન કરી પરિજન સહિત રાજા મુનીંદ્રની આગળ બેઠો. પછી રોમાંચિત થયું છે ગાત્ર જેનું અને પૃથ્વી ઉપર સ્થિર કર્યું છે. જાનુ મંડલ જેણે એવો કુમાર ભાલસ્થલમાં અંજલી જોડી મુનીન્દ્ર પ્રત્યે બોલ્યો હે જગદ્‌ગુરૂ ! આપ ધર્મદાયક ગુરૂ છો, વળી આપ વિતરાગ પદવીને પ્રાપ્ત થયા છો; છતાં પણ મ્હારી ઉપર મ્હોટી કૃપા કરી. કારણકે પોતાના ચરણ કમલનું આપે દર્શન કરાવ્યું. ત્યારબાદ રાજા બોલ્યો હે કુમાર ! હું એમ માનુ છું કે મ્હારા હૃદયને અનુકુલ એવી દીક્ષા આપીને મ્હારા ઉપર અનુગ્રહ કરવા માટે પ્રભુનું આગમન થયું છે. તે સાંભળી મુનીંદ્ર બોલ્યા. હે રાજન ? ત્હારૂં કહેવું સત્ય છે અને આ સમય ત્હારા ઉદયનો છે. ત્યારબાદ પોતાના સ્થાનમાં જવા માટે ઉભા થયેલા સભાસદોને બેસારી રાજાએ પોતાના પરિજન સાથે કુમારનો હસ્ત

પકડી સભાની બહાર જઈ મુકુટાદિક સર્વ અલંકાર કુમારને આપી પોતાની પ્રજાને કહ્યું કે હવેથી આ કુમાર તમારો રાજા છે. એની આજ્ઞામાં હમેશાં વર્ત્તવું, એમ ઉપદેશ આપ્યા બાદ પરિજન સહિત કુમારને પ્રણામ કરી કેવલી ભગવાનના ચરણકમલમાં દીક્ષા ગ્રહણ કરી. તેમજ રાણીએ પણ નવીન રાજગાદીએ બેઠેલા કુમારને પુછી પોતાના દુશ્ચરિત્રની શુદ્ધિ માટે દીક્ષા ગ્રહણ કરી, તેમજ કેટલીક અન્ય રાણીઓએ પણ દીક્ષા લીધી. ત્યારબાદ કેવલી ભગવાન્ અને અન્ય દીક્ષાધારી મુનિઓને નમસ્કાર કરી રાજા પોતાના સ્થાનમાં વિદાય થયો. પછી રાજા પોતે હમેશાં મુનિઓની સેવામાં હાજર રહેતો હતો. એમ કરતાં કેટલાક દિવસ પોતાના પરિવાર સહિત મુનીન્દ્ર ત્યાં રહીને પછી અન્ય દેશમાં વિહાર કર્યો.

**વીરકુમારનો મોક્ષ.**

વીરકુમાર રાજા નીતિપૂર્વક રાજ્ય ચલાવતો અને પ્રજાનું સંરક્ષણ કરતો હતો. તેમજ જૈનશાસનની ઉન્નતિ કરવામાં તત્પર હતો. વિનયગુણ સંપન્ન એવા મંત્રીના પુત્રને દરેક સ્થાને આત્મ સમાન ગણતો હતો. તેવામાં રિપુમર્દન રાજાનો લેખ આવવાથી થોડાક પરિવાર સાથે લઈ વિમળને રાજ્ય કારભાર સોંપી પોતે શ્રીનિલયનગરમાં ગયો. ત્યાં પોતાના પિતાનો સમાગમ કરી ધર્મતત્ત્વનો ઉપદેશ પ્રાપ્ત કર્યો. રિપુમર્દન રાજાએ પણ પુત્રથી ધર્મતત્ત્વ જાણીને તેને રાજ્ય કારભાર સોંપીને વિધિપૂર્વક દીક્ષા લીધી, ત્યારબાદ વીરકુમાર રાજા પણ ચિરકાલ શ્રાવક ધર્મ પાળી રણધવલ રાજર્ષિના ચરણમાં દીક્ષા લઈ નાના પ્રકારના દેશરૂપી સરોવરમાં ભવ્ય પ્રાણિરૂપ કમલોને બહુ સમય પર્યંત પ્રતિબોધ કરી સૂર્યની પેઠે મોક્ષ ( અસ્ત ) પામ્યા. માટે હે ભવ્ય પ્રાણિઓ ! આ

પ્રમાણે કામજન્ય ગર્વને દૂર કરવાથી લોકમાં પ્રગટ કર્યો છે ચમત્કાર જેણે એવા વીર કુમારે ઉત્કૃષ્ટ સુકૃતશ્રેણી ઉપાર્જન કરી, તેમજ આ લોકમાં પણ અગમ્યગમનાદિકનું કારણ અને સર્વ જનોમાં નિંદનીયપણું પ્રાપ્ત થતું નથી. તેમાં આ દૃષ્ટાંત છે. જેમ યુવાન છતાં પણ આ કુમારે નિરતિચાર ચોથું વ્રત પાળ્યું તેમ અન્ય લોકોએ પણ પ્રયત્ન પૂર્વક આ વ્રત પાળવું.

**इति चतुर्थव्रते वीरकुमारदृष्टान्तः समाप्तः**

## वज्रवणिकनी कथा.

### પ્રથમ ઇત્વરપરિગૃહીતાગમનાતિચાર.

દાનવિર્ય રાજાએ પ્રશ્ન કર્યો કે હે ભગવન્! ચોથા વ્રત ઉપર વીરકુમારનું દૃષ્ટાંત આપે અમને કહ્યું; પરંતુ તેના અતીચારનું હે સ્વરૂપ અમારી ઉપર કૃપા કરી કહો. શ્રી સુપાર્શ્વપ્રભુ બોલ્યા, રાજન્! તું બહુ શ્રદ્ધાળુ છે, ત્હારી ધાર્મિક બુદ્ધિ જોઇ બહુઆનંદ માનવા જેવું છે. આ બ્રહ્મચર્યવ્રતમાં પ્રથમ અતિચારનું સ્વરૂપ તું સાવધાન થઈ સાંભળ. દ્રવ્ય આપીને થોડા સમય માટે રાખેલી વેશ્યા સ્ત્રી પણ પરસ્ત્રી ગણાય, માટે તેનો સંગ કરનાર પુરૂષ વજ્રવણિકની પેઠે બહુ દુ:ખી થાય છે.

**વજ્રદ્રષ્ટાંત.**

આ ભરતક્ષેત્રમાં પૃથ્વી રૂપી સ્ત્રીને તિલક સમાન તિલકપુર નામે સુપ્રસિદ્ધ નગર છે. તેમાં ઉદ્ધત વૈરીઓનો ગર્વ ઉતારવામાં બહુ પરાક્રમી સોમધ્વજ નામે રાજા હતો. સુયશા નામે તેની

સ્ત્રી હતી. વળી તે નગરમાં યશોધવલ નામે શ્રેષ્ઠી હતો અને જયદેવી નામે તેની સ્ત્રી હતી. તેમજ તેઓને વજ્રનામે એક પુત્ર હતો. તે વિલાસ કરવામાં બહુ કુશળ અને ઈંદ્રિયોના વિષયોમાં બહુ પુરો હતો, તેથી તે હંમેશાં પોતાના મિત્રમંડળ સાથે દેવ મંદિર તથા ઉદ્યાનાદિક સ્થાનોમાં ઇચ્છા પ્રમાણે ફરતો હતો.

એક દિવસ પ્રભાત કાળમાં ભાવીભાવને લીધે વજ્ર પોતાના પિતા સાથે નર્મદા નદીના કીનારે ગયો.

**દેવનું આગમન.** ત્યાં આગળ સ્નાનાદિક શુદ્ધિ કરી પોતાની નિત્ય ક્રિયા સમાપ્ત કરી બન્ને જણ તટ ઉપર બેઠા હતા, તેટલામાં ઉત્તર દિશા તરફથી નિર્ધૂમ અગ્નિની જ્વાલા સમાન કાંતિમાન્ એક દેવ ત્યાં આવ્યો. એકદમ દિવ્ય સ્વરૂપ જોઈ પિતા અને પુત્ર બન્ને ક્ષોભાયમાન થઈ ગયા. તે જોઈ દેવ બોલ્યો, ભદ્ર ! ભય પામવાનું કંઈ કારણ નથી. હું તમ્હારા હિત માટે આવ્યો છું. તમે પૂર્વભવમાં મ્હને બહુ ઈષ્ટ હતા, તેથી અહીં તમને જોઇ હું પ્રગટ થયો છું. હવે પૂર્વભવનું વૃત્તાંત સાંભળો–પ્રથમ હું આ નગરમાં દુર્ગપાળની સ્રી હતી અને દેવકી મ્હારૂં નામ હતું. તે સમયે મ્હારૂં ઘર પણ તમ્હારા ઘરની પાસે હતું. મ્હારો સ્વામી સોમધ્વજ નામના રાજાની નોકરી કરતો હતો. તેવામાં કોઇક પ્રસંગે રાજા પરિવાર સહિત નર્મદાના કીનારે મુકામ કરી રહ્યો હતો. મ્હારો સ્વામી પણ મ્હને સાથે લઈ ગયો હતો. અમારો મુકામ કાંઠા ઉપર વડની નીચે હતો. બીજા લોકો પણ તેવીજ રીતે પોતપોતાની અનુકૂળતા પ્રમાણે ઉતર્યા હતા. તાપની બહુ ગરમીને લીધે જળક્રીડા માટે હું નર્મદાના પ્રવાહમાં ઉતરી. તેવામાં કોઇક જલચરે મ્હારા પગ બાંધી લીધા. જેથી રૂદન કરતી હું બૂમ પાડવા લાગી. ખૂબ દયાજનક ચીસ પાડી તેથી લોકો જાણી ગયા તોપણ પોતપોતાના

સ્થાનમાંથી કોઇએ પણ મ્હારી સંભાળ લીધી નહીં ! થોડીકવાર પછી કોઇને દયા આવી અને તે બોલ્યો કે, ધૈર્ય રાખીને શાંત રહે, હું ત્હારી સહાય માટે આવું છું. એમ કહી એકદમ તેણે નદીમાં પ્રવેશ કર્યો. અને યમજીહ્વા સમાન ચળકતી છરીવડે તે જળચરને છેદી નાખ્યો. પરંતુ બહુ જોસથી જળની અંદર છરીનો ઘા કર્યો તેથી તે ઘા પોતાના પેટ ઉપર લાગવાથી તે પુરૂષનાં આંતરડાં બહાર નીકળી પડ્યાં. જેથી મ્હારા બન્ને હાથનું અવલંબન લઇ તે બહાર નીકળ્યો કે તરતજ મરી ગયો. તેના બંધુઓને માલુમ પડવાથી તેઓ ત્યાં આવ્યા અને તેજ ઠેકાણે જલ્દી કાષ્ઠની ચિતા રચી તેને સુવાડી દીધો, હું પણ નદીમાં સ્નાન કરી ચિતાની સમીપમાં આવી અને ચિતામાં પડવાની તૈયારી કરતી હતી તેટલામાં મ્હારા સ્વામીએ મ્હને હાથવડે પકડી લીધી, એટલે મ્હેં તેને કહ્યું કે આ પુરૂષની સાથે મ્હારે ચિતામાં પ્રવેશ કર્યા વિના ચાલે તેમ નથી, કારણકે આ મ્હારો પરોપકારી બંધુ છે. જે વખતે મ્હેં બહુ પોકાર કર્યા હતા તે સમયે તમે મુકામમાંથી બહાર કેમ નહોતા નીકળ્યા ? બીજા લોકો પણ જોઇ રહ્યા હતા, કોઇએ મ્હારી સહાય કરી નહીં. માત્ર આ વીરપુરૂષે મ્હારો દીન પોકાર સાંભળી જળમાં પ્રવેશ કરી મ્હારા પ્રાણ માટે પોતાના પ્રાણને તૃણની માફક ત્યાગ કર્યો. માટે આ પુરૂષની પાછળ હું પ્રાણ ત્યાગ કરીશ. તેથી મ્હારો હાથ તમે છોડી દો. એમ સાંભળી મ્હારો પતિ બોલ્યો, હે વરતનુ ! મ્હેં ત્હારો પોકાર સાંભળ્યો નહોતો. અન્યથા હું ત્હારી ઉપેક્ષા કરૂં ખરો ? પછી મ્હેં તેને કહ્યું કે, મ્હારા માટે એના પ્રાણ ગયેલા છે માટે એની ચિતામાં હું અવશ્ય પ્રવેશ કરીશ. એમ સમજી વેલાસર મ્હને છોડી દો. વળી મ્હેં તમારો કોઇપણ અપરાધ કર્યો હોય તો તેની હું ક્ષમા માગું છું. કદાચિત્ મ્હને

નહી છોડે તોપણ હું ગમે તે રીતે પ્રાણ ત્યાગ કરીશ. આ પ્રમાણે મ્હારો દૃઢ આગ્રહ જોઇ તેણે મ્હને છોડી દીધી. જેથી ચિતામાં પ્રવેશ કરી મ્હેં દેહ ત્યાગ કર્યો. હે શ્રેષ્ઠિ! વિશેષ અધ્યવસાયને લીધે તે પુરૂષ મરીને આ ત્હારો પુત્ર થયો છે. અને હું વ્યંતર જાતિમાં દેવપણે ઉત્પન્ન થઇ છું. આ પ્રતિબંધને લીધે મ્હેં તમ્હને આ મ્હારૂં વૃતાંત સંભળાવ્યું. હવે જો મ્હારી પ્રાર્થના સ્વીકારો તો હાલ મ્હારે પ્રત્યુપકારની બુદ્ધિથી વજ્રને કંઇક કહેવાનું છે. વજ્ર બોલ્યો; ખુશીથી કહો, મ્હારા લાયક હશે તો હું તે કરવા તૈયાર છું. દેવ બોલ્યો, નદીના સામા કીનારે લવલીવેલીના મંડપમાં એક મુનિ મહારાજ વિરાજે છે. માટે તમે બન્ને જણા ત્યાં જાઓ અને ભક્તિપૂર્વક તેમને વંદન કરો. જેથી તેઓ પણ મુનીંદ્રની પાસે ગયા. મુનિએ પણ ધર્મલાભપૂર્વક અણુવ્રતાદિકનો ઉપદેશ આપ્યો. ત્યારબાદ બન્ને જણે ગુરૂ સમક્ષ શ્રદ્ધાપૂર્વક શ્રાવક ધર્મનો સ્વીકાર કર્યો. પછી સંતુષ્ટ થઇ દેવ બોલ્યો, તમે મ્હારા ગુરૂભાઇ થયા. કારણકે હું પણ આ મુનીશ્વર પાસેથીજ સમ્યક્ત્વ પામ્યો છું. માટે વાંછિત અર્થદાયક એવું આ ચિંતામણિરત્ન તમને સાધર્મિક વાત્સલ્યમાં અર્પણ કરૂં છું. એમ કહી ચિંતામણિ આપી તે દેવ અદૃશ્ય થઇ ગયો.

ત્યારબાદ પિતા પુત્ર બન્ને શ્રાવકધર્મ પાળવા લાગ્યા. હમ્મેશાં મુનિ પાસે જતા અને ધર્મ સાંભળતા હતા.

**વજ્રનો દુરાચાર.** પરંતુ વજ્રને વેશ્યાગમનનું વ્યસન પડ્યું હતું તે છોડતો ન હતો. કેટલીક વેશ્યાઓને ભાડુ આપી રાખતો હતો. તેમજ અન્ય કેટલીક સ્ત્રીઓ સાથે ઇચ્છા પ્રમાણે વિલાસ કરતો હતો એ પ્રમાણે કેટલીક કામક્રીડામાં આતુર બની રાત્રીઓ વ્યતીત કરતો હતો. ચિંતામણિના

પ્રભાવથી બહુ દ્રવ્ય તેને મળતું હતું. અને તે સર્વ દ્રવ્ય જીન-મંદિર, જીનપ્રતિમાઓ, સંઘ અને વેશ્યાઓમાં વાપરતો હતો. બીજાની રાખેલી વેશ્યાઓને પોતે જાણતો છતો પણ તેઓનો ત્યાગ કરતો નહીં. તેથી લોકોની સાથે પ્રતિદિવસે તેને બહુ વૈર બંધાયું. વળી તે વાત તેના પિતાના જાણવામાં આવી ત્યારે તેણે વજ્રને બહુ વાર્યો અને કહ્યું કે, અરે! બીજાની રાખેલી વેશ્યાઓ તરફ ગમન કરવાથી તું બહુ દુ:ખી થઇશ. તેમજ ચોથાવ્રતનો અતીચાર ન કર, વળી ગુરૂ વચનનું સ્મરણ કર, ઉભયલોકમાં વિરૂદ્ધ આ કાર્ય તું કરે છે માટે સજ્જન પુરૂષોએ નિંદવા લાયક આ દુષ્કૃત્યનો તું સર્વથા ત્યાગ કર. જો કે દરેક વેશ્યાગમન કરવાથી અનેક અનર્થો ઉત્પન્ન થાય છે, તેમાં પણ જેઓ અન્યની રાખેલી હોય તેઓ તો કાલકૂટ વિષ સમાન છે. વજ્ર બોલ્યો, હે તાત! એ વાત સત્ય છે, પરંતુ વેશ્યાઓનો સંગ છોડવા માટે હું અશક્ત છું. તમે ગમે તેમ કહેશો પણ તે વ્યસન મ્હારાથી છુટે તેમ નથી. પિતાએ કહ્યું, હે પુત્ર! જો ત્હારો આ નિશ્ચય દઢ હોય તો હું અત્યારે જ દીક્ષા ગ્રહણ કરૂં છું. કારણકે ચિરકાલ ઇચ્છા મુજબ ભોગ ભોગવ્યા, લક્ષ્મીના અનેક વિલાસ અનુભવ્યા, સજ્જનો સાથે આનંદ મેળવ્યો, મિત્ર તથા બંધુઓનો પ્રેમ જાળવ્યો, તેમજ દીનજનોને સુખી કર્યા, વળી હે વત્સ! હાલમાં વૃદ્ધ અવસ્થા પ્રાપ્ત થઈ છે. મરણ સમય પણ નજીક આવ્યો છે. માટે આત્મહિત કરવાનો આ સમય છે. એમ કહી પોતાનું દ્રવ્ય શુભ ભાવનાપૂર્વક ધર્મસ્થાનોમાં વાપરી શ્રેષ્ઠીએ વિધિપૂર્વક ગુરૂ પાસે જંઇ દીક્ષા ગ્રહણ કરી. ત્યારબાદ મર્યાદારહિત પ્રવૃત્તિ કરવાથી વજ્રનો સંગ લોકોએ છોડી દીધો. એક દિવસ તે વજ્ર વસંતસેના વેશ્યાના ઘરમાં પેઠો. તે વેશ્યા રાજકુમારની રાખેલી

હતી, છતાં તેની ઈચ્છા મુજબ તેને બહુ દ્રવ્ય આપી રાત્રિના પહેલા પ્રહરમાં તેના પલંગ ઉપર તે બેઠો હતો તેટલામાં કુમાર પણ ત્યાં આવ્યો અને તરતજ રોષથી તેને પકડવા જાય છે તેવામાં તે નાઠો, પરંતુ કુમારે પોતેજ તેને બાહુથી પકડી થાંભલા સાથે બાંધ્યો. સવાર થયું એટલે વેશ્યાએ કુમારને પ્રાર્થના કરી બહુ મહેનતે વજ્રને છોડાવ્યો. જેથી જીવતો પોતાને ઘેર ગયો. પરંતુ સુકોમલ શરીર હોવાથી બંધનની અસહ્ય પીડાને લીધે લોહી ભરાઈ ગયું તેથી તે મરીને આર્ત્તધ્યાન કરવાથી ભુંડની યોનિમાં ઉત્પન્ન થયો. અને કેટલાક ઘોર ભવ ભ્રમણ કરી ફરીથી સમ્યક્ત્વ પામી મોક્ષ સુખ પામશે. તેનો પિતા તો તેજ ભવમાં શુદ્ધ ચારિત્ર પાળી મોક્ષગામી થયો. માટે હે ભવ્ય પુરૂષો ! વેશ્યા વ્યસનરૂપ ચોથા વ્રતના અતિચારનો સર્વથા ત્યાગ કરો. જેથી થોડા સમયમાં જીનેંદ્ર કથિત ઉત્કૃષ્ટ સિદ્ધિ સ્થાન પ્રાપ્ત થાય.

इति चतुर्थव्रतप्रथमातिचारविपाके वज्रकथानकं समाप्तम् ॥

## दुर्लभवणिकनी कथा.

### દ્વિતીય અપરિગૃહીતાગમનાતિચાર.

દાનવિર્ય રાજા બોલ્યો, કૃપાળુ એવા હે જગદ્ગુરૂ ! હવે ચોથા વ્રતમાં દ્વિતીય અતિચારનું સ્વરૂપ સંભળાવો. તે સાંભળી શ્રીસુપાર્શ્વ પ્રભુ બોલ્યા, હે રાજન્ ! કુલટા અને અનાથ વિધવાઓ પરસ્ત્રી નજ ગણાય, એમ સમજી જે તેઓને ભોગવે છે તે પુરૂષ પણ દુર્લભની પેઠે બહુ દુઃખ ભોગવે છે.

સમસ્ત નગરોનો ગર્વ ઉતારવામાં ચૂડામણિ સમાન

**દુર્લભ.** ત્રિજયખેટ નામે નગર છે. તેમાં સરલ પ્રકૃતિવાળો ગોભદ્ર નામે વણિક રહેતો હતો. મલયમતી નામે તેની સ્ત્રી હતી. તેઓને દુર્લભ નામે એક પુત્ર હતો. વળી તે દુર્લભ દરેક વણિક કલાઓનો નિધાન તેમજ સર્વ અનર્થનો કુલભવન હતો. એક દિવસ પિતા અને પુત્ર બન્ને જણા વેપાર માટે તૈયાર થયા. પોતાની યોગ્યતા પ્રમાણે કરીયાણું ભરી ઉજ્જયિની તરફ તેઓ ચાલ્યા. અર્ધ માર્ગે જતાં ધ્યાનમાં બેઠેલા એક મુનિ તેઓના જોવામાં આવ્યા. જેથી તેમને વંદન કરી તેઓ નીચે બેઠા. ધ્યાન પૂર્ણ થવાથી મુનિ બોલ્યા હે શેઠિયાઓ! તમે કયાં જાઓ છો? અહીં ક્યાંથી આવ્યા? વળી અહીં આવવાનું શું પ્રયોજન છે? તેઓએ પણ પ્રશ્નનો ઉચીત જવાબ આપ્યો એટલે મુનિએ કહ્યું, સર્વ લોકો ધનને માટે સંભ્રાંત થઈ ઉદ્યોગ કરે છે. પરંતુ ધનનું કારણ મુખ્ય ધર્મ છે. પણ તેના માટે તો સર્વ લોકો સદાકાળ નિરૂદ્યોગી રહે છે. જો ધર્મ વિના મનોવાંછિત એમને એમજ સિદ્ધ થતાં હોય તો સમસ્ત ત્રણ લોકમાં કોણ દુઃખી રહે? વળી પોતાના પિતાએ ત્યજી દીધેલી ગુણસુંદરીની માફક પુણ્યશાલી જીવોના સર્વ મનોરથ અવશ્ય સિદ્ધ થાય છે.

**ગુણસુંદરી.** ભદ્દિલપુર નામે નગર છે, તેમાં અરિકેસરી નામે રાજા છે, કનકમાલા નામે તેની સ્ત્રી છે. સર્વ કલાઓનું કુલભવન ગુણસુંદરી નામે એક કન્યા તેઓને ઉત્પન્ન થઇ. અનુક્રમે તેને યૌવન અવસ્થા પ્રાપ્ત થઈ, તેટલામાં દૈવયોગે તેની માતા મરણ પામી. તેમજ મોસાળ પક્ષમાં પણ કાળે કરી કોઈ રહ્યું નહીં. તેવામાં એક દિવસ ગુણસુંદરી વંદન માટે પોતાના પિતા પાસે ગઈ, અનેક પ્રકારના સુંદર અલંકારોથી વિભૂષિત ગુણસુંદરીને તેમજ

અમૂલ્ય આભૂષણુ તથા ઉત્તમ વસ્ત્રોથી વિભૂષિત સભ્યજનોને જોઇ રાજા બહુ ખુશી થયો, અને કોમળ વાણીવડે પોતાના પરિજનને પુછવા લાગ્યો કે તમે કોના પ્રતાપથી વિશાળ લક્ષ્મીના વૈભવ ભોગવો છો ? તેઓ બોલ્યા, રાજાધિરાજ ! આ સર્વ આપનોજ પ્રસાદ છે. અન્ય કોઈનો પણ નથી. ત્યારબાદ ગુણસુંદરી મસ્તક ધુણાવી ઉંચે સ્વરે રાજાની અપેક્ષા છોડી દઈને બોલી, હે તાત ! આ સર્વ લક્ષ્મી વિલાસ ભવિતવ્યતાને લીધે આવી મળે છે. તે ઉપર તેણીએ એક ગાથા કહી.

सा जयउ जए लच्छी, जीइ प्रसाएण ईसरजणस्स ।
सच्चमलियंपि वयणं, सयाणपुरिसावि मन्नंति ॥

અર્થ—"અહો ! આ દુનિયામાં માત્ર લક્ષ્મીદેવીનો જય થાઓ, કે જેના પ્રસાદથી સમજુ માણસો પણ ધનાઢ્ય પુરૂષનું અસત્ય વચન પણ સત્ય તરીકે માને છે." આ પ્રમાણે તેનો અભિપ્રાય જાણી સ્વભાવથી બહુ ક્રોધીરાજા બોલ્યો, પુત્રિ ! તું કોના પ્રસાદથી આનંદ ભોગવે છે ? ગુણસુંદરી બોલી, પૂર્વે કરેલાં કર્મોના ફળ વિપાકથી સુખ દુઃખ પ્રાપ્ત થાય છે. અપરાધ અને ગુણોમાં અન્ય તો નિમિત્ત માત્ર ગણાય છે. રાજાએ તરત જ હુકમ કર્યો કે, કોઈપણ નિર્ભાગ્ય જનોમાં શિરોમણિ સમાન દરિદ્ર પુરૂષને અહીં પકડી લાવો. કારણ કે અહીં તેનું કામ છે. આ પ્રમાણે રાજાનો હુકમ સાંભળી તરત જ રાજપુરૂષો છુટ્યા અને માથે કાષ્ટની ભારી મૂકી ફરતા એક દરિદ્રને લાવીને રાજાની આગળ હાજર કર્યો. તેને જોઇ રાજા બહુ ખુશી થયો ! તે દરિદ્રીની સાથે ગુણસુંદરીને પરણાવી. પછી સર્વ વસ્ત્રાદિક ઉતારી લઇ વહિકાનાં જીર્ણ વસ્ત્ર પહેરાવીને કહ્યું કે, હે ગુણસુંદરી ! તું હવે અહીંથી વિદાય થા અને પૂર્વોપાર્જિત સુકૃતનો અનુભવ કર.

તેમજ સર્વ લોકોને આજ્ઞા કરી કે, જે ગુણસુંદરીની સાથે વાતચિત કરશે તેને ફાંસીએ લટકાવવામાં આવશે. જેથી તે ગુણસુંદરી પોતાના નિર્ધન પતિ સાથે મૌન ધારણ કરી ચાલી ગઇ. પોતાના પતિના ઘરમાં પ્રવેશ કરી તેના મસ્તકના કેશ છુટા કરે છે તેટલામાં એકદમ કેશમાંથી તેવો ઉત્તમ સુગંધ ફેલાઇ ગયો કે જાણે ગોશીર્ષચંદનવનના સુગંધને છળવા માટે ફેલાયો હોય ને શું ? તેમ જાણી ગુણસુંદરીએ પોતાના પતિને પૂછયું કે, આજે તમારો કાષ્ઠનો ભારો કયાં મૂકયો છે ? તેણે જવાબ આપ્યો કે, હે સુંદરી ! આજનો ભારો તો કંદોઇની દુકાને મૂકયો છે. પછી ગુણસુંદરીએ તેની સાથે જઇને તે ભારો પોતાના ઘેર અણાવ્યો. ત્યારબાદ તેમાંથી ચંદનના કકડાઓ વાણીયાની દુકાને વેચીને કેટલાંક વસ્ત્ર ધાન્ય વિગેરે ઉપયોગી સાધન ખરીદ કર્યાં. પછી જે વૃક્ષ ઉપરથી ચંદનનાં લાકડાં લાવ્યો હતો ત્યાં આગળ જઇ તેણીએ તે વૃક્ષના ટુકડા કરાવીને મૂર્ખ મજુરો પાસે અર્ધ રાત્રીએ સર્વ કાષ્ઠ પોતાના ઘરમાં ભરાવ્યાં. ત્યારબાદ તે વેચવાથી અનુક્રમે પુષ્કળ ધન તેમાંથી તેને પ્રાપ્ત થયું.

**સુવર્ણસિદ્ધિ**

દ્રવ્યના પ્રભાવથી પોતાને ઉચિત પરિવાર અને વાહનાદિક સર્વ સામગ્રી તૈયાર કરી બન્ને સ્ત્રી પુરૂષ વેપાર માટે દેશાંતર ગયા, ગુણસુંદરીએ રાજાએ આપેલાં વહિકા વસ્ત્ર ( જુના ઇતિહાસ લખેલાં વસ્ત્ર ) પહેરેલાં હતાં. તેઓમાં લખેલી અક્ષરપંક્તિ તેના જોવામાં આવી, અનુક્રમે તપાસ કરતાં એક ઠેકાણે સુવર્ણ સિદ્ધિનો પ્રયોગ લખેલો તેના જોવામાં આવ્યો. પછી લખ્યા પ્રમાણે સર્વ સામગ્રી એકઠી કરી પ્રયોગ કર્યો, તેથી તાપ, છેદ અને કપ એમ ત્રણ પ્રકારે શુદ્ધ સુવર્ણ સિદ્ધ થયું. ત્યારબાદ તે પ્રયોગવડે પુષ્કળ સોનું તેઓએ સંપાદન કર્યું. બાદ તેઓ

બહુ વાહન પરિવાર સહિત ગૌડ દેશમાં ગયાં. ત્યાંથી ઉત્તમ ભદ્ર જાતિના એક હજાર હાથી ખરીદ કરી ભદ્દિલપુરમાં આવ્યાં. રાજાએ બતાવેલા સ્થાનમાં બીજું જાણે ભદ્દિલપુર હોય ને શું ? તેવી રચના કરી ગુણસુંદરી ત્યાં રહી. તેનો પતિ પણ દ્રવ્યના પ્રભાવથી દરેક કલાઓમાં કુશળ થયો હતો, તેથી તે પણ લોકમાં પ્રસિદ્ધ થયો. વળી તે વિવિધ વિલાસોનું કુલભવન હોવાથી તેનું પુણ્યપાળ એવું નામ ઠરાવ્યું છે. કહ્યું છે કે—

श्रीपरिचयाज्जडा अपि, भवन्त्यभिज्ञा विदग्धचरितानाम् ।
उपदिशति कामिनीनां, यौवनमद एव ललितानि ॥

અર્થ—"લક્ષ્મીના પરિચયથી જડ પુરૂષો પણ વિજ્ઞ પુરૂષોના ચરિત્રના જાણકાર થાય છે, તેમજ યૌવન અવસ્થાનો મદ પણ યુવતિઓના વિલાસોનો ઉપદેશ આપે છે." એક દિવસ પુણ્યપાળે પણ બહુ ઠાઠથી ભેટ પૂર્વક રાજાની મુલાકાત લીધી. રાજાએ પણ તેની પાસે હજાર હાથી જાણીને કહ્યું કે, મહાજનના કહ્યા પ્રમાણે કિંમત લઇ તમ્હારા હાથી અમને આપો. પુણ્યપાળ બોલ્યો, રાજાધિરાજ ! જન્માંતરે પણ આ કાર્ય મ્હારાથી કરી શકાય તેમ નથી, પરંતુ મ્હારા મુકામમાં પધારી આપ ભોજન કરો અને હજાર હાથી પણ લઇ લ્યો, તે આપનાજ છે, કિંમતની કંઇ પણ જરૂર નથી. આ પ્રમાણે પુણ્યપાળનું બોલવું સાંભળી રાજાનું હૃદય પીગળી ગયું. પુણ્યપાળ પોતાના મકાનમાં ગયો. હવે તે મકાન કાષ્ઠનો બંધાવેલો છે અને તે યંત્રથી ગોઠવેલો છે. તેમાં સો થાંભલા અને ચાર દ્વાર ગોઠવેલાં છે. ભોજનનો અવસર થયો, જેથી રાજા પોતે જમવા બેઠો. ગુણસુંદરી એકલી પીરસે છે. પ્રથમ અનેક પ્રકારનાં ફલ પીરસીને અંદર ચાલી ગઇ, પછી અન્ય વેશે ધારણ કરી બીજા દ્વારથી પકવાન્ન પીરસી ગઇ,

તેવીજ રીતે નવીન નવીન વેશ પ્હેરી શાક, દાળ, ભાત, ઘી વિગેરે દરેક વસ્તુઓ પીરસી ગઈ, તે ઉપરથી રાજાએ પુણ્યપાળને પૂછ્યું, અહીં તમ્હારે સ્ત્રીઓ અને યોજક પરિવાર કેટલો છે? પુણ્યપાળ બોલ્યો, આપે જેટલી જોઇ તેટલી. ત્યારબાદ રાજા જમીને પાન સોપારી લઈ ગંગાના તટ સમાન સુકોમલ પલંગ ઉપર ઉપરના માળમાં સુઇ ગયો.

**દીક્ષામહોત્સવ.**

રાજાએ આપેલા વહિકાખંડોથી પૂર્વની માફક વેષ કરી રાજાની પાસે જઇ નમસ્કાર કરી ગુણસુંદરી બોલી, સાવધાન થઈ આપ અવલોકન કરો, મ્હને ઓળખો છો? વિચાર કરતાં રાજા સમજી ગયો અને અશ્રુધારા વહન કરી પોતાના ખોળામાં તેને બેસારી બોલ્યો, હે વત્સે! તું મ્હારી ફુઈપિતાની દીકરી ગુણસુંદરી છે. ભોજન સમયે મ્હેં ત્હને જોઇ હતી, પણ ઓળખી નહીં, નવ નવા શણગાર જોઈ મ્હને અનેક સ્ત્રીઓનો ભ્રમ થયો. હે પુત્રી! હવે ઉચિત શણગાર સજી મ્હારી પાસે આવ. એ પ્રમાણે પિતાનું વચન પ્રમાણ કરી ઉત્કૃષ્ટ વેષ પ્હેરી ત્યાં આવી અને પુણ્યપાળને પણ તેણીએ ત્યાં બોલાવ્યો. પોતાના વૈભવની વાર્ત્તા રાજાએ પૂછી, પછી ગુણસુંદરીએ યથાર્થ પોતાનું વૃત્તાંત કહી સંભળાવ્યું, ત્યારબાદ રાજા બોલ્યો, હે પુત્રી! ત્હારા દૃષ્ટાંતથી મ્હને નિશ્ચય થયો કે વૈભવ એ કેવલ ધર્મનુંજ ફળ છે. માટે હવે મ્હને તે ધર્મનું સ્વરૂપ સમજાવ. વળી તે ગુણસુંદરી પરંપરાથી શ્રાવકના કુળમાં જન્મેલી હોવાથી પોતાની માતાએ બાલ્યાવસ્થામાંથી જ જૈન ધર્મમાં પ્રવીણ કરેલી હતી છતાં પણ તેણીએ કહ્યું કે, અહીંઆ અમારા મકાનની નજીકમાં એક મુનીંદ્ર રહે છે, તે વિશેષ ધર્મ જાણે છે તેમજ તેઓ હમ્મેશાં ઉપદેશ આપે છે માટે ચાલો તેમની પાસે જઈએ. એમ કહી પુણ્યપાળ,

ગુણસુંદરી અને રાજા સર્વે મુનિ પાસે ગયાં. વંદન કરી તેઓ નીચે બેઠાં, મુનિએ ધર્મલાભ આપી ધર્મદેશનાનો પ્રારંભ કર્યો. પ્રાર્થનાપૂર્વક રાજાએ મુનીંદ્રને જણાવ્યું કે, રાજ્યની સ્થિર વ્યવસ્થા કરી હાલ હું આપના ચરણમાં રહેવા ઈચ્છું છું. મુનીંદ્ર બોલ્યા, હે નરેંદ્ર ! ધર્મકાર્યમાં નિરૂદ્યમી ન થવું. જેમ બને તેમ શીઘ્રતા કરવી. ત્યારબાદ વંદન કરી રાજા પોતાના સ્થાનમાં ગયો, પ્રધાનો સાથે વિચાર કરી પુત્ર નહીં હોવાથી પોતાના જમાઈ પુણ્યપાળને રાજ્યમાં સ્થાપન કરી વિધિપૂર્વક દીક્ષા લીધી. ત્યારબાદ પુણ્યપાળ રાજા બહુ સમય સુધી નીતિથી રાજ્ય ચલાવી જૈન ધર્મની પ્રભાવના કરવા લાગ્યો. ગુણસુંદરીને સુલોચન નામે એક પુત્ર થયો. અનુક્રમે તેને રાજ્ય ગાદીએ બેસાર્યો. પછી સ્ત્રી સહિત તેણે દીક્ષા લીધી. નિરવદ્ય ચારિત્ર પાળી અનુક્રમે બન્ને મોક્ષસ્થાને ગયા. માટે હે ભવ્ય પ્રાણિઓ ! અન્ય ઉદ્યમ છોડી દઈને પણ ધર્મને વિષે જ ઉદ્યમ કરો. જેથી ઉભય લોકમાં તમારા બન્નેનાં વાંછિત કાર્ય સિદ્ધ થાય.

**દુર્લભનો દુરાચાર.**

ત્યાર બાદ પિતા પુત્ર બન્ને બોલ્યા, હે મુનીંદ્ર ! મુનિ ધર્મ પાળવામાં અમે અશક્ત છીએ. માટે ગૃહસ્થાશ્રમમાં રહીને અમે જે ધર્મ પાળી શકીએ તેવો ઉપદેશ આપો. મુનિએ સમ્યક્ત્વાદિ ગૃહીધર્મ વિસ્તાર પૂર્વક કહ્યો. જેથી બાર પ્રકારનો તે શ્રાવક ધર્મ બન્ને જણે વિધિપૂર્વક સ્વીકાર્યો. ત્યાર બાદ તેઓ વંદન કરી ત્યાંથી ઉજ્જયિની તરફ ચાલ્યા. ત્યાં જઈ વેપાર કરી તેઓ પોતાના સ્થાનમાં આવ્યા. શેઠ પોતે અંગીકાર કરેલા ધર્મમાં બહુ ઉદ્યુક્ત થયા. બહુ દુર્લભ એવા ધર્મને પામીને પણ દુર્લભ પોતાની કલ્પના પ્રમાણે ચોથા વ્રતમાં અતિચાર સેવવા લાગ્યો. જેમકે—પરસ્ત્રીનો નિયમ કર્યો છે પરંતુ

અનાથ કુલટાઓનો નિયમ કર્યો નથી એમ માની વિધવા કુલટાઓ સાથે ક્રીડા કરવા લાગ્યો, એક દિવસ કુલટા સાથે વ્યભિચાર કરતો દુર્લભ આરક્ષકના જોવામાં આવ્યો. જેથી તેણે લાકડીના પ્રહારથી જીર્ણ કરી બંધનને સ્વાધીન કર્યો. તેના પિતાએ દંડ ભરી તેને બંધનમાંથી છોડાવ્યો. એ પ્રમાણે બહુવાર છોડાવ્યો તોપણ તેણે અનાથ કુલટાઓનો સંગ છોડ્યો નહીં. જેથી તેના પિતા પણ બહુ કંટાળી ગયા અને તે વ્યસન છોડાવી શક્યા નહીં. એક દિવસ એક ક્ષત્રિયની બાલ વિધવા દીકરી સાથે કામાંધ થઈ ચેષ્ટા કરવા લાગ્યો. જેથી તેણીએ બૂમ પાડીને પોતાના બંધુજન એકઠા કર્યાં. તેઓએ દુર્લભને લાકડીઓના પ્રહારથી ખુબ કુટ્યો. તેથી તેના પ્રાણોએ આ બહુ દુષ્ટ છે એમ જાણી તેનો ત્યાગ કર્યો. ત્યાંથી તે મરીને પ્રથમ નરક ભૂમિમાં ગયો. ત્યાં તેને બહુ પશ્ચાત્તાપ થયો, જેથી તે મુકત થઈ મનુષ્ય જન્મ પામી જૈન દીક્ષા અંગીકાર કરી મોક્ષસ્થાનમાં ગયો. ગોભદ્ર શેઠ પણ કલંક રહિત વ્રત પાળી કાળ કરી સૌધર્મ દેવલોકમાં ગયો. ત્યાંથી ત્રીજે ભવે મોક્ષ સુખ પામશે. માટે હે ભવ્ય પ્રાણીઓ! પરસ્ત્રીનો સંગ નિરંતર છોડી દેવો જોઈએ એમ સમજી પરમ દુઃખનું કારણભૂત અપરિગૃહિત સ્ત્રીનો સર્વથા ત્યાગ કરવા ઉદ્યુક્ત થાઓ.

इति चतुर्थव्रतद्वितियातीचारे दुर्लभकथा समाप्ता ॥

---

## धनदत्तश्रेष्ठीनीकथा.

### તૃતીય અનંગ ક્રીડાતિચાર.

દાનવિર્ય રાજા બોલ્યો, કૃપાસાગર એવા હે ભગવન્! હવે અમને ત્રીજા અતિચારનુ સ્વરૂપ દૃષ્ટાંત સાથે સમજાવો. જેથી

અમે અતીચારના દોષથી મુક્ત થઇ ચોથુ વ્રત પાળી શકીએ. શ્રી સુપાર્શ્વપ્રભુ બોલ્યા, હે નરેંદ્ર ! જે મનુષ્ય રાગાંધ થઇ કામક્રીડા માટે સ્ત્રીઓનાં સ્તન મુખાદિક અંગો સેવે છે તે પુરૂષ ધનશ્રેષ્ઠીની પેઠે અનેક દુઃખ ભોગવે છે.

**ધનશ્રેષ્ઠી.**

આ ભરતક્ષેત્રમાં ગજેંદ્ર ( ઐરાવત ) થી વિભૂષિત અને અનેક વિબુધો ( દેવો ) થી વ્યાપ્ત સૌધર્મ સભા સમાન પ્રસિદ્ધિ પામેલું વિક્રમપુર નામે નગર છે. તેમાં વિક્રમરાજા રાજ્ય કરતો હતો. વળી તે નગરમાં સિદ્ધિતિલક નામે શેઠ છે. અને લક્ષ્મીનું કુલભવન એવી લક્ષ્મી નામે તેની સ્ત્રી હતી. તેઓને ધન અને ધનદેવ નામે બે વિખ્યાત પુત્રો હતા. સર્વ કલાઓમાં કુશળ અને સુંદર રૂપવાળી કુલીન બાલિકાઓ સાથે તેઓનાં લગ્ન થયાં હતાં, વળી ધનકુમાર સ્વાભાવિક કામી હતો અને ધનદેવ ધર્મમાં બહુ રાગી હતો. એક દિવસ તે બન્નેને હોલિકા પર્વના સમયે કોઇક સામાન્ય માણસ પોતાના નગરના સમીપ રહેલા ક્ષેત્રમાં લઇ ગયો. ત્યાંથી પૂર્વદિશામાં એક આમ્રવન હતું તેમાં ચાર જ્ઞાનના ધારક, ત્રણ ગુપ્તિઓના પાલક અને મૂર્ત્તિમાન કામ સમાન આકૃતિને ધારણ કરતા એવા એક મુનીંદ્ર જોયા. જેથી તેઓએ કૌટુંબિકને પૂછયું, ભાઇ ! અહીં આ મુનિ નાસિકા ઉપર દૃષ્ટિ રાખી કાષ્ઠની માફક ચેષ્ટા રહિત થઇ કેમ બેઠા છે ? જવાબમાં તેણે જણાવ્યું કે, એક માસથી આ પ્રમાણે તે સ્થિર આસને બેઠેલા છે. ભોજન પાનાદિકનો સર્વથા ત્યાગ કરી તેઓ આ પ્રમાણેજ બેસી રહે છે. પછી તેઓ તેની સાથે જઇ મુનિને નમસ્કાર કરી બોલ્યા, હે મુનીંદ્ર ! પ્રથમ અવસ્થામાં આપને વ્રત ગ્રહણ કરવાનું શું કારણ બન્યું ? મુનિ બોલ્યા, હે ભવ્યાત્માઓ ! મ્હારી સ્થિતિ તમે સાવધાન થઇ સાંભળો.

વૈરાગ્ય થવામાં મુખ્ય કારણ સંસારજ છે તેથી કોઈ અન્ય નથી, પરંતુ મ્હારે વ્રત ગ્રહણ કરવામાં વિશેષે કરી મ્હારી સ્ત્રી કારણભૂત થએલી છે. ધનદેવ બોલ્યો, હે મહાશય! સ્ત્રી કેવી રીતે કારણ થઈ? તે આપ કૃપા કરી કહો. મુનીંદ્ર બોલ્યા, આ ભરતક્ષેત્રમાં શુભાવાસ નામે નગર છે. તેમાં રિપુમર્દન નામે રાજા છે, તેમજ વિશાલબુદ્ધિ નામે તેનો મંત્રી અને રતિસુંદરી નામે તેની સ્ત્રી હતી. વળી તે નગરથી પૂર્વદિશામાં બગીચો છે, તેમાં રૂષભદેવ ભગવાનનું મંદિર છે. જેની અંદર હમ્મેશાં દેવ, વિદ્યાધર અને કિંનરો નૃત્યાદિક સેવામાં હાજર રહેતા હતા. તેના દ્વાર આગળ એક આમ્રવૃક્ષ હતું, તે સર્વ રૂતુઓમાં ફલ આપતો હતો. તેની ઉપર એક પોપટનું જોડલું હમ્મેશાં સુખેથી નિવાસ કરતું હતું. એવામાં તેઓને પુત્ર થયો, પરસ્પર બન્ને તેને પાળતાં હતાં. ત્યારબાદ કોઈક દિવસે તે પોપટ અન્ય પોપટની સ્ત્રી ઉપર આસક્ત થયો, તે વાત તેની સ્ત્રીના જાણવામાં આવી જેથી ક્રોધાયમાન થઈ બોલી હવે ત્હારા સંગથી સર્યું. ત્હારી વ્હાલી સ્ત્રીના માળામાં ચાલ્યો જા. મ્હારી પાસે ક્રીડા નિમિત્તે ત્હારે આવવું નહીં, કારણકે હે દેવ! સેંકડોવાર રૂષ્ટ થઈને પણ અન્ય સ્ત્રીમાં આસક્ત થએલા પુરૂષ ઉપર પ્રેમ, પાપ કાર્યમાં બુદ્ધિ અને ધર્મમાં અનુદ્યમ કોઈ સમયે તું મ્હને આપીશ નહીં. ત્યારે પોપટ બોલ્યો, હે પ્રિયે! આટલો અપરાધ ક્ષમા કર. સ્ત્રી બોલી, મ્હારા સ્હામું હવે મુખ કરીશ નહીં, પ્રથમથી ઉચ્છિષ્ટ હોય અને પછી તેને કાગડે વટાળેલું હોય, વળી તેમાં વિષ મેળવેલું હોય, તેમજ પરાધીન હોય તેવા અન્નને કોણ બુદ્ધિમાન્ પુરૂષ ખાવાની ઇચ્છા કરે? ત્યારબાદ અતિશય વાચાળ તે પોપટ બોલ્યો, જો મ્હારો ત્યાગ કરીશ તો હું મ્હારો

પુત્ર લઇ ચાલ્યો જઈશ. ત્યારે તેની સ્ત્રી બોલી, પુત્ર તો મ્હારો છે હું તને નહીં આપું. એ પ્રમાણે તેઓનો પરસ્પર પુત્ર માટે બહુ વિવાદ થયો. છેવટ પોપટ બોલ્યો, ચાલો ! આપણે રાજા પાસે જઈએ. રાજા જે ન્યાય આપે તે મ્હારે કબુલ છે એ પ્રમાણે તેની સ્ત્રીએ પણ કબુલ કર્યું, જેથી બન્ને જણ રાજ મંદિરમાં ગયાં. વિનયપૂર્વક બન્નેએ પોતાનું વૃત્તાંત નિવેદન કર્યું. રાજાએ નીતિ વાક્યનો વિચાર કરી કહ્યું, હું તમ્હારા વિવાદનો જે ચુકાદો આપું તે તમે એકાગ્ર ચિત્તથી સાંભળો. પિતાનો પુત્ર અને માતાની દીકરી ગણાય છે. અથવા પુત્રી પણ જો કેવળ પિતાના બીજથી થયેલી હોય તો તે પણ તાતનીજ ગણાય. જેમકે ખેડુત લોકો ક્ષેત્રમાં ધાન્ય વાવે છે તે સર્વ ધાન્ય તેઓનું ગણાય છે. માત્ર મ્હને તો કર ( વેરો ) મળે છે. આ ન્યાય પ્રસિદ્ધ છે. ત્યારબાદ પોપટની સ્ત્રી બોલી, ભલે એમ હોય તો એમ કરો, પરંતુ "આજથી આરંભીને આવી નીતિ છે" એ પ્રમાણે તમારા ચોપડાની અંદર વહિકાખંડમાં લેખ દાખલ કરો, રાજાએ પણ તે પ્રમાણે લેખ દાખલ કરાવ્યો. પોપટની સાથે તેની સ્ત્રી પોતાના સ્થાનમાં ગઈ. અને પોપટને પુત્ર હક આપી દીધો. તેવામાં ત્યાં આમ્રવૃક્ષની નીચે શ્રુતજ્ઞાની મુનિને જોયા. તેમને વંદન કરી પોપટની સ્ત્રીએ પોતાનું આયુષ્ય પૂછયું. મુનીંદ્ર બોલ્યા, આજથી ત્રીજે દિવસે ત્હારૂં મરણ થશે. વળી ત્હેં મનુષ્યભવનું આયુષ બાંધેલું છે તેથી તું મંત્રીને ત્યાં પુત્રીરૂપે ઉત્પન્ન થઈશ, અને અહીંયાના રાજાની સ્ત્રી થઇશ. એ પ્રમાણે મુનિવચન સાંભળી તે પોપટની સ્ત્રી જીનમંદિરમાં દર્શન કરવા જઇ, ભગવાનને વંદન કરી મનમાં વિચાર કરવા લાગી કે કદાચિત્ ભ્રમણ કરતાં દૈવયોગે મ્હને જાતિસ્મરણ થાય એટલા માટે મંદિરના ઉત્તર ભાગની ભીંત ઉપર એક પુરૂષ પાસે મુનિના કહ્યા પ્રમાણે અક્ષરો

લખાવ્યા, ત્યારબાદ તે પોપટની સ્ત્રીએ ફરીથી મુનિ પાસે જઇ વિધિપૂર્વક અનશનવ્રત ગ્રહણ કરી સમાધિયોગવડે પર્યંતમાં પ્રાણ ત્યાગ કર્યો. અને વિશાલબુદ્ધિ મંત્રીની ભાર્યા રતિસુંદરીની કુક્ષિથી ઉત્તમ સુવર્ણ સમાન કાંતિવાળી પુત્રી રૂપે ઉત્પન્ન થઇ. ભુવનાનંદા તેનું નામ પાડયું. અનુક્રમે ઉચિત કલાઓનો અભ્યાસ કર્યો. થોડા સમયમાં બહુ નિપુણતા મેળવી. એક દિવસે તે ભુવનાનંદા ઉદ્યાનમાં જીનમંદિરની અંદર પ્રભુનાં દર્શન કરવા ગઇ. ત્યાં પૂર્વોક્ત અક્ષર પંક્તિ વાંચી તેને જાતિસ્મરણ થયું. વૃત્તાંત સહિત પોતાનો પોપટ ભવ સ્મરણગોચર થયો. તેણીએ જાણ્યું કે આ જીનેશ્વર ભગવાનના પ્રભાવથી હું મંત્રીને ત્યાં જન્મી છું. તેથી તે જીનેંદ્રની પૂજા ભક્તિમાં હમ્મેશાં તત્પર થઇ,

**ભુવનાનંદાની બુદ્ધિ.**

મંત્રીને ઘેર એક મુખ્ય અશ્વ હતો. જેનાથી રાજાની ઘોડીઓને ઘણા અશ્વ થયા. તે દરેક ઘોડાઓને રાજા પોતાને ઘેર મંગાવી લેતો હતો. તે વાત ભુવનાનંદાના જાણવામાં આવી એટલે તેણીએ રાજાને જણાવ્યું કે, આ સર્વ ઘોડાઓ મ્હારા પિતાના અશ્વથી ઉત્પન્ન થયા છે માટે આ અશ્વ મ્હારા પિતાના છે. એમાં તમ્હારો કોઇપણ પ્રકારનો હક્ક નથી. કારણકે પ્રથમ પોપટ અને તેની સ્ત્રીનો પુત્ર સંબંધી વિવાદ થયો, ત્યારે વહિકાખંડમાં તમોએ લખાવ્યું છે કે બીજ પિતાનું હોય છે. તે સાંભળી રાજા એકદમ વિસ્મિત થઇ ગયો અને વહિકા વંચાવી જોયું તો તેજ પ્રમાણે લેખ નીકળ્યો. રાજાએ જાણ્યું કે આ બાળ પંડિતા છે. જેથી મંત્રીની પાસે માગણી કરી તેની સાથે પોતે પરણ્યો. ત્યારબાદ તેની બુદ્ધિની

પરિક્ષા માટે રાજાએ કહ્યું કે, હે સુંદરી ! તું અતિ પંડિતા છે. માટે જ્યાંસુધી ત્હારે સર્વોત્તમ ગુણવાન્ પુત્ર ઉત્પન્ન થાય ત્યાંસુધી મ્હારે ઘેર આવવું નહીં. તેણીએ પણ કહ્યું કે, હે પ્રિયતમ ! જ્યારે પુત્ર થશે ત્યારેજ તમ્હારે ત્યાં હું આવીશ, પરંતુ આટલી મ્હારી પ્રતિજ્ઞા સાંભળો. " જો હું સત્ય પંડિતા હઈશ તો તમ્હારા હાથથી મ્હારા પગ ધોવરાવીશ, અને મ્હારા જોડા પણ તમ્હારી પાસે ઉપડાવીશ એટલું યાદ રાખજો. " એમ એકાંતમાં કહી તે બાળા પોતાને ઘેર ગઇ. ભુવનાનંદાએ એકાંતમાં બેસી પોતાના પિતાની આગળ સર્વ વૃત્તાંત નિવેદન કર્યું. મંત્રી બોલ્યો, હે પુત્રી ! અતિ દુર્ઘટ આ કાર્ય કેવી રીતે સિદ્ધ થશે ? પુત્રી બોલી, હે તાત ! જુઓ, બુદ્ધિ આગળ કંઇપણ દુર્ઘટ નથી. મંત્રી બોલ્યો, કાર્યગતિ બહુ વિષમ હોય છે. દાન, બુદ્ધિ કે પરાક્રમથી પણ તે સિદ્ધ થતી નથી, માત્ર એક દૈવની સહાયથીજ તે સિદ્ધ થાય છે. એમ પિતાનું વચન સાંભળી બાળા બોલી હે પિતાજી ? આપનું કહેવું સત્ય છે એમાં કોઇ પ્રકારનો સંદેહ નથી. જીવોને દરેક કાર્યમાં બુદ્ધિ પણ કર્મ વશથીજ પ્રાપ્ત થાય છે. વળી હે તાત ! લાંબા વિચારની કંઇ જરૂર નથી, માત્ર કરવાનું એટલુંજ છે કે-રાજાના મહેલની પશ્ચિમ બાજુએ હિમાલયના શિખર સમાન એક શ્રી રૂષભદેવનું મંદિર બંધાવો. તેમાં ત્રણે કાળે સંગીત સાથે મહોત્સવ થાય તેવી ગોઠવણ કરો. તેમજ વારાંગનાઓના મહેલ્લામાં મ્હારે રહેવાં માટે એક હવેલી બંધાવો. વળી કેટલીક સ્ત્રીઓને ઉત્તમ શણગાર સાથે સરસ સંગીતકલામાં કુશલ કરવી જોઇએ, કેટલીકને નાટયકલા, કેટલીકને ભરતરાજાના ઉત્તમ હાવભાવમાં કુસલ, તેમજ કેટલીકને વેણુ, વીણા, મૃદંગાદિક વાદ્ય વગાડવામાં પ્રવીણ કરવી જોઈએ અને તે સર્વ વેશ્યાઓ હોવી જોઇએ. એમ તે બાળાના કહ્યા

પ્રમાણે મંત્રીએ થોડા સમયમાં સર્વ તૈયાર કરાવ્યું. ત્યારબાદ સંગીત સાથે હમ્મેશાં જીનમંદિરમાં મહોત્સવ થાય છે અને તે બાળા પણ ત્યાં નૃત્ય કરવા જાય છે.

**રાજાની પ્રવૃત્તિ.** એક દિવસ રાજા રાત્રીના સમયે સુતો હતો તેવામાં રૂષભદેવના મંદિરમાં જીનેંદ્ર ભગવાનનો મહોત્સવ ચાલુ થયો, તે તેના સાંભળવામાં આવ્યો જેથી તે રાજા એકાકી પાછળના દ્વારથી બહાર નીકળી જીનભવનમાં આવ્યો અને અપ્સરાઓ સમાન વેશ્યાઓનું નાટ્ય જોવા લાગ્યો. તેવામાં ભુવનાનંદા પોતેજ નવનવા પાઠોથી નૃત્ય કરવા લાગી. ઉત્તમ વેષ ધારણ કરી આવેલો રાજા પણ તેની ઉપર બહુજ આસકત થયો. સંગીતની સમાપ્તિ થઇ એટલે ભુવનાનંદા મેનામાં બેસી પોતાના સ્થાનમાં ચાલી ગઇ. રાજા પણ તેની સાથે તેના ઘેર ગયો અને તે રાત્રીએ તેની સાથેજ ત્યાં સુઇ રહ્યો. એ પ્રમાણે રસ પડવાથી રાજા હમ્મેશાં પ્રેક્ષણક જોવા આવે છે અને રાત્રીએ ભુવનાનંદાની સાથેજ ત્યાં રહે છે. રાજા જે કંઇ વાત કરે છે તે સર્વ ભુવનાનંદા પોતાના પિતાને જણાવે છે. મંત્રી પણ સર્વ વૃત્તાંત વહિકામાં લખી લે છે. એક દિવસ ભુવનાનંદા પોતાના મકાનના પગથારીઆમાં જોડા મૂકી ઘરની અંદર ચાલી ગઇ અને રાજાને કહ્યું કે, હાલમાં અહીં દાસી નથી માટે તમેજ જોડા લાવોને ? રાજા પણ પોતાના મસ્તકે ચ-ઢાવી જોડા ઘરની અંદર લાવ્યો ! અને અર્ધ રાત્રીએ ત્યાંજ સુઈ ગયો. પછી ભુવનાનંદા બોલી આજે મ્હારા પગ બળે છે, માટે દાસીને ઉઠાડો. ક્ષણમાત્ર સિંચન કરે તો મ્હને નિદ્રા આવે. તેણીએ ના પાડી તોપણ રાજા પોતેજ સિંચન કરવા લાગ્યો. પછી તે સુખેથી સુઇ ગઇ. ત્યારબાદ તેણીએ સ્વપ્નમાં પોતાના મુખમાં પ્રવેશ કરતો ચંદ્ર જોયો, પછી જાગ્રત થઇ ભુવનાનંદાએ પોતાની સેવામાં

તત્પર થએલ રાજાને જોઇ એકદમ ઉભી થઈને તેને સેવામાંથી મુક્ત કર્યો. અને તેની આગળ સ્વપ્નની વાત કરી. રાજા બોલ્યો, હે મૃગાક્ષી ! જરૂર ત્હારે ઉત્તમ ગુણવાન્ પુત્ર થશે. તેટલામાં રાત્રીનો અવસાન થયો અને શંખ વાગ્યો. જેથી રાજા ઉઠીને પોતાને ઘેર ગયો. ભુવનાનંદા પણ પોતાનો સ્વાધ્યાય કરતી બેઠી હતી તેટલામાં સૂર્યોદય થયો, તેથી ઘરનાં દ્વાર બંધ કરી પિતાને ઘેર ગઈ. અને રાત્રીનું વૃત્તાંત પિતાની આગળ નિવેદન કર્યું, ત્યારબાદ પોતે એકાંતમાં બેસી પિતાને ત્યાં રહીને તે દિવસેથી ઉત્પન્ન થએલા ગર્ભનું સુખેથી તે પાલન કરતી હતી. રાજા તેજ પ્રમાણે બીજે દિવસે તેના ઘેર ગયો ત્યારે ત્યાં ભુવનાનંદા તેના જોવામાં આવી નહીં, તેથી તેની પાડોસણીને તેણે પૂછયું કે, આ લીલાવતી કયાં ગઈ છે ? તે બોલી, હે નાથ ! હું તે વાત જાણતી નથી. પછી રાજા બહુ શોકાતુર થઇ ગયો અને તેના વિરહથી બહુ દુઃખી થઇ તે રાત્રી વ્યતીત કરી. બીજે દિવસે તેણે મંત્રીને પૂછયું કે, તમ્હારે ત્યાં મુખ્ય ગાયન કરનારી લીલાવતી નામે સ્ત્રી હતી તે કયાં ગઈ છે ? મંત્રી બોલ્યો, પૃથ્વીનાથ ! ગઇકાલે સવારે ઘરમાંથી મ્હેં તેને બલાત્કારે કાઢી મૂકી હતી, તેથી તે હાલમાં રીસાઈને કોઇક ઠાકોરને ત્યાં ગએલી છે. દેરાસરમાં પણ આવતી નથી. તેમજ સેવાભક્તિ પણ કરતી નથી, અને વિશેષ કહેવાથી તે રડવા લાગે છે, માટે તેના સ્થાને બીજી કોઇપણ ગાયન કરનારી સ્ત્રી લાવવી પડશે. તે સાંભળી રાજા સ્થિર થઇ ગયો.

**પુત્રજન્મ.**

હવે ગર્ભના દિવસો પૂર્ણ થવાથી ભુવનાનંદાને શુભ લક્ષણયુક્ત પુત્ર જન્મ્યો. તે ગુપ્ત રીતે મંત્રીના ઘરમાં દિવસે દિવસે વૃદ્ધિ પામવા લાગ્યો. અને અનુક્રમે સર્વ કલાઓનો પારગામી થયો. એક દિવસે મંત્રી પુત્ર સહિત ભુવનાનંદાને રાજા પાસે

લઈ ગયો. રાજાએ મંત્રીને પૂછયું, આ સ્ત્રી કોણુ છે ? મંત્રી બોલ્યો, હે રાજન્ ! આ તમ્હારી સ્ત્રી છે અને મ્હારી પુત્રી થાય, વળી આ એનો પુત્ર છે. આ પ્રમાણે મંત્રીનું વચન સાંભળી રાજા વિસ્મિત થઇ ગયો. અને કંઇક બોલવાનો વિચાર કરતો હતો તેટલામાં મંત્રીએ તેના હાથમાં વહિકા ( ચોપડો ) આપી, તેમાં તેની સાથે એકાંતમાં જે કંઇ વાતચિત થઇ હતી તેમજ જે કંઇ કર્યું હતું તે સર્વ સવિસ્તર લખેલું વાંચી જોયું. પછી રાજાએ હર્ષ અને વિષાદ સાથે કુમારને હાથમાં લઇ આલિંગન કરી પોતાના ખોળામાં બેસાર્યો. અને ભુવનાનંદાને કહ્યું કે, પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ કરવાથી તેમજ પુત્રના લાભથી ત્હેં મ્હને જીતી લીધો અને આ કાર્યથી હું બહુ સંતુષ્ટ થયો. માટે આ રાજ્ય ત્હારૂં છે અને ત્હારો પુત્ર આ દેશનો અધિપતિ છે. વળી હે મૃગાક્ષી ! હવે હું મ્હારૂં આત્મહિત કરવામાં તત્પર થાઉં છું. અરે ! આ મ્હારૂં જીવિત હું શ્વાન સમાન સમજુ છું, મ્હારા ભોગવિલાસને અને રાજ્યવૈભવને ધિક્કાર છે. મંત્રી બોલ્યો, હે સ્વામિન્ ! ખેદ કરવાનું કંઇપણ કારણ નથી, આપનો પ્રતાપ અને યશ સર્વત્ર વ્યાપી રહ્યો છે, પછી રાજાએ મંત્રીનો હાથ પકડી કહ્યું કે, મ્હેં જે દીક્ષા લેવાનો વિચાર કર્યો છે તે સંબંધી કોઇએ પણ મ્હને વિઘ્ન કરવું નહીં. એમ કહી પોતાના પુત્રને રાજ્યાસન ઉપર બેસાર્યો. તેનું નામ પણ તેજ સમયે અરિસિંહ એ પ્રમાણે સ્થાપન કર્યું. ત્યારબાદ મ્હેં દીક્ષા ગ્રહણ કરી છે અને તેજ હું પોતે છું. આ પ્રમાણે મ્હારા વૈરાગ્યનું મુખ્ય કારણ તમને કહ્યું. અથવા સંસારમાં ભવ્ય પ્રાણિઓને સર્વ વસ્તુ વૈરાગ્યનું જ કારણ છે. માટે તમ્હારે પણ જૈનધર્મમાં ઉદ્યુકત થવું યોગ્ય છે. જો મુનિધર્મ પાળવાને તમ્હારી શક્તિ ન હોય તો સમ્યકત્વાદિ ગૃહસ્થ ધર્મનો સ્વીકાર કરો. તેઓ પણ મુનિના કહ્યા પ્રમાણે ગૃહીધર્મ અંગીકાર કરી પોતાને ઘેર ગયા.

હવે બન્ને જણ સુખેથી ધર્મમાં રાગી થઇ જીનેંદ્ર ભગવાનની પૂજા સેવામાં તત્પર રહેતા હતા, ધનદેવનું ચિત્ત ધર્મમાં દૃઢ હતું પણ ધનશ્રેષ્ઠી બહુજ વિષયોમાં લુબ્ધ થયો. નિરંતર પ્રમાદ અને મદથી વિહ્વલ બની યુવતિઓની અંદર ભ્રમણ કરવા લાગ્યો. કોઇની સાથે હાસ્ય કરે છે અને કપટથી કેટલીકનો સ્પર્શ પણ કરે છે. વળી કેટલીક સ્ત્રીઓને બળાત્કારે પકડીને આલિંગન કરે છે. એ પ્રમાણે મર્યાદા રહિત વિલાસ કરતા ધનશ્રેષ્ઠિને ધનદેવે જોયો, જેથી એકાંતમાં બોલાવી કહ્યું, હે ભદ્ર ! આ પ્રમાણે ઈચ્છા મુજબ પ્રવૃત્તિ કરવી તે ત્હને યોગ્ય ગણાતી નથી. કોઇ સાધારણ માણસ પણ વ્રત ગ્રહણ કર્યા બાદ આવા પાપનું આચરણ નથી કરતો. વળી તું તો સારા કુળમાં ઉત્પન્ન થયો છે. તેમજ વિશેષ પ્રકારે જૈનધર્મનો વેત્તા ગણાય છે. ધર્મશાસ્ત્રમાં શ્રાવકોને ઈચ્છા મુજબ પરસ્ત્રી સાથે કામવિલાસનો નિષેધ કરેલો છે છતાં જો તેવી કામ ક્રીડા કરે તો ચોથા વ્રતનો ભંગ થાય છે. માટે ઉભય લોક વિરૂદ્ધ એવા આ પાપાચરણનો સર્વથા તું ત્યાગ કર. ધનશ્રેષ્ઠિ બોલ્યો, હે બંધુ ! મ્હારી આગળ ત્હારે કંઈપણ બોલવું નહીં, કારણ કે હું યુવતિજનોમાં બહુ લુબ્ધ થયો છું, તેથી વિષયભોગને હું ત્યાગ કરી શકીશ નહીં. બાદ જાત્યંધ પુરૂષોથી પણ કામાંધ પુરૂષો અધિક ગણાય છે, એમ સમજી ધનદેવે તે ધનશ્રેષ્ઠિને છોડી દીધો. તેથી સ્વચ્છંદચારી થઈ ગયો અને સર્વત્ર પરિભ્રમણ કરવા લાગ્યો. જ્યાં સ્ત્રીઓનો સમુદાય હોય ત્યાં તેને ગયા વાના ચાલે જ નહીં. એ પ્રમાણે કામક્રીડા કરવામાં દિવસો નિર્ગમન કરતો હતો, એમ કરતાં એક દિવસ કુમારપાળ ક્ષત્રીયની પુત્રી બહુ રૂપવતી હતી તેની ઉપર તે બહુ આસક્ત થયો, અને તેની સાથે કામ ચેષ્ટા

ધનવણિકનો દુરાચાર

કરતો હતો. તેવામાં તેને કુમારપાલે જોયો. તેથી તેણે લાકડીના પ્રહારોથી ખુબ મારીને ચોરની માફક બાંધી કારાગૃહમાં પુરી દીધો. ત્યાં તે ચિંતવવા લાગ્યો કે, મ્હને ધિક્કાર છે, વ્રતનો ભંગ કરવાથી પાપરૂપી વૃક્ષનું આ ફલ પ્રાપ્ત થયું. હવે જો એકવાર પણ આ દુઃખમાંથી છુટો થાઉં તો ફરીથી હું પરસ્ત્રી સેવનનો ત્યાગ કરૂં. ત્યારબાદ તેના પિતાએ બહુધન આપી ધનશ્રેષ્ઠિને છોડાવ્યો, અને પોતાને ઘેર લઇ ગયો. ત્યાં તે બીજે દિવસે મરીને નાગકુમારપણે ઉત્પન્ન થયો. ત્યાંથી નીકળી સંસારમાં કેટલોક સમય પરિભ્રમણ કરી તે સમ્યકત્વના પ્રભાવથી અવશ્ય મોક્ષગામી થશે. વળી ધનદેવ ત્રીજે ભવે મોક્ષસુખ પામશે. હે ભવ્ય પ્રાણીઓ! ઉપરોકત રીતે નાના પ્રકારની ક્રીડાથી યુક્ત પરસ્ત્રીઓ સાથે મૈથુન સેવતો માણુસ ધનદત્તશ્રેષ્ઠિની પેઠે આ ભવમાં પણ દુઃખી થાય છે, માટે વિવેકી પુરૂષોએ અવશ્ય કામક્રીડાનો ત્યાગ કરવો. જે પુરૂષ કામ ક્રીડાનો ત્યાગ કરી અત્યુત્તમ બ્રહ્મચર્ય વ્રત ધારણ કરે છે તે મનુષ્ય થોડા સમયમાં કર્મનો ક્ષય કરી મોક્ષ સુખ મેળવે છે.

इतिश्रीचतुर्थव्रते तृतीयातिचारे धनदत्तकथानकं समाप्तम् ॥

## दुर्गश्रेष्ठीनी कथा.

### ચતુર્થ પરવિવાહાતિચાર.

દાનવિર્ય રાજા બોલ્યો હે જગત્પ્રભુ! હવે દ્દષ્ટાંતસહિત ચોથા અતિચારનું સ્વરૂપ કહો. શ્રી સુપાર્શ્વપ્રભુ બોલ્યા, હે પૃથ્વીપતિ! જે કન્યાદાનના ફલ માટે પુણ્ય સમજી અન્યનો વિવાહ કરે છે, તે પુરૂષ દુઃખ સાગરમાં ડુબે છે અને દુર્ગની પેઠે બહુ અનર્થ પામે છે.

**દુર્ગદૃષ્ટાંત.**

અવંતી દેશમાં ઉજ્જયિની નામે જગત્ વિખ્યાત નગરી છે. તેમાં ફૂલભૂષણ નામે શ્રેષ્ઠી હતો અને ભૂષણા નામે તેની સ્ત્રી હતી. વળી તેઓને દુર્ગ નામે એક પુત્ર હતો, તે યુવાન હતો છતાં પણ બાળકની માફક ચેષ્ટાવડે ઉન્મત્ત થઈ નગરની અંદર ભટકતો હતો. વળી દૌર્ભાગ્યને લીધે કોઇ પણ સ્ત્રી મનથી પણ તેને ઈચ્છતી નહોતી. જો તે સ્નેહથી કોઇ સ્ત્રીને બોલાવે તો તે તેનો તિરસ્કાર કરતી હતી, એમ દુષ્કર્મને લીધે બહુ દુઃખી થઇ તેણે કોઈક કાપાલિકને પૂછયું કે, તમ્હારી પાસે વિશેષ સૌભાગ્ય કરનારી કોઇ વિદ્યા છે ? કાપાલિક બોલ્યો, હા, ત્રિપુરા નામે વિદ્યા છે. જેની વિધિપૂર્વક સાધના કરી હોય તો તે સ્મરણ માત્રથી પણ તત્કાળ સૌભાગ્ય પ્રગટ કરે છે. દુર્ગ બોલ્યો, જો એમ હોય તો તે વિદ્યા આપવા મ્હને મ્હેરબાની કરો ! આ પ્રમાણે દુર્ગનું વચન સાંભળી કાપાલિએ વિધિસહિત તેને વિદ્યા આપી.

**વિદ્યાસાધન.**

ત્યારબાદ ગુગળની ગોળીઓ સહિત એક લાખ કણવીરનાં પુષ્પ લઇ ત્રિપુરાદેવીને સાધવા માટે દુર્ગ ઉદ્યાનમાં ગયો, તેવામાં ત્યાં રાજમંદિર આગળ સભામાં બેઠેલા કેવળી ભગવાનનાં તેને દર્શન થયાં. દેવ, કિંનર અને પુરૂષોની આગળ મોક્ષમાર્ગનો ઉપદેશ આપતા ભગવાનને જોઇ તેણે વિચાર કર્યો કે જરૂર સૌભાગ્ય ગુણના નિધિ અને ત્રિપુરા વિગેરે વિદ્યાઓથી સિદ્ધ એવા કોઈ પણ આ સિદ્ધ મહાત્મા છે. કાપાલિકથી પણ એમની પાસે બહુ ચમત્કારી વિદ્યા હશે. માટે એમની પ્રાર્થના કરૂં તો કોઈ પણ જાતની વિદ્યા મ્હને આપશે. એ હેતુથી તેણે વંદન કર્યું, મુનિએ પણ ધર્મલાભ આપી શાંત કર્યો, જેથી તે નીચે બેઠો.

ત્યારબાદ મુનિએ પણ તેને ઉદ્દેશીને ધર્મદેશનાનો પ્રારંભ કર્યો. અત્યંત કામાતુર થઈ જે પુરૂષ વિદ્યામંત્ર કે ચૂર્ણ યોગવડે સ્ત્રીઓને મોહિત કરી વિષયસુખ ભોગવે છે તે પુરૂષ કાળે કરીને પણ પરસ્ત્રીઓને છોડતો નથી. તેમજ ગમ્ય કે અગમ્ય સ્ત્રીનો પણ કોઈ વખત ત્યાગ કરતો નથી, તેથી તે પાપી પુરૂષ આલોકમાં પણ અસહ્ય દુ:ખ ભોગવે છે, તેમજ તેને દૌર્ભાગ્યની દિવસે દિવસે વૃદ્ધિ થાય છે. વળી સર્વ લોકોને અનિષ્ટ થાય છે. અને દૌર્ભાગ્યના તીવ્ર દુ:ખથી પીડાતો છતો ભયંકર સંસાર અટવીમાં વારંવાર ભ્રમણ કરે છે. તેને ન્યાયથી પ્રાપ્ત થએલા ભોગો પણ ભયદાયક અને કર્મ બંધનના હેતુ થાય છે. તો પછી ઉન્માર્ગપણે સેવેલા અને દુર્ગુણોથી વ્યાપ્ત એવા ભોગોના તો વાતજ શી કરવી ? વળી અન્ય કોઈપણ ગુણ ન હોય, પરંતુ જો કેવલ શીલગુણ હોય તો બસ છે, કે જેથી પ્રાણીઓનાં દરેક કાર્ય સિદ્ધ થાય છે. તેમજ જેઓ શીલગુણ રહિત હોય છે તેવા અધમ પુરૂષોની કીર્ત્તિ અવશ્ય નષ્ટ થાય છે, અને પરાજય તથા કલંકાદિક અનેક દુ:ખો તેના ઉપર અચિંત્ય આવી પડે છે. વળી હે ભવ્ય પ્રાણીઓ ! આલોકમાં સર્વજ્ઞ ભગવાને પાંચ મહાપાપ કહ્યાં છે, જેઓના સેવનથી પાપ બુદ્ધિવાળા અધમ પુરૂષો ઘોર દુ:ખના ભોગી થાય છે. જેમકે પ્રાણીહિંસા, મૃષાવાદ, ચોરી, મૈથુન અને મ્હોટા આરંભવાળો પરિગ્રહ એ પાંચ મહાપાપ છે–વિગેરે ધર્મદેશના સાંભળી સર્વ સભ્યજનો વૈરાગ્યમય થઈ ગયા. ત્યારબાદ દુર્ગ બોલ્યો, હે ભગવન્! પાંચ મહા પાપોનો મ્હારે ત્યાગ કરવો છે. માટે મ્હને નિયમ આપો. જ્ઞાનિગુરૂએ સમ્યક્ત્વપૂર્વક તે નિયમ આપ્યો. ત્યારબાદ મુનિને નમસ્કાર કરી દુર્ગ પોતાને ઘેર ગયો. શ્રાવક ધર્મનું સારી રીતે પાલન કરવા લાગ્યો. જેથી ધર્મના પ્રભાવવડે પ્રતિદિવસે તેની

સંપત્તિઓ વધવા લાગી. પછી કોઇક ધનવાન્ પુરૂષે પોતાની દીકરી તેને આપી. તેની સાથે વિષયસુખ ભોગવવાથી તેને બે પુત્ર થયા.

**પુનઃ કાપાલિકનો સમાગમ.**

એક દિવસ દુર્ગ ચૌટામાં જતો હતો, તેવામાં ત્યાં કાપાલિકે તેને જોયો. જેણે ત્રિપુરા વિદ્યા આપી હતી તેજ આ કાપાલિક હતો. વળી તેના હાથમાં ખપ્પર ધારણ કરેલું હતું. કાપાલિક બોલ્યો, મ્હારા પ્રભાવથી ત્હને આ સર્વ સમૃદ્ધિ પ્રાપ્ત થઇ છે. માટે મ્હારૂં એક વચન સાંભળ. જેથી હે દુર્ગ ! ભવાંતરમાં પણ ત્હને દૌર્ભાગ્ય પ્રાપ્ત ન થાય. બ્રાહ્મણાદિકને બહુ કન્યા પરણાવી સંતુષ્ટ કર. તે સાંભળી દુર્ગ બોલ્યો, હે મહાશય ! આપના કહ્યા પ્રમાણે ત્રિપુરા વિદ્યાનું મ્હેં સાધન કર્યું નથી અને તેનાથી આ સમૃદ્ધિ મ્હને પ્રાપ્ત થઈ નથી. મ્હને જે લક્ષ્મી મળી છે તે તો જૈન ધર્મના પ્રભાવથી જ મળી છે. અને તે ધર્મ પણ મુનિ મહારાજની કૃપાથી પ્રાપ્ત થયો છે. તેમાં તમ્હે પણ કારણભૂત થયા છો, કારણકે તમ્હારા કહેવાથી હું ઉદ્યાનમાં જતો હતો તેવામાં મ્હને મુનીંદ્રના દર્શન થયાં. વળી તમે મ્હને જે કન્યાઓ પરણાવવાનું કહો છો તે મ્હારાથી બની શકે તેમ નથી, કારણકે તેમ કરવાથી મ્હને બ્રહ્મચર્ય વ્રતનો જરૂર અતીચાર લાગે છે. તેમજ લોક વ્યવહારથી મ્હારા પુત્રોને પણ તે વાત લાગુ પડે. કાપાલિક બોલ્યો, જો એમ હોય તો પણ મ્હારૂં વચન તો રાખવુંજ પડશે. વળી આ કાર્યમાં જે પાપ થાય તે મ્હારે માથે છે, એમાં ત્હારે કંઇપણ દોષ નહીં થાય. એ પ્રમાણે હમ્મેશાં તે કાપાલિક દુર્ગને કહ્યા કરતો હતો. ત્યારબાદ તેના બહુ આગ્રહને લીધે દુર્ગે કબુલ કર્યું કે, હું દશ કન્યાઓ પરણાવીશ. એમ કહી બહુ શોધ કરી દશ

કન્યાઓ તે પોતાને ઘેર લાવ્યો. અને તેવીજ રીતે લગ્નના દિવસે યોગ્ય અને ગુણવાન્ કુમારો બોલાવ્યા. તેઓ પણ પોતપોતાના જાનૈયાઓ સાથે એક બીજાની ઈર્ષ્યાવડે ઉતાવળથી મંડપના દ્વાર આગળ આવ્યા. ત્યાં પણ પ્રથમ પ્રવેશ કરવા માટે તેઓએ પરસ્પર વાગ્યુદ્ધનો પ્રારંભ કર્યો. પછી ખડ્ગના પ્રહારોવડે મારામારી ચાલી, જેથી તેઓ વચ્ચે મહાયુદ્ધ થયું. તે વાત દુર્ગના સાંભળવામાં આવી કે તરતજ તે તેઓને શાંત કરવા માટે ઉતાવળથી ત્યાં ગયો. વચ્ચે પડી તેઓને નિવારતો હતો તેવામાં કોઈ સુભટના નાખેલા બાણવડે તે પોતેજ વિંધાઈ ગયો, એટલે જીવ લઈ ત્યાંથી તે નાઠો અને ઘરમાં આવી પ્રહારની વેદનાથી બુમો પાડવા લાગ્યો. ત્યારબાદ તેણે વિચાર કર્યો કે ચોથા વ્રતના ચોથા અતીચાર રૂપ વૃક્ષનું આ પુષ્પ દેખાયું છે, પણ ફળ તો જન્માંતરમાં પ્રાપ્ત થશે. માટે સર્વથા હું દુર્ભાગી હણાયો છું, કારણ કે ચોથા વ્રતનો મ્હેં અતિચાર લીધો. એમ ચિંતવન કરતો તે દુર્ગ મરણ પામી ભવનવાસી દેવમાં ઉત્પન્ન થયો. ત્યાંથી ચવી ત્રીજા ભવે જરૂર મોક્ષ સુખ પામશે.

इति चतुर्थव्रततुर्यातिचारविपाके दुर्गकथानकं समाप्तम् ॥

## सुयशश्रेष्ठीनीकथा.

### પંચમ તીવ્રાભિલાષાતિચાર.

દાનવિર્ય રાજા બોલ્યો, હે ભગવાન્! આપ તો બહુ કૃપાળુ છો માટે બ્રહ્મચર્ય વ્રતના પાંચમા અતિચારનું સ્વરૂપ દ્રષ્ટાંત સહિત મને કહો. શ્રી સુપાર્શ્વપ્રભુ બોલ્યા, હે રાજન્! જે

શબ્દાદિક વિષયોમાં લુબ્ધ થઈને કામના તીક્ષ્ણ બાણોવડે વિંધાયો છતો અતિશય કામાતુર થાય તે પુરૂષ સુયશની પેઠે નિરંતર દુઃખી થાય છે.

**સુયશદૃષ્ટાંત.**

બહુ ભોગી એટલે વિલાસી પુરૂષો અથવા સર્પોવડે સંયુક્ત ચંદનવનની માફક ગજપુર નામે નગર છે. તેમાં યાચક લોકોને કલ્પવૃક્ષ સમાન અને નીતિ શાસ્ત્રમાં બહુ કુશલ વિશાખનંદી નામે રાજા હતો. તેમજ પ્રિયવચન નામે શ્રેષ્ઠી થયો. સુલસા નામે તેની સ્ત્રી હતી. તેઓને શાસ્ત્રથી વિમુખ અને જુગાર ખેલવામાં બહુ વ્યસની એવો સુયશ નામે એક પુત્ર થયો. બાલપણમાંથી જ તે ધીમે ધીમે પોતાના ઘરમાંથી હલકાં ઘરેણાં ચોરીને જુગારમાં મૂકવા લાગ્યો. અનુક્રમે એમ આગળ વધવાથી તે બહુ દ્રવ્ય ગુમાવી બેઠો. જેથી શેઠ પોતાની સ્ત્રીને કહેવા લાગ્યા, હે પ્રિયે ! આ પુત્રનો કાળ હવે આવી રહ્યો છે. તે સાંભળી શેઠાણીએ શેઠને રોષપૂર્વક બહુ ઠપકાવ્યા. હે પ્રિયતમ ! મ્હારા જીવતાં કોઇ દિવસ આ પ્રમાણે નહી થાય, ભલે સર્વ દ્રવ્ય જાય પરંતુ જગત્‌માં પુત્ર વિના લક્ષ્મી શા કામમાં આવે ? વળી પુત્ર હોય તો લક્ષ્મી તો ઘણીએ મેળવી શકાય.

**જુગારની સ્થિતિ.**

ત્યારબાદ એક દિવસ સુયશ જુગાર રમતાં પોતાનુ મસ્તક હારી ગયો. જેથી દ્યૂતકારો તેને પકડીને તેના પિતાની પાસે લઈ ગયા. પિતાએ પણ પુત્રનો વરઘોડો કેવો થાય છે તે બતાવવા માટે તેની મા પાસે મોકલ્યો. તેણીએ પણ પોતાનું ઘરેણું આપી જુગારીઓ પાસેથી તેને મુક્ત કર્યો ! ફરીથી પણ તે રમવા લાગ્યો. કોઈક વખત માથું તો કોઇક વખત હાથ-પગ વિગેરે હારી જાય છે. એક દિવસ જુગારીઓ તેને બાંધીને

તેના પિતા પાસે લાવ્યા. પિતા ઘેર નહીં હોવાથી તેઓ તેનું મસ્તક છેદવાનો પ્રારંભ કરતા હતા તેટલામાં તે સુયશ બોલ્યો, ભાઇઓ ! મ્હને મારશો નહીં. બગીચાની અંદર મ્હારા પિતાએ ધન દાટ્યું છે. ચાલો ! હું તમને બતાવું. એમ કહી તેઓને ત્યાં લઈ ગયો. અને કપટ વડે એક સ્થાન બતાવ્યું એટલે તેઓ ખોદવામાં પડ્યા. તેથી સુયશ દૂર નાશી ગયો અને તેજ ઉદ્યાનમાં જીનેંદ્ર ભગવાન શ્રી અજીતનાથ પ્રભુનું મંદિર હતું તેમાં તે ભગવાનનું શરણુ લઇ સંતાઇ ગયો. જુગારી લોકો પણ તેની પાછળ દોડતા આવ્યા. દ્વારમાં પેસતાં કોઇક શ્રાવકે તેમને રોકયા. એટલામાં સુદંષ્ટ્ર નામે વિદ્યાધર ત્યાં આવ્યો. અને દ્વારમાં ઉઘાડી તરવારે ઉભેલા તે લોકો તેના જોવામાં આવ્યા. એટલે તેણે શ્રાવકને પૂછયું કે આ લોકો શામાટે નગ્ન તરવારો લઈ ઉભા છે ? તે શ્રાવક બોલ્યો, આ જીનેંદ્ર ભગવાનને શરણુ આવેલો છે. માટે તેમને આ માણસ હું નહીં આપું. એમ હકીકત સાંભળી તે વિદ્યાધર સુયશને પોતાના વિમાનમાં બેસાડી નંદીશ્વર દ્વીપમાં ગયો.

**વિદ્યાસિદ્ધિ.**

નંદીશ્વર દ્વીપમાં ઉતરી બાવન જિનાલય જોઇ સુયશના હૃદયમાં એવો કોઈ અપૂર્વ આનંદ પ્રગટ થયો કે જેથી ક્ષણમાત્રમાં સૂર્યના દર્શનથી અંધકારની માફક પૂર્વાર્જીત પાપ કર્મ ક્ષીણુ થઈ ગયાં. ત્યારબાદ સુયશે ચારણમુનિને વંદન કરી વિદ્યાધર સહિત તેણે પોતે મુનીંદ્રની પાસે બાર પ્રકારનો શ્રાવક ધર્મ સાંભળ્યો. અને તેજ પ્રમાણે આનંદપૂર્વક તે ધર્મનો તેણે સ્વીકાર કર્યો. વળી જીવન પર્યંત તેણે જુગારનો નિયમ લીધો. તેથી વિદ્યાધર બહુ ખુશી થયો અને સુયશને મોરી નામની વિદ્યા આપી. ત્યારબાદ સુયશે વિધિ સહિત તેનો સ્વીકાર કર્યો. પછી

વિદ્યા સિદ્ધ થયા બાદ વિદ્યાધરની સાથે તે વૈતાઢ્ય પર્વતમાં ગયો. કેટલાક દિવસ ત્યાં રહી વિદ્યાધર પાસેથી બીજી કેટલીક વિદ્યાઓ શીખીને પોતે સિદ્ધ કરી. ત્યારબાદ ત્યાંથી તે સુયશ ગજપુર નગરમાં ગયો. ત્યાં તે નગરના રાજાની સ્ત્રી સૌભાગ્યશ્રીના પ્રસવ સમયે અદૃશ્ય રૂપ કરી સુયશે તેની પાસે આવી તેના મરેલા પુત્રનો અપહાર કર્યો અને પોતે મોરનું સ્વરૂપ ધારણ કરી ત્યાં આગળ રહ્યો. જેથી સૂતિ કામ કરનારી સ્ત્રી બોલી કે, રાણીને મોર જન્મ્યો છે. એ પ્રમાણે દાસીઓએ રાજાને સંભળાવ્યું. રાજાએ પણ નિમિત્તવેત્તાઓને બોલાવીને પૂછ્યું કે, રાણીને મોર જન્મ્યો છે તેનું શું કારણ ? નૈમિત્તિક લોકો બોલ્યા, હે નરેશ્વર ! મોરનો જન્મ બહુ અશુભ ગણાય છે. માટે જો મોર સહિત રાણીનો ત્યાગ નહીં કરો તો તેમાંથી મોટું વિઘ્ન થશે. રાજાએ તેજ વખતે સેનાપતિને હુકમ કર્યો કે, મોર સહિત રાણીને શૂન્ય જંગલમાં મૂકી આવો. સેનાપતિ તરતજ હુકમ પ્રમાણે કરૂણ શબ્દોથી રૂદન કરતી રાણીને મોટા અરણ્યમાં મૂકી આવ્યો.

**વિદ્યાનો પ્રભાવ.**

હવે મોર પોતાનું સ્વરૂપ પ્રગટ કરી પુરૂષ થયો અને સુરેંદ્રની માફક સુંદર દીપવા લાગ્યો. ત્યારબાદ રાણીને પ્રણામ કરી સુયશ મધુર વચનો વડે શાંત કરી બોલ્યો, હે માતા ! હવે રૂદન કરવાની કંઇ જરૂર નથી. પોતાના પુત્રનો મહિમા જોઈલે એમ કહી તેણે સિદ્ધ વિદ્યાનું સ્મરણ કર્યું. એટલે *ક્ષણમાત્રમાં વિદ્યાદેવીએ* તેના વચનથી ધનધાન્ય હિરણ્ય, સુવર્ણમય બાવન જીનાલય, મનોહર હવેલીઓથી સુશોભિત બહુ સમૃદ્ધિવાળું અને સપ્રાકાર ( સર્પાગાર ) કિલ્લા સહિત ( સર્પોનું સ્થાનભૂતવનગૃહ ) સમાન એક ભવ્ય રાજનગર બનાવ્યું. ત્યારબાદ બહુદ્રવ્ય વૈભવ

આપીને લોકોને તેમાં વસાવ્યા. મોરનગર એવું તે નગરનું નામ પાડયું. પછી મોર ઉપર રચેલા મણિમય વિમાનમાં બેસી બહુ વિદ્યાધર સહિત કાર્તિકેયની માફક તે આ જગત્‌ની અંદર વિવિધ રચનાઓ જોતો અને હમ્મેશાં ઇચ્છા પ્રમાણે ફરતો હતો, જે જે નગર કે ગામમાં ઉત્તમ વસ્તુ તેના જોવામાં આવે છે તે તે વસ્તુઓ દ્રવ્ય આપીને અથવા પ્રાર્થના કરીને મોરનગરમાં તે લાવતો હતો. હવે તે નગરના સીમાડામાં શંખપુર નામે ગામ છે, તેના અધિપતિ શંખવર્દ્ધન નામે રાજા છે. કમલશ્રી નામે તેની પુત્રી છે. તેના સ્વયંવરમાં સર્વ રાજકુમારો તેને વરવા માટે દેશાંતરથી આવ્યા છે. બત્રીશ કુમાર સાથે વિશાખાનંદી રાજા પણ ત્યાં આવ્યો. તે વૃત્તાંત દૂતના મુખથી જાણીને સુયશ પણ મોરનું સ્વરૂપ પ્રગટ કરી વિવાહના દિવસે શંખપુરમાં ગયો, અને બહુ રાજકુમારો વડે મનોહર દીપતા સ્વયંવર મંડપમાં જઈને બેઠો. તે વખતે તેની ડોકમાં મણિમાલા શોભતી હતી.

કમલશ્રી કુમારી પ્રફુલ્લ પુષ્પોની માલા પોતાના હસ્ત કમલમાં ધારણ કરી સ્વયંવર મંડપમાં આવી.

**મોરનો ચમત્કાર.** પ્રતિહારીએ વંશ વિગેરેનું વર્ણન કરી રાજકુમારોની ઓળખાણ આપી. અને કહ્યું કે, હે મૃગાક્ષી ! આ અમુક રાજાનો અમુક પુત્ર છે, સાવધાન થઇ અવલોકન કર. એવી રીતે દરેકનું વર્ણન કરતાં છેવટ ગજપુર નરેંદ્રનું વર્ણન કરી બતાવ્યું. પરંતુ જેમ પ્રફુલ્લ પાંખડીઓથી શોભતાં આકડાનાં પુષ્પો ઉપર ભ્રમરીની દૃષ્ટિ ઠરતી નથી. તેમ તેની દૃષ્ટિ કોઈપણ રાજકુમાર ઉપર પ્રસન્ન થઈ નહીં. પછી તેણીએ મોરના કંઠમાં વરમાલા પહેરાવી. તે જોઈ રોષથી કંપે છે ઓઠ જેમના એવા રાજકુમારો બોલ્યા, રે ! આ મોરને ખડ્ગથી જલદી મારી નાખો, શું જોઈ રહ્યા છો. એમ સાંભળી

કોઇક ક્રોધી કુમાર પોતાનો ખડ્ગ ખેંચી મોરને મારવા જાય છે તેટલામાં તેનું પોતાનું જ મસ્તક પૃથ્વી ઉપર પડ્યું. તે જોઈ સર્વ રાજકુમારો ભયભીત થઈ ગયા. અને એક સાથે મળી મોરની પાસે જઈ ક્ષમા માગી કહેવા લાગ્યા કે, મ્હોટી મહેરબાની કરી આપનું સત્ય સ્વરૂપ પ્રગટ કરો. તેણે પણ તેઓનું વચન માન્ય કરી વિદ્યાના પ્રભાવથી તત્કાળ મોર ઉપર રચેલા વિમાનમાં આરૂઢ થઈ પોતાનું સ્વરૂપ બતાવ્યું. અદ્‌ભુત પ્રકારનું તેનું રૂપ જોઇ સર્વ રાજાઓ પરસ્પર ગોષ્ઠી કરવા લાગ્યા કે, એની રૂપ સંપત્તિ બહુ મનોહર છે, આ કોઈ પ્રભાવિક મહાત્મા છે–વિગેરે બહુ પ્રશંસા કરવા લાગ્યા. ત્યારબાદ રાજાએ પોતાની પુત્રીનો વિવાહ મહોત્સવ શરૂ કર્યો. બહુ વિભૂતિ સાથે કમલશ્રીનું લગ્ન થઈ ગયું. પછી વિશાખ નંદી નૃપતિ પ્રમુખ રાજકુમારોને સુયશ પોતે નિર્માણ કરેલા નગરમાં લઈ ગયો. કમલશ્રી તથા અન્ય રાજકુમારો સહિત તે પોતાની માતાને નમસ્કાર કરી નીચે બેઠો. ત્યારબાદ વિશાખ-નંદી રાજા તેની માતાને જોઈ વિચાર કરવા લાગ્યો, કે મોરનો જન્મ થવાથી જેને જંગલમાં કાઢી મૂકી હતી તે શું આ સૌભા-ગ્યશ્રી–મ્હારી રાણી હશે ? એમ ચિંતવતો હતો તેટલામાં તણીએ પોતેજ આસન આપ્યું. રાજા પણ આસન ઉપર બેસી સ્નિગ્ધ વચનોથી ક્ષમા માગી. અને કહ્યું કે, હે પ્રિયે ! આ મ્હારા અપરાધને ક્ષમા કરો. મ્હેં બહુ નિર્દય કાર્ય કર્યું છે. તમારો ત્યાગ કરવામાં ખરાબ નૈમિત્તિક લોકો હેતુ થયા છે, વિગેરે કેટલીક તેણે પ્રાર્થના કરી. પછી રાણી બોલી, હે સ્વામિન્ ! એમાં તમ્હારો કંઇ દોષ નથી, પરંતુ આપણા બન્નેના કર્મનોજ દોષ છે, કહ્યું છે કે—

जं जेण पावियव्वं, सुहमसुहं वावि जीवलोगंमि ।
तं पाविज्जइ नियमा, पडियारो नत्थि एयस्स ॥

અર્થ—"આ દુનિયામાં જે સુખ વા દુઃખ ભોગવવાનું હોય છે તે નિશ્ચય ભોગવવું પડે છે. તેને કોઈપણ અન્યથા કરવા સમર્થ નથી." એમ બોલી પોતાના પુત્રને કહ્યું, હે પુત્ર! આ ત્હારા પિતા છે, તેમને નમસ્કાર કર. તેણે પણ તે પ્રમાણે પોતાનો આચાર કર્યો. રાજાએ આલિંગન કરી બહુ પ્રેમથી તેને પોતાના ખોળામાં બેસારી અનુક્રમે સર્વ વૃત્તાંત પૂછયું. દેવીના પ્રસવકાળથી પ્રારંભી કમલશ્રીના લગ્ન પર્યંત સર્વ વાર્ત્તા તેણે પણ નિવેદન કરી. ત્યારબાદ રાજા બોલ્યો, હે કુમાર! અહીં અને ત્યાં બન્ને રાજ્યનો અધિકારી હવે તું છે. મ્હારી સાથે ચાલ, રાજ્યગાદીએ ત્હારો અભિષેક કરવાનો છે. સૌભાગ્યશ્રી સહિત તેઓ બન્ને જણ ગજપુરમાં ગયા. ત્યારબાદ પોતાની રાજગાદી ઉપર સુયશને સ્થાપન કર્યો. તે પછી પોતાનાં માતા પિતાને ત્યાં જઇ તેઓને પણ નમસ્કાર કરી સુખી કર્યાં. પોતાના પિતાને નગરશેઠની પદવી આપી. ત્યારબાદ વિશાખનંદી રાજાએ વૈરાગ્યભાવથી સંસાર છોડી ચારિત્ર ગ્રહણ કર્યું.

**મોરધ્વજરાજા.**

નવીન ગાદીએ બેઠેલા રાજાનાં મોરધ્વજ અને સુયશ એવાં બે નામ લોકમાં સુપ્રસિદ્ધ થયાં, અને હમેશાં તે કમલશ્રી પ્રમુખ રાણીઓ સાથે વિલાસ કરવા લાગ્યો. વિષયભોગમાં તેનો અત્યંત અભિલાષ જાગ્રત્ થયો. મૈથુનરસમાં આસક્ત થઈ નિરંતર યુવતિઓ સાથે વિલાસ કરવામાં કાલક્ષેપ કરવા લાગ્યો. પોતાના પતિનો આવો દુરાચાર જોઈ કમલશ્રી બોલી, હે સ્વામિન્! દરેક રાજાઓની અંદર તમે મુખ્ય ગણાઓ છો, તેમજ ધર્મનાં તત્ત્વો સારી રીતે જાણો છો અને શાસ્ત્રમાં પણ તમ્હારી બુદ્ધિ બહુ નિષ્ણાત છે. છતાં તમ્હારા સરખાઓને હદપાર વિષયપ્રસંગ સેવવો તે યોગ્ય ગણાય નહીં. કારણ કે—

कामः क्रोधस्तथा हर्षो,–मायालोभोमदस्तथा ।
षड्वर्गमुत्सृजेदेनं,–तस्मिंस्त्यक्ते सुखी भवेत् ॥

અર્થ:—" કામ, ક્રોધ, હર્ષ, માયા, લોભ અને મદ એ છ નો ત્યાગ કરવો, જેથી રાજા આ લોકમાં સુખી થાય છે." વળી જેઓ વિષયવાસના દૂર કરવા માટે વિષય ભોગવે છે, તે તો ઉલટું અગ્નિમાં ઘી હોમવા બરોબર કરે છે. તૃષ્ણારૂપી વ્યાધિ બહુ અસાધ્ય છે. કારણકે તેની શાંતિ ઔષધથી પણ થતી નથી. માટે આત્માનું હિત ઇચ્છનાર પુરૂષોએ તેની ઉત્પત્તિનોજ નિરોધ કરવો ઉચિત છે. વળી જેમ સ્વપ્નમાં પીધેલા જળથી તૃષ્ણા શાંત થતી નથી, તેમ વિષય તૃષ્ણા પણ ભોગ સેવનથી નિવૃત્ત થતી નથી. માટે કૃપા કરી પ્રમદાઓ સંબંધી વિષયવાંચ્છાનો ત્યાગ કરો. કારણકે હે નરનાથ? આ પ્રમાણે કરવાથી પરદારવિરમણવ્રત તમ્હારૂં મલીન થાય છે. એ પ્રમાણે સ્ત્રીનાં વચન સાંભળી મોરધ્વજ બોલ્યો, હે સુલોચને! ત્હારૂં કહેવું સત્ય છે. પરંતુ હજુ હું ભારેકર્મી છું, તેથી હાલમાં મ્હારી પ્રવૃત્તિ બદલાય તેમ નથી. ત્યારબાદ કમલશ્રી પોતે ત્યાંથી મુક્ત થઈ સુગુરૂ પાસે ગઇ અને મોક્ષસુખની વાંચ્છાથી તેણે દીક્ષા ગ્રહણ કરી. પછી મોરધ્વજરાજા પણ બહુ સ્વચ્છંદચારી થઇ ગયો. અને જેમ કોઇ માંસમાં લુબ્ધ હોય તેમ વિષયમાં લુબ્ધ થઈ નિરંતર નવ નવ યુવતિઓના સંગમાં લીન થયો. તેમજ સ્ત્રીસેવાના બહુ પ્રસંગને લીધે તેને ધાતુક્ષયનો રોગ ઉત્પન્ન થયો, જેથી ખાંસી, કૃશતા અને શરીરે વિવર્ણપણું પ્રાપ્ત થયું. આ પ્રમાણે તેની સ્થિતિ જોઈ સર્વ સ્ત્રીઓ હૃદયથી વિરક્ત થઇ ગઇ, પરંતુ બાહ્યથી તેની આગળ પ્રીતિ બતાવે છે. છતાં તે પૂર્ણચંદ્ર સમાન છે મુખ જેમનું અને સુંદર નેત્રવાળી તે સ્ત્રીઓને જેમ જેમ જુએ છે તેમ તેમ તેનું હૃદય વિષયમાં અધિક પ્રવૃત્ત

થાય છે. કેટલીક પ્રમદાઓની ઉપર પગ નાખે છે, અન્યની ઉપર બાહુલતા સ્થાપન કરે છે. કેટલીક તો તેના કેશની સેવા કરે છે. વળી કેટલીક સ્ત્રીઓ તેની જંઘાદિકની સેવામાં હાજર રહે છે. એવી રીતે કામગ્રહથી ગ્રસિત થએલો તે સર્વ સ્ત્રીઓને ઉદ્યોગ કરાવે છે. હવે સંસારથી વિરક્ત થઈ તેની રાણીઓ પણ વિચાર કરવા લાગી કે, આ એક આશ્ચર્ય છે! જોકે રાજા મરવા સુતો છે, તોપણ તેના મનમાંથી વિષયવાસના દૂર થતી નથી. મોહરાજાનું મહાત્મ્ય અલૌકિક છે. એમ સમજી સ્ત્રીઓએ કહ્યું, હે સ્વામિન્! હવે તમ્હારી આખર વખત છે માટે ધર્મ સેવનમાં પ્રીતિ કરો. પોતે આચરણ કરેલો ધર્મ સાથે આવે છે. અને જન્માંતરમાં દુઃખરક્ષક પણ ધર્મજ થાય છે. આ સર્વ સ્ત્રીઓ, ચતુરંગસેના, સર્વ સંપત્તિઓ વિગેરે કોઇપણ અન્યભવમાં સાથે આવી સહાય કરે તેમ નથી. વળી હે નાથ! ધર્મ શિવાય કોઈ સત્ય સહાય કરનાર નથી. માટે અમ્હારા ઉપરથી પણ મોહ છોડી દઈ પોતાનું આત્મ હિત ચિંતવો, તે સાંભળી રાજા પ્રકુપિત થઈ બોલ્યો:—તમ્હારી સર્વ વાત મ્હારા જાણવામાં આવી છે. હાલમાં તમે મ્હારૂં મરણ ઈચ્છો છો, એમ બહુ કોપ કરવાથી બહુ વેદનાઓ વધી પડી, તેમજ વિષયવાસનાથી સ્ત્રીઓમાં લુબ્ધ થઈ મરણ પામી આર્ત્તધ્યાનને લીધે તિર્યગ્જાતિમાં ઉત્પન્ન થયો. ત્યાંથી નીકળી અન્યભવમાં ફરીથી બોધિજ્ઞાન પ્રાપ્ત કરી સંસારમાં બહુ દુઃખ સહન કરીને સુયશરાજાનો જીવ કર્મનો ક્ષય કરી અંતે મોક્ષસુખ પણ પામશે. હે ભવ્ય પ્રાણીઓ? જેવા રીતે આ સુયશરાજાએ પ્રથમ ધર્મસામગ્રી પ્રાપ્ત કરી હતી; છતાં તે કામાતુર થવાથી સર્વ હારી ગયો અને બહુ દુઃખી થયો. તેમ સુખાર્થી પુરૂષોએ કામક્રીડામાં લુબ્ધ થવું નહીં. વળી જે મહાત્માઓ નિશ્ચયપણે કલંકરહિત શીલવ્રત ધારણ કરે છે તેઓ આ જગત્માં વંદનીય થઇ સર્વ ક-

ર્મને ક્ષીણ કરી સિદ્ધિપદ પામે છે. તેમજ મનોહર આકૃતિ પામીને પણ જે પુરૂષ કામનો નિરોધ કરતો નથી તે પુરૂષને ઘાસના પુતળાની માફક પરાક્રમ રહિત જાણવો.

इति चतुर्थव्रतपञ्चमातिचारविपाके सुयशनृपकथानकं समाप्तम् ॥ तत्समाप्तौ श्रीमल्लक्ष्मणगणिविरचितप्राकृतपद्यबन्धश्रीसुपार्श्वजिनचरित्रस्य श्रीसकलसूरिपुरन्दरायमाणपरमगुरुतपगच्छाधिराजशास्त्रविशारदजैनाचार्ययोगनिष्ठाध्यात्मज्ञानदिवाकरश्रीमदबुद्धिसागरसूरिशिष्यप्रसिद्धवक्तेतिलब्धख्यातिव्याख्यानकोविदपन्यासश्रीमदजितसागरगणिकृतगुर्जरभाषानुवादे प्रभुदेशनाप्रबन्धे सदृष्टान्तातीचारव्याख्योपेतं चतुर्थाणुव्रतं समाप्तम् ॥

# સેનશ્રેષ્ઠીની કથા.

---

## સ્થૂલપરિગ્રહપરિમાણવ્રત.

દાનવીર્યરાજા બહુ પ્રસન્ન થઈ પ્રભુના ચરણમાં મસ્તક નમાવી બોલ્યો, હે ધર્મરક્ષક ? જગદ્દગુરૂ !

**જગદ્ ગુરૂ !** ચાર અણુવ્રતની વ્યાખ્યા સાંભળી મ્હને બહુ આનંદ થયો. હવે પાંચમા વ્રતનો ઉપદેશ આપી અમને કૃતાર્થ કરો. આ પ્રમાણે રાજાનો પ્રશ્ન સાંભળી શ્રી સુપાર્શ્વ પ્રભુ બોલ્યા હે રાજન્ ? હવે હું પાંચમા અણુવ્રતનું સ્વરૂપ કહું છું તે તું સાવધાન થઇ શ્રવણ કર. 'ક્ષેત્ર, હિરણ્ય, સુવર્ણ, ધન, ધાન્ય, મનુષ્ય, પશુ અને અન્ય ધાતુ વિગેરે વસ્તુઓનું જે પુરૂષો પરિમાણ કરે છે એટલે કે આટલી વસ્તુજ મ્હારે વાપરવી અધિકનો ત્યાગ છે, એવો જે મનુષ્યો નિયમ કરે છે તેઓ સેનશ્રેષ્ઠીની માફક પર લોકમાં અપરિમિત સુખ ભોગવે છે.

સુવર્ણમય ધ્વજપતાકાઓથી સુશોભિત અનેક જૈનમંદિરો જેમાં રહેલાં છે એવી કાંચી નામે નગરી

**સેનશ્રેષ્ઠી.** છે. તેમાં નરપાલ નામે રાજા રાજ્ય કરે છે. શિવનામિકા નામે તેની સ્ત્રી છે. વળી તે નગરીમાં બહુ ધનાઢ્ય સેન નામે એક શેઠ છે, પરંતુ તે મિથ્યાદ્રષ્ટિ છે. કુવલયમાલા નામે તેની સ્ત્રી છે. તે કમલની માલાની માફક સર્વગુણ સંપન્ન છે. તેઓને હરિ, હર અને બ્રહ્મા એ નામના ત્રણ પુત્રો છે. વળી તેઓ બહુ વિનયી, સુવર્ણ સમાન કાંતિવાળા સર્વ કલાઓના પારગામી અને નીતિશાસ્ત્રના નિધાન તરીકે ગણાય છે.

**જ્ઞાનિમુનિ.**

એક દિવસ સેનશ્રેષ્ઠીને ત્યાં ચતુર્જ્ઞાની મુનિ મહારાજ ભિક્ષા માટે પધાર્યા. શેઠ પોતે તેમને આવતા જોઈ ઉભા થયા અને સથ્થુનો થાળ લઈ તેમની પાસે વ્હોરાવવા માટે ગયા. મુનિ બોલ્યા, દેવાનુપ્રિય! એની અંદર સૂક્ષ્મ જીવ પડી ગયા છે, માટે અમને તે કલ્પે નહીં. શેઠ બોલ્યા આપનું કહેવું સત્ય હશે; પરંતુ તે કેવી રીતે જાણવું ?" મુનિ બોલ્યા એની ઉપર અળતાનું પુંમડું મુકો એટલે તે જીવો દેખાશે. તે પ્રમાણે કરવાથી શેઠ પણ તેના વર્ણના જીવો જોઈ આશ્ચર્ય પામ્યા. પછી તે સથ્થુને પડતો મૂકી દહીં આપવા માટે આવ્યા. તેમાં પણ તેજ પ્રમાણે જીવ હોવાથી પૂર્વની માફક પરીક્ષા કરી તે ન લીધું. ત્યારપછી મોદકનો ભરેલો થાળ લઈ બહુ ભક્તિપૂર્વક શેઠ મુનિની પાસે આવ્યા. તે જોઈ મુનિ બોલ્યા આ મોદકમાં વિષ મેળવેલું છે. શેઠે પૂછ્યું એની શી ખાત્રી? મુનિ બોલ્યા જુઓ, તેઓની ઉપર જે જે માખીઓ બેસે છે તે સર્વ મરી જાય છે તે તમે તપાસ કરો. શેઠ વિસ્મિત થઈ બોલ્યા એમાં વિષ નાખનાર કોણ હશે ? એટલું કૃપા કરી મ્હને જણાવો. મુનિ બોલ્યા ત્હારે ત્યાં કાલે જે રસોઈ કરનારી સ્ત્રી મરી ગઈ તેણીએ આ કૃત્ય કર્યું છે. શેઠ બોલ્યો એમ તેને કરવાનું શું કારણ ? મુનિ બોલ્યા કોઈક અપરાધને લીધે ત્હેં અને ત્હારા કુટુંબે તેનો બહુ તિરસ્કાર કર્યો, તેથી તમ્હારા માટે તેણીએ આ વિષ મિશ્રિત લાડુ કર્યા તેમજ પોતાના માટે વિષ વિનાના બે મોદક બનાવ્યા હતા, પરંતુ તેને બહુ ભૂખ લાગવાથી ભૂલમાં તેણે વિષ મિશ્રિત લાડુ ખાધા, તેથી તેજ વખતે તે મરણ વશ થઇ. વળી આ થાળમાં બેજ લાડુ શુદ્ધ છે. બાકીના સર્વે વિષ સંયુક્ત છે. માટે અમારે તેઓનો ખપ નથી. વળી હે શ્રેષ્ઠીન્ ! કુટુંબ સહિત તમોએ પણ જો આ લાડુ ખાધા હોત તો તમ્હારૂં પણ

મરણ કોણ નિવારણ કરત ? માટે કુટુંબ સહિત તું આ આપત્તિથી છુટી ગયો. જેથી હવે ધર્મસાધન કર. શેઠ બોલ્યા કૃપા કરી ધર્મોપદેશ આપો, મુનિએ યતિ અને શ્રાવક એમ બન્ને પ્રકારનો ધર્મ કહ્યો. ત્યારબાદ મુનિધર્મમાં અશક્ત હોવાથી તેણે શ્રાવક ધર્મનો સ્વીકાર કર્યો. જો કે ભિક્ષા માટે આવેલા મુનિઓએ ધર્મકથા નજ કરવી જોઈએ. પરંતુ ગુણ દેખીને મુનિએ સેન શ્રેષ્ઠીને ધર્મોપદેશ આપ્યો. પછી શુદ્ધ અન્નની ભિક્ષા ગુરૂ મહારાજને આપી તેમને વંદન કરી વિદાય કર્યા. મુનીન્દ્ર પણ પોતાના સ્થાનમાં ગયા. સેન પણ વિધિપૂર્વક જૈનધર્મની આરાધના કરવા લાગ્યો. શેઠને ઘેર ધર્મના પ્રભાવથી દિવસે દિવસે પુત્ર પૌત્રાદિક સંપત્તિઓ બહુ વધવા લાગી. અનુક્રમે શેઠનું કુટુંબ જૈનધર્મમાં વિશેષ રાગી થયું. શેઠ પોતે પરિગ્રહનું પ્રમાણ કરી જૈનધર્મની વિશેષ આરાધના કરવા લાગ્યા.

**કુટુંબનો કલેશ.**

ઘરની અંદર પુત્રોની સ્ત્રીઓ પરસ્પર કલેશ કરવા લાગી, તેથી પુત્રોએ પોતાના પિતાને કહ્યું કે કંકાસ કજીઆમાં જીવન ગાળવું તે ઉચિત ગણાય નહીં માટે ભાગ આપી અમને જુદા રાખો. સેનશ્રેષ્ઠીએ તે વાત કબુલ કરી દરેકને વિભાગ આપી પૃથક્ કર્યા. ત્યારબાદ નાનો ભાઇ મ્હોટા ભાઇને કહેવા લાગ્યો કે ભાઈ ? તમે મ્હોટા થઇને આવું કપટ કરો છો ? જે દ્રવ્ય તમે છાનું રાખી દબાવી બેઠા છો તે પણ ભાગ પ્રમાણે વેલાસર વહેંચી આપો. તે કંઈ તમ્હારા એકલાનું નથી. હરિ બોલ્યો ભાઈ ? મ્હારી પાસે કંઇ છેજ નહીં ખોટું શું બોલે છે ? આ પ્રમાણે લોકોના કહેવાથી સાંભળી સેન વિચાર કરવા લાગ્યો કે.—

आक्षीरधारैकभुजा–मागर्भैकनिवासिनाम् ।
नमोऽर्थेभ्यो यै पृथक्त्वं, भ्रातृणामपिकुर्वते ॥

અર્થ.—" જન્મથી આરંભી એક સ્થાનમાં ભોજન કરતા અને ગર્ભથી આરંભી એક સ્થાનમાં નિવાસ કરતા એવા બંધુઓનું પણ જેઓ પૃથક્પણું કરે છે તેવી સંપત્તિઓને નમસ્કાર. " એમ જાણી સેને પોતાનો વિભાગ નાના પુત્રને આપી શાંત કર્યો. પણ પાછો ઘરને માટે તેવીજરીતે કલેશ કરવા લાગ્યો. એટલે મુખ્ય ઘરમાં હરની સાથે તેને રાખ્યો. ત્યારબાદ તેઓ સમજ્યા કે જલબિંદુ સમાન ચંચલ એવી આ સંપત્તિઓ છે. અને આ જીવિત વિદ્યુત્ સમાન ચંપલ છે. તો ઘર, ધન વિગેરે અસ્થિર પદાર્થોમાં કયો વિદ્વાન્ પોતાના બંધુઓ સાથે વિવાદ કરે ? વળી જીનવચનના જ્ઞાતા અને સંસાર જન્ય બહુ દુઃખોની ભાવનાથી યુક્ત એવા પુરૂષોને પણ ધન સંપત્તિ માટે આવો કલેશ થાય છે. અહો ! મોહનો મહિમા કેવો છે ? એમ વૈરાગ્ય પરાયણ થઈ તેઓ પરસ્પર અપરાધ ક્ષમાવવા લાગ્યા કે જેથી કષાયને લીધે અમારૂં સમ્યક્ત્વ સ્ખલિત ન થાઓ.

**સેનનો ઉપદેશ**

*પોતાની સ્ત્રીએ સેનને કહ્યું કે દ્રવ્ય સહિત પોતાનું ઘર પણ* પુત્રોને આપી બેઠા, હવે તમ્હારૂં શું થશે ? સેન બોલ્યો હે પ્રિયે ! જેના હૃદયમંદિરમાં જૈનમત નિરંતર વાસ કરી રહ્યો છે તેને ધન, ગૃહ કે ચિંતામણીની પણ શી ગણતરી ? પછી સ્ત્રી બોલી સ્વામિન્ ! વ્રત ગ્રહણ કરી હવે ભિક્ષા માગો અને સ્મશાન, શૂન્યગૃહ કે દેવમંદિરમાં વાસ કરો. સેન બોલ્યો હે સુંદરી તું ધૈર્યનો ત્યાગ ન કરીશ. અનુક્રમે ત્હારૂં વચન પણ સત્ય કરીશ. આ લોકમાં પણ ધર્મનો પ્રભાવ પ્રગટ છે, તે હું ત્હને હાલ બતાવીશ. એમ કહી સેન ખાસ પોતાનો મિત્ર જે

મંત્રી હતો તેના ઘેર ગયો અને તેની આગળ કુટુંબનું સર્વ વૃત્તાંત કહ્યું, તેમજ પોતાને રહેવા માટે ઘરની માગણી કરી. મંત્રી બોલ્યો બાંધવ ? રાજાનું ઘર ખાલી છે; પરંતુ તેમાં વ્યંતરનો વાસ હોવાથી તેને દૂષિત ગણી કોઇ પણ તેમાં રહી શકતું નથી પરંતુ ધર્મના પ્રભાવથી તે વ્યંતર તમ્હને કંઇ અડચણ નહીં કરી શકે. આ પ્રમાણે મંત્રીનું વચન સાંભળી તત્કાળ તેણે તે શકુન ગાંઠે બાંધી લીધા અને તે વ્યંતરવાળા ઘરમાં ગયો. બહાર ઉભો રહી નૈષેધિકી ક્રિયા કર્યા બાદ આજ્ઞા લઈ ઘરની અંદર તેણે પ્રવેશ કર્યો. ઇર્યા પ્રતિક્રમી સેન શ્રેષ્ઠી સ્થિર ચિત્તે સ્વાધ્યાય કરવા લાગ્યો કે રે જીવ ! ગજસુકુમાર, મેતાર્ય, મહા મુનિ સ્કંધકના શિષ્ય વિગેરે સાધુઓનાં ચરિત્રોનું સ્મરણ કરતો છતો તું માત્ર આટલા ઉપરથી કેમ ક્રોધ કરે છે ? વિચાર કર કે જે મહા સત્વધારી પુરૂષો છે તેઓ પોતાના પ્રાણ જાય તો પણ અન્યનો દ્વેષ કરતા નથી. તો તું આટલી બધી ઓછી શકિત વાળો કયાંથી ? કે ત્હારામાં વચન માત્રથી પણ આવી અક્ષમા રહેલી છે ? વળી રે જીવ ? પ્રાણીઓના સુખ દુઃખમાં અન્ય તો એક નિમિત્ત માત્ર છે. પોતાનાં કરેલાં કર્મ ભોગવતો છતો તું અન્યની ઉપર શામાટે વૃથા ક્રોધ કરે છે! મોહથી વિમૂઢ બનેલા જીવાત્માઓ ધન–ગૃહાદિકમાં ગાઢ મૂર્છિત થઇ જીનવચન નહિ જાણવાથી સંસાર અટવીમાં ભ્રમણ કરે છે. અહો ! એવા અનાર્ય મોહને વારંવાર ધિક્કાર છે. જેના વશ થયેલા પ્રાણીઓ નિર્દય અને ઘાતકી બની પ્રહાર કરતાં પોતાના પુત્ર કે મિત્રોને પણ ગણતા નથી.

આ પ્રમાણે સેનશ્રેષ્ઠીએ અર્ધરાત્રી સુધી સ્વાધ્યાય પાઠ કર્યો. તે સાંભળી વ્યંતર બહુ ખુશી થયો અને બોલ્યો હે મહાશય ? વિકટ સંસાર રૂપી કુવામાં હું પડતો હતો, તેમાંથી તમે

વ્યંતર

મ્હારો ઉદ્ધાર કર્યો. હું બહુ ક્રોધી દેવ છું. આ ઘર મ્હેં શૂન્ય કર્યું છે. તે સાંભળી સેન બોલ્યો:—તમ્હારે તેમ કરવાનું શું કારણ ? વ્યંતર બોલ્યો પ્રથમ આ ઘરનો અધિપતિ હું હતો. મ્હારે બે પુત્ર હતા તેઓમાં નાનો પુત્ર મ્હને બહુ પ્રિય હતો તેથી સર્વ સારી વસ્તુઓ તેને આપી; તેમજ મ્હોટાને પણ કંઈક આપીને બીજા ઘરમાં રાખ્યો અને મુખ્ય ઘરમાં નાના પુત્રને રાખ્યો. તેથી ક્રોધાયમાન થઈ મ્હોટા પુત્રે મને મારી નાખ્યો. પછી લઘુબંધુને પણ રાજકુલમાં પકડાવીને તેનું ઘર તેણે લઈ લીધું. લઘુ પુત્ર પણ કારાગૃહમાં મરી ગયો. હું મરીને અહીં વ્યંતર થયો. પરંતુ વિભંગ જ્ઞાનને લીધે જ્યેષ્ઠ પુત્રનું ચરિત્ર જાણી કુટુંબ સહિત તેનો મ્હેં નાશ કર્યો અને બીજું પણ જે કોઈ આ ઘરમાં રહે છે તે પણ તત્કાલ મરણ પામે છે. તેથી આ ઘર ઉજ્જડ થયું છે. હવે તું મ્હારો ધર્મગુરૂ છે. માટે આ ઘર હું તમને આપું છું. એમ કહી તે વ્યંતરે પોતાનું દાટેલું ધન હતું તે પણ જલદી ખોદી કાઢીને સેનને અર્પણ કર્યું તેની ગણતરી કરવાથી તે દશલાખ સોનૈયા થયા. જેથી સેન બોલ્યો હે વ્યંતર દેવ ! મ્હેં પરિગ્રહનું પ્રમાણ કરેલું છે તેથી લાખ મ્હારા નિમિત્તે વપરાશે, બાકીના નવલાખ ધર્મકાર્યમાં હું વાપરીશ. અને તે પુણ્યના ભોક્તા તમે થશો. વ્યંતર બોલ્યો હે મહાભાગ ! તેમાંથી અર્ધું પુણ્ય તમને પણ મળશે, વળી બીજું પણ જે કંઈ મ્હારા લાયક કાર્ય હોય તે કહો, આપના ઉપકારનો બદલો મ્હારા પ્રાણથી પણ વાળવાને હું સમર્થ નથી. તમ્હારો સ્વાધ્યાય સાંભળી કાર્ય-અકાર્યનો વિવેક મ્હેં જાણ્યો. તેથી મ્હારો વૈરભાવ નષ્ટ થયો, ત્યારબાદ સેન બોલ્યો, સર્વ જીવાત્માઓએ ઉત્તમ અને અખંડિત પંચેંદ્રિયપણું પામીને આત્મહિત કરવું. વળી તે આત્મહિત પરોપકાર કરવાથી થાય

છે. જે પરોપકાર જીનેંદ્ર ભગવાનના વચન પ્રમાણે યથાર્થ કરવામાં આવે છે તે આત્માના હિતભાવે પરિણમે છે. એમાં સંશય નથી, જેઓ અન્યનું અનિષ્ટ કરવાથી પોતાનું હિત માને છે. તેઓને જીનવચનથી બાહ્ય જાણવા. અને તત્ત્વથી પોતાનું હિત જાણતા નથી. માટે ધર્મ સિવાય આ દુનીયામાં કંઇપણ આત્મહિત છેજ નહિં. તેથી હે વ્યંતરાધિપ ! હવે ત્હારે હમ્મેશાં ધર્મમાં ઉદ્યુક્ત થવું. વ્યંતર બોલ્યો, હે મહાશય ! આપનું કહેવું સત્ય છે, આપના વચન પ્રમાણે હું વર્તીશ એમ કહી તે અદૃશ્ય થયો.

**સેનશિક્ષા.**

જ્યારે સૂર્યોદય થયો ત્યારે સેનશ્રેષ્ઠીની સ્ત્રી નગરની અંદર પોતાના સ્વામીની શોધ માટે ફરતી ફરતી વ્યંતરના ઘેર ગઇ તો વિશેષ અલંકારોથી વિભૂષિત શેઠને ત્યાં બેઠેલા જોયા. અને કહેવા લાગી કે, હે પ્રિયતમ ! આપને શોધવામાં હું બહુ થાકી ગઇ. આ આભરણ અને આ સમૃદ્ધિ આપને કોણે આપી ? સેન બોલ્યો, હે સુંદરી ! ધર્મના પ્રભાવથી આ સર્વ પ્રાપ્ત થયું છે. અન્ય કંઈપણ પૂછવું નહીં. એમ કહી ક્ષણમાત્ર પછી શેઠ જીનમંદિરમાં ગયા. ત્યાં ભક્તિપૂર્વક અનેક પ્રકારના પુષ્પ તથા નૈવેદ્યવડે પૂજા કરી વિસ્તાર પૂર્વક સંગીત કરાવ્યું. યાચકોને પણ દ્રવ્યદાનવડે સંતુષ્ટ કર્યા. પછી ગુરૂ મહારાજને વંદન કરી પોતાને ઘેર ગયા. અને સાધર્મિકજનો સાથે ભોજન કર્યું. એમ કરતાં દિવસ વ્યતીત થયો. રાત્રી સમયે પ્રાર્થના કર્યા સિવાય પણ વ્યંતરે સ્નેહવડે રાજાના ભંડારમાંથી દ્રવ્યના ભરેલા સોકલશ ઉઠાવીને શેઠના ઘરમાં મૂક્યા અને કહ્યું કે બીલકુલ રાજતરફથી ભય રાખ્યા સિવાય ઈચ્છા પ્રમાણે તમે દાન આપો. આ દ્રવ્ય થઇ રહેશે એટલે બીજું લાવી આપીશ.

તે સાંભળી શેઠ કંઇક બોલવાનો વિચાર કરતા હતા તેટલામાં તે વ્યંતર પોતાના સ્થાનમાં ચાલ્યો ગયો. રાજાના નામવાળા કલશ જોઇ શેઠ પોતે સવારમાં મુખ્ય પુરૂષોને સાથે લઇ રાજા પાસે ગયા. અને તેણે ભેટ મૂકીને વ્યંતરનું સર્વ વૃત્તાંત નિવેદન કર્યું. રાજાએ પણ તેઓમાંથી એક કલશ ત્યાં મંગાવ્યો. ઉપર લખેલું પોતાનું નામ જોઇ બહુ ખુશી થયો અને તે બોલ્યો કે મહાભાગ ! આ સર્વ દ્રવ્ય હું તને અર્પણ કરૂં છું. ત્યારબાદ બહુ સંતોષી એવો સેન બોલ્યો, હે નરાધીશ ! પ્રથમ વ્યંતરે મ્હને દશલાખ સોનૈયા આપ્યા છે, તેમાંથી પણ મ્હારે તો એકલાખ જ કામના છે. નવલાખ સોનૈયા વ્યંતરના કહેવાથી મ્હારે ધર્મમાં વાપરવાના છે. એમ સાંભળી સંતુષ્ટ થઇ રાજાએ તે સર્વ ધન તેને અર્પણ કરીને કહ્યું કે ત્હારી ઇચ્છા પ્રમાણે આ સર્વ ધન ધર્મકાર્યમાં સુખેથી વાપર. સેનશ્રેષ્ઠીએ પણ તે સર્વ ધન સાત ક્ષેત્રોમાં વાપરીને દીક્ષા ગ્રહણ કરી કર્મ ખપાવીને સિદ્ધિ સુખ પ્રાપ્ત કર્યું. માટે હે ભવ્યલોકો ! સેનશ્રેષ્ઠીની માફક નિરંતર સંતોષ રૂપી રસાયનનું પાન કરો કે જેથી અલ્પ સમયમાં જરા મરણથી મુક્ત થઇ મોક્ષ સુખ પામો.

इतिपञ्चमाणुव्रतपरिपालनदृष्टान्ते श्रेष्ठिसेनकथानकं समाप्तम् ॥

## નવઘનશેઠની કથા.

### પ્રથમક્ષેત્રવસ્તુપરિમાણાતિક્રમાતિચાર

દાનવીર્ય રાજા બોલ્યો, હે ભગવાન ! આપ ધર્મશાસ્ત્રના ઉપદેશક છો. આપ પ્રાણીઓને બહુ ઉપકારક છો. માટે કૃપા

કરી પાંચમા અણુવ્રતમાં પ્રથમ અતિચાર શ્રવણ કરનારી અમારી જીજ્ઞાસા પૂર્ણ કરો. શ્રીસુપાર્શ્વપ્રભુ બોલ્યા, હે રાજન્! ગૃહાદિક વસ્તુઓનું પરિમાણ કર્યાબાદ અતિ લોભરૂપી ગ્રહથી ગ્રસ્ત થઇ જે ગ્રહણ કરેલા નિયમથી અધિક પરિગ્રહ કરે છે, તે પુરૂષ નવધનની પેઠે બહુ દુઃખી થાય છે.

**નવધનદૃષ્ટાંત.** શૂ (સૂર) દ્વિજરાજ (સૂર્ય અને ચંદ્ર—ક્ષત્રિય અને બ્રાહ્મણાદિક) ના સમાગમમાં બહુ ઉત્સુક ઉદયાચલ સમાન ઉદયપુર નામે નગર છે. તેમાં ઉદયાદિત્ય નામે રાજા છે. વળી તે નગરમાં નવધન નામે શેઠ છે. તે હમ્મેશાં નવીન મેઘની માફક સર્વ યાચક રૂપી ક્ષેત્રોમાં દાનરૂપી જળની વૃષ્ટિ કરે છે. બહુ ઉત્તમ શીલવાળી સંપદ્ એવા નામની તેની સ્ત્રી હતી. તેઓ બન્ને સ્ત્રી પુરૂષ પરસ્પર સ્નેહથી વિષયસુખ ભોગવતાં હતાં. તેવામાં જૈનમંદિરમાં મહોત્સવ ચાલતો હતો. જેથી તેઓ કુતૂહલને લીધે ત્યાં જોવા માટે ગયાં. વળી ત્યાં આગળ ગુણરત્નોના નિધાન સમાન સૂરીશ્વર ભવ્યજીવોને શ્રાવક ધર્મનો ઉપદેશ આપતા હતા. તેથી તેઓ પણ સૂરિને વંદન કરી દેશના સાંભળવા બેઠાં. તે સમયે સૂરિએ પાંચમા અણુવ્રતની વ્યાખ્યા કરી. તે સાંભળી શેઠ અને શેઠાણીએ પણ સમ્યક્ત્વ પૂર્વક પાંચમું વ્રત પણ ગ્રહણ કર્યું. પછી ગુરૂની આજ્ઞા લઇ બહુ પ્રસન્ન થઇ તે બન્ને પોતાને ઘેર ગયાં. વળી પોતાને સંતાન નહીં હોવાથી તેઓ વિધિપૂર્વક જૈનધર્મની આરાધના કરવા લાગ્યાં; તેમજ નવધન શેઠ શુદ્ધ નીતિપૂર્વક વેપાર ચલાવતો હતો પોતાની દુકાનમાં ઉત્તમ કરિયાણું રાખતો હતો, કૂડ—કપટમાં તે સમજતો નહોતો.

તેમજ શેઠ પોતે ધીર ધારનો ધંધો પણ સારી રીતે કરતા

**શેઠાણીની ચતુરાઇ.**

હતા. તેથી એક ઠાકોરે તેની દુકાનેથી દશ હજારનો માલ લઇ તેના રૂપીયા તરતજ તેણે ચુકવી દીધા. એમ વારંવાર તેઓની આપ-લે બહુ ચાલતી હતી. એવામાં એક દિવસે તે ઠાકોરે વીશ હજારનો માલ શેઠની દુકાનેથી ઉધારે લીધો. પછી કેટલોક સમય ગયા બાદ નવઘને તેની ઉઘરાણી કરી ત્યારે તેણે કોણી બતાવીને કહ્યું કે વાહ ! તમે શેઠ થઇ આવા ધંધા કરો છો ? એમ શેઠની મશ્કરી કરી સિદ્ધો જવાબ પણ આપ્યો નહીં. જેથી શ્રેષ્ઠીએ તે વાત મંત્રીને કરી, ત્યારે મંત્રી બોલ્યો:-શેઠજી તેમાંથી અર્ધું ધન મને આપો તો તમારા રૂપીઆ અપાવું. આ વચન શેઠને બીલકુલ રૂચ્યું નહીં તેથી રાજાના અંગરક્ષકને ત્યાં ગયા. તેણે પણ તેજ પ્રમાણે અર્ધું દ્રવ્ય માગ્યું. પછી છેવટે નગરશેઠ તથા દુર્ગપાળની મુલાકાત લીધી. ત્યાંથી પણ તેવો જ જવાબ મળ્યો. જેથી શેઠ ગભરાઇને પોતાને ઘેર પાછા આવ્યા. ત્યાં સ્રીએ પૂછયું હે પ્રાણપ્રિય ? એકદમ ઉદ્વિગ્ન થવાનું શું કારણ ? શેઠ બોલ્યા હે સુભગે ? વીશ હજારનો માલ લઇ ઠાકોર હવે જવાબ આપતો નથી. તેમજ બીજો કોઇ ઉપાય પણ ચાલે તેમ નથી વિગેરે સર્વ વૃત્તાંત કહ્યો. સ્રી બોલી હે નાથ ? આ બાબતની તમ્હારે કંઇ પણ ચિંતા કરવી નહીં. એનો હું તપાસ કરીશ. હાલમાં તમે કોઇ પણ ગામમાં ચાલ્યા જાઓ. જેટલામાં હું એનો ઉપાય શોધી કાઢું. પછી જ્યારે હું બોલાવું ત્યારે તમ્હારે અહીં આવવું. એ પ્રમાણે સ્રીનું વચન સત્ય માની નવઘન વણિક અન્ય ગામમાં ગયો. ત્યારબાદ સંપદ્ નામે તેની સ્રી પ્રથમ મંત્રીને ઘેર ગઇ. શરીરે અદ્ભુત શણગાર સજેલા છે. લાવણ્ય અને વિલાસ પૂર્વક હાસ્યવડે યુવકોના મનને રંજન કરતી તે સ્રી મંત્રીની આગળ ભેટ મુકી

નીચે બેઠી. તેટલામાં રાત્રીનો પ્રથમ પ્રહર થયો એટલે લોકોને વિદાય કરી તેના દર્શનથી ક્ષુભિત થયેલો મંત્રી કામના ઉદ્દગારો પ્રગટ કરવા લાગ્યો કે અરે ! ચંદ્રની શીતલ છાયાથી અંગ બળી જાય છે. ચંદનરસ વિષ સમાન વિષમ લાગે છે. પુષ્પોનો હાર બહુ ખારો લાગે છે. ઠંડો પવન દેહને તપાવે છે તેમજ શરીર ઉપર ધારણ કરેલાં જળથી ભીંજાએલાં આ કમળપત્ર બાણની પંક્તિ સમાન પીડા કરે છે. તેનું કારણ દીર્ઘ નેત્રવાળી અને કમળ સમાન મુખવાળી આ સ્ત્રી જ છે. આ પ્રમાણે કામથી વિહ્વલ થએલા મંત્રીને જાણી તે બોલી હે ન્યાયાધીશ ? એક મ્હારી વિનંતિ સાંભળો. ત્યારબાદ ઉલ્લાસ પામતો મંત્રી બોલ્યો મ્હારા સરખું કંઈ પણ કાર્ય હોય તો સુખેથી ફરમાવો. જેથી તેણીએ ઠાકોર સંબંધી સર્વ વૃત્તાંત જણાવ્યું. મંત્રીએ પણ ખુશી થઈ તે કાર્ય કરવાને કબુલ કરી કહ્યું કે ઠાકોર પાસેથી પૈસા લેવા તેમાં શી વાર ? એની કંઈ પણ ચિંતા રાખવી નહીં. પરંતુ હે સુતનુ ? હું બહુ કામાતુર થયો છું, માટે મારૂં પણ ત્હારે કંઈક કાર્ય કરવું પડશે. ત્યારે તે બોલી એમાં શું ખોટું છે ? હું પણ આપને આનંદ આપીશ. પરંતુ આજે મ્હારે બ્રહ્મચર્ય વ્રત છે. તેથી આજે તે કાર્ય કરીશ નહીં. પરંતુ સવારે એકમ થવાની છે તો રાત્રીના પ્રથમ પ્રહરે તમારે સુખેથી મ્હારી પાસે આવવું. એમ કહી ત્યાંથી તે રાજાના અંગરક્ષક પાસે ગઈ. અંગરક્ષક પણ એકદમ તેને આવતી જોઇ વિતર્ક કરવા લાગ્યો કે આ નવીન પ્રમદા કોણ આવે છે ? શું પાતાલમાંથી નાગકન્યા આવે છે ? કે કોઈ વિદ્યાધરની સ્ત્રી હશે ? અથવા શું દેવાંગના, અસુરાંગના કે સિદ્ધાંગના મનુષ્ય લોકમાં આવી છે ? એમ વિતર્ક કરતો હતો તેટલામાં પોતાની પાસે આવી તે ઉભી રહી. અને કુશલ વાર્ત્તા પુછી આસન ઉપર બેઠી. પછી અંગરક્ષકના પુછવાથી

તેણીએ ઠાકોરનો સર્વ ઇતિહાસ કહ્યો. તે પણ સંતુષ્ટ થઇ બોલ્યો હે મૃગાક્ષિ ? આ ત્હારૂં કાર્ય જરૂર હું સિદ્ધ કરી આપીશ. પરંતુ અમારૂં હૃદય પણ ત્હારે શાંત કરવું પડશે. સ્ત્રી બોલી અમારાથી બને તેમ હશે તો અમે કરીશું. આ દેહ જલબિંદુ સમાન અસ્થિર છે, માટે સજ્જનોના કાર્યમાં જો તે ઉપયોગી થાય તો તે સારભૂત ગણાય. એ પ્રમાણે શેઠાણીનું વચન સાંભળી આનંદિત થઇ તે બોલ્યો. હે ચાર્વંગી ? હું તો હાલમાંજ તૈયાર છું. ત્યારબાદ તેણીએ પણ પ્રત્યુત્તરમાં તેને કહ્યું કે એકમની રાત્રીએ બીજા પ્રહરે તમારે મ્હારી પાસે આવવું. એમ કહી ત્યાંથી નગરશેઠ તથા દુર્ગપાળને ત્યાં તે ગઇ. તેઓ પણ તેને આવતી જોઇ વિચાર કરવા લાગ્યા કે વર્ષાૠતુની લક્ષ્મી સમાન ઉન્નત પયોધર ( મેઘ=સ્તન ) છે જેના એવી, અને ધનુષ લતાની માફક ગુણ ( દોરી=દયાદિગુણો ) વડે યુક્ત, ખર્જુલતાની માફક ઉત્તમ ધારા (હાર) વડે વિભૂષિત છે વક્ષસ્થળ જેનું, તેમજ સંસારસુખની માફક અત્યંત સૂક્ષ્મ છે મધ્યભાગ જેનો એવી આ સ્ત્રી દેખાય છે. ક્ષણમાત્રમાં તે તેઓની પાસે ગઇ અને પૂર્વની પેઠે તેઓને પણ જવાબ આપ્યો. તેથી તેઓએ પણ તેના કહ્યા પ્રમાણે કબુલ કર્યું. નગર શેઠને ત્રીજે પ્રહરે તથા દુર્ગપાળને ચોથા પ્રહરે આવવાનું કહી ત્યાંથી તે સ્ત્રી પણ પોતાને ઘેર આવી.

**મંત્રીવિગેરેની *વિડંબના.***

બીજે દિવસે પ્રભાતકાળમાં પોતાની દાસીને શેઠાણીએ કહ્યું કે આજે મ્હારે વિશેષ પ્રકારે સ્નાન કરવાનું છે માટે ઉષ્ણ જળ અને ચંદનાદિક સર્વ સાધનો વધારે તૈયાર કર. દાસીએ પણ કહ્યા પ્રમાણે સ્નાનની સર્વ સામગ્રી તૈયાર કરી બાદ દિવસ અસ્ત થયો એટલે રાત્રીના પ્રથમ પ્રહરે

મંત્રી સજ્જ થઈ શેઠને ત્યાં આવ્યો. જેથી શેઠાણીએ મંત્રીનો સત્કાર કરી સુગંધિ તૈલવડે તેનું અંગમર્દન કર્યું. પછી સ્નાન કરાવી ચંદનનો લેપ કર્યો. તેટલામાં દ્વારના કમાડ ઠોકવાથી સાંકળનો અવાજ તેના સાંભળવામાં આવ્યો. એટલે પોતાની દાસીને દ્વાર આગળ મોકલીને ખબર કરાવી તો ત્યાં ઉભેલા અંગરક્ષકે કહ્યું કે કમાડ ઉઘાડ. તે સાંભળી મંત્રી ભયભીત થઈ ગયો અને બોલ્યો કે હે પ્રિયે ? કોઈ પણ ગુપ્ત સ્થાનમાં જલદી મ્હને સંતાડી દે, નહીં તો તે મ્હને દેખશે તો તેમાં મ્હારી બહુ ખરાબી થશે. શેઠાણીએ પણ તરત જ ઓરડીની અંદર મંત્રીને પુરી દીધો અને તેનું દ્વાર બંધ કરી તાળું લટકાવ્યું. મંત્રી પણ ભયને લીધે ચુપચાપ અંદર બેસી ગયો. ત્યારબાદ અંગરક્ષક અંદર આવ્યો. તેને પણ તૈલમર્દન કર્યા બાદ સ્નાન પૂર્વક વિલેપન કરી રહ્યાં એટલામાં નગર શેઠનું આગમન થયું. તેથી અંગરક્ષકને પણ મંત્રીની માફક એક ઓરડામાં પુરીને શેઠને અંદર બોલાવ્યા. તેમને પણ સ્નાનાદિક વિધિ કરી ત્રીજા ઓરડામાં પુર્યા. પછી ચોથા પ્રહરે દુર્ગપાળ આવ્યો તેને પણ તેવીજ રીતે તૈલમર્દનાદિક પ્રયોગ કર્યા બાદ જુદા ઓરડામાં પુરી દીધો, કારણ કે પ્રથમ કરેલા સંકેતપ્રમાણે શેઠાણીનો ભાઈ દ્વારમાં આવી ઉભો હતો. ત્યારબાદ તેણે અંદર પ્રવેશ કર્યો અને પોકો મૂકી બહુ રોવા લાગ્યો. તે પ્રસંગે સંપદ્ શેઠાણી પણ અગાધ દુઃખ સાગરમાં ડૂબી હોયને શું ? તેમ મંત્રી વિગેરેના પ્રતિબોધ માટે વિલાપ કરવા લાગી. તેટલામાં એકદમ રાત્રી વિરામને સૂચન કરનાર શંખ વાગ્યો. જેના ગંભીર શબ્દથી સર્વ દિશાઓ બ્હેર મારવા લાગી. વળી નવધન શેઠ મરણ પામ્યા એવી વાર્તા સર્વ નગરમાં ફેલાઇ ગઇ જેથી સમગ્ર નગરના લોકો ત્યાં એકઠા થયા.

તે વૃત્તાંત રાજાના સંભળવામાં આવ્યું અને જાણ્યું કે એને પુત્ર નથી. માટે એનું સર્વધન મંત્રી મારફતે અહીં મંગાવવું જોઈએ. કારણ કે અપુત્રીયાનું ધન રાજ્યને સ્વાધીન થાય છે. એમ વિચાર કરી રાજાએ મંત્રીને બોલાવવા માટે દ્વારપાળને હુકમ કર્યો. તેણે ત્યાં જઇ તપાસ કર્યો; પરંતુ મંત્રીનો પત્તો લાગ્યો નહીં. તેથી તેણે ત્યાં આવી રાજાને સર્વ હકીકત નિવેદન કરી. પછી અંગરક્ષકની તપાસ કરાવી તેનો પણ મેળાપ થયો નહીં. ત્યારબાદ નગરશેઠ અને દુર્ગપાળને અનુક્રમે બોલાવવા મોકલ્યા. તેઓ પણ ન મળ્યા. તેમજ પૂછવાથી કંઇ સમાચાર પણ મળ્યા નહીં. પછી દ્વારપાળ પાછો આવીને રાજાને કહેવા લાગ્યો કે હે નરેંદ્ર ? તેઓ કોઈ પણ ઘેર નથી. તેમજ તેઓ ક્યાં ગયા છે તે પણ કોઈ જાણતું નથી. તે સાંભળી વિસ્મિત થઇ રાજા પોતે જ નવધન શેઠને ત્યાં ગયો અને યોગ્ય આસન ઉપર બેસી બોલ્યો હે મુગ્ધે ? હવે તું રૂદન કરીશ નહીં. મ્હારા આગમનથી ત્હારે કોઈ પણ પ્રકારનું દુઃખ રાખવું નહીં. ઇચ્છા પ્રમાણે પોતાના વૈભવવડે આનંદ કર. તેમજ દાન પુણ્ય કર. કોડીમાત્ર પણ ત્હારૂં ધન અમારે લેવું નથી. તે સાંભળી સંપદ્‌શેઠાણી બોલી નાથ ? મ્હારે આ દ્રવ્યનું કંઇ પણ પ્રયોજન નથી. મ્હારે દીક્ષા ગ્રહણ કરવાની છે. જેથી આ સર્વ ધન આપ સુખેથી ગ્રહણ કરો. એમ કહી શેઠાણીએ ચારે ઓરડાઓ બહારથી બતાવ્યા અને કહ્યું કે હે રાજન્ ? આ ઓરડાઓમાં નવધન શેઠનું સર્વ દ્રવ્ય ભરેલું છે. તે આપ તપાસી જુઓ. રાજાએ અનુક્રમે એકેક ઓરડો ઉઘડાવીને જોયું તો પ્રથમ ઓરડામાં સર્વાંગ લેપ કરેલો મંત્રી બેઠો હતો. તેમજ બાકીના ઓરડાઓમાં તેવીંજ સ્થિતિમાં અંગરક્ષક, દુર્ગપાળ અને નગર શેઠને જોયા. તેઓનાં અદ્‌ભુત સ્વરૂપ જોઈ રાજાએ તેમને પૂછયું તો પણ તેઓએ શરમાઇને કંઈ પણ પ્રત્યુત્તર

આપ્યો નહીં. ત્યારે શેઠાણી બોલી હે રાજાધિરાજ ? હું એમનું સમગ્ર વૃત્તાંત કહું; પરંતુ એઓને અભયદાન આપો. રાજાએ મંત્રી વિગેરેને અભયદાન આપ્યું એટલે સંપદ્ શેઠાણીએ ઠાકોરના વૃત્તાંતથી આરંભી સવિસ્તર સર્વ હકીકત કહી બતાવી.

**સંપદ્ શેઠાણીએ આપેલી શિખામણ.**

રાજા બોલ્યો હે મંત્રી ? આ સ્ત્રીએ જે વાત કહી તે ખરી છે ? મંત્રી બોલ્યો સ્વામિન્ ? તેનું કહેવું સત્ય છે. એમ તેના કહેવાથી રાજા બોલ્યો અરે ? મંત્રી ? સૂક્ષ્મ, બાદર, દૂર અને સમીપ રહેલી વસ્તુઓ જોવામાં રાજાનાં ખરેખર નેત્ર મંત્રીઓ ગણાય છે. કારણ કે કામરૂપી અંધકારથી છવાયેલી અને વિવેકહીન એવી રાજાની ચર્મચક્ષુ તત્વાર્થ જાણી શકતી નથી. તેથી હે સચિવ ! આ ત્હારી પ્રવૃત્તિ બહુ વિપરીત થઇ. ત્યારબાદ સંપદ્ શેઠાણીએ રાજાને વિનંતિ કરી કહ્યું કે હે નરાધીશ ? આટલો અપરાધ આપ ક્ષમા કરો. એઓનો આમાં કાંઇ દોષ નથી, કારણ કે કામરૂપી મહાચોરટાઓથી પીડાયેલા પુરૂષો દુષ્કૃત્ય કરીને તૃણથી પણ હલકી સ્થિતિ પામે છે. કહ્યું છે કે—

अकयपहारेण मणंगएण, कुसुमाउहेण वि खणेण ।
जे व्विप्पंति हयासा, ते हुंति लहु तणाओ वि ॥

જે પ્રહાર કરતો નથી તેમજ કુસુમો જેનું આયુધ છે એવા કામના પાશમાં જેઓ પડે છે તેઓ ક્ષણમાત્રમાં નિરાશ થઈ તૃણથી પણ હલકા થાય છે. તેમજ આ દુનિયામાં કામરૂપી અંધકારને દૂર કરવા માટે સૂર્ય ચંદ્ર અગ્નિ અને મણિ રત્નો પણ સમર્થ થતા નથી. વળી કામાંધ પુરૂષો સત્ય પદાર્થને દેખી શકતો નથી અને અસત્ય વસ્તુને દેખે છે. મહા ખેદની વાત છે કે

સૂર્યોદય થયો છે છતાં અપૂર્વ કામરૂપી ઘોર અંધકાર વ્યાપી રહ્યું છે. વળી હે રાજન્ ? શુભ વસ્તુનો પ્રકાશ કરવામાં પ્રવીણ એવા માનસિક વિવેક સિવાય કામરૂપી અંધકારને હઠાવવામાં અન્ય કોઇ પણ સમર્થ નથી. તેમજ જન્મથી આરંભી દરેક જીવોને વિષય સેવન બહુ પ્રિય હોય છે. તેથી પરમ સજ્જનોને સેવવા લાયક એવા ધર્મનું આચરણ કિંચિત્ માત્ર પણ આચરવામાં આવતું નથી. પરંતુ તે સદાચાર જ આ સંસાર સાગરમાં તારનાર છે. રાજા બોલ્યો હે સુંદરી ? ચરણ એટલે શું ? તેનો અર્થ અમને સમજાવ. ત્યારબાદ સંપદ્શેઠાણીએ અષ્ટપ્રવચન માતાનું સ્વરૂપ સવિસ્તર વર્ણવી બતાવ્યું. તે સાંભળી મંત્રી વિગેરે સર્વે પ્રતિબોધ પામ્યા. અને તેઓ બોલ્યા કે પરમ દયાલુ એવી હે પરમેશ્વરી ? અમારો આ અપરાધ તું ક્ષમા કર ' મોહરૂપી મહાસાગરમાંથી હેં જ અમારો ઉદ્ધાર કર્યો. વળી હવે કોઇ પણ રીતે સદ્ગુરૂના ચરણ કમળનું દર્શન કરાવ. કે જેથી અમે આત્મહિત કરીએ.

**શ્રીચંદ્રમુનિ.**

એવામાં ત્યાં ઉદ્યાનપાળ આવ્યો અને રાજાને વિનંતિ કરી બોલ્યો કે હે નરેંદ્ર ? દેવ તથા અસુરેંદ્રોથી સેવાતા શ્રીમાન્ શ્રી ચંદ્રમુનિ ઉદ્યાનમાં પધાર્યા છે. એ પ્રમાણે વચનામૃતનું શ્રવણ પુટથી પાન કરી સંતુષ્ટ થયેલ રાજાએ પોતાના અંગે પ્હેરેલાં સર્વ આભરણો ઉદ્યાનપાળને અર્પણ કર્યાં. પછી મંત્રી પ્રમુખ ચારે જણાએ રાજાને કહ્યું કે જો આપની આજ્ઞા હોય તો સૂરીશ્વરની પાસે અમારે દીક્ષા લેવી છે. રાજા બોલ્યો તમે ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયા છો માટે તમને દીક્ષા લેવી ઉચિત છે. ત્યારબાદ સંપદ્ શેઠાણીએ તેઓને સ્નાન કરાવી ચંદન લેપપૂર્વક નાના પ્રકારના અલંકારોથી વિભૂષિત કર્યા. પછી માંગલિક ઉપચારો

કરી નરેંદ્ર સહિત તે ચારે જણા ઉત્તમ હસ્તિઓ ઉપર બેસી બહુ આનંદથી મુનીંદ્રની પાસે ગયા. સૂરિએ પણ મંત્રી પ્રમુખને વિધિ પૂર્વક દીક્ષા આપી. અનુક્રમે તેઓ કર્મપાશથી મુક્ત થઇ સિદ્ધિ સુખ પામ્યા. રાજાએ પણ શ્રાવકધર્મનો સ્વીકાર કરી સંપદ શેઠાણીને પોતાની બ્હેન તરીકે માની લીધી. અને તેના પતિને પણ બીજા ગામમાંથી બોલાવી નગર લોકોની સાક્ષીએ તેને નગર શેઠની પદવી આપી ત્યારબાદ તે ઠાકોરને બોલાવી તેનું માગતું દ્રવ્ય પણ અપાવરાવ્યું.

નવધન સહિત સંપદ શેઠાણી વિશેષે કરી જૈન મર્ધમાં તત્પર થઈ. કેટલોક સમય વ્યતીત થયા

**નવધનનો પ્રમાદ.** બાદ રાજમાન્યના અભિમાનથી નવધન બહુ પ્રમત્ત થયો અને પોતાની નજીકનાં *ઘર ખરીદી પોતાને તાબે કરવા લાગ્યો. તેથી તેની સ્રીએ કહ્યું* કે એમ કરવાથી તમને અતીચાર લાગશે. કારણ કે પાંચમા અણુવ્રતમાં એક ઘર રાખવાનું તમે કહ્યું છે. અને તેજ પ્રમાણે તમોએ ગુરૂ પાસેથી વ્રત સ્વીકારેલું છે. નવધન બોલ્યો હે ચંદ્રાનને ? એક ઘર કદાચિત્ નષ્ટ થાય તો શું બીજું ન જોઈએ ? સ્રી બોલી પરંતુ તમ્હારૂં વ્રત નષ્ટ થવાથી સમસ્ત નષ્ટ થયું એમ નિશ્ચય જાણજો. વળી તમે આ પ્રમાણે નિરપેક્ષ થઈ મ્હારી આગળ ખોટા ખોટા ઉત્તર આપો છો માટે ઘર સહિત તમ્હારો ત્યાગ કરી હું દીક્ષા ગ્રહણ કરીશ. એમ કહી તેણીએ સદ્ગુરૂ પાસે જઈ દીક્ષા લીધી અને પોતાનું કાર્ય સિદ્ધ કર્યું. નવધન શેઠ પણ ધાર્મિક અને વ્યવહારિક એમ બન્ને પ્રકારની સંપદાઓથી વિમુક્ત થયો અને ધર્મહીન થવાથી તે ઘરનો અધિપતિ વ્યંતર દેવ તેને વળગ્યો. જેથી તે ઉન્મત્ત થઈ ગાંડાની માફક નગરની અંદર ભ્રમણ કરવા લાગ્યો. તેની ચારે તરફ છોકરાં વીંટાયાં

વળતાં હતાં. તેઓમાંથી કેટલાક તો તેની ઉપર ધુળ નાંખે, કેટલાક પત્થર અને ઢેફાં વિગેરે ફેંકે તો કોઇક હાસ્ય કરે છે આ પ્રમાણે નવધન બહુ દુર્દશા ભોગવીને મરણ પામ્યો. બાદ અસુર લોકમાં ઉત્પન્ન થયો. માટે હે ભવ્ય પ્રાણિઓ ! ગ્રહણ કરેલા વ્રતની અંદર સ્વલ્પ પણ અતીચાર સેવવો નહીં. કારણકે નિરતિચાર વ્રતપાળવાથી મોક્ષ સુખની પ્રાપ્તિ થાય છે અને આ દુનીયાની અંદર સ્વપ્નમાં પણ તે દુ:ખી થતો નથી.

**इति पञ्चमाणुव्रते प्रथमातिचारविपाके नवघनदृष्टांतः समाप्तः ॥**

# भरत श्रेष्टीनी कथा.

## દ્વિતીયરૂપ્યસુવર્ણપરિમાણાતિક્રમાતિચાર.

દાનવીર્ય રાજા બોલ્યો હે કૃપાળુ ! હવે પાંચમા અણુવ્રતમાં દ્વિતીય અતીચારનું સ્વરૂપ અમને સમજાવો જેથી અમારો આ સંસાર સાગર સુખવડે તરવા લાયક થાય. શ્રી સુપાર્શ્વપ્રભુ બોલ્યા હે નરેશ ! ત્હારા પ્રશ્નનો ઉત્તર દષ્ટાંત સહિત અમે કહીએ છીએ માટે તું સાવધાન થઇ શ્રવણ કર. જે પુરૂષ નરેંદ્રાદિકની સહાય મેળવીને પરિગૃહીત નિયમથી વધારે દ્રવ્ય મેળવી પછી તે દ્રવ્ય પોતાના મિત્રો વગેરેને વ્હેંચી આપે છે, તે ભરતની પેઠે લીધેલા દ્રવ્યવિરતિ વ્રતનું ખંડન કરે છે.

**ભરતદૃષ્ટાંત.**

માનખેટ નામે એક નગર છે. તેમાં માનવરાજ નામના મહારાજ રાજ્ય કરે છે. હૃદયને આનંદ આપવામાં સાક્ષાત્ વિષ્ણુની લક્ષ્મી સમાન *પરમશ્રી નામે તેમની સ્રી હતી. વળી તે* ઙ્માં શંખ નામે બહુ વિખ્યાત શેઠ હતો. ક્ષેમિકા નામે પ્રક્રા

તેની સ્ત્રી હતી. તેઓને ભરત અને રત્નનામે વિનયવાન્ બે પુત્ર હતા. તેમને કમલશ્રી તથા પદ્મશ્રી નામે અનુક્રમે અતિસુંદર સ્ત્રીઓ હતી તેમજ તેઓનું સર્વ કુટુંબ પણ સ્વભાવથી સરલ અને પરસ્પર સ્નેહ શૃંખલાથી બંધાયેલું હતું.

**વિજયસૂરિ.**

એક દિવસ નગરની બહાર તેમના ઉદ્યાનમાં વિજયસૂરિ ગણિ પધાર્યા. તેઓ ચાર જ્ઞાન યુક્ત અને ક્ષમાના સાગર હતા. હવે તેજ બગીચામાં ક્રીડા માટે ગયેલા ભરત અને રભસ એ બન્ને બંધુઓએ તેમને જોયા. તેઓએ પાસે જઇ બહુ ભક્તિપૂર્વક વંદન કર્યું. મુનિએ પણ ધર્મલાભ આપ્યો. પછી સંભાષણ કરવાથી તેઓ જીજ્ઞાસુ થઇ નીચે બેઠા, તેથી મુનિશ્રીયે જીનેંદ્ર કથિત બન્ને પ્રકારના ધર્મની વ્યાખ્યા તેમની આગળ કરી. પરંતુ મુનિ ધર્મ પાળવામાં અશક્ત હોવાથી બન્ને જણે સમ્યકત્વ મૂલ ગૃહીધર્મ સ્વીકાર્યો. અને વિશેષે કરી પાંચમું વ્રત તેઓએ સંકટ (ઘણી સંકિર્ણતાથી) ગ્રહણ કર્યું. મુનિશ્રીએ ભરતને કહ્યું કે પાંચમા વ્રતમાં તને બીજો અતિચાર લાગશે માટે તું તે અતિ સંકટ ( સાંકડું ) વ્રત લઇશ નહીં. ત્યારે તે પણ બોલ્યો, જગત્ પ્રભો ! આ કંઇ સંકટ–સાંકડાઇવાળું નથી. મ્હેં તો થોડા દિવસ માટે આ લીધું છે. એમ કહી તે બન્ને જણ મુનિને વંદન કરી પોતાના ઘેર ગયા.

**લક્ષ્મીદેવીનું આગમન.**

એક દિવસ પોતાના વાસભવનમાં ભરતે રાત્રીના પ્રસંગે એકાંતમાં લક્ષ્મીદેવીને જોઇ. લક્ષ્મી બોલી હે વત્સ ! હું ત્હારી ઉપર સંતુષ્ટ થઇ છું, જો કે ત્હારે લક્ષ્મીની ઇચ્છા નથી તો પણ હું પ્રસન્ન થઇને આપું છું માટે ત્હારે જે દ્રવ્યની ઇચ્છા હોય તે માગ. કારણકે ત્હેં પૂર્વભવમાં

પણ પદથી મ્હારી બહુ આરાધના કરેલી છે. અને હાલમાં ત્હારૂં ચિત્ત જૈનમતમાં નિશ્ચલ છે એમ હું જાણું છું. ભરત બોલ્યો, હે દેવી ! મ્હારે અધિક દ્રવ્યનું કંઇપણ પ્રયોજન નથી. કારણકે એક લાખ રૂપીઆ મ્હારે ઘેર રાખવાની મ્હને છુટ છે. તેથી વધારે દ્રવ્યનો મ્હારો નિયમ છે. શ્રીદેવી બોલી વત્સ ! દેવતાઓનું દર્શન નિષ્ફળ હોતું નથી. પૂર્વભવમાં તું કરોડાપતિ હતો, માટે હાલમાં પણ તું તેવોજ થા, ભરત બોલ્યો, ભગવતી ! એમ કરવાથી મ્હારા વ્રતનો ભંગ થાય. દેવી બોલી જો એમ કરવાથી વ્રતનો ભંગ થાય તો ત્હારી ઇચ્છા પ્રમાણે પોતાના કુટુંબીઓને તે ધન આપી દે. એમ કહી તેજ વખતે ભરતે ના કહ્યા છતાં પણ કોટી સુવર્ણની વૃષ્ટિ કરી લક્ષ્મીદેવી પોતાના સ્થાનમાં ગઇ.

**રભસનો ઉપદેશ.**

પોતાના ગ્રહણ કરેલા નિયમના ભંગથી ભય પામેલા ભરતે કોટિ ધનના વિભાગ કરી સ્વજન વર્ગને વિના વ્યાજે ઉધારે આપ્યા. તે જોઇ તેનો નાનો ભાઇ રભસ બોલ્યો, ભાઇ ! ત્હેં પાંચમું વ્રત બહુ આદરથી ગ્રહણ કર્યું છે. તેને તું મલીન કરે છે તે યોગ્ય ગણાય નહીં. કારણકે આપણે બન્નેને પરિગ્રહમાં એક લાખ રૂપીઆની છુટ છે, છતાં તું નિયમનો અનાદર કરી નિ:શંક થઇ કોટીદ્રવ્યનો વિલાસ કરે છે. વળી જેથી બંધનમાં પડવું પડે એવા પાપકાર્યના મૂળરૂપ વૈભવનું આપણે શું પ્રયોજન છે ? વળી ધર્મમાં તે ધન વાપરવું એમ જો તું કહેતો હોય તો તેવા ધર્મથી પણ શું ? કારણકે જેનાથી વ્રત મલીન થાય તે ધર્મ પણ ગણાય નહીં. જેમકે આ મીષ્ટ છે એમ બોલીને વિષ ખાવામાં આવે તો શું તે મૃત્યુ જનક ન થાય ? માટે નિયમથી અધિક જે દ્રવ્ય ત્હેં સ્વજનાદિકને પોતાની સત્તાથી

આપ્યું છે, તે ધનનો જલદી તું ત્યાગ કર. નહીંતો હું જૂદો રહીશ. ધનમાં લુબ્ધ થયેલો તે બોલ્યો ભાઇ! આ ધન મ્હેં વેપારથી મેળવેલું નથી, કોઈની ચોરી કરી નથી, તેમજ બળાત્કારથી પણ મેળવ્યું નથી. પરંતુ મ્હારા ના કહ્યા છતાં લક્ષ્મી દેવીએ આ ધન આપેલું છે. અને તે પણ મેં મ્હારા નિયમ પ્રમાણે રાખી બાકીનું સ્વજનોને આપેલું છે. વળી એક લાખથી વધારે જે દ્રવ્ય હું મેળવું છું. તે સર્વ ધર્મમાં વાપરૂં છું. પછી રભસ બોલ્યો બંધુ! અહીંયાં તું એક દૃષ્ટાંત સાંભળ.

**ધનશ્રેષ્ઠી.**

આ નગરની અંદર પહેલાં ધનશ્રેષ્ઠી રહેતો હતો. તે બહુ ધનવાન્ તેમજ મિથ્યાદૃષ્ટિ હતો. અનુક્રમે બહુ પુત્રાદિકના પરિવારથી તેનું કુટુંબ બહુ વધી ગયું. એક દિવસ તે રાત્રીએ સુતો હતો. તેવામાં શરીરે શ્વેત વસ્ત્ર પહેરેલાં હતાં, કંઠમાં મનોહર હાર ધારણ કર્યો હતો, અને મૃગ સમાન જેનાં નેત્ર વિશાળ દીપતાં હતાં એવી લક્ષ્મી સમાન ઉત્તમ સ્ત્રી તેના જોવામાં આવી. સ્ત્રી બોલી હે ધનશ્રેષ્ઠી! તું મ્હને ઓળખે છે કે નહીં? તે બોલ્યો હા! હું સામાન્ય રીતે જાણું છું કે તું સ્ત્રી છે. પછી તે સ્ત્રી બોલી હું લક્ષ્મીદેવી છું. હું ત્હારા કુળમાં સાત પુરૂષથી આરંભી બહુ સમયથી રહું છું. હવે હું અન્ય સ્થાનમાં જઇશ. કારણકે ઘણો સમય એક સ્થાનમાં રહેવાથી હું ખિન્ન થાઉં છું. શ્રેષ્ઠી બોલ્યો, જલદી ચાલી જા, અમ્હારે ત્હને રોકવાનું કંઇ પ્રયોજન નથી, લક્ષ્મી બોલી:—હે શ્રેષ્ઠી! તું બહુ નિષ્ઠુર છે. કારણકે એટલું પણ તું ન બોલ્યો કે ત્હારે જવાનું શું કારણ છે? મ્હેં શું ત્હારો અપરાધ કર્યો છે? જોકે હું સાક્ષાત્ લક્ષ્મી દેવી છું. છતાં પણ ત્હેં અલક્ષ્મી ધારી મ્હારો અપરાધ કર્યો. પરંતુ ત્હારી નિઃસ્પૃહપણાથી હું પ્રસન્ન થઈ છું. માટે હવે

ત્હારી ઇચ્છા પ્રમાણે વરદાન માગ. શ્રેષ્ઠી બોલ્યો જો કે તું તુષ્ટ થઇ છે તોપણ મ્હારે ત્હારૂં કામ નથી છતાં જો મ્હારી ઉપર તું ખરેખર પ્રસન્ન થઈ હોય તો મ્હારૂં સમસ્ત કુટુંબ કોઇપણ સમયે દંત કલેશથી છુટું ન પડે તેવી રીતનો બંદોબસ્ત કર. તે સિવાય બીજું કંઇપણ ત્હારૂં મ્હારે કામ નથી. તે સાંભળી હાસ્યપૂર્વક લક્ષ્મીદેવી બોલી. હે શ્રેષ્ઠી! તું વ્યવહારમાં બહુ દક્ષ છે. કારણ કે આ વચનથી ત્હેં મ્હારા પગ બાંધી લીધા. વળી મ્હારા પ્રયાણનો મુખ્ય ઉપાય એ છે કે પ્રથમ તો બંધુઓને હું દંત કલેશ કરાવી પરસ્પર સ્નેહથી છુટા પાડું છું. પછી તેઓ કલેશ કરી રાજા પાસે ફર્યાદ કરે છે. ત્યાં આગળ એક બીજાનું તેઓ વિરૂદ્ધ બોલે છે. તેથી રાજા તેઓનો દંડ કરે છે. અથવા તો તેઓ અન્યોઅન્ય યુદ્ધ કરી પુણ્યહીન થઇ મરણ પામે છે. ત્યારબાદ તે સર્વ ધન રાજાને સ્વાધીન થાય છે. માટે હે બંધુ ! લક્ષ્મીમાં કાંઇ સાર નથી. વળી હે ભાઇ ! જો કે ધંનશ્રેષ્ઠી મિથ્યાદૃષ્ટિ, અવિવેકી અને જૈનમતથી વિમુખ હતો છતાંપણ તેની ઇચ્છા લક્ષ્મી ઉપર થઇ નહીં. અને તું તો વિવેકી, વ્રતધારી અને જૈનમતમાં નિપુણ છે. તોપણ બહુ નિષ્ઠુરતાથી લુબ્ધ થઇ પોતે ગ્રહણ કરેલા નિયમનો ભંગ કરે છે. રે મૂઢ ! આ વ્રત લેતી વખતે ગુરૂએ ત્હને ના પાડી હતી છતાંપણ ત્હેં આ નિયમ લીધો છે. માટે હજુપણ તું આ અતિચારથી વિરામ પામ, વિરામ પામ. તે સાંભળી ભરત બોલ્યો શું મ્હેં આ ખોટું કર્યું છે ? જેથી મ્હને પણ ઉપદેશ દેવા તું તૈયાર થયો છે. તું એકલો જ ધાર્મિક હશે? બીજો કોઇ હશે જ નહીં ? રભસ બોલ્યો હે બાંધવ ! મ્હેં જે કંઇ આપને કહ્યું છે તે આપ ક્ષમા કરો. એમ કહી તે પોતાનો વિભાગ લઇ જુદો રહ્યો, અને પોતાની દુકાનમાં વેપાર કરવા લાગ્યો, તેમજ નિરંતર વિધિપૂર્વક ધર્મની આરાધના કરવા લાગ્યો. હવે ભરત પોતાની મરજી

પ્રમાણે ચાલતો હતો તેથી કોઈક વખતે એવા ગુનામાં આવી પડ્યો કે જેથી રાજાએ તેનો બહુ અપરાધ જાણી એવો દંડ કર્યો. કે જેથી ભોજન માત્ર પણ તેને દુર્લભ થઈ પડયું.

**ધર્મનો ચમત્કાર**

રભસ વણિકની કીર્તિ તથા ધન સંપત્તિ હમ્મેશાં વધવા લાગી. જેમ જેમ વૈભવ વધવા લાગ્યો તેમ તેમ ધર્મમાં અધિક દ્રવ્ય વાપરવા લાગ્યો. તેવામાં એક ખલ પુરૂષે ઈર્ષ્યાને લીધે રાજાને ચાડી કરી કે આ રભસ વણિક બહુ ધનાઢ્ય છે. માટે એની પાસેથી દ્રવ્ય લેવું જોઈએ. એ વાત સાંભળી રાજાએ તરતજ રભસને બોલાવી તેને એકાંતમાં કહ્યું કે હાલમાં અમારો ખજાનો ખુટી ગયો છે. માટે એક લાખ રૂપીઆ મને આપો, તેણે યુક્તિ પૂર્વક જવાબ આપ્યો કે મ્હારે ઘેર જે કંઈ સંપત્તિ છે તે આપનીજ છે. આપને જોઈએ તેટલું ધન સુખેથી આપ ગ્રહણ કરો. જો કે અમ્હારા પ્રાણ પણ આપના આધીન છે. તો અનેક અનર્થ જનક એવા આ દ્રવ્યનો તો હિસાબજ શો છે ? પછી રાજાએ ધન લેવા માટે મંત્રીને તેના ઘેર મોકલ્યો. તેવામાં શાસન દેવીએ રભસના સ્નેહથી તેના ઘરમાં જે દ્રવ્ય હતું તે સર્વ ગુપ્ત કર્યું. મંત્રી પણ ત્યાં ગયો અને તેનું ઘર જપ્ત કરી મંજુષા, પેટી પટારા વિગેરેમાં બહુ તપાસ કરીને જોયું. પરંતુ કોઈ ઠેકાણે કિંચિત્ માત્ર પણ ધન જોવામાં આવ્યું નહીં. ત્યારબાદ મંત્રીએ તેના મનુષ્યોને બહુ દાબથી પૂછયું કે રભસ શ્રેષ્ઠી બહુ ધનવાન ગણાય છે છતાં કેમ કંઈ દેખાતું નથી ? તેઓ બોલ્યા અત્યાર સુધી દરેક પેટીઓ ધનથી ભરેલી હતી. છતાં હાલમાં શું થયું તે સમજાતું નથી. તે સાંભળી મંત્રી વિસ્મય પામ્યો અને તે વાત જણાવવા માટે પોતાના માણસને રાજા પાસે મોકલ્યો. તેના કહેવાથી રાજા પણ ચકિત થઇ એકદમ રભસ સ-

રહેત ત્યાં આવ્યો. તેણે પણ ધનરહિત સર્વ સ્થાન જોઇ પોતાની સાથે આવેલા રભસને પૂછ્યું અરે ! આશું ? ત્હારૂં બધું ધન ક્યાં ગયું ? કિંવા શું કોઈ અન્ય સ્થળમાં તેં નાંખ્યું છે ? રભસ બોલ્યો હે નાથ ! આ બાબતમાં હું બરોબર કંઇ સમજી શકતો નથી. કારણ કે હાલમાંજ હું દુકાનમાંથી દશ હજાર રૂપીઆ લેઇને અહીંયાં પેટીમાં ભરીને આપની પાસે આવ્યો હતો. એમ તેઓની વાત ચાલતી હતી તેવામાં અદૃશ્ય થઇ દેવી બોલી હે નરેંદ્ર ! સાવધાન થઇ તું એક મ્હારૂં વચન સાંભળ. આ રભસ વણિક નિરપરાધી છે. તેમજ જૈન ધર્મનો અનુરાગી છે, છતાં ત્હેં એનું ધન લેવા માટે જે વિચાર કર્યો છે તે બહુજ તને અનર્થદાયક થશે. વળી તું એમ ન જાણી શકે મને પ્રથમ કહ્યું ન હોતું. હવે જો તેની કોઇ પણ વસ્તુ ઉપર તું દૃષ્ટિ કરીશ તો ત્હારા પરિવાર અને નગર સહિત હું ચુરેચુરા કરી નાખીશ. એમ આકાશ વાણી સાંભળી રાજા ભયભીત થઇ ગયો અને રભસની ક્ષમા માગી કહ્યું કે, શેઠ સાહેબ ! આપનું ધન આપ સુખેથી ભોગવો. મ્હારે તેનું કંઇ પણ પ્રયોજન નથી. ત્યારબાદ સર્વ દ્રવ્ય પ્રથમની માફક દેખાવા લાગ્યું. વળી દેવીએ ચાડી કરનાર તે લંઠ પુરૂષનું મુખ વાંકુ કરીને છોડી મૂક્યો. રાજા પણ પોતાના સ્થાનમાં ગયો. ત્યારબાદ રભસ શ્રેષ્ઠી પણ અનાથાદિક લોકોને વિશેષ પ્રકારે દાન આપવા લાગ્યો. વળી ભરત શ્રેષ્ઠી પાંચમા વ્રતને કંલકિત કરી મરણ પામી નાગલોકમાં ઉત્પન્ન થયો. અને ત્યાંથી નીકળી સાતમા ભવમાં મોક્ષસુખ પામશે. તેમજ રભસ શ્રેષ્ઠી ધર્મનું આરાધન કરી છેવટે સમાધિ પૂર્વક કાળ કરી બ્રહ્મલોકમાં ઉત્પન્ન થયો. ત્યાંથી પુણ્ય ઉપાર્જન કરી ત્રીજે ભવે શિવસુખ પામશે. માટે હે ભવ્ય પ્રાણીઓ ? જેનો જન્મ તેનો નાશ અવશ્ય થવાનો છે. તેમજ વૈભવ પણ જલ

બિંદુ સમાન અતિ ચંચલ છે. આ પ્રમાણે સમજીને નિરંતર ગ્રહણ કરેલાં વ્રતો પાળવાની દ્રઢતા રાખવા

**इति परिग्रहपरिमाणव्रते द्वितीयातिचारविपाके भरतकथानकं समाप्तम् ॥**

# देशल श्रावकनी कथा.

## ધનધાન્ય પરિમાણાતિક્રમાતિચાર.

દાનવીર્ય રાજા પ્રભુને વંદન કરી બોલ્યો હે ભગવન્ ? હવે ત્રીજા અતિચારનું લક્ષણ દ્રષ્ટાંત સહિત કહો જેથી અમારાં પાપ દૂર થાય. શ્રી સુપાર્શ્વ પ્રભુ બોલ્યા જે પુરૂષ વિરતિની વિરાધનાના ભયને લીધે દેશલ શ્રાવકની પેઠે નિયમથી અધિક રાખેલું ધાન્ય સ્વજનાદિકને આપે છે તે વિરતિ ધર્મનો વિરાધક થાય છે.

**દેશલશ્રાવક.**

આ જગત્‌માં પ્રખ્યાતિ પામેલું પૃથ્વી રૂપી સ્ત્રીના ભાલસ્થળમાં તિલક સમાન અત્યંત પવિત્ર અને અનેક પ્રકારની શોભાવડે સંયુક્ત સિદ્ધપુર નામે નગર છે. તેમાં શુદ્ધ બુદ્ધિના પ્રભાવથી મેળવી છે કીર્તિ જેણે એવો દેવરાજ નામે સુપ્રસિદ્ધ રાજા છે. વિનય ગુણવડે લોકોને આશ્ચર્ય કરતી પ્રિયદર્શના નામે તેની સ્ત્રી છે. વળી તે રાજાને ત્યાં ચારસોનવાણું મંત્રીઓ છે. તેમજ પાંચસો પુરા કરવા માટે એક મ્હોટા મંત્રીનો તે તપાસ કરતો હતો. વળી તેજ નગરમાં બહુ ધનાઢ્ય વૈશ્રમણ નામે શ્રેષ્ઠી રહેતો હતો. ધન, ધનપતિ, ધવલ અને યશ નામે તેને ચાર પુત્ર હતા. તેમાં પ્હેલો લેખ વિગેરેનું કામ કરે છે. બીજો ધન ધાન્યનો

વધારો કરે છે. ત્રીજો પશુઓની રક્ષા અને ચોથો ભંડારનું કામ કરે છે.

**કાર્યવ્યવસ્થા.**

એક દિવસ શ્રેષ્ઠીએ પોતાનો અંત સમય જાણી ઘરના ચાર ખુણાઓમાં ચાર કલશ દાટયા. પછી બીજે દિવસે સર્વે પોતાના કુટુંબીઓને બોલાવી ભોજનાદિક સત્કાર કરીને શ્રેષ્ઠીએ કહ્યું. મ્હેં મ્હારા ભુજબળથી પુષ્કળ દ્રવ્ય મેળવ્યું છે. પરંતુ પુત્રાદિકના સ્નેહથી વિમૂઢ બની શુભસ્થાનમાં એક પાઈ પણ વાપરી નથી. પરંતુ હાલમાં પરલોક માર્ગે જતાં ભાતુ જોઈએ, તે માટે એટલી મ્હારી પ્રાર્થના છે કે સાતે પુણ્ય ક્ષેત્રોમાં એક લાખ રૂપીઆ મ્હારા નિમિત્તે તમારે વાપરવા. અને તે માટે હાલ તે રૂપીઆ તમ્હારી પાસે ગણી લઈને રાખો. એમ કહી શેઠે પોતે જ તેઓને લાખ રૂપીઆ ગણી આપ્યા. વળી પોતાના મરણ પશ્ચાત્ પોતાના પુત્રો ધન માટે પરસ્પર કલેશ કરશે એમ જાણી સ્વજન સમક્ષ તેઓને તેણે કહ્યું, કે નેત્રથી મુખ અને મુખથી નેત્ર તેમજ કેશથી મસ્તક અને મસ્તકથી કેશ પણ શોભે છે. તેમજ એકચિત્ત-વાળા બે બળદ પણ પત્થર ભરેલું ગાડું ખેંચી જાય છે અને જુદા જુદા ચિત્તવાળા આઠ બળદ જોડ્યા હોય તો પણ તે ગાડું ખેંચી શકતા નથી. માટે હે પુત્રો ! નિરંતર તમ્હારે પરસ્પર પ્રીતિથી જ વર્તવું. વળી એ પ્રમાણે ન ચાલી શકો તો બીજો માર્ગ બતાવું છું તે પ્રમાણે ચાલવું. જેમકે આપણા ઘરની અંદર ચારે ખુણા-ઓમાં ચાર કલશ મ્હેં દાટેલા છે. તેમાંથી ઇશાન ખુણાનો કલશ મ્હોટા પુત્રે, અગ્નિ ખુણાનો બીજાએ, નૈરૂત ખુણામાંથી ત્રીજાએ અને વાયવ્ય કોણમાંથી ચોથાએ લઇ લેવો. તે ચારે કલશોમાં યથાર્થ મ્હેં પોતે જ સરખી યોજના કરેલી છે. તેમજ તમ્હારાં નામ લખીને દરેક કલશમાં નાંખેલાં છે. ત્યારબાદ સ્વજન વર્ગને

પણ શ્રેષ્ઠીએ ભલામણુ કરી કે મ્હારૂં મરણુ થયા બાદ મ્હારા પુત્રો દ્રવ્ય માટે ક્લેશ ન કરે તેવી રીતે તમ્હારે તજવીત રાખવી. જે દ્રવ્ય મ્હેં જેને આપેલું છે તે દ્રવ્ય તેનેજ તમ્હારે પાસે રહીને અપાવવું. તેમાં કંઇ પણ ફેરફાર ન થવો જોઇએ. એમ કહી સ્વજન વર્ગની ક્ષમા માગી. નમસ્કાર કરી તેઓને વિદાય કર્યા.

**બંધુવિવાદ.**

પોતાના પિતા મરણુ પામ્યા પછી તેમની દહનક્રિયા કર્યા બાદ ચારે ભાઇઓ એકઠા થઇ પોતપોતાનાં નામ જોઇ તે કલશો તેમણે લઇ લીધા. ત્યારબાદ મ્હોટા ત્રણ ભાઈઓના કલશમાં જોયું તો પ્રથમમાં મૃત્તિકા, બીજામાં લેખપત્ર અને ત્રીજામાં હાડકાં ભરેલાં જોયાં. તેમજ નાના ભાઇનો કલશ ઉત્તમ રત્નોથી ભરેલો જોયો. તેથી મ્હોટા ત્રણ ભાઇઓ બોલવા લાગ્યા કે અરે ? મરણ સમયે પિતાએ કેવો અન્યાય કર્યો ? પોતે ધાર્મિક હોવા છતાં પુત્રોને પણ તેમણે છેતર્યા ? માટે આવી ઠગાઈ કરવાથી હે તાત ? તમ્હારી સદ્ગાત કેવી રીતે થશે ? ત્યારબાદ તેઓએ નાના ભાઈને કહ્યું કે ત્હારો કલશ રત્નોથી ભરેલો છે માટે તેનો ભાગ અમને આપવો પડશે. લઘુબંધુ બોલ્યો મ્હને સ્વજન વર્ગની રૂબરૂમાં પિતાજીએ રત્નકલશ આપ્યો છે માટે તેમાંથી તમને કંઈ પણ મળશે નહીં. વળી તમ્હારા કલશોમાં મૃત્તિકાદિ જે જે વિકાર થયો છે, તે તમ્હારા કર્મનો જ દોષ છે. તેમાં પિતાનો શો દોષ ? એમ તેણે કહ્યું તોપણ ત્રણે જણે પોતાનો મત છોડ્યો નહીં, એટલે તેણે પોતાના કુટુંબીઓને બોલાવી સર્વ વાત જણાવી. પછી સ્વજનોએ તેઓને બહુ સમજાવ્યા. તો પણ તેઓએ પોતાનો કદાગ્રહ છોડ્યો નહીં. અને રાજ્યમાં જઇ મંત્રીની આગળ પોતાનો વિવાદ વિસ્તાર સહિત સંભળાવ્યો. મંત્રીએ

પણ બોધ આપી બહુ સમજાવ્યુ. પરંતુ તેઓ શાંત થયા નહીં. છેવટે તેઓ રાજા પાસે ગયા. ત્યાં નાનાભાઈએ સર્વ ભાઇઓનું વૃત્તાંત સંભળાવ્યું. તે સાંભળી રાજાએ કહ્યું કે વૈશ્રમણ શેઠ અન્યાય કરે તેવા હતા નહીં; કારણ કે તે જૈનધર્મમાં નિશ્ચલ હતા. અને બુદ્ધિમાં પણ બૃહસ્પતિ સમાન સમર્થ હતા. કોઇપણ પ્રકારે તેમનામાં કપટકલા હતી જ નહીં. માટે આ કલશોની અંદર મૃત્તિકાદિક નાખીને પૃથ્વીમાં દાટી સ્વજન સમક્ષ જે કહેલું છે તે બહુ બુદ્ધિથી વિચારવા જેવું છે. એમ સમજી રાજાએ સર્વ મંત્રીઓને બોલાવી લાવવાનો હુકમ કર્યો કે તરત જ પ્રતીહારી સર્વ મંત્રીઓને બોલાવી લાવ્યો. એટલે રાજાએ તેઓને કહ્યું કે આ ચારે ભાઈઓ છે. તેઓમાં ત્રણ મ્હોટાઓના કલશોમાં મૃત્તિકાદિક વસ્તુઓ ભરેલી છે અને ચોથા ભાઈના કલશમાં રત્ન ભરેલાં છે તો તેઓના પિતાને આવી રીતે પક્ષપાત કરવાનું શું કારણ ? આ સંબંધી વિચાર કરી જલ્દી આનો ખુલાસો આપો. સૂક્ષ્મબુદ્ધિના પ્રતાપથી સર્વ મંત્રીઓ પણ પરસ્પર વિચાર કરી બોલ્યા કે હે નરેંદ્ર ? આ વાતનું ખરૂં તાત્પર્ય શું છે તે અમે જાણી શકતા નથી.

**વૈશ્રમણશેઠની બુદ્ધિ.**

ત્યારબાદ ભૂપતિએ પોતાના નગરમાં પટહ વગડાવ્યો અને જાહેર કરાવ્યું કે આ કલશોની ખરી હકીકત જાણી જે પુરૂષ આ વિવાદનો ન્યાય આપશે તેને મ્હારા સર્વ મંત્રીઓનો ઉપરી હું કરીશ. તે સાંભળી પોતાની બુદ્ધિનો પ્રકાશ કરવા માટે એક વણિક પુત્રે તે પટહનો સ્પર્શ કર્યો. તેથી તેને રાજાની પાસે લઇ ગયા. રાજાએ તેની આગળ સર્વ કલશોનું વૃત્તાંત નિવેદન કર્યું. પછી તેઓનું ખરૂં તાત્પર્ય જાણીને તે બોલ્યો--હે નરેંદ્ર ! જે પુત્ર જે કાર્યમાં કુશલ છે અને જે કામ

કરવાથી જેનું હિત થવાનું છે તે વસ્તુ તેઓને તેમના પિતાએ આપેલી છે. વળી તે રચના પણ ખાસ ઉપદેશ માટે કરેલી છે. જેના કલશમાં માટી ભરેલી છે, તેના ભાગમાં ક્ષેત્ર અને ખળાનાં ધાન્યાદિકની સર્વ સંપત્તિઓ સમજવી. કારણ કે જે ખેતીના કામમાં બહુ હુંશીયાર છે તે એનાથી જ જીવન ચલાવશે. તેમજ જેના કલશમાં અસ્થિ ( હાડકાં ) ભરેલાં છે તેના ભાગમાં ગાય, બળદ, ઘોડા, હાથી વિગેરે સર્વ પશુ જાણવાં. તેઓનું પોષણ કરવાથી જ તેનું હિત થવાનું છે એમ ઉપદેશ આપેલો છે. જેના કલશમાં લેખ પત્ર ભરેલા છે, તેના વિભાગમાં દેણદારોનું સર્વ ધન જાણવું. કારણ કે તે ધીરધારનો ધંધો કરી પોતાનું હિત સાધી શકશે. વળી જે નાનો પુત્ર કે જે કૃષિ વિગેરે અન્ય કાર્યોમાં અશક્ત છે તે રત્નાદિક ધનવડે બહુ કાલ સુધી નિર્વાહ કરશે એમ સમજી તમ્હારી યોગ્યતા પ્રમાણે બહુ પ્રેમથી તમ્હારા પિતાએ થોડું ઘણું પણ જે કંઇ આપેલું છે તે બહુ વિચાર કરીને આપેલું છે એમ મ્હારૂં સમજવું છે. માટે તુચ્છ લક્ષ્મી માટે પરસ્પર વૈર ન કરો. પિતાનાં વચન સંભારો. કારણકે સહોદરનો સંબંધ આ દુનીયામાં બહુ દુર્લભ છે. કારણ કે બહુ પાલન પોષણ કરેલા એવા પણ અન્ય સ્વજનો છુટા પડે છે. પરંતુ દુ:ખાવસ્થામાં કોપાયમાન થયેલા એવા પણ સહોદરો જ સહાયભૂત થાય છે. માટે તમ્હારે અન્યોઅન્ય કલેશ કરવો ઉચિત નથી.

**કૌશલનો પ્રભાવ.**

ત્યારબાદ ભૂપતિએ શેઠના મ્હોટા પુત્રને પૂછયું કે ત્હારા કલશમાં ધાન્ય કેટલું છે. ત્યારે તે બોલ્યો હે દેવ? એક લાખ મુડાથી પણ કંઇક વધારે દેખાય છે તેમજ બીજાને પૂછવાથી તેણે કહ્યું કે હાથી, ઘોડા, ઉંટ વિગેરે પશુઓ દશ હજાર છે. ત્રીજાને

પૂછવાથી તે બોલ્યો માંડલિક રાજાઓ પાસે પંદર લાખ રૂપીઆ માગતા નીકળે છે. પછી લઘુ પુત્રની પાસે રત્નનો કલશ ત્યાં મંગાવ્યો અને રાજાએ ઝવેરીઓને કહ્યું કે આ રત્નોની કિંમત કરો. જેથી તેઓએ રત્નોની કિંમત પંદર લાખ કરી. એ પ્રમાણે ચારે પુત્રોના ભાગમાં હાથી તથા ધાન્યાદિકની કિંમત પંદર પંદર લાખ થઇ. પછી તે વણિકની વિશેષ બુદ્ધિ જોઇ સર્વે સંતુષ્ટ થયા. ત્યારબાદ ભૂપતિએ તેને પૂછયું કે તું કોનો પુત્ર છે? ત્હારૂં નામ શું? ત્હને કયો ધર્મ ઇષ્ટ છે? વણિક બોલ્યો હે રાજન્? પૂર્ણભદ્ર વણિકને બે પુત્ર છે. તેઓમાં કોશલ નામે હું મ્હોટો છું અને દેશલ નામે મ્હારો નાનો ભાઇ છે. જૈનધર્મમાં બતાવેલાં શ્રાવકનાં બાર વ્રત અમે ધારણ કરેલાં છે. તે સાંભળી રાજા બહુ પ્રસન્ન થયો. અને બોલ્યો કે હે બુદ્ધિનિધાન? આ મંત્રીમુદ્રા તું ગ્રહણ કર. કોશલ બોલ્યો મંત્રીમુદ્રા મ્હારાથી લઇ શકાય નહીં. કારણ કે તે દુષ્ટ કર્મ ગણાય છે. તેથી મ્હને કલ્પે નહીં. ત્યારબાદ બહુ બળાત્કારે રાજાએ તેને મુદ્રા વિના પણ સર્વે મંત્રીઓનું અધિપતિપણું આપ્યું. વળી પોતે રાજા પણ દરેક કાર્યમાં પ્રથમ તેનેજ પુછે છે. તેથી સર્વ મંત્રીઓ તેની ઉપર ઇર્ષ્યાળુ થયા અને રાત્રિ દિવસ તેનાં છિદ્ર શોધવામાં તત્પર થયા.

**મંત્રીઓનું કપટ.**

એક દિવસ સર્વ મંત્રીઓ એકમતે થઇ રાજાને કહેવા લાગ્યા કે હે જગત્પાલક? દેવગિરિ નગરનો અધિપતિ રિપુગંજ નામે રાજા નિરંકુશ થઇ આપની આજ્ઞા માનતો નથી. માટે આ મહામંત્રીને તેની પાસે મોકલો. કારણ કે તે બહુ કુશલ છે. માટે કોઇપણ કુશલ વૃત્તાંત લઇ તે તેની સાથે સંબંધ ચાલતો વિરોધ ગમે તે નીકાલ કરે તો ઠીક. પછી ભૂપતિએ મહામંત્રીને કહ્યું કે તમે મંત્રીઓ પાસેથી ભેટ લઇ રિપુગંજની પાસે જાઓ.

અને તમને જેમ યોગ્ય લાગે તેમ કરો. હવે તે મંત્રીઓએ પણ તે ન જાણે તેવી રીતે કરંડીઆમાં ભેટ નાખી તાળુ દઈને તેની ઉપર શીલ કર્યું. અને મહામંત્રીને કરંડીયો સોંપી દીધો. એટલે કોશલ મંત્રી પણ કેટલાક પરિવારને સાથે લઈ પોતાની હદ છોડી ગિરિનગરમાં ગયો. રાજદ્વારમાં ગયા પછી દ્વારપાળે અંદર પ્રવેશ કરાવ્યો. મંત્રી પણ રાજાને નમસ્કાર કરી ભેટનો કરંડીયો આગળ મૂકી યોગ્ય આસન ઉપર બેઠો. રાજાએ કરંડીયાનું શીલ તોડીને અંદર જોયું તો ચંદ્ર અને શંકરના હાસ્યસમાન ઉજ્વળ ભસ્મ જોઈ. જેથી રાજાની ભ્રકુટી ફરી ગઈ. તેથી તેણે મંત્રીને કહ્યું કે ત્હારો રાજા બહુ નિર્ધન તેમજ નીતિહીન જણાય છે. કારણ કે મ્હારી ભેટમાં ત્હારા રાજાએ રાખ મોકલી છે તો ઠીક, શું તું અહીં મરવા માટે આવ્યો છે? તું અહીંથી જલદી ચાલ્યો જા, કારણ કે દૂત અવધ્ય હોય છે તેથી તને મુક્ત કરૂં છું. તેથી તું ત્યાં જઈને ત્હારા અધિપતિને નિવેદન કર. કે, રાખના ભેટણાથી કોપાયમાન થએલો રિપુગંજ રાજા થોડા જ વખતમાં તેનું ફળ તમને બતાવશે. તે સાંભળી કોશલ બોલ્યો હે નરેશ્વર! આ પ્રમાણે એકદમ કોપાયમાન થવાનું કંઈ પણ કારણ નથી. હિત કે અહિતનો સૂક્ષ્મ બુદ્ધિથી વિચાર કરો. પછી રાજાએ તેને જ તે સંબંધી પૂછયું. ત્યારે તે બોલ્યો હે રાજન્? મ્હારા સ્વામિએ ચાર રસ્તાઓ વચ્ચે રાત્રીના સમયે અંધચિત્રી નામે યોગિની વિદ્યાની સાધના કરી તેથી સિદ્ધ થઈ તેણીએ મંત્ર સિદ્ધ આ ચમત્કારી ભસ્મ આપીને કહ્યું કે જે આ ભસ્મનું એકવાર લલાટમાં તિલક કરશે તેને ડાકિની, શાકિની, યોગિની, ભયંકરવેતાલ, યક્ષ, રાક્ષસ, ભૂત અને પ્રેત વિગેરે કોઈપણ દુષ્ટ પ્રાણીઓનો ભય થશે નહીં. તે સાંભળી યોગિનીએ આપેલી ભસ્મનું તિલક રાજાએ પ્રથમ કર્યું. પછી થોડી થોડી રાણીઓને

તથા મંત્રી વિગેરે મુખ્ય લોકોને આપી. વળી બાકી રહેલી આ ભસ્મ આપને માટે ભેટ તરીકે મોકલી છે. એમ સાંભળી રિપુગંજ રાજાએ પ્રસન્ન થઇ પોતે તે ભસ્મનું તિલક કર્યું. પછી સંતુષ્ટ થઇ કોશલ મંત્રીને પૂછવા લાગ્યો કે તમ્હારા રાજાની બીજી કોઈ પણ એવી શક્તિ છે ખરી ? કોશલ બોલ્યો મ્હારા સ્વામિની અંદર એવી શક્તિઓ રહી છે કે તેનો અંશ માત્ર પણ અન્યમાં ભાગ્યે જ હશે. વળી તેમની આજ્ઞા શક્તિ એવી છે કે આ દુનીયામાં કોઇપણ પ્રાણી તેનું ઉલ્લંઘન કરી શકતું નથી.

**આજ્ઞાનો ચમત્કાર.**

ત્યારબાદ ભિન્ન ભિન્ન દેશોમાંથી આવેલા પુરૂષો સ્પર્ધાને લીધે પોતપોતાના રાજાઓની આજ્ઞાનું વર્ણન કરવા લાગ્યા. તેવામાં નગરની અંદર એકદમ ભયજનક મહાન્ કોળાહળ થયો. તે સાંભળી રાજાએ તે સ્વરૂપ જાણવા માટે તેના જાણકારને પૂછયું. અરે ? આ બૂમ શાથી થઇ છે ? તેનો તપાસ કરી એક સુભટ બોલ્યો રાજાધિરાજ! હાલમાં નગરની અંદર ગૃહાદિકને ઉખેડી નાખતો મદોન્મત્ત (નિરંકુશ) થએલો એક હાથી પોતાની ઇચ્છા પ્રમાણે લોકોને ત્રાસ આપે છે. તે સાંભળી રાજા બોલ્યો અરે! સુભટો! જલદી આ હાથીને પકડો. તે વખતે તેનો જવાબ કોઇએ પણ ન આપ્યો ત્યારે એક દ્વારપાળ વિનય પૂર્વક બોલ્યો. હે નરાધીશ! પોતાના રાજાની આજ્ઞાથી આ મંત્રી પોતે જ હાથીને વશ કરશે. એમાં બીજાની જરૂર નથી. માટે એને જ આજ્ઞા આપો. રિપુગંજ રાજાએ તે પ્રમાણે કોશલને આજ્ઞા આપી. ત્યારબાદ કોશલ મંત્રી રાજાની આજ્ઞા લઇ ક્ષણમાત્રમાં નૃપ અને નાગરિક લોકો સાથે હસ્તિ પાસે ગયો. અને વિધિ સહિત હસ્તીસ્તંભન વિદ્યાનું ધ્યાન કરી હાથીને કહ્યું કે જો તું અહીંથી ડગલું માત્ર પણ ચાલે તો ત્હને મ્હારા

રાજાની આણુ છે. તે સાંભળી તરત જ નીચી શુંઢ કરી હાથી ચિત્રામણની માફક સ્થિર થઇ ગયો. તે જોઈ પરિજન સહિત નરેંદ્ર પણ વિસ્મિત થઇ મંત્રીની પ્રશંસા કરવા લાગ્યો. અને કહ્યું કે હે સત્પુરૂષ ? આ હાથીને તેના સ્થાનમાં તું લઇ જા. પછી મંત્રીએ હાથીને કહ્યું કે હે ગજેન્દ્ર ? જા ત્હારા સ્થાનમાં તું ચાલ્યો જા. હાથી પણ આજ્ઞા પ્રમાણે પોતાના સ્થાનમાં જઇ ઉભો રહ્યો. આ મ્હોટું આશ્ચર્ય જોઈ રાજાએ તેજ હાથી તેને ભેટમાં આપ્યો. તેમજ તેના રાજાની આજ્ઞા પોતાના મસ્તકે ધારણ કરી વિવેક સહિત તે મંત્રીનું તેણે સન્માન કર્યું અને તેને વિદાય કર્યો. એટલે તે કોશલ પોતાના સિદ્ધપુર નગરમાં આવ્યો. હવે તેની સાથે મોકલેલા પોતાના ગુપ્ત સેવકોના મુખથી પ્રથમ જ સર્વ મંત્રીઓએ આ હકીકત જાણી હતી તેથી ભેટમાં ભસ્મ મોકલવાથી પોતે મરણની શંકા કરતા સર્વ મંત્રીઓ કોશલની પાસે જઈ પગમાં પડી પોતાના અપરાધની ક્ષમા માગવા લાગ્યા. અને તેની અગાધ બુદ્ધિની પ્રશંસા કરતા છતા તેની સાથે જ નરેંદ્ર પાસે ગયા. કોશલ મંત્રી પણ સિદ્ધ નરેંદ્રને નમસ્કાર કરી ત્યાં જે કાર્ય કરીને આવ્યો હતો તે સર્વ વૃત્તાંત નિવેદન કર્યું અને યોગ્ય સ્થાને બેસી ગયો. તે સાંભળી રાજા પણ બહુ ખુશી થઇ બોલ્યો હે મંત્રીશ્વર ! જેવી ત્હારી ઇચ્છા હોય તે પ્રમાણે કોઈપણ દેશ તું ગ્રહણ કર. મંત્રી બોલ્યો હે નરાધિપ ? આપની કૃપાથી મ્હારે કોઈપણ પ્રકારની ન્યૂનતા નથી, તો દેશનું શું પ્રયોજન છે ? કારણ કે દેશ ગ્રહણ કરવાથી મ્હારા વિરતિવ્રતની વિરાધના થાય છે. વળી જો મ્હારી ઉપર આપ તુષ્ટ થયા હો તો મ્હારી સદ્ગતિને આપનાર રથયાત્રાદિક મહોત્સવોવડે જૈનશાસનની ઉન્નતિ કરાવો. તેથી હું પરમ સંતોષ માનું છું. ત્યારબાદ ભૂપતિ બોલ્યા જો કે તું નિઃસ્પૃહ છે તોપણ

ઘરખરચ જેટલું ઘી, ખાંડ, ધાન્ય વિગેરે યોગ્ય વસ્તુ ગ્રહણ કર. ઠીક છે જેવી આપની આજ્ઞા એમ કહી મંત્રી પોતાને ઘેર ગયો. ત્યારબાદ રાજાએ અધિકારીને હુકમ કર્યો કે હજાર મુડા ધાન્યના અને હજાર ઘડા ઘીના મંત્રીને ત્યાં મોકલાવો. એટલે તેઓએ પણ તે પ્રમાણે બંદોબસ્ત કરાવ્યો.

**દેશલનો અત્યાચાર.**

કોશલ મંત્રીએ પોતાના નાના ભાઇ દેશલને કહ્યું કે આપણા નિયમથી વધારે ધન ભેગું થયું છે, માટે તેનો હીસાબ કરી જે કંઇક અધિક હોય તે સર્વ રાજમંદિરમાં પાછું આપી દો. દેશલે પણ તે વાત ધ્યાનમાં લઇ જે વસ્તુ અધિક હતી તે પોતાના પરિવારને આપી અને કહ્યું કે આ સર્વ વસ્તુઓ પોતપોતાના ઘરમાં રાખો. જ્યારે મ્હારો નિયમ પુરો થશે ત્યારે આ સર્વ પદાર્થો તમ્હારી પાસેથી લઇશ. સ્વજનોએ પણ તે પ્રમાણે કબુલ કર્યું. આ પ્રમાણે દેશલનો પ્રપંચ કોશલના જાણવામાં આવ્યો. તેથી દેશલને બહુ ઠપકો આપી કહ્યું કે હે બંધુ ! આમ અયોગ્ય પ્રવૃત્તિ કરવાથી પાંચમા વ્રતમાં ત્રીજો અતીચાર તને લાગે છે. માટે હજુ પણ નિયમથી અધિક ધનનો ઉપયોગ ધર્મસ્થાનમાં કર અને આ અતીચારથી છુટો થા. એમ બહુ સમજાવ્યો. છતાં પણ દેશલે માન્યું નહીં. ત્યારબાદ તે દેશલ કાળ કરી અલ્પ રૂદ્ધિવાળો વ્યંતર દેવ થયો. વળી પાંચસો મંત્રીઓનો આધપતિ કોશલ મંત્રી પણ મરણ સમયે દીક્ષા લઇ માહેંદ્ર કલ્પમાં ઉત્પન્ન થયો. કંઇક અધિક સાતસાગરોપમ આયુષ પૂર્ણ કરી ત્યાંથી ચવીને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઇ મોક્ષ સુખ પામશે. હે ભવ્ય પ્રાણીઓ ! આ પ્રમાણે નિષ્કલંક વ્રત પાળવાથી કોશલ મંત્રી સુખી થયો અને

દેશલ વ્રતની વિરાધના કરવાથી બહુ દુઃખી થયો. માટે દઢ બુદ્ધિથી નિરતિચાર વ્રતપાળવામાં પ્રમાદ કરવો નહીં.

इति पञ्चमाणुव्रते तृतीयातिचारविपाके देशलदृष्टान्तः समाप्तः ॥

## दुर्लभगोपनी कथा.

### ચતુર્થદ્વિપદચતુષ્પદપરિમાણાતિક્રમાતિચાર.

દાનવિર્ય રાજા બહુ જીજ્ઞાસુ હોવાથી પ્રભુને નમન કરી બોલ્યો, હે દયાળુ ભગવન્ ! હવે પાંચમા વ્રતમાં ચોથા અતીચારનું લક્ષણુ દ્રષ્ટાંત સહિત આપ કહો. જેથી અમારી જીજ્ઞાસા શાંત થાય. શ્રી સુપાર્શ્વપ્રભુ બોલ્યા, હે નરેંદ્ર ! લોભરૂપી ગ્રહથી ગ્રહણ કરાએલો જે પુરૂષ લીધેલા નિયમનો અવધિ પૂર્ણ થયા બાદ પશુઓનો પ્રસવ થાય તેવી ગોઠવણુ કરે છે. તે પ્રાણી દુર્લભની માફક ઉપહાસનું પાત્ર થાય છે.

**દુર્લભદ્દષ્ટાંત.**

મ્હોટા મહીધર ( પર્વત–રાજાઓ ) થી મનોહર, સમુદ્ર સમાન પરિખા ( ખાઇ ) વડે વિભૂષિત અને ઉત્તમ પ્રકારનાં ક્ષેત્રો જેમાં રહેલાં છે. એવા જંબુદ્વીપની માફક વાસ કરવા લાયક સોભાગ્યપુર નામે નગર છે. તેમાં મહીધર ( પર્વત–રાજાઓ ) નાં શિર ( શિખર–મસ્તકો ) ઉપર સ્ફુરણાયમાન છે કર ( કિરણો–હસ્ત ) જેના અને શત્રુરૂપી અંધકારને નાશ કરવામાં સૂર્ય સમાન શૂરસેન નામે રાજા રાજ્ય કરે છે. રંભા નામે તેની સ્રી છે. હવે એક દિવસ રાજા પોતાના મહેલની અગાશીમાં બેઠા હતો, તેવામાં પૂર્વ દિશા તરફ બહુ ઉત્સાહથી જતા નાગરિક લોકોને જોઇ રાજાએ પોતાના સેવકને પૂછ્યું કે આ

લોકો હર્ષ ભર્યા ક્યાં જાય છે? ઇંદ્ર, નાગેંદ્ર કે કાર્તિક સ્વામીનો મહોત્સવ આજે હોય તેમ દેખાય છે! કારણકે લોકો બહુ ઉમંગથી શણુગાર સજી ચાલ્યા જાય છે. પછી સેવક બોલ્યો, રાજાધિરાજ ! આજે પૂર્વ દિશાના ઉદ્યાનમાં ચાર જ્ઞાનના ધારક જ્ઞાનસાગરસૂરિ પધાર્યા છે. તેમને વાંદવા માટે આ લોકો જાય છે. તે સાંભળી રાજા પણ પોતે તત્કાલ સજ્જ થઇ સર્વ રૂદ્ધિ સહિત ત્યાં જઈ વિનયપૂર્વક સૂરિશ્વરને વંદન કરી જૈનધર્મની વ્યાખ્યા સાંભળતો હતો, તેટલામાં અકસ્માત્ ત્યાં એક દેવનું જોડલું આવ્યું. તેમાંથી એક દેવે અપ્સરાઓ પાસે સંગીતનો પ્રારંભ કરાવ્યો. અને બીજો દેવ મનોહર શબ્દવડે સુવર્ણશ્રૃંગ ( શરણાઇ ) ને વગાડતો છતો જેઓના કંઠમાં ઉત્તમ મોતીઓના હાર દીપતા હતા, શરીરે સુંદર વસ્ત્રો પહેરેલાં હતાં અને જેમના પુષ્ઠ અને ઉન્નત સ્તનમંડલ ઘણાં શોભાયમાન દેખાતાં હતાં એવી ગોવાલણીઓની પાસે નૃત્યની શરૂઆત કરાવી. તેમજ તેઓ બહુ હાવભાવ અને અભિનય બતાવતી હતી. વળી તેઓના હૃદયમાં બહુ ગુરૂભક્તિ દેખાતી હતી. મધ્યમાં છંદોના ઉચ્ચાર કરતી હતી, તેમજ જીનેંદ્ર ભગવાનની સ્તુતિ કરતી હતી, કે જેમણે મણિસુવર્ણ વિગેરે ધનનો સર્વથા ત્યાગ કર્યો છે, જેમના ચરણ કમલમાં સુરેંદ્રો તથા નરેંદ્રો નમન કરે છે. સાતનય સહિત સમ્યકયુક્તિવડે ઉત્તમ સૂત્રોની વ્યાખ્યા આપવામાં બહુ કુશલ, તેમજ પોતાના વચનામૃતોવડે દેવનરેંદ્રાદિક સર્વ પ્રાણીઓને સંતોષ આપનાર, મનુષ્યોના હૃદયરૂપી માનસરોવરમાં ઉજ્વલ હંસ સમાન, શ્રેષ્ઠ એવા જ્ઞાન રૂપી મહાસાગરના પારગામી, ગર્વ રહિત સર્વ શમાદિ ગુણોના આધારભૂત, ગુણ સંપદાવડે વિભૂષિત, નિર્મળ બુદ્ધિના ધારક, ઉન્નત તથા સ્થિરતા ગુણમાં મેરૂ સમાન, યુગ પ્રમાણ અવલોકન

વડે માર્ગમાં ગમન કરનાર ઉપહાસ્ય કે સ્તુતિ કરનારા પ્રાણીઓ ઉપર સમાનભાવે વર્ત્તવાવાળા દરિદ્ર અને નરેંદ્રને સમાન ગણતા, સર્વ ગણધરોમાં ઉત્તમ પદ પામેલા, જેમના ધૈર્યની ઉપમા મળવી અશક્ય છે, દુર્દ્ધર ચારિત્ર રૂપી ભાર જેમણે વહન કર્યો છે અને ભરત રાજાના વંશમાં વિશાલ ધ્વજ સમાન, તેમજ ત્રણલોકરૂપી વંશમાં મણિ સમાન એવા આદિનાથ ભગવાનને અમે નમીએ છીએ. એ પ્રમાણે નૃત્યની સમાપ્તિ થયા બાદ રાજાએ મુનીશ્વરને પૂછયું કે આ દેવતાઓનું જોડલું અહીં શા માટે આવ્યું છે ? તેમજ ગોવાલણીઓનો વેષ પ્હેરી આ દેવ ગોપીકાઓની મધ્યે નૃત્ય કરે છે, ગાય છે અને સ્તુતિ કરે છે. વળી બીજો દેવ પોતાના વેષેજ અપ્સરાઓની અંદર નાચે છે. અને અનેક રચનાવડે ગાયન કરે છે તેનું શું કારણ ? ત્યાર બાદ ગુરૂએ બન્ને દેવોના પૂર્વભવની વાત કહેવાનો પ્રારંભ કર્યો.

**દેવોનો પુર્વભવ.**

આ ભરતક્ષેત્રમાં વિનયવાન્ એવા સજ્જનોના દેહ સમાન નર્મદા નદીથી વિભૂષિત વિંધ્ય નામે પર્વત છે. તેની નજીકમાં ચમરાજાની નગરી સમાન ચમપલ્લી નામે નગરી છે. તેમાં દુર્લભ અને વલ્લભ નામે બે ગોવાળીયા રહેતા હતા. બન્ને જણા ગાયો વિગેરે બહુ વૈભવોવડે પરિપૂર્ણ હતા. વળી તેઓ એક બીજા ઉપર બહુ સ્નેહ રાખતા હતા, બહુ ગોપ અને ગોપીઓના પરિવારથી સંપન્ન હતા. નિરંતર તેઓ જળ અને લીલા ઘાસવાળા પર્વતના લત્તાગૃહોમાં ગાયો ચરાવતા હતા. પ્રમદાઓની વેણી સમાન વીણાના મધુર સ્વરના ઉલ્લાસ સહિત રાસના ગાયનોવડે પ્રમુદિત થઇ તેઓ દિવસ રાત્રી નિર્ગમન કરતા હતા. તેમજ શરણાઇઓના નાદવડે દિગંતોને ગજાવતા હતા.

કોઇક સાર્થવાહનની પ્રેરણાથી મહા કષ્ટવડે અમે તે

**ધર્મોપદેશ.**

યમપલ્લીમાં ગયા. ત્યાં તે બન્ને જણા અમારી પાસે આવ્યા. અને વંદન કરી પૃથ્વી ઉપર બેઠા. ત્યારબાદ અમોએ તેમને ઉપદેશ આપ્યો, રે રે ! મહાન દુર્લભ એવો આ મનુષ્ય અવતાર પામી હંમેશાં તમારે ધર્મમાં ઉદ્યુક્ત થવું જોઈએ. ત્યારબાદ નમસ્કાર કરી તેઓ પણ બોલ્યા કે અમે અમારા ધર્મમાં ઉદ્યુક્ત થઈ હમ્મેશાં મૃગાદિક પશુઓનો વધ કરી નિર્વાહ કરીએ છીએ. પછી અમોએ તેમને પ્રતિબોધ આપ્યો કે પશુઓની હિંસા કરવી તમને ઉચિત નથી, તેમજ તે સત્ય ધર્મ ગણાય નહિ, કારણ કે આ જીવિત જલબિંદુ સમાન ચંચલ છે. લક્ષ્મીનો વિલાસ વિજળીના પ્રકાશ સમાન અસ્થિર છે. સ્વજન સંયોગ પવનથી કંપાયમાન કમલપત્ર પર રહેલા જલ સમાન ચંચલ છે. સ્નેહ પણ મદોન્મત્ત કામિનીના કટાક્ષની માફક ક્ષણિક છે. યૌવન અવસ્થાનો વિલાસ યુવતીઓના હૃદયની વૃત્તિ સમાન બહુ ચપલ હોય છે. માટે તમ્હારે જૈનધર્મનું આચરણ કરવું તેજ ઉચિત છે. વળી તે જૈનધર્મનું મૂલ સમ્યકત્વ કહેલું છે. માટે વિશેષ પ્રકારે સમ્યકત્વ ગ્રહણ કરી જીનેંદ્ર કથિત શુદ્ધ ધર્મનું તમે સેવન કરો. આ પ્રમાણેનો અમારો ઉપદેશ સાંભળી તેઓ વંદન કરી ફરીથી બોલ્યા. હે ભગવન્ ? અમને જૈનધર્મનો ઉપદેશ આપો, મુનિએ પણ બન્ને પ્રકારનો ધર્મ કહ્યો. તેમાંના પ્રથમનો મુનિ ધર્મ પાળવામાં અશકત હોવાથી તેઓએ બાર પ્રકારનો ગૃહસ્થ ધર્મ સ્વીકાર્યો. ત્યારબાદ અમોએ પણ ત્યાંથી અન્યસ્થલે વિહાર કર્યો.

**ધર્મનો પ્રભાવ.**

દુર્લભ અને વલ્લભ બન્ને જણ વિધિ પ્રમાણે જૈનધર્મની આરાધના કરતા હતા. તેવામાં તેઓને કોઇક સમયે પાંચમા વ્રતમાં મહા સંકટ આવી પડ્યું. એટલે સંકિર્ણતા આવી પડી;

કારણ કે તે બન્ને જણાઓએ પરિગ્રહનો નિયમ લીધો તે વખતે પશુ-ઓની થોડી સંખ્યા લીધેલી હતી. તેથી દરેક વર્ષે પ્રસવ થવાથી પશુઓની સંખ્યા નિયમથી અધિક થાય તો અતીચાર લાગે એમ જાણી વલ્લભ મૂળ પરિણામની સંખ્યા રાખીને વધારેનાં પશુઓ વેચીને નિયમની મર્યાદા બરોબર રાખતો હતો. તેમજ દુર્લભે પોતાની ગાયોની મૂળ સંખ્યા પૂર્ણ થઇ એટલે નિયમનો સમય પૂર્ણ થાય ત્યારબાદ તેઓને ગર્ભ રહે તેવી યુક્તિ કરી. તે જોઈ વલ્લભરાજ બોલ્યો રે મૂઢ ? આ પ્રમાણે વિરાધના કર-વાથી પાંચમા વ્રતનો અતિચાર તને બહુ દુઃખદાયી થશે. એમ સાંભળી દુર્લભ બોલ્યો:–મ્હેં ગુરૂ પાસે પશુઓની જેટલી સંખ્યા લીધી છે તેટલીજ સંખ્યા હાલમાં પણ છે. મ્હેં કંઈ પણ અધિક ખરીદ કર્યું નથી કે જેથી અતીચાર લાગે. પોતાની મેળેજ પશુઓ મૈથુન સંજ્ઞાથી ઉત્પન્ન થાય છે એમાં મ્હારો શો દોષ ? એવાં તેનાં વચન સાંભળી લોકો તેનું ઉપહાસ કરે છે. વળી વલ્લભરાજ ગુરૂના કહ્યા પ્રમાણે સાવધાન થઈ વ્રત પાલન કરતો હતો. એ પ્રમાણે પ્રવૃત્તિ કરવાથી કેટલાક સમયે તે બન્ને જણ મરણ પામ્યા. તેમાં વલ્લભરાજ ધર્મના પ્રભાવથી પ્રથમ દેવ-લોકમાં અને દુર્લભરાજ અતીચાર સેવવાથી ગાંધર્વ લોકમાં ઉત્પન્ન થયો. ત્યારબાર તેઓ બન્ને જણ પૂર્વભવનું સ્મરણ થવાથી મ્હારી પાસે પ્રગટ થયા. તેઓમાંથી પ્રથમ દેવે તમ્હારી આગળ અપ્સરાઓ સાથે નૃત્ય મહોત્સવ કરીને પોતાના સત્ય નિયમનું ફલ પ્રકટ કરી બતાવ્યું, વળી વ્રતને કલંકિત કરનાર આ બીજા કિલ્બિષીક દેવે ગાયોને વિદાય કરી તમારા બોધને માટે ગોપીઓ સાથે ગાયન કર્યું. એમ તેઓનું ચરિત્ર કહી સૂરીશ્વર મૌન રહ્યા.

ત્યારબાદ ગંધર્વ દેવ બોલ્યો કે એક ગુરૂ પાસે અમે બન્ને

**ગંધર્વનો પશ્ચાત્તાપ.** જણે પરિગ્રહ વિરતિવ્રત ગ્રહણ કર્યું હતું, છતાં પ્રમાદવશ થઇ મ્હેં તે વ્રતને કલંકિત કર્યું. બહુ ખેદની વાત છે કે ચિંતામણિ સમાન વિરતિ વ્રતમાં કલંક લગાડીને નિર્ભાગી જનોમાં શિરોમણિ સમાન એવા મ્હેં કોટી ધનને બદલે કોડી ખરીદી. વળી સંતોષરૂપી અમૃતનું પાન કરીને દુર્ભાગ્યને લીધે મ્હેં તેને વમી નાખ્યું. કારણ કે વિરતિ વ્રત ગ્રહણ કરી મૂઢ બુદ્ધિથી મ્હેં તેને કલંકિત કર્યું. વળી આ દેવ અપ્સરાઓ સાથે જે ક્રીડા કરે છે;તે તેના પરિગ્રહ વિરતિ વ્રતના પાલવાનું ફલ છે. વળી હું પ્રલાપપૂર્વક પ્રાર્થના કરૂં છું તોપણ આ અપ્સરાઓ મને ઉત્તર પણ આપતી નથી. એમ સાંભળી રાજાનાં હૃદયમાં વૈરાગ્યથી શુભ ભાવના પ્રગટ થઇ. તેથી સૂરિ મહારાજની પાસે તેમણે સમ્યક્ત્વાદિ ધર્મનો સ્વીકાર કર્યો. બન્ને દેવો પણ ગુરૂ મહારાજના ચરણ કમલમાં નમસ્કાર કરી પોતાના સ્થાનમાં ગયા. ત્યાર બાદ પોતાના વિહારનો કલ્પ પૂર્ણ થવાથી ગુરૂએ પણ અન્યસ્થલે વિહાર કર્યો. માટે હે જીજ્ઞાસુ પુરૂષો ! જેમ વલ્લભરાજે નિષ્કલંક વિરતિ વ્રત પાળ્યું તેમ અન્ય લોકોએ પણ પ્રયત્ન પૂર્વક વ્રત પાલન કરવું.

इति परिग्रहपरिमाणव्रतेचतुर्थातिचारे दुर्लभराज कथानकं समाप्तम् ॥

## मानदेवश्रेष्ठीनीकथा.

### પંચમકુપ્યપરિમાણાતિક્રમાતિચાર.

દાનવીર્ય રાજા બોલ્યો હે જગદ્ગુરૂ ! હવે પાંચમા અતી-

ચારનું સ્વરૂપ અમને સંભળાવો. શ્રી સુપાર્શ્વ પ્રભુ બોલ્યા હે નરેંદ્ર ! જે પુરૂષ પોતાના મૂળ નિયમથી અધિક થઇ ગએલી પાત્રાદિક વસ્તુઓ ભાંગીને ફરીથી તેટલી સંખ્યા પૂર્ણ કરે છે તે માનદેવની માફક વિરતિવ્રતની વિરાધના કરે છે.

**માનદેવદૃષ્ટાંત.** ગાંધીના હાટની માફક સુગંધી દ્રવ્યોથી ભરપૂર શાલિગ્રામ નામે નગર છે. તેમાં અમૃત કલશ નામે સુપ્રસિદ્ધ શ્રેષ્ઠી છે અને જીનદેવી નામે તેની સ્ત્રી છે. વળી તેઓને માનદેવ નામે એક પુત્ર છે. તે સર્વ કળાઓમાં કુશલ છે, છતાં પણ દરિદ્રતાને લીધે બહુ ખેદાતુર થઇ પરિભ્રમણ કરે છે. એક દિવસ પોતાના પિતા સાથે મુનિ મહારાજ પાસે ગયો. મુનિને વંદન કરી દેશના સાંભળવા માટે બેઠો. મુનિએ દેશનાનો પ્રારંભ કર્યો. આ દુનીયામાં મનુષ્ય ભવ પામી સદ્ધર્મની સેવા કરવા. વળી તે ધર્મ સેવન પણ સંતોષથીજ ઉત્તમ પ્રકારે થાય છે. તે સંતોષ તૃષ્ણાનો ત્યાગ કરવાથી થાય છે. તૃષ્ણાનો ત્યાગ વિવેકથી થાય છે. વિવેક પણ સદ્ગુરૂના વચનથી પ્રગટ થાય છે. માટે બુદ્ધિમાન્ પુરૂષે શુદ્ધ ચિત્તથી ગુરૂ મહારાજનાં વચન સાંભળવામાં નિરંતર સાવધાન રહેવું. કારણ કે સંતોષજ મોક્ષનું મુખ્ય સાધન છે. તેમજ આ લોકના સુખનું મૂળ કારણ પણ તે સંતોષજ છે. અન્યત્ર પણ કહ્યું છે કે—

संतोषैश्वर्य सुखीनां, दुरे दुःखसमुच्छ्रयाः ।
लोभाशाबद्धचित्ताना—मपमानः पदे पदे ॥

અર્થ:—"સંતોષરૂપી સમૃદ્ધિ વડે સુખ માનનાર પ્રાણીઓનાં દુ:ખ દૂર ચાલ્યાં જાય છે. તેમજ લોભ તૃષ્ણાથી બંધાયેલા પ્રાણીઓનું દરેક સ્થાને અપમાન થાય છે." વળી આ દુનીયાની અંદર બીજાઓને જીતવાની ઈચ્છાવાળું જે પ્રાણિઓનું હૃદય હોય છે તે

મ્હોટામાં મ્હોટું દુ:ખ ગણાય છે, તેમજ જેઓ ઈચ્છા રહિત પણે વર્ત્તે છે. તેઓ ઉત્તમોત્તમ સુખિ ગણાય છે. કહ્યું છે કે—

तन्दुलमानमेकं, कन्दर्पहराऽपियुवतिरेकैवा ।

पृथ्वीपतेरगिफलं, शेषः क्लेशोऽभिमानो वा ॥

અર્થ:—"ઉદરપૂર્ત્તિ માટે ચોખાઓનુ માપ એક સરખું હોય છે. તેમજ કામદેવને હરણ કરનારી યુવતિ પણ એકજ હોય છે," માટે મ્હોટા પૃથ્વીપતિનું પણ ફળ માત્ર તેટલુંજ હોય છે." બાકીનો ક્લેશ અથવા અભિમાન સમજવો. વળી જેમ જેમ લોભની શાંતિ અને પરિગ્રહનો આરંભ સ્વલ્પ થતો જાય છે તેમ તેમ સુખની વૃદ્ધિ અને ધર્મની સિદ્ધિ થાય છે. એ પ્રમાણે દેશના સાંભળી પુત્ર સહિત શ્રેષ્ઠીએ દેશનાનો ભાવાર્થ સમજી મુનિ પાસે વિનય પૂર્વક સમ્યકત્વ સહિત પાંચમું અણુવ્રત ગ્રહણ કર્યું. પછી માનદેવ સહિત શ્રેષ્ઠી મુનીંદ્રને નમસ્કાર કરી પોતાના સ્થાનમાં ગયો. પુત્ર સહિત તે જૈનધર્મની આરાધના કરતો હતો, તેમજ નિર્ધનતાના દુ:ખથી ક્લાંત થઈ માનદેવ નિરંતર અસ્થિરવૃત્તિએ ફરતો હતો. તેવામાં એક દિવસ તે નગરની સમીપના મ્હોટા ઉદ્યાનમાં ફરવા નીકળ્યો હતો ત્યાં યોગીશ્વર નામે ત્રીદંડીનો તેને સમાગમ થયો. આદરપૂર્વક નમસ્કાર કરી તેણે પૂછયું હે યોગીશ્વર ! કોઈપણ એવો ઉપાય બતાવો કે જેથી મ્હને લક્ષ્મીનો લાભ થાય. વળી હે યોગીંદ્ર ! આજ સુધી મ્હેં જે જે ઉપાય કર્યા તે સર્વ નિષ્ફળ થયા છે. ત્યારે ત્રીદંડીએ કહ્યું. મ્હારી આગળ નકામું બોલવાની કંઇ જરૂર નથી. હે વત્સ ! જો ત્હારે વિશેષ લક્ષ્મી મેળવવી હોય તો છ માસ સુધી તું મ્હારી પાસે રહે, કોઈપણ સમયે મ્હારી પાસેથી ત્હારે દૂર જવું નહીં. વળી ભોજન વિગેરેની કોઇ પ્રકારે ચિંતા કરવી નહીં. પછી માનદેવ બોલ્યો આપનું કહેવું યોગ્ય છે પરંતુ મ્હારા માતાપિતાને ભોજનમાત્ર

પણ આપે તેવું કોઈ બીજું માણસ નથી. વળી તેઓ વૃદ્ધ અવસ્થા હોવાથી અશક્તિ અને વ્યાધીને લીધે દીન અવસ્થામાં આવી પડ્યાં છે. તેથી મ્હારા વિરહને લીધે તેઓ જીવિ શકે તેમ નથી. તો હવે મ્હારે શું કરવું ? ત્રીદંડીએ કહ્યું હે વત્સ ! જો એવી અડચણ હોય તો વજાંકુશ નામની એક ઉત્તમ વિદ્યા હું ત્હને આપું છું તે લઈ તું ઘેર જા અને માત્ર આ વિદ્યાના સ્મરણથી હમ્મેશાં ત્હને પાંચ પલ રૂપું પ્રાપ્ત થશે. માટે સર્વ ઉપાય પડતા મૂકી આ ઉપાય ત્હારે જલદી કરવો, જેથી તું સુખી થઈશ એમ કહી તે યોગીશ્વર અદ્રશ્ય થઈ ગયો.

**વિદ્યાનો ચમત્કાર.**

માનદેવ વિદ્યા લઈ પોતાને ઘેર ગયો. રાત્રીએ વિધિપૂર્વક વિદ્યાનું સ્મરણ કરી સુઈ ગયો. પછી તે વિદ્યાદેવીએ પણ પ્રસન્ન થઈ તેના ઓશીકા નીચે પાંચ પલ રૂપું મુક્યું. પ્રભાતકાળમાં પોતે જાગ્રત્ થયો અને ઓશીકા નીચેથી તે રૂપું લઈ બહુ ખુશી થયો. હમ્મેશાં એ પ્રમાણે રૂપું મળવાથી બહુ પૈસાદાર થઈ ગયો. અને ઘર વિગેરે ખરીદ કર્યાં. તેમજ ધર્મમાર્ગમાં પણ કંઈક વાપરવા લાગ્યો. વળી રૂપાનાં વાસણ પણ ઘડાવવા લાગ્યો. તે જોઈ તેના પિતાએ પૂછ્યું હે વત્સ ! ત્હારા ઘરમાં આ રૂપાનાં વાસણ ક્યાંથી આવ્યાં ? મૂળ દ્રવ્ય તો ત્હારી પાસે કંઈપણ હતું નહીં છતાં આટલું દ્રવ્ય ત્હેં ક્યાંથી મેળવ્યું ? ત્યારે માનદેવે પોતાનું સર્વ વૃત્તાંત કહી બતાવ્યું. એટલે શેઠ બહુ ખુશી થયા. પછી પોતે તપાસ કરવા લાગ્યા અને પોતાના નિયમથી અધિક સંખ્યાવાળાં પાત્ર જોઈ વિરતિવ્રતની વિરાધનાથી ભય પામી તે બોલ્યો આપણે બન્ને જણે દશ વાસણ રાખવાનો નિયમ લીધો છે. છતાં પાત્રો વધારે દેખાય છે. તે વાત માનદેવે કબુલ કરી ને નિયમથી અધિક વાસણ હતાં તે ભાંગી નાખી દશની

સંખ્યા કાયમ રાખી. અને કહ્યું કે હે તાત ! પાત્રની સંખ્યા બરાબર છે માટે વિરતિવ્રતનો ભંગ હવે થવાનો નથી. તે સંબંધી બીલકુલ તમ્હારે ભય રાખવો નહીં. વળી તોલમાં પણ પાંચ પાત્ર તો હલકાં કરાવ્યાં છે. શ્રેષ્ઠી બોલ્યોઃ—વત્સ ! એમ છતાં પણ વિરતિ કલંકિત ગણાય. વળી અગ્નિમાં પ્રવેશ, ભયંકર અંધારા કૂવામાં ઝંપાપાત, તીક્ષ્ણ તરવારની ધારા ઉપર ચાલવું, સમુદ્રમાં પડવું, શત્રુઓમાં વાસ કરવો, વિષ ભોજન અને વાઘેણના સ્તનથી દુધનું પાન કરવું શ્રેષ્ઠ છે; પરંતુ વિજળી સમાન ચંચળ લક્ષ્મી માટે વીરપુરૂષોએ કોઇપણ સમયે વિશેષે કરીને ગ્રહણ કરેલા વ્રતનો ભંગ કરવો યોગ્ય નથી. માટે આ વિદ્યાવડે પ્રાપ્ત થતા ધનનો તું ત્યાગ કર. અથવા અધિક દ્રવ્યનો ધર્મ કાર્યમાં નિયોગ કર, નહીંતો અતિ ભયંકર આ સંસારમાં વિરતિ વ્રત પામીને પણ ત્હારે ભ્રમણ કરવું પડશે. પછી માનદેવ બોલ્યોઃ—તાત ! આ તમ્હારૂં બોલવું સર્વથા અયોગ્ય છે. કારણકે પાત્ર ભાંગીને એકઠાં કરવાથી તમ્હારી ગ્રહણ કરેલી સંખ્યાનો ભંગ થતો નથી. ત્યારબાદ શ્રેષ્ઠીએ પણ છેવટે પુત્રને કહ્યું કે મ્હારી આગળ ત્હારે અસત્ય ઉત્તર આપવો નહીં. હવે તું ત્હારો ભાગ લઇ જુદો નીકળ. માનદેવ પણ પિતાનું વચન માન્ય કરી જુદો રહ્યો અને વેપાર કરવા લાગ્યો. શ્રેષ્ઠી પણ ધર્મમાં બહુ રાગી બની નિષ્કલંક ગૃહિધર્મ પાળવા લાગ્યો. તેમજ માનદેવ પણ અનુક્રમે બહુ ધનવાન્ થઇ ગયો. પણ લોભરૂપી ગ્રહથી વિમૂઢ બની ગયો. તેથી અકસ્માત્ મરકીના રોગથી મરીને નરક સ્થાનમાં ગયો. અને વિરતિભંગના પાપને લીધે ચિરકાળ તે ભવ ભ્રમણ કરશે. પ્રથમ તો માત્ર અતીચાર થયો હતો, પરંતુ પછીથી વ્રતનો ભંગ પણ થયો. માટે પ્રથમથીજ વ્રતમાં કિંચિત માત્ર પણ અતીચાર સેવવો ઉચિત નથી; કારણકે થોડા પણ અપથ્ય ભોજનના સેવનથી રોગની માફક પ્રતિ દિવસ તે વૃદ્ધિ પામે છે.

**અમૃતકલશશ્રેષ્ઠી.** અમૃતકલશ શ્રેષ્ઠી પણ શુદ્ધ વિરતિરત્નના પ્રભાવથી સમાધિપૂર્વક દેહનો ત્યાગ કરી સનત્કુમાર દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવીને ત્રીજે ભવે મોક્ષપદ પામશે. માટે હે ભવ્ય પુરૂષો ! ભલે થોડું પળાય તો થોડું પાળવું શ્રેષ્ઠ છે, પરંતુ વ્રતમાં અતિચાર સેવવો યોગ્ય નથી. તૃષ્ણાથી શુષ્ક થયું છે શરીર જેમનું એવા હે મુમુક્ષુજનો ! તમે સંતોષરૂપી રસાયણનું હમેશાં પાન કરો, જેથી જરા મરણને દૂર કરનાર નિવૃત્તિપદ પ્રાપ્ત થાય. જેઓ નિરંતર આનંદિત થઇને સંતોષરૂપી નંદનવનમાં ક્રીડા કરે છે, તેઓને ધનવાન્, ગુણવાન, ક્ષમાવાન્, વિવેકી અને વ્રતધારી જાણવા. વળી જે પુરૂષને એક સ્ત્રી હોય તેને ચિંતા પણ થોડી હોય છે. અને જ્યાં સ્ત્રીઓનો વધારો હોય છે ત્યાં ચિંતાનો પણ વધારો થાય છે. તેમજ પુત્રાદિક પ્રજા અને હાથી, ઘોડા, રથ, ઘર અને ધનાદિક વૈભવની વૃદ્ધિ થવાથી મનુષ્યોના હૃદયમાં સંતાપની વૃદ્ધિ થાય છે. વળી પરિગ્રહથી વિમુક્ત થયેલા અને શાંતિસુખને અનુભવતા એવા સંતપુરૂષોને જે નિવૃત્તિસુખ મળે છે, તે નિવૃત્તિરસને તો તે મુનિવરોજ અનુભવે છે. અન્ય પ્રાણીઓ શું જાણી શકે ? તેમજ મનુષ્યોને જેટલા અંશે લોભ હોય છે તેટલુંજ દરિદ્રપણું જાણવું, સંતોષી પુરૂષ દરિદ્રતા ઉપર પગ મૂકી સુખે સુઇ રહે છે. વળી ધનાઢ્ય પુરૂષ પણ અતિ દરિદ્રીની માફક પોતાનાથી અધિક એવા એક બીજા ઉપર દ્રષ્ટિ ફેરવતો છતો બહુ દુઃખી થાય છે, તેમજ દરિદ્રી હોવા છતાં પણ સંતોષરૂપી રસાયણનું પાન કરવાથી ધનવાનની માફક આચરણ કરે છે.

इति पञ्चमव्रतपञ्चमातिचारविपाके मानदेवदृष्टान्तः समाप्तः ॥

तत्समाप्तौ श्रीमल्लक्ष्मणगणिविरचितप्राकृतपद्यबन्धश्रीसुपार्श्वजिनच-

रित्रस्य श्रीसकलसूरिपुरन्दरायमाणपरमगुरुतपागच्छाधिराजशास्त्रविशारदजैनाचार्ययोगनिष्ठाध्यात्मज्ञानदिवाकरश्रीमद्बुद्धिसागरसूरिशिष्यप्रसिद्धवक्तेति लब्धख्याति, व्याख्यानकोविद जैनाचार्य श्रीमद अजितसागरगणिकृतगुर्जरभाषानुवादे प्रभुदेशनाप्रबन्धे सद्दृष्टान्तातीचारव्याख्योपेतं पंचमाणुव्रतं समाप्तम् ॥

## मनोरथवणिकनी कथा.

### દિક્પરિમાણવ્રત.

દાનવિર્ય રાજાએ પ્રશ્ન કર્યો કે હે ભગવન્ ? છઠું દિગ્વિરમણ વ્રત કહ્યું છે તેનું લક્ષણ અતીચાર સહિત સંભળાવી અમને કૃતાર્થ કરો. શ્રી સુપાર્શ્વપ્રભુ બોલ્યા હે રાજન્ ? જે શ્રાવક ઉંચી નીચી અને તિર્યગ્ દિશા સંબંધી ગમન કરવામાં યોજન સંખ્યાનું પ્રમાણ કરે છે, તે ચૌદરાજલુ પ્રમાણ લોકમાં રહેલા જીવોને અભયદાન આપવામાં હેતુભૂત થાય છે. કારણકે આ લોકમાં વિરતિ વિનાના જીવો તપાવેલા લોઢાના ગોળા સમાન રહેલા છે. માટે દિગ્ગમનનું પ્રમાણ કરનાર પ્રાણી મનોરથની માફક આત્મહિત સાધે છે. જેમકે—ધન્યપુર નામે નગર છે, તેમાં ધન ધાન્યથી વૃદ્ધિ પામેલા ઘણા વણિકજનો વસતા હતા. તેઓમાં સુધન નામે એક મુખ્ય મ્હોટો શ્રેષ્ઠી હતો. અને બહુ કીર્ત્તિવડે પ્રસિદ્ધ થએલી મહિમા નામે તેની સ્ત્રી હતી. તેઓને મેઘરથ અને મનોરથ નામે વિનયવંત બે પુત્ર હતા. તેઓ હમ્મેશાં ઉદ્યાન, સરોવર અને નદી વિગેરે સ્થાનોમાં વિલાસ કરતા હતા. એક દિવસ તેઓ આમ્રવનમાં ગયા. ત્યાં લતામંડપમાં

સુભટ બોલ્યો ધનુષવડે લક્ષ શત્રુઓને પણ ક્ષણમાત્રમાં હું વિલક્ષ કરૂં છું. મંત્રી બોલ્યો, તેમાં શું પ્રમાણ ? સુભટ બોલ્યો હજાર સુભટો મ્હારી સાથે યુદ્ધ કરવા મોકલો. જેથી તમને પરીક્ષા થાય. મંત્રીએ તેની સાથે યુદ્ધ માટે હજાર સુભટ મોકલ્યા. તેઓએ એક સુભટ ઉપર હજારો બાણોની વૃષ્ટિ કરી. પણ તે સુભટે પોતાની ચતુરાઈવડે શત્રુઓનાં હજારો બાણ ખંડિત કર્યાં. આ પ્રમાણે એક ક્ષણમાત્ર તેનું પરાક્રમ જોઈ મંત્રી બોલ્યો હે સુભટ ! ત્હારો વિજય થયો માટે હવે આ યુદ્ધને બંધ કર અને ચિરકાલથી ઉપાર્જન કરેલા પુણ્યથી પ્રાપ્ત થયેલી રતિ, રંભા અને પાર્વતી સમાન રાજપુત્રીને તું પરણ. એમ કહી મંત્રીએ જોષીને બોલાવી શુભ લગ્ન પૂછયું. જોષીએ કહ્યું કે આજથી સાતમા દિવસે ઉત્તમ લગ્ન આવે છે. એ પ્રમાણે નક્કી કરી મંત્રી નિવૃત્ત થયો. તેમજ પ્રતિહારે પણ ફરતાં ફરતાં મહા કષ્ટે એક વૈશ્ય શોધી કાઢ્યો. તે વિજ્ઞાનશાસ્ત્રમાં બહુજ કુશલ હતો. તેણે પણ પ્રતિહારને એક ઉત્તમ રથ પોતાનો બનાવેલો બતાવ્યો. તેમજ પ્રતિહારને તે સૂત્રધાર રથમાં બેસારીને આકાશમાર્ગે લઈ ગયો. પછી કીલિકાપ્રયોગવડે તેને ધરણીતિલક રાજા પાસે લઈ ગયો. ત્યારબાદ ત્યાંથી કુમારીની મુલાકાત કરાવી. કુમારી રથનો ચમત્કાર જોઇ બહુ ખુશી થઈ અને બોલી કે હે સૂત્રધાર ! તુંજ મ્હારો ભર્ત્તા છે. તેણે પણ કુમારીનું વચન અંગીકાર કર્યું. ત્યારબાદ ભ્રમણ કરતા થગિધરે પણ ત્રિકાલદર્શી સુદર્શન નામે ઉત્તમ નૈમિત્તિકને શોધી કાઢ્યો, અને પોતેજ ત્યાં આવી તે કન્યાનું તેણે સાતમે દિવસે શ્રેષ્ઠ લગ્ન નિર્ધાર્યું. હવે તે સુભટ, રથકાર અને નૈમિત્તિક એ ત્રણે જણાઓએ તે કન્યાને પરણવા માટે રાજાને કહ્યું. તેટલામાં તે તિલોત્તમા કુમારીને કોઈક હરી ગયો. જેથી રાજાએ તેજ વખતે નૈમિત્તિકને પૂછયું કે ક્યાં છે.

પુત્રીને કોણ લઇ ગયો હશે ? અને હાલમાં તે ક્યાં હશે ? નૈમિત્તિક બોલ્યો વિદ્યાધર તેને હરી ગયો છે અને હાલમાં તે વિંધ્યાચલમાં છે. પછી રાજાએ રથકારને કહ્યું કે રથ તૈયાર કર, તેણે પણ રથ તૈયાર કર્યો. ત્યારબાદ રાજાએ સુભટને કહ્યું કે આ નૈમિત્તિકની સાથે રથમાં બેસીને જલદી તું અહીંથી જા અને તે વિદ્યાધરને જીતીને મ્હારી પુત્રીને અહીં લાવ. આ પ્રમાણે આજ્ઞાનો સ્વીકાર કરી ત્રણે જણા રથમાં બેસી ગયા અને નૈમિત્તિકે બતાવેલા સ્થાનમાં તેઓ ગયા. ત્યાં કુમારીની આગળ બેઠેલો અને મધુર વચનોવડે પ્રાર્થના કરતો યુવાન્ એવો એક વિદ્યાધર તેઓના જોવામાં આવ્યો. પછી સુભટે તે વિદ્યાધરને કહ્યું કે રે અધમ ! પુરૂષનું સ્વરૂપ એટલે પુરૂષાર્થ તું પ્રગટ કર, શસ્ત્ર ધારણ કર અને ઇષ્ટદેવનું સ્મરણ કરી લે. એમ કહી તેણે કામદેવના બાણની માફક પોતાના બાણોવડે વિદ્યાધરને વિંધિ નાખ્યો. અને તિલોત્તમાને રાજાની પાસે લાવ્યો. પછી નૈમિત્તિક રથકાર અને સુભટ એ ત્રણે જણાઓ તિલોત્તમાને પરણવા માટે પરસ્પર વિવાદ કરવા લાગ્યા, નૈમિત્તિક બોલ્યો મ્હારા નિમિત્તજ્ઞાનથી આ કુમારીનો પત્તો લાગ્યો માટે આ કન્યાનો પ્રથમ હક્ક મ્હારો છે. રથકાર બોલ્યો મ્હારા રથવડે આ કુમારી અહીં આવી છે તેથી આ કુમારીને હું પરણીશ. ત્યારબાદ સુભટ બોલ્યો તમ્હારી સમક્ષ તે દુષ્ટ વિદ્યાધરનો સંહાર કરી આ કુમારીને હું અહીં લાવ્યો છું. માટે મ્હારા જીવતાં આ રાજકુમારીને જે વરશે તેને પણ વિદ્યાધરની માફક હણીને આ કન્યાને હુંજ વરીશ. આ પ્રમાણે તેઓનાં વચન સાંભળી રાજા ચિન્તારૂપી મહાસાગરમાં પડ્યો અને કુમારીને એકાંતમાં બોલાવીને તેની પૂંઠે વિચાર કરવા લાગ્યો કે હે પુત્રી ? હવે આ સંકટ સમયમાં હતા. રે શું કરવું ? જોકે આ ત્રણે જણા ઉપકારી છે. માટે કોને

વરવાની ત્હારી ઈચ્છા છે ? કુમારી બોલી પિતાજી ? સુભટ સાથે મ્હને પરણાવો. કારણકે તે બહુ પરાક્રમી છે. તેથી તે બન્નેને મારી નાખે એમાં કંઈ સંદેહ નથી, જોકે મ્હેં પ્રથમથી મ્હારા હૃદયમાં તો રથકારને સ્વીકારેલો છે; પરંતુ પોતાનું ચિંતિત સિદ્ધ થતું નથી. માટે હે પિતાજી ? હવે હું તે સુભટને વરીશ. અને રથકાર તથા નૈમિત્તિકને સમજાવીને કહો કે તેઓ પોતાના સ્થાનમાં જલદી ચાલ્યા જાય. ત્યારબાદ રાજાએ વિશેષ પ્રકારે સત્કાર કરી તે બન્નેને વિદાય કર્યા. અને સુભટને કન્યાદાન આપીને માંડલિક રાજાના સ્થાનમાં સ્થાપન કર્યો.

તિલોત્તમા રાજકુમારીના વિરહને લીધે રથકાર વિલક્ષ થઈ બહુ દુઃખી થયો. અને વિચાર કરવા લાગ્યો.

**રથકારચરિત્ર.**

અહો આ કુમારીએ પોતાનું વચન ન પાળ્યું માટે આ ધન, સંપત્તિ, જીવિત, સ્વજન, પરિજન કે વિજ્ઞાનનો પણ આ કુમારી વિના હવે શો ખપ છે ? એમ સમજી તે જલદી પર્વતના ઉંચા શિખર ઉપર ગયો અને મરણ માટે ઝંપાપાત કરતો હતો તેટલામાં ત્યાં ધ્યાનમાં બેઠેલા મુનિ મહારાજ તેના જોવામાં આવ્યા. તેથી વિનયપૂર્વક તેણે મુનિની પાસે જઈ નમસ્કાર કર્યો. મુનિ પણ ધર્મલાભ આપી બોલ્યા હે ભદ્ર ? આ નિર્જન વનમાં તું કેમ આવ્યો છે ? ત્યારે તે બોલ્યો કે, દુઃખનો માર્યો હું મરણ માટે અહીં આવ્યો છું. મુનીંદ્ર બોલ્યા, તમ્હારા સરખાઓએ બાલમરણ કરવું ઉચિત નથી. કારણકે આ પ્રમાણે અકાળ મૃત્યુ કરવાથી કર્મના આધીન થયેલા જીવને ફરીથી પણ બહુવાર આવાં મરણ કરવાં પડે છે. માટે છઠ્ઠ,, અઠ્ઠમ વિગેરે વિશેષ તપશ્ચર્યાથી કર્મનો તું ક્ષય કર. વળી તે તપશ્ચર્યા મન, વચન અને શરીરની શુદ્ધિવડે સિદ્ધ થાય છે. તેમજ તે શુદ્ધિ સર્વ સંગથી વિરક્ત થયેલા મુનિઓને સારીરીતે પ્રાપ્ત થાય છે.

માટે તું પણ મુનિધર્મનો સ્વીકાર કર. આ પ્રમાણે મુનીંદ્રના મુખારવિંદથી ઉપદેશ સાંભળી તેણે તે પ્રમાણે મુનિધર્મનો સ્વીકાર કર્યો. તેજ હું પોતે છું.

એ પ્રમાણે મુનીંદ્રનું વચન સાંભળી મેઘરથ બોલ્યો હે મુનીંદ્ર ? હંમેશાં જીવોને સેંકડો આવા હેતુઓ આવી મળે છે. તેમાં કેટલાક આ પ્રમાણે પણ કરે છે. માટે કૃપા કરી મ્હને પણ મ્હારા લાયક ધર્મનો ઉપદેશ આપો. જેથી હું પણ સમ્યગ્ પ્રકારે તે ધર્મનો સ્વીકાર કરીશ. ગુરૂએ તેમને હિતકારી એવો સમ્યકત્વાદિક શ્રાવક ધર્મનો ઉપદેશ આપ્યો. તેમાં પણ દિગ્વ્રતને વિશેષ ઉત્તમ જાણી વિસ્તાર પૂર્વક તે કહ્યું. તપાવેલા લોઢાના ગોળા સમાન અતિ દારૂણ, વળી પરિણામથી નહીં વિરામ પામેલો અને દિગ્ગમનનો જેણે નિયમ નથી કર્યો એવો પ્રમાદી જીવ સર્વત્ર કયું પાપ નથી બાંધતો ? દિગ્ગમનનું પરિમાણ ગ્રહણ કરવાથી નિરંતર નિયમ પૂર્વક સુવિશુદ્ધ જીવદયાનો પરિણામ સિદ્ધ થાય છે. અને તેવા ભાવથી હમ્મેશાં અહિંસા ધર્મ પ્રાપ્ત થાય છે. વળી તેથી અવશ્ય નિર્જરા થાય છે. માટે આ દિગ્વ્રત ગ્રહણ કરવા લાયક છે. તેમજ આ પ્રમાણે ચિંતવવું કે જેઓ નિરંતર આરંભના ત્યાગી છે. તેવા સાધુઓને નમસ્કાર થાઓ. વળી જેઓ સ્વજનાદિકનો ત્યાગ કરી ગામ નગરાદિકથી વિભૂષિત એવી પૃથ્વી ઉપર વિહાર કરે છે તેઓને ધન્યવાદ ઘટે છે. તેમજ ઈર્યાદિક સમિતિઓ પાલવામાં તત્પર થઇ વિધિ પૂર્વક વિહાર કરતા મુનિઓ ભુવન લક્ષ્મીના હાર સમાન જાણવા અને તેઓને વારંવાર નમસ્કાર છે. આ પ્રમાણે મુનિનો ઉપદેશ સાંભળી તેઓએ પણ ગૃહસ્થાશ્રમમાં સારભૂત એવો સમ્યકત્વાદિ જૈન ધર્મનો વિશેષે કરી સ્વીકાર કર્યો અને સંક્ષેપથી દિગ્વ્રત પણ સમ્યગ પ્રકારે ગ્રહણ કર્યું.

ફરીથી મુનીંદ્રને વંદન કરી તેઓ પોતાના ઘેર ગયા. અને સમ્યક્ત્વાદિક સ્વીકારેલા ધર્મનું પાલન કરવા લાગ્યા.

**મેઘરથ અને મનોરથ.**

ત્યારબાદ એક દિવસે વિકસ્વર શ્યામ કમલોવડે વિભૂષિત એવી શરદૃઋતુમાં ઉત્તમ પ્રકારનું કરીયાણું લઈ બન્ને ભાઇઓ વ્યાપાર માટે ઉજ્જયિની તરફ ચાલ્યા. તેમજ તેવા પ્રકારનું કરીયાણુ ભરી બીજા પણ ઘણા વેપારીઓ દેશાંતરમાંથી ત્યાં આવેલા હતા, તેથી ત્યાં દરેક કરીયાણાના ભાવ બહુ ઘટી ગયા. તેવો પ્રસંગ જોઈ મનોરથ પોતાનું સર્વ કરીયાણું વખારની અંદર ભરાવવા લાગ્યો અને તેનો એવો વિચાર થયો કે હાલમાં આપણે માલ વેચવો નથી. મેઘરથ બોલ્યો બાંધવ? ચાલો આપણે આ સર્વ માલ લઈ વારાણસી નગરીમાં જઈએ. ત્યાં આગળ સારી કિંમત આવી જશે. વળી અહીં અધિક રહેવાથી કદાચિત્ ભાવ ઉતરી જશે તો મૂળ ધન પણ ગુમાવી બેસીશું. તે સાંભળી મનોરથ બોલ્યો ત્હારૂં કહેવું સત્ય છે પરંતુ એમ કરવાથી દિગ્વ્રતનો ભંગ થાય તેનું શું કરવું? વળી ત્યાં જવાથી પણ આપણને લાભ મળે એમ નક્કી નથી. પરંતુ નિયમનો ભંગ થાય તે તો નિઃસંદેહ છે. તેમજ શાસ્ત્રમાં કહ્યું છે કે—

> येऽर्थाः क्लेशेन महता, धर्मस्याऽतिक्रमेण वा ।
> अरेर्वा प्रणिपातेन, मा स्म तेषु मनः कृथाः ॥

અર્થ—"બહુ કલેશ, અધર્મ સેવન અથવા શત્રુની સેવા વડે જે કાર્ય સિદ્ધ થાય તેવા કાર્યોમાં કોઈ દિવસ મન કરવું નહીં." મેઘરથ બોલ્યો તમ્હારો વિચાર સારો છે પરંતુ પહેલ વહેલા આપણે વેપાર કરવા નીકળ્યા છીએ માટે જો આપણે નુકશાનીમાં આવીશું તો લોકો આપણું ઉપહાસ કરશે. તેમજ આપણા માતાપિતા પણ આપણને ફરીથી વેપાર માટે મોકલશે નહીં અને તેમ થ

વાથી ધર્મની વૃદ્ધિ પણ બરોબર થઇ શકશે નહીં. કારણકે ગૃહસ્થાશ્રમીયોને દ્રવ્ય વડે તે સિદ્ધ થાય છે. પછી મનોરથ બોલ્યો ન્યાયમાર્ગે ચાલતાં ઉપહાસ શું ? વેપારી લોકોને તો અન્યની ચોરી કરવાથી ઉપહાસ થાય. વેપારમાં કોઇ વખત લાભ અને કોઇ વખત નુકશાન પણ થાય છે તેમાં હરકત શી ? યુદ્ધમાં કેટલાક સુભટો નાશી જાય છે અને કેટલાક જય પણ મેળવે છે. વળી એમતો ન જ કહેવાય કે વેપારમાં એક વખત મૂળ દ્રવ્યની હાનિ થાય એટલે ફરીથી વેપાર ન કરવો ? વળી કહ્યું છે કે—કેસરીસિંહ બહુ વેલીઓથી છવાઈ ગયેલા ઘોર વનમાં પ્રવેશ કરી શકતો નથી, તોપણ તે મદોન્મત્ત હસ્તિઓના ગંડસ્થળોને ભેદી નાખે છે. વળી તું કહે છે કે આપણાં માતા પિતા આ પ્રમાણે કરવાથી આપણને ફરીથી વેપાર નહીં કરવા દે. એ ત્હારૂં માનવું અયોગ્ય છે કારણ કે એમ તેઓ કરશે તો પણ આપણને શી હરકત છે. તેમજ ત્હારૂં માનવું એમ છે કે ધનવડે શ્રાવક લોકોને ધર્મની વૃદ્ધિ થાય છે તે પણ અયુક્ત છે. કારણ કે કોઇએ પણ ધર્મને માટે શું અયોગ્ય પ્રવૃત્તિ કરવી તે યોગ્ય ગણાય ખરી ? તેમજ અન્યત્ર પણ કહ્યું છે કે—

अन्यायोपात्तवित्तेन, यो हितं हि समीहते ।
भक्षणात्कालकूटस्य, सोऽभिवाञ्छति जीवितम् ॥

અર્થ—"જે પુરૂષ અન્યાયથી મેળવેલા ધનવડે પોતાનું હિત ઇચ્છે છે, તે કાલકૂટ વિષનું પાન કરી જીવિતની ઇચ્છા કરે છે." વિગેરે અનેક યુક્તિઓવડે તેને નિરૂત્તર કર્યો તોપણ ફરીથી તે બોલ્યો હે બાંધવ, જો ત્હારે એમ કરવું હોય તો તું મ્હને મ્હારો ભાગ જુદો આપી દે. ત્યારે મનોરથ બોલ્યો સર્વ ધન તું ત્હારી પાસે લઇ જા. મ્હારે કંઇપણ જોઈતું નથી. કેટલાક દિવસ હું અહીં રહીને પછી માતા પિતા પાસે જઈશ. પરંતુ મનથી પણ હું મ્હારા

નિયમનો ભંગ કરીશ નહીં. એવો મ્હારો ખાસ નિશ્ચય છે. કારણકે આજથી આરંભીને દિગ્વ્રત મારે બહુ માનવા લાયક છે. વળી મ્હને એકલાને મૂકીને તેમજ વ્રતનો ભંગ કરી ધનની વાંછાથી મૂઢ બનેલા ત્હારે પણ વારાણસી નગરીમાં જવું ઉચિત નથી. તે સાંભળી મેઘરથ બોલ્યો હે બંધુ ? આ સંબંધિ ત્હારે કંઈપણ બોલવું નહીં. મ્હારા પુણ્યની પરીક્ષા માટે અવશ્ય મ્હારે ત્યાં જવું એ વાત નક્કી છે. આ પ્રમાણે તેનો આગ્રહ જાણી મનોરથે સર્વ ધનમાલ તેને આપી દઇને પોતે નિવૃત્ત થયો. ત્યારબાદ મેઘરથ પણ લોભને લીધે દિગ્વ્રતનો ત્યાગ કરી સાર્થની સાથે ત્યાંથી ચાલ્યો અને અનુક્રમે વારાણસી નગરીમાં ગયો, ત્યાં દાણી લોકોએ દાણ માગ્યું તેથી તેણે કેટલાક કરીયાણાનું દાણ આપ્યું અને બાકીનું દાણ છુપાવી રાખ્યું. તે વાત દાણી લોકોના જાણવામાં આવી. તેથી તેનું અપમાન કરી બાકીનું સર્વ દાણ ચુકતે લઈ લીધું. વળી બજાર બહુ સોંઘો થઇ જવાથી પોતાના કરીયાણાની મૂળ કિંમત પણ ઉપજી નહીં અને બહુ નુકશાનમાં તે આવી પડ્યો. તેથી તે બહુ ચિંતાતુર થઈ ધર્મથી પતિત થયો.

**મનોરથનો સદાચાર.**

હવે મનોરથ શ્રેષ્ઠી અતિશય ધર્માનુરાગી થઇ ઉજ્જયિનીમાં માહેંદ્રસિંહ વણિકને ત્યાં દિવસો નિર્ગમન કરે છે. એક દિવસ ઉદયપાલ નામે રાજકુમાર પોતાના બાલ મિત્રો સાથે એક ઉદ્યાનમાં ક્રીડા કરવા ગયો. તેવામાં તેના પગના અંગુઠે સર્પ કરડ્યો તેથી તે કુમાર તેજ વખતે પૃથ્વી ઉપર મૂર્છિત થઇ પડી ગયો અને એકદમ કોલાહલ પ્રસરી ગયો. વળી તેઓમાંથી કુમારનો એક મિત્ર રાજમંદિરમાં ખબર આપવા નીકળી ગયો. અને રાજાની આગળ જઇ સંભ્રમથી કહેવા લાગ્યો કે હે રાજન્ ? કુમારને સર્પ કરડ્યો છે અને વિષ પ્રસરી

જવાથી અચેતન થઇ ગયો છે. આ પ્રમાણે વજ્ર સમાન તેનાં વાક્ય સાંભળી રાજાએ પોતાના પુરૂષો મારફત્ ઉત્તમ ગારૂડિક લોકોને બોલાવી બહુ સન્માન પૂર્વક સર્વને કુમાર પાસે લઈ ગયો. વિશેષ વિષથી પીડાએલા કુમારને જોઇ તેઓએ કહ્યું કે હે નરાધીશ ? કુમારને ઘેર લઇ ચાલો. પછી આપણે ઉપાય કરીશું. રાજાએ પણ તેમનું વચન સત્ય માની કુમારને પોતાને ઘેર લઇ ગયો. ત્યારબાદ માંત્રિક લોકોએ વિધિપૂર્વક વિષ ઉતારવાના ઘણા મંત્ર પ્રયોગ કર્યા. તેમજ પોતાના ગુરૂ જનોએ બતાવેલા ઔષધોના ઉપચારો પણ કર્યા. પરંતુ કંઈપણ ફાયદો થયો નહીં. ઉલટા જે જે મંત્રવાદીઓએ ઉપચાર કર્યો તે સર્વે વિષ ભોજીની માફક વિહ્‌વળ=અચેતન થઇ ભૂમિ ઉપર આળોટવા લાગ્યા. તે જોઇ રાજા ભયભીત થઇ ગયો અને બોલ્યો કે હે દુર્ગપાળ ? નગરમાં સર્વ ઠેકાણે પટહ ઘોષણ કરાવો કે જે પુરૂષ કુમારને સજીવન કરે તેને અર્ધું રાજ્ય આપવું. પછી આરક્ષકે પણ સર્વત્ર ઘોષણાવડે જાહેર કરાવ્યું. તેથી ઘણા મંત્રવાદિઓ રાજ્યના લોભથી ત્યાં આવ્યા અને બનતા ઉપાય કર્યા પરંતુ સર્વે નિષ્ફળ થયા. કિંચિત્ માત્ર ગુણ તો થયો નહીં પરંતુ પૂર્વની માફક તેઓ પણ મૂર્છિત થઇ ગયા. તેથી સર્વ લોકો ક્ષુભિત થયા. તેમજ સર્વ નગરમાં હાહાકાર થઈ ગયો અને દરેક ઠેકાણે આ વાત પ્રસરી ગઈ.

**વિદ્યાનો ચમત્કાર.**

આ વાત મનોરથના સાંભળવામાં આવી. તેથી તેણે મહેંદ્રસિંહને કહ્યું કે જો તમે કહેતા હો તો હું રાજકુમારને ક્ષણમાત્રમાં સજીવન કરૂં. કારણ કે આ સંબંધી મ્હને પણ મ્હારા ગુરૂએ ઉત્તમ ઉપદેશ આપ્યો છે. એમ સાંભળી મહેંદ્રસિંહ બોલ્યો હે વત્સ ? આ વિચાર તું ત્હારા મનમાં પણ લાવીશ નહીં કારણકે અહીયાં જે કોઇ મંત્ર, તંત્ર, કે ઔષધના પ્રયોગ કરે છે તે વિષ

ભોજીની માફક એકદમ અચેતન થઈ પૃથ્વીપર પડી જાય છે. વળી જ્યાં અનેક રાજલોકો પણ આવેલા છે ત્યાં આગળ કિંચિત્ ગુણવાન્ એવા ત્હારા જેવા વાણીયાની શી ગણતરી ? તેમજ અન્યત્ર પણ કહ્યું છે કે—

यस्य वज्रमणेर्भेदे, विद्यन्ते लोहसूचयः ।

करोतु तत्र किं नाम, नारीनखविलेखनम् ॥

અર્થ—"જે વજ્રમણિને વિંધવામાં લોઢાની સોયો પણ ભાંગી જાય છે તે વજ્રમણિને સ્રીયોના નખ શી રીતે વિંધી શકે ?" માટે હે વત્સ ? સાહસ કાર્યમાં પોતાનું જીવિત તું શા માટે વિનાશ કરે છે ? મ્હારૂં કહેવું માની છાનો માનો બેસી રહે. એમ સાંભળી મનોરથ બોલ્યો હે શેઠજી ? આપનું કહેવું સત્ય છે. એમાં કોઈ પ્રકારનો સંદેહ નથી. પરંતુ આ સર્વ લોકો બહુ દુઃખી થયેલા છે. તેઓની સ્થિતિ જોઈ મ્હને દયા આવે છે. વળી સત્પુરૂષો પરોપકારને માટે પોતાના જીવિતને પણ તૃણ સમાન ગણે છે. જીવિત અને લક્ષ્મી કોને ઇષ્ટ ન હોય ? છતાં સમય ઉપર તે બન્ને તૃણથી પણ હલકાં થઈ પડે છે. વળી આજે પાછલી રાત્રીએ મ્હને સ્વપ્ન આવ્યું હતું. તે ઉપરથી હું મ્હારા આત્માનું સર્વથા કુશલપણું જોઉં છું. એ પ્રમાણેનું મનોરથનું વચન માન્ય કરી મહેંદ્રસિંહ તેને રાજા પાસે લઇ ગયો અને તેની શક્તિ કહી બતાવી. ત્યારબાદ રાજા કુમારને સજીવન કરવા માટે તેની પાસે લઈ ગયો. ત્યાં જતી વખતે મનોરથે પણ નૈષેધિકીનો ઉપચાર કરી પંચપરમેષ્ઠીના સ્તોત્રનો પ્રારંભ કર્યો જેમકે—પ્રચંડ મોહરૂપી મલ્લને ભેદવામાં કુશલ, આઠ મહાપ્રાતીહાર્યવડે વિભૂષિત અને ભવ્ય જનોરૂપી કમલોના પ્રતિબોધક એવા સર્વ જીનેંદ્ર ભગવાનને નમસ્કાર ? સિદ્ધિ સુખમાં મગ્ન થએલા, દર્શન અને ઉત્તમ જ્ઞાનરૂપી તેજવડે વિરાજીત અને ત્રણ લોકમાં પ્રસિદ્ધિ પામેલા સર્વ સિદ્ધ પરમાત્માઓને વારંવાર નમસ્કાર. તેમજ

કામરૂપી મદોન્મત્ત હસ્તીના ગંડસ્થળ ભેદવામાં સિંહ સમાન, વિશુદ્ધ ગુણરૂપી રત્નોને આશ્રય આપવામાં રોહણગિરિ સમાન અને પાંચ પ્રકારના શુદ્ધ આચારના પાલન કરનાર એવા સર્વે આચાર્યોને નમસ્કાર કામરૂપી અગ્નિને શાંત કરનાર, નિરંતર મુનિઓને ઉચિત સ્વાધ્યાય દાન આપવામાં મગ્ન થએલા અને સિદ્ધિરૂપી સ્રીએ હમ્મેશાં ધ્યાન કરાએલા; સમસ્ત ઉપાધ્યાયોને પ્રેમ પૂર્વક નમસ્કાર, વળી જેઓએ સર્વ સંગનો ત્યાગ કર્યો છે, તેમજ પ્રબળ તપશ્ચર્યાવડે જેઓનાં સર્વ અંગ સુકાઈ ગયાં છે અને બહુ પ્રકારના ઉપસર્ગો સહન કરવામાં જેઓનો નિશ્ચય દૃઢ હોય છે એવા મુનિયોને બહુ ભક્તિ પૂર્વક અમે નમસ્કાર કરીએ છીએ. વળી જેઓએ સંસારરૂપી કુવામાં પડેલા સર્વ જગત્નો ઉદ્ધાર કર્યો છે એવા પરમ પુરૂષોના શરણને આ દાસ જન પ્રાપ્ત થએલો છે. " આ પ્રમાણે પરમપદે વિરાજમાન, સર્વ દુઃખથી વિમુક્ત, નિર્ભય સ્થિતિવાળા અને ત્રણે કાળમાં રહેલા એવા પંચપરમેષ્ઠીઓનું જે સ્તવન કરે છે તે પ્રાણી અતિ દુસ્તર દુઃખ સાગરને તરી જાય છે. અને તે સ્તોત્રમાં લક્ષ રાખવાથી સાધુ અગર શ્રાવક મોક્ષ સુખને પામે છે." આ સ્તોત્ર ભણીને મનોરથે ફરીથી કુમારનાકાનમાં વિધિ પૂર્વક ધ્યાન સહિત ॐ ह्रीँ पञ्चपरमेष्ठिने नमः એ મંત્રનો એકવીશ વાર પાઠ કર્યો. આ મંત્ર શ્રવણના પ્રભાવથી વ્યંતરે ગ્રહણ કરેલો રાજકુમાર બોલ્યો પરમ દયાળુ એવા હે ધર્મબંધુ ? હાલમાં ત્હેં મ્હારો ઉદ્ધાર કર્યો. કારણ કે પંચપરમેષ્ઠીનું સ્તોત્ર સાંભળવાથી મ્હને અવધિ જ્ઞાન થયું છે. જેથી પૂર્વ ભવનું મ્હને જ્ઞાન થયું છે. તેમજ સૂર્યના તેજથી અંધકારની માફક મ્હારૂં મિથ્યાત્વ દૂર થયું છે. હવે વ્યંતર પોતાનો પૂર્વભવ કહે છે કે પ્રથમ ભવમાં શ્રાવક ધર્મને કલંકિત કરી આયુષના અંતમાં પુણ્યયોગે હું વ્યંતરપણે મહોરગની જાતિમાં ઉત્પન્ન થયો છું. વળી તેજ હું વનની અંદર

ક્રીડા કરતો હતો. તે વખતે કોગળા નાખતા આ કુમારે મ્હને બહુ દુઃખી કર્યો. તેથી કોપાયમાન થઇ નાગનું સ્વરૂપ ધરી હું એને કરડ્યો. વળી હાલમાં મ્હને શુભ એવું બોધિજ્ઞાન પ્રાપ્ત થવાથી મ્હારો રોષ શાંત થયો છે, હવે જો આપની આજ્ઞા હોય તો હું મ્હારા સ્થાનમાં જાઉં. પરંતુ કુમાર સહિત રાજાએ જૈન-ધર્મની આરાધના કરવી જોઇએ. એવી મ્હારી ભલામણ છે. કારણ કે આ બન્ને જણ જન્માંતરમાં પણ ત્હારી કૃપાથી સુખી થાય. એમ સાંભળી મનોરથ બોલ્યો, હે મહાશય! વિષથી મૂર્છિત થએલા આ સર્વે લોકોને પણ તું સચેતન કર. ત્યારબાદ વ્યંતરે મૂર્છિત થએલા સર્વે લોકોને વિષ રહિત કર્યા. પછી મનોરથે વ્યંતરને કહ્યું કે તું અન્ય કોઇ પાત્રમાં પ્રવેશ કર. મ્હારે કંઇક ત્હને પૂછવાની ઇચ્છા છે. પછી તે વ્યંતરે દીવામાં પ્રવેશ કર્યો. કે તરત જ નિદ્રા-માંથી જાગ્રત્‌ની માફક સંભ્રમ સહિત કુમાર બેઠો થયો. અને તે બોલ્યો હે તાત? આ સર્વે લોકો શામાટે અહીંયા એકઠા થયા છે? રાજાએ મૂળથી આરંભી સર્વ વૃત્તાંત તેની આગળ કહી સંભળાવ્યું.

**વ્યંતરનો પૂર્વભવ.**

ત્યારબાદ નૃપાદિક સમક્ષ મનોરથ બોલ્યો હે વ્યંતર? પૂર્વ ભવમાં દેશવિરતિ વ્રત શામાટે ત્હારે કલંકિત કરવું પડ્યું?

વ્યંતર બોલ્યો—આ ભરતક્ષેત્રમાં શિવપુર નામે નગર છે. તેમાં શિવભદ્ર નામે સમ્યક્‌ દૃષ્ટિ શ્રેષ્ઠી હતો. પ્રિયંવદા નામે તેની સ્ત્રી હતી. તેમને વરૂણ, ગુણચંદ્ર, સુંદર, યશોદેવ અને મહેંદ્ર નામે પાંચ પુત્ર હતા. તેઓનો એક બીજા ઉપર બહુ સ્નેહ હતો. પરંતુ તેઓ અધર્મમાં પ્રીતિવાળા અને ખરાબ ચેષ્ટાઓમાં તત્પર હતા. તેમજ દરેક અનર્થોનું તેઓ કુલભવન ગણાતા હતા. હવે એક દિવસ શેઠની યાનશાળામાં એક સૂરીશ્વર પધાર્યા હતા, તેમને વંદન કરવા માટે માર્ગમાં ચાલતા નાગરિક લોકોને જોઇ પોતાના પાંચ પુત્ર સહિત શિવભદ્ર શ્રેષ્ઠી પણ ત્યાં ગયો. સર્વ

લોકો વંદન કરી નીચે બેઠા. સૂરિએ પણ તેઓના હિત માટે સમ્યક્ત્વાદિ જૈનધર્મને ઉપદેશ આપ્યો. પછી શિવભદ્ર શ્રેષ્ઠીએ કહ્યું હે પ્રભુ ? આ મ્હારા પુત્રો શ્રાવક કુળમાં જન્મ્યા છે પરંતુ દેવ ગુરૂનું નામ માત્ર પણ જાણતા નથી. તો શ્રાવકના વિશેષ વ્રત સંબંધી અતિચાર જાણવાની તો વાત જ ક્યાંથી હોય ? પછી તેઓને ઉદ્દેશી ગુરૂ બોલ્યા પોતે શ્રાવક થઇ આ પ્રમાણે મરજી માફક ચાલવું તે તમને ઉચિત નથી. વળી મ્હોટા તરંગોથી વ્યાકુળ, મહામચ્છ, જળહસ્તિ અને મગર વિગેરે દુષ્ટ જળજંતુઓથી ભયંકર અગાધ સમુદ્રમાં પડેલા રત્નની માફક રાગ દ્વેષરૂપી ગ્રાહોથી ભરેલા અને જન્મજરા, મરણ તથા રોગરૂપી તરંગોવડે ક્ષોભાયમાન એવા આ સંસાર સમુદ્રમાં નષ્ટ થએલા મનુષ્ય ભવની ફરીથી પ્રાપ્તિ પણ દુર્લભ છે. તેમજ રૂપ સંપત્તિ વિગેરે અનેક ગુણ યુક્ત મનુષ્ય ભવ પામીને પણ ભવસાગરમાં નાવ સમાન જૈન ધર્મ બહુ દુર્લભ છે. વળી જૈન ધર્મ પામીને પણ જે પુરૂષ જરારૂપી સન્મુખ પવનથી પ્રેરાયેલા મરણરૂપી દાવાનળને નજીકમાં આવતા જોઇને પણ ધર્મમાં પ્રમાદ કરે છે તે પુરૂષ સન્મુખ પવનમાં ઓશીકે અગ્નિ સળગાવીને જીવવાની ઇચ્છા કરે છે. તેમજ જે પ્રાણી સંસારરૂપી દુઃખ સાગરમાં પડયો છતો ધર્મમાં પ્રમાદી થાય છે તે પુરૂષ અગાધ જળમાં ડુબેલા સમાન તથા બળતા મંદિરમાં સુઇ રહેલા સમાન છે. વળી વૈરી લોકો પ્રહાર કરે અથવા ચોર લોકો ધનસંપત્તિ લુંટી લે તોપણ જે વિશ્વાસ રાખી ઉંઘે છે તે પુરૂષ ધર્મમાં પ્રમાદી થાય છે. તેમજ ધર્મમાં પ્રમાદ કરવાથી દૃઢ ગોઠવેલા એવા પુરૂષાર્થો જરૂર વિખરાઇ જાય છે અને સારી રીતે ધર્મની આરાધના કરવાથી બહુ કાલથી છુટા પડેલા પણ પુરૂષાર્થો તત્કાલ પ્રાપ્ત થાય છે. એ *પ્રમાણે દેશના સાંભળી શિવભદ્ર શ્રેષ્ઠીના પુત્રો સૂરિ પ્રત્યે વિનય*

પૂર્વક બોલ્યા. હે ભગવન્ ! અમારી યોગ્યતા પ્રમાણે અમને ધર્મોપદેશ આપો ગુરૂએ સર્વને સદ્દર્શનનો ઉપદેશ આપીને દિગ્વિરતિ પર્યંત પ્રાણી વધાદિકથી વિરામ પામવા વિષે બરોબર ઉપદેશ આપ્યો. જેથી તેઓએ દિગ્વ્રત ગ્રહણ કર્યું. અને બાકીનો ઉપદેશ શ્રદ્ધાપૂર્વક ગ્રહણ કરી મરણ પર્યંત મન, વચન અને કાયાવડે મિથ્યાત્વનો ત્યાગ કર્યો. તેથી શ્રેષ્ઠી બહુ ખુશી થયો. અને વંદન કરી બોલ્યો હે ભગવન્ ! ધર્મ સંબંધી ઉપદેશ આ મ્હારા પુત્રોને શું કોઇએ નહીં આપ્યો હોય ! પરંતુ ભરેલા ઘડામાં જેમ પાણી અંદર ઉતરતું નથી તેમ આ લોકોને પણ દૈવયોગે આજ સુધી ધર્માચાર્યોનાં વચન પરિણમ્યાં નહીં. પણ આજે આપનો ઉપદેશ એમને અમૃતની માફક રૂચિકારક થયો છે. ત્યારબાદ ગુરૂએ શ્રેષ્ઠીના પુત્રોને બોધ આપ્યો કે તમે ધર્મમાં દૃઢ થાઓ એ પ્રમાણે ગુરૂનું વચન માન્ય કરી તેમના ચરણ કમલમાં પ્રણામ કરીને પોતાના પિતા સહિત તેઓ પોતાના ઘેર ગયા. ત્યારબાદ તેઓ ધર્મ ધ્યાનમાં આસક્ત થઇ દિવસો નિર્ગમન કરવા લાગ્યા. તેથી તેમની કીર્ત્તિ સર્વ ઠેકાણે પ્રસરી ગઇ અને ધર્મમાં પ્રવીણતા મેળવી તેમજ ધનુર્વેદમાં કુશલ અને સત્યવાદી એવા તે વણિક્પુત્રો સર્વસંપત્તિઓના પાત્ર થઈ ગયા.

**રાજાનિ યોગ.**

ત્યારબાદ તેઓની પ્રસિદ્ધિ તે નગરના રાજાએ સાંભળી તેથી તેણે શિવભદ્ર શ્રેષ્ઠીને બોલાવી આદર સહિત એકાંતમાં કહ્યું કે હે શ્રેષ્ઠિન્ ? મ્હારે કોઈપણ પિતા, બંધુ કે સ્વજન વર્ગ નથી, માટે આપના પુત્રોને આપ કહો કે મ્હને સહાય કરે. મ્હારી સાથે ફરવા માટે બહાર નીકળે. અને દરેક કાર્યમાં મ્હારી સાથેજ રહે. નહીં તો હે શ્રેષ્ઠિન્ ! મ્હારા મનની શાંતિ કોઇ પણ સમયે

થવાની નથી. તે સાંભળી શ્રેષ્ઠી બોલ્યો હે રાજન્ ? મ્હારૂં જીવિત પણ આપના આધીન છે તો પુત્રો હોય તેમાં શી નવાઇ ? પરંતુ તેઓ વ્રત ધારી શ્રાવક થયા છે. તેથી તેઓ નરકાદિ દુઃખના કારણભૂત એવા પ્રચંડ કાર્યોના અધિકારોથી વિરક્ત થયા છે. તેમજ ચૈત્યવંદનાદિક ધર્મ કાર્યમાં નિરંતર તત્પર રહે છે અને ધર્મના ઉપદેશક મુનિઓ પાસે હમ્મેશાં તેઓ જાય છે. માટે આ મ્હારા પુત્ર આપની સહાયમાં કેવી રીતે વર્ત્તશે ! રાજા બોલ્યો એવાં ઉગ્ર કાર્ય તેમની પાંસે નહીં કરાવીએ ચૈત્યવંદન વિગેરે ધર્મ કાર્ય કરવામાં તેઓને કોઇપણ વિઘ્ન અમે નહીં કરીએ. માત્ર મ્હારી પાસેજ તેમને રહેવું પડશે. આ પ્રમાણે રાજાનું વચન માન્ય કરી શિવભદ્ર શ્રેષ્ઠી પણ પોતાના ઘેર ગયો. પ્રભાતમાં પુત્રોને શિખામણ દઇ રાજદ્વારમાં વિદાય કર્યા. તેઓ પણ રાજા પાસે ગયા અને પોતાની અનુકુલતા પ્રમાણે કબુલ કરી રાજ સેવામાં હાજર રહેવા લાગ્યા તેમજ નિરંતર ધર્મ સેવા પણ ચુકતા નથી એમ કેટલોક સમય ગયો એવામાં એક દિવસ રાજાએ તેઓને કહ્યું કે હાલમાં મ્હારે અગત્યનું એક કાર્ય આવી પડયું છે તે તમ્હારા વિના બીજા કોઇથી સિદ્ધ થાય તેમ નથી. તેઓ બોલ્યા હે રાજાધિરાજ ! ખુશીથી ફરમાવો, રાજા બોલ્યો બહુ બલવાન્ એવા ચાર મ્હોટા રાજાઓ ચારે દિશાઓમાં મ્હારા વિરૂદ્ધ પડયા છે અને પાંચમો રાજા મલયાચલ દુર્ગમાંથી આપણા દેશ ઉપર હુમલો કરી રહ્યો છે. માટે બુદ્ધિબલ સહિત તમે પાંચે ભાઇઓ હસ્તીબલ સાથે લઇ પાંચે શત્રુઓ ઉપર શક્તિ મુજબ યુદ્ધ કરવા જેને જે યોગ્ય હોય ત્યાં તે ચાલ્યા જાઓ અને જય મેળવી આપણા રાજ્યની આબાદી કરો. વળી અમે અહીં દેશની અંદર રહીએ છીએ તેથી અહીંની ચિંતા તમ્હારે કંઇ પણ કરવી નહિં. માટે તમે જલદી તૈયાર થાઓ. એમ કહ્યા

બાદ પાંચે ભાઇઓ પોતાના પિતા પાસે ગયા અને રાજાએ કહેલી વાર્ત્તા તેમની આગળ એકાંતમાં કહી.

**શિવભદ્રશ્રેષ્ઠી.**

શિવભદ્રશ્રેષ્ઠી રાજા પાસે ગયો અને પોતાનો અભિપ્રાય કહ્યો કે હે રાજન્ ! એક મ્હારી વિનતિ છે તે આપ કૃપા કરી સાંભળો. ભલે મ્હારા ચાર પુત્રને આપના કાર્ય માટે મોકલો પરંતુ નાનો પુત્ર જઇ શકે તેમ નથી કારણકે એક નૈમિત્તિકે તેને વિશમે વર્ષે દેહાંત આપત્તિ કહેલી છે. માટે હે નરેંદ્ર ! આ તેનું વિશમું વર્ષ ચાલે છે. રાજા બોલ્યો શું અહીં રહેવાથી તેનો બચાવ થશે ખરો ? કોઇ પણ દિવસ ભવિતવ્યતા અન્યથા કરવા કોઇ સમર્થ નથી. શ્રેષ્ઠી બોલ્યો આપનું કહેવું સત્ય છે પરંતુ સોપક્રમ અને નિરૂપક્રમના ભેદથી આપત્તિ બે પ્રકારની છે. તેમાં સોપક્રમ–શીથીલ વિપત્તિ ઉપાય કરવાથી શાંત થાય છે અને નિરૂપક્રમ આપત્તિ તો નિકાચિત્ત કર્મ સંબંધને લીધે શાંત થતી નથી, એમાં વિશેષ હકિકત તો જ્ઞાની જાણે ! પરંતુ બન્ને પ્રકારની વિપત્તિમાં અવશ્ય ઉપાય કરવો જોઇએ. વળી સોપક્રમ ઉપદ્રવનો નાશ થવાથી કાર્ય સિદ્ધિ થાય છે અને નિરૂપક્રમથી જરૂર મરણ થાય છે એમ પણ સાંભળવામાં આવે છે કે આપત્તિથી રક્ષણ કરાયેલો પ્રાણી સો વર્ષનો થઈ શકે છે એમ લોક પ્રસિદ્ધ કહેવત છે. વળી આ પ્રસંગે એક કથાનક કહેવાય છે કે–પોતનપુર નામે એક નગર છે તેમાં મૃગાંક નામે રાજા બહુ વિખ્યાત હતો. નીતિઘટ નામે તેનો મંત્રી હતો. અને રોહિણી નામે તેની સ્ત્રી હતી. તેને ગર્ભ રહ્યાં ત્રણ માસ થયા એટલે મંત્રીએ નૈમિત્તિકને પૂછ્યું. આ સ્ત્રીને પુત્ર થશે કે પુત્રી ? નૈમિત્તિક બોલ્યો આ સ્ત્રીને પુત્ર જન્મશે. પરંતુ વિશ વર્ષ સુધી તમ્હારે એનું બરોબર રક્ષણ કરવું. નહિ તો જરૂર તે પુત્ર કુલનો નાશ કરનારો થશે. કારણકે જે લગ્નમાં ત્હેં પ્રશ્ન કર્યો

છે તેજ લગ્નમાં તેનો જન્મ પણ થશે. અને વિશ વર્ષ થયા પછી અનુક્રમે તે પુત્ર ત્હારા કુલની વૃદ્ધિ કરનારો થશે. માટે આ સ્ત્રીને આજથી હવે ભોંયરામાં રાખો અને પ્રસવ પણ ત્યાંજ કરાવવો. આ વાત કોઇ ન જાણે તેવો બંદોબસ્ત રાખવો. પછી મંત્રીએ તે દિવસથી પોતાની સ્ત્રીને ભોંયરામાં રાખી. માસ પૂર્ણ થવાથી પુત્રનો જન્મ થયો. રોહિણીની વ્હેને સૂતિકા કર્મ ગુપ્ત રીતે કર્યું. કોઇના જાણવામાં આ વાત આવી નહીં. ત્યારબાદ મંત્રીએ તેની વ્હેનને પણ પરદેશમાં મોકલી દીધી અને હમ્મેશાં પુત્રની સારવાર રોહિણી પોતેજ સાવચેતીથી કરતી હતી, અનુક્રમે તે પુત્ર પાંચ વર્ષનો થયો. એટલે અભ્યાસ માટે તેને ગુપ્ત રીતે કલાચાર્યને સોંપી દીધો ન્યાય, વ્યાકરણ, સાહિત્ય વિગેરે શાસ્ત્રો દશ વર્ષની અંદર તે શીખી ગયો. તોપણ કલાચાર્યનો સંબંધ તે છોડતો ન હોતો.

**બાલપંડિતા.**

મંત્રીના ઘરની પાસે એક બાલપંડિતા રહેતી હતી, તેણીએ તેના ઉપાધ્યાયને પૂછયું કે હમ્મેશાં તમે કયાં જાઓ છો ? શયન અને ભોજન સમયેજ તમે ઘેર દેખાઓ છો. ત્યારે ઉપાધ્યાય બોલ્યો હમ્મેશાં એવા પ્રસંગ આવી પડે છે કે કોઇને કોઇ ઠેકાણે જવું પડે છે. ફરીથી બાલપંડિતા બોલી દરરોજ મંત્રીના ઘરમાં આવતા જતા તમને હું જોઉં છું. તો ત્યાં નિત્ય એવું શું કામ હોય છે ? ઉપાધ્યાય બોલ્યો, વત્સે ! આ બાબત ત્હારે પુછવી નહીં. કારણકે સ્ત્રીયોનું હૃદય બહુ તુચ્છ હોય છે. અને કોઇ પણ ગુપ્ત વાત કરી હોય તો તેઓના હૃદયમાં ક્ષણ માત્ર પણ તે ટકતી નથી. તે સાંભળી તેણીએ પ્રતિજ્ઞાપૂર્વક સર્વ વૃત્તાંત પૂછી લીધું. ત્યારબાદ તેણીએ પોતાના ઘરથી આરંભીને તે ઘરના ભોંયરા સુધી એક વિશાળ સુરંગ ખોદાવીને તેની અંદર થઈ તે ભોંયરામાં જઇ

તેણિએ મંત્રીના પુત્રની મૂલાકાત લીધી. પછી પુત્ર બોલ્યો તું કોણ છે? અહીં શામાટે આવી છે? બાલપંડિતા બોલી હું શેઠની પુત્રી છુ અને આપના દર્શન માટે અહિંયાં આવી છું. વળી તું કયાં રહે છે? ફરીથી તે બોલી આ નગરની અંદર મ્હારા પિતાના ઘર પાસે ઘરદેરાસર, કૂપ, વાપી વિગેરેથી સુશોભિત મ્હારા પિતાની હવેલી છે તેમાં હું રહું છું. ફરીથી તેણે પૂછયું કે મંદિર તથા નગરાદિકનું સ્વરૂપ કેવું હશે? તેમજ ચંદ્ર સૂર્યનાં નામ પણ હું નામમાલામાં ભણી ગયો છું પરંતુ તેમનું સ્વરૂપ હું જાણુતો નથી. બાલપંડિતા બોલી હે કુમાર? મ્હારી સાથે ચાલ હું તને પ્રત્યક્ષપણે સર્વ બતાવું. ત્યાર બાદ તેનીસાથે તે બહાર નીકળી નગરની અંદર ફરવા લાગ્યો. અને જે જે વસ્તુઓ જુએ છે તે સર્વનાં નામ તે બાળાને પુછે છે. કેટલોક સમય નગરમાં ફેરવી ફરીથી તેને પોતાના સ્થાનમાં તે લઇ ગઇ. કુમાર બોલ્યો હે બાલ પંડિતે? દરરોજ ત્હારે અહીં આવવું અને અનુક્રમે દરેક પદાર્થોનું જ્ઞાન મ્હને કરાવવું એ પ્રમાણે તેનું વચન માન્ય કરી હમ્મેશાં બાલપંડિતા તેની પાસે જવા લાગી અને નગરની અંદર ફરીને દરેક પદાર્થો તેને બતાવવા લાગી. ગ્રહ, નક્ષત્રાદિકનું પણ પ્રત્યક્ષ જ્ઞાન તેને કરાવ્યું. ત્યારબાદ તે બોલ્યો હે સુભગે? મ્હારે રાજકુલમાં જવું છે માટે ત્યાં તું મ્હને લઇ જા ત્યાર બાદ બાલપંડિતા તેની સાથે ગઇ અને દૂર ઉભી રહી ને તેને સર્વ રાજભવન બતાવ્યું એમ અનુક્રમે જોવા લાયક ઘણો ખરો ભાગ તેને બતાવી દીધો. પછી તેણીએ કહ્યું કે હવે હું આપની પાસે આવીશ નહીં, કારણ કે જો આ વાત તમ્હારા પિતાના જાણુવામાં આવે તો મ્હારા પિતાને બહુ અડચણ થાય તેમજ તમ્હારે પણ હવેથી બહાર નીકળવું નહી. કારણકે નૈમિતિ કે વિશ વર્ષ સુધી તમને બહાર નીકળવાની ના પાડી છે. એમ કહી તે પોતાના ઘેર ચાલી ગઇ.

ત્યાર બાદ તે કુમારને દરરોજ ફરવાનું વ્યસન પડયું જેથી તે રાત્રીના સમયે ભ્રમણ કરવા લાગ્યો તેવામાં તેને કોઈક ત્રીદંડીનો સમાગમ થયો અને તેની સાથે બહુ સ્નેહ બંધાયો તેથી

**ત્રીદંડી**

ત્રીદંડીએ તેને અદ્રશ્ય થવાની વિદ્યા આપી. તે વિદ્યાના પ્રભાવથી અદ્રશ્ય રૂપ કરીને એક દિવસ તે રાજભવનમાં ગયો પ્રાહરિક લોકો ન જાણે તેવી રીતે ખાસ રાજાના શયન સ્થાનમાં તેણે પ્રવેશ કર્યો અને રત્નમય દર્પણ, તરવાર, છરી અને બીજક સહિત બાહુ રક્ષક લઇ લીધાં બાદ ચુનાના લેપથી રાજાની નાસિકા રંગી ને તે પોતાના સ્થાનમાં ચાલ્યો ગયો પછી દર્પણાદિક સર્વ વસ્તુઓ ગુપ્ત ઠેકાણે મૂકીને તે સુઇ ગયો. ત્યાર બાદ રાજા પણ પ્રભાત કાલમાં જાગી ઉઠયો અને પોતાનું મુખ જોવા માટે દર્પણ સ્હામી દૃષ્ટિ કરે છે તેટલામાં દર્પણ તેની નજરે પડયું નહીં એવામાં ત્યાં અંગરક્ષિકા આવી અને ચુનાથી ધોળેલી નાસિકા જોઇ રાજાને કહ્યું કે હે સ્વામિન્ ? નાક ઉપર ચુનો કેમ ચોપડયો છે ? પછી રાજાએ બીજું દર્પણ મંગાવીને જોયું તો નાકની શોભાવિલક્ષણ જોવામાં આવી તેથી રાજાને બહુ ક્રોધ થયો અને વિચારમાં પડયો કે આ અકૃત્ય કોણે કર્યું હશે ? ત્યારબાદ તરવાર ઉપર રાજાની દૃષ્ટિ પડી તો તે પણ તેના જોવામાં આવી નહિ પછી છરી લેવા ગયો તો તે પણ દીઠી નહી. તેમજ બાહુ રક્ષક જોવામાં આવ્યો નહીં. તેથી રાજા બહુ ક્ષોભાયમાન થઇ ગયો અને પ્રાહારિક લોકોને કહ્યું કે અરે ? તમ્હારા પ્રમાદને લીધે મ્હારૂં સર્વસ્વ કોણ લઈ ગયું ? તેનો જલદી તમે તપાસ કરો. પ્રાહરિકો બોલ્યા, હે રાજન્ ! કોઇ પણ અન્ય પુરૂષ અહીં આવી શકે એ બનવું બહુ અશકય છે. કારણ કે આપના શયન ભવનનું દ્વાર અમોએ બંધ કર્યું હતું. તેમજ આખી રાત સાવધાનપણે

અમે ઉભા રહ્યા છીએ. ક્ષણમાત્ર પણ અમોએ પ્રમાદ કર્યો નથી તે સાંભળી રાજા બહુ ક્રોધાતુર થઈ ગયો અને લાલ નેત્ર કરી પ્રધાનાદિકની આગળ દર્પણાદિકની ચોરી કહી સંભળાવી પ્રધાને વિચાર કરી કહ્યું કે, હે સ્વામિન્ ! બહુ પરાક્રમી એવા હજારો સુભટોથી રક્ષણ કરાતા આપના ભવનમાં ચોરી કરનાર સામાન્ય પુરૂષ ન જાણવો. પરંતુ વિદ્યાધરની માફક વિદ્યાસિદ્ધ અને હજારો સુભટોથી પણ દુર્ગ્રાહ્ય એવો તે ચોર હોવો જોઇએ. તેમ છતાં જો તેને પકડવાની ઇચ્છા હોય તો ચોટાની અંદર મધ્ય ભાગમાં બહુ ઉંચો અને કોઈ પ્રવેશ ન કરી શકે તેવો એક મ્હેલ કરાવો. તેની ચારે બાજુએ નાના પ્રકારના ચોકીદાર મૂકો અને તેની અંદર નવયૌવન વડે અતિ વિભૂષિત અને મનમોહક એવી વાસવદત્તા નામે કુમારીનો મુકામ કરાવો વળી તેને કહેવું કે હે વત્સે ! જે કોઇ પુરૂષ ત્હને આ બુદ્ધિથી દર્પણાદિક આપે તેને ત્હારે પરણવું. શુભ લગ્ન અને ઉત્તમ મુહુર્ત તેજ દિવસે ત્હારે સમજવું એ પ્રમાણે નિશ્ચય કરી મંત્રી મધ્યાન્હ પછી પોતાને ઘેર ગયો. અને ભોજન કાર્ય માટે પોતાના પુત્રની પાસે તેની માને પહેલી મોકલી ભોજનની વાર થઈ એમ જાણી પુત્ર બોલ્યો હે જનની ! આજે એવું શું કામ હતું કે આટલી વાર લાગી ! માતાએ પણ દર્પણાદિકની ચોરી સંબંધી વાત કહી અને તેની પ્રાપ્તિ માટે ત્હારા પિતા આજે રોકાયા હતા. વળી મ્હેલ ચણાવીને તેની અંદર વાસવદત્તા રાજકુમારીને રાખી છે. આ ઉપાય કરવાના કારણને લીધે ત્હારા પિતાને પણ આજે બહુ વિલંબ થયો છે. તેમજ તેમની આજ્ઞા લઇ તરતજ હું અહીં આવી છું. તે સાંભળી કુમારે ભોજન કરી લીધું અને પોતાની માને વિદાય કરી.

રાજાએ નિર્માણ કરેલા મ્હેલમાં વાસવદત્તા રાત્રીના સમયે

**વાસવદત્તા અને મંત્રી પુત્ર**

બેઠી હતી. ચોકી પહેરો ચારે તરફ મોજુદ હતો. છતાં રાત્રીના સમયે અદ્રશ્ય થઇ મંત્રી પુત્રે રાજાનું ખડગ લઈ મ્હેલની અંદર પ્રવેશ કર્યો. કુમારને જોઈ વાસવદત્તા બોલી. તું કોણ છે ? મંત્રી પુત્ર બોલ્યો આટલી રાત્રીએ પરસ્થાનમાં કોણ પ્રવેશ કરે ? તે સાંભળી વાસવદત્તા સમજી કે જેણે રાજાની ચોરી કરી છે તેજ આ પુરૂષ છે. એમ જાણી તે વિતર્ક કરવા લાગી કે આ તે ઇંદ્ર છે કે કોઇ વિદ્યાધરેંદ્ર છે ! વળી રૂપ અને કાંતિ ઉપરથી કામદેવ અથવા કોઇ દેવ દાનવ જણાય છે. ભલે ગમે તે હોય પરંતુ એની સાથે જરૂર મ્હારે લગ્ન કરવું જોઇએ. એમ નક્કી કરી કુમારના હાથમાંથી ખડગ લઈ વાસવદત્તા બોલી હે મહાભાગ ! પોતાના પુણ્યથી પ્રાપ્ત થયેલી મ્હને તું પરણીને કૃતાર્થ કર ! કુમાર બોલ્યો, હે સુભગે ! મ્હારૂં નામ, કુલ, ગૃહાદિક કંઇ પણ તું જાણતી નથી છતાં તું મ્હને કેવી રીતે પરણીશ ! વાસવદત્તા બોલી તમ્હારા ગુણો ઉપરથી કુલાદિક સર્વ પ્રસિદ્ધ જણાય છે માત્ર મ્હારે તમને કહેવાનું એટલુંજ છે કે રાજાની દર્પણાદિક લીધેલી વસ્તુઓ તમારે મ્હને આપવી પડશે. એમ કહી ગંધર્વ વિવાહથી તે તેને વરી. કુમાર પણ ક્ષણમાત્ર ત્યાં રહી પોતાના સ્થાનમાં ગયો. ત્યાર બાદ હમ્મેશાં તે કુમાર રાત્રીએ વાસવદત્તાની પાસે જવા લાગ્યો. અને દર્પણાદિક સર્વ વસ્તુઓ વાસવદત્તાને સ્વાધીન કરી. તેણીએ પણ તે સર્વ વસ્તુઓ રાજા પાસે મોકલી આપી. તોપણ નાક ઉપર ચુનો ચોપડવાથી ઉત્પન્ન થએલો જે રાજાનો ક્રોધ હતો તે શાંત થયો નહીં. તેથી તેણે મંત્રીને કહ્યું કે વાસવદત્તાની પાસે જઇ તેને જણાવો કે કોઈપણ ઉપાયથી ચોરી કરનાર તે પુરૂષને મ્હારી પાસે તે મોકલે. એટલે હું

પોતેજ તેને મારી નાખું. અન્યથા મ્હારો ક્રોધ શાંત થવાનો નથી. મંત્રી બોલ્યો, હે સ્વામિન્ ! તેને આપ કેવી રીતે મારી શકશો ? કારણ કે તે તો આપનો જમાઈ થયો છે. રાજાએ કહ્યું ત્હારૂં કહેવું સત્ય છે. પરંતુ મ્હારો ક્રોધ શાંત થતો નથી. પ્રધાન બોલ્યો બુદ્ધિમાન્ પુરૂષે આનંદના સ્થાનમાં રોષ કરવો નહીં. કારણ કે ચોરેલો માલ આપણો બધો પાછો આવ્યો છે. એટલુંજ નહીં પરંતુ પ્રાણ થકી પણ વિશેષ પ્રિય એવી આપની પુત્રી તેની સાથે પરણી છે. અને હજુ પણ આપના પ્રસાદને તે બહુ લાયક છે માટે પ્રસન્ન થઈ આપની પાસે તેને બોલાવરાવો. વિગેરે બહુ યુક્તિઓવડે પ્રધાને રાજાનો ક્રોધ દૂર કર્યો.

**પુત્રજન્મ.**

રાજાએ વાસવદત્તાને કહેવરાવ્યું કે ત્હારા પતિને મ્હારી પાસે લાવ. કારણ કે તેની ઉપર હું બહુ પ્રસન્ન થયો છું. તેથી મ્હારે ત્હેનો બહુ સત્કાર કરવાનો છે. વાસવદત્તાએ પણ પોતાના પિતાનો સંદેશો પોતાના પતિ આગળ કહ્યો. મંત્રી પુત્ર બોલ્યો હે સ્ત્રી ! પાંચ વર્ષ પછી હું રાજા પાસે આવીશ. પછી વાસવદત્તાએ પણ પોતાના પિતાને તે સમાચાર આપ્યા. એમ કેટલોક સમય વ્યતીત થતાં વાસવદત્તાને એક પુત્ર જન્મ્યો. ત્યાર બાદ લોકો ન દેખી શકે ? તેવી રીતે અદૃશ્ય થઇ તે કુમાર હમ્મેશાં વાસવદત્તાની પાસે પુત્રને રમાડવા માટે તે આવતો અને પાછો પોતાને ઘેર જતો હતો. એમ કરતાં તેને પાંચ વર્ષ પુરા થયાં. ત્યારે તેણે વાસવદત્તાને કહ્યું કે તું ત્હારા પિતાની પાસે જા. હું પણ સાત દિવસ પછી જરૂર ત્યાં આવીસ. ત્યાર બાદ વાસવદત્તાએ પોતાના પિતા પાસે જઇ પોતાનો પુત્ર બતાવ્યો. રૂપાદિક ગુણ અને લક્ષણોથી પૂર્ણ એવા તે પુત્રને જોઈ રાજાએ પોતાના ખોળામાં બેસારી વારંવાર ચુંબન કરી કહ્યું કે

હે વત્સ ! ત્હારા દર્શનથી ત્હારા પિતાનાં પણ દર્શન થયાં. પરંતુ ચકોરપક્ષી પૂર્ણિમાના ચંદ્રને જેમ ઇચ્છે છે તેમ મ્હારૂં હૃદય પણ ત્હારા પિતાના દર્શન કરવામાં બહુ ઉત્સુક થયું છે. એ પ્રમાણે તેને દરરોજ બહુ સ્નેહ પૂર્વક પોતાના ખોળામાં બેસારી ચુંબન કરે છે અને નાના પ્રકારના અલંકાર પ્હેરાવે છે.

**મંત્રી પુત્રનો સમાગમ.**

મંત્રીના પુત્રને વિશ વર્ષ પુરાં થયાં તેજ દિવસે પોતાની સ્ત્રી સહિત મંત્રી ભોંયરામાં પોતાના પુત્રની પાસે ગયો. એકદમ મંત્રીને જોઈ પુત્ર પોતાની માને પુછવા લાગ્યો. હે જનની ? આ કોણ છે ? માતા બોલી ભાઇ ? આ ત્હારૂ પિતા છે. માટે એમને નમસ્કાર કર. તેણે પણ તરતજ પિતાને પ્રણામ કર્યો. મંત્રીએ આલિંગન કરી પ્રથમ કહેલું નૈમિત્તિકનું વચન તેને સંભળાવ્યું. ત્યાર બાદ મંત્રી તેને અગાશી ઉપર લઇ ગયો અને પોતાની સાથે સ્નાન વિગેરે કરાવીને તેને રાજા પાસે લઇ ગયો ત્યાં પ્રણામ કરી બન્ને જણ બેઠા એટલે રાજાએ પૂછયું હે મંત્રી ? આ કોણ છે ? મંત્રી બોલ્યો આ મ્હારો પુત્ર છે. તે સાંભળી રાજા વિસ્મિત થયો અને બોલ્યો, કોઇ દિવસ તમ્હારે પુત્ર થયો તે વાત અમે જાણી નથી છતાં આ શું ? મંત્રી એ રાજાના કાનમાં ગુપ્ત રીતે નૈમિત્તિકનું વચન કહ્યું તેમજ તેણે કરેલો ઉપાય પણ કહ્યો તેટલામાં બાલરક્ષક પુરૂષ વાસવદત્તાના પુત્રને લઇ ત્યાં આવ્યો અને તે પુત્ર પોતાના પિતાને જોઇને પ્રેમ પૂર્વક બાપા, બાપા; એમ બોલતો દૃઢ આલિંગન કરી તેના પિતાના ખોળામાં તે બેઠો. એટલે રાજા તેમજ ત્યાં બેઠેલા સર્વે લોકો તેને જોઇ બહુ ખુશી થયા. વળી તે સમયે મંત્રીના હૃદયમાં ક્ષોભ થયો. તેથી તે કંઇક બોલવાનો વિચાર કરતો હતો તેટલામાં રાજા પોતેજ બોલ્યો કે શું તે વીર પુરૂષ

તું પોતેજ છે ? હા હું છું એમ તેના કહેવાથી રાજાએ તેને પોતાની પાસે બોલાવી આલિંગન દઈ સત્કાર પૂર્વક પોતાની નજીક બેસાડયો. ત્યાર બાદ રાજ્યના પંચાંગનો પ્રસાદ કરી હાથી, ઘોડા, ખજાના, ઉત્તમ દેશ અને સર્વ રૂતુઓમાં વાસ કરવા લાયક ઉત્તમ એક મ્હેલ આપ્યો.

**રાજાનો મોક્ષ.**

એક દિવસ રાજા એકાંતમાં બેઠો હતો તે સમયે મંત્રીનો પુત્ર પણ ત્યાં હાજર હતો. રાજાએ તેને પૂછયું કે હે મહાશય ? તું સત્કુલમાં ઉત્પન્ન થયો છે છતાં આ નિંદિત કામ ત્હારે શા માટે કરવું પડયું ? મંત્રી પુત્ર બોલ્યો મ્હારા પિતાને નૈમિત્તિકે જે પ્રમાણે કહ્યું હતું તેના અનુસારે મ્હેં કાર્ય કર્યું છે. તેમાં કંઇપણ નિંદિતપણું નથી. રાજા બોલ્યો તે નૈમિત્તિક શું સત્ય વાદી છે ? મંત્રી પુત્ર બોલ્યો આ વિષયમાં હે નરેંદ્ર ? મ્હારાં કર્મ સત્ય છે. અને કર્મના અનુસારે મ્હેં આ પ્રમાણે આચરણ કર્યું. વળી જન્મ સમયે શુભાશુભ ગ્રહ, નક્ષત્ર, લગ્ન, યોગાદિક પણ કર્મથીજ આવી મળે છે, સિદ્ધાંતમાં પણ કહ્યું છે કે–દરેક પ્રાણીઓ પૂર્વે કરેલા કર્મોના ફલ વિપાકને ભોગવે છે. પણ ગ્રહ નક્ષત્રાદિક તો ફક્ત નિમિત્ત માત્ર થાય છે. અશુભ અને શુભ કર્મ-જન્ય સોપક્રમ કાર્યમાં વિશેષે કરી મુખ્ય પણે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ કારણ હોય છે. એમ અનેક પ્રકારનાં મંત્રી પુત્રનાં મનોહર વચનો સાંભળી રાજા સંસારથી વિરક્ત થયો અને તેનેજ પોતાનું રાજ્ય સોંપી દીક્ષા ગ્રહણ કરીને પોતે મોક્ષ સ્થાનમાં ગયો. આ પ્રમાણે શિવભદ્ર શ્રેષ્ઠીએ રાજાને દૃષ્ટાંત આપી ફરીથી કહ્યું હે નરેંદ્ર ? એમ બન્ને પ્રકારની આપત્તિમાં ઘણા ભાગે ઉપાય કરવાથી કાર્યસિદ્ધિ થાય છે. જેવી રીતે મંત્રીએ પુત્રના રક્ષણ માટે ઉપાય કર્યો તેવી રીતે મ્હારે પણ ઉપાય કરવો જોઈએ.

ત્યાર બાદ રાજાની આજ્ઞાથી તેણે પોતાના નાના પુત્ર મહેંદ્રને પોતાના ઘરમાં રાખ્યો. બાકીના ચારે પુત્રોને રાજાના હુકમ પ્રમાણે પોતે પણ યુદ્ધ કરવા જવાની આજ્ઞા આપી. પછી તેઓ ચારે દિશાઓમાં સૈન્ય સહિત શત્રુઓને જીતવા માટે ગયા. તેમાં પ્રથમ પુત્ર વરૂણ ચતુરંગ સેના સહિત મલયાચલ તરફ ચાલ્યો અને ત્યાં જઈ દુર્ગની તળેટીમાં તેણે પડાવ કર્યો.

**મહેંદ્રસિંહ.**

શિવભદ્રનો નાનો પુત્ર મહેંદ્રસિંહ વરૂણના સ્નેહને લીધે પોતાના પિતાની આજ્ઞા લીધા શિવાય મહા કષ્ટવડે ઘેરથી નીકળ્યો અને વરૂણની પાસે ગયો. વરૂણે પણ તેને પોતાની પાસે બહુ સાવચેતીથી રાખ્યો, અને પોતાના પિતા ઉપર લેખ મોકલી મહેંદ્રસિંહના સમાચાર જણાવ્યા કે એની ફીકર ચિંતા કરશો નહીં, ત્યારબાદ ત્યાં એક વૃદ્ધ ભીલ્લ આવ્યો અને વરૂણને કહેવા લાગ્યો કે હે મહાશય ! કૃપા કરી એકાંતમાં મ્હારી સાથે આપ ચાલો. આપને તેડવા માટે હું આવ્યો છું. વરૂણે પણ તેના કહેવા પ્રમાણે કબુલ કર્યું. પછી તે ભીલ્લ બોલ્યો મનુષ્યોએ પ્રવેશ કરી શકાય તેવી ગુફાની અંદર ઉંચે ચડવાની એક મ્હોટી સુરંગ છે, તે સુરંગ કિલ્લાના મધ્ય ભાગ સુધી લાંબી છે. અને તે ઠેકાણે એક સુંદર મહેલ છે, તેની અંદર શય્યામાં તે કિલ્લાઓનો અધિપતિ વિરાજે છે. તે કિલ્લો જો તું મ્હને આપે તો હું તને તેની પાસે લઈ જાઉં. વરૂણ પણ તે પ્રમાણે તેનું વચન માન્ય કરી તેની સાથે ચાલ્યો અને મહેંદ્રસિંહને પોતાના સૈન્યની અંદર રાખ્યો. ત્યારબાદ સુરંગમાં થઈ અનુક્રમે વરૂણ સહિત ભીલ્લ મહેલમાં ગયો. તેના મધ્ય પ્રદેશમાં ભીલ્લ લોકોનો તે અધિપતિ પોતાની સ્ત્રીઓ સાથે સુઈ ગયો હતો. તે વૃદ્ધ ભીલ્લે તેને તે બતાવ્યો. પછી તેજ

વખતે વરૂણની આજ્ઞાથી તેના સુભટોએ સ્ત્રીઓ સહિત તેને બાંધી બેડીઓથી કબજે કરી સેનાધિપતિને સોંપી દીધો, એટલે સેનાધિપતિએ પણ પોતાના રાજ્યમાં આરક્ષકજનોને રસ્તા માટે ભાતું આપી બંદોબસ્ત કરી તેને પોતાના રાજા પાસે મોકલાવી દીધો. તેમજ રાજાને ભેટ માટે સમાંગ તેની લક્ષ્મી પણ તેની સાથેજ મોકલાવી દીધી. અને પોતાના પિતાને પૂજવા માટે સ્ફટિક રત્નમય જીનેંદ્ર ભગવાનની પ્રતિમાઓ પણ ત્યાં મોકલાવી. ત્યારબાદ તે વૃદ્ધ ભીલ્લના કહેવાથી તેના પુત્રને તે દુર્ગાધિપના સ્થાનમાં સ્થાપન કર્યો અને તે દુર્ગમાં વરૂણે પોતાના અધિપતિની આજ્ઞા ફેલાવી.

**વ્યંતરદેવી.**

હવે મહેંદ્રસિંહ પોતે શિબિરમાં રહ્યો હતો. ત્યાં એક ભીલ્લ આવ્યો, તેણે મહેંદ્રસિંહની મુલાકાત લઇ તેને સિદ્ધિદાયક એક કલ્પનું ટિપ્પણુ આપીને કહ્યું કે દુર્ગગિરિ પાસે એક સુરંગ છે. ત્યાં ચાલો હું તમને નિર્વિઘ્નપણે ત્યાં લઇ જઇશ. પછી મહેંદ્રસિંહ પોતાનો પરિવાર ન જાણે તેવી રીતે હાથમાં તે કલ્પનું ટિપ્પણ લઇ ભીલ્લના કહેવા પ્રમાણે તે સુરંગની અંદર તેણે પ્રવેશ કર્યો. તેટલામાં ત્યાં આગળ એક વ્યંતરીનું ભવન તેણે જોયું. તેની અંદર પ્રથમ ગુણસ્થાને રહેલી એક વ્યંતરી બેઠી હતી. મહેંદ્રસિંહને જોઇ તે બોલી, હે સ્વામિન્! અહીં પધારો. મ્હારી સાથે ક્રીડા કરો. હું વ્યંતર લોકોની વારાંગના છું. મહેંદ્રસિંહ બોલ્યો દેવીઓ સાથે ભોગ ભોગવવાનો મન, વચન અને કાયાથી બન્ને પ્રકારે મ્હારે પ્રતિબંધ છે. તે સાંભળી ક્રોધાતુર થઇ વ્યંતરી બોલી જો મ્હારી સાથે તું ક્રીડા નહીં કરે તો ત્હારે અહીં આવવાનું શું કારણ? મહેન્દ્રસિંહ બોલ્યો, માત્ર કૌતુકને લીધે જ હું અહીંયા આવ્યો છું. માટે કંઇપણ

કૌતુક બતાવ. વ્યંતરી બોલી અરે મૂઢ ! મ્હારી સાથે રમવાથી અધિક બીજું કયું કૌતુક ત્હારે જોઇએ છે ? જો મ્હારી સાથે ભોગ નહીં ભોગવેતો હાલમાં જરૂર તું મૃત્યુવશ થઇશ. મહેંન્દ્રસિંહ બોલ્યો, હે મૃગાક્ષી ! ભલે મૃત્યુ થાય પરંતુ હું મ્હારા નિયમનો ભંગ કરીશ નહીં. વળી તું જણાવ કે પૃથ્વીના રમ ભાગ ભૂતળથી ત્હારૂં સ્થાન કેટલું દૂર છે ? વ્યંતરી બોલી મ્હારૂં રહેવાનું સ્થાન અહીંથી બહુ યોજન દૂર છે. મહેન્દ્રસિંહ બોલ્યો જો એમ હોય તો અધો દિશાએ ગમન કરવામાં મ્હારે એક યોજનથી વધારે ગમન કરવાનો નિયમ છે. માટે એક યોજનથી અધિક ગમન કરૂં તો દિગ્વ્રતમાં મ્હને બીજો અતિચાર લાગે. તે સાંભળી વ્યંતરી બહુ ક્રોધાતુર થઈ ગઇ અને મહેંન્દ્રસિંહને પાટુ મારવા જાય છે તેટલામાં કોઇક સમ્યગ્દૃષ્ટિ દેવ ત્યાં આવ્યો અને તે બન્નેની વચમાં પડયો. તેમજ મહેંન્દ્રસિંહને ત્યાંથી તે જલદી આકાશમાર્ગે ઉપાડી વરૂણના સૈન્યમાં તેને મૂકી દીવ્ય વસ્ત્રો આપીને તે દેવ પોતાના સ્થાનમાં ગયો. હવે વરૂણે ઉર્ધ્વદિશાએ ગમન કરવાના વ્રતની મર્યાદા કરવામાં વિચાર કર્યો ત્યારે તેને સ્મરણ થયું કે એક યોજનની મર્યાદાનો સ્વીકાર કર્યો છે, છતાં બે યોજન પ્રમાણ મ્હેં ગમન કર્યું એમ જાણી તે બહુ ખેદ કરવા લાગ્યો કે સર્વવિરતિ ધારણ કરવાની શક્તિ તો દૂર રહી, પરંતુ એક સાધારણ નિયમનો પણ મ્હેં ભંગ કર્યો. એક મગનો ભાર ઉપાડવામાં જે અશક્ત હોય તે પર્વતને કેવી રીતે ઉપાડી શકે ? જે મહાનુભાવમુનિઓ ત્રિવિધ ત્રિવિધ મન, વચન અને કાયાથી જીવન પર્યંત સર્વ વિરતિ વ્રત પાળે છે તેઓ વંદન કરવા લાયક કેમ ન થાય ? તેમજ પૂજવા યોગ્ય કેમ ન ગણાય ? હા ! હા ! હું મહાન્ અધમ ગણાઉં. કારણકે દેશવિરતિ પણ ન પાળી શકયો. એ પ્રમાણે વરૂણ બહુ પશ્ચા-

ત્તાપ કરી દુર્ગ નગરમાંથી નીચે ઉતરીને પોતાના મુકામમાં આવ્યો. અને મહેંદ્રસિંહની આગળ અતિચારાદિક સર્વ વૃત્તાંત નિવેદન કર્યું. ત્યારબાદ તેણે પણ પોતાનું ચરિત્ર અને અધો-દિશામાં ગમન કરવાથી લાગેલો અતીચાર પણ કહ્યો. પછી મહેંદ્રસિંહ સહિત વરૂણ ત્યાંથી પોતાના નગરમાં આવ્યો. રાજાને નમસ્કાર કરી દુર્ગગ્રહણાદિક સર્વ વાર્ત્તા નિવેદન કરી તેમજ પોતાના નિયમનો ભંગ પણ કહ્યો. રાજાએ કહ્યું કે મ્હારી આજ્ઞાથી તેમાં ત્હને કિંચિંત્ માત્ર પણ દોષ લાગવાનો નથી.

**ગુણચંદ્ર.**

પૂર્વ દિશામાં ગુણચંદ્ર ગયો હતો. તે અખંડ પ્રયાણ વડે તે દેશના સીમાડામાં ગયો અને તે દેશના રાજાને ખબર અપાવી. ત્યારબાદ યુદ્ધ કરવામાં બહુ કુશળ અને પૂર્વદિશામાં આભૂષણ સમાન તે દેશના અધિપતિએ પોતાના દૂત મારફત ગુણચંદ્રને કહેવરાવ્યું કે હે વણિક્પુત્ર ! પાંચ દિવસ સુધી મ્હારા દેશમાં ત્હારે પ્રવેશ કરવો નહીં. આ બાબતમાં જો તું કપટ કરે તો ત્હને ત્હારા દેવ ગુરૂના સોગન છે. વળી હું પોતેજ પાંચ દીવસ પછી ત્હારા સ્હામો આવીશ. આ પ્રમાણે સાંભળી ગુણચંદ્ર બોલ્યો હે દૂત ! પાંચ દિવસની અંદર જો હું ત્હારા શીમાડાનું ઉલ્લંઘન કરૂં તો જરૂર મ્હને આ સોગન છે. પણ જો ત્હારા કહ્યા પ્રમાણે ત્હારો સ્વામી નહીં આવે તો છઠે દિવસે હું આવીને ત્યાં બેઠેલા તેને પકડી લઈશ. એમ કહી દૂતને વિદાય કર્યો. પછી તે દૂતે પોતાના નગરમાં જઈ રાજાને સર્વ સમાચાર કહ્યા. રાજાએ દૂતને પૂછયું તે વાણિયાનું સૈન્ય કેટલું છે ? દૂત બોલ્યો, હે રાજન્ ! આપણા સૈન્ય કરતાં બમણું છે. અને ગુણ-ચંદ્ર પોતે બહુ પરાક્રમી છે, ક્રમવાર કાર્યનો સાધક છે. તેની પાસમાં મ્હોટા હાથીઓ રહેલા છે. માટે પોતાનો દેશ છોડી

દર્ઈને પણ પોતાના આત્માનું રક્ષણ કરો. અથવા દંડ આપીને છુટવાનો ઉપાય કરો. નહિં તો આપને જીવવું પણ મુશ્કેલ થશે, એમાં કંઇ સંશય નથી. એ પ્રમાણે સાંભળી રાજા ભયભીત થઈ ગયો અને રાત્રી દિવસ ગમન કરી ત્યાંથી બહુ દૂર ચાલ્યો ગયો. આ વાત તેના દૂતના કહેવાથી ગુણચંદ્રના જાણવામાં આવી એટલે તરતજ ગુણચંદ્ર તેની પાછળ ચાલ્યો. આગળ રાજા અને પાછળ ગુણચંદ્ર ચાલ્યો જાય છે. એમ કરતાં ગુણચંદ્ર સો યોજનથી કંઇક અધિક નીકળી ગયો તેવામાં તેને દિગ્વ્રતનું સ્મરણ થયું અને વિચાર કરતાં તેણે જાણ્યું કે નિયમથી દશ યોજન અધિક હું આવ્યો, તેથી મ્હારૂં દિગ્વ્રત કલંકિત થયું. વળી મ્હારા આભાસ માત્રથી તે રાજા નાશી ગયો. એમ જાણી હું બહુ ખુશી થયો, પરંતુ પોતાના નિયમના ભંગરૂપી દંડવડે હું દંડાયો એમ મ્હારા જાણવામાં આવ્યું નહીં. વળી લેશમાત્ર પણ નિયમનો ભંગ કરવાથી અતિ દારૂણ દુઃખ ઉત્પન્ન થાય છે. કિંચિત્ માત્ર પણ હાલાહલ વિષ ખાવાથી જેમ પ્રાણી જરૂર મૃત્યુ પામે છે તેમ આ અતીચારનું સેવન પણ અમંગલિક છે. માટે હવે અહીંથી એક ડગલું માત્ર પણ આગળ ચાલવું યોગ્ય નથી, એમ ધારી ગુણચંદ્ર ત્યાંથી પાછો વળ્યો અને તે રાજાના નગરમાં પોતાનો એક અધિકારી મૂકી સૈન્ય સહિત પોતાના નગર તરફ પાછો ફર્યો. બાદ વિભૂતિ સહિત ગુણચન્દ્ર પોતાના રાજા પાસે જઇ નમસ્કાર કરી સર્વ વૃત્તાંત તેમને નિવેદન કર્યું.

**સુંદરવણિક્.**

મહા બુદ્ધિશાળી સુંદરને ઉત્તર દિશામાં સમરવીર રાજા પાસે મોકલ્યો હતો. કારણકે તે રાજા બહુ પરાક્રમી હતો અને તેની સેનાપણ ઘણીજ દુર્જય હતી. તેથી તે દંડ સાધ્ય નહોતો

પરંતુ માત્ર શાંતિથી સાધવા લાયક હતો. યુદ્ધમાં કોઈથી પણ તે જીતી શકાય તેવો નહોતો. છતાં પણ સુંદર નિરંતર પ્રયાણ કરવાથી ચતુરંગ સેના સહિત પોતાના દેશના સીમાડામાં ગયો. અને વિચાર કરવા લાગ્યો કે ચારે દિશાઓમાં સો યોજન સુધી ગમન કરવું એવો મ્હેં નિયમ લીધો છે. તો તેટલો નિયમ પુરો થઇ ગયો. હવે અહીંથી મ્હારે શું કરવું ? એક તરફ પોતાનો નિયમ છે અને બીજી તરફ રાજાની આજ્ઞા છે. વાઘ અને નદીનો ન્યાય અહીં મ્હને પ્રાપ્ત થયો. એમ વિચાર કરતાં તેના હૃદયમાં સ્ફુરી આવ્યું કે ત્રણે દિશાઓમાંથી દશ દશ યોજન લઈને આ ઉત્તર દિશામાં ઉમેરીને વ્રતની રક્ષા માટે અધિક સંખ્યા કરવી ઠીક છે. વળી અહીંથી શ્રી સમરવીર રાજાનું નગર પણ એકસો ત્રીસ યોજન છે. એમ નિશ્ચય કરી સુંદર ત્યાંથી ચાલ્યો. અનુક્રમે તેના નગરમાં ગયો. અને રાજાની આગળ જઇ બહુ ભેટ મૂકીને પ્રણામ કર્યા બાદ સુંદર બોલ્યો, હે રાજન્ ! વિક્રમબલ ભૂપતિએ મ્હને આપની પાસે મોકલ્યો છે. અને તેમણે કહ્યું છે કે હે નરેંદ્ર ! તમ્હારા સીમાડામાં અમારાં જે ગામો રહેલાં છે, તેઓ ઉપર તમ્હારા ઠાકોરો હાલમાં હુમલા કરે છે, છતાં તમે કેમ ઉપેક્ષા કરો છો ! વળી સમસ્ત ગુણોના આધાર ભૂત એવા હે નરેશ્વર ! પૂર્વ પુરૂષોની મર્યાદા પાળવી તે તમને ઉચિત છે. તેમજ વિક્રમબલ રાજા તમ્હારી સાથે બહુ સ્નેહ ધરાવે છે. માટે તમ્હારા દુષ્ટ ઠાકોરોનું આ અયોગ્ય વર્ત્તન કહેવા માટે મ્હને મોકલ્યો છે. નહીંતો હે રાજન્ ! જેની આજ્ઞા અનેક રાજાઓ માથે ચડાવે છે એવા અમારા સ્વામીની આગળ આ ઠાકોરોની શી ગણત્રી ? તે સાંભળી સમરવીર રાજા બોલ્યો આ વાત મ્હારા જાણવામાં નથી. નહીં

શું મ્હારા મિત્રના ગામો ઉપર હું ઉપદ્રવ કરવા દઉં ખરો ? હવે હું તે ઠાકોરોનો એટલો દંડ કરૂં છું કે એમને જે દેશ મ્હેં આપેલા છે તે દેશ આજથી હું તમને આપું છું. હાલ તમે ક્ષમા કરો અને તેઓનો જે દેશ હોય તે તમેજ જલદી કબજે કરો. વળી બીજું કંઇપણ મ્હારે લાયક કાર્ય હોય તો ફરમાવો, એમ કહી તેણે વિક્રમબલ રાજા માટે ભેટ આપી અને સુંદરનો બહુ સત્કાર કરી વિદાય કર્યો. ત્યારબાદ સુંદર ત્યાંથી નીકળી અનુક્રમે પોતાના અધિપતિ પાસે ગયો અને નમસ્કાર કરી સર્વ વૃત્તાંત તેમને નિવેદન કરી તે પોતાને ઘેર ગયો.

યશશ્ચંદ્ર નામે શિવભદ્રના ચોથા પુત્રને ચતુરંગ સેનાસહિત સિંધુ દેશના રાજા ઉપર મોકલ્યો હતો.

**યશશ્ચંદ્ર.** તે દેશમાં ગયા પછી તેને વિચાર થયો કે સદ્‌ગુરૂ પાસે મ્હેં જે દિગ્‌પરિમાણ લીધું છે, તેનો મ્હેં બીલકુલ વિચાર કર્યો નહીં, અહો ! હું બહુ પ્રમાદી થયો, રાજ્યલક્ષ્મીના મદમાં મ્હને કંઇપણ વિચાર આવ્યો નહીં, તેમજ સદ્‌ગુરૂનો ઉપદેશ પણ હું ભૂલી ગયો. અહો ! મ્હેં સર્વસ્વ ગુમાવ્યું. એમ તે પશ્ચાત્તાપ કરતો હતો તેવામાં હેરિક લોકો તેની પાસે આવી કહેવા લાગ્યા કે હાલમાં આ દેશનો રાજા અહીંયાંથી નાસવાની તૈયારી કરે છે. માટે જો તમે જલદી પ્રયાણ કરી ત્યાં આવો તો ચિરકાળ ભોગવેલી તેની સમાંગ લક્ષ્મી આપને સ્વાધીન થાય. પછી તેજ વખતે યશશ્ચંદ્રે પ્રયાણ માટે નિશાન ડંકો વગડાવ્યો. પોતાની સાથે કેટલુંક બળવાન્ સૈન્ય લઇ રાત્રીના પ્રથમ પ્રહરે ત્યાંથી તે નીકળ્યો. અને બહુ દેશ ઉલ્લંઘન કરી ત્યાં ગયો. સિંધુ દેશનો રાજા પણ યશશ્ચંદ્રને આવતો જાણી જીવ લઇ ત્યાંથી નાશી ગયો. તેથી તેનું સર્વસ્વધન તેણે પોતાને સ્વાધીન કર્યું. ત્યારબાદ ત્યાં આગળ

કેટલુંક સૈન્ય મૂકી પોતાના નગરમાં રાજા પાસે ગયો. અને યથાર્થ સર્વ વાર્ત્તા તેમને નિવેદન કરી. ત્યારબાદ રાજાના યથાયોગ્ય સત્કારનો સ્વીકાર કરી તે પોતાને ઘેર ગયો.

**શિવભદ્રનો ઉપદેશ.**

અનુક્રમે ચારે ભાઈઓ જ્યારે પિતાશ્રીના ચરણ કમલમાં નમવા માટે ગયા ત્યારે પિતાએ પુછયું કે હે પુત્રો ! તમારા નિયમની શી સ્થિતિ થઈ તે કહો. તેઓએ ઉર્ધ્વ દિશા વિગેરે પ્રદેશોમાં ગમન કરવાથી પોતપોતાના નિયમોમાં લાગેલા અતિચાર વિસ્તાર પુર્વક કહ્યા. તે સાંભળી શ્રેષ્ઠી બોલ્યો, ભાઈઓ ! બહુ તુચ્છ લક્ષ્મી માટે તમ્હેં ઘણુંજ અયોગ્ય કામ કર્યું એટલુંજ નહિં પરંતુ ઉત્તમ છે કુક્ષિ જેની અને પ્રસન્ન મુખવાળી એવી મોક્ષ લક્ષ્મીનો તમે પરિહાર કર્યો. વિરતિનો ભંગ કરી જે રાજ્યલક્ષ્મી મેળવી તે તો અલક્ષ્મીજ ગણાય. માટે હવે ગુરૂ પાસે જઈ તમે પોતાના દુશ્ચરિતની આલોચના કરો. અને પ્રાયશ્ચિત્ત કરી શુદ્ધ થાઓ. તેમજ જો તમે સર્વજ્ઞદેવને જાણતા હોતો આજથી હવે રાજસેવાનો ત્યાગ કરો. આ પ્રમાણે પોતાના પિતાનો ઉપદેશ સાંભળીને પણ તેઓ રાજ્ય વૈભવના લોભથી તેમાં બહુ આસક્ત થયા અને તે સર્વે બંધુઓ પિતાની રૂબરૂમાં અવિનયના વચન બોલવા લાગ્યા. હે તાત ! જો અમારી ઉપર આપનો આટલો બધો પ્રેમ હતો તો પ્રથમથીજ રાજા પાસે અમને શામાટે મોકલ્યા ! હવે અમે વેપાર કરવામાં શરમાઈએ છીએ. વળી હે પિતાજી ! પ્રભાવનાદિક કરવા વડે હવેથી અમે નિરંતર જૈન ધર્મ પાળીશું. અને તમે પણ નિશ્ચિંત થઈ ધર્મ સાધન કરો. હવે તમારે કોઈની પણ સેવા કરવાની જરૂર નથી. માત્ર સુગુરૂઓની સેવા કરો. તેમજ યત્ન પૂર્વક દાનધર્મમાં પ્રવૃત્ત થાઓ. વળી કોઇપણ વખતે અમારી ચિંતા મનથી પણ

તમારે કરવી નહીં, એમ તેઓનો પ્રત્યુત્તર સાંભળી શ્રેષ્ઠીએ પણ મૌનવ્રત ધારણ કર્યું, ત્યારબાદ તેના ચારે પુત્રો ત્યાંથી ઉઠીને પોતપોતાના સ્થાનમાં ગયા. તેમજ કાર્ય પ્રસંગે રાજસભાઓમાં તેઓ જતા હતા. અને રાજવૈભવ વડે મદોન્મત્ત બની સ્વેચ્છા પ્રમાણે વિલાસ કરતા હતા. જેમ જેમ તેમને રાજા તરફથી સન્માન મળતું ગયું. તેમ તેમ તે વરૂણાદિક ચારે ભાઇઓનો ધર્મ સંબંધી આચાર દૂર થવા લાગ્યો. તેવામાં આયુષ્ય પુર્ણ થવાથી શિવભદ્ર શેઠ પણ કાલ કરી સુરલોકમાં ઉત્પન્ન થયા. ત્યારબાદ તે ચારે ભાઇઓ ભોગ વિષયમાં બહુ આસક્ત હોવાથી તેમણે ધર્મનો માર્ગ છોડી દીધો, જેથી તેઓ અનુક્રમે મરીને કુગતિમાં ઉત્પન્ન થઇ અનેક દુઃખ ભોગવી ફરીથી જૈનધર્મ પામી છેવટે સુગતિ પામશે. વળી તેઓમાં વરૂણ નામે જે પ્રથમ પુત્ર હતો, તેજ હું પોતે દિગ્વ્રતની વીરાધના કરવાથી કાલ કરીને મહોરગમાં ઉત્પન્ન થયો છું. તે સાંભળી રાજકુમારાદિક ઘણા લોકો બોધ પામ્યા.

**મનોરથ શ્રેષ્ઠી**

ત્યાર બાદ રાજાએ મનોરથ શ્રેષ્ઠીને કહ્યું કે આ મ્હારૂં રાજ્ય તમે ગ્રહણ કરો. કારણ કે તમે મ્હારા મરેલા પુત્રને સજીવન કર્યો તેમજ મ્હને પણ ઉત્તમ ધર્મમાં સ્થાપન કર્યો. તેથી તમે મ્હારા પરમ ઉપકારી છો. મનોરથ બોલ્યો, હે રાજન્ ! પ્રાણી માત્રને પોતાનું પૂણ્યજ ફળે છે. વળી પુણ્યના ઉદયમાં અન્ય તો માત્ર નિમિત્તજ ગણાય છે. માટે હે નરેંદ્ર ! મ્હારે રાજ્યનું કંઇ પ્રયોજન નથી ધર્મમાં ઉદ્યમ કરવો એજ મ્હારૂં નિત્ય કર્મ છે. એમ સમજી તમ્હારે પણ નિખાલસ હૃદયથી હમ્મેશાં યત્ન પૂર્વક ધર્મ કાર્યમાં તત્પર રહેવું. આ પ્રમાણે ઉપદેશ ગ્રહણ કર્યા બાદ ભૂપતિએ મનોરથને રહેવા માટે બહુ

સમૃદ્ધિ (રક્ષા) સહિત અને દેવાંગનાઓને સેવવા લાયક હુર સમાન બહુ સુંદર એક મહેલ આપ્યો અને વિશેષ સત્કાર પૂર્વક નગર શેઠના સ્થાનમાં તેને સ્થાપન કર્યો. ત્યાર બાદ તે મનોરથ પણ નિરંતર જૈન ધર્મની આરાધનામાં દિવસો નિર્ગમન કરવામાં પોતાનું જીવન સફલ માનતો હતો.

**મેઘરથ.** પોતાના નાના ભાઇની વાત મેઘરથના જાણવામાં આવી તેમજ તે બહુ નિર્ધન દશામાં આવી ગયો હતો, પોતાની પાસે કોડી માત્ર નહીં હોવાથી મનોરથ શેઠની પાસે તે આવ્યો. સંધ્યા સમયે તેના ઘરની અંદર પ્રવેશ કરવાની તે તૈયારી કરતો હતો તેટલામાં ત્યાં ઉભેલા દ્વારપાળે ખલ પુરૂષની માફક મેઘરથને અટકાવ્યો. એટલે મેઘરથ બોલ્યો કે, મનોરથ શેઠનો હું મ્હોટો ભાઇ છું મ્હારૂં નામ મેઘરથ છે. વારાણસી નગરીમાંથી હું આવ્યો છું. તમને અવિશ્વાસ હોય તો શેઠને પૂછી જુઓ, પછી દ્વારપાળના કહેવાથી મનોરથ શેઠ પોતે બહુ ઉતાવળથી તેને મળવા માટે સ્હામા આવ્યા. અને બહુ સ્નેહથી નમસ્કાર પૂર્વક મળીને મેઘરથને ઘરમાં લઇ ગયા. તેમજ સમયોચિત બહુ સત્કાર કર્યો. પ્રભાતકાળમાં ઉત્તમ શણગાર પહેરાવી મનોરથ પોતાની સાથે તેને જીનમંદિરમાં લઇ ગયો. અને વિધિ પૂર્વક તેની પાસે અષ્ટપ્રકારી પ્રભુની પૂજા કરાવી પછી મનોરથે રાજાને પોતાને ઘેર બોલાવીને મેઘરથની ઓળખાણ કરાવી. એટલે તેનાં માતાપિતાને પણ રાજાએ ત્યાં બોલાવરાવ્યાં. તેઓ પણ ત્યાં આવીને સારી રીતે જૈન ધર્મની આરાધના કરવા લાગ્યાં. માટે હે ભવ્ય જનો? જેમ મનોરથ શ્રેષ્ઠીએ અતિચાર રહિત દિગ્વ્રતની આરાધના કરી તેમ અન્ય જનોએ પણ દિગ્વ્રત પાળવામાં ઉદ્યુક્ત થવું. વળી જે પુરૂષ સિદ્ધાંતના અનુસારે દિગ્વ્રત પાળે છે તે સર્વ જગતનું

તથા પોતાના આત્માનું હિત સાધે છે. તેમજ અતિચાર રૂપી કાદવથી મુક્ત થઈ જે ધીર પુરૂષ દિગ્વ્રત ધારણ કરે છે તે દશે દિશાઓમાં પોતાની ઉજ્વલ કીર્તિ ફેલાવીને પરમ સંપત્તિનું પાત્ર બને છે.

इति पञ्चाऽतिचारदृष्टान्तयुक्तदिग्व्रते मनोरथकथानकं समाप्तम् ॥ तत्समाप्तौ श्रीमल्लक्ष्मणगणिविरचितप्राकृतपद्यबन्धश्रीसुपार्श्वजिनचरित्रस्य श्रीसकलसूरिपुरन्दरायमाणपरमगुरुतपगच्छाधिराजशास्त्रविशारदजैनाचार्ययोगनिष्ठाध्यात्मज्ञानदिवाकरश्रीमद्बुद्धिसागरसूरिशिष्यप्रसिद्धवक्तेतिलब्धख्यातिव्याख्यानकोविदजैनाचार्यश्रीमद्अजितसागरसूरिकृतगुर्जरभाषानुवादे प्रभुदेशनाप्रबन्धे सदृष्टान्ताऽतिचारव्याख्योपेतं प्रथमगुणव्रतं समाप्तम् ॥

# विश्वसेनकुमारनी कथा.

## ભોગપરિભોગવિરમણવ્રત.

દાનવિર્ય રાજાએ પ્રશ્ન કર્યો કે, હે ભગવન્! હવે અમને ભોગ પરિભોગવ્રતનું સ્વરૂપ સમજાવો. શ્રીસુપાર્શ્વ પ્રભુ બોલ્યા, હે રાજન્? ભોગવ્રત ભોજન અને કર્મના ભેદથી બે પ્રકારનું છે. વળી તાંબુલાદિકનો આહાર કરવો તે ઉપભોગ અને સ્રી વસ્ત્રાદિકનો ઉપયોગ કરવો તે પરિભોગ કહેવાય. તેમજ વળી શ્રાવકોએ ભોજનમાં નિર્દોષ અને પોતાને યોગ્ય કલ્પતા દ્રવ્યનો ઉપભોગ કરવો. કદાચિત્ શુદ્ધ દ્રવ્ય ન મળે તો અનેષણીય પણ વાપરવું. પરંતુ સચિત્તનો તો ત્યાગજ કરવો. તેવું પણ જો ન મળે તો અનંતકાય તથા બહુ બીજનો ત્યાગ કરી અન્ય વસ્તુનો ઉપભોગ કરવો. તેમજ ભોજ્ય વસ્તુમાં આદુ વિગેરે અને પીવાની વસ્તુમાં માંસરસાદિકનો સર્વથા ત્યાગ કરવો. તેમજ ખાદ્ય વસ્તુમાં પાંચ પ્રકારના ઉદુંબરનો નિરંતર ત્યાગ કરવો, વળી સ્વાદિષ્ટ વસ્તુમાં મધ વિગેરેનો ત્યાગ કરવો, એ પ્રમાણે જ્ઞાની પુરૂષોનો ઉપદેશ છે. તેમજ પરિભોગમાં કિંમતી ઉત્તમ વસ્ત્રાદિક, પરિમિત શય્યા, અને શાસનની ઉન્નતિ માટે ઉત્તમ દેવ દૂષ્ય (ચિનાઇ વસ્ત્ર) વિગેરે શ્રેષ્ઠ વસ્તુઓ જાણવી. પરંતુ દરેક વસ્તુનું પરિમાણ કરવું. વળી શ્રાવક લોકો કાળ વ્યવહારના નિયમથી ગુપ્તિ રક્ષણાદિક જે કાર્ય એક વાર કરે છે તે કર્મ વડે ઉપભોગ કહેવાય છે. અને જે વારંવાર એકજ વસ્તુ સેવન કરવામાં આવે તે પરિભોગ કહેવાય છે. વળી અન્ય આચાર્ય કર્મથી યોજના કરતા નથી. પરંતુ ઉપભોગ તથા પરિભોગમાં જ્ઞાનિ-

ભોગપરિભોગવ્રત

ઓનો પૂર્વોક્ત ઉપદેશ છે. વળી હે દાનવિર્ય ! જે શ્રાવક સદા-કાલ સચિત્ત આહારનો ત્યાગ કરે છે. તે વિશ્વસેન કુમારની માફક અનુક્રમે મોક્ષ લક્ષ્મી પામે છે. જેમકે—

**પુરંદરરાજા.**

આ ભરતક્ષેત્રમાં નંદનવનની માફક મ્હોટા શાલ (વૃક્ષ-કીલ્લા ) વડે સુશોભિત અને હસ્તિના મુખની માફક અનેક પ્રકારનાં રત્ન અથવા રચના વડે મનોહર ભોગપુર નામે સુપ્રસિદ્ધ નગર છે. તેમાં ચંદ્ર સમાન ઉજ્વલ કીર્તિ વડે વિભૂષિત વિબુધદેવ ( પંડિતો )ને બહુ પ્રિય અને વજ્ર ( રત્ન=રેખા ) વડે પવિત્ર છે હસ્ત કમલ જેનો એવા ઈંદ્રસમાન ઉદ્ધત વૈરીઓને શાંત કરનાર પુરંદર નામે રાજા હતો. રૂપમાં રતિ સમાન, વિલાસોનું કુલભવન, શીલ ગુણમાં અગ્રેસર અને સ્વભાવથી સરલ, વિભ્રમવતી નામે તેની સ્ત્રી હતી. તેમજ ગુણો વડે સર્વત્ર વિખ્યાત અને ઉજ્વલ ગુણોનો મુખ્ય આધાર, કુમારોમાં હસ્તિ સમાન, કાંતિમાં ગંધહસ્તિ સમાન વિશ્વસેન કુમાર નામે તેઓને એક પુત્ર હતો. તેમજ ગુણચંદ્ર અને સોમચંદ્ર નામે બે તે કુમારના મિત્ર હતા.

**વિશ્વસેન કુમાર**

એક દિવસ વિશ્વસેન કુમાર બન્ને મિત્રો સાથે ફરવા માટે મલયાચળના શિખર ઉપર ગયો ત્યાં આગળ સુંદર શણગાર સજી ઉભેલી એક યુવતિ તેના જોવામાં આવી. જેણીના હાથમાં પાકેલી આમ્રફળની લુંબ પકડેલી હતી. તેના નિતંબની શોભા વિશાળ દિપતી હતી અને મુખની કાંતિપૂર્ણ ચંદ્રને અનુસરતી હતી, તેમજ ઉત્સાહને લીધે ઉલ્લાસ પામતા પંચમસ્વરના મનોહર નાદવડે વિરહસૂચક મનોહર ગાયનો ગાતી હતી. અને જેણીનાં અંગ વિરહાગ્નિથી તપેલાં દેખાતાં હતાં. વળી મૃગના વિયોગથી મૃગલીની માફક તેમજ પ્રિયના વિયોગથી ચક્રવાકીની

માફક, વિરહાગ્નિના દુઃખથી લાંબા નિશ્વાસને લીધે શુષ્ક અધરોષ્ટને ધારણ કરતી, તે સ્ત્રી મુખથી બોલતી હતી કે, વસંતરૂતુમાં કામ લતાની મંજરી સમાન આંબાની માંજર જોઇ, વિશ્વસેન કુમાર ઉપર હું બહુ આસક્ત થઈ છું. તેથી ઉત્તમ શણગાર સજી બહુ દિવસથી હું દુઃખી થાઉં છું. અને તેના વિયોગથી જ આ મ્હારૂં સુંદર શરીર પણ અતિ કૃશ થઇ ગયું છે. તેમ છતાં પણ હું તેના માટે અહીં રહું છું. માટે જરૂર હું તે કુમારને ઉત્તમ પ્રકારે માનનીય થઇશ. વળી તે કુમારે મ્હને હૃદય શૂન્ય કરી છે. આ પ્રમાણે તે યુવતિના વિલાપ સાંભળી પોતાના નામની શંકા થવાથી વિશ્વસેન કુમારે તેને પૂછયું કે, હે સુતનુ ! તું જે કુમારનું સ્મરણ કરે છે તે કોણ છે ? વળી હે સુંદરી ? જો તને યોગ્ય લાગે તો મ્હારા પ્રશ્નનો જવાબ આપ. આટલું વાક્ય સાંભળતાંજ તેનું શરીર રોમાંચિત થઇ ગયું અને સંભ્રમ સહિત કુમાર તરફ દૃષ્ટિ કરે છે, તેટલામાં તે બાલાના હૃદય સરોવરમાંથી રસ તરંગો ઉભરાઇ જવા લાગ્યા અને વિચાર કરવા લાગી કે શું તેજ આ કુમાર હશે ? એમ જાણી પ્રથમ તો તે બહુ ખુશી થઈ. પરંતુ અહીં તે કયાંથી હોય, એમ જાણી શોકાતુર થઈ, આ કોઈ અન્યપુરૂષ છે એમ જાણી ભયભીત થઈ, પુનઃ બહુ રૂપવાન્ છે એમ સમજી સશંકિત થઈ ગઇ. છતાં ફરીથી સ્મરણ થયું કે નૈમિત્તિકે આજે મ્હને મ્હારા પતિનો સમાગમ કહેલો છે માટે તે વચન અસત્ય ન હોય, તેમજ વામ હસ્ત તથા નેત્રના સ્ફુરવાથી શુભ શકુન જાણી દૃઢ નિશ્ચય કરી પોતાના હૃદયમાં વિચાર કરવા લાગી કે, ભલે તે ગમે તે હોય. પરંતુ અહીં અતિથિ તરીકે આવ્યો છે માટે તેનો મારે વિનય કરવો ઉચિત છે. એમ જાણી તેણીએ લતાપલ્લવોનું આસન આપી તે કુમારનો સત્કાર કર્યો એટલે કુમાર ખુશી થઇ આસન ઉપર બેઠો. ત્યારબાદ કુમારી બોલી જો કે

પોતાના પતિનું નામ સ્ત્રીએ ન બોલવું જોઇએ. કારણ કે અન્યત્ર પણ કહ્યું છે કે—

आत्मनामगुरोर्नाम, नामाऽतिकृपणस्य च ।
श्रेयस्कामो न हीया—ज्ज्येष्ठापत्यकलत्रयोः ॥

**અર્થ**–"પોતાનું તથા ગુરૂનું, અતિ કૃપણનું, મ્હોટા પુત્રનું અને પોતાની સ્ત્રીનું નામ કલ્યાણની ઈચ્છાવાળાએ બોલવું નહીં." આ પ્રમાણે નિષેધ છે છતાં પણ પતિનું નામ બોલવામાં મ્હારી જીભને અમૃત રસનો સ્વાદ મળે છે. કારણ કે સત્પુરૂષનું નામ બોલવાથી સર્વ દુઃખ દૂર થાય છે તેથી મ્હેં નામોચ્ચાર કર્યો છે. વળી હે કુમાર ! ભોગપુર નગરના અધિપતિનો પુત્ર વિશ્વસેન કુમાર મહાદાની તેમજ પ્રત્યુપકાર કરવામાં બહુ સમર્થ અને પોતાની પ્રતિજ્ઞા પાલવામાં મહાધીર છે વિગેરે અનેક ગુણ સંપન્ન તે કુમારનું વર્ણન જ્યારે હું પોતનપુર નગરના ઉદ્યાનમાં જૈનમંદિરમાં દર્શન માટે ગઈ હતી ત્યારે મ્હારી આગળ માગધલોકોએ કર્યું હતું. વળી બહુ પ્રેમથી મ્હેં તેઓને તે સંબંધી પૂછયું પણ તેઓ કંઇપણ બોલ્યા નહીં. ત્યાર બાદ મ્હારા પિતાએ મ્હારા વર માટે નૈમિત્તિકને પૂછયું. ત્યારે તેણે પણ માગધોના કહ્યા પ્રમાણે તેજ વર કહ્યો. તેથી તે વિશ્વસેન કુમાર ઉપર મ્હારો બહુજ પ્રેમ બંધાયો છે. ત્યાર પછી મ્હેં મ્હારી સખી પાસે તે નૈમિત્તિકને પૂછાવ્યું કે તે કુમારની સાથે કુમારીનો મેળાપ ક્યારે અને ક્યાં થશે ? જવાબમાં તેણે જણાવ્યું કે આજથી સાતમે દિવસે મલયાચલ ઉપર તેની સાથે અચિંત્ય સમાગમનું સુખ તેને પ્રાપ્ત થશે. પરંતુ તે પર્વત અહીંથી બહુ દૂર છે અને દિવસ તો થોડા રહ્યા છે. એમ કહી તે આનંદપૂર્વક બોલ્યો કે, હાલમાં મ્હારે કોઈ કાર્યને લીધે જવાની ઉતાવળ છે. ક્ષણમાત્ર પણ

મ્હારાથી રહેવાય તેમ નથી. નહીં તો આ બાબતનો પણ સર્વ ખુલાસો તને આપત. એ પ્રમાણે નૈમિત્તિકનું વચન સાંભળી તુષ્ટ થઇ તે સખી કુમારીની પાસે ગઈ અને નૈમિત્તિકનું વચન તેને નિવેદન કર્યું. કુમારી બોલી, હે સખી ? હવે દિવસ સાત રહ્યા અને વિશ્વસેન કુમાર સાતસો યોજન દૂર છે, તો નૈમિત્તિકનું વચન કેવી રીતે સત્ય થશે ? આ કાર્ય બનવું ઘણું દુર્ઘટ છે. પરંતુ જો કેવળ દૈવ અનુકૂલ હોય તો તે સિદ્ધ થાય. અથવા નૈમિત્તિકની વિખ્યાતિ સારી છે તેથી તેનું વચન સિદ્ધ થશે એમાં કંઈપણ સંદેહ કરવા જેવું નથી. પરંતુ હવે ત્યાં કેવી રીતે જવાશે ? એમ સંદેહરૂપી હિંડોલામાં આરૂઢ થઈ ગાઢ પ્રેમરૂપી ભારને વહન કરતી અને બહુ ઉત્કંઠાને લીધે સ્થૂલદેહને ધારણ કરી હું ભૂમિ ઉપર આળોટવા લાગી. તેવામાં ત્યાં અપરિચિત એક વિદ્યાધર આવ્યો અને તરતજ મ્હને હરણ કરી તે અહીં લાવ્યો. પછી આજ સુધી તેણે મ્હારી પ્રાર્થના કરી કે હે સુંદરી ! મ્હારી સાથે તું લગ્ન કર. ઉત્તરશ્રેણીનો અધિપતિ પવનવેગ નામે વિદ્યાધર છે અને કનક ચૂડ નામે હું તેનો પુત્ર છું વિગેરે વાક્યો તે બોલતો હતો તેટલામાં સાક્ષાત્ રત્નરાશિ હોય ને શું ? એમ પોતાની કાંતિવડે સૂર્યમંડલને પણ ઉલ્લંઘન કરતા એક મુનીંદ્ર ઉત્તર દિશા તરફથી ત્યાં આવ્યા. ઉભાં થઈ અમે બન્નેજણે મુનિ મહારાજના ચરણકમલમાં નમસ્કાર કર્યો. ચારણ મુનિએ ધર્મ લાભ આપી કહ્યું. હે કનકચૂડ ! સજ્જનપુરૂષોએ નિંદવા લાયક આ દુરાચાર ત્હેં કેમ આરંભ્યો છે ? મ્હારા ભાઈનો તું પુત્ર થઈ આ અનુચિત કાર્ય કરતાં ત્હને લાજ આવતી નથી ? વળી ત્હારા કુલમાં કોઈપણ વખત કોઇએ કલંકની શંકા પણ કરી નથી. હે વત્સ ? હાલમાં ફક્ત ત્હારૂંજ વર્ત્તન વિપરીત દેખાય છે. વળી વિષયમાં રક્ત થઇ અહીં તું પરસ્ત્રીઓ ભોગવે છે તેથી જરૂર

ત્હારે બહુ તિરસ્કારપૂર્વક અનેક દુઃખો સહન કરવાં પડશે. શું વિષય ભોગવવાથી તૃષ્ણાનો ક્ષય થાય ખરો ? ખારૂં જલ પીવાથી ઉલટી તૃષા વધારે લાગે છે. વળી નીતિપૂર્વક વિષય ભોગવવાથી પણ દુઃસહ દુઃખ પ્રાપ્ત થાય છે તો અનીતિની તો વાતજ શી ? એમ જાણી ધીર પુરૂષો વિષય ભોગનો ત્યાગ કરે છે ? અને તું તો અન્યાયથી વિષયની ઈચ્છા કરે છે. વળી આરંભમાં વિષ વૃક્ષના ફલ સમાન વિષયો બહુ પ્રેમથી સુખપૂર્વક ભોગવાય છે પણ પરિણામમાં તેનાથી ભયંકર દુઃખદાયક મહા મોહની પ્રાપ્તિ થાય છે. જેમ વિદ્વાન્ પુરૂષોને જુગાર જઘન્ય અને નિંદનીય ગણાય છે તેમ જીનવચનના જ્ઞાતાઓને વિષય સેવન પણ નિંદનીય છે. પ્રાણીઓ જેમ દ્યુતવડે ઘણા કાળથી મેળવેલા વૈભવને ક્ષણમાત્રમાં ગમાવે છે તેમ વિષયમાં આસક્ત થયેલો પુરૂષ પણ ચિરકાળથી સંપાદન કરેલા સુકૃતનો નાશ કરે છે. માટે હે વત્સ ? વિચાર કરીને જેમ ત્હને ઉચિત લાગે તેમ કર. પરન્તુ યાદ રાખજે કે આ દુરાચાર સેવવાથી જન્માંતરમાં ત્હને બહુ દુઃખ પડશે.

**વિદ્યાધરનો પશ્ચાત્તાપ.**

દુશ્ચરિત્રથી પ્રગટ થતા દુષ્કર્મથી ઉત્પન્ન થતાં ભાવી દુઃખોથી ભય પામી તે વિદ્યાધર મુનિને નમસ્કાર કરી પ્રાર્થના કરવા લાગ્યો કે, હે ભગવન્ ! બહુ સમયથી વિષય સુખના રસમાં હું લુબ્ધ થયો હતો. તેમજ આજ સુધી અહિત કરનાર દારૂણ ઇંદ્રિય રૂપી શત્રુઓથી હું ઠગાયો. વિમૂઢ હૃદયને લીધે ભયંકર આ સંસાર સાગરમાંથી આપ મળ્યા હોત તો મ્હારો ઉદ્ધાર શી રીતે થાત ? એમ કહી તેણે પરસ્ત્રી ગમનનો નિયમ લીધો. ત્યાર બાદ તે ઉભો થઇ મ્હારી ક્ષમા માગીને બોલ્યો, હે સુભગે ! હવે તું મ્હારી બ્હેન છે. માટે ચાલ હું ત્હને ત્હારા

સ્થાનમાં લઇ જાઉં. પછી મ્હેં કહ્યું કે તમે ખુશીથી જાઓ હું તો અહીંજ રહીશ. કારણ કે નૈમિત્તિકે મ્હારા પ્રિય પતિનો સમાગમ મ્હને અહીં કહેલો છે. તે સાંભળી કનકચૂડ હાલજ પોતાના સ્થાનમાં ગયો. અને ચારણ મુનિ પણ આ મલયાચલની ગુફામાં હાલ બીરાજે છે. આ પ્રમાણે મ્હારી સર્વ હકિકત મ્હેં તમને કહી હવે આપની વાર્ત્તા સંભળાવીને મ્હને શાંત કરો. વળી હે કુમાર! આપ કયા વંશને દીપાવો છો! તેમજ અહીં આપનું શા માટે આવવું થયું? અથવા નૈમિત્તિકના કહેવા પ્રમાણે તમ્હારા ચેષ્ટિત ઉપરથી મ્હેં તમ્હને ઓળખ્યા. મ્હારા પ્રાણપ્રિય એવા વિશ્વસેન કુમાર તમેજ છો, માટે પોતાના હસ્તકમળથી પાણી ગ્રહણ કરી મ્હારૂં સંરક્ષણ કરો. કારણકે જે સમયે ચિંતામણિનો યોગ થાય તેજ સમય શ્રેષ્ઠ જાણવો. ત્યારબાદ કુમારે સમયોચિત વિધિ પ્રમાણે તેના બહુ આગ્રહથી તેની સાથે લગ્ન કર્યું. અહો? સજ્જન પુરૂષો અન્યની પ્રાર્થનાવડે પ્રિય એવા પોતાના પ્રાણોનો પણ ત્યાગ કરે છે. પછી પરિજન સહિત કુમાર પોતે તે કુમારી સાથે મલયાચલની ગુફામાં ગયો અને વિધિપૂર્વક ચારણ મુનિને પ્રણામ કરી હાથ જોડી ઉભો રહ્યા. મુનિએ પણ ઉત્સાહપૂર્વક ધર્મ લાભ આપી સત્કાર કર્યો. પછી કુમાર વિનયપૂર્વક ભૂમિ ઉપર બેઠો. મુનિએ પણ દેશનાનો પ્રારંભ કર્યો. હે કુમાર! નિરંતર મરણ, રોગ, શોક, ભયાદિકથી વ્યાકુલ એવા આ સંસારમાં પ્રાણીઓને ક્ષણ માત્ર પણ સુખ નથી તે શું તું નથી જાણતો! જેથી સ્વેચ્છા પ્રમાણે મર્યાદા રહિત મદોન્મત્ત હસ્તીની માફક તું વિલાસ કરે છે. આ દુનીયાની અંદર ઉજ્વલ કીર્ત્તિ મેળવ! તેમજ અયોગ્ય આચરણનો ત્યાગ કર! કારણકે સર્વ સંગનો પરિહાર કરવાથી અનુચિત કાર્યનો ત્યાગ થાય છે, વળી તે સર્વ સંગનો ત્યાગ રાગ દ્વેષના અભાવથી સિદ્ધ થાય છે,

રાગદ્વેષનો નિરોધ સમ્યગ્ચરણથી થાય છે. અને સદાચાર ઇંદ્રિયોના કુશલપણાથી સિદ્ધ થાય છે. વળી ઇંદ્રિયોનું પ્રબલપણું યૌવન અવસ્થામાંજ થઇ શકે છે. કારણકે જીવોને વૃદ્ધ અવસ્થા પ્રાપ્ત થવાથી કોઈપણ સમયે દુર્વારજરાને લીધે જીર્ણ થયેલી ઇંદ્રિયો પ્રગુણ થતી નથી. તેમજ બાલ્યઅવસ્થામાં કાર્યાકાર્ય વિગેરેના જ્ઞાનથી શૂન્ય એવા પ્રાણીઓને ઇંદ્રિયોની પટુતા હોય છે તોપણ સત્પ્રવૃત્તિ કયાંથી થઇ શકે ? જેવી રીતે અધમ પુરૂષો યૌવન અવસ્થામાં વિષયરૂપી માંસની ઇચ્છા કરે છે તેવીજ રીતે સજ્જન પુરૂષો યૌવન અવસ્થામાંજ વિષય સુખથી વિમુખ થઇ મોક્ષ સુખની અભિલાષા કરે છે. હે કુમાર ! આ કારણથી પોતાના કર્મનો સંહાર કરવા તું તત્પર થા ! અને યુવાન છે, છતાં પણ મોક્ષ સુખ માટે સદ્ધર્મમાં ઉદ્યુક્ત થા ! વળી તે ધર્મ બે પ્રકારનો કહ્યો છે. પ્રથમ અત્યંત ઉત્કૃષ્ટ મુનિ ધર્મ અને બીજો શ્રાવક ધર્મ. તેમાંથી મુખ્ય મુનિ ધર્મનો પ્રથમ ઉપદેશ મુનિએ તેને આપ્યો, ત્યારબાદ સમ્યક્ત્વાદિ ગૃહિ ધર્મની વ્યાખ્યા કરી. અસાધારણ એવા મુનિ ધર્મને પાળવાને અશકત હોવાથી કુમારે ગુરૂ પાસે શ્રાવક ધર્મનો સ્વીકાર કર્યો. પછી ગુણચંદ્ર, સોમચંદ્ર અને વિલાસવતી સહિત કુમારે બાર પ્રકારનાં વ્રતોનો ભાવાર્થ જાણી બીજું ગુણવ્રત બહુ શ્રદ્ધાપૂર્વક સંકિરણતાથી ગ્રહણ કર્યું. જળ તથા પત્ર વિના બાકીની સચિત્ત વસ્તુનો ભોજનમાં તેણે નિયમ કર્યો. તેમજ કર્મથી દરેક પ્રચંડ કર્માદિકનું આચરણ ન કરવું એવી યતનાનો નિયમ લીધો. અન્ય ભાગમાં અપક્વ, દુષ્પકવ અને અસાર ભક્ષણનો ત્યાગ કર્યો તેમજ સચિત્ત તથા તેના સંબંધવાળા પદાર્થોનો શુદ્ધ પરિણામથી ત્યાગ કર્યો. વિગેરે નિયમ લઇ મુનીંદ્રને વંદન કરી તે ત્યાંથી ચાલતો હતો તેટલામાં ત્યાં એક દેવતાનું જોડલું આવ્યું.

દેવ અને દેવીએ મુનીંદ્રને નમસ્કાર કરી કુમારને કહ્યું કે એક ક્ષણમાત્ર અમારૂં સંગીત તથા નૃત્ય

**દેવોનું સંગીત.**

જુઓ. ! તે સાંભળી કુમાર નીચે બેઠો એટલે તેઓએ તત્કાલ કલ્પિત દેવદેવીઓનાં બહુ સ્વરૂપ કરી નાટકનો પ્રારંભ કર્યો. આશ્ચર્યની માફક તે જોવામાં કુમાર તલ્લીન થઈ ગયો એટલે તે દેવોમાંથી સંધ્યા સમાન વર્ણવાળો નૃત્ય કરતો એક વ્યંતર દેવ વિલાસવતીના કંઠમાં વળગીને બોલ્યો હે વત્સે ! આજે સાતમા દિવસે તું જોવામાં આવી હું ત્હારા બાપની મા છું. ત્હારા વિયોગને લીધે ગળે પાશ બાંધી કાળ કરીને હું વ્યંતરી થઇ છું. વિભંગ જ્ઞાનવડે ત્હને અહીં જાણીને બહુ પ્રેમને લીધે હું આવી છું. વળી ત્હારો પિતા પણ ત્હારા વિરહથી હૃદય ભેદીને મરી જશે. કારણકે જે દિવસે ત્હારૂં હરણ થયું છે ત્યારથી તેણે નિદ્રા તથા ભોજનાદિકનો ત્યાગ કર્યો છે. અને હું તો તેજ વખતે પ્રાણ વિયુક્ત થઇ છું. વળી તે દિવસે સર્વત્ર શોધ કરાવી પરંતુ કોઇપણ ઠેકાણે ત્હારો પત્તો મળ્યો નહીં તેથી ત્હારા પિતા વિગેરે મહા દુઃખ સાગરમાં ડૂબી ગયા છે. માટે તમે સર્વે અહીં ક્ષણમાત્ર સ્થિતિ કરો. જેથી હે પુત્રિ ! હું ત્હારા પિતા રણમલ્લ રાજાને લઈ જલદી અહીં આવુ છું. એમ કહી તે વ્યંતરી ક્ષણ માત્રમાં ત્યાં જઈ તેના પિતાને લઈ ત્યાં પાછી આવી. રણમલ્લ પણ મુનીંદ્રને વંદન કરી નીચે બેઠો. ત્યારબાદ કુમારાદિક સર્વે જનો તેને નમ્યા. પછી રણમલ્લ બોલ્યો હે વિલાસવતી ? ત્હારી માના કહેવાથી સર્વ સમાચાર જાણ્યા એમ તે વાત કરતો હતો તેવામાં કુમારનો પિતા પુરંદર રાજા પણ તેની શોધ કરતો ત્યાં આવ્યો. રણમલ્લ વિગેરે સર્વે ઉભા થઇ રાજાને પ્રણામ કરી વિનયપૂર્વક નીચે બેઠા. ત્યારબાદ મુનીંદ્રે પણ ફરીથી તેઓને ઉદ્દેશી દેશ-

નાનો પ્રારંભ કર્યો. મુનિ ધર્મ તથા ગૃહસ્થ ધર્મ વિસ્તારપૂર્વક કહ્યો, અને વિશેષમાં જણાવ્યું કે—

देशादन्यस्मादपि, मध्यादपि जलनिधेर्दिशोऽप्यन्तात् ।
आनीयझटिति घटयति, विधिरभिमतमभिमुखीभूतः ॥

અર્થ—" પોતાને અનુકૂલ થયેલો દૈવ દેશાંતર, મધ્યસમુદ્ર, અને દિશાઓના અંત ભાગમાંથી પણ લાવીને ઈષ્ટ વસ્તુનો જલદી સંયોગ કરાવે છે. વિગેરે દેશનાની સમાપ્તિમાં રણમલ્લ રાજાએ પુરંદરને જણાવ્યું કે આ મ્હારી પુત્રી મ્હારા પ્રાણથી પણ અધિક પ્રિય છે. તેથી પ્રીતિપૂર્વક તેની સંભાળ તમ્હારે લેવી. ત્યારબાદ પુરંદર રાજા ગુણચંદ્રના કહેવાથી સમગ્ર સંબંધ જાણીને રણમલ્લને પોતાના નગરમાં લઈ ગયો. દેવતાઓનું જોડલું પણ કુમાર તથા તેની સ્ત્રીને ઉત્તમ રત્નાભૂષણો આપીને પોતાના સ્થાનમાં ગયું. મુનિએ પણ અન્યત્ર વિહાર કર્યો.

**કુમારનો ઉપદેશ.**

પુરંદરે રણમલ્લ રાજાને કેટલાક દિવસ પોતાને ત્યાં રાખીને સન્માન કરી વિદાય કર્યો. એટલે તે પોતાના નગરમાં આવી સદ્ધર્મનું પાલન કરતો હતો. તેમજ બીજા ગુણવ્રતની રક્ષામાં તત્પર એવો શ્રી વિશ્વસેન કુમાર સુગુરૂની ઉત્કૃષ્ટ આજ્ઞામાં આસક્ત થઈ વિષય ભોગમાં દિવસો નિર્ગમન કરતો હતો, ગુણચંદ્ર અને સોમચંદ્ર કેટલોક સમય ગયા બાદ સુગુરૂના ઉપદેશથી શિથીલ થયા. અને બીજા ગુણ વ્રતમાં અતિચાર કરવા લાગ્યા. ગુણચંદ્ર ઉંબીતથા શીંગો શેકીને ખાવા લાગ્યો. તેમજ સોમચંદ્ર પણ કદાચિત્ અપકવનો ઉપભોગ કરવા લાગ્યો. તે વાત જ્યારે વિશ્વસેનના જાણવામાં આવી ત્યારે તેણે મધુર વાણીવડે કહ્યું કે હે મિત્રો ! આ પ્રમાણે ગુણવ્રત કલંકિત કરવું તે આપણને

ઉચિત ગણાય નહીં. કદાચિત્ અતિ પ્રચંડ વિષધારી સર્પના મુખમાં હસ્ત ફેંકવો, સહસા હળાહળ વિષપાન કરવું, તત્કાલ પ્રસવેલી વાઘણના સ્તનમાંથી દૂધ પીવું, સ્હામા પવનથી પ્રજ્વલિત અગ્નિની નજીકમાં શયન કરવું, મઘર વિગેરે પ્રાણીઓથી વ્યાકુલ એવા સમુદ્રમાં સંતોષપુર્વક પ્રવેશ કરવો, તેમજ તીક્ષ્ણ નખોથી અતિ ભયંકર રીંછ વિગેરે ઘાતક પ્રાણીઓની સાથે આલિંગન કરવું, તે સર્વ શ્રેષ્ઠ ગણાય, પરંતુ ક્ષણ માત્ર પણ ધર્મમાં પ્રમાદ કરવો તે યોગ્ય ગણાય નહીં. કારણ કે તે પ્રમાદ દરેક જન્મમાં દુઃસહ દુઃખ આપવામાં અતિ પ્રચંડ છે. આ પ્રમાણે અમૃત સમાન આનંદદાયક કુમારની વાણી સાંભળી તે બન્ને જણાઓ અતિચારના આચરણથી લજ્જા પામ્યા.

**વસંતક્રીડા.**

અન્યદા વસંતસમયમાં વિલાસવતી કુમારને કહેવા લાગી કે, હે પ્રિય ! હાલમાં તમે ક્રીડા રસથી પરાઙ્મુખ થયા છો, પરંતુ મ્હને તે વાતનો બહુ શોખ છે. માટે ત્હમે નંદનવનમાં મ્હારી સાથે ક્રીડા કરવા ચાલો, ત્યાં જઇ કેળ, ઇલાયચી અને લવિંગ વિગેરે લતાઓના મંડપમાં આપણ ક્રીડા રસનું પાન કરીએ. કુમાર બોલ્યો, હે મૃગાક્ષિ ! આ કાર્ય કરવું આપણને ઉચિત નથી, પરંતુ ત્હારા આગ્રહને લીધે મ્હારે આવવું પડશે. એમ કહી તેણીની સાથે તે ચાલ્યો. અને નંદનઉદ્યાનમાં ગયો. પ્રથમ જીનમંદિરમાં જઇ ભક્તિભાવ યુક્ત જીનેંદ્ર ભગવાનની પુજા કરી. પછી સ્તુતિ કરી ત્યાંથી બહાર નીકળ્યો. ત્યારબાદ મધુર ગુંજારવ કરતા ભ્રમરા તેમજ કોયલના નાદથી વાચાલિત ગંભીર વૃક્ષોની ઘટાવાળા વનમાં તેમણે પ્રવેશ કર્યો. ત્યાં આગળ સુંદર પુષ્પો વડે કલ્પવૃક્ષના ગર્વને હરણ કરનાર, તેમજ બહુ સરલ અને

લાંબી છે શાખાઓ જેની, એવો એક મ્હોટો વૃક્ષ તેઓના જોવામાં આવ્યો. પછી તેની નીચે ગાઢ છાયામાં વિલાસવતી સહિત કુમાર બેઠો અને આનંદપુર્વક તેની શોભા જોતો હતો, તેટલામાં ખટ્વાંગ શિવના આયુધથી વિભૂષિત છે હસ્ત જેનો, વળી ઉન્નત જટાવડે સુશોભિત છે મસ્તક જેનું, તેમજ પ્રગટ કર્યો છે ઘંટા તથા ઝાંઝરનો નાદ જેણે, જેના હાથમાં ભિક્ષાપાત્ર ધારણ કરેલું છે, પ્રાણીઓનો જાણે પ્રલયકાલ આવ્યો હોયને શું ? એમ ડમડમ વાગતા ડમરૂના નાદથી અતિ ભયંકર દેખાવ આપતો અને મનમોહક આકૃતિવાળો એક મહાવ્રતી આકાશમાંથી એકદમ ત્યાં આવ્યો. કુમારને જોઇ ચિત્રામણની માફક સ્તબ્ધ થઇ તે કંઇ પણ બોલી શક્યો નહીં. ત્યારે કુમારે વિલાસવતીને કહ્યું કે, હે સ્ત્રી ! આ પુરૂષ નથી પણ સ્ત્રી છે. વિલાસવતી બોલી, હે નાથ ! પુરૂષનું સ્વરૂપ સાક્ષાત્ દેખાય છે અને સ્ત્રીનો આકાર બીલકુલ દેખાતો નથી છતાં આ સ્ત્રી છે એમ તમે શાથી કહો છો ? કુમાર બોલ્યો, હે સુંદરી ! તું એની ચેષ્ટા જો. વક્ર દૃષ્ટિથી જુએ છે. વળી મ્હારા સ્હામું જોઇ શરીરે સ્વેદ જલ વહન કરે છે, તેમજ શરીર રોમાંચિત થઇ ગયું છે. પગના અંગુઠાવડે પૃથ્વી ખોતરે છે. તે ઉપરથી આ સ્ત્રી છે એમાં કોઇ પ્રકારે સંદેહ નથી. વિદ્યા સાધવા માટે આ સ્ત્રીએ પુરૂષનો વેશ ધારણ કર્યો છે. કારણકે વિદ્યાઓ અનેક પ્રકારની હોય છે અને તેઓને સિદ્ધ કરવાના ઉપાય પણ બહુ પ્રકારના હોય છે. એમ કુમાર બોલતો હતો તેટલામાં તે વિદ્યા તેને સિદ્ધ થઇ ગઇ. તેથી તેણે કાપાલિકનો વેશ છોડી દઇ સ્ત્રી રૂપ ધારણ કરી કહ્યું કે, હે કુમાર ! આપના દર્શનથી ઘણા દિવસે આજે મ્હારી વિદ્યા સિદ્ધ થઇ એમાં કંઇ આશ્ચર્ય નથી. કારણકે કલ્પવૃક્ષની માફક સત્પુરૂષના દર્શનથી દરેક કાર્ય સિદ્ધ થાય છે. વળી હે કુમારેંદ્ર ! આ મ્હારો

દેહ તથા જીવિત વિગેરે આપનુંજ છે. હે પ્રાણપ્રિય ! ક્ષણ માત્રમાં વૈતાઢ્ય પર્વતમાં જઇ મ્હારા માતા પિતાને લઇ પાછી હું અહીં આવું છું. ત્યાં સુધી આપ મ્હારી ઉપર કૃપા કરી અહીં રહેશો. તમે મ્હારા બહુ ઉપકારી છો, માટે મ્હારો દેહ પણ હું તમને અર્પણ કરૂં છું. એમ કહી તે ત્યાંથી વિદાય થઈ.

**પ્રછન્નરૂપધારી વિદ્યાધર.**

હવે પ્રછન્નરૂપ ધારણ કરીને તે સ્ત્રીની પાછળ ભ્રમણ કરતા એક વિદ્યાધરે આ સર્વ વાર્તા સાંભળી અને તેનું સર્વ ચરિત્ર જોયું. વળી તે વિદ્યાધર તેની ઉપર અનુરક્ત થઈ છ માસથી તેની પાછળ ફરતો હતો અને વિદ્યા સિદ્ધિની આકાંક્ષાથી આજ સુધી તેણે તેના સમાગમની વાટ જોઇ, પરંતુ હવે પોતાનો મનોરથ નષ્ટ થવાથી તે વિદ્યાધર ક્રોધાયમાન થયો. તેથી તે હસ્તીનું સ્વરૂપ ધારણ કરી કુમારને ઉપાડી આકાશમાં ઉડી ગયો. તે જોઇ કુમારનો સર્વ પરિવાર વિસ્મિત થયો, અને વિલાસવતીએ વિરહને લીધે વિલાપના શબ્દોથી પોકાર કર્યો. તેથી તીક્ષ્ણ શસ્ત્રો ધારણ કરી ગુણચંદ્ર વિગેરે તેની પાછળ દોડ્યા. રાજા પણ કોઈના કહેવાથી કુમારનું દુઃખ જાણી ત્યાં આવ્યો, અને જોયું તો મૂર્છાથી જેનાં નેત્ર મીચાઈ ગયાં છે એવી વિલાસવતીને પૃથ્વી પર પડેલી જોઇ. પછી પોતાના પુરૂષોને તેણે કહ્યું કે, ગંધોદક લાવી જલદી એને છાંટો, તેમજ વીંજણેથી પવન નાખો. તે પ્રમાણે શીતલ ઉપચાર કરવાથી વિલાસવતી સચેતન થઇ, તેટલામાં ગુણચંદ્રાદિક સુભટો ત્યાં આવી રાજાની આગળ કહેવા લાગ્યા, હે દેવ ! કુમારને કોઈ હસ્તી આકાશમાર્ગે લઇ ગયો, તે જોઇ અમે તેની પાછળ દોડ્યા પણ અમારો કાંઇ ઉપાય ચાલ્યો નહીં. અમારાં બાણો

પણ નિષ્ફલ થયાં. હવે શું કરવું ? એટલામાં તે વિદ્યાધરી પણ પોતાના માતપિતાની સાથે ત્યાં આવી અને પુછવા લાગી કે, આપનો કુમાર ક્યાં ગયો ? રાજા બોલ્યો, કોઈક વિદ્યાધર હસ્તીનું સ્વરૂપ ધારણ કરીને અમારા કુમારને લઇ ગયો. વિદ્યાધરી સમજી ગઇ કે આ કાર્ય તે દુષ્ટ ખેચરનુંજ છે. તેથી તેનું સર્વ વૃત્તાંત તેણીએ પોતાના પિતાની આગળ કહ્યું. ત્યારબાદ તે વિદ્યાધરે રાજાને ધીરજ આપી કહ્યું કે, સાત દિવસની અંદર તમ્હારા પુત્રને હું જરૂર લાવી આપીશ. હવે તમ્હારે કિંચિત્માત્ર પણ ખેદ કરવો નહીં. અને સુખેથી તમે પોતાના સ્થાનમાં પધારો. એમ સાંભળી રાજા પણ ગુણચંદ્ર પાસે વિલાસવતીને ધૈર્ય ધારણ કરાવી ઘર તરફ ચાલ્યો. તેમજ વિદ્યાધર પણ કુમારની શોધ કરવા માટે પ્રવૃત્ત થયો. હવે તે દુષ્ટ ખેચર સમુદ્રદ્વીપમાં તે કુમારને ફેંકી દઇને વૈતાઢ્ય પર્વતમાં જઇ પરણવાની સામગ્રી તૈયાર કરતો હતો.

**કનકશ્રીનો સમાગમ.**

હવે કુમાર પોતે દ્વીપની અંદર ફરતો હતો તેવામાં ત્યાં વનદેવતા સમાન મનોહર આકૃતિવાળી એક સ્ત્રી તેના જોવામાં આવી. કુમારે પૂછયું, તું કોણ છે ? અને અહીં શા માટે આવી છે ? બહુ ઉષ્ણ નિઃશ્વાસ મૂકતી તે બોલી, જેણે મ્હને નિર્માણ કરી પ્રસિદ્ધ કુલમાં જન્મ આપી અત્યંત દુઃખથી ઘેરાયેલી અહીં આણી છે એવા તે દૈવને પૂછો ! એમ કહી તે રૂદન કરવા લાગી, એટલે કુમારે તેને શાંતિ આપીને કહ્યું કે, હવે ત્હારે ખેદ કરવાનું કંઇ કારણ નથી. તું દૈવગતિનો વિચાર કર ? ઉંચા હોય તે નીચા થાય છે અને નીચાના ઉંચ પણ થાય છે. ધનાઢ્ય દરિદ્રી અને દરિદ્રી ધનવાન્, રાજાઓ રંક અને રંકના રાજાઓ પણ થાય છે. તે સર્વ કર્મનોજ પ્રભાવ છે.

માટે હે સુજ્ઞ સ્ત્રી ! કર્મનો ઉચ્છેદ કરવામાં તું તત્પર થા. જેથી ફરીને કોઈ વખત ત્હને આવું સાંસારિક દુઃખ પ્રાપ્ત થાય નહિં. એમ કેટલોક ઉપદેશ આપીને કુમારે તેનો શોક દૂર કર્યો. અને ગોપ જેમ ગોપીનું આશ્વાસન કરે તેમ કુમારે પોતાના સ્થાનથી ભ્રષ્ટ થયેલી એવી પણ તે બાળાને સ્વસ્થતા પૂર્વક પોતાની પાસે સ્થાપન કરી. ત્યારબાદ તેણીએ પોતાનું ચરિત્ર કુમારની આગળ કહેવાનો પ્રારંભ કર્યો.

**કનકશ્રીનું ચરિત્ર.**

શ્રીનગરનો રહીશ સોમદેવ નામે શ્રેષ્ઠી છે. તેની કનકશ્રી નામે હું પુત્રી છું. વળી તેજ નગરવાસી શાલીભદ્ર નામે શ્રેષ્ઠીની સાથે હું પરણેલી છું. તેમજ બહુ સત્કાર પૂર્વક તે મ્હને પોતાને ઘેર લઈ ગયો. અને મ્હારી સાથે બહુ આનંદથી વિષય સુખ ભોગવતો હતો, વળી તેણે મ્હને કહ્યું કે, હવે ત્હારા પિતાને ત્યાં કોઈ દિવસ ત્હારે જવું નહીં. મ્હેં પણ તે પ્રમાણે કબુલ કર્યું. ત્યારબાદ વિનય પૂર્વક મ્હેં કહ્યું કે, હે નાથ ! મ્હારા માતાપિતા કદાચિત્ મ્હને બોલાવે તો ત્મ્હારે છુટી આપવી પડશે. તે પણ તેણે બરોબર માન્ય કર્યું નહિં. ત્યારબાદ એક દિવસ અર્ધ રાત્રીના સમયે નજીકના ઘરમાં કોઈક પુરૂષ ગાયન કરતો હતો, તેનો સુંદર નાદ મ્હારા સાંભળવામાં આવ્યો. તે ઉપરથી મ્હેં મ્હારા સ્વામીને કહ્યું કે, હે નાથ ! આ ગાયન કરનાર પુરૂષની પચીશ વર્ષની ઉંમર છે. તે જાતે ક્ષત્રીય છે. તેના શરીરની કાંતિ ગૌર છે. તેનું આયુષ્ય થોડું છે. આકૃતિ બહુ મનોહર અને શરીરે તે પુષ્ટ છે. ગુહ્ય સ્થલમાં એક તિલનું તેને ચિન્હ છે, અને ધનુર્વેદમાં તે બહુ કુશલ છે. આ પ્રમાણે મ્હેં સ્વરશાસ્ત્રથી વિશેષ હકીકત જાણીને તેને કહ્યું. તેથી તેના હૃદયમાં એકદમ ઈર્ષ્યા રૂપી અગ્નિ સળગી ઉઠ્યો. અને તેજ દિવસથી મ્હારી સાથે તેણે બોલવાનો સંબંધ

પણ બંધ કર્યો. પછી મ્હેં વિચાર કર્યો કે, ગુણ પણ દોષનું કારણ બને છે. ત્યારબાદ આવા અયોગ્ય કંટાળાને લીધે તે દિવસથી આરંભીને તે પણ સમુદ્રની મુસાફરી માટે તૈયાર થયો. પછી પોતાના પિતાની આજ્ઞા લઇ શુભ મુહૂર્ત્તમાં તે દેશાંતર ચાલ્યો. તે વખતે તેનો બીલકુલ આગ્રહ નહોતો છતાં હું પણ તેની સાથે વહાણમાં બેઠી. રાત્રીના સમયે સમુદ્રમાં ચાલતાં નિદ્રામાંથી હું જાગી ઉઠી. અને દેહચિંતા ટાળવા માટે જાજરૂમાં જતી હતી તેવામાં તેણે ધક્કો મારી મ્હને સમુદ્રમાં નાખી દીધી. તે પ્રસંગે દૈવયોગે મ્હારા હાથમાં એક પાટીયું આવી ગયું. તેથી તેનો આશ્રય લઇ હું અહીં આવી છું. વળી હે કુમાર ! હાલમાં મ્હને બહુ ભુખ લાગી છે, એમ કહી તેણીએ કુમારની આગળ પોતે આણેલાં સચિત્ત ફળ મૂક્યાં. કુમારે પોતાના હૃદયમાં ગ્રહણ કરેલા નિયમનું સ્મરણ કરી તે ફળ ખાધાં નહીં. ત્યારે તેણીએ બહુ આગ્રહ કરી કુમારને પૂછયું કે, આ સુંદર ફળ તમે શા માટે ખાતા નથી ? કુમાર બોલ્યો, પત્ર અને પાણી વિના બાકીની સચિત્ત વસ્તુનો મ્હારે ત્યાગ છે. એ પ્રમાણે સાત દિવસ સુધી કુમારે મનથી પણ સચિત્ત દ્રવ્યની ઇચ્છા કરી નહીં. તેમજ ધર્મનો ઉપદેશ આપી તે સ્ત્રીને પણ બાર વ્રતધારી શ્રાવિકા કરી. ત્યારબાદ સચિત્તનો નિયમ કરવાથી તે પણ સાત દિવસ સુધી ઉપવાસી રહી.

**ફરીથીવિદ્યાધરીનું આગમન.**

તે દરમીયાન પૂર્વોક્ત વિદ્યાધરી બહુ પરિવાર સાથે ત્યાં આવી. તે પ્રસંગે બહુ કૃશ થયેલી અને પોતાની આગળ રહેલી તે સ્ત્રી સાથે કંઇક વાતચિત કરતા કુમારને અત્યંત દુર્બળ અવસ્થામાં તેણે જોયો. પછી મસ્તકે હાથ જોડી તે વિદ્યાધરી બોલી, હે પ્રાણવલ્લભ ! આપ આ વિમાનમાં બેસી જાઓ. જેથી આપણે તમારા નગરમાં જઇએ. વળી તમારો અપકારી

જે ખેચર હતો તેને મ્હારા પિતાએ માર્યો છે. તે સાંભળી કુમાર બોલ્યો અરે ! આ બહુ વિરૂદ્ધ કામ કર્યું. કારણ કે તે મ્હને અહીં લાવ્યો હતો. તેથી મ્હેં કનકશ્રીને ધર્મનો ઉપદેશ આપ્યો, માટે તે ખેચર મ્હારો પરમ ઉપકારી ગણાય. અથવા પૂર્વે કરેલા વિરૂદ્ધ કર્મનું આજે ત્હેને આ ફળ મળ્યું. એમ કહ્યા બાદ વણિકની સ્ત્રીએ વિદ્યાધરીને કહ્યું કે, આજે સાત દિવસથી કુમારને ઉપવાસ છે. કારણ કે આ કુમાર બહુ ધર્મિષ્ઠ છે. અને તે સચિત્ત આહાર લેતા નથી. પછી વિદ્યાધરીના પરિવારે ફલ, પત્ર, પુષ્પ અને કંદમૂળ લાવીને કુમારની આગળ મૂક્યાં. પરંતુ પોતાના નિયમને લીધે પૂર્વની માફક તેનું પણ તેણે ભોજન કર્યું નહીં, ત્યારબાદ તેના પરિવારે તે સર્વ ફલાદિક ખાધાં તેથી તરતજ તે સર્વે લોકો મરણ પામ્યા.

**ધર્મમહિમા.**

કુમારે મનમાં વિચાર કર્યો કે, જેના પ્રભાવથી ભવ્ય પુરૂષો સંસાર સમુદ્રને તરી જાય છે એવો ધર્મ જ આ જગત્માં સત્ય છે. અને તેથીજ સર્વત્ર જય થાય છે. તેમજ ઉત્તમ ગુણોથી વિરાજીત, વળી શુભ ફળ આપવામાં કલ્પવૃક્ષ સમાન, અજ્ઞાન રૂપી અંધકારને દૂર કરવામાં સૂર્ય સમાન અને જેઓએ ઉપદેશ પૂર્વક નિયમ આપી મ્હારો ઉદ્ધાર કર્યો એવા ધર્મગુરૂઓનો આ જગત્માં જય થાઓ ! તેમજ અનેક વિપત્તિઓવડે બહુ ભયંકર એવા આ સંસાર કૂપમાંથી મ્હારો ઉદ્ધાર કર્યો અને અતિ વિકટ ભવરૂપી અટવીમાંથી જેમણે મ્હારૂં પરિભ્રમણ નિવાર્યું તે ગુરૂઓ મ્હારા પરમ ઉપકારી છે. એમ તે કુમાર ચિંતવતો હતો તેટલામાં વિદ્યાધરીએ વિદ્યાના પ્રભાવથી જાણ્યું કે દ્વેષ બુદ્ધિથી પૂર્વોક્ત તે ખેચરે વિષ મિશ્રિત કરી આ ફલાદિક વસ્તુઓ પ્રથમ અહીયાં મૂકેલી હશે અને તેઓનો પ્રભાવ

હાલમાં પ્રગટ થયો એમ નિશ્ચય કરી તરત જ તે પોતે વિષ સંહારિણી ઔષધિ લઈ આવી, અને તે તેઓના નાક ઉપર મૂકવાથી એકદમ તેઓ સર્વ સચેતન થયા. ત્યારબાદ તે વિદ્યાધરી કનકશ્રી સહિત કુમારને વિમાનમાં બેસારી ભોગપુરમાં લઇ ગઈ. ત્યાં બહુ વિયોગની પીડાથી દુ:ખી થયેલાં એવાં પોતાનાં માતા પિતાને કુમારે નમસ્કાર કર્યો અને સર્વે આનંદમય થઈ ગયાં. ત્યારબાદ મ્હોટી વિભૂતિ સાથે ખેચરોએ વિવાહ ઉત્સવ પ્રારંભ્યો. કુમારે મુનિઓને પણ મોહજનક એવી સુરસુંદરી નામે તે વિદ્યાધરીનું પાણિગ્રહણ કર્યું. તેમજ નિરંતર શ્રાવક વ્રત પાળવામાં દ્દઢ ચિત્તવાળી કનકશ્રી પણ કુમારને ઘેર રહી અને કુમાર પણ તેને પોતાની બ્હેન સમાન માનવા લાગ્યો.

**વિશ્વસેનનો ગૃહસ્થાશ્રમ.**

વિશ્વસેન કુમારને શુભ મુહૂર્ત્તમાં રાજ્યાસન ઉપર સ્થાપન કરી રણમલ્લ રાજાએ પોતાનો યોગ્ય સમય જાણી જૈન દીક્ષા ગ્રહણ કરી. કુમાર પણ રાજ્યાસન ગ્રહણ કરી બન્ને સ્ત્રીઓ સાથે અક્ષય રાજ્ય સંપદાઓ ભોગવતો નિરંતર નિરતિચાર શ્રાવક વ્રત પાળવામાં તત્પર થયો. એમ કેટલોક સમય વ્યતીત થતાં વિલાસવતીને સુંદર આકૃતિવાળો જગદાનન્દ નામે એક પુત્ર થયો. તેણે અનુક્રમે બોંતેર કળાઓમાં નિપુણતા મેળવી. અને અનુક્રમે યૌવન અવસ્થાથી તે અલંકૃત થયો. વળી સુરસુંદરીને પણ પૂર્ણ લક્ષણ સહિત એક પુત્રી થઈ. માત્ર તેનું આટલું જ કુટુંબ હતું. ત્યારબાદ કુમારે બ્રહ્મચર્ય વ્રતનો નિયમ લીધો. તેમજ રાજ્યને દ્દઢતરપાશ સમાન, ભોગોને રોગ સમાન, ભવનને પરાજયના સ્થાન સમાન, અને સ્ત્રી વર્ગને ભુજંગી સમાન માનતો છતો તે પોતાનો કાલક્ષેપ કરતો હતો. વળી જે કુમારને પ્રતાપ રૂપી પ્રબલ રક્ષક, પોતાની

બુદ્ધિ રૂપી મંત્રી, આજ્ઞા રૂપી ચારક બંધન અને પુણ્યબંધ રૂપી સંપત્તિ છે. તેવામાં કોઈ દુષ્કર્મને લીધે વિલાસવતીના શરીરે મહારોગ ઉત્પન્ન થયો. વૈદ્ય લોકોએ બીજોરાના ઉપચારવડે વ્યાધિથી તેને વિમુક્ત કરી. તો પણ વિલાસવતી દરરોજના અભ્યાસને લીધે સચિત્ત વસ્તુનો આહાર કરવા લાગી. રાજાએ બહુ સમજાવીને કહ્યું કે, સચિત્ત આહાર કરવાથી ત્હારૂં બીજું ગુણવ્રત દૂષિત થાય છે. વળી કારણ વિના અતિચાર સેવવો તે યોગ્ય ગણાય નહીં. તે સાંભળી ગાઢ આસક્તિને લીધે તેણીએ જવાબ આપ્યો કે, જો હું મધની સાથે બીજોરાનો પ્રયોગ હાલમાં છોડી દઉં છું તો મ્હારા શરીરે રોગ બહુ પીડા કરે છે. રાજા બોલ્યો, હે પ્રિયે ! સચિત્ત ઔષધાદિકથી ત્હારૂં શરીર નીરોગી થયું છે એમ જાણી તું જે ઉત્તર આપે છે તે ઉચિત નથી. કારણકે પોતાના એક જીવિત માટે બહુ જીવ કોટીને જેઓ દુઃખમાં નાખે-છે તેઓનો આત્મા શું સદા કાલ અમર રહેવાનો છે ? તેમજ શાસ્ત્રમાં તો કહ્યું છે કે—

> कृमयो भस्म विष्ठा वा, निष्ठा यस्येयमीदृशी ।
> स कायः परपीडाभिः, पोष्यतामिति को नयः ? ॥
> महता पुण्यपण्येन, क्रीतेयं कायनौस्त्वया ।
> पारं दुःखोदधेर्गन्तुं, त्वर यावन्नभिद्यते ॥

અર્થ—"જે શરીરની સ્થિતિ કીડા, ભસ્મ કે વિષ્ઠારૂપ થાય છે તે શરીરને અનેક જીવોને દુઃખ આપી પોષવું તે સર્વથા અનુચિતજ ગણાય." તેમજ હે જીવ ! મ્હોટા પુણ્યરૂપી કિંમતવડે શરીરરૂપી નૌકા ત્હેં ખરીદી છે તો જ્યાંસુધી તે ભાગી ન જાય તેટલામાં દુઃખ સાગરનો પાર પામવા માટે તું જલદી તૈયાર થા. વળી હે મૃગાક્ષિ ! સદ્ગુરૂના મુખ કમળમાંથી નીકળેલાં અને પોતે ગ્રહણ

કરેલાં વચનોનો અનાદર કરવો તે માત્ર મોહનોજ પ્રભાવ છે એમ હું માનું છું. અને તેમ કરવાથી તો આ લોક અને પરલોકમાં અતુલ દુ:ખ પ્રાપ્ત થશે. વળી સદ્ગુરૂની આજ્ઞાનો ભંગ કરવાથી ભવિષ્યમાં બોધિ પણ દુર્લભ થશે. એમ મ્હારૂં મંતવ્ય છે. એ પ્રમાણે અનેક યુકિતયોથી બહુ ઉપદેશ આપ્યો પરંતુ દારૂણ કર્મને લીધે તેણીએ તે વચન માન્ય કર્યું નહીં. " અહો ! મોહમહિમા કેવો દારૂણ છે ? " એમ જાણી એ ભૂપતિએ તિરસ્કારપૂર્વક તેનો ત્યાગ કર્યો. ત્યારથી તે વિલાસવતી પણ બહુજ કંદાહિકનું ભોજન કરવા લાગી. તેથી રોગ પણ વધારે વ્યાપી ગયો. અંદર અને બહારથી અંધ બની ગઇ. ત્યારબાદ તે અનેક દુ:ખ અનુભવી અસમાધિથી મરણ પામી વ્યંતર યોનિમાં ઉત્પન્ન થઇ ! ત્યાંથી નીકળી પુન: બહુકાળ ભવ ભ્રમણ કરી અનુક્રમે કર્મનો ક્ષય કરી મોક્ષે જશે.

**કનકશ્રી**

કનકશ્રીએ પણ બીજું ગુણવ્રત લીધેલું હતું છતાં વિલાસવતીના સંસર્ગને લીધે તેમાં તે શિથીલ બની ગઈ અને સચિત્તનો નિયમ કરેલો છે તોપણ ઘણાં પાકેલાં આમ્રફળ અચિત્ત ગણાય એમ માની સચિત્ત ભોજન કરવા લાગી. તે જોઈ રાજાએ તેને કહ્યું, હે સુંદરી ! અંજલિમાં રહેલા જલબિંદુ સમાન આયુષ ક્ષીણ થાય છે. તે શું તું નથી જાણતી ? તેમ હે મૃગાક્ષિ ! લક્ષ્મીનું સુખ વિરસ, પરિણામે દારૂણ દુ:ખદાયક અને અનંત ભવ ભ્રમણમાં કારણભૂત થાય છે. તે શું તું નથી દેખતી ? વળી જે પ્રાણી નિયમ લઈ પ્રમાદવડે તેનો નાશ કરે છે તે મનુષ્ય તુચ્છ વિષયોના ભોગ માટે કોટી ધનને બદલે કૌડી ખરીદે છે. જેમ કિંચિત્ માત્ર ખાધેલું હલાહલવિષ મરણદાયક થાય છે તેમ થોડો પણ નિયમનો કરેલો ભંગ પ્રાણીઓને મહા દુ:ખ-

દાયક થાય છે. માટે સચિત્ત આહારનો તું ત્યાગ કર. અને સદ્ગુરૂનું વચન માન્ય કર. એમ તેણે ઘણો પ્રતિબોધ કર્યો, પરંતુ ભારે કર્મના બંધથી મોન ધારણ કરી કંઇપણ તે બોલી નહીં. રાજાના તિરસ્કારને લીધે તે પણ આલોચના કર્યા વિના ત્યાંથી મરણ પામી સૌધર્મ કલ્પમાં મધ્ય દેવપણે ઉત્પન્ન થઇ.

**સુરસુંદરી**

સુરસુંદરી પણ દ્વિતીય ગુણવ્રતમાં શિથિલ થઇ અને નિરંતર પ્રમાદથી તુચ્છ ઓષધિઓનો ઉપભોગ કરવા લાગી. તે વાત રાજાના જાણવામાં આવી. એટલે તેણે કહ્યું કે, હે પ્રમદે ? સ્વેચ્છા પ્રમાણે આહાર લેવો તે ત્હને ઉચિત નથી. અંગીકાર કરેલું વ્રત જો પાળી શકાય નહીં તો જીવિત પણ નિરર્થક છે. વળી ધીર પુરૂષો પ્રથમથી સ્વીકારતા નથી અને જો સ્વીકારે તો પછી તેનો ત્યાગ કરતા નથી. સત્ય વાણીવડેજ મનુષ્યો જીવતા ગણાય છે, અન્યથા મડદા સમાન ગણાય છે. વળી હે સુંદરિ ! મ્હારી પાસે પ્રથમજ ત્હેં ગૃહસ્થ ધર્મ સ્વીકાર્યો છે. વળી બહુ ઉત્સાહપૂર્વક ત્હેં બીજું ગુણવ્રત પણ લીધેલું છે. તેમજ પોતાના દેહ માટે પુષ્પ, તાંબુલ અને જળ વિના બાકી સમસ્ત સચિત્ત વસ્તુનો સર્વથા ત્હેં ત્યાગ કર્યો છે. છતાં તું દ્વિતીય ગુણવ્રતને અતિચારવડે કલંકિત શા માટે કરે છે ? પોતાના મુખે કબુલ કરેલા આ વ્રતનું સમ્યક્ પ્રકારે તું પાલન કર ? કારણકે જીવિત જલબિંદુ સમાન ચંચલ છે. વિષયભોગ વિજળી સમાન ક્ષણભંગુર છે. પ્રિયનો સમાગમ પરિણામે શોકદાયક છે. એમ જાણી પ્રમાદવડે આ અતિચાર સેવવો ત્યારે ઉચિત નથી. દુષ્કર્મના વશથી તે પણ રાજાને કંઇ ઉત્તર આપી શકી નહીં. પછી રસાસ્વાદમાં લુબ્ધ થવાથી તેને સંનિપાત થઇ ગયો અને મુંગાની માફક બેભાન થઇ ગઇ. વળી રાજાના તિરસ્કારને લીધે વિરતિ સમ્યકત્વના અભાવ-

પડે કર્મવશથી કાળ કરીને તે વ્યંતરી થઈ. તેમજ ગુણચંદ્ર અને સોમચંદ્ર પણ આલોચના નહીં કરવાથી નાગલોકમાં ઉત્પન્ન થયા અને ત્યાંથી ચવીને અહીંજ ત્રીજે ભવે તેઓ મોક્ષ પદ પામશે.

**વિશ્વસેનરાજા.**

વિશ્વસેન રાજા ધર્મ પરાયણ થઈ સમય નિર્વહન કરતો હતો. એક દિવસ અર્ધરાત્રીના સમયે કોઈક પુરૂષ એક ગાથા બોલતો હતો તે તેના સાંભળવામાં આવી–જેમકે—

मुच्चंति रज्जुबद्धा, संकलबद्धा य नियलबद्धा य ।
नेहनियडेसु बद्धा, भवकोडिगया किलिस्संति ॥

અર્થ—"દોરી, સાંકળ અને બેડીઓથી બંધાયેલાં પુરૂષો મુક્ત થાય છે, પરંતુ સ્નેહપાશથી બંધાયેલા પ્રાણીઓ તો કોટિ ભવભ્રમણ કરી બહુ ક્લેશ પામે છે." આ પ્રમાણે ગાથાનો અર્થ સમજી વિશ્વસેનરાજા પોતાના હૃદયમાં ભાવના ભાવવા લાગ્યા. રે જીવ! આ પ્રમાણે જાણીને કોઇ ઠેકાણે ત્હારે પ્રતિબંધ કરવો નહીં. વળી હે જીવ! રાજ્યાદિક વૈભવોમાં કિંચિત્ માત્ર પણ ત્હારે લુબ્ધ થવું નહીં. તેઓ પરિણામમાં દુરંત દુઃખદાયક થાય છે. તેમજ રે જીવ! આદિ, મધ્ય અને અંતનો યથાર્થ તું સૂક્ષ્મ બુદ્ધિવડે વિચાર કર. કે ધર્મ એજ કેવલ સુખદાયક છે. અને રાજ્ય વૈભવ નિશ્ચય દુઃખદાયક છે. વિવેકી પુરૂષો એ બન્નેમાં બહુ વિશેષતા જાણે છે. અને મૂઢ પુરૂષો દેખવામાં મનોહર અને પરિણામે વિરસ એવા રાજ્ય સુખમાં લુબ્ધ થઈને છેતરાય છે. એમ વિશ્વસેનરાજા અનેક પ્રકારે વિચાર કરતો હતો તેટલામાં સૂર્યોદય થયો. એટલે તરતજ આવશ્યકાદિ નિત્ય નિયમ કરી રાજા સભામાં આવ્યો, અને પ્રધાન વિગેરે અધિકારીઓને બોલાવ્યા. પછી તેઓની આગળ રાજાએ પ્રશ્ન કર્યો કે, બળતા ઘરની અંદર

તેનો સ્વામી સૂઈ ગયો હોય અને પછી જાગ્રત થઈ કદાચિત્ તે તેમાંથી બહાર નીકળતો હોય તો તેને તેના સ્વજનોએ હાથ પકડી બળાત્કારે ત્યાં રોકી રાખવો કે બહાર નીકળવા દેવો ? તે તમે બરોબર વિચાર કરીને કહો ! તેઓ બોલ્યા, હે નરેંદ્ર ! આ બાબત તો નાનું બાલક પણ જાણે છે કે પોતાનો સ્વામી નિદ્રામાં સુતો હોય તોપણ સ્વજનોએ જગાડીને તેને બહાર કાઢવો જોઇએ. તેમજ જો પોતાની મેળેજ જાગ્રત થઇ તે બ્હાર નીકળતો હોય તો બહુ પ્રશંસનીય ગણાય. વળી તેમાં જેઓ વિઘ્નકર્ત્તા થાય છે તે તો તેના પરમ વૈરી ગણાય છે. પછી રાજા બોલ્યો, જો એમ હોય તો મ્હારૂં એક વચન સાંભળો. પ્રમાદ રૂપી અગ્નિથી બળતા સંસારરૂપી ઘરમાં મોહનિદ્રાવડે સુઇ રહેલા મ્હને જે જાગ્રત્ કરે તેને તમારે કોઇએ ના પાડવી નહીં.

**ઉદ્યાનપાલનું આગમન.**

એ પ્રમાણે રાજાનું વચન સાંભળી તેઓ પ્રત્યુત્તર તરીકે કંઈક બોલવાનો વિચાર કરતા હતા, તેટલામાં દ્વારપાલે પ્રવેશ કરાવેલો ઉદ્યાનપાલ ત્યાં આવ્યો અને રાજાને નમસ્કાર કરી વિનંતિ કરી કે, હે રાજાધિરાજ ! સુપાત્ર એવા મુનિઓથી પરિવૃત, ચતુર્જ્ઞાન ધારક અને ઉત્તમ મંગલદાયક શ્રી નેમિચંદ્ર આચાર્ય ઉદયશેખર ઉદ્યાનમાં પધાર્યા છે. આ પ્રમાણે વચનામૃતના પાનથી સંતુષ્ટ થયેલા રાજાએ પોતાના અંગપર રહેલાં સર્વ આભૂષણો ઉદ્યાનપાલને અર્પણ કર્યાં તેમજ તત્કાલ મુનિ મહારાજને વંદન કરવા માટે પરિવાર સહિત વિશ્વસેનરાજા ઉદ્યાનમાં ગયો. અને આચાર્યના ચરણમાં નમસ્કાર કરી યોગ્ય સ્થાને બેસી ગયો. મુનીંદ્રે ધર્મલાભ આપી દેશનાનો પ્રારંભ કર્યો. દેશનાનો સાર સમજીને તે પોતાને ઘેર આવ્યો. પછી જગદાનંદ કુમારને રાજ્યાસને બેસારી મહોત્સવપૂર્વક સૂરીશ્વરની

પાસે તેણે દીક્ષા ગ્રહણ કરી. તેમજ બન્ને પ્રકારની શિક્ષા લીધી. અને અનુક્રમે મોક્ષ પદને પણ પ્રાપ્ત થયા. તેમજ તેની બન્ને સ્ત્રીઓ પણ ઘોર સંસારમાં ભ્રમણ કરી જૈન મત પામી કેટલાક ભવની અંદર કર્મનો ક્ષય કરી સિદ્ધપદ પામશે. માટે હે ભવ્ય પ્રાણીઓ ! આ વિશ્વસેનરાજાએ જેમ દ્વિતીય ગુણ વ્રત ધારણ કરીને અતિ વિષમ કાલમાં પણ જીવન પર્યંત અખંડિત પાળ્યું, તેમ ભાવિ છે શુભ જેમનું એવા અન્ય ભવ્યજનોએ પ્રાણાંત સુધી પણ ગુરૂ સાક્ષીએ લીધેલો નિયમ નિરપેક્ષપણે અવશ્ય પાળવો જોઈએ.

इति श्रीभोगपरिभोगव्रते विश्वसेनकुमारकथानकं
पञ्चातिचारकथासमन्वितं समाप्तम् ॥

तत्समाप्तौ श्रीमल्लक्ष्मणगणिविरचितप्राकृतपद्यबन्धश्रीसुपार्श्वनाथजिन
चरित्रस्य श्रीसकलसूरिपुरन्दरायमाणपरमगुरुत्तपागच्छाधिराजशा-
स्त्रविशारदजैनाचार्ययोगनिष्ठाध्यात्मज्ञानदिवाकरश्रीमद्बुद्धि-
सागरसूरिशिष्यप्रसिद्धवक्तेति लब्धख्याति, व्याख्यान-
कोविद जैनाचार्य श्रीमद् अजितसागरसूरिकृतगुर्जर-
भाषानुवादे प्रभुदेशनाप्रबन्धे सदृष्टान्तातिचा-
रव्याख्योपेतं उपभोगपरिभोगव्रतं समाप्तम् ॥

# દત્તશ્રેષ્ઠીની કથા.

## મદ્ય–માંસ–દ્યૂત–રાત્રિભોજન.

દાનવિર્ય રાજાએ પ્રશ્ન કર્યો, કે, પરમ દયાળુ એવા હે ભગવન્! દ્વિતીય ગુણવ્રતમાં લાગતા અતિચારનું સ્વરૂપ દૃષ્ટાંત સહિત અમને સંભળાવવા માટે કૃપા કરો. શ્રી સુપાર્શ્વપ્રભુ બોલ્યા, હે રાજન્! દ્વિતીય ગુણવ્રતધારી પુરૂષોએ કાચા ગોરસ (દહીં, દૂધ) સાથે મિશ્ર કરી દ્વિદલ ( કઠોળ ) ખાવું નહીં. તેમજ સર્વે ધર્માર્થિ જનોએ ભોજનથકી મદ્ય, માંસ તથા રાત્રી ભોજનનો સર્વથા ત્યાગ કરવો. વળી જેઓ મુનીંદ્રનું વચન અંગીકાર કરી દત્તની માફક રાત્રી ભોજન કરતા નથી તેઓ આ ભવ અને પરભવમાં પણ સદાકાળ સુખી થાય છે. જેમકે–સુપ્રજાશત–( સુપય આશક ) સેંકડો ઉત્તમ પ્રજાઓ જેમાં રહેલી છે ( ઉત્તમ દૂધથી ભરપૂર ) સગોપ ( રાજાએ સહિત–ગોવાળીયાઓ સહિત) તેમજ અનેક પ્રકારના વનખંડો જેમાં રહેલા છે, વળી સુવૃક્ષ ( સુવત્સ ) ઉત્તમ વૃક્ષોની છાયાવાળો ( ઉત્તમ વાછડાઓને સુખદાયક ) ગોષ્ઠની માફક પવિત્ર તીર્થોવડે વિભૂષિત સૌરાષ્ટ્ર નામે દેશ છે. તેમાં ધન ધાન્યાદિક સંપત્તિઓનું નિવાસસ્થાન અને અનેક સમૃદ્ધિઓથી વિરાજીત ગિરિનગર નામે નગર છે. તે નગરમાં વૈરિબલને મથન કરનાર મથન નામે સુપ્રસિદ્ધ રાજા છે. તેમજ તેમાં બહુ ધનવાન્ મહેશ્વરદત્ત નામે શ્રેષ્ઠી છે અને રૂપમાં મનોહર લલિતા નામે તેની સ્ત્રી છે. દત્ત નામે તેઓને એક પુત્ર થયો. તે પોતાની ઇચ્છા પ્રમાણે હમ્મેશાં ગોષ્ઠી ક્રિયા કરવા લાગ્યો. તેમજ માતાપિતાની સંમતિ લેઈ દરેક નગરમાં સર્વ ઠેકાણે ફરવા લાગ્યો. એમ અનેક પ્રકારના વિલાસોમાં આસક્ત થઈ

વેશ્યાઓનાં ઘર પણ તેણે શોધવા માંડ્યાં, એ પ્રમાણે નિરંતર મદિરાપાન કરીને મૈથુન ક્રિયામાં આસક્ત થઇ તે દિવસો વ્યતીત કરવા લાગ્યો.

**દત્તકથા**

એક દિવસ દત્ત પોતાના પરિવાર સાથે ઉદ્યાનમાં ઉજાણી કરવા ગયો હતો. તે સમયે તેણે મદિરા, મોદક, ખાજાં, ગુંદર, વડાં, અને કરંબક વિગેરે પદાર્થોનાં ઘણાં ગાડાં ભરી સાથે લીધાં હતાં, તેમજ વીણા, વેણું, અને મૃદંગાદિક વાદ્યમાં પ્રવીણ એવા ગાયક લોકોને પણ સાથે રાખ્યા હતા. પછી ઉદ્યાનમાં જઈ સ્વચ્છ જળથી પરિપૂર્ણ અને ગંભીર એવા સરોવરના કીનારે તેણે મુકામ કર્યો. અને કેળોના મંડપમાં જઇ સંગીતનો પ્રારંભ કર્યો. તેવામાં કોઈ એક દિશામાંથી પ્રસરતો અસહ્ય ગંધ તેની નાસિકામાં ભરાઇ ગયો. તેથી દત્તનું ચિત્ત તે તરફ ખેંચાયું. તેથી સાવધાન થઈ તેણે પોતાના પરિજનને પૂછયું કે, અત્યંત આ દુર્ધર ગંધ કયાંથી આવે છે ? આવા ગંધનો અનુભવ તો કોઇપણ સમયે મ્હને થયો નહોતો.

**મુનિદેશના.**

ત્યારબાદ પરિજનમાંથી એક જણ તે ગંધના અનુસારે તેના શોધ માટે નીકળ્યો. તેવામાં તે વનની અંદર બેઠેલા એક મુનીંદ્ર તેની દૃષ્ટિગોચર થયા. જેમની આકૃતિ નિરૂપમ અને દૃષ્ટિ સૂર્યબિંબ સ્હામી જોડેલી હતી. વળી મોક્ષમાર્ગને બતાવતા હોયને શું ? તેમ પોતાના બન્ને હાથ જેમણે ઉંચા રાખ્યા હતા. ગાઢ રોમનાં છિદ્રોદ્વારાએ નીકળતા સ્વેદરૂપી જલની ધારાઓવડે તપશ્ચર્યારૂપી અગ્નિથી તપેલા દેહમાંથી પાપરૂપી મળને બહાર કાઢતા હોયને શું ? તેમ તેઓ દેખાતા હતા, એ પ્રમાણે પ્રચંડ ગંધને ફેલાવતા, જાત્ય સુવર્ણ સમાન દેદીપ્યમાન વર્ણ-

વાળા અને કામદેવ સમાન રૂપધારી તે મુનિવરને જોઈને ચકિત થઈ ગયા. અને તરતજ તેણે પાછા આવી દત્તને સર્વ વૃત્તાંત નિવેદન કર્યું. તેથી દત્ત બહુ ખુશી થઈ પોતાના મિત્રો સાથે તે મુનીંદ્રની પાસે ગયો અને શાંત મુદ્રાધારી એવા તે મુનિવરને નમસ્કાર કરી નીચે બેઠો. મુનીંદ્ર પણ ધ્યાન મુદ્રામાંથી મુક્ત થઇ ધર્મલાભ આપી બોલ્યા, હે દત્ત ! ધર્મનું અવલંબન છોડી (ધર્મના અવલંબન વિના) હવે તું નિર્ભયપણે કેમ ભ્રમણ કરે છે ? કહ્યું છે કે—

सत्यं मनोरमाः कामाः, सत्यं रम्या विभूतयः ।
किन्तु मत्ताङ्गनापाङ्ग—भङ्गलोलं हि जीवितम् ॥
लक्ष्मीलताकुठारस्य, भोगाम्भोदनभस्वतः ।
शृङ्गारवनदावस्य, को हि कालस्य विस्मृतः ? ॥

અર્થ—"વિષયભોગ અને સંપત્તિઓ દરેકને પ્રિય હોય છે, તે વાત સત્ય છે. પરંતુ પ્રાણીઓનું જીવિત મદોન્મત સ્ત્રીઓના કુટિલ કટાક્ષ સમાન ચંચલ છે. એમાં કોઈ પ્રકારનો સંદેહ નથી." તેમજ લક્ષ્મીરૂપ વેલડીને છેદવામાં કુઠાર સમાન, મેઘરૂપી વાદળને વિખેરવામાં વાયુ સમાન અને શૃંગારરૂપી વનને બાળવામાં અગ્નિ સમાન એવા કાળની ગતિને કોણ નથી જાણતું ? " વળી હે દત્ત ! પ્રચંડ પવનવડે અતિ ચંચલ એવા સમુદ્ર તરંગની માફક આ શરીર અસ્થિર છે. ચંચળ ગુણને લીધે જીવિતવ્ય પણ ચંદ્રને અનુસરે છે. અર્થાત્ ક્ષય પામે છે. યમપાશની માફક જરા, કુષ્ઠ, શ્વાસ, હેડકી, શિરોવેદના અને વિસૂચિકાદિ વ્યાધિઓવડે નિરંતર જીવિત આકર્ષાય છે. તેમજ ઘડી, મુહૂર્ત્ત, પ્રહર, દિવસ, પક્ષ, માસ અને વર્ષાદિક વિભાગોવડે જીર્ણ વૃક્ષની માફક પ્રાણીનું જીવિતરૂપી વૃક્ષ વિખરાઈ જાય છે, માટે હે દત્ત ! દેહ અને આત્માની આવી વ્યવસ્થા હોવા છતાં પણ તું સ્વેચ્છા

મુજબ વિલાસ કરે છે. તેમજ મદ્ય અને મધનું પાન કરે છે. આ પ્રવૃત્તિ ઉત્તમ કુલમાં ઉત્પન્ન થએલા ત્હને ઉચિત નથી. કારણકે સત્કુલમાં જન્મી આવું અયોગ્ય આચરણ કરવું તે સર્વથા નિંદ્ય ગણાય છે. વળી તું રાત્રીએ ભોજન કરે છે તેમજ જુગાર છોડતો નથી અને વેશ્યાઓનો સંગ કરે છે. પરંતુ ધર્મની વાર્તા તો કોઈ દિવસ પણ પૂછતો જ નથી. તે સાંભળી દત્ત બોલ્યો. હે મુનીંદ્ર ! મદ્યપાનાદિકમાં શો દોષ છે? તે કૃપા કરી આપ મ્હને કહો. જેથી હું તેઓનો ત્યાગ કરૂં. મુનીંદ્ર બોલ્યા આ જગતની અંદર નિર્બલપણે જે અનાચારો રહ્યા છે તે સર્વે અનાચારો પ્રમત્ત એવા બાલજીવોને એક સાથે જલદી વીંટાઈ વળે છે. જેથી તેઓ કાર્ય અકાર્યનું સ્વરૂપ જાણી શકતા નથી. વળી મદ્યપાન કરવાથી વિજ્ઞાનનો નાશ થાય છે, માટે મહા અનર્થકારક મદ્યને ધિક્કાર છે. એ વિષે એક દૃષ્ટાંત તું સાંભળ. એક નગરમાં બન્ને ભાઈઓ પરસ્પર બહુ સ્નેહપૂર્વક વસતા હતા. તેવામાં મ્હોટો ભાઈ મરણ પામ્યો. તેની સ્ત્રી તેના નાના ભાઇ ( દીયર ) ઉપર બહુ રાગવાળી હતી. એક દિવસ તે સ્ત્રી કામના બાણોને નહિ સહન કરતી પોતાના દીયરને કહેવા લાગી કે, હવે તમેજ મ્હારૂં શરણ છો. માટે મ્હારી સાથે તમે વિષયસુખ ભોગવો. ત્યારબાદ દીયર બોલ્યો, અરે ! આ શું તમે બોલ્યાં ? આ અસહ્ય પાપ કેવી રીતે છુટે ! મ્હોટા ભાઈની સ્ત્રી તો લોકમાં માતા સમાન ગણાય છે. માટે સ્વપ્નમાં પણ આવા પાપનું ચિંતવન તમ્હારે કરવું નહીં. મહા ખેદની વાત છે કે ઉભય લોક વિરૂદ્ધ અને બહુ અનિષ્ટ ફલદાયક એવી આ નિષ્ઠુર ક્રિયાના આચરણને શ્રવણ માત્ર પણ કોણ કરે ! એ પ્રમાણે દીયરનું વચન સાંભળી તે મૌન રહી અને લજ્જા પામીને પોતાનું ગૃહકાર્ય કરવા લાગી. પછી દીયર પણ તેને બહુ માનતો હતો. એમ કેટલોક સમય વ્યતીત થયો.

**ભોજાઇનું કપટ.**

એક દિવસ પોતાની ભોજાઇ કપટ ભાવથી સમગ્ર ઘરના કાર્યની ચિંતા છોડી દઇ ઓરડામાં ખાટલો ઢાળી સુઇ ગઈ. તે વખતે કોઈપણ કાર્યને લીધે તેનો દીયર બહાર ગયો હતો, તે પોતાનું કામ કરી પાછો ઘેર આવ્યો અને ઘરમાં જુએ છે તો પોતાની ભોજાઇ દીઠી નહીં. તેથી તેણે પોતાની સ્ત્રીને પૂછયું કે, ત્હારી જેઠાણી આજે ક્યાં છે ? ત્યારે તે બોલી, માથાની વેદનાને લીધે તેમનું શરીર સારૂં નથી. તેથી તેઓ અન્દરના ઓરડામાં સુઇ ગયાં છે. તે સાંભળી તરતજ તે ગભરાઈ ગયો. અને કમાડ બંધ હોવાથી દ્વાર આગળ જઇ તે બોલ્યો, કમાડ ઉઘાડો ! મ્હારે તમારા કુશળ સમાચાર પૂછવા છે. પછી તેણીએ દ્વાર ઉઘાડ્યાં એટલે તરત જ તે અંદર ગયો. એટલે તેણીએ ફરીથી કમાડ બંધ કર્યાં. અને દીયરની સાથે દૃઢ આલિંગન કરી કામચેષ્ટા પ્રકટ કરી. ત્યારબાદ થાળી નીચે ઢાંકેલો દીવો પણ ખુલ્લો કર્યો. વળી પ્રથમ લાવી રાખેલું મધ તથા માંસ પણ તેની આગળ હાજર કર્યું. અને તેણીએ તેને કહ્યું કે, આ મધ તથા માંસ આપના માટે તૈયાર છે. આપની ઇચ્છા પ્રમાણે બન્નેમાંથી ગમે તેનો આપ ઉપયોગ કરો, નહીં તો અહીંથી છુટવાનો હવે ઉપાય નથી.

**અકસ્માત્સંકટ.**

અકસ્માત્ અસહ્ય દુઃખ આવી પડવાથી તે વિચાર કરવા લાગ્યો કે, આ મ્હારા મ્હોટા ભાઈની સ્ત્રી છે તેથી તે મ્હારે માતા સમાન માનવા લાયક છે. વળી શિષ્ટ પુરૂષોને માંસ ભક્ષણ પણ અતિ અનુચિત છે. કારણકે અધમ જનોને વિલાસકારક, દુર્ગંધ અને મલિનતાથી ભરેલું, ચરબીથી ખરડાએલું, હિંસાનું મૂળ કારણ અને રાક્ષસોએ સ્વીકારેલું એવું તે માંસ સર્વથા અભક્ષ્ય છે. જે પ્રાણી માંસની પેશીને હાથમાં લઇ દાંતે

કરડી ભક્ષણ કરે છે. તે પ્રાણી કુલીન પુરૂષોને શ્વાનની માફક અસ્પૃશ્ય થાય છે. માટે કોઇપણ પુરૂષે માંસ ભક્ષણ કરવું ન જોઇએ. વળી ધાન્ય અને કાષ્ઠથી ઉત્પન્ન થયેલું એવું મદ્ય તો શ્યામ રંગવાળું જળ ગણાય છે. જેથી તેમાં કંઇ દોષ જણાતો નથી. તેથી વિદ્વાનો પણ નિઃશંકપણે શરબતની માફક તેનું પાન કરે છે. એમ વિચાર કરીને તે બોલ્યો, હે મૃગાક્ષિ! તમે મ્હને મદ્યપાન કરાવો. જેથી જલદી હું અહીંયાથી ચાલ્યો જાઉં. નહીંતર લોકો આપણને કંઈપણ અપવાદ આપ્યા વિના રહેશે નહીં. કારણ કે એકાંતમાં જનની સાથે વાત કરતાં પણ અપવાદ લાગે છે. તો વળી કામાતુર એવી ત્હારી સાથે વિલંબ થવાથી કેમ ન લાગે? ત્યારબાદ તે ઉભી થઇ, અને હાથમાં બાટલી લઈ એક સાથે તેને એટલો દારૂ પાઈ દીધો કે તરતજ તે લોટવા લાગ્યો. તેમજ તેને કંઇપણ ભાન રહ્યું નહીં. એટલે તે પ્રૌઢ સ્ત્રીએ તેની સાથે બહુ પ્રકારની ક્રીડા કરી. પછી તેને માંસ પણ ખવડાવ્યું. તેથી અનર્થની મર્યાદા કંઇ પણ બાકી રહી નહીં, માટે હે દત્ત! સેંકડો અનર્થદાયક અને બહુ દોષમય એવા મદ્યપાનનો ત્હારે સર્વથા ત્યાગ કરવો. હવે દ્યુતનું દૃષ્ટાંત પણ સાવધાન થઈ તું સાંભળ.

**સુદર્શનશ્રેષ્ઠી.**

આ ભરતક્ષેત્રમાં કુસુમપુર નામે એક નગર છે. તેમાં સુદર્શન એવા નામનો ધનશ્રેષ્ઠીનો એક પુત્ર રહેતો હતો. વળી તે દરેક કલાઓમાં કુશળ હતો છતાં પણ જુગારનો તો બહુ વ્યસની હતો. પોતાના પિતાના ઘરમાંથી તેણે બે કરોડ સોનૈયા જુગારમાં ગુમાવ્યા, તે નગરના દ્યુતકારોનું ગુજરાન તેની લક્ષ્મીથી જ ચાલતું હતું. પછી બહુ અત્યાચાર થવાથી તેના પિતાએ તેને બહુ ઠપકો આપ્યો તો પણ તેની માતા શેઠ ન

જાણે તેવી રીતે તેને કંઇક અલંકારાદિક આપ્યા કરતી હતી. તે વાત કોઇના કહેવાથી ધન શ્રેષ્ઠીના જાણવામાં આવી. તેથી તેણે પોતાની સ્ત્રીને બહુ ધિક્કાર આપી જુદા ઘરમાં રાખીને તેને નિર્વાહ જેટલું જ અન્ન આપવા લાગ્યો. તેવામાં એક દિવસ ક્ષુદ્ર બુદ્ધિવાળો સુદર્શન બહુ ધન હારી ગયો. તેથી જુગારી લોકોએ ત્હેને પકડીને બંદીખાને પૂર્યો. તે વાત તેની માતાને કોઇએ કહી. તેથી તે ભૂખી, તરસી, અને રૂદન કરતી ઉતાવળથી તે ધૂતકારોની પાસે ગઈ. અને પુરસ્કૃત—આગેવાનોને તેણીએ પૂછયું, કે કેટલું ધન આપવાથી તે છૂટી શકશે ? તેણે કહ્યું, હે શેઠાણી ! લાખ સોનૈયા આપો તો અમે તમ્હારા પુત્રને છોડી દઇએ. ત્યારે શેઠાણીએ કહ્યું કે, તેટલું ધન તો શેઠના ઘરમાં પણ મળવું મુશ્કેલ છે. વળી હાલમાં તો તેમને ભોજન પણ મુશ્કેલ થઇ પડયું છે. માટે તેના બદલામાં મ્હને રાખી તમે એને છુટો કરો. એમ શેઠાણીના કહેવાથી પુરસ્કૃતે તેને રાખીને સુદર્શનને મુકત કર્યો. ત્યાંથી જતી વખતે સુદર્શન પોતાની માની પહેરેલી સાડી ખેંચી લઇ ચાલતો થયો. તેથી પુરસ્કૃતને લજ્જા આવવાથી તેણે બીજી સાડી શેઠાણીને પ્હેરવા માટે આપી. ફરીથી સુદર્શન તે સાડી મૂકીને જુગાર રમ્યો. અને તેમાં પણ તે હારી ગયો. હવે શેઠાણી પુરસ્કૃતને ત્યાં દાસીની માફક કામકાજ કરે છે. તે વાત કોઇના કહેવાથી શેઠના જાણવામાં આવી, એટલે તેમના હૃદયમાં બહુ પશ્ચાત્તાપ થયો અને વિચારમાં પડ્યા કે, પુત્ર ઉત્પન્ન થવાથી પ્રથમ તો માતાના યૌવનને હરે છે. ત્યારબાદ નામાદિક સંસ્કારોમાં પિતાની લક્ષ્મીનો વ્યય કરાવે છે. અનુક્રમે મ્હોટો થાય ત્યારે ભોજન અને પાન વિગેરે કાર્યો વડે ધનનો ઉપયોગ કરે છે. તેમજ પિતાનાં જે જે સુખસાધન હોય છે તે ઓને પણ પોતેજ ગ્રહણ કરે છે. વળી તરૂણ અવસ્થાના મદને

લીધે કામાતુર થઇ પિતાના સમગ્ર વૈભવનો નિઃશંકપણે તે વિનાશ કરે છે. એમ અનેક કારણોને લીધે પુત્રોત્પત્તિ સર્વથા પિતાને દુઃખદાયક થાય છે. છતાં પણ પુત્ર ઉપર મહાન્ પ્રતિબંધ કરવામાં આવે છે. તે મ્હોટું આશ્ચર્ય છે. અથવા જો મોહનીકર્મના મહિમાની સંપત્તિ ન હોય તો દુઃખદાયક એવા પુત્રનો જન્મ સાંભળી કોણ આનંદ માને ? આ ઉપરથી મ્હારે તો હવે પુત્ર સંબંધી નિયમ છે. વળી તે સ્ત્રી માટે મ્હારૂં હૃદય બહુ બળે છે. તે બિચારી આ દુઃખમાંથી કેવી રીતે છુટશે ? હા ! તેનો એક ઉપાય છે. શ્રીનગરમાં તેના ભાઇઓને આ સર્વ હકિકત કોઇક પુરૂષ દ્વારા પત્ર મોકલી હું જણાવું, જેથી તેઓ ધન આપીને પોતાની બ્હેનને છોડાવશે. એમ વિચાર કરી પત્ર લખી એક પુરૂષને ત્યાં મોકલ્યો. તેણે પણ થોડા દિવસોમાં શ્રીનગરમાં જઇ તેઓને પત્ર આપ્યો. પત્ર ઉકેલી વાંચ્યો તો તેમાં લખ્યું હતું કે, જેમ અગસ્ત્ય મુનિએ સમુદ્રનું જલપાન કરી જળ ખુટાડયું હતું તેમ તમ્હારા ભાણેજે જુગારના વ્યસન વડે એક સાથે સમગ્ર મ્હારા ધનનો વિનાશ કર્યો છે, તમ્હારી બ્હેનને પણ જુગારીઓએ તેના દેવાપેટે એક લાખ રૂપીઆ માટે પોતાને કબજે રાખી છે. માટે આપને જેમ યોગ્ય લાગે તેમ કરશો. આ પ્રમાણે લેખ વાંચી તેઓનાં નેત્રોમાંથી અશ્રુધારાઓ વહેવા લાગી. અને પરસ્પર સ્નેહને લીધે બોલવા લાગ્યા કે, અહો ! બ્હેનને દારૂણ દુઃખ આવી પડયું છે, તો પછી હાથીના કાન સમાન ચંચલ એવું આ ધન આપણે શા કામનું છે ? આ સર્વ સમૃદ્ધિ બ્હેનને માટેજ છે. વળી જેના આશીર્વાદથી અનેક વિઘ્નો દૂર થાય છે. એવી ભગિની સમાન સમગ્ર કુટુંબની અન્દર બીજું કોણ છે. ? સર્વ ઉત્સવો પણ બ્હેનને લઇનેજ પ્રવૃત્ત થાય છે. માટે ધન્ય છે ! તે ગૃહસ્થાશ્રમિઓને કે

જેને ત્યાં આવી શિલવતી બ્હેનો હોય છે. એમ અનેક ભાવનાઓથી આકર્ષાઈ તેઓએ પોતાની સર્વે વસ્તુઓ વેચીને એક લાખ રૂપીઆ મહાકષ્ટે એકઠા કર્યા. પછી તે ભાઈઓ સર્વ ધન લઇ તે નગરની નજીકમાં એક સરોવરની પાળ ઉપર ગયા. તેવામાં માથા ઉપર ઉપાડેલા જલપાત્રના ભારથી નમી ગઇ છે ડોક જેની એવી પોતાની બ્હેન માર્ગમાં જતી હતી. તે તેમના જોવામાં આવી કે તરત જ તેમણે ઓળખી, અને જલદી તેની પાસે જઈ બ્હેડું ઉતારી પૃથ્વી ઉપર નીચે મૂક્યું. પછી મસ્તક નમાવી તેઓ તેને નમ્યા. શેઠાણી પોતાના ભાઈઓને જોઈ બહુ લજ્જા પામી નેત્રમાં અશ્રુધારા વહન કરતી તે બોલી, તમે સર્વે સુખી છો ? અકસ્માત્ તમ્હારૂં અહીયાં આગમન ક્યાંથી થયું ? શું કોઈ પણ કારણને લીધે અહીં આવવું થયું છે ? એમ સાંભળીને શોક સાગરમાં ડુબેલા એવા તેઓ બોલ્યા, અરે ! અમ્હારૂં કુશલપણું ક્યાં રહ્યું ? કારણ કે અમારા જીવતાં છતાં અમારી બ્હેન દાસી થઈ પરઘેર પાણી ભરે છે. વળી મહા ખેદની વાત છે કે સુંદર નેત્રવાળી હે ભગિની ! ત્હારા તાબામાં હજારો લોકો કામ કરતા હતા. એવી તું આજે દાસીની માફક તેઓના તેમજ બીજાઓને ત્યાં પાણી ભરે છે. રે દૈવ ! અનુચિત કાર્યમાં તું બહુજ ઉદ્યુક્ત થયો છે. હવે ત્હને શું કહેવું ? જેણીનું મસ્તક પુષ્પનો ભાર પણ સહન કરવાને અશક્ત હતું, તે હાલમાં પાણી ભરેલા ઘડાઓ વહન કરે છે. હે દૈવ ! ત્હારી રચના બહુ નિષ્ઠુર છે. તેમજ તું સ્વેચ્છા પ્રમાણે વિલાસ કરે છે. વિગેરે બહુ વિલાપ કરતા તેઓએ પોતાની બ્હેનને મેનામાં બેસારી પુરસ્કૃતને ઘેર લઈ ગયા. તેણે પણ લાખ રૂપીઆ લઈ તેને મુક્ત કરી. ત્યાંથી તેને લઈ સર્વ બંધુઓ શેઠને ત્યાં ગયા. શેઠને નમસ્કાર કરી પોતાની બ્હેન તેને સોંપી. પછી શેઠને પણ

નિર્વાહ માટે કંઇક ધન આપીને તેઓ પોતાના સ્થાનમાં ગયા. હવે સુદર્શન પણ જુગાર ખેલવામાં હાથ, પગ અને નાક સુદ્ધાં ગુમાવી બેઠો. છેવટે જુગારના વ્યસનથીજ મરણ પામ્યો. માટે હે દત્ત ! જુની માફક બહુ દુઃખદાયક જુગારને સમજી તેનો ત્યાગ કરવો. કારણ કે તેનાથી કુળ, શીળ વિગેરે ગુણોની સાથે દ્રવ્યનો નાશ થાય છે.

**રાત્રિભોજન.**

શ્રી સુપાર્શ્વ પ્રભુ બોલ્યા, હે દાનવિર્ય ? રાત્રી ભોજન કરવાથી ઘણા દોષો પ્રગટ થાય છે. તે પણ તું હવે સાવધાન થઇ સાંભળ ? આ લોક અને પરલોકમાં દુઃખનું કારણ રાત્રી ભોજન કહ્યું છે. વળી રાત્રીએ રાક્ષસો ફરવા નીકળે છે તેથી અન્નાદિક વસ્તુઓને તેઓ ઉચ્છિષ્ટ કરે છે. અને તે ઉચ્છિષ્ટ કરેલું અન્ન ખાવામાં આવે તો તે ખાનારાઓ પણ રાક્ષસ સમાન થાય છે. માટે સૂર્યના કિરણોથી પવિત્ર અને કંથુઆ, કીડીઓ રહિત એવા શુદ્ધ અન્નનું ભોજન અતિથિનો વિભાગ કલ્પ્યા બાદ દિવસેજ કરવું. વળી રાંધેલા અન્નમાં સૂક્ષ્મ અને બાદર સંપાતિમ જીવો બહુ પડે છે. જેથી રાત્રીભોજન કરવામાં બહુ જીવોની વિરાધના થાય છે. તેથી ભારે પાપ બંધાય છે. અને તેને લીધે સંસાર ભ્રમણ કરવું પડે છે. સંસાર ભ્રમણમાં મહા દુઃખો ભોગવવાં પડે છે. માટે પોતાના જીવિતની માફક સર્વ જીવોની રક્ષા કરવી. વળી તે જીવ રક્ષા જોયા વિના થઈ શકતી નથી. તેમજ તે દૃષ્ટિગોચર દિવસે થઇ શકે છે. રાત્રીએ બરોબર જોઇ શકાતું નથી. માટે દિવસે પોતાની દૃષ્ટિવડે સારી રીતે નિરીક્ષણ કરી જીવ રહિત પવિત્ર ભોજન કરવું. સૂર્યાસ્ત. પછી સર્વથા ભોજનનો ત્યાગ કરવો.. વળી અજ્ઞાનથી અંધ બનેલા અને પુણ્ય પાપના સદ્ભાવથી મુક્ત થયેલા જે મુગ્ધ પુરૂષો રાત્રી ભોજનમાં આસક્ત

થાય છે તેઓ કુગતિમાં જાય છે. અશુદ્ધ અને અનાચારી પ્રેતોએ ઉચ્છિષ્ટ કરેલું, તેમજ સાવદ્ય અને વિષ સમાન તથા અનેક જીવોનો ઘાત કરનાર એવા રાત્રી ભોજનનો ડાહ્યા પુરૂષો સર્વથા ત્યાગ કરે છે. દિવસ અને રાત્રીનો સમાન કાળ ગણાય છે માટે જેઓ રાત્રી ભોજન નથી કરતા તેઓ અર્ધ ઉપવાસી ગણાય. છે. વળી જે રાત્રી ભોજનનો ત્યાગ કરી સો વર્ષ જીવે છે તે ભવ્યાત્મા પચાશ વર્ષના ઉપવાસનું ફળ મેળવે છે. અને તેથી તે જીવ સ્વર્ગ લોકમાં દેવાંગનાઓ સાથે સુખ ભોગવી પુનઃ મનુષ્ય ભવમાં ઉત્પન્ન થાય છે. અને તે ભવમાં જૈન દીક્ષા ગ્રહણ કરી કર્મનો ક્ષય થવાથી છેવટે મોક્ષ સુખ મેળવે છે. આ પ્રમાણે સમજીને જે રાત્રી ભોજન વ્રત પાળે છે તે સર્વદા સુખી થાય છે. અને જે પ્રાણી નિયમ લઇને ફરીથી રાત્રી ભોજન કરે છે તે પ્રાણી સુલસની માફક દુઃખી થાય છે.

### સિદ્ધરાજ.

અવંતી દેશમાં યોગિનીના મુખ્ય સ્થાનભૂત ઉજ્જયિની નામે નગરી છે. જેના રાત્રી અને દિવસો સમાન સ્થિતિમાં ચાલ્યા જાય છે એવો મહાન પરાક્રમી સિદ્ધરાજ નામે રાજા તેમાં રાજ્ય કરે છે. વળી તે રાજા દિવસે સ્ત્રીઓ સાથે અને રાત્રીએ યોગિનીયો સાથે ક્રીડા કરે છે. એમ ક્રીડા વિલાસમાં અતિ આસક્ત હોવાથી તે રાજા ગત સમયને પણ જાણતો નથી. એક દિવસ સિદ્ધરાજ પોતે રાત્રી ચર્ચા માટે બહાર નીકળ્યો અને ફરતો ફરતો ભયંકર સ્મશાન ભૂમિમાં ગયો. ત્યાં જઈ નિર્ભય મનથી ઉચ્ચ સ્વરે બોલ્યો, હે ભૂત, પીશાચ, રાક્ષસ, યક્ષ અને યોગિનીઓ ! ક્ષણમાત્ર એકાગ્ર ચિત્તે એક મ્હારૂં વચન તમે સાંભળો. હું સિદ્ધરાજ નરેંદ્ર પોતે તમ્હારી પ્રસિદ્ધિ સાંભળી કૌતુકવડે અહીં આવ્યો છું, માટે તમ્હારી રૂદ્ધિ સહિત તમે પોતપોતાનાં સ્વરૂપ

પ્રગટ કરો. એમ સિદ્ધરાજનું વચન સાંભળી તેઓએ ભયંકર શબ્દો સાથે કલકલાટ કરી મૂક્યો. તેમજ તેઓના પગના પ્રહારોવડે ક્ષણમાત્રમાં પૃથ્વી પણ ધ્રુજવા લાગી. અને પ્રેત મંડલ ફીટકાર કરવા મંડી ગયું. ભૂત ટોળી પણ ઘુવડની માફક હુંકારા કરવા લાગી. તેમજ ખડખડાટ હાસ્યને લીધે દિશાઓને ઉજ્વલ કરતા રાક્ષસો પણ ખળભળી ઉઠ્યા.

**અસિતાક્ષયક્ષ.**

તેઓમાંથી એક અસિતાક્ષ નામે યક્ષરાજ બોલ્યો, અહો! આ સુતેલા સિંહને કોણ જગાડે છે? ખરજ ભાગવા માટે પોતાની જીભવડે સર્પની ફણાનો વારંવાર કોણ સ્પર્શ કરે છે? યમપુરી સમાન ભયંકર આ સ્મશાન ભૂમિમાં આ પ્રમાણે પોતાનું વાચાલપણું કોણ પ્રગટ કરે છે.? તે સાંભળી રાજા બોલ્યો, અરે! આ પ્રમાણે ગર્વ કરવાનું તમ્હારે શું કારણ છે? જો કોઇ પણ પ્રકારની તમ્હારામાં શક્તિ હોય તો હાલમાં મ્હારી આગળ તમે પ્રગટ કરો. આ પ્રમાણે રાજાનું અસહ્ય વચન સાંભળી અસિતાક્ષ યક્ષે બે યોજન પ્રમાણનું બહુ ઉંચું પોતાનું સ્વરૂપ પ્રગટ કર્યું. વળી કંઠમાં નરમુંડ માળા ધારણ કરીને હાથમાં પ્રચંડ મુદ્ગર અને ગદા લીધાં, વળી હસ્તી સમાન ગંભીર ગર્જારવથી દિશાઓને ગર્જાવી મૂકી. તેમજ પોતાના અહંભાવથી કોઇને નહીં ગણતો અને ચારે તરફ પોતાનું બળ વિસ્તારતો તે રાજાની સન્મુખ આવ્યો. આ પ્રમાણે યક્ષનો ચિતાર જોઇ સાવધાન થઇ રાજા બોલ્યો, આ ત્હારૂં સ્વરૂપ સ્વાભાવિક છે? કે ત્હેં ક્રોધને લીધે ધારણ કર્યું છે? વળી હે યક્ષ! આ સ્વરૂપ જો ત્હારૂં સ્વાભાવિક હોય તો તું ત્હારા સ્થાનમાં ચાલ્યો જા. કારણકે મ્હારે જે જોવાનું હતું તે જોઇ લીધું. કેમકે દેવતાઓ દેખવામાંજ સુંદર હોય છે તે વાત પ્રસિદ્ધ છે. વળી જો ક્રોધથી આ સ્વરૂપ ત્હેં પ્રગટ કર્યું

હોય તો ક્રોધ કરવાનું ત્હારે શું કારણ છે? અને જો તું એમ કહેતો હોય કે મ્હારા સ્મશાનમાં તમે આવ્યા તેથી મ્હારે ક્રોધ કરવો ઉચિત છે. એમ ત્હારૂં માનવું હોય તો તે પણ ખોટું છે. કારણકે સમુદ્ર પર્યંત પૃથ્વીનો આધપતિ તો હું છું. માટે આ સમસ્ત પર્વત, નગર, ગ્રામ, અરણ્ય વિગેરે એ સર્વ મ્હારૂં છે. જો તમ્હારે અહીં રહેવાની ઇચ્છા હોય તો મ્હને કર આપીને સુખેથી તમે અહીં રહો. નહીંતો મ્હારી ભૂમિની અંદર તમ્હારે રહેવું નહીં. જલદી ચાલ્યા જાઓ. તે સાંભળી સર્વ ભૂત પ્રેતાદિક પ્રકુપિત થઇ બોલ્યા, હે રાજન્ ! હાલમાં જલદી તું તહારૂં શરણુ શોધી લે, અથવા ઇષ્ટદેવનું સ્મરણ કર. એમ કહી અસિતાક્ષયક્ષ મુદ્ગર ઉગામી રાજાને પ્રહાર કરવા દોડ્યો. તેટલામાં રાજાએ એકદમ સ્તંભન વિદ્યાવડે સ્તંભની માફક તે યક્ષને સ્તંભિત કર્યો. ત્યારબાદ અતિ વિકરાલ અને અદ્ભુત વેષધારી એવો તે ભૂત ગર્જારવવડે ક્ષુભિત કરતો રાજાની આગળ આવ્યો એટલે સિદ્ધરાજે મંત્રના પ્રભાવથી ચોરની માફક તરતજ તેને પણ બાંધી દીધો. આ પ્રમાણે સિદ્ધ-રાજનો પ્રભાવ જોઇ તેનો સર્વ પરિવાર એકઠો થયો અને રાજાની સ્તુતિ કરવા લાગ્યો. હે મહારાજ ! એમને બંધનથી મુકત કરો. કારણ કે આપ કહેશો તે પ્રમાણે કર આપવા અમે તૈયાર છીએ. રાજા બોલ્યો, આ અસિતાક્ષ યક્ષ ખાસ મ્હારો અંગરક્ષક થાય. વળી એક રાક્ષસ મ્હારો છત્રધારક થાય. તેમજ અન્ય ભૂત પિશાચાદિક હંમેશાં મ્હારી આગળ સંગીત સાથે નૃત્ય કરે. એ પ્રમાણે સાંભળી તેઓએ વિનયપૂર્વક રાજાના કહ્યા પ્રમાણે સમગ્ર આજ્ઞાનો સ્વીકાર કર્યો. ત્યાર બાદ અસિતાક્ષ તથા ભૂતને બંધનથી મુકત કરી સિદ્ધરાજ રાત્રીના છેલ્લા પ્રહરે પ્રેતાદિક સહિત પોતાના મ્હેલમાં ગયો. તેટલામાં ત્યાં પ્રભાત સૂચક પટહ, ઢક્કા, ભેરા, મૃદંગ અને શંખાદક વાજીંત્રોનો મહાન્ શબ્દ થયો.

પ્રભાત રૂપી હસ્તીએ ખેંચેલી અને ચંદ્ર રૂપી પક્ષીએ ત્યાગ કરેલી એવી રાત્રી રૂપ લતાનાં તારા

**સભામાં સંગીત.** રૂપી ઉજ્વલ પુષ્પો ક્ષીણ થવા લાગ્યાં. તેમજ સૂર્યના કિરણ રૂપી માંજરને ધારણ કરતાં દિશા રૂપી સ્ત્રીઓનાં મુખ કમલ શોભવા લાગ્યાં. પછી સિદ્ધરાજ પોતાનો પ્રાભાતિક નિત્ય નિયમ કરી યક્ષ, રાક્ષસ, પિશાચાદિકને સાથે લઇ સભામંડપમાં વિરાજમાન થયો. ત્યાર બાદ ભૂત પિશાચોએ પોત પોતાનાં સ્વરૂપ વિકુર્વિ સમસ્ત સભ્યજનો સમક્ષ વિવિધરચનાવડે સંગીત પ્રારંભ્યું. તેમાં એક મહા રાક્ષસ વૃદ્ધ વણિકનો વેષ પહેરી હાથમાં ત્રાજવાં લઇ નાચવા લાગ્યો. તે જોઇ રાજાએ પૂછ્યું. તું વૃદ્ધ વાણીયાનો વેષ લઇ કેમ નાચે છે ? ત્યારે તે બોલ્યો હાલમાં તો હું નૃત્ય કરૂં છું માટે પછીથી હું મ્હારૂં ચરિત્ર આપને સંભળાવીશ. એમ કહીને નાચવા લાગ્યો, અનુક્રમે નૃત્યની સમાપ્તિ થઈ. ત્યાર બાદ પોતાની જીહ્વા બહાર કાઢીને રાક્ષસ ક્ષણ માત્ર મૂર્છિત થઇ ગયો. પછી સાવધાન થઇ તે બોલ્યો હે નરેંદ્ર ? મ્હારા નૃત્યનું કારણ આપ સાંભળો. પૂર્વભવમાં હું જીહ્વાના દોષથી જૈનધર્મ પામીને પણ મનુષ્યપણું હારી ગયો. રાજા બોલ્યો હારી જવાનું શું કારણ? તેના જવાબમાં તે રાક્ષસ બોલ્યો હે રાજન્ ? મ્હારો પૂર્વભવ સાંભળો.

આ નગરમાં પ્રસિદ્ધ ગુણોનો આધાર ભૂત ઇશ્વર નામે શ્રેષ્ઠી પ્રથમ રહેતો હતો. અને બંધુમતી નામે

**રાક્ષસનો પૂર્વભવ.** તેની સ્ત્રી હતી. તેઓને સુલસ નામે એક પુત્ર હતો. અનુક્રમે યૌવન અવસ્થા પામેલો એવો તે સુલસ સ્વેચ્છાચારમાં ફસાઇ પડ્યો. એક દિવસ તે બહાર ફરવા નીકળ્યો હતો તેવામાં બાવીસ પરીષહ સહન કરતા એક મુનીંદ્ર તેના જોવામાં આવ્યા. એટલે તરતજ તેમની પાસે

તે ગયો અને વંદન કરી અતિ મધુર દેશના સાંભળવા બેઠો. દેશનાની અંદર રાત્રી ભોજનની વ્યાખ્યા ચાલતી હતી. તેમાં રાત્રી ભોજન કરવામાં દોષ અને નહીં કરવામાં ગુણોનું વર્ણન બહુ વિસ્તારપૂર્વક તેના સાંભળવામાં આવ્યું. તેથી તેણે પણ ભદ્રક ભાવને લીધે રાત્રી ભોજન નહિ કરવાનો નિયમ લીધો. પરંતુ સમ્યક્ત્વાદિ ગૃહી ધર્મનો તેણે સ્વીકાર કર્યો નહીં. વળી તે સુલસનો પિતા ઈશ્વર શ્રેષ્ઠી પણ પોતાના પુત્રને શોધવા માટે ત્યાં આવ્યો હતો. તેણે તો સમ્યક્ત્વાદિ શ્રાવકધર્મ પણ મુનિ પાસેથી લીધો. પછી પિતા પુત્ર બન્ને જણ મુનિને નમસ્કાર કરી પોતાને ઘેર ગયા અને પોતાના નિયમ પ્રમાણે તેઓ ધર્મ પાળવા લાગ્યા, તેમજ નિરંતર ધર્મના પ્રભાવથી મનોવાંછિત સુખ તેઓ અનુભવતા હતા.

**સુલસનો શિથિલ આચાર.**

એક દિવસ અર્ધ રાત્રીના સમયે સુલસ પોતાના મિત્ર સાથે વિટચર્યા ( જારકર્મ ) વડે ચોટામાં જુગારના સ્થાનોમાં ફરતો હતો. તેવામાં તેના મિત્રે ઘેબર, ખાજાં, વિગેરે પકવાન્ન લાવી સુલસને કહ્યું કે આ પકવાન્ન ત્હારા માટે લાવ્યો છું માટે તું ભોજન કર. સુલસ બોલ્યો, નારે ભાઇ ? અત્યારે આ સર્વ મ્હારે અનુપયોગી છે. કારણ કે હું રાત્રીભોજન કરતો નથી. ગુરૂ સમક્ષ મ્હેં રાત્રીભોજનનો નિયમ લીધો છે. માટે હે બાંધવ ? ભોજન સંબંધી મ્હને કંઇ પણ ત્હારે કહેવું નહીં અને તે સંબંધી હવે બોલે તો ત્હને મ્હારા સોગન છે. તે સાંભળી તે ઉદ્ધંઠે કહ્યું કે રાત્રી ભોજન કરવાથી શું કોળીઓ કાનમાં જતો હશે ? અને મુખમાં નહીં જતો હોય ? દીવાના પ્રકાશથી સારી રીતે કુંથુઆ, કિડીઓ વિગેરેનો તપાસ કરી જીવ રહિત મોદકાદિક મિષ્ટાન્ન જમવામાં શો દોષ છે ? હે બાંધવ ? અત્યાર

સુધી વિશુદ્ધ ભોજનથી તું છેતરાયો છે. કારણ કે રાત્રી ભોજન કામીપુરૂષોને બહુ આનંદ દાયક થાય છે. માટે આજે તો મ્હારા આગ્રહથી પ્રમદાઓની સાથે આનંદપૂર્વક તું ભોજન કર. પછી વિચાર કરી જેમ ત્હને રૂચે તેમ તું કરજે. એમ કહી તેણે એક વેશ્યાને સંકેત કર્યો એટલે તેણીએ સુલસના મુખમાં બળાત્કારે મોદકનો એક કકડો મૂકી દીધો. અને બાકીનું સર્વ પોતે ખાઇ ગયો. ત્યાર બાદ હમ્મેશાં રાત્રીએ મિત્રો સાથે તે બજારમાં ફરતો હતો અને પકવાન્નનું ભોજન પણ કરવા લાગ્યો. તેની પાછળ કેટલીક ચાંડાલિનીઓ સુસ્વરે ગાયન કરે છે, વળી કેટલીક નૃત્ય કરે છે. એવી રીતે વિલાસકારી પ્રમદાઓ સાથે તે સવાર સુધી વિલાસ કરવા લાગ્યો. તેમજ કોઇક વખત વેશ્યાઓને ત્યાં પણ સૂઇ જાય છે. અને કોઇક વખત મઠ, મંડપ અને દેવમંદિરોમાં પણ સૂઇ રહે છે. ત્યાંથી મધ્યાન્હ સમયે જાગીને પોતાના પિતાને ત્યાં જાય છે. આ પ્રમાણે સુલસનું સર્વ વૃત્તાંત તેના પિતાના જાણવામાં આવ્યું. એટલે તેણે તેને બહુ તિરસ્કાર આપીને કહ્યું કે રે ભાગ્યહીન ? રાત્રીભોજનનો નિયમ પણ ત્હેં ભાગ્યો ? બહુ ખેદની વાત છે કે મનુષ્ય જન્મ તું હારી ગયો. વળી શત્રુઓની સેવા કરવી ઉત્તમ છે, સુભટોના પ્રહારથી મરવું શ્રેષ્ઠ છે. તેમજ ઉંચી જ્વાળાવાળી વ્યાકુલ એવા અગ્નિમાં પ્રવેશ કરવો પણ ઉત્તમ ગણાય છે. પરંતુ વ્રતમાં વિઘ્ન કરનાર રાત્રીભોજન કરવું તે ઉચિત નથી. હે વત્સ ? આ અપથ્ય સેવન કરવાથી ત્હને બહુ પશ્ચાત્તાપ થશે. સુલસ બોલ્યો માત્ર શ્રાવક વિના અન્ય સર્વ લોકો રાત્રી-ભોજન કરે છે. માટે તેઓનો માર્ગ મ્હેં ગ્રહણ કર્યો છે. તેથી આ સંબંધી તમ્હારે હવે મ્હને કંઇ પણ કહેવું નહીં. જેની જેવી યોગ્યતા હોય તે પ્રાણી તેવા અનર્થનો સ્વીકાર કરે છે.

ત્યાર બાદ તેના પિતાએ તેનો બહુ તિરસ્કાર કર્યો. તેથી

**સુલસનું મરણ.**

તે મર્યાદા છોડીને પોતાના ઘેર પણ રાત્રીએ ભોજન કરવા લાગ્યો. તેમજ જાર પુરૂષો સાથે સ્વચ્છંદાચારી થઇ અકૃત્યો પણ કરવા લાગ્યો. એક દિવસ કોઈ ઉત્તમ શ્રાવકધર્મમાં કુશલ એવા વસુમિત્ર સાથે પોતાનો બાલ મિત્ર જાણી સુલસ વિવાહ પ્રસંગે જાનમાં ગયો ત્યાં રાત્રીએ સર્વ લોકો ગામમાં ગયા. એટલે જાનનો ઉતારો આપ્યો અને વેવાઈએ પૂછયું કે, આ જાનમાં આવેલા લોકો માટે કેટલી રસોઇ અમે કરાવીએ ?

ત્યારે તેઓ બોલ્યા અમે કોઈપણ રાત્રી ભોજન કરતા નથી. ત્યારે સુલસ બોલ્યો, કે, હું તો રાત્રે પણ જમીશ. તેથી મ્હારે માટે દુધપાક, પુરી અને દાળભાત વિગેરે તૈયાર કરાવો. એટલે વેવાઇએ તેના કહેવા પ્રમાણે રસોઇ તૈયાર કરાવી પરંતુ ઉકળતા દુધમાં અકસ્માત્ ઉપરના ભાગમાંથી બહુ ધુમના ગોટાથી અકળાઇ ગયેલો એક સર્પ આવી પડયો અને તરતજ બહુ તાપને લીધે તેનાં સમગ્ર ગાત્ર ગળી ગયાં, જેથી આ વાત કોઇના જાણવામાં આવી નહીં, ભોજનનો સમય થયો એટલે સુલસ આવીને પાટલા ઉપર બેઠો. દુધપાક વિગેરે સર્વ રસોઇ પીરસાઈ ગઇ, જમવાનો આરંભ કર્યો કે પ્રથમ ગ્રાસમાંજ તેની જીભ ટુંકી પડી ગઇ, હાથમાંથી પાત્ર પડી ગયું. અંગોપાંગ શિથિલ થઈ ગયાં. અને મૂર્છિત થઈ તેજ આસન ઉપર પડી ગયો. તે જોઈ પીરસનાર સ્ત્રી પણ ગભરાઇ અને તેણે બુમ પાડી, તેથી ઘણા લોકો ત્યાં દોડતા આવ્યા. પોતાના મિત્ર સહિત જાનૈયાઓ પણ આવી પહોંચ્યા. દીવાનો બહુ પ્રકાશ કરી થાળીમાં તપાસ કરી જોયું તો દુધપાકની અંદર રંધાઈ ગયેલા સર્પના કકડા જોવામાં આવ્યા. એટલે સુલસનો મિત્ર બોલ્યો, કે વિષહારક રત્નમણિ લાવો. તેમજ મંત્ર તથા તંત્ર વાદી એવા ઉત્તમ ગારૂડિકોને

પણ જલદી બોલાવો, લોકો તે પ્રમાણે ઉપચાર કરવા લાગ્યા. વળી પાણી સાથે મણી ઘસીને તેના નેત્રો અને કાનમાં છટ છટાટ છાંટયું. તેમજ મંત્રવાદીઓએ પણ પોતાના બનતા પ્રયાસે મંત્ર તથા તંત્રોનો ઉપચાર કર્યો. પરંતુ કોઇપણ પ્રકારનો ગુણ થયો નહીં અને સર્વને જોતાં જ તે તત્કાલ મરણ પામ્યો.

**વસુમિત્રનો વિલાપ.**

સુલસનો મિત્ર બહુ વિલાપ કરવા લાગ્યો. હા ! હા ! હા ! મિત્ર ? મ્હેં ના પાડી હતી તો પણ ત્હેં રાત્રી ભોજનમાં આસક્ત થઈ નિયમનો ભંગ કર્યો. તેથી ત્હારી આ દશા આવી. વળી ઉત્તમ શ્રાવકનો પુત્ર થઇ ત્હેં સદ્‌ગુરૂની આજ્ઞાનો લોપ કર્યો, તેમજ નરભવમાં ઉત્પન્ન થઇ રસાસ્વાદને લીધે જન્મ ગમાવી આ પ્રમાણે મરણ વશ થયો. એમ બહુ પ્રકારે વિલાપ કરી તેણે તેના દેહનો અગ્નિ સંસ્કાર કર્યો. ત્યાર બાદ તે વસુમિત્ર વિવાહ ઉત્સવનો ત્યાગ કરી પોતાને ઘેર આવ્યો. વળી હે રાજન્ ! તે હું વસુમિત્રનો કુમિત્ર મરણ પામી રાક્ષસ થયો છું. તેમજ તમ્હારો ભંડારી અને મ્હારો ખાસ મિત્ર, એવા આ વસુમિત્રને જોઈ પૂર્વભવના સ્નેહથી વિભંગ જ્ઞાનવડે મ્હેં મ્હારૂં પોતાનું ચરિત્ર જાણી આપને નિવેદન કર્યું હવે આપ આજ્ઞા ફરમાવી મ્હને કૃતાર્થ કરો. તે સાંભળી રાજાએ વસુમિત્રને પૂછયું કે, આ આનું બોલવું શું સત્ય છે ? વસુમિત્ર બોલ્યો, સ્વામિન્ ! એનું વચન યથાર્થ છે. ત્યારબાદ ભયભીત થઇ રાજાએ યક્ષ, રાક્ષસ વિગેરેને વિદાય કર્યા અને પોતે પણ સુલસનું ચરિત્ર સાંભળી રાત્રી ભોજનનો નિયમ લીધો.

**દત્તનો નિયમ.**

હે દત્ત ! આ ઉપરથી તું પણ રાત્રી ભોજનનો ત્યાગ કર કારણ કે રાત્રી ભોજનમાં અનેક દોષ રહ્યા છે. લૌકિક સિદ્ધાંતમાં પણ કહ્યું છે કે—

नैवाहुतिर्न वा स्नानं, न श्राद्धदेवतार्चनम् ।
दानं वा विहितं रात्रौ, भोजनं तु विशेषतः ॥

અર્થ—"રાત્રીના સમયે આહુતિ, સ્નાન, શ્રાદ્ધક્રિયા, દેવપૂજન અને વિધિપૂર્વક દાન કરવું નહીં. તેમજ ભોજન તો વિશેષે કરીને કરવું જ નહીં." વળી સ્મૃતિકારક પણ કહે છે કે—

दिवसस्याष्टमे भागे, मन्दीभूते दिवाकरे ।
नक्तं तद्धि विजानीया, न्ननक्तं निशि भोजनम् ।
दिवसं पक्षं मासं, चातुर्मास्यायनं च अब्दं च ।
यस्तु न भुंक्ते रात्रौ, कृतपुन्यः सोऽपि कृष्णमते ॥
नोदकमपि पातव्यं, रात्रावत्र युधिष्ठिर ! ।
तपस्विना विशेषेण, गृहिणापि विवेकिना ॥
सूत्रोदितेन विधिना, कृत्वा रात्र्यशनवर्जनं प्रयतः ।
यदि म्रियते हि मनुष्यो, अनशनफलमेवमाप्नोति ।
जात्यकाञ्चनवर्णाभा, उद्यद्रविसमप्रभाः ।
वैमानिकाः प्रजायन्ते, रात्रिभोजनवर्जनात् ॥

અર્થ—"દિવસના આઠમા ભાગમાં સૂર્યનું તેજ મંદ થાય છે. ત્યારે નક્ત કાળ ગણાય છે. તેથી તે વખતે ભોજન કરવું નહીં, કારણ કે તે રાત્રી ભોજન ગણાય છે. દિવસ, પક્ષ, માસ, ચારમાસ, છમાસ અને એક વર્ષ પર્યંત જે રાત્રી ભોજન કરતો નથી તે મનુષ્ય વૈષ્ણવ મતમાં પુણ્યશાળી ગણાય છે. વળી હે યુધિષ્ઠિર ! વિવેકી એવા ગૃહસ્થાશ્રમી અને વિશેષે કરી તપસ્વિઓએ રાત્રીએ પાણી પણ પીવું નહીં. જો સૂત્રમાં કહેલા વિધિ પ્રમાણે જે મનુષ્ય પ્રયત્ન પૂર્વક રાત્રી ભોજનનો ત્યાગ કરી

મરણ પામે છે તો તે પ્રાણી અનશન કરવાનું ફલ પામે છે. તેમજ રાત્રી ભોજનનો ત્યાગ કરવાથી ઉત્તમ સુવર્ણ સમાન કાંતિવાળા અને ઉદય પામતા સૂર્ય સમાન તેજસ્વી એવા વૈમાનિક દેવોમાં તે ઉત્પન્ન થાય છે." વળી જેઓ આ વ્રતને ગ્રહણ કરી પશ્ચાત્ તેની વિરાધના કરે છે, અથવા અતિચારવાળું કરે છે, તેઓ દુઃખે બોધ કરવા લાયક કિલ્બિષિ દેવતાઓમાં ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે ઉપદેશ સાંભળી દત્તવણિકે રાત્રી ભોજનનો નિયમ લીધો. માટે સુશ્રાવકોએ ભોજનથી રાત્રી ભોજનનો ત્યાગ કરવો અને કર્મથી અંગારાદિક વેપાર કર્મનો ત્યાગ કરવો. તેમજ દ્વિતીય ગુણવ્રતધારી પુરૂષે અતિ કઠોર કર્મોનો પણ સર્વથા ત્યાગ કરવો ઉચિત છે. વળી ભોગોપભોગથી વિરકત થયેલા, સ્વાધ્યાય, ધ્યાનક્રિયાઓમાં તત્પર થયેલા અને ગુણરૂપી રત્નને ધારણ કરતા એવા જે મુનિઓ કષાયોથી શાંત થયા છે. તેઓને અનેકવાર નમસ્કાર. વળી હે દાનવિર્ય ! જેઓ આ લોકમાં અતિચાર રહિત દ્વિતીય ગુણવ્રત પાળે છે તેઓ ટુંક સમયમાં સુરેંદ્ર લક્ષ્મીના ભોગ પાત્ર થાય છે.

इतिभोजनतः कर्मतोऽपि सातिचारं द्वितीयं गुणव्रतं समाप्तम् ॥

## विमलश्रावकनी कथा.

### અનર્થદંડવિરમણવ્રત.

દાનવિર્ય રાજાએ પ્રશ્ન કર્યો કે હે દયાસાગર ! હવે ત્રીજા ગુણવ્રતનું સ્વરૂપ દૃષ્ટાંત સહિત સંભળાવો. શ્રી સુપાર્શ્વપ્રભુ બોલ્યા, હે રાજન્ ! ઉપદેશ શ્રવણ કરવામાં તું બહુ શ્રદ્ધાળુ છે. વળી તું ઉપદેશને લાયક છે. માટે સાવધાન થઇ શ્રવણ કર. અનર્થને

માટે જે શસ્ત્ર, અગ્નિ, મુશલ ( સાંબેલું ) વગેરે ઘાતક વસ્તુઓ અન્યને આપવી અથવા અપાવવી તેને અનર્થદંડ નામે ત્રીજું ગુણવ્રત કહ્યું છે. તેમજ જે પ્રાણી જૈનમતમાં રકત થઈ ત્રીજું ગુણવ્રત અતિચાર રહિત પાળે છે તે વિમલ શ્રાવકની માફક સ્વર્ગ અને મોક્ષનાં સુખ મેળવે છે.

**વિમલદૃષ્ટાંત.**

આ ભરત ક્ષેત્રમાં સુમનસ્ ( પંડિત-પુષ્પો ) થી ઉલ્લસાયમાન તેમજ અનેક પ્રકારના વિલાસોની શોભા જેમાં રહેલી છે, અને બહુ વિસ્તાર વાળા શાલ ( કિલ્લો-વૃક્ષો ) વડે સુશોભિત નંદનવન સમાન કુશલસ્થલ નામે નગર છે. તેમાં ભૂમંડલને આનંદ દાયક કુવલયચંદ્ર નામે શ્રેષ્ઠી છે. શીલગુણસંપન્ન એવી આનંદશ્રી નામે તેની સ્ત્રી છે. તેને વિમલ અને સહદેવ નામે બે પુત્ર થયા. તેમાં વિમલ બહુ ગુણવાન્ હતો અને સહદેવ દુરાચારી હતો. પરંતુ તેઓને પરસ્પર બહુ પ્રીતિ હતી. તેથી બન્ને રમવા માટે સાથે જાય છે, અને ભણવા પણ સાથેજ જાય છે. તેમજ વેપાર વિગેરે દરેક કાર્યો સાથેજ કરે છે.

**મુનિદર્શન.**

એક દિવસ બન્ને ભાઈઓ રથમાં બેસી ઉદ્યાનમાં ગયા, અને ફૂલ પુષ્પો તેઓ વીણતા હતા, તેવામાં ત્યાં આંબાની નીચે બેઠેલા રતિના વિરહથી કૃશ થયું છે શરીર જેનું એવા કામદેવ સમાન એક મુનીંદ્રને તેમણે જોયા. ત્યારબાદ તેમનું દર્શન કરી બહુ આનંદ માનતા એવા તે બન્ને જણા મુનીંદ્રના ચરણ કમલમાં વંદન કરી નીચે બેઠા. મુનિએ પણ ધ્યાનની સમાપ્તિ થયા બાદ ધર્મ લાભ આપ્યો. વળી જેઓ મગના ઓસામણને લાયક હોય તેઓને મિષ્ટાન્નનો આહાર હિતકારી થતો નથી. એમ જાણી મુનિએ તેમને લાયક ધર્મ દેશનાનો પ્રારંભ કર્યો,

જેમકે-હે ભવ્યાત્માઓ! દયા જેમાં મુખ્ય હોય તે ધર્મ કહેવાય, તેમજ જેની અંદર અઢાર દોષ ન હોય તે દેવ અને તત્ત્વોમાં કુશળતા જેમણે મેળવી હોય તે સદ્દગુરૂ કહેવાય. આ ત્રણ રત્નોને જ શિવમાર્ગ કહ્યા છે. દરેક ઠેકાણે ધર્મ એવા નામાક્ષરોને સર્વ મનુષ્યો સાંભળે છે, પરંતુ તેઓમાંથી કોઈકજ આત્માર્થી પ્રાણી પરમાર્થ જાણે છે. વળી દુર્ગતિ રૂપ નગરમાં પ્રયાણ કરતા સમગ્ર પ્રાણીઓને અટકાવીને શુભ સ્થાનમાં લઇ જાય તે ધર્મ કહેવાય. તેમજ જેનું સેવન કરવાથી સમસ્ત જીવાત્માઓ સ્વર્ગ અને મોક્ષનું સુખ મેળવી શકે તે ધર્મ કહેવાય. વળી ભિન્ન ભિન્ન શાસ્ત્રોને લીધે દર્શનકારોએ વિવિધ પ્રકારનું ધર્મ સ્વરૂપ કહ્યું છે. પરંતુ પૂર્વાપર વિરોધ રહિત જે હોય તે ધર્મ મુખ્યતાએ બુદ્ધિમાન્ પુરૂષોએ ગ્રહણ કરવો. વળી ગામાંતર જતા પુરૂષને ગામાંતર જવાના બહુ રસ્તાઓ આવે છે પણ તે અન્ય માર્ગોનો ત્યાગ કરી જેમ સુગમમાર્ગે જાય છે. તેમ બુદ્ધિમાન્ પુરૂષ બહુ પ્રકારના ધર્મો હોવા છતાં પણ મોક્ષનગરના હેતુરૂપ ધર્મને સ્વીકારે છે. જેમ બુદ્ધિહીન મૃગલાઓ તૃષાને લીધે ક્ષાર ભૂમિમાં જલ બુદ્ધિ માને છે, તેમ અવિવેકી પ્રાણી અધર્મમાં પણ બુદ્ધિ માને છે. વળી જે પ્રાણીનાં નેત્ર વિવેકરૂપ અંજનથી પ્રફુલ્લ થાય છે તે પુરૂષ પૂર્વાપર વિચાર કરી સદ્ધર્મને ગ્રહણ કરે છે. જેમ જીવરહિત દેહ કાર્ય સાધી શકતો નથી તેમ સર્વોત્તમ દયાવિના ધર્મની સિદ્ધિ થતી નથી વળી તે દયા જૈન ધર્મમાં જ રહેલી છે. એમ જાણી તમે જૈન ધર્મનું જ આચરણ કરો. અને તેજ પ્રમાણે ધર્મનું સ્વરૂપ હું કહું છું તે તમે સાવધાન થઇ શ્રવણ કરો. રાગ દ્વેષથી ઉત્પન્ન થએલા એવા સમગ્ર સાંસારિક દોષથી મુક્ત થયેલા અને ચોત્રીશ અતિશય વડે વિભૂષિત એવા જીનેંદ્ર ભગવાન્ છે. તેમજ ત્રણ ગૌરવનો

જેમણે ત્યાગ કર્યો છે, ત્રણ ગુપ્તિઓના રક્ષણ કરનાર, ઇંદ્રિયો જેમણે વશ કરી છે, મમત્વનો જેમણે ત્યાગ કર્યો છે, વિધિ પ્રમાણે વિહાર કરવાવાળા, મધ્યસ્થ વિગેરે વિશુદ્ધ ગુણોના આધારભૂત, સત્ત્વશાલી અને ગીતાર્થ એવા જે ગુરૂઓ હોય છે, તેઓને આ સંસારસાગર તરવામાં નાવ સમાન ઉપકારી કહ્યા છે. આ પ્રમાણે મુનીંદ્રનું વચન સાંભળી દુષ્કર્મ દૂર થવાથી વિશુદ્ધ પરિણામને ધારણ કરતા એવા તેઓના હૃદયમાં દેવ, ગુરૂ અને ધર્મરૂપી ત્રણ રત્ન સ્થિર થયાં.

**ધર્મસેવન.**

ત્યારબાદ દુર્ધર એવા મુનિ ધર્મની ધુંસરી વહન કરવામાં અશક્ત હોવાથી તે બન્ને જણે સમ્યક્ત્વાદિ બાર પ્રકારના શ્રાવક ધર્મનો સ્વીકાર કર્યો. વિશેષ પ્રકારે ત્રિજા ગુણવ્રતનું સ્વરૂપ તેઓના પૂછવાથી મુનિએ ચારે પ્રકારના ભેદ સહિત સંભળાવ્યું. તે પ્રમાણે પોતે સમજીને ગુરૂને નમસ્કાર કરી બન્ને ભાઇઓ પોતાને ઘેર ગયા. ત્યારબાદ આર્ત્તધ્યાન તથા મદ્યાદિ પાંચ પ્રકારનો પ્રમાદ તેઓ સેવતા નથી. તેમજ શસ્ત્ર કોઈને આપતા નથી. સાવદ્ય ઉપદેશ પણ કોઈને આપતા નથી. તે બન્નેમાં વિમલનો સ્વભાવ બહુ સરલ હતો અને સહદેવનો સ્વભાવ ઘણો ચંચલ હતો. તેમજ ક્રીડા કરવામાં તે બહુ લોલુપ હોવાથી ધર્મમાં બહુ પ્રમાદી થયો.

**પથિકનો સમાગમ.**

એક દિવસ તે બન્ને ભાઈઓ ઉત્તમ કરીયાણું લઇ પૂર્વ દેશમાં વેપાર માટે નીકળ્યા. અર્ધ માર્ગે ચાલતાં એક પથિક મળ્યો. તેણે વિમલને પુછ્યું ભાઈ ! સિદ્ધો, કાંટાવિનાનો, ઘાસ પાણી અને કાષ્ટ વિગેરે જ્યાં સુલભ હોય તેવો માર્ગ અમને બતાવો. ધર્મકાર્યમાં દક્ષ એવો તે વિમલ

બોલ્યો, માર્ગ સંબંધી કોઇપણ હકીકત મ્હારા જાણવામાં નથી. ફરીથી પથિકે પૂછયું હે શેઠ! તમે કયે ગામ જાઓ છો? વિમલ બોલ્યો, જ્યાં કરીયાણું મોંઘા ભાવે વેચાશે ત્યાં અમારે જવું છે. વળી ફરીથી પથિક બોલ્યો, શેઠજી! આપ કયા નગરમાં રહો છો? મહેરબાની કરી આપના નગરનું નામ તો કહો. પછી વિમલ બોલ્યો, રાજધાનીમાં મ્હારૂં નગર નથી. પથિક બોલ્યો, હું પણ આપની સાથે આવીશ. ત્યારે વિમલ બોલ્યો, એમાં અમે શું કહીએ? જેવી તમ્હારી ઇચ્છા. તે સાંભળી પથિક પણ તેની સાથે ચાલતો થયો. આગળ ચાલતાં એક નગર આવ્યું. તે નગરની બહાર એક ઉદ્યાનમાં તેઓએ મુકામ કર્યો. અને રસોઇ માટે અગ્નિ સળગાવ્યો, એટલામાં કેટલાક નોકરોએ પાણી વિગેરે સામગ્રી પણ તૈયાર કરી. ત્યારબાદ પથિકે રસોઇ માટે વિમલની પાસે જઇ અગ્નિ માગ્યો. એટલે વિમલે કહ્યું ભાઇ! તમ્હે અહીં જમજો પરંતુ અમે કોઇને દેવતા આપતા નથી, કારણકે અગ્નિ વિગેરેના દાનનો શાસ્ત્રમાં નિષેધ કર્યો છે. જેમકે—

> न ग्राह्याणि न देयानि, पञ्च द्रव्याणि पण्डितैः ।
> अग्निर्विषं तथा शस्त्रं, मद्यं मांसं च पञ्चमम् ॥

અર્થ—" અગ્નિ, વિષ, શસ્ત્ર, મદ્ય અને માંસ એ પાંચ વસ્તુઓ પંડિત પુરૂષોએ લેવી નહીં તેમજ આપવી પણ નહીં." આ પ્રમાણે વિમલનું વચન સાંભળી ક્રોધિની માફક તે બોલવા લાગ્યો રે ધૃષ્ટ! ખોટા ધર્મનો આડંબર કરનાર, હે મૂઢ! મ્હારી આગળ આ પ્રમાણે અસત્ય બોલતાં તું લજવાતો નથી? વળી આવી રીતે બોલતાં ત્હને કંઇપણ વિચાર નથી આવતો? એમ કહી તેણે પોતાનું શરીર એટલું બધું વધાર્યું કે તેના ભયને લીધે આકાશ પણ ઉંચું ગયું હોય તેમ જણાવા લાગ્યું અને તેવા

પ્રકારની અદ્‌ભુત આકૃતિ જોઈને સર્વ લોકો ભય પામી ત્યાંથી નાશી ગયા. ત્યારબાદ તે પથિકે વિમલને કહ્યું કે જો ત્હારે જીવવાની ઇચ્છા હોય તો મ્હને અગ્નિ આપ. કારણકે મ્હને બહુ ભૂખ લાગી છે. માટે અગ્નિમાં મનુષ્યનું માસ રાંધીને હું ભોજન કરી તૃપ્ત થાઉં. વિમલ બોલ્યો, જેમ ત્હને યોગ્ય લાગે તેમ કર. કારણકે આ દુનીયામાં દરેક જન્મેલાં પ્રાણીઓનું મરણ તો જરૂર થવાનું છે એમાં કંઇ સંદેહ નથી. વળી નિયમનો ભંગ કરવાથી અવશ્ય ધર્મનો નાશ થાય છે. અને ધર્મનો લોપ થવાથી હજારો ભવમાં અનેક દુ:ખો ઉત્પન્ન થાય છે. પરંતુ નિયમવાળા પ્રાણીનું મરણ થવાથી તેને કિંચિત્ માત્ર પણ દુ:ખ થતું નથી. માટે ત્હારે જેમ કરવું હોય તેમ કર. પરંતુ મ્હારા નિયમનો ભંગ હું નહીં કરૂં.

**દીવ્યસ્વરૂપ.**

આ પ્રમાણે વિમલનું ધૈર્ય જાણી વિકરાળ સ્વરૂપનો સંહાર કરી પોતાનું દીવ્ય સ્વરૂપ પ્રગટ કરી તે પથિક બોલ્યો, હે મહાશય ! ત્હને ધન્ય છે. ત્હારો મનુષ્ય ભવ પણ સફળ છે. દેવ સભામાં દેવોની મધ્યે શક્રેંદ્ર ત્હારી સ્તુતિ કરતો હતો કે, વિમલ શ્રાવક ધર્મમાં બહુ દૃઢ છે. અને ત્રીજા ગુણવ્રતથી ત્હેને ક્ષુભિત કરવાને દેવ અથવા દાનવ પણ સમર્થ નથી. તે સાંભળી મ્હને અશ્રદ્ધા થઈ. તેથી હું ત્હને ચલિત કરવા માટે અહીં આવ્યો છું. મ્હેં ત્હને બહુ પૂછ્યું તોપણ તું ત્હારા નિયમથી ચલિત થયો નહીં, માટે હું ત્હારી ઉપર તુષ્ટ થયો છું. તેથી ત્હારી ઈચ્છા પ્રમાણે તું વરદાન માગ. વિમલ બોલ્યો મ્હારા નિયમની પરીક્ષા માટે ત્હેં આ પ્રયાસ કર્યો તેમજ ત્હેં ત્હારૂં દીવ્ય સ્વરૂપ પ્રગટ કર્યું તેથી મ્હને સર્વ મળી ચૂક્યું છે. પરંતુ એટલી મ્હારી પ્રાર્થના છે કે, ધર્મમાં સારી રીતે તું પ્રવૃત્તિ કરજે. વળી ઘણા લોકો તપ-

શ્રમો કરે છે. તેમજ મંત્રાદિક વિદ્યાઓનો જપ કરે છે, તોપણ કોઈ વિરલાઓનેજ દેવતાઓ દર્શન આપે છે. ત્યારબાદ દેવ બોલ્યો જો કે ત્હારે કોઈ પ્રકારની ઇચ્છા નથી તોપણ ત્હને આ એક દીવ્ય મણિ હું આપું છું. તેનો તું કૃપા કરી સ્વીકાર કર. વળી આ મણિનો પ્રભાવ એવો છે કે, તેની સાથે ઘસેલા જળના સ્પર્શથી દરેક સર્પનું વિષ ઉતરી જાય છે. એમ કહી વિમલની ઇચ્છા નહોતી તોપણ બળાત્કારે ત્હેના ઓઢવાના વસ્ત્ર સાથે તે મણિને બાંધીને તે દેવ સ્વર્ગમાં ગયો. અને શક્રેંદ્રની આગળ તેણે સર્વ વૃત્તાંત નિવેદન કર્યું.

વિમલશ્રેષ્ઠીએ પણ બૂમ પાડીને સહદેવ વિગેરે નાશી ગએલા સર્વે લોકોને પોતાની પાસે બોલાવ્યા.

**નગરમાં પ્રવેશ.** તેઓ પણ તેનો શબ્દ સાંભળી તેની પાસે આવ્યા. અને પથિકનું વૃત્તાંત પૂછવા લાગ્યા.

એટલે વિમલે વિસ્તારપૂર્વક પથિકની વાર્તા કહી. તેથી તેઓ બહુ ખુશી થયા. પછી તેઓએ ભક્તિવડે જીનેંદ્ર ભગવાનને વંદન કરી મુનિ મહારાજનાં દર્શન કર્યા બાદ પોતાના પરિવાર સહિત ભોજન કર્યું. ત્યારબાદ ત્યાંથી મુકામ ઉઠાવી નગર તરફ ચાલ્યા, અને દરવાજામાં તેઓ પ્રવેશ કરતા હતા, તેટલામાં વાણીયાઓ પોતપોતાની દુકાનો બંધ કરી ઉતાવળથી તાળાં દેતા હતા, તેનો ખડખડાટ તેઓના સાંભળવામાં આવ્યો. વળી એક તરફ સજ્જ કરેલા ઘોડાઓ જોવામાં આવ્યા તેમજ અનેક સુભટોવડે સુશોભિત રથ અને ચારે તરફ ફરતા અને તૈયાર કરેલા હસ્તિઓ પણ તેઓને દેખાવા લાગ્યા. શસ્ત્રધારી અનેક સૈનિકો સહિત સેનાપતિ પણ પોતાનો કાર્યક્રમ દર્શાવી રહ્યો હતો. તે જોઈ વિમલે કોઈક નગરવાસીને પૂછ્યું. ભાઈ! અહીંઆં શું છે ? આ સર્વે લોકો નગરની અંદર શામાટે ખળભળી ઉઠયા છે

વળી આ સર્વે લોકો દુકાનો કેમ બંધ કરે છે ? આ નગરના દરવાજા કેમ બંધ કર્યા છે ? તેમજ આ સુભટો કિલ્લા ઉપર કેમ ઉભા રહ્યા છે ? શું સ્વરાજ્ય કે પરરાજ્ય અથવા તે બન્નેથી કંઈ ભય થયો છે ? કિંવા રાજાને કંઇપણ દૈવી આપત્તિ આવી પડી છે ?

ત્યારબાદ તે નગરવાસી પુરૂષે વિમલના કાનમાં કહ્યું કે આ નગરમાં ત્રણ લોકમાં વિખ્યાત એવો પુરૂષોત્તમ નામે રાજા છે, રૂપમાં કામદેવ સમાન અરિમલ્લ નામે ત્હેને એક પુત્ર છે. તે પોતાના શયન ગૃહમાં સુતો હતો. તેવામાં ત્હેને એક દુષ્ટ સર્પ કરડયો છે. તે જોઈ તેની સ્ત્રીએ પોકાર કર્યો. તેથી ત્હેનો પરિજન ત્યાં આવી પહોંચ્યો અને તપાસ કર્યો તેટલામાં તે સર્પ કોઈપણ ઠેકાણે નાશી ગયો, આ વાત રાજાના સાંભળવામાં આવી કે તરતજ તે પણ ત્યાં આવ્યો. અકસ્માત્ મડદા સમાન પોતાના પુત્રને જોઈ તે મૂર્છિત થઈ ગયો અને પોતાના પુત્રના પ્રાણનું હરણ કરનાર એવા તે સર્પની પાછળ જવા માટે તેનું અનુકરણ કરતો હોય ને શું ! તેમ તે પૃથ્વી ઉપર આળોટવા લાગ્યો. તેમજ પોતાની રાણીઓ અને નગરનાં લોકો પણ અતિ કરૂણ સ્વરે રૂદન કરવા લાગ્યાં. તેમજ મંત્રીઓએ દરેક સ્થાનેથી મંત્રવેદી લોકોને બોલાવ્યા. તેઓએ પણ જલદી ત્યાં આવીને પોતપોતાના મંત્ર તંત્રના પ્રયોગ કર્યા પરંતુ તેથી વિષ ઉતરવામાં કંઇપણ ફાયદો જણાતો નથી. વળી જળાદિકના શીતોપચારથી રાજા પણ મહામુશીબતે સ્વસ્થ થયો છે. અને પ્રધાનાદિકને કહેવા લાગ્યો કે જો કોઈપણ પ્રકારે આ કુમારનું મરણ થશે તો હું તેના પહેલાં ચિતામાં પ્રવેશ કરીશ. એવો મ્હારો નિશ્ચય છે. એમ તમે સર્વે જાણો. આ પ્રમાણે રાજાનું વચન સાંભળી સર્વે લોકો

**કુમારને સર્પદંશ.**

ગભરાઈ ગયા. અને અનેક ઉપચારો કરવા લાગ્યા વળી રાજાએ પણ નગરમાં આ પ્રમાણે પટહઘોષણા કરાવી છે કે જે કુમારને સજીવન કરે હેને અર્ધું રાજ્ય આપવું.

**મણિનો પ્રભાવ.**

તે સાંભળી સહદેવે વિમલને કહ્યું કે ઠીક છે તમે ઉપચાર કરો આપણી પાસે દેવતાએ આપેલો મણિ છે તેને પાણી સાથે ઘસીને તે પાણી છાંટો જેથી કુમાર સજીવન થશે અને આપણને અર્ધું રાજ્ય મળશે. વિમલ બોલ્યો ભાઈ! આ મ્હોટા પ્રમાણવાળા પરિગ્રહનો આશ્રય કરવો આપણને યોગ્ય નથી. વળી દોષનું મુખ્ય કારણભૂત આ રાજ્યનું પણ આપણે શું પ્રયોજન છે! એ પ્રમાણે વિમલનું વચન સાંભળી સહદેવ બોલ્યો તમે રાજ્ય મેળવીને આપણા કુટુંબનું દરિદ્ર જલદી દૂર કરો. તેમજ રાજકુમારને જીવતો કરી મણિ રત્નનું માહાત્મ્ય પણ આપણે જોઇએ. વળી કોઇપણ પ્રકારે આ રાજકુમાર સજીવન થશે તો ધર્મ પણ પામશે. એમ સહદેવનું વચન સાંભળી વિમલ મૌન રહ્યો. એટલે સહદેવે વિમલના વસ્ત્રની ગાંઠ છોડી મણિ લઇ લીધો. અને બહુ ખુશી થઇ તેણે ઘોષણા કરતા નગારાનો સ્પર્શ કર્યો. તેથી રાજ-પુરૂષો તેને રાજકુમાર પાસે લઈ ગયા. પછી સહદેવે પાણીમાં મણિ ઘસીને કુમારને છાંટયું કે નિદ્રામાંથી જાગ્રત થએલાની માફક તે કુમાર દિશાઓમાં દૃષ્ટિ ફેરવવા લાગ્યો, અને પોતાની પાસે ઉભેલા સર્વે લોકોને જોઇ પોતાની માતાને તેણે પૂછયું, કે, આ સર્વે લોકો અહીં કેમ આવ્યા છે! પછી હર્ષને લીધે અશ્રુ-ધારાને વહન કરતી એવી તેની માતાએ વિસ્તારપૂર્વક સર્વ વૃત્તાંત નિવેદન કર્યું.

ત્યારબાદ સહદેવને અર્ધું રાજ્ય આપવા માટે રાજાએ પ્રાર્થના

કરી. એટલે સહદેવ બોલ્યો હે રાજન્!

**વિમલ અને રાજાની મુલાકાત.** વિમલ નામે મ્હારો મ્હોટો ભાઇ છે તેના પ્રભાવથી આ કુમાર સજીવન થયો છે. વળી તે પોતાના પરિવારસહિત ચોટામાં બેઠો છે. માટે ત્હેને અહીં જલ્દી બોલાવો. અને તેના ઉપર તમે આ પ્રસાદ કરો. પછી રાજા પોતે સહદેવની સાથે હાથી ઉપર બેસી ત્યાં ગયો અને વિમલને જોઇ હાથી ઉપરથી નીચે ઉતરી તેને ભેટી વિનયપૂર્વક બોલ્યો. હે પરોપકારી ! અતિદીન અવસ્થામાં લુઠતા એવા મ્હને ત્હેં પ્રાણુભિક્ષા આપી છે. માટે કૃપા કરી મ્હારૂં આંગણું તમે પવિત્ર કરો. એ પ્રમાણે રાજા વિનયપૂર્વક જેમ જેમ પ્રાર્થના કરે છે તેમ તેમ વિમલના હૃદયમાં શલ્યની માફક વ્રત સંબંધી અતિચાર સ્ફુરે છે. પછી વિમલ બોલ્યો હે નરાધીશ ! આ ઉપકાર તો સહદેવનો છે, માટે જેમ આપને યોગ્ય લાગે તેવી રીતે તમે તેનો સત્કાર કરો. ત્યારબાદ રાજાએ વિમલનો હાથ પકડી તેને હાથી ઉપર બેસાર્યો. અને પોતાના મહેલમાં લઇ ગયો. બાદ અન્ય લોકોને વિદાય કરી સહદેવ સહિત વિમલને સ્નાનાદિક કરાવી ભોજન કરાવ્યું, પછી પાન સોપારી મુખવાસ થયા બાદ રાજાએ વિમલને કહ્યું કે 'પોતાના પૂણ્યબળથી પ્રાપ્ત થયેલું એવું આ અર્ધ રાજ્ય તમે ગ્રહણ કરો. બાદ વિમલ બોલ્યો આટલું મ્હોટું શાસન અમને યોગ્ય નથી. કારણકે અંશ માત્ર પણ રાજ્ય અમને કલ્પે નહીં તો સમૃદ્ધિ યુક્ત અર્ધ રાજ્ય કેમ કલ્પે ! કેમકે જેની અંદર એક તો પ્રથમ પ્રચંડ કાર્ય કરવાનાં અને બીજી તરફ નિયમથી અધિક લક્ષ્મીના ભોગરૂપ પાંચમા વ્રતનો અતિચાર લાગે માટે રાજ્યનું અમારે કંઇપણ પ્રયોજન નથી.

ત્યારબાદ સહદેવની ઇચ્છા જાણી રાજા બોલ્યો હે સહદેવ !

અમારો નજીકનો ઉપકારી તો તું છે માટે
**રાજ્યદાન.** આ અર્ધ રાજ્ય અમારા કહ્યા પ્રમાણે તું
ગ્રહણ કર. સહદેવ બોલ્યો આપનું વચન
સત્ય કરો. રાજાએ મ્હેલ, રથ, ઘોડા અને હાથી વિગેરેનો વિભાગ કરી તે સર્વે સહદેવને અર્પણ કર્યું. અને વિમલની ઇચ્છા નહોતી તોપણ તેને નગરશેઠની પદવી આપી. ત્યારબાદ તેઓએ પોતાના માતાપિતાદિક પરિવારને પોતાની પાસે બોલાવ્યો. બાદ વિમલ પોતે ધર્મ કાર્યમાં દિવસો નિર્ગમન કરી આત્મસાધન કરતો હતો. હવે રાજ્ય, દેશ અને વિષય સુખમાં લુબ્ધ થઇ સહદેવ નિરંકુશપણે મલિન કાર્યોમાં નિષ્ઠુર થઇ ગયો. અને પોતાના ગામોમાં ફાજલ પડેલી જમીનને થોડા કર લઇ ખેડાવવા લાગ્યો. તેમજ ચોરોપાસે ધાડ પડાવી પરરાજ્યનાં ગામડાંઓ લુંટાવે છે. અને કેટલાંક ગામડાં ભાગી નંખાવે છે. વળી પોતાના રાજાને દુષ્ટ ઉપદેશ આપે છે કે આ લોકો બહુ ધનવાન્ છે તેથી તેઓને દંડાદિકથી ક્ષીણ કરવા જોઇએ. અને બીજા કરો પણ વધારવા જોઇએ. આ પ્રમાણે સહદેવનું દુષ્ટ ચરિત્ર જોઇ વિમલે તેને એકાંતમાં બોલાવીને કહ્યું કે ત્હેં પોતેજ અનર્થ દંડનો નિયમ લીધો છે છતાં તેમાં તું અતિચાર કેમ લગાડે છે? વળી વિશેષમાં એટલું જાણવું જોઇએ કે મનુષ્ય ભવમાં એક તરફ પ્રાણીઓના શરીરને વિકરાળ વાઘેણની માફક ઘુર્ઘર શબ્દ કરી જરા રૂપી રાક્ષિણી ક્રોધાયમાન થઇ વળગે છે. ત્યારે બીજી તરફ દારૂણ દુઃખદાયક વ્યાધિઓ સુંદર દેહમાં ડાકિનીની પેઠે હમ્મેશાં આનંદપૂર્વક નૃત્ય કરે છે. તેમજ ભયંકર મરણરૂપી મહા રાક્ષસ જતા, આવતા, ખાતા, પીતા અને સૂતેલા એવા પ્રાણીઓનું છલ હમ્મેશાં શોધ્યા કરે છે. વળી ધન, જીવિત અને બંધુઓનો વિનાશ કરવામાં સમર્થ એવા બીજા પણ ઘણા ઉપદ્રવો પ્રાણી

માત્રની સમીપમાં સદાકાળ રહ્યા છે. માટે હે બન્ધુ ? પરભવમાં જો તને સુખની ઈચ્છા હોય તો બહુ દુર્લભ એવી અનર્થ દંડ વિરતિને તું દૂષિત કરીશ નહીં. હવે આથી વધારે શું કહેવું ? તે સાંભળી સહદેવ બોલ્યો. જો હું આ પ્રમાણે રાજાને ઉપદેશ ન આપું તો જરૂર આ રાજા મ્હારાં ઉપર કોપાયમાન થાય. વળી ત્હારો આ ઉપદેશ તો જળથી ભરેલા ઘડાની ઉપર પડતી એવી જલધારાની માફક બહાર ફર્યા કરે છે. એનાથી મ્હને કંઈ પણ અસર થવાની નથી. આ પ્રમાણે સહદેવનો નિશ્ચય જાણી વિમલે તે વિષયમાં મૌનભાવ સ્વીકાર્યો. ત્યાર બાદ સ્વચ્છંદ પ્રવૃત્તિને લીધે સહદેવ વિરતિથી રહિત થયો. અને જૈનમતમાં શ્રદ્ધાહીન થઈ ગયો. તેમજ બહુ ક્રૂર એવા અનર્થ દંડ પોતે કરવા લાગ્યો અને અન્યને ઉપદેશ આપી તેની યોજના કરાવવા લાગ્યો. એક દિવસ નિરર્થક કોઈક પુરૂષને બહુ દુઃખી કરી તેનું સર્વ ધન પોતાને કબજે કરી તેને છોડી મૂકયો. પછી બહુ ક્રોધાયમાન થએલા એવા તે પુરૂષે લાગ શોધીને અધર્મી એવા તે સહદેવને ઠાર મારી નાખ્યો. અને તે પ્રથમ નરકભૂમિમાં ઉત્પન્ન થયો. ત્યાંથી નીકળી કેટલીકવાર સંસારમાં ભ્રમણ કરી અનેક દુઃખો અનુભવી છેવટે દીક્ષા લઈ સમાધિપૂર્વક સકળકર્મનો ક્ષય કરી તે મોક્ષ સુખ પામશે. વળી વિશુદ્ધ પરિણામી વિમલશ્રેષ્ઠી અસ્ખલિત રીતે ગૃહિધર્મનું પાલન કરી વિધિપૂર્વક પરલોકના માર્ગની આરાધના કરી સ્વર્ગ સુખ પામ્યો. માટે હે ભવ્યપ્રાણીઓ ? જેવી રીતે વિમલશ્રેષ્ઠીએ નિરતિચાર આ વ્રત પાળ્યું તેવી રીતે અન્યજનોએ પણ નિરંતર પાળવું જોઇએ.

॥ इति श्रीतृतीयगुणव्रतपरिपालने विमल-
दृष्टान्तः समाप्तः ॥

# मित्रसेननी कथा.

## પ્રથમકંદર્પોત્સર્પણવચનાતિચાર.

દાનવિર્ય રાજા બોલ્યો હે ભગવન્ ? હવે ત્રીજા ગુણવ્રતમાં પ્રથમ અતિચારનું લક્ષણ કહો, શ્રી સુપાર્શ્વપ્રભુ બોલ્યા હે રાજન્ ? ત્રીજું ગુણવ્રત ધારણ કરી જે પુરૂષ કામોદ્દીપક વચન બોલે છે તે મિત્રસેનની માફક સંસારમાં વારંવાર જન્મ ધારણ કરે છે.

**મિત્રસેનકથા.**

બહુ સુંદર પર્વ ( ગંડેરી–ઉત્સવના દિવસો ) વડે મનોહર, પ્રાણીઓના હૃદયને આનંદ આપનાર, અને ગાઢ રસવડે ઉત્કૃષ્ટતા પામેલી શેલડીની લાકડી સમાન પ્રીતિકારક અયોધ્યા નામે નગરી છે. તેમાં ઇક્ષ્વાકુ રાજાઓના વંશમાં ઉત્પન્ન થયેલો, ચંદ્ર અને મોગરાના પુષ્પ સમાન ઉજ્વલ છે કીર્ત્તિ જેની એવો જયચંદ્ર નામે રાજા છે. પ્રિયદર્શના નામે શુદ્ધશીલવતી તેની મુખ્ય રાણી છે. ચંદ્ર નામે તેને એક પુત્ર છે તે ધર્મકાર્યમાં બહુ મંદ છે. વળી તે રાજાને સેનનામે પુરોહિત છે અને મિત્રસેન નામે તેનો પુત્ર છે. હવે ચંદ્રકુમાર વંસતરૂતુને લીધે એક દિવસ મિત્રસેન સાથે ઉદ્યાનમાં ફરવા ગયો ત્યાં ઇલાયચીના વનથી વિભૂષિત ક્રીડા શૈલની એક સુંદર શિલા ઉપર બેઠેલા મહા તપસ્વી અને સર્વ સંગથી વિમુક્ત એવા એક મુનીંદ્રનાં તેને દર્શન થયાં. આ મ્હોટો યોગી છે એમ આકૃતિ ઉપરથી અનુમાન કરી તે બન્ને જણે તેમને નમસ્કાર કર્યો. મુનિએ ધર્મ લાભ આપી તેઓના હિત માટે ધર્મ દેશનાનો પ્રારંભ કર્યો. હે ભવ્યાત્માઓ ? જેમ મરૂસ્થલમાં કમલોથી વિભૂષિત સરોવર અને દરિદ્રીને ત્યાં ચિંતામણિ રત્ન દુર્લભ હોય છે તેમ આ સંસારમાં જૈનધર્મ સહિત મનુષ્ય ભવ

પામવો બહુ દુર્લભ છે. વળી તે ધર્મ રાગ દ્વેષાદિકથી મુક્ત થએલા જીનેંદ્રભગવાને ત્યાગી અને ગૃહસ્થના ભેદવડે બે પ્રકારનો કહ્યો છે. તેમજ દશ તથા બાર પ્રકારે પણ વર્ણવ્યો છે. એમ કહી પોતે પણ યથાર્થ દરેક ભેદનો ઉપદેશ આપ્યો. તે સાંભળી મુનિધર્મ પાળવાને અશક્ત હોવાથી તે બન્નેજણે સાથે ગૃહસ્થ ધર્મનો સ્વીકાર કર્યો.

**મિત્રસેનનો ચમત્કાર.**

એક દિવસ મિત્રસેને કુમારને એકાંતમાં કહ્યું કે જો તમ્હારી આજ્ઞા હોય તો કોઈ અપૂર્વ કૌતુક હું બતાવું. કુમાર બોલ્યો ત્હારી મરજી, એમાં મ્હને કંઇ હરકત નથી. પછી મધ્યરાત્રાના સમયે મિત્રસેને શિયાળનો શબ્દ કર્યો. તે સ્વર સાંભળી બીજા શિયાળીઆઓ બહાર મેદાનમાં આવી ઉંચા સ્વરે બોલવા મંડી ગયા. જેથી સર્વ લોકો નિદ્રમાંથી જાગી ઉઠ્યા. તે ખળભળાટને લીધે કુકડાઓ પણ બોલવા લાગ્યા. તે ઉપરથી લોકોએ જાણ્યું કે હવે રાત્રી થોડી રહી છે. વળી કબુતર પણ જાગ્રત થઇ બોલવા લાગ્યાં. જેથી દૃઢ શીલવાળી એવી સ્ત્રીઓ પણ કામાતુર થઇ ગઇ. પછી ચંદ્રકુમારે મિત્રસેનને સમજાવ્યો કે આ પ્રમાણે ત્હારે કોઈ વખત આચરણ કરવું નહીં. કારણ કે ત્રીજા ગુણવ્રતમાં આ પ્રથમ અતિચાર કહેલો છે. એમ કુમારે ઘણો ઉપદેશ આપ્યો તોપણ મિત્રસેન તેનાથી અટક્યો નહીં, ઉલટો કામ ભાવનામાં બહુ આસક્ત થયો. છેવટે ચંદ્રકુમારે ક્રીડા રસમાં બહુ વ્યગ્ર જોઇ તેનો ત્યાગ કર્યો.

**દુરાચારની શિક્ષા.**

એક દિવસ જેનો પતિ ગામ ગએલો હતો એવી એક ભટની સ્ત્રી મિત્રસેનના જોવામાં આવી કે તરતજ તેણે તે સ્રીની આગળ કામક્રીડાની ચેષ્ટા કરી. તેથી તે સ્ત્રી કામાતુર થઇ તેનાજ

ના તે સ્ત્રીનો દીયર ત્યાં આવી પહોંચ્યો.
નાઈ બહુ ક્રોધાતુર થઈ તેનો તિરસ્કાર કરવા
દૃષ્ટ ? આ સુશીલા એવી ગરીબ સ્ત્રીને હેં કામાતુર
મ કહી તેણે મિત્રસેનને ગાઢ બંધનોવડે જકડી લીધો
ને કહ્યું કે તું ચંદ્રકુમારનો ખાસ મિત્ર છે તેથી હને મારતો નથી. નહીં તો બીજાને જીવતો જવા દઉં નહીં. આ વાત ચંદ્રકુમારના જાણવામાં આવી એટલે કુમારે તેને તેની પાસેથી છોડાવ્યો અને તેને તેના ઘેર મોકલી દીધો. પછી કુમારે તેને શિક્ષા આપી કે હે મિત્ર ? આ લોકમાં પણ હને અતિચાર રૂપી વૃક્ષનું પુષ્પ પ્રાપ્ત થયું. તેમજ પરલોકમાં પણ પ્રચંડ દુઃખદાયક એનું ફલ હને પ્રાપ્ત થશે. કારણ કે મ્હેં હને બહુ વાર્યો હતો તોપણ તું અતિચારથી વિરમ્યો નહીં તેનું આ પરિણામ આવ્યું. હજુ પણ તું અર્હત્ભગવાન અને જ્ઞાની સદ્ગુરૂનું સ્મરણ કર. તેમજ પોતાના દુશ્ચરિત્રની આલોચના કર. અને સર્વ પ્રાણીઓની ક્ષમા માગ. તે સાંભળી મિત્રસેન બોલ્યો પ્રિયબંધુ ! દૃઢ બંધનોની પીડાને લીધે હું બહુ દુઃખી છું, તેથી બીજું કંઈપણ મ્હને સાંભળતું નથી. માટે મ્હારા દુઃખનો બીજો કોઈપણ ઉપાય તું કર, એમ બોલતો તે મરણ પામીને વિંધ્યાચળમાં હસ્તીપણે ઉત્પન્ન થયો. તે ભવમાં આયુષ પૂર્ણ કરી બીજા આઠ ભવ કરીને તે સિદ્ધિ પદ પામશે. ચંદ્રકુમાર પણ નિરતિચાર શ્રાવક ધર્મ આરાધી વિધિપૂર્વક દીક્ષા પાળી અંતે સમાધિ સહિત મોક્ષ સુખ પામ્યો.

॥ इति श्रीतृतीयगुणव्रते प्रथमातीचारविपाके मित्रसेन-
कथानकं समाप्तम् ॥

# सिंहवणिकूनीकथा.

## દ્વિતીયકૌકુચ્યાતિચાર.

દાનવિર્ય રાજાએ પ્રશ્ન કર્યો કે, હે જગદ્‌ગુરૂ ! ત્રીજા ગુણવ્રતમાં બીજા અતિચારનું સ્વરૂપ દ્રષ્ટાંત સહિત સાંભળવા મ્હારી ઈચ્છા છે તો આપ કૃપા કરી તે અમને કહો. શ્રી સુપાર્શ્વપ્રભુ બોલ્યા, હે રાજન્ ! નેત્રાદિક અંગોના નાના પ્રકારના વિકાર સહિત જે ચેષ્ટા કરવી તેને કૌકુચ્ય કહેલું છે તે કૌકુચ્યને વિટ પુરૂષાદિકની માફક જે પુરૂષ કરે છે તે સિંહવણિક્‌ની માફક બહુ દુઃખી થાય છે.

આ ભરતક્ષેત્રમાં બહુ પા (પ) ત્રો (પવિત્ર પુરૂષો=પાંદડાં)વડે સુશોભિત, લક્ષ્મીનું સુંદર સ્થાનભૂત અને રાજહંસોથી વિરાજીત પદ્મ સમાન પોતનપુર નામે સુપ્રસિદ્ધ નગર છે. તેમાં કુબેર સમાન બહુ ધનાઢ્ય ધનદ નામે શ્રેષ્ઠી રહે છે. સોમશ્રી નામે તેની સ્ત્રી છે. સિંહ નામે તેને એક પુત્ર છે. અને જન્મથીજ સહદેવ નામે તેનો એક મિત્ર છે. હવે એક દિવસ રમવા માટે સિંહ પોતાના મિત્ર સાથે રતિસાગર નામે ઉદ્યાનમાં ગયો. ત્યાં આગળ સુંદર લતામંડપમાં વિવિધ વિલાસપૂર્વક તે બન્ને જણ ક્રીડા કરતા હતા. તેવામાં ત્યાં મધુર ધ્વનિ તેઓના સાંભળવામાં આવ્યો. ત્યારબાદ તેઓ તે શબ્દના અનુસારે આગળ જતા હતા એવામાં એક સૂરિ મહારાજનાં દર્શન થયાં. વળી સૂરીંદ્રની આસપાસ બહુ મુનિઓ બેઠા હતા, તેથી તે તારામંડલ સહિત ચંદ્રમાનું અનુકરણ કરતા હતા. તેમજ ભવ્યપ્રાણીઓને સ્વર્ગ અને મોક્ષમાર્ગનો ઉપદેશ આપતા જાણે મૂર્ત્તિમાન્ ધર્મરાજા હોયને શું ? એવા તે સૂરીશ્વરને નમસ્કાર કરી મિત્ર સહિત સિંહકુમાર ત્યાં બેઠો. અને

અવસર જોઈ સૂરીશ્વરને તેણે એક પ્રશ્ન પૂછયો. હે ભગવન્! મ્હારા એક સંશયને દૂર કરવા તમે કૃપા કરો. ધર્મકાર્ય કરવાથી કોઇપણ પુરૂષ લક્ષ્મીથી ભ્રષ્ટ થાય ખરો! મુનિ બોલ્યા, લાભના અંતરાયથી તેમ પણ થાય છે. સિંહ બોલ્યો, જો ધર્મી પુરૂષ પણ લક્ષ્મીહીન થાય તો કલેશના કારણભૂત એવા ધર્મને કરવાનું શું ફલ? મુનીંદ્ર બોલ્યા, જો કે ધર્માંતરાયના દોષથી લક્ષ્મીનો નાશ થાય છે પરંતુ જો નિશ્ચયપૂર્વક ધર્મ કરે તો ફરીથી પણ ધર્મના પ્રભાવથી વિશેષ ધન પ્રાપ્ત થાય છે. તેમાં મુનિદાસશ્રેષ્ઠીનું દૃષ્ટાંત સાવધાન થઇ તું સાંભળ.

**મુનિદાસ શ્રેષ્ઠી.**

દેવલોકોએ નિર્માણ કરેલા, અતિ ઉન્નત અને ઉજ્વલ ચૈત્યો વડે વિભૂષિત મથુરા નામે નગરીમાં મુનિદાસ નામે એક શ્રેષ્ઠી હતો. જેના વૈભવનું પ્રમાણ પણ અજ્ઞાત હતું, અર્થાત્ તેની પાસે દ્રવ્ય ઘણું હતું. તેમજ તેનું સમ્યકત્વ પણ બહુ વિશુદ્ધ હતું. કેટલોક સમય ગયા બાદ કોઈ કર્મને લીધે અનુક્રમે તેનો સર્વ વૈભવ નષ્ટ થયો. તેથી તે દરેક ઠેકાણે અપમાનને પાત્ર થઈ પડયો. તેમજ રાજા, બંધુ, પુત્ર અને પોતાની સ્ત્રીને પણ તે અપ્રિય થઇ પડયો! એટલુંજ નહીં પરંતુ તેને કોઇ પ્રત્યુત્તર પણ આપતા નથી. તોપણ તે શ્રેષ્ઠી પોતાનો નિયમ ચુકતો નથી. વળી હમ્મેશાં ત્રણે કાળમાં ઉત્તમ ભાવવડે પોતે બંધાવેલા મંદિરમાં જીનેંદ્ર ભગવાનની પૂજા કરે છે. તે જોઈ બહુ દુઃખી થતા તેના પુત્રો કહેવા લાગ્યા કે, હે પિતાજી! હવે પૂજા કરવી બંધ કરો તો બહુ સારૂં. કારણકે તેટલો સમય તમે વેપારમાં રોકો તો ભોજન જેટલું દ્રવ્ય પેદા કરો. વળી અમે અન્ય ગૃહસ્થોને ત્યાં ચાકરી કરીને વસ્ત્રાદિક સર્વ ઉપાર્જન કરીશું, અને ભગવાનની પૂજાનું ફળ તો તમ્હે અહીંયાજ જોયું, છતાં પણ હજુ એનો છુટકો કરતા નથી, તમે આટલી અવસ્થા ગાળી તો પણ મૂઢને મૂઢ જેવા રહ્યા!

શેઠે જવાબ આપ્યો, ભાઈઓ ! આ પ્રમાણે બોલવું તમ્હને લાયક નથી. કારણકે ધર્મનો ત્યાગ કરવાથી કોઇપણ સમયે કાર્યસિદ્ધિ થતી નથી. વળી ધર્મ કર્યે છતે આ જન્મમાં મ્હને જે દારિદ્ર દુઃખ પ્રાપ્ત થયું છે તે પૂર્વ જન્મના પાપનો પ્રભાવ છે. શાસ્ત્રકાર કહે છે કે—

**શેઠનો દૃઢ નિશ્ચય.**

सुंदरधम्मरयाणवि, विसमं विहिविलसियं समावडइ ।
जं तत्थ कारणमिणं, अन्नभवे खंडिओ धम्मो ॥

**અર્થ**—"સુંદર ધર્મમાં રાગી બનેલા એવા ભવ્ય પ્રાણીઓને પણ દૈવ તરફથી વિષમ દુઃખ આવી પડે છે, તેનું કારણ અન્ય ભવમાં ખંડિત કરેલો ધર્મ ગણાય છે." માટે લક્ષ્મી ચાલી જાય, બંધુઓ છુટા પડે, અને લોકોમાં અપમાન થાય પરંતુ જીનપૂજાનો ત્યાગ તો હું કરીશ નહીં. કારણકે જીનપૂજાનું ફલ તો સ્વર્ગ અને મોક્ષદાયક થાય છે. માટે તમે પણ તેમાં આદરવાળા થાઓ. એ પ્રમાણે શેઠનું વચન સાંભળી તે લોકો કહેવા લાગ્યા કે, જેમ જેમ તમે જીનપૂજા કરો છો તેમ તેમ તમ્હારે ત્યાં દારિદ્રયરૂપી વૃક્ષ બહુ ફલદાયક થાય છે. એ પ્રમાણે લોકાપવાદ જાણી ધર્મની હેલના થાય છે એમ સમજી શ્રેષ્ઠી પોતાનું નગર છોડી નજીકના ગામમાં રહેવા ગયો. ત્યાં પણ ત્રણે કાલ ગૃહ મંદિરમાં જીન પ્રતિમાની નિરવદ્ય પૂજા કરે છે.

ત્યારબાદ ચતુર્માસમાં શેઠ મથુરામાં ગયા. ત્યાં દેરાસરમાં દર્શન કરવા જતા હતા. તેવામાં જીનમંદિરના દ્વારમાં બેઠેલી માલણે કહ્યું કે, શેઠજી ! ચાર સેરોનો સુંદર આ પુષ્પહાર લેતા જાઓ અને જીનેંદ્ર ભગવાનની પૂજા કરો. પોતાની પાસે

**ધર્મભાવના.**

પૈસા નહીં હોવાથી શેઠે ના પાડી, એટલે તે ફરીથી બોલી, આ મ્હારા શરીરે પ્હેરેલા સર્વે અલંકાર આપની મહેરબાનીથી થયેલા છે. હુવે મ્હારે પૈસાની દરકાર નથી. વળી પ્રથમ આપ જેવી રીતે પુષ્પ લઈ પૂજા કરતા હતા તેવીજ રીતે હાલ પણ પુષ્પ લઈ ભગવાનની પૂજા કરો. હું તમને પુણ્ય માટે પુષ્પ આપું છું. મ્હારે કંઇપણ લેવું દેવું નથી. પછી શ્રેષ્ઠીએ પોતાના હાથમાં પુષ્પ લઈ નૈષેધિકી પાઠ ભણી વિધિપૂર્વક ભગવાનની પાસે ગયા. અત્યંત ભક્તિ-ભાવથી રોમાંચરૂપી કંચુકને ધારણ કરતા એવા તે શ્રેષ્ઠીએ જીનેંદ્ર ભગવાનની પૂજા કરી અને હૃદયમાં ભાવના ભાવવા લાગ્યા. અહો ! મ્હને ધન્ય છે. કારણકે અનાદિ અપાર એવા આ સંસાર સાગરમાં અનેક જન્મમાં પણ દુર્લભ એવું ધર્મરૂપી નાવ મ્હને પ્રાપ્ત થયું છે. ધર્મના પ્રભાવથી જન્માંતરમાં પણ ભવ્યપ્રાણિઓ દુર્ગતિ પામતા નથી. અપૂર્વ ચિંતામણી અને કલ્પવૃક્ષ પણ ધર્મજ છે. વળી ધર્મ એજ ઉત્તમ મંત્ર છે. ધર્મમાંજ ઉત્કૃષ્ટ અમૃત રહેલું છે. તેમજ ઉપકારની અપેક્ષા રહિત લોકોના હિત માટે જેઓ ધર્મોપદેશ આપે છે તેઓને ભાવ પૂર્વક વારંવાર નમસ્કાર. વળી વિમાનોમાં વાસ કરવો સુલભ છે, એક છત્રવાળી પૃથ્વીનું રાજ્ય પણ સુલભ છે, પરંતુ સમગ્ર લોકમાં મનુષ્યોને જૈનધર્મ મળવો બહુ દુર્લભ છે. તેપણ મ્હને પ્રાપ્ત થયો છે. માટે તે ધર્મ વિના બીજા કોઇની પણ મ્હારે જરૂર નથી, એમ ચિંતવન કરી તેણે દેવવંદન કર્યું.

**સૂરિનો ઉપદેશ.**

ત્યારપછી મુનિદાસ શ્રેષ્ઠી વ્યાખ્યાનશાળામાં ગયા. અને ત્યાં ભવ્ય પ્રાણીઓને ધર્મનો ઉપદેશ આપતા સૂરિ મહારાજનાં દર્શન કર્યાં. પછી વંદન કરી પોતે દૂર ઉભો રહ્યો. એટલે સૂરિએ પણ ઉંચે સ્વરે આદરપૂર્વક ધર્મલાભ આપી તે શેઠને ઉદ્દેશીને ઉપદે-

શનો પ્રારંભ કર્યો સમુદ્રમાં પડેલા રત્નની પેઠે આ સંસારમાં મનુષ્યભવ બહુ દુર્લભ છે. માટે ભવ્યાત્માઓએ મનુષ્ય ભવ પામીને સુગતિના માર્ગમાં યત્ન કરવો. જીનેંદ્ર ભગવાનની પૂજા, વ્રત પાળવામાં પ્રીતિ, સામાયિક અને પૌષધમાં પ્રયાસ કરવો, સુપાત્રમાં દાનબુદ્ધિ, ઉત્તમ તીર્થોમાં ગમન, અને મુનિઓની સેવા એ સુગતિનો માર્ગ છે. એ પ્રમાણે બહુ વિસ્તારથી સૂરિએ દેશના આપી. ત્યારબાદ વૈરાગ્યથી ખેંચાયું છે ચિત્ત જેનું એવો તે શ્રેષ્ઠી સૂરિની આગળ હાથ જોડી બોલ્યો, હે ભગવાન્! આપની કૃપાથી હમ્મેશાં હું જીન પૂજા કરૂં છું. પરંતુ મ્હારા પુત્ર મ્હને હસે છે અને કહે છે કે હે તાત! હમ્મેશાં તમે પૂજા કરો છો પણ તેનું કંઈ પણ ફલ દેખાતું નથી. ઉલટું પ્રથમ મેળવેલું ધન પણ ઘરમાંથી ચાલ્યું ગયું. તેમજ લોકો પણ એમજ કહે છે કે મુનિદાસનું ધન ધર્મથી નષ્ટ થયું. આ પ્રમાણે લોકો ધર્મની હેલના કરે છે. પરંતુ તેઓનું વચન કિંચિત્ માત્ર પણ મ્હારા હૃદયમાં અસર કરતું નથી. છતાં હે મુનિંદ્ર! તેઓને સ્થિર કરવાનો જો કોઈ પણ ઉપાય હોય તો હું સુખેથી ધર્મ કરી શકું. એમ કહી શ્રેષ્ઠી મોન રહ્યા. પછી સૂરિએ ઉપકાર જાણી નિર્દોષ અને પાઠ સિદ્ધ એવા એક મંત્રનો ઉપદેશ આપ્યો, અને ત્હેને વિધિ બતાવ્યો કે કાળી ચૌદશની મધ્ય રાત્રીએ સ્મશાનમાં કાયોત્સર્ગે ઉભા રહી તમારે આ મંત્રનું સ્મરણ કરવું એટલે મુહૂર્ત માત્રમાં કપર્દિ નામે યક્ષ પ્રત્યક્ષ થઈ ત્હને કહેશે કે યોગ્ય વરદાન માગ! ત્યારે ત્હારી ઈચ્છા પ્રમાણે વરદાન માગવું. એમ કહી સૂરિએ ત્યાંથી વિહાર કર્યો.

**કપર્દીયક્ષ.**

મુનિદાસ શ્રેષ્ઠી કાળી ચૌદશની મધ્ય રાત્રીએ સ્મશાનમાં ગયો અને કાયોત્સર્ગ કરી વિધિ પ્રમાણે સૂરિએ આપેલા મંત્રનો પાઠ કરવા લાગ્યો. ક્ષણ માત્રમાં યક્ષ પ્રગટ થયો. શ્રેષ્ઠીને કહ્યું

કે, વર માગ. શ્રેષ્ઠી બોલ્યો, જો ત્હારામાં શક્તિ હોય તો ચાતુર્માસના દિવસે મ્હેં ચારસરીપુષ્પમાલાવડે જીનેશ્વરની પૂજા કરી હતી તેનું ફલ મને આપ. તે સાંભળી યક્ષે અવધિજ્ઞાનનો ઉપયોગ કર્યો અને કહ્યું કે, તે પૂજાનું ફલ આપવા માટે હું સમર્થ નથી, કારણકે ભાવ પૂર્વક પુષ્પના એક હાર વડે જીનેંદ્ર ભગવાનની પૂજા કરી હોય તો તેથી બહુ સુંદર અને વિશાળ એવી સ્વર્ગ લક્ષ્મી પણ પ્રાપ્ત થાય છે તો આ ચારસરાહારની તો વાતજ શી કરવી ? વળી હું વ્યંતર જાતિ છું તેથી આ શિવાય બીજું જે કંઈ જોઈએ તે બોલો ! શ્રેષ્ઠી બોલ્યો, હે યક્ષ ! માત્ર ત્હારા દર્શનથી હું સંતુષ્ટ થયો છું. તું ત્હારા સ્થાનમાં ચાલ્યો જા, તેવી કોઈ પણ વસ્તુ નથી કે જે જૈનધર્મના પ્રભાવથી મ્હને નહીં મળે ? તે સાંભળી યક્ષ બોલ્યો, આપનું કહેવું સત્ય છે પરંતુ મ્હારી શક્તિ પ્રમાણે આપનું વાત્સલ્ય મ્હારે કરવું જોઈએ. સાધર્મિક જાણી શ્રેષ્ઠીએ તેનું વચન માન્ય કર્યું. પછી યક્ષ બોલ્યો, તમ્હારા ઘરના ચારે ખુણાઓમાં મ્હોટા નિધાનો દાટેલા છે. તે તમ્હારે લઈ લેવા. એમ કહી યક્ષ પોતાના સ્થાનમાં ગયો.

**પૂજાનો પ્રભાવ.**

પ્રભાતકાળમાં શ્રેષ્ઠી પોતાને ઘેર ગયો અને પોતાના પુત્રોને કહ્યું કે, જો તમે ધર્મમાં બુદ્ધિ રાખો તો આ જન્મમાં પણ તેનું પ્રત્યક્ષ ફળ હું તમને બતાવું. પુત્રો બોલ્યા, જો એમ થાય તો તમારા દેખતાં અમે બમણો ધર્મ કરવા તૈયાર છીએ. શ્રેષ્ઠીએ તેઓને પ્રતિજ્ઞા કરાવીને કહ્યું કે, હમ્મેશાં ત્રિકાલ જીનમંદિરમાં દર્શન કરવા જવું અને પૂજનાદિક કાર્ય પણ તમારે નિયમીત કરવાં. તે પ્રમાણે તેઓએ કબુલ કર્યું. એટલે શ્રેષ્ઠીએ એક નિધાન બતાવ્યો. પછી સંપૂર્ણ સોનૈયેથી ભરેલો એક

ખજાનો જોઈ આપનું કહેવું સત્ય છે—એમ કહી તેઓ બહુ ખુશી થયા અને હમ્મેશાં ભાવપૂર્વક શેઠની આજ્ઞાપ્રમાણે વર્તવા લાગ્યા. ત્યારપછી અનુક્રમે બાકીના પોતાના ઘરની અન્દર રહેલા ત્રણે ખજાના શ્રેષ્ઠીએ બતાવ્યા. ત્યારબાદ ફરીથી તેજ સૂરીશ્વર ત્યાં પધાર્યા. તે વાત સાંભળી પોતાના પુત્રો સહિત શ્રેષ્ઠી મ્હોટા વૈભવ સાથે તેમને વાંદવા માટે ગયો. તેમ બીજા નગરવાસી લોકો પણ શણગાર સજી બહુ ઉમંગથી ત્યાં ગયા. પછી ત્રણ પ્રદક્ષિણા પૂર્વક સૂરિને નમસ્કાર કરી તેમની આગળ સર્વે લોકો બેસી ગયા. ત્યારબાદ અવસર જાણી શ્રેષ્ઠીએ પ્રાર્થના કરી, કે હે ભગવન્ ! મ્હારા પુત્રોને સમ્યક્ત્વાદિ ઉપદેશ આપીને ગૃહસ્થધર્મ આપો. સૂરિએ પણ તે પ્રમાણે ઉપદેશ આપ્યો. તે સાંભળી સિંહકુમાર બોલ્યો, હે ભગવન્ ! મ્હને પણ શ્રાવક ધર્મનો ઉપદેશ આપો. જેથી હું પણ તેનો સ્વીકાર કરી કૃતાર્થ થાઉં. બાદ ગુરૂ મહારાજે સભાની અંદર વિશેષ પ્રકારે શ્રાવક ધર્મ ઉપદેશ આપ્યો. ત્યારબાદ કેટલાક લોકોએ સમ્યક્ત્વ અને કેટલાકે અણુવ્રતાદિક ગ્રહણ કર્યાં, વળી સહદેવ સહિત સિંહ શ્રાવકે સમ્યક્ત્વ પૂર્વક અનર્થ દંડવ્રતનો નિયમ લીધો. પછી ગુરૂએ વિસ્તાર પૂર્વક તેનું વિવેચન કરી કહ્યું કે, પાપનો ઉપદેશ, શસ્ત્રાદિકનું દાન, આર્ત્તધ્યાન અને મદ્યાદિ પ્રમાદથી ચાર પ્રકારે અનર્થ દંડ થાય છે. તેમજ બહુ સાધનોની તૈયારી, ભોગોપભોગની વૃદ્ધિ, બહુ વાચાલતા, કામ ક્રિડા અને કામ જનક ચેષ્ટાઓનો અનર્થ દંડ વ્રતધારક ગૃહસ્થ પુરૂષોએ સર્વથા ત્યાગ કરવો જોઇએ. એ પ્રમાણે ગુરૂ મુખથી ઉપદેશ સાંભળી સિંહ અને સહદેવ બન્ને ભક્તિ સાથે ગુરૂને નમસ્કાર કરી પોતાને ઘેર ગયા અને જૈન ધર્મની આરાધના કરવા લાગ્યા.

હવે સિંહવણિક પોતાની દુકાનમાં વેપાર કરતો હતો,

**એકવિટપુરૂષ.** તેવામાં સુંદર રાગથી મધુર વચન બોલતો એક વિટ ( ભવાઈઓ ) ત્યાં આવ્યો અને બોલ્યો કે, શેઠજી ! જુના સડી ગયેલા વહિકા ( વસ્ત્ર કે કાગળ ઉપર લખેલા લેખ ) ખંડના થોકડા કાઢો, મ્હારે લેવા છે. સિંહે તે પ્રમાણે થોકડા બતાવ્યા. અને તેની કિંમત ઠરાવીને તે પોટલું તેને સોંપી દીધું ત્યારબાદ દરેક વહિકા ખંડને પોતાના કાનના મૂળમાં અફલાવી જોયા, પછી તેણે ( તે ભાંડે ) કહ્યું કે, કોઈ પણ વખત આવો કાનને આનંદકારક ચર ચર શબ્દ મ્હારા સાંભળવામાં આવ્યો નહોતો આ પ્રમાણે વિટનું વચન સાંભળી ત્યાં ઉભેલા વણિક્ પુત્રો સહિત સિંહ બહુ હસવા લાગ્યો. અને તેની કિંમત પણ છોડી દઈ પાન સોપારી આપી તે વિટને વિદાય કર્યો. ત્યાર બાદ તે વિટ હંમ્મેશાં સિંહની પાસે આવવા લાગ્યો. અને અનેક પ્રકારના વિકારવાળી ચેષ્ટાઓ તેમજ ભ્રુકુટી આદી અંગો વડે હાસ કરી વિટ વિદ્યાના ચમત્કાર દેખાડીને તે સિંહ વિગેરે સર્વે લોકોને ખુશ કરી હસાવતો હતો. પરંતુ તે પ્રસંગ સહદેવને બીલકુલ ગમતો ન્હોતો. વળી વિટના સહવાસથી. બુદ્ધિનો મંદ એવો તે સિંહ વણિક્ હમેશાં મુખ નેત્રાદિકના વિકાર કરવા લાગ્યો. એટલુંજ નહીં પરંતુ તે વિટનો પણ મ્હોટો ગુરૂ થઈ પડયો. સહદેવ હમ્મેશાં તેને બહુ ઠપકો આપે છે તો પણ તેનો અનાદર કરી અનેક પ્રકારની કામ ચેષ્ટાઓ વડે યુવતિ જનોને આનંદ આપવામાં તે પ્રવૃત્ત થયો. અજ્ઞાનતાને લીધે પોતાના મિત્રે કહેલા અતિચારને પણ તે ગણતો નથી. હાસ્ય રસમાં ગરક થઇ સર્વ લોકોને હસાવે છે. પણ એટલું તેજાણતો નથી કે હાસ્ય ક્રીડા બહુ દુઃખદાયક થાય છે.

એક દિવસ કર્ણાટક દેશના કોઇ એક રજપુતની સ્ત્રી વસ્ત્ર

**સિંહનું મરણ.** ખરીદવા માટે સિંહ વણિકની દુકાને ગઇ, તેના હાથમાં વસ્ત્ર આપીને પોતે નેત્રાદિકથી કામ વિકારની ચેષ્ટાઓ કરવા લાગ્યો. સ્ત્રી બહુ ભદ્રિક હોવાથી તે તરફ તેનું લક્ષ્ય નહોતું અને વસ્ત્રની કિંમત કરાવી મોઢે માગ્યું મૂલ્ય આપતી હતી તેવામાં તેની પાછળ તેનો ધણી આવ્યો. અને તરતજ સિંહની સર્વ વિકૃતિ જોઇ બહુ કોપાયમાન થઇ ગયો. પછી તેના ગાલ ઉપર તે રજપુતે તાણીને એક તમાચ મારીને કહ્યું કે રેરે ! અનાર્ય ! વાણીઓ થઇ તું મ્હારી સ્ત્રી આગળ વીટ પુરૂષોથી પણ અધિક અનેક પ્રકારના કામ વિકારો બતાવી રહ્યો છે ? એમ કહી ફરીથી મારવા જતો હતો તેટલામાં આસપાસના બીજા વાણીયાઓ વચ્ચે પડ્યા અને રજપુતના હાથ પકડી લીધા, પછી તેને શાંત કરવા લાગ્યા. હે મહાશય ! હવે ક્ષમા કર, કારણકે સત્પુરૂષોનું ભૂષણ ક્ષમા હોય છે એમ અનેક કાલાવાલા કરી તેનો ક્રોધ શાંત કર્યો, હવે તીવ્ર તમાચાના આઘાતથી પીડા બહુ વધી ગઇ તેથી તે સિંહ ક્ષણવાર મૂર્છિત થઇ પડ્યો રહ્યો. વળી જે તરફ માર પડ્યો હતો તે આંખનો ડોળો બહાર નીકળી પડ્યો. પછી ચંદનાદિકના ઉપચાર કરી કંઇક ચેતનમાં આવ્યો એટલે તેને તેના ઘેર લઇ ગયા. અને બહુ ઉપાય કર્યા, પરંતુ ગાઢ વેદનાથી ઘેરાઇ ગયો. બાદ સહદેવે બહુ ઉપદેશ આપ્યો. ત્યારબાદ સાતમા દિવસે દુષ્કૃતની આલોચના કર્યા વિના સિંહ વણિક મરણ પામી નાગકુમારમાં ઉત્પન્ન થયો, ત્યાંથી નીકળી ઘોર સંસારમાં બહુ દુઃખી થઇ પરિભ્રમણ કરશે. વળી સહદેવ નિરંતર નિષ્કલંક વ્રતનું આરાધન કરી અવસાનમાં સમાધિપૂર્વક કાળ કરી સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવીને મહાવિદેહમાં ઉત્પન્ન થઇ ચારિત્ર પાળી કર્મનો ક્ષય કરી સમાધિપૂર્વક મોક્ષપદ પામશે.

इतितृतीयगुणव्रतेद्वितीयातिचारविपाकेसिंहवणिक्कथानकंसमाप्तम्।

## पद्मवणिकूनीकथा.

### તૃતીયમૌખર્યાતિચાર

દાનવીર્ય રાજા બોલ્યો, જગત્પૂજ્ય એવા હે ભગવાન્! તૃતીય ગુણવ્રતમાં ત્રીજા અતિચારનું સ્વરૂપ દૃષ્ટાંત સહિત સાંભળવાની મ્હને બહુ ઇચ્છા છે માટે કૃપા કરી નિવેદન કરો. શ્રી સુપાર્શ્વપ્રભુ બોલ્યા, હે રાજન્! ત્રીજા ગુણવ્રતને ધારણ કરી જે શ્રાવક વાચાલપણાથી કોઇને મિથ્યા અપવાદ આપે તો તે પદ્મની પેઠે બહુ દુ:ખી થાય છે.

પુરિમતાલ નામે નગર છે. વિજયપાળ નામે રાજા તેમાં રાજ્ય કરે છે. સુંદર ભોગોનું એક સ્થાનભૂત અને રૂપમાં રંભાસમાન રંભાનામે તેની મુખ્ય રાણી છે. એક દિવસ વિજયપાળ રાજા હાથી પર બેસી પરિવાર સહિત રાજવાટિકમાં જતો હતો. તેવામાં માર્ગ ઉપર એક શેઠીયાને ત્યાં નવીન ઉલ્લાસ પામતા યૌવનરસથી વ્યાકુળ અને સુંદર રૂપવાળી લક્ષ્મી નામે એક કન્યા તેના જોવામાં આવી, તેથી તેની પર રાજાનું ચિત્ત બહુજ લાગી ગયું. જેથી તેના માતાપિતાની પાસે માગણી કરીને પોતાની મેળે તેને તે પરણ્યો. અને પોતાના અંત:પુરમાં લાવી તેની સાથે વિલાસ કરવા લાગ્યો. જેથી નગર, અન્ય રાણીઓ કે રાજ્યની પણ તે ચિંતા કરતો નથી. ફક્ત તે લક્ષ્મી રાણી ઉપર અતિ આસક્ત થઇ રાત્રી દિવસ તેની પાસેજ પડી રહે છે. વળી તે સ્ત્રીના સ્નેહથી તે એંટલો બધો ખેંચાયો છે કે સર્વથા વિવેક શૂન્ય થઇ ગયો. જેથી અન્ય સમગ્ર કાર્ય છોડી દીધાં.

વિજયપાળ

ત્યારે મંત્રીએ કહ્યું કે હે રાજન્! આ પ્રમાણે સ્ત્રીને વશ

**મંત્રીનો ઉપદેશ**

થયેલો સામાન્ય માણસ પણ લોકોમાં નિંદનીય થાય છે, તો આંતરિક છ શત્રુઓથી ઘેરાયેલા આપના સરખા રાજાઓને તો શું કહેવું ? વળી જે રાજાઓ ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરૂષાર્થને નિતિપૂર્વક સેવે છે તેઓને પુરૂષાર્થ ફલદાયક થાય છે. અન્યથા નિષ્ફલ થાય છે. વળી રાગાંધ પુરૂષોથી ગુણો દૂર નાસી જાય છે તેમજ શાસ્ત્રાર્થ અને ગુરૂનો ઉપદેશ પણ અસર કરતો નથી. તેમજ રાજ્ય–રાષ્ટ્ર, અને ધર્મનો ત્યાગ કરી આ સ્ત્રીમાં મોહિત થઈ ત્હમેં હમ્મેશાં તેમાં પ્રવૃત્ત થયા છો, તે આપની મ્હોટી ભૂલ થઈ છે. રાજા બોલ્યો, હે મંત્રી ! મ્હારી પાસે ત્હારે કંઈપણ વધારે બોલવું નહીં, આ રાજ્ય મ્હેં તને સોંપ્યું છે. તેથી તેનું સંરક્ષણ ત્હારેજ કરવું. વળી જ્યાં સુધી આ મૃગાક્ષી મ્હારી દૃષ્ટિગોચર છે. ત્યાં સુધીજ મ્હારૂં જીવિત પણ સમજવું, તો પછી મારે રાજ્યાદિકનું શું પ્રયોજન છે ?

**લક્ષ્મીનું મરણ.**

અહો ! જુઓ તો ખરા ? આ રાજા સ્નેહપાશથી કેવો બંધાયો છે ? તેને પોતાના આત્માનું પણ ભાન નથી. અહો ? નિર્લજ્જ થઇ આ પ્રમાણે બીજો કોણ બોલી શકે ? એમ મંત્રી ચિંતવતો હતો તેવામાં તેજ રાત્રીના પરોઢમાં લક્ષ્મી રાણીને વાસિતવમન થયું. તે જોઈ રાજા બહુ ગભરાઈ ગયો. વૈદ્યોને બોલાવ્યા, વૈદ્ય લોકોએ અનેક પ્રકારના ઉપચારો કર્યા. પરંતુ દૈવગતિને લીધે તે સર્વ નિષ્ફલ થયા. એમ કરતાં સૂર્યોદય થયો કે તરતજ દેવીના પ્રાણ છુટી ગયા. તે જોઈ રાજાનું ધૈર્ય છુટી ગયું અને મૂર્છિત થઈ પૃથ્વી પર પડ્યો. તેટલામાં તેનો પરિજન એકઠો થઈ ગયો. અને કાષ્ઠ સમાન ચેષ્ટા શૂન્ય રાજાને જોઈ ચંદનાદિક શીતલ ઉપચાર કરીને સચેતન કર્યો.

પછી તે રાજા બહુ પોકાર કરી વિલાપ કરવા લાગ્યો, હા! લક્ષ્મી દેવિ! દરેક કાર્યમાં તું બહુ દક્ષ હતી છતાં મ્હને પ્રત્યુત્તર કેમ આપતી નથી! હે મૃગાક્ષી? મ્હારો કંઇપણ અપરાધ થયો હોય તો ક્ષમા કર? પૂર્ણ ચંદ્ર સમાન મુખવાળી હે સુતનુ! મ્હારી ઉપર તું કેમ રૂષ્ટ થઇ છે? આ પ્રમાણે વિલાપ કરતો રાજા તે સ્ત્રીનું પડખું ક્ષણમાત્ર પણ છોડતો નથી. તેમજ અન્નપાણી પણ લેતો નથી. તેમજ બીજા કોઇને તે મડદાની પાસે જવા દેતો પણ નથી. પછી મંત્રીએ કહ્યું હે સ્વામિન્! આ રાણી મરી ગઇ છે. માટે હવે શોક કરવો વૃથા છે. અને આપ અહીંથી ઉઠો તો અમે એને સ્મશાનમાં લઇ જઇ અગ્નિ સંસ્કાર કરાવીએ. તે સાંભળી રાજા ક્રોધાતુર થઇ ગયો અને બોલ્યો કે, પોતાના પુત્ર પ્રપૌત્રાદિક સહિત તું ત્હારા દેહનો સંસ્કાર કરાવ. મ્હારી પ્રાણપ્રિયા તો કરોડ વર્ષ સુધી જીવશે. વળી આ સ્ત્રી સંબંધી ખરાબ તથા અશુભ વચન મ્હારી આગળ જે કોઇ બોલશે તે પુરૂષ જરૂર મરણને આધીન થશે! આ પ્રમાણે રાજાનો નિશ્ચય જાણી મંત્રીએ કોઇપણ ઉપાયથી રાજાની દૃષ્ટિને છેતરી ગુપ્ત રીતે પોતાના સુભટો પાસે તે રાણીના દેહનો અગ્નિસંસ્કાર કરાવ્યો. ત્યારબાદ તે સ્ત્રીને નહીં જોવાથી રાજા પોકેપોક મૂકી બહુ રોવા લાગ્યો, અને વિલાપ કરતો બોલ્યો કે, મારી સ્ત્રીને જ્યારે જોઇશ ત્યારેજ હું ભોજન કરીશ. વળી મ્હારી રાણીને અહીંથી જે કોઇ લઇ ગયો હશે તેને માર્યા વિના હું ભોજન કરવાનો નથી. એ પ્રમાણે પ્રતિજ્ઞા કરી તે રાજાએ દશ દિવસ વ્યતીત કર્યા.

**નૃપવિલાપ.**

મંત્રીએ કોઇક પુરૂષને શીખવાડી રાજાની પાસે મોકલ્યો. તે પુરૂષ પણ રાજા પાસે ગયો અને મંત્રીના કહ્યા પ્રમાણે બોલ્યો. હે નરેંદ્ર! આપની સ્ત્રીના સમાચાર હું જાણું છું. તેથી આપને

**મંત્રીની યુક્તિ**

વધામણી આપવા માટે હું અહીં આવ્યો છું. રાજા બોલ્યો, હાલમાં મ્હારી પ્રાણપ્રિયા ક્યાં છે? પુરૂષ બોલ્યો, હે નાથ! હાલમાં લક્ષ્મી દેવી સ્વર્ગલોકમાં સુરેંદ્રની પાસે આનંદપૂર્વક વિલાસ કરે છે. વળી આપને સંદેશો કહેવા માટે તેણીએજ મ્હને મોકલ્યો છે. હે સ્વામિન! મનુષ્ય લોકમાં વાસ કરવો ઉચિત નથી, કારણકે મનુષ્યલોક બહુ દુર્ગંધમય તેમજ જન્મ, જરા, વ્યાધિ અને મરણાદિક દુઃખોથી વ્યાકુલ છે. વળી સ્વર્ગલોકમાં દુર્ગંધ વિગેરેનું કોઈપણ પ્રકારે દુઃખ નથી. અને તે બહુ સુંદર છે. માટે હે નાથ! જો મ્હારી સાથે આપને કામ હોય તો જલદી તમ્હારે અહીં આવવું. રાજા બોલ્યો, હે સુભગ! તું સ્વર્ગનો માર્ગ મ્હને બતાવ. જેથી મ્હારી પ્રાણપ્રિયાનું સુંદર મુખકમળ જોઈ હું કૃતાર્થ થાઉં. પુરૂષ બોલ્યો,હે નરેંદ્ર! એકદમ આપણે ત્યાં જવું ઠીક નહીં. હાલમાં તો આપ સ્નાન કરી ભોજન કરો, ઉત્તમ પોષાક પહેરો, રાજ્ય, દેશ અને કોશ વિગેરેની સંભાળ કરો, તેમ ધર્મસેવન કરી આનંદરસ ભોગવો, તેટલામાં હું રાણી પાસે જઈ તમ્હારા આગમનની વાર્ત્તા સંભળાવું એમ કહી તે વિદાય થયો. ત્યારબાદ તે પુરૂષના વચન પર વિશ્વાસ રાખી રાજા ભોજનાદિક સર્વકાર્ય કરે છે. અહીંઆ આશ્ચર્ય માત્ર એટલુંજ છે કે બહુ વૈભવવાળો, બુદ્ધિમાન્, દક્ષ તેમજ પૃથ્વીનો પતિ એવો પણ આ રાજા અત્યંત રાગરૂપી ગ્રહવડે ઘેરાયેલો હોવાથી અસત્યને પણ સત્ય તરીકે જાણે છે. ત્યારબાદ સ્ત્રીના વિરહથી આક્રાંત થઈ હમ્મેશાં તે પુરૂષને આવવાની વાટ જોયા કરે છે. પછી તે પુરૂષ પણ ઘણો સમય વ્યતીત કરી ફરીથી રાજા પાસે આવ્યો. અને કલ્પવૃક્ષના ફળો સમાન સ્વાદિષ્ટ નારંગી ફળોની ભેટ મૂકી નમસ્કાર કરી બોલ્યો, હે નરેંદ્ર! સ્વર્ગમાંથી દેવીએ આપના માટે આ ફળ મોકલ્યાં છે અને વિશેષમાં એક સંદેશો કહ્યો છે કે રાજા

પાસેથી મ્હારા માટે એક સુંદર અલંકાર લાવજે. જેથી હું સર્વ દેવાંગનાઓમાં અધિક અલંકારવાળી શોભાપાત્ર ગણાઉં.

**રાજાનો હુકમ.**

રાજાએ તત્કાલ મંત્રીઓને બોલાવી હુકમ કર્યો કે, રાણીના કહ્યા પ્રમાણે આ સંદેશહારક પુરૂષને જલદી આભૂષણ આપો! મંત્રીઓએ વિચાર કરી રાજાના દેખતાં સુંદર અલંકાર આપી ત્યાંથી તેને વિદાય કર્યો. ત્યારબાદ તેને પકડીને કેટલાક દિવસ સુધી મંત્રીઓએ પોતાના ભંડારમાં ગુપ્ત રાખ્યો. ફરીથી પણ તેવીજ રીતે તે પુરૂષ કંઇક આભરણાદિક લઇ જાય છે અને પાછો આવે છે એમ રાજાનો વખત ગુમાવે છે. હવે આ વૃત્તાંત કોઇક ધુર્ત્તના જાણવામાં આવ્યું અને તેણે જાણ્યું કે ધન મેળવવાનો આ ઉપાય બહુ સારો છે. આવો ઘાટ ફરીથી મળવો દુર્લભ છે. એમ સમજી ભોજપત્રના આકારે એક સોનાનું પત્રું બનાવરાવ્યું, તેમાં અક્ષર કોતરીને સુગંધમય કસ્તૂરીના રસથી તેઓ ભરી કાઢ્યા. પછી લેખની માફક ગુપ્ત લપેટી રાજા પાસે જઇને તેણે કહ્યું કે, હું લેખવાહક છું અને સ્વર્ગમાંથી લક્ષ્મી રાણીએ મ્હને મોકલ્યો છે. તે સાંભળી રાજા બહુ ખુશી થયો, અને તે લેખ પોતાના હાથમાં લઇ વિચાર કરવા લાગ્યો. જરૂર આ સ્વર્ગનું ભોજપત્ર છે. વળી શાહી પણ મર્ત્યલોકની નથી. એમ નક્કી કરી તે બોલ્યો, મ્હારી પ્રાણપ્રિયા સુખી છે? લેખવાહક બોલ્યો, હે નરેશ્વર! સ્વર્ગલોકમાં દેવીને આનંદ હોય એમાં શું આશ્ચર્ય? ત્યારબાદ રાજાએ લેખને ખુલ્લો કર્યો અને વાંચવાનો આરંભ કર્યો....સ્વસ્તિ શ્રી પુરિમતાલ નગરમાં મહારાજાધિરાજ શ્રી વિજયપાલ નરેંદ્રના ચરણારવિંદમાં પ્રણામ કરી સ્વર્ગમાંથી લક્ષ્મી નામે મહારાણી સ્નેહપૂર્વક જણાવે છે કે, અહીં કુશલ છે. આપનું કુશળ ઇચ્છીએ છીએ. વળી વિશેષ

કારણ એ છે કે હે નાથ-! આપ નિરંતર મ્હારા હૃદયમાં વાસ કરી રહ્યા છો. માટે તેના ભારને લીધે જાણે ભરાઈ ગયેલી હોઉં તેવી સ્થિતિમાં હું રહી છું. પરંતુ આપના સમાગમની ઘણી ઉત્કંઠા છે પણ દૂર હોવાને લીધે આવવા માટે અશક્ત છું. માટે કૃપા કરી આપના દેહવડે પવિત્ર થયેલા સર્વ અલંકારો મ્હારા માટે મોકલી દેશો. આપના પ્રસાદ વિના દેવાંગનાઓ-માં મ્હને બહુ લજ્જા આવે છે. તેમજ અલંકારના અભાવથી મ્હારી અવગણના થાય છે. માટે મહીને અથવા પંદર દિવસે જેવા તેવા પણ વસ્ત્રાદિક અલંકારો મોકલતા રહેવું. આ વૃદ્ધ પુરૂષ બહુ લાયક છે માટે તેની સાથે ખાનગી કુશળ વાર્ત્તા પણ મોકલવા કૃપા કરશો.

રાજાએ તરતજ મંત્રીવર્ગને બોલાવીને આજ્ઞા કરી કે, આ પુરૂષની સાથે મ્હારાં ઉત્તમ વસ્ત્ર, આભૂષણ અને કુંકુમાદિક દરેક સાર વસ્તુઓ રાણી માટે સ્વર્ગમાં મોકલી આપો. કારણકે

**પદ્મવણિક્.**

લેખહારકનું લક્ષમૂલ્ય, લેખનું કોટીધન અને દૃષ્ટિનું સો કોટી મૂલ્ય થાય છે, પણ પ્રિયનાં વચન તો અમૂલ્ય છે. આ પ્રમાણે રાજાનું વચન સ્ત્રીકારી મંત્રીઓ વિચાર કરવા લાગ્યા કે, આ કાર્ય બગડી ગયું. હવે આપણા હાથમાં રહ્યું નહીં. પછી તે-ઓએ વિચાર કરી રાજાને જણાવ્યું કે, આ પુરૂષ સ્વર્ગમાં કેવી રીતે જશે ? રાજા બોલ્યો, જેવી રીતે આવ્યો હતો તેવી રીતે જશે. મંત્રીઓ બોલ્યા, અહીં તો દેવીના પ્રભાવથી તે આવ્યો હતો. ફરીથી રાજા બોલ્યો, જેમ પ્રથમ આવેલો પુરૂષ ગયો હતો તેજ પ્રમાણે આ પણ જશે. એમાં વધારે વિચારનું કંઇ પ્રયોજન નથી. મંત્રીઓ બોલ્યા, મહારાજ ! પ્રથમ પુરૂષ તો અગ્નિમાં બળીને સ્વર્ગે ગયો હતો. રાજા બોલ્યો, એને પણ તેવી રીતે

મોકલો. પછી મંત્રી લોકો કાષ્ઠની ચિતા સળગાવી તે વૃદ્ધને પકડી ચિતા તરફ લઈ જતા હતા તેવામાં ત્યાં બાર વ્રતધારી અને બહુ વાચાલ એવો પદ્મ નામે એક વણિક રહેતો હતો તેણે રાજા પાસે જઈને કહ્યું કે, હે નરાધીશ ! આ બહુ વૃદ્ધ છે, તેમજ બહુ સંદેશાઓથી ભારે થઈ ગયો છે. માટે ઘરડો માણસ સ્વર્ગે નહીં જઈ શકે, તેથી કોઈક યુવાન પુરૂષને મોકલો તો બહુ સારૂં. મંત્રીઓ બોલ્યા, હે દેવ! આ પુરૂષજ મોકલવા લાયક છે. કારણકે ઉત્તર આપવામાં બહુ કુશળ છે. તેમજ તરૂણ હોવાથી ચાલવામાં ઉતાવળો અને બોલવામાં વાચાળ પણ ઠીક છે. એના જેવો બીજો મળવો મુશ્કેલ છે. માટે દેવી પાસે એનેજ મોકલો. રાજાએ કહ્યું. ઠીક, ત્યારે એમ કરો. ત્યારબાદ મંત્રીઓ તેને બાંધીને બહાર લઈ જતા હતા તેવામાં તેનો વિલાપ સાંભળી ત્હેના કુટુંબિઓ ત્યાં આવ્યા અને પૂછવા લાગ્યા કે ભાઈઓ ! શામાટે એને બાંધ્યો છે ? શું કંઈ અપરાધ કર્યો છે ? તેઓ બોલ્યા પોતાના વાચાલતાના દોષથી એની આ દશા આવી છે બીજો કોઈ પણ અપરાધ નથી. તમ્હારે પણ પોતાના મુખનું રક્ષણ કરવા સાવધાન રહેવું. કારણ કે વાચાલતાને લીધે અનર્થદંડના પાત્ર ન થવું પડે. પછી તેના કુટુંબિઓએ મંત્રીઓની પાસે ઘણી આજીજી કરી બહુ મહેનતે પદ્મને છોડાવ્યો. મંત્રીઓએ પણ દયા લાવીને તેને મુક્ત કર્યો. તેમજ પ્રથમ પુરૂષને પણ શિક્ષા આપી કે ફરીથી આ કાર્ય ત્હારે કરવું નહીં.

**કૃત્રિમદેવીનો સમાગમ.**

એક દિવસ રાજાએ મંત્રીઓને કહ્યું કે, કોઈ પણ પ્રકારે સ્વર્ગમાંથી દેવીને અહીં લાવો તો ઠીક. કારણ કે તેના વિરહથી હું બહુ દુઃખી થાઉં છું. મંત્રીલોકોએ વિચાર ગોઠવીને કમલશ્રી નામે સુંદર રૂપવતી અને તરૂણ

વયની એક સ્ત્રીને. બોલાવી. રાજાના અલંકાર પહેરાવ્યા તેમજ યુક્તિપૂર્વક શિખામણ આપીને તેને નગરની બહાર ઉદ્યાનમાં રાખી. ત્યારબાદ રાજાને સમાચાર આપ્યા કે આજે દેવીને બોલાવવા માટે ઇંદ્ર પાસે એક પુરૂષ મોકલ્યો છે તે કાલે આવશે. બીજે દિવસે તે પુરૂષ રાજા પાસે જઇને બોલ્યો હે રાજન્! આપને વધામણી આપું છું કે મહારાણી ઉદ્યાનમાં પધાર્યાં છે. તે સાંભળી રાજા બહુ ખુશી થયો અને પોતાના શરીરે ધારણ કરેલાં આભૂષણો વર્ધાપકને આપી દીધાં. પછી મ્હોટા આડંબર સાથે પરિજન સહિત રાજા તેના સ્હામો ગયો. દેવીને જોઇ રાજાનું હૃદય હર્ષથી ભરાઇ ગયું. અને બોલ્યો હે મંત્રી! અદ્‌ભુત રૂપની શોભાવડે દેવીનો સ્વર્ગવાસ સત્ય થયો. પ્રથમ તો દેવીની આકૃતિ શ્યામ હતી, તેમજ કાન વિકરાલ, દાંત લાંબા અને વિષમ હતા, વળી મ્હોટા ઓઠ અને નાક ચીપડું હતું. પરંતુ હાલમાં તો સુંદર રૂપવતી દેખાય છે. મંત્રીઓ બોલ્યા, રાજાધિરાજ? આમાં કોઇ પ્રકારની ભ્રાંતિ કરવી નહીં. સ્વર્ગમાં હમ્મેશાં અમૃત રસનું ભોજન કરવાથી આ દેવી આવા રૂપવાળી થઇ છે. તેમજ પ્રસન્ન થયેલા સુરાધિપે દેવીનાં દરેક અંગ પણ સુંદર બનાવ્યાં છે. હે મહારાજ? વળી આપના આગ્રહને લીધે દેવીને અહીં મોકલી છે. ત્યારબાદ રાજા પ્રસન્ન થઇ પોતાના ગજેંદ્રના અર્ધાસન ઉપર તે દેવીને બેસારી ભારે ઠાઠથી પોતાના મંદિરમાં આવ્યો. અને તે કમળશ્રી સાથે બહુ પ્રેમને લીધે સદોદિત વિષય ભોગ ભોગવે છે. તેમજ સ્વર્ગ સંબંધી વાર્ત્તાઓ તેને પુછે છે. કમળશ્રી પણ મંત્રીના શિક્ષણ પ્રમાણે પ્રત્યુત્તર સારી રીતે આપે છે. અને સમય વ્યતીત કરે છે. માટે, હે ભવ્ય પ્રાણીઓ? વિષય રાગનો સર્વથા ત્યાગ કરો.

કારણ કે જે રાગને લીધે મદિરાપાનથી મત્ત થયેલા મનુષ્યની માફક કાર્ય અને અકાર્યનું કંઇ પણ ભાન રહેતું નથી. એમ જાણી શ્રાવક જનોએ પ્રયત્ન પૂર્વક અસત્ય વચનનો પણ ત્યાગ કરવો. અને વાચાળપણાથી અયોગ્ય ભાષણ પણ કરવું નહીં. વળી વિવેકરહિત વચન બોલવાથી પદ્મની માફક આ લોકમાં પણ બહુ દુઃખી થવાય છે. તેમજ તેઓ પરલોકમાં જરૂર નરક ગતિ પામે છે. માટે વાચાળતાનો ત્યાગ કરી હમ્મેશાં મધુર અને યુક્તિ પૂર્વક નિરવદ્ય ભાષા બોલવી. જેથી સંસાર સમુદ્ર સુખેથી તરી શકાય.

॥ इति तृतीयगुणव्रते मौखर्यातिचारविपाकेपद्मकथानकंसमाप्तम्॥

# दुर्लभवणिकनीकथा.

## ચતુર્થ અધિકરણાતિચાર.

દાનવીર્ય રાજાએ ફરીથી પ્રશ્ન કર્યો. પરમ ઉપકારી એવા હે ભગવાન્ ? હવે ત્રીજા ગુણવ્રતમાં ચોથો અતિચાર કેવી રીતે સમજવો ? તેનું લક્ષણ દૃષ્ટાંત સહિત કહો. શ્રી સુપાર્શ્વ પ્રભુ બોલ્યા. હે ધરાધીશ ? જે પ્રાણી ઘંટી, ખાણીઓ, સાંબેલું વિગેરે દૂષિત સાધનો જથાબંધ ભેળાં કરી રાખે છે તે દુર્લભ વણિકની પેઠે નરકાદિ દુઃખ ભોગવે છે.

**દુર્લભવણિક.**

મુનિઓ અને જીનેંદ્રભગવાનની મૂર્ત્તિઓવડે બહુ પવિત્ર, નિરંતર મ્હોટા ઉત્સવોવડે વ્યાકુલ અને પરચક્રના ઉપદ્રવથી રહિત, પાટલીપુર નામે નગર છે. તેમાં છજીવકાયની રક્ષા કરવામાં તત્પર એવો વિજય નામે શ્રેષ્ઠી છે. તેમજ લોકોના નેત્રકમલને

પ્રફુલ્લ કરનાર લક્ષ્મી સમાન પદ્મશ્રી નામે તેની સ્ત્રી છે. દુર્લભ નામે તેમને એક પુત્ર છે. વળી નામ પ્રમાણે તેનામાં ગુણ છે. તેથી તેને સુગુરૂનો સમાગમ બહુજ દુર્લભ થયો. અનુક્રમે તે યૌવન અવસ્થા પામ્યો. એક દિવસ ઓષ્ઠ, નાક અને કાન જેના કાપેલા હતા તેવા એક જુગારીની સાથે તે જુગાર રમવા ગયો. ત્યાં જુગારની અંદર દુર્લભે પાંચસો સોનૈયાની જીત મેળવી. તેથી તે જુગારીએ સ્મશાનમાં જઇ પાંચસો સોનૈયા લાવી દુર્લભને આપ્યા, એટલે તેણે જુગારીને પૂછયું. આ ધન તું કોની પાસેથી લાવ્યો છે ? શું સ્મશાનમાંથી લાવ્યો છે ? જુગારી બોલ્યો ત્હારે તેનું શું કામ છે ? તું ત્હારૂં દ્રવ્ય ગણી લે. દુર્લભે વિચાર કર્યો કે જરૂર કોઇ ભૂત, પ્રેત કે સિદ્ધ પુરૂષે પ્રસન્ન થઇ આ ધન એને આપેલું છે. એમ જાણી દુર્લભે તેને કહ્યું. આ દ્રવ્ય તુંજ લઇ લે, પરંતુ આ દ્રવ્યનો આપનાર કોણ છે તે તું મ્હને સ્પષ્ટ રીતે જણાવ. જુગારી બોલ્યો હાલમાં તો તે ધ્યાનમાં બેઠા છે. ભલે ધ્યાનમાં બેઠા હોય પરંતુ મ્હને બતાવ. એમ દુર્લભના બહુ આગ્રહથી જુગારી તેને સાથે લઇ સ્મશાનમાં ગયો અને ત્યાં ધ્યાનમાં બેઠેલા એવા એક મુનિ મહાત્મા બતાવ્યા, પછી દુર્લભ અને જુગારીએ નમસ્કાર કર્યો. ત્યારબાદ મુનીંદ્ર ધ્યાનમાં હોવાથી બન્ને જણ પોત પોતાના ઘેર ગયા.

**મુનિનો ઉપદેશ.**

હવે તૃષ્ણાને લીધે દરરોજ દુર્લભ તે મુનિને નમસ્કાર કરવા જાય છે. અને બે પ્રહર સુધી ત્યાં બેસીને તેમની ચેષ્ટા જુએ છે. પછી એક દિવસ મુનિ બોલ્યા હે સૌમ્ય ? શ્રદ્ધાપૂર્વક ધર્મની આરાધના કર. દુર્લભ બોલ્યો હે મુનીન્દ્ર ? આપના ચરણ કમલની સેવાથી અધિક ઉત્તમ બીજો કયો ધર્મ છે ? પરંતુ કૃપા કરી છિન્ન અંગવાળા જુગારીની માફક મ્હારી ઉપર પ્રસન્ન થાઓ. ત્યાર

બાદ મુનિ બોલ્યા. હે મહાભાગ ? તે જુગારીએ તને છેતર્યો છે. મ્હેં ત્હેને કંઈ પણ આપ્યું નથી. પરંતુ મ્હારા ચારિત્રવ્રતનું તે કારણ થયો છે. દુર્લભ બોલ્યો હે મુનીંદ્ર ? આપના વ્રત ગ્રહણમાં તે કેવી રીતે કારણ ભૂત થયો ? તે કૃપા કરી મ્હને કહો.

**સાગરદત્તશ્રેષ્ઠી.**

મુનીંદ્ર બોલ્યા હે દુર્લભ ? આ નગરની અંદર સાગરદત્ત નામે બહુ ધનવાન્ શ્રેષ્ઠી છે. વળી હમ્મેશાં દ્રવ્યનું રક્ષણ તથા સંપાદન કરવામાં તે ઘણો દક્ષ છે. તેને શોભટ નામે એક પુત્ર છે. એક દિવસ શ્રેષ્ઠી પોતાના પુત્ર સાથે વિચાર કરવા લાગ્યો, હે વત્સ ? આ લક્ષ્મી મ્હેં બહુ કષ્ટથી મેળવી છે. તે વાત તું પણ જાણે છે. માટે ઘરથી બહાર દૂર સ્થળે કોઈ પણ ઠેકાણે પૃથ્વીમાં દાટીને આ લક્ષ્મીનું આપણે બરોબર સંરક્ષણ કરવું જોઇએ. જો તેને ઘરમાં રાખીશું તો સર્વ લોકોને સ્વાધીન થઈ વિખરાઈ જશે. તેથી સ્મશાન ભૂમિમાં જઈ કોઈ પણ એકાંત સ્થલમાં તેને દાટી દઈએ. જેથી આપત્ કાલમાં આપણને આ લક્ષ્મી સહાયકારક થાય. એમ ગુપ્ત વિચાર કરી પુત્રને લઈ સાગરદત્ત સ્મશાનભૂમિમાં ગયો. પછી કોઇ ન દેખે તેવી રીતે એકાંતમાં ઉંડા ખાડા ખોદી દ્રવ્યથી ભરેલા કલશ તે ખાડાની અંદર દાટી દીધા. અને ઉપર માટી પૂરી કોઇ ન જાણે તેવી રીતે સરખું કરી દીધું. ત્યારબાદ સાગરદત્ત બોલ્યો હે પુત્ર ? સર્વ દિશાઓમાં બરોબર તપાસ કર. કોઈએ આ કાર્ય જોયું તો નથી ? પુત્ર બોલ્યો હે તાત ? આપ ડાહ્યા થઈ આમ કેમ બોલો છો ? અતિ ભયંકર સ્મશાનભૂમિમાં અહીં રાત્રિએ કોણ આવે ? સાગરદત્ત બોલ્યો હે પુત્ર ? પરંતુ ચોક્કસ તપાસ કરવામાં શી હરકત છે ? ત્યારબાદ શોભટે ત્યાંથી નીકળીને તપાસ કર્યો તો મુડદાની માફક અચેતન થઈ માર્ગમાં પડેલો એક કાર્પટિક તેના જોવામાં આવ્યો. અને તે ધૂર્ત્ત શ્વાસ રોધીને

તે દ્રવ્યસ્થાન જોતો હતો. તેથી તેણે પિતા પાસે જઇ કહ્યું કે કોઇક કાર્પટિક મડદાની માફક ત્યાં પડેલો છે. શ્રેષ્ઠી બોલ્યો દ્રવ્યના લોભથી શ્વાસ રોકીને મડદાની માફ તે પડ્યો હશે, માટે એનું કોઈ પણ અંગ છરીથી તું કાપી લાવ. એ પ્રમાણે પિતાની આજ્ઞા લઈ શોભટ કાર્પટિકની પાસે ગયો અને તેનો કાન કાપી લાવીને પિતાને બતાવ્યો. ફરીથી પિતાએ કહ્યું કે તેનો બીજો કાન કાપી લાવ, કારણ કે ધૂર્ત માણસ દુ:ખથી ડરતા નથી. પછી તે બીજો કાન કાપી લાવ્યો, તોપણ તે મડદાની સ્થિતિમાં પડ્યો રહ્યો. પછી તેના પિતાએ કહ્યું કે બરોબર પરીક્ષા માટે તેનાં બીજાં પણ અંગ કાપવાં જોઇએ. ત્યારબાદ શોભટ ત્યાં ગયો અને ઓષ્ઠ સહિત તેનું નાક પણ કાપી લીધું; પરંતુ દ્રવ્યના લોભથી તેણે તે સર્વ દુ:ખ સહન કર્યું. અહો ? દ્રવ્ય માટે પ્રાણીઓ કેવાં દુ:ખ સહન કરે છે. દુનીયામાં કોઇ પણ એવું દુ:ખ નહી હોય કે જે ધન માટે સહન નહીં કરાતું હોય. વળી દ્રવ્યના લોભથી મૂઢ પુરૂષો પોતાનું જીવિત પણ ગણુતા નથી. તો અંગ છેદનની તો શી ગણુતરી ? ત્યાર પછી કાર્પટિકને મરેલો સમજી સાગરદત્ત શ્રેષ્ઠી પુત્ર સહિત પોતાને ઘેર ગયો.

પછી કાર્પટિક ઝટ ઉભો થઇને તે દાટેલું ધન ત્યાંથી કાઢી લઇ બીજા ઠેકાણે ગોપવી દીધું.

**કાર્પટિકનું કપટ.** વળી તેમાંથી કેટલુંક દ્રવ્ય પોતાને વાપરવા માટે સાથે લઈ નગરમાં ગયો. અને ખાસ પોતાને માટે વસ્ત્ર, પાત્ર, ધૂપ, કપુર અને મુખવાસાદિક જે જોઈએ તે લીધું. વળી સૂક્ષ્મ વસ્ત્રવડે લપેટીને ઓષ્ઠ, નાક, અને કાનનો દેખાવ સાજાની માફક કરીને વેશ્યાઓને ત્યાં વિલાસ કરવા લાગ્યો. એમ કરતાં એક દિવસ તે કાર્પટિક મીજબાની કરવા માટે દ્રાખ, મિષ્ટાન્ન, ઘેબર, પુરી, વડાં અને ખાજાં

વિગેરે ઉત્તમ પદાર્થો લઇ ઉદ્યાનમાં ગયો. તેમજ પોતાની સાથે નગરના સર્વ ગાયકોને પણ બોલાવી ગયો, ત્યાં જઇ બહુ આનંદ પૂર્વક ઉત્તમ વસ્ત્ર, ભોજનાદિક વડે સર્વ લોકોને સંતુષ્ટ કર્યા. યાચક, અનાથાદિકને પણ ઇચ્છા પ્રમાણે ખુશી કર્યા. તેથી તેઓ પણ પ્રસન્ન થઈ કર્ણ રાજા સમાન દાની તરીકે તેનું વર્ણન કરવા લાગ્યા.

**સાગરદત્તનો પશ્ચાત્તાપ.**

ત્યારબાદ તે કાર્પટિકની લોકમાં બહુ પ્રસિદ્ધિ થઇ. તે વાત સાગરદત્તના જાણવામાં આવી. કે તરતજ તેને સંદેહ થયો કે મારૂં ધન તો તે સ્થાનમાંથી એણે નહીં લીધું હોય ? વળી તેમ પણ બનવા જેવો સંભવ છે. કારણકે તે વખતે તે કાર્પટિક શ્વાસ રોકીને પડયો હતો. એમ વિચાર કરતો સાગરદત્ત તે ધૂર્ત્તને જોવા માટે ત્યાં ગયો. કુંકુમ ચંદનના લેપથી પિંજરવર્ણવાળો, વેશ્યાઓના સમાગમમાં પડેલો, અને નાક, કાન તથા ઓષ્ઠને વસ્ત્રવડે જેણે ગુપ્ત રાખેલા છે એવા તે કાર્પટિકને જોઇ પોતે ચિંતવવા લાગ્યો કે, જે ધન દુઃખથી મેળવવામાં આવે છે, તે દુઃખથીજ ભોગવાય છે. અને તે ચોર ચરટાઓને ભોગ્ય થઈ પડે છે. એમ વિચાર કરી શ્રેષ્ઠી સ્મશાનમાં ગયો. અને દ્રવ્ય રહિત ખાડાઓ જોઇ બહુ વિલાપ કરવા લાગ્યો. હા ! દૈવ ! મ્હેં કોઇ દિવસ દુરાચાર સેવ્યો નથી, છતાં મંદ પુન્યવાળા મ્હારા ધનનો નાશ શાથી થયો ? વળી જો ધર્મ માર્ગમાં આ દ્રવ્ય વાપર્યું હોત તો આ સ્થિતિ આવત નહીં. તેજ પ્રમાણે શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

दानं भोगोनाश—स्तिस्रोगतयो भवन्ति वित्तस्य ।
यो न ददाति न भुङ्क्ते. तस्य तृतीया गतिर्भवति ॥

અર્થ—" દાન, ભોગ અને નાશ એમ દ્રવ્યની ત્રણ પ્રકારની

ગતિ હોય છે." તેમાં જે દાન આપતો નથી, તેમજ પોતે ઉપભોગ કરતો નથી તેના દ્રવ્યની ત્રીજી ગતિ એટલે નાશ થાય છે. માટે મ્હેં દાનમાર્ગે કંઈપણ વાપર્યું નહીં, તેમજ પોતેપણ ભોગ વિલાસ કર્યો નહીં, તેથી છેવટે મ્હારી સર્વ લક્ષ્મીનો વિનાશ થઇ ગયો, હવે રાજસભામાં જઇ રાજાને સંભળાવું અને જો તે ધૂર્ત્તના પાસેથી મ્હારી લક્ષ્મી પાછી અપાવે તો ઠીક.

એ પ્રમાણે વિચાર કરી શ્રેષ્ઠી ન્યાયમંદિરમાં ગયો અને વિનતિપૂર્વક કહ્યું કે હે રાજાધિરાજ! આપના નગરના ઉદ્યાનમાં જે પુરૂષ અનેક પ્રકારના વિલાસ ભોગવે છે તે નક્કી ચોર છે. કારણ કે પ્રથમ મ્હેં સ્મશાનમાં પુષ્કળ ધન દાટયું હતું, તે કાઢી લઈને સમસ્ત વૈભવવડે તે ધૂર્ત્ત આનંદ કરે છે. તે વાત સત્ય છે. એ પ્રમાણે શ્રેષ્ઠીનું વચન સાંભળી રાજાએ તરતજ કોટવાળને હુકમ કર્યો કે જલદી તે ધૂર્ત્તને બાંધી મ્હારી આગળ હાજર કરો. તે સાંભળી તરતજ સુભટો સાથે કોટવાળ નગર બહાર નીકળી પડયો અને તપાસ કરી તેને બાંધીને રાજાની આગળ હાજર કર્યો. ચોર બોલ્યો, હે રાજન્! મ્હારો શો અપરાધ છે? રાજા બોલ્યો, આ સાગરદત્તનો નિધાન ત્હેં ચોરી લીધો છે. ચોર બોલ્યો, હે નરાધીશ! એણે મ્હારી પાસેથી કંઈપણ વસ્તુ લીધેલી છે તે જો મ્હને પાછી આપે તો હું તેનું સર્વ ધન પાછું આપવા તૈયાર છું. રાજાએ શેઠ તરફ દૃષ્ટિ કરી કે તરતજ તે બોલ્યો, હે રાજન! મ્હેં તેની પાસેથી કંઇપણ લીધું નથી. વળી ચોરની પાસે લેવા જેવું પણ શું હોય? તે સાંભળી ચોર બોલ્યો, હે રાજન! બહુ પરિશ્રમને લીધે થાકીને સ્મશાનની પાસે ભરનિદ્રામાં હું સુઇ રહ્યો હતો. તેવામાં ત્યાં આવી એણે મ્હારા કાન, નાક અને ઓષ્ઠ કાપી લીધા છે. તે મ્હને પાછા આપીને

**દ્રવ્યની ફરીયાદ.**

ખુશીથી તેનું દ્રવ્ય લઇ જાય. આ પ્રમાણે ચોરનું વચન સાંભળી સાગરદત્ત ગભરાઇ ગયો. રાજાએ ચુકાદો આપ્યો કે હે શ્રેષ્ઠી ! જ્યારે એનાં શ્રવણાદિક અંગ પાછાં આપશો ત્યારે તમને તમારૂં દ્રવ્ય મળશે. એમ સમજાવી બન્નેને વિદાય કર્યા.

**વૈરાગ્યભાવના.**

સાગરદત્ત શ્રેષ્ઠી ઘેર ગયો અને પોતાને વૈરાગ્ય ભાવના પ્રગટ થવાથી પોતાના પુત્રને ઉપદેશ આપવા માંડયો કે, હે વત્સ ! જેમ આ લક્ષ્મી ક્ષણમાત્રમાં ચાલી ગઇ, તેમજ આ જીવિત પણ ચાલ્યું જશે. વળી લોકમાં જેનો જન્મ તેને જરા અવસ્થા છોડતી નથી. જરા સાથે પ્રાણીમાત્રને મૃત્યુ પણ અવશ્ય પ્રાપ્ત થાય છે. વળી મૃત્યુના મુખમાં રહેલા સર્વ પ્રાણીઓ થોડા દિવસ જીવે છે. માટે જો ભવ્યાત્માઓ ધર્મ રૂપી પાથેય ( ભાતુ ) સાથે લઈ પરલોકમાં પ્રયાણ કરે તો જરૂર ત્યાં ઉત્તમ દશા ભોગવે અને બહુ સુખી થાય. તેમજ કહ્યું છે કે—

पिपतिषुरद्य श्वो वा, जराघुणोत्कीर्णदेहसारोऽपि ।
धर्मं प्रतिनोद्यच्छति, वृद्धपशुः पश्यत निराशः ॥ १ ॥
बाल्येऽस्ति यौवनाशा, स्पृहयति च यौवनेपीह वृद्धत्वम् ।
मृत्युत्सङ्गगतोऽयं, वृद्धः किमपेक्ष्य निर्धर्मा ? ॥२॥

અર્થ—"આજ કે કાલ પડવાની ઇચ્છાવાળો અને જરારૂપી ઘુણે ( કીડાએ ) કોતરી ખાધો છે દેહરૂપી સાર જેનો એવો વૃદ્ધપશુ જુઓ તો ખરા ? નિરાશ બની ધર્મથી વિમુખ થાય છે. વળી બાલ્યઅવસ્થામાં યોવનની આશા રાખે છે અને યોવનમાં પણ વૃદ્ધ પણાની ઇચ્છા કરે છે, તેમજ મૃત્યુના ખોળામાં રહેલો આ વૃદ્ધ પુરૂષ કઇ અપેક્ષાએ ધર્મનો ઉદ્યમ નથી કરતો ?" તે માટે હે પુત્ર ! હવે મ્હારો એવો નિશ્ચય છે કે

દુ:ખના સ્થાનભૂત આ ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી કોઈપણ વિશેષ વ્રતનો સ્વીકાર કરવો. અને હવેથી ત્હારી માતા વિગેરે સ્વજન વર્ગનું પાલન પોષણ ત્હારે કરવું. વળી દીનજનો ઉપર દયા રાખવી, જેથી ત્હારે દ્રવ્યનો ટોટો રહેશે નહીં. પુત્ર બોલ્યો, હે તાત ! આપ કોની પાસે વ્રત ગ્રહણ કરવા ધારો છો ? પિતા બોલ્યો, ઘેરથી નીકળ્યા બાદ જેઓ મળશે તેમની પાસે લઈશું. એમ કેટલીક વાતચીત કરી પુત્ર સાથે શ્રેષ્ઠી નગરની બહાર ગયો. તેટલામાં ત્યાં મહાજ્ઞાની **સુસ્થિત** આચાર્ય સન્મુખ આવતા હતા. તેમની આગળ જઇ શ્રેષ્ઠી વંદન કરી બોલ્યો, હે ભગવાન્ ! કૃપા કરી મ્હને જૈન દીક્ષા આપો, ત્યારબાદ આચાર્ય મહારાજ ત્યાંથી જૈનમંદિરમાં ગયા. અને પ્રભાવના પૂર્વક વિધિ સહિત શ્રેષ્ઠીને દીક્ષા આપી. પછી નવિન દિક્ષીત થયેલા સાગરદત્ત મુનિએ વિધિ પ્રમાણે બન્ને પ્રકારની શિક્ષા—સમાચારી ગુરૂમુખથી ગ્રહણ કરી. ત્યારપછી યોગ્ય સમયે અપૂર્વ એવી એકાકી વિહાર પ્રતિમાનો સ્વીકાર કરી હું ભવ્ય જીવોને પ્રતિબોધ આપું છું; હે સુભગ ! તે ચોરે સુવર્ણ આપનાર જે મુનિ કહ્યા હતા તેજ હું પોતે છું.

આ પ્રમાણે મુનિનું ચરિત્ર સાંભળી દુર્લભને વૈરાગ્ય ભાવના પ્રગટ થઇ અને તે બોલ્યો, હે ભગવાન !

**દુર્લભનો પ્રમાદ.** શ્રાવકધર્મનો ઉપદેશ આપી સંસાર સાગરમાંથી મ્હારો આપ ઉદ્ધાર કરો. ત્યારબાદ મુનિએ બારપ્રકારના શ્રાવક ધર્મનો ઉપદેશ આપ્યો. જેથી દુર્લભે વિધિપૂર્વક તેનો સ્વીકાર કર્યો. અને પોતાને ઘેર ગયો. બીજે દિવસે પોતાના પિતાને પણ ગુરૂ પાસે લઈ ગયો. અને તેમને પણ શ્રાવકધર્મ અપાવ્યો. ત્યારબાદ પિતા પુત્ર બન્ને જણ ઉપયોગ સહિત પ્રયત્ન પૂર્વક ધર્મપાલન કરે છે. પછી કેટલોક સમય વ્યતીત થતાં

દુર્લભ ત્રીજા ગુણવ્રતમાં પ્રમાદી થયો અને દિવસે દિવસે બહુ હિંસાનાં ઉપકરણ વધારવા લાગ્યો. ખડ્ગ, ફરશી, ભાલા, કટાર, ઢાલ વિગેરે શસ્ત્રો તૈયાર કરી સન્મુખ ભીંતમાં ભરાવી રાખે છે. તેમજ દ્વાર આગળ આંગણામાં દરેક જાતનાં વાહનો તૈયાર રાખે છે. વળી બહુ અભિમાની થઈ તે ખાંડણીયો, સાંબેલું, હલ, દંતાલી, કુહાડા વિગેરે અનેક સાધનો તૈયાર કરવા લાગ્યો; કારણ કે જેના ઘેર આવા સાધનો ન હોય તે શું ગૃહસ્થાશ્રમ ગણાય ? એમ હમ્મેશાં ઉદ્ધતપણે લોકોની આગળ તે બોલે છે. હેને બહુ અભિમાની સમજી કોઈ શિખામણ પણ આપતા નથી.

**નામાંકિતખડ્ગ.**

એવામાં એક તેનો બાલમિત્ર હેને ત્યાં આવ્યો અને દુર્લભના નામવાળો ખડ્ગ ભીંતમાં લટકાવેલો તેના જોવામાં આવ્યો. ખડ્ગની આકૃતિ બહુ સુંદર હતી તેથી તેણે દુર્લભને પૂછ્યા શિવાય તે ઉપાડી લીધો અને પોતાને ગામ જવા નીકળ્યો. માર્ગમાં જતાં તે ખડ્ગ ગાડામાંથી ખશીને નીચે પડી ગયો. તે તેના જાણવામાં આવ્યું નહીં. એવામાં તેજ માર્ગે કોઈક બ્હારવટીયો તેની પાછળ જતો હશે તેના હાથમાં તે ખડ્ગ આવ્યો. એટલે તરતજ તે પાટલીપુર નગરમાં રાજાને મારવા માટે તેજ ખડ્ગ લઇને આવ્યો અને રાજાના સુભટોને યુદ્ધ માટે પોકાર પડાવે છે, તેવામાં રાજા રાજવાટિકામાં ફરવા નીકળ્યો હતો, ત્યાં તેનો પોકાર સાંભળી રાજાએ બ્હારવટીયાને બોલાવ્યો. પછી તે કંઈક તેને પૂછવાનો વિચાર કરતો હતો તેટલામાં તેણે ખડ્ગ ખેંચીને રાજા ઉપર માર્યો કે તરતજ અંગરક્ષકે રાજાને બચાવી ખડ્ગને અટકાવી દીધો. તેમજ બીજા સેવકે તે મરણીયાનું ખડ્ગ ખુંચી લઇ તેને બાંધીને મારી નાખ્યો. પછી તે ખડ્ગ લઈ રાજાને આપ્યો. રાજાએ ખડ્ગ તરફ દૃષ્ટિ કરી જોયું તો તેની ઉપર દુર્લભનું નામ

જોયું. તેથી તરતજ રાજાનાં નેત્ર લાલ થઈ ગયાં. અને મંત્રીને પૂછયું કે દુર્લભ કોનું નામ છે ? તેનો તપાસ કરી જલદી મ્હને ખબર આપો. મંત્રીએ શસ્ત્ર બનાવનાર કારીગરોને તે ખડ્ગ બતાવ્યો. એટલે જે એ ખડ્ગનો ઘડનાર હતો તે બોલ્યો આ ખડ્ગ વિજયશ્રેષ્ઠીના પુત્ર દુર્લભને મ્હેં ઘડી આપ્યો છે, તે વાત હું જાણું છું બીજુ કંઇ જાણતો નથી. મંત્રીએ તે વાત રાજાને કહી. રાજા બોલ્યો હે મંત્રી ? આ વાત સંભવે છે, કારણ કે દુર્લભ બહુ અભિમાની દેખાય છે. એમ કહી રાજાએ અંગરક્ષકોને મોકલી તેના ઘેર તથા દુકાને મુદ્રા કરાવી અને દુર્લભને પણ બાંધી પોતાની પાસે મંગાવ્યો.

**દુર્લભને શિક્ષા.** દુર્લભની પાછળ વિજયશ્રેષ્ઠી સ્વજન સહિત પોતે રાજા પાસે આવ્યો અને ભેટ મૂકી નમસ્કાર કર્યા બાદ વિનતિ કરવા લાગ્યો. હે નરેશ્વર ? મ્હારા પુત્રને ચોરની માફક બાંધીને અહીં લાવવાનું શું કારણ ? ભ્રકુટી ચઢાવી રાજા બોલ્યો રે શ્રેષ્ઠી ? મ્હને શું કહેવા માગો છો ? વણિક જાતિ છતાં પણ તમ્હારો પુત્ર રાજ્યના લોભથી ખડ્ગ લઇ મ્હને મારવા માટે ફરે છે. એ વાત નક્કી છે. તે સાંભળી શ્રેષ્ઠી રાજાના પગમાં પડી બોલ્યો હે દેવ ? આ વાત કોઇ રીતે પણ સંભવતી નથી. ત્યારબાદ રાજાએ તે ખડ્ગ કાઢીને શ્રેષ્ઠીની આગળ મૂક્યો. ખડ્ગ ઉપર દુર્લભનું નામ જોઈ શ્રેષ્ઠી એકદમ ગભરાઇ ગયો. અને રાજાને પ્રાર્થના કરી કહ્યું કે હે રાજન્ ? બંધનથી મુક્ત કરી દુર્લભને અહીં બોલાવો. જેથી તે પોતે આ ખડ્ગનું વૃત્તાંત યથાર્થ રીતે કહેશે. રાજાની આજ્ઞાથી દુર્લભ ત્યાં આવી પ્રણામ કરી રાજાની આગળ ઉભો રહ્યો. રાજાએ પૂછયું દુર્લભ ? આ ખડ્ગ ત્હારો છે ? દુર્લભ બોલ્યો હે નરદેવ ? આ ખડ્ગ તો મ્હારો છે. પરંતુ અન્ય ગામનો

રહીશ એક મ્હારો મિત્ર આ ખડ્ગ મ્હારા ઘેરથી લઈ ગયો હતો. તે વાત પછીથી મ્હારા જાણવામાં આવી. તે સાંભળી રાજાએ તેજ વખતે પોતાના સુભટને મોકલી તેના મિત્રને પણ ત્યાં બોલાવ્યો અને રાજાએ તેને પૂછયું કે દુર્લભનો જે ખડ્ગ તું લઇ ગયો હતો તે ક્યાં છે ? મિત્ર બોલ્યો હે નરાધીશ ? હું મ્હારા ગામ જતો હતો તેવામાં રસ્તે ચાલતાં કોઈ પણ ઠેકાણે તે ખડ્ગ મ્હારી પાસેથી પડી ગયો, પણ તે કોના હાથમાં આવ્યો હશે તે હું જાણતો નથી. રાજાએ તે ખડ્ગ તેના હાથમાં આપીને કહ્યું, કેમ આ કે બીજું ? મિત્ર બોલ્યો જે મ્હેં લીધું હતું તેજ આ છે. એમાં કંઇ સંશય નથી. પછી મંત્રી બોલ્યો હે રાજાધિરાજ ? કોઇ કાળે પણ આ કાર્ય એઓનું સંભવતું નથી. માટે આ શ્રેષ્ઠીના કુટુંબ ઉપર મહેરબાની કરી આપ સ્વસ્થાનમાં પધારો. ત્યાર બાદ રાજાએ દુર્લભને કહ્યું. તું વાણીયાનો પુત્ર છે. ત્હારે આ ખડ્ગનું શું કામ છે ? એમ બહુ ઠપકો આપી રાજાએ તેના ઘરમાંથી સર્વ શસ્ત્રો મંગાવી પોતાના સ્થાનમાં રાખ્યાં. અને દુર્લભ પણ કુટુંબ સહિત પોતે ઘેર ગયો. પરંતુ દ્રઢબંધનની પીડાને લીધે શરીરમાં રૂધિર ભરાઇ જવાથી સાતમા દિવસે આલોચના કર્યા શિવાય દુર્લભ મરણને વશ થયો. અને સંસાર ભ્રમણમાં અનેક દુઃખો સહન કરશે. તેમજ વિજય શ્રેષ્ઠી સમ્યકત્વાદિ શ્રાવકધર્મની આરાધના કરી સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયો. અને આ ભૂલોકમાં ત્રીજે ભવે મોક્ષપદ પામશે.

**इति तृतीयगुणव्रते चतुर्थोऽतिचारविपाके दुर्लभकथानकं समाप्तम् ॥**

# મૂળદેવવણિકની કથા.

## પંચમભોગાંગાતિરેકાતિચાર.

દાનવીર્ય રાજા બોલ્યો હે જગદ્‌ગુરૂ ! આપ દયાલુ છો ! આપ જ્ઞાનરૂપી સૂર્યવડે આ જગત્‌રૂપી કમલવનને પ્રફુલ્લ કરો છો; તેમજ આપ ભવ્યાત્માઓના ઉદ્ધારક છો માટે કૃપા કરી ત્રીજા ગુણવ્રતમાં પાંચમા અતિચારનું લક્ષણ દૃષ્ટાંત સહિત સંભળાવીને કૃતાર્થ કરો. શ્રી સુપાર્શ્વપ્રભુ બોલ્યા હે ભૂમિપાલ ! ત્રીજા ગુણ-વ્રતને ધારણ કરી જે પ્રાણી અતિશય ભોગ સાધનોનું સેવન કરે છે, તે મૂળદેવવણિકની માફક આ લોકમાં પણ બહુ દુઃખી થાય છે. જેમ કે—

**મૂળદેવદૃષ્ટાંત.**

આ ભરતક્ષેત્રમાં ખા ( ખ્યા ) તિક ( ખાઈ—પ્રસિદ્ધિ ) વડે સહિત, વળી શત્રુઓના ઉપદ્રવનું રક્ષણ કરનાર અને બહુ ઉન્નત એવા સત્પુરૂષ સમાન કિલ્લાવડે વિભૂષિત કાંચી નામે નગરી છે. તેમાં સ્વાભાવિક ઉદાર, સર્વથા વ્યસન રહિત અને વિભૂતિવડે સુશોભિત નામ પ્રમાણે ગુણવાન્ રાજશેખર નામે રાજા છે. તેમજ તે નગરીમાં વિશેષ વૈભવવડે વિરાજીત વૈશ્રમણ નામે શ્રેષ્ઠી રહે છે: અને મૂળદેવ નામે એક તેનો પુત્ર છે. વળી તે યૌવનારૂઢ થયો, તેવામાં હેને કોઇક પુરૂષ મુનિ પાસે દર્શન કરવા માટે લઇ ગયો. વિસ્મત થયેલા મૂલદેવે પરમભક્તિવડે મુનિને નમસ્કાર કર્યો. મુનિએ પણ મેઘ સમાન ગંભીર વાણીવડે તેને ધર્મ લાભ આપ્યો. પછી મૂલદેવ પણ પૃથ્વીપર નીચે બેઠો. મુનિએ દેશ-નાનો પ્રારંભ કર્યો. પ્રસંગ મળવાથી મૂલદેવે પ્રશ્ન કર્યો. હે ભગ-વન્ ! આપને વૈરાગ્ય થવાનું મુખ્ય શું કારણ ? જેથી પોતાના

દેહની પણ અપેક્ષા છોડી દઇ આવી દુશ્ચર તપશ્ચર્યા કરો છો ? મુનીંદ્ર બોલ્યા અનેક દુઃખના નિધાનભૂત આ સંસારમાં વૈરાગ્યનું કારણ ન હોય તેવી કોઇ પણ વસ્તુ નથી. વળી તું પોતેજ વિચાર કર. રાગી પુરૂષોને જે જે રાગજનક દેખાય છે તે દરેક પદાર્થ વિવેકી પુરૂષોને વૈરાગ્ય જનક દેખાય છે. જેમ પોતાનું શરીર કેવલ અશુચિથી ભરેલું છે છતાં પણ મૂઢ પુરૂષો મોહ બુદ્ધિવડે તેને સુંદર જાણે છે. તેમજ દરેક વસ્તુને પણ સુંદરપણે જુએ છે. પરંતુ વસ્તુતઃ સુખરહિત અને પોતાની બુદ્ધિવડે કલ્પિત સુખમય એવા આ સંસાર ઉપર ખરા પંડિતોની અરૂચિ હોય છે. વળી તે વૈરાગ્ય ભાવના કારણ શિવાય ઉત્પન્ન થતી નથી. માટે હે શ્રદ્ધાલુ ! મ્હારા વૈરાગ્યનું નિમિત્ત કારણ તું સાંભળ.

**વૈરાગ્યકારણ.**

અવંતીદેશમાં ઉજ્જયની નામે બહુ સુંદર નગરી છે. તેમાં મનોહર લાવણ્યનું મુખ્ય સ્થાન અને ઉત્તમ યૌવનને લીધે સુંદર રૂપવડે અદ્ભુત વિલાસવાળી વિલાસવતી નામે વેશ્યા છે. રતિના નેત્રાંજનની સળી હોયને શું ? એમ જેની વેણી રૂપી લતા નવીન અંજનના પુંજ સમાન સુંદર શોભે છે. વળી નિરંતર ધનુષ ખેંચવાથી બહુ થાકી ગયેલા કામદેવને જગતનો વિજય કરવા માટે સૃજેલી તે વેશ્યાને હસ્તભલ્લી સમાન હું માનું છું. તેમજ તે નગરીમાં હમ્મેશાં ભોગી, ત્યાગી, વિદ્વાન્ અને બહુ ધનવાન્ વીરવિલાસ નામે શ્રેષ્ઠી રહે છે. હવે એક દિવસ બહુ પરિજન સહિત રથમાં બેસી બજારમાં જતી તે વિલાસવતી વેશ્યા વીરવિલાસના જોવામાં આવી. તેથી તેનું ચિત્ત વિલાસવતી તરફ દોરાયું. પછી તેણે એક રાત્રીના સમાગમ માટે સો સોનૈયા આપી પોતાના માણસને તેની પાસે મોકલ્યો. વિલાસવતીએ કહ્યું કે એક રાત્રી માટે મ્હને મદોન્મત્ત હસ્તી આપવો હોય તો હું ત્યાં

આવીશ. એમ ત્હારા સ્વામીને કહેવું. સેવકે આવીને પોતાના શેઠને સર્વ હકીકત કહી, તે પ્રમાણે સાંભળી તેણે જાણ્યું કે હાથી આપ્યા શિવાય તેનો સમાગમ થવાનો નથી એમ નક્કી કરી તેની ઉપર બહુ આસક્તિને લીધે વીરવિલાસ તત્કાળ હસ્તીઓની શોધ માટે વિંધ્યાટવીમાં ગયો. " અહો ? રાગાંધ પુરૂષો સ્રીઓ માટે શું નથી કરતા ? " તેમજ શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

यद्गायन्ति च वादयन्ति च नुणां नृत्यंति चाग्रे सदा,
नीचानामपि चित्रचाटुरचनास्तोत्राणि कुर्वन्ति च ॥
आरोहन्ति च रोहणाद्रिशिखरं क्रामन्ति चाम्भोनिधिं,
मर्त्यास्तत्र निमित्तमुत्तमतमा मत्तेभकुम्भस्तनी ॥ १ ॥
अपहृतहृदयानां कामिनां कामिनीभिः,
किमिह भवति कामं दुष्करं ह्रीकरञ्च ॥
वहति शिरसि गङ्गां शङ्करो दानवारिः,
पुनरुरसि सलीलां लोलनीलोत्पलाक्षीम ॥ २ ॥

અર્થ—" મનુષ્યો જે લોકોની આગળ હમ્મેશાં નૃત્ય, ગીત અને વાદ્ય વગાડે છે, નીચ પુરૂષોની પણ મધુર વચનોવડે સ્તુતિ કરે છે, રોહણાચલના શિખર ઉપર આરૂઢ થાય છે. અને સમુદ્ર ગમન પણ કરે છે તેમાં મુખ્ય કારણ સ્રી ગણાય છે. "

" યુવતિઓએ હરણ કર્યું છે હૃદય જેમનું એવા કામિ પુરૂષોને આ જગત્માં અત્યંત દુષ્કર અને લજ્જાકારક શું છે ? અર્થાત કંઇ નથી. કારણ કે શંકર ગંગાને મસ્તકમાં ધારણ કરે છે, વળી કૃષ્ણ વિલાસવતી લક્ષ્મીને વક્ષ સ્થળમાં વહન કરે છે. "

**પશ્ચાત્તાપપૂર્વક વૈરાગ્ય.**

વીરવિલાસ શ્રેષ્ઠી અનુક્રમે વિંધ્યાચળમાં જઇ પહોંચ્યો અને શોધ કરતાં બહુ વર્ષે ઉત્તમ હસ્તીઓ મેળવ્યા. પછી ત્યાંથી હસ્તીઓને લઈ પોતાની નગરીમાં પ્રવેશ કર્યો અને પોતાને ઘેર ગયો.

પ્રભાતમાં વિરપુરૂષોને બોલાવી વિલાસવતી વારાંગનાના સમાચાર પૂછયા, એટલે તેઓએ જવાબમાં જણાવ્યું કે હાલમાં તે નામની વેશ્યા અહીં છે નહીં. ત્યારબાદ તેની શોધ માટે વીરવિલાસ પોતે જ તે વેશ્યાઓના પાડામાં ગયો. અને તેઓને પૂછવા લાગ્યો કે વિલાસવતી કયાં ગઈ? પ્રથમ આ ઘરમાં તે રહેતી હતી એમ નિ-શાની પૂર્વક કહી તેણે તે ઘરમાં પ્રવેશ કર્યો અને અંદર જોયું તો જેણીનું મસ્તક નમી ગયેલું છે, હાથમાં લાકડીનો ટેકો દઈ ઉભી રહેલી, સેંકડો વલીયાં (કરોચલીઓ)થી શરીર પૂરાઇ ગયેલું, ચં-દ્રના કિરણ સમાન શ્વેત કેશને ધારણ કરતી, શરીરે લેશમાત્ર પણ લાવણ્ય તો હતુંજ નહીં, મુખમાંથી લાળ નીતરતી હતી, તેમ મુખ-ની અંદર દાંત તો દેખાતા નહોતા, જેના સ્તન લબડતા હોવાથી છાતીને લજવતા હતા, જેનાં નેત્ર મળથી દૂષિત થવાથી વિલક્ષણ લાગતાં હતાં એવી એક વૃદ્ધ સ્ત્રી તેની નજરે પડી. તેને વિલાસ-વતીના સમાચાર પૂછ્યા. વૃદ્ધ સ્ત્રી બોલી ભાઇ ? ત્હારે તેનું શું કામ છે ? વીરવિલાસે પોતાનું સત્ય વૃત્તાંત જણાવ્યું એટલે તે બોલી, તું જેની ઇચ્છા કરે છે તેજ હું પોતે છું. હવે તો હાડકાંના ઉકરડા સમાન હું થઇ ગઇ છું. એમ વજ્રપાત સમાન તેનું વચન સાંભળી વીરવિલાસ હૃદયમાં ચિંતવવા લાગ્યો, અરે ? મ્હારા સર્વ વિલાસ નષ્ટ થયા. અહો ? દૈવગતિ બળવાન્ છે. કરેલો પ્રયાસ વ્યર્થ થયો, પોતાનું ચિંતવેલું સિદ્ધ થતું નથી, કોઈપણ કર્મના ઉદયને લીધે આ સ્થિતિમાં હું આવી પડ્યો, એમ વિચાર કરતાં તેના હૃદયમાં અત્યંત વૈરાગ્યભાવ પ્રગટ થયો. ફરીથી તે ચિંત-વવા લાગ્યો કે સ્વાભાવિક ચંચળ એવા આ યૌવનને ધિક્કાર છે. કારણ કે જેને જોઇ હું રાગી થયો હતો તેની આજે આ સ્થિતિ આવી પડી છે. વળી જેના સરલ, ચંચળ અને ઉજ્વળ એવા જે કટાક્ષ વિકાર તરુણ જનોના હૃદયને ચોરતા હતા તેઓ નેત્ર

સહિત નષ્ટ થયા, તેમજ ભ્રમર અને કાજલ સમાન શ્યામ જેનો કેશપાશ દીપતો હતો તે આજે ચમરી ગાયના શ્વેત પુછની કાંતિને અનુસરે છે. મોગરાની પાંખડી સમાન જેની દંતપંક્તિ પ્રથમ શોભતી હતી તે હાલમાં જરારૂપી રાક્ષસણીના ભયથી દૂર નાશી ગઈ છે. એ પ્રમાણે ભાવના ભાવતો તે શ્રેષ્ઠી પોતાને ઘેર ગયો. અને તરત જ કુટુંબની રજા લઈ યાચકજનોને બહુ દાન આપી જીનમંદિરોમાં મહોત્સવ કરાવ્યા તેમજ વિધિપૂર્વક દીક્ષા ગ્રહણ કરી. તેજ હું પોતે. તે સાંભળી મૂળદેવ બોલ્યો, આ સંસાર માર્ગમાં ભવ્ય પ્રાણીઓને અનેક પ્રકારનાં વૈરાગ્ય કારણ આવી મળે છે. પરંતુ આ પ્રમાણે તો તમે જ કરી શક્યા. હે સ્વામિન્ ? આ પ્રમાણે વૈરાગ્યનાં કારણ મ્હને પણ આવી મળે છે, પરંતુ ભોગ તૃષ્ણામાં હું આસક્ત છું તેથી મ્હને વૈરાગ્ય થતો નથી, માટે મ્હને ગૃહીધર્મનો ઉપદેશ આપો. ત્યારબાદ મુનિએ બાર પ્રકારનો શ્રાવક ધર્મ કહ્યો. મૂળદેવે પણ વિધિપૂર્વક તેનો સ્વીકાર કર્યો અને મુનિને નમસ્કાર કરી પોતાને ઘેર ગયો. કેટલોક સમય ધર્મ પાલન કર્યું. પશ્ચાત્ ભોગ તૃષ્ણામાં બહુ લુબ્ધ થઈ લક્ષ્મીના મદથી પ્રમાદમાં પડ્યો.તેથી ધીમે ધીમે ધર્મ માર્ગ ભૂલીને અવળે રસ્તે ચડી ગયો. પછી ભોગ સાધનોમાં નિરંતર મૂર્છિત થઈ ભાત, દાળ અને શાકાદિ પદાર્થોને બહુ તૈયાર કરાવવા લાગ્યો. તેમજ તેલ, મહા તેલ અને ખલી, તથા જલાદિક ભોગોપયોગી પદાર્થોને બહુ એકઠા કરવા લાગ્યો. વળી લોકમાં જણાવતો હતો કે, જેને ત્યાં શરીર નિમિત્ત ઉપયોગી ભોગસાધન ન હોય તે ભોગી કેવી રીતે ગણાય ? જ્યાં આગળ સેવક લોકો ઈચ્છા પ્રમાણે વિલાસ કરે છે તેજ ભોગી કહી શકાય.

મૂળદેવને એક નાની બ્હેન હતી, તે ગૃહીધર્મમાં બહુ રાગ-

**વ્હેનનોઉપદેશ.** વાળી હતી, આ વાત તેણીના જાણવામાં આવી એટલે તેણીએ મૂળદેવને કહ્યું કે હે બંધુ ! આ અનુચિત કાર્ય ત્હને ઘટતું નથી, વળી ધનની પાયમાલી થાય છે તે તો ત્હારા હિસાબમાં નથી, પરંતુ પાપથી કેમ ડરતો નથી ? તેમજ કહ્યું છે કે—

अट्ठाए तं न बंधइ, जमणट्ठाए अ बंधए जीवो ।
अट्ठे कालाईया, नियामया न उ अणट्ठाए ॥

અર્થ—આ સંસારમાં પ્રાણી અનર્થ માટે જેટલું કર્મ બાંધે છે, તેટલું અર્થ માટે બાંધતો નથી, કારણ કે અર્થમાં કાલાદિક કારણો નિયામક થાય છે અને અનર્થમાં તેઓ નિયામક થતા નથી. મૂલદેવ બોલ્યો, બ્હેન ! દરેક પોતપોતાની સ્થિતિ જાણે એ વાત સત્ય છે. કૃપણ શિરોમણી એવા મ્હારા બન્હેવીને ત્યાં કોઈ દિવસ કાગડો પણ ઉડતો નથી, તેવી રીતે મ્હારે ઘેર નહીં થાય. વળી મ્હારે ત્યાં તુચ્છ ભોજનાદિક વ્યવહાર પણ કોઇ દિવસ ચાલશે નહીં. ત્હારા પતિને ઘેર લોક ભુખે મરે છે. તેમજ ઘરનાં માણસો પણ વખતસર ધાન ભેગાં થતાં નથી. તો વાસી ભાત વિગેરે પડી રહેવાની તો વાતજ શી ? આ પ્રમાણે સાંભળી સેવક લોકો તેની રૂબરૂ લોકો આગળ કહે છે કે, અમારો સ્વામી મુલદેવ તો ભોજનનો સમુદ્ર છે. એમના જેવો ઉદાર અમે કોઇને દેખતા નથી. કારણ કે અન્ય લોકોને પોતાનું ઉદર પોષણ કરવું પણ મુશ્કેલ થઈ પડે છે. એ પ્રમાણે પોતાના સેવકોનાં વચન સાંભળી બહુ ખુશી થઇ મૂલદેવ બોલ્યો, બ્હેન ! હવે કોઇ દિવસ પણ મ્હને ત્હારે આવી શિખામણ આપવી નહીં વળી હમ્મેશાં બહુ છુટથી આપ—લે કરતાં મ્હારા દિવસો આનંદમાં ચાલ્યા જાય છે. ક્ષણ માત્રમાં દૃષ્ટ અને નષ્ટ એવા વૈભવનું ફલ માત્ર એટલુંજ છે કે, સ્વજન પરિવારનું સદૈવ પોષણ કરવામાં આવે. એમ સાંભળી તેની બ્હેન મૌન કરી બેસી રહી.

**મૂલદેવની ઉદારતા—** શનિવારના દિવસે તૈલ તથા આમળાં વિગેરે સ્નાનની સામગ્રી લઈ મૂલદેવ પોતાના પરિવાર સાથે સ્નાન કરવા નદી ઉપર ગયો. ત્યારબાદ સેવક લોકો શરીરે તૈલ મર્દન કરતા હતા તેવામાં ત્યાં પથિક લોકોનો સમુદાય આવ્યો, તેમાંથી એક જણે તૈલ, અત્તર વિગેરે સ્નાનની સામગ્રી પુષ્કલ પડેલી જોઈ મૂલદેવના એક માણસને પૂછયું. તમ્હારો સ્વામી જો અમને તૈલાદિક આપે તો અમે પણ સ્નાન કરીએ. તે સાંભળી મૂલદેવ બોલ્યો, આ લોકોને ઉત્તમ તૈલ, અત્તર વિગેરે જે જોઈએ તે આપો. પછી તે મુસાફરોએ પોતાની ઈચ્છા પ્રમાણે તૈલાદિકનો ઉપયોગ કર્યો. પોતાના ઘેરથી બીજું મંગાવીને પણ ફરીથી તેઓની ઈચ્છા પ્રમાણે આપ્યું. તેથી તેઓ પણ સંતુષ્ટ થઇ મુક્તકંઠે બહુ સ્તુતિ કરવા લાગ્યા. ત્યારબાદ પોતાના ઘેરથી મોદક, ઘેબર, ખાજાં; વિગેરે મંગાવી તેઓને સારી રીતે ભોજન કરાવ્યું.

**શત્રુઓની ધાડ—** એ પ્રમાણે નદી ઉપર આનંદ ચાલી રહ્યો હતો તેટલામાં તે પથિક લોકોના વૈરિઓ મારો, મારો, મારો, એમ બોલતા ત્યાં આવી પહોંચ્યા અને તેઓના ઉપર એકદમ પ્રહાર કરવા લાગ્યા. તે પ્રસંગે કેટલાક પથિક લોકો સ્નાન કરતા હતા અને કેટલાક જમતા હતા. તેથી કોઇ પણ શસ્ત્ર લઇ તેઓના સ્હામા ન થઈ શકયા. ત્યારે મૂલદેવ હાથમાં ખડ્ગ લઈ ઉભો થયો અને બોલ્યો કે, આ લોકો મ્હારા પાસે આવેલા છે માટે તેમની ઉપર પ્રહાર કરશો નહીં. તેઓ બોલ્યા, હે ભદ્ર! તું દૂર ચાલ્યો જા, અહીં રહેવાનું ત્હારે કંઈ પણ કારણ નથી. અને અમે આ લોકોને છોડવાના નથી. કારણ કે આ લોકોએ અમારા ઘણા બંધુઓનાં મસ્તક રજળાવ્યાં છે. તેથી અમે વૈર લીધા વિના શાંત થવાના

નથી. એમ સાંભળી મૂલદેવ બોલ્યો, આ લોકો પોતાનાં શસ્ત્ર ધારણ કરે તેટલીવાર તમે શાંત થાઓ. એમ કહ્યું તો પણ તેઓ ઝપાટાબંધ પ્રહાર કરવા મંડી પડ્યા. પછી તેઓમાંથી પણ જેઓ સમર્થ હતા તેઓ વૈરિઓના સ્હામા થઈ ગયા. આ પ્રમાણે બન્નેનું પરસ્પર યુદ્ધ ચાલ્યું. એટલે મૂલદેવના સેવકોએ કહ્યું કે, હે સ્વામિન્ ! વેલાસર તમે ઘેર ચાલ્યા જાઓ, અહીં રહેવાનું કંઈ કારણ નથી. તો પણ મૂલદેવને જોવાનો બહુ રસ લાગ્યો. તેથી ત્યાં ઉભો રહીને જોતો હતો તેવામાં કોઇએ વૈરી ઉપર બહુ જોસથી મારેલો બાણ મૂલદેવના શરીરે ચોંટવાથી તત્કાલ તે મરણ પામ્યો. અને ત્રીજું ગુણવ્રત કલંકિત કરવાથી પાંચમા અતિચાર વડે ભયંકર ભવ ભ્રમણ કરી અન્ય ભવમાં મોક્ષપદ પામશે. માટે હે ભવ્ય પ્રાણીઓ ! જેઓ અનર્થ દંડનો ત્યાગ કરી સદાકાલ ધર્મસેવન કરે છે તેઓને ધન્ય છે. વળી તેઓને વારંવાર નમસ્કાર, અને તેઓનોજ મનુષ્ય ભવ સફલ છે. તેમજ સમગ્ર અનર્થનું મૂલ કારણ, શુદ્ધ ધર્મનો કટ્ટો દુશ્મન અને મહા દંડ રૂપ એવો અનર્થ દંડ ક્ષણ માત્ર પણ સેવવો નહીં.

**इतितृतीयगुणव्रते पञ्चमातिचारविपाके मूलदेवकथानकं समाप्तम्।**

तत्समाप्तौ श्रीमल्लक्ष्मणगणिविरचितप्राकृतपद्यबन्धश्रीसुपार्श्वनाथजिन-
चरित्रस्य श्रीसकलसूरिपुरन्दरायमाणपरमगुरुतपागच्छाधिराजशा-
स्त्रविशारदजैनाचार्ययोगनिष्ठाध्यात्मज्ञानदिवाकरश्रीमद्बुद्धि-
सागरसूरिशिष्यप्रसिद्धवक्तेति लब्धख्याति, व्याख्यान-
कोविद जैनाचार्य श्रीमद् अजितसागरसूरिकृतगुर्जर-
भाषानुवादे प्रभुदेशनाप्रबन्धे सद्दृष्टान्तातिचारव्या-
ख्योपेतं अनर्थदंडनामतृतीयगुणव्रतं समाप्तम् ॥

# નાગદત્તકુમારની કથા.

## સામાયિકવ્રત.

દાનવીર્ય રાજા બોલ્યો,—કૃપાસાગર ! ગુણવ્રતનો અધિકાર સાંભળી મને બહુ આનંદ થયો. હવે સામાયિક વ્રતનો અધિકાર સાંભળવાની ઈચ્છા છે. શ્રી સુપાર્શ્વપ્રભુ બોલ્યા,—હે રાજન્ ! સાવદ્ય યોગનો પ્રતિપક્ષી એવા સામાયિક વ્રતને જે પુરૂષ ધારણ કરે છે તે નાગદત્ત કુમારની પેઠે પરમ સુખ મેળવે છે.

બહુ ઉન્નત જીન મંદિરોના શિખરોને લીધે સૂર્યના રથના ઘોડાઓની ગતિ જેમાં અટકી પડી છે, એવું સિંહપુર નામે નગર આ ભરત ક્ષેત્રમાં પ્રસિદ્ધ છે. તેમાં મ્હોટા મલ્લોને જીતવામાં બહુ દક્ષ રિપુમલ્લ નામે રાજા છે. વળી પ્રેમ સંપત્તિનું મુખ્ય મંદિર વસુમતિ નામે તેની સ્ત્રી છે. એક દિવસ તે સુખ શય્યામાં નિંદ્રાવશ થઈ હતી; તેવામાં પરોઢીએ સ્વપ્નમાં દેદિપ્યમાન મણિ રત્નોની વિકસ્વર કાંતિથી મનોહર, એવી ફણાઓ વડે સુશોભિત સર્પને જોઇ તત્કાલ તે જાગ્રત્ થઇ, અને પોતાના સ્વામિને સ્વપ્ન વૃત્તાંત નિવેદન કર્યું. રાજા બોલ્યો—હે પ્રિય પત્નિ ! જરૂર ત્હને સત્ પુત્રનો લાભ થશે, એવો આ સ્વપ્નનો પ્રભાવ છે. વળી તે પુત્ર એક છત્રધર થઇ અખિલ ભૂમંડલનું રાજ્ય કરશે. રાણી બોલી હે સ્વામિન્ આપનું વચન સત્ય થાઓ ! તેજ દિવસે દેવીને ગર્ભ રહ્યો. અને પૂર્ણ સમયે શુભ લગ્નમાં પુત્ર જન્મ્યો. સ્વપ્નના અનુસારે મહોત્સવ પૂર્વક નાગદત્ત એ પ્રમાણે ગુરૂ જનોએ તેનું નામ પાડયું. ત્યાર બાદ અનુક્રમે પ્રતિ દિવસ વૃદ્ધિ પામતા નાગદત્તે કલાચાર્યની પાસે સમગ્ર કલાઓનો

નાગદત્ત-

અભ્યાસ કર્યો; હવે પદ્મ ( પદ્મા ) લક્ષ્મીના કોશને વધારવામાં સૂર્ય સમાન, અમરગુરૂ મંત્રીનો પુત્ર નયચંદ્ર તેનો બાલમિત્ર હતો. રૂપ સૌંદર્યમાં તે પોતાના સમાનજ હતો. વળી તે ચાર પ્રકારની બુદ્ધિવડે સમૃદ્ધ અને શ્રેષ્ઠ ગુણોવડે સ્નિગ્ધ એવો તે નયચંદ્ર સર્વત્ર વિખ્યાત હતો.

**યુવતિનો સમાગમ**

એક દિવસ નયચંદ્ર રાજકુમારની પાસે સુતો હતો. અર્ધ રાત્રીના સમયે તે જાગ્રત થયો તો કુમારને શયનમાં દીઠો નહીં. તેથી તે એકદમ સંભ્રાત થઇ ચારે તરફ કુમારને શોધવા લાગ્યો. તેવામાં મ્હેલના ઉપરના માળમાં એકાંતમાં એક યુવતિ સાથે વિચાર કરતો કુમાર તેની દૃષ્ટિગોચર થયો. પછી યુવતિ તરફ દૃષ્ટિ કરી, આભરણોની કાંતિ વડે દિગંગનાના મુખને ગૌર કરતી અને ચંદ્ર સમાન મુખાકૃતિ છે જેની, એવી આ, રતિ, રંભા કે, લક્ષ્મીદેવી છે ? એમ ચિંતવતો હતો, તેટલામાં તે સ્ત્રી બોલી,–હે મંત્રી પુત્ર ! અહીં કુમાર પાસે આવવામાં તમને કંઇપણ હરકત નથી. બન્નેની એકાંતમાં ત્રીજો જાય તો મૂર્ખ ગણાય. એ નીતિ વાક્યનું સ્મરણ કરવું સર્વથા ત્હમને અનુચિત છે. કારણકે, તમે બન્ને માત્ર દેહથી જ ભિન્ન છો. પરંતુ હૃદયથી અભિન્ન છો. માટે ત્હમે અહીં આવો. ત્યારબાદ કુમાર પણ બોલ્યો હે મિત્ર ! તું શામાટે દૂર ઉભો રહ્યો છે ? અહીં આવ. નયચંદ્ર તરતજ તેમની પાસે ગયો. તેટલામાં ક્યાંકથી અચિંત્ય બીજી એક બાલિકા આવી. અને નમસ્કાર કરી તે બોલી હે સ્વામિનિ ! કાર્ય સિદ્ધ થયું કે નહીં ! સ્વામિની બોલી, હજીસુધી મ્હેં કંઇપણ પ્રયોજન જણાવ્યું નથી. મ્હને કહેતાં લજ્જા આવે છે માટે હવે તું જ નિવેદન કર. બાલિકા બોલી, હે કુમાર ! ક્ષણમાત્ર સાવધાન થઇ તમે અમ્હારૂં કાર્ય સાંભળો. એમ કહી કંઇક કહેવાનો પ્રારંભ કરતી હતી. તેટલામાં

વિકસ્વર નીલ કમળની કાંતિ સમાન મુખાકૃતિને ધારણ કરતી, અન્ય કોઈક સ્ત્રી ગુંજારવ કરતા ભ્રમરાઓના નાદથી શબ્દાયમાન, સુંદર પુષ્પમાલા લઈ તે યુવતિની સન્મુખ આવીને બોલી, આ વરમાલાને આપ ગ્રહણ કરો. અને કુમારના કંઠમાં પહેરાવો. પછી તે બોલી હે સખિ ! શાંત થા ! ઉતાવળ કરીશ નહીં. ત્યારબાદ નયચંદ્ર મંત્રી બોલ્યો, બરોબર હું તમ્હારી વાત સમજી ગયો. હવે વધારે પરિશ્રમ કરવાની જરૂર નથી. વળી ત્હારા ઉત્સુકપણાનું કારણ તું જણાવ. ત્યારે બીજી બાલિકા બોલી, રત્નાકર નગરમાંથી મલયકેતુ રાજાની ચાર કન્યાઓ કુમારના સ્વયંવર માટે અહીં આવવાની છે. એ વાત અમારી સ્વામિનીના જાણવામાં આવી છે તેથી તે બહુ દુઃખી થઈ કહે છે કે, આજ સુધી મ્હારી એવી આશા હતી કે, હું કુમારની પ્રથમ સ્ત્રી થઈશ. પરંતુ હાલમાં તે આશા વિપરીત થઈ ગઈ. એમ તેનો અભિપ્રાય જાણી મ્હેં એને કહ્યું કે હે સખિ ! ખેદ કરીશ નહીં. ધૈર્યનું અવલંબન કર ! હજુપણ કંઇ બગડયું નથી. તેઓની પહેલાં તું કુમારને વરમાળા પહેરાવીશ. અને દાક્ષિણ્યનો નિધિ એવો તે કુમાર ત્હારો મનોરથ સફલ કરશે. વળી હે મંત્રી ! વૈતાઢ્ય પર્વતમાં ઉત્તર શ્રેણીનો અધિપતિ અનંગ નામે વિદ્યાધર છે, તેની આ વેગવતી નામે કુમારી આ કુમારના ગુણ સાંભળી તેની ઉપર બહુ આસક્ત થયેલી છે. આ પ્રમાણે ઉત્સુક્તાનું કારણ મ્હેં નિવેદન કર્યું. વળી શરણાગત જનોની પ્રાર્થનાનો ભંગ કરવામાં સત્પુરૂષો બહુ ભીરૂ હોય છે. માટે કૃપા કરી તમે તમ્હારા સ્વામિને આ વાત માન્ય કરાવો. તે સાંભળી નયચંદ્ર બોલ્યો, ત્હારૂં કહેવું યોગ્ય છે. પરંતુ હજુ કુમારનાં માતાપિતા વિદ્યમાન છે. માટે તેઓને આ વાત જણાવવી જોઈએ. તેથી હાલ સ્થિરતા કરો. વેગવતી બોલી, હે મહાશય ! હજુ ત્હારા માથે દુઃખ આવ્યું નથી. તેથી તું પરદુઃખ

જાણુતો નથી. એમ કહી વેગવતીએ કુમારના કંઠમાં વરમાલા પહેરાવી. વળી તે બોલી, આપના પ્રસાદથી હવે હું કૃતાર્થ થઈ. પછી તો આપને જેમ યોગ્ય લાગે તેમ કરવું. મ્હારા પિતા મ્હને અન્ય સાથે પરણાવવા ઇચ્છતા હતા, તેથી આ કાર્ય મ્હારે પ્રથમ કરવું પડયું, એમ કહી વેગવતી પોતાની સખીઓ સહિત તત્કાલ પોતાના સ્થાનમાં ગઈ.

**શકુનવિચાર.**

ત્યારબાદ મિત્ર સહિત કુમારેપણુ પોતાનાં માતપિતાની પાસે જઈ સમસ્ત રાત્રી વૃત્તાંત નિવેદન કર્યું. તેઓએ પણુ તે વાત માન્ય કરી. પછી એક દિવસ કુમાર પોતાના મિત્રસાથે હાથીની સ્વારી કરી બહાર જતો હતો, તેવામાં દરેક ઠેકાણે તેને શુભ શકુન થવા લાગ્યા. તેથી કુમારે નયચંદ્રને પૂછયું. આ શકુનનું ફલ તું જાણે છે ? નયચંદ્ર બોલ્યો, હે કુમારેંદ્ર ! હા હું જાણું છું. આ શકુન તો બહુ લાભદાયક છે. વળી શકુન શાસ્ત્રમાં કહ્યું છે કે—

उच्चं देशं नीचा–दारोहन्स्निग्धशाद्वलं हरिणः ।
कथयत्यायति युक्तां, लक्ष्मीं सत्संगमञ्च तथा ॥
हृष्टाः सुरतासक्ता–दृश्यन्ते यदि मृगाः पथि तदानीम् ।
अचिरेण भवति लाभः, संदेहो नात्र कर्त्तव्यः ॥
शुभमावहति वराहः, संकीर्त्तनतो ध्रुवं प्रयाणादौ ।
पङ्कोत्थितस्तु सद्यः, सिद्धिं स्तुष्टोऽप्यसौ कुरुते ॥
दक्षिणभागाद्वामं, प्रयाति यदि जम्बुकस्तद यातुः ।
सकलमपि याति सिद्धिं, विचिन्तितः किमपि यन्मनसा ॥
यात्रायां दक्षिणत–स्तित्तिरिरालोकितो भवेत्सिद्धयै ।
किप्पु इति त्रिर्विहितो–द्रवस्वरः शस्यते तस्य ॥

અર્થ—" નીચા ભાગમાંથી સ્નિગ્ધ અને લીલા ઘાસવાળા ઉંચા પ્રદેશમાં મૃગલો જાય તો, ભવિષ્યમાં ઉત્તમ લક્ષ્મી તથા સત્સમાગ થાય એમ સૂચવે છે. વળી હૃષ્ટ થઈ મૈથુનમાં આસક્ત થયેલા મૃગલાઓ માર્ગમાં દૃષ્ટિગોચર થાય તો, અલ્પ સમયમાં લાભ થાય એમાં સંદેહ નહીં. સંકીર્ત્તન માત્રથી ' કુક્કર ' પ્રયાણાદિકમાં શુભદાયક થાય છે. અને કાદવમાંથી નીકળી તુષ્ટ થયેલો જો તે નજરે પડે તો તત્કાલ સિદ્ધિદાયક થાય છે. પ્રયાણ કર્ત્તાની દક્ષિણ બાજુમાંથી વામ ભાગમાં જો શિયાળ નીકળે તો તેના દરેક ધારેલા વિચારો સિદ્ધ થાય છે. તેમજ પ્રયાણ સમયે દક્ષિણ ભાગમાં જો તેતર પક્ષી જોવામાં આવે તો તે સિદ્ધિજનક થાય છે, અને કિપ્પુ એમ મધુર સ્વરે ત્રણવાર જો બોલે તો બહુ શ્રેષ્ઠ ગણાય છે. "

આ પ્રમાણે ઉત્તમ શકુનોવડે બહુ ખુશી થઈ નયચંદ્ર સહિત કુમાર આગળ ચાલ્યો જાય છે, તેટલામાં હાથી પોતાની મર્યાદા છોડી ઉદ્ધતપણે ચાલવા લાગ્યો. તીક્ષ્ણ એવા અંકુશને પણ ગણતો નથી. તેમજ અન્ય પ્રહારો પણ તેને રોકવા સમર્થ થયા નહીં. અને સ્વેચ્છા પ્રમાણે પલાયન થયો. છેવટે પરિજન પણ થાકીને ઉભો રહ્યો. હસ્તી મધ્ય જંગલમાં નીકળી ગયો. એવામાં એક મ્હોટો વડ આવ્યો. તેની સુંદર છાયામાં બહુ પરિશ્રમને લીધે તે હસ્તી ઉભો રહ્યો. ત્યાં મંત્રી સહિત કુમારે વિલાપ કરતી કોઇક સ્ત્રીનો કરૂણ શબ્દ સાંભળ્યો. પછી તરતજ તે બન્ને હાથી ઉપરથી નીચે ઉતરી તે સ્ત્રીની શોધ માટે થોડાક માર્ગે ગયા, તેટલામાં એક સ્ત્રીની આગળ તીવ્ર ખડ્ગ ઉગામીને ઉભેલો એક ખેચર તેમના જોવામાં આવ્યો. અને તે ખેચર સ્ત્રીની આગળ ધમકી આપી કહેતો હતો કે, મ્હારી સાથે તું લગ્ન કર ! અથવા ઇષ્ટદેવનું સ્મરણ કર. ત્યારે તે સ્ત્રી બોલી, રે દુષ્ટ ! તારા ભયને લીધે

પ્રથમજ મ્હેં જેના કંઠમાં વરમાળા પ્હેરાવી છે, તે નાગદત્ત કુમાર મ્હારૂં શરણુ છે. વળી હાલમાં મ્હારા પ્રાણ પણ તેમના આધીન છે. એમ તેનું વચન સાંભળી તે દુષ્ટ ખેચર તે સ્ત્રી ઉપર પ્રહાર કરતો હતો, તેટલામાં જેના હાથમાં ભયંકર તરવાર દીપી રહી છે, અને નયચંદ્ર મંત્રી પણ જેની સાથમાં રહેલા છે, તેમજ નિષેધ કરતો એવો તે નાગદત્ત કુમાર ત્યાં જઈ પહોંચ્યો, અને ખેચરનો અવિનય જોઈ તે બોલ્યો, રે નિર્દય ! સ્ત્રી વધના કલંકથી મલીન એવો તું ધિક્કારને લાયક થયો. વળી ઉગામેલા ખડ્ગની પ્રસરતી કાંતિને લીધે ત્હારાં સર્વ અંગ શ્યામ વર્ણવાળાં દેખાય છે. વળી હે અધમ ! રોષથી બહુ લાલ થયેલા ત્હારા નેત્રાગ્નિના સ્ફુલિંગોને, માલતીના પુષ્પ સમાન સુકોમળ આ પ્રમદાના શરીર ઉપર કેમ વર્ષાવી રહ્યો છે ? હવે શાંત થા ! શાંત થા ! વળી ખેચર વંશમાં ચુડામણિ સમાન એવા તમ્હારે તો નહીં પ્રહાર કરતા પુરૂષ ઉપર પ્રહાર કરવો અયોગ્ય છે, તો અબલાની તો વાતજ શી ? ઈત્યાદિ કુમારના વચનામૃતથી બહુરાગરૂપી વિષથી પીડિત હતો તો પણ, તે ખેચર શાંત થઈ ગયો અને બોલ્યો કે, હે કુમાર ! મ્હારો ગુરૂ અને બંધુ પણ તુંજ છે. કારણકે રાગ સમુદ્રમાંથી હેલા માત્રમાં ત્હેં મ્હારો ઉદ્ધાર કર્યો. વળી આ સ્ત્રી મ્હારી બ્હેન છે. એમ વિવેકી બની ગયો.

હવે તે પ્રમદાએ પણ નયચંદ્રને પૂછયું. નિષ્કારણ દયા રસના સાગર સમાન પ્રભાવિક આ કોણ છે ? તે કૃપા કરી મ્હને કહો. નયચંદ્ર બોલ્યો, તે વખત રાત્રીએ ત્હેં જેના કંઠમાં વરમાલા

**મુનિદર્શન.**

પ્હેરાવી હતી, તે આ નાગદત્ત કુમાર છે. તે સાંભળી બાલા લજ્જીત થઈ કંઈક બોલવાનો વિચાર કરતી હતી, તેટલામાં કુમારનું સૈન્ય ત્યાં આવી પહોચ્યું. તેમજ તે બાલાની શોધ

કરતો તેનો પિતા પણ ત્યાં આવી મળ્યો. પછી પરસ્પર ગમના—ગમનાદિકની વાતચિત થયા બાદ, તેના પિતાએ વેગવતીને કુમાર સાથે પરણાવી દીધી. પછી ત્યાંથી સર્વે વિદાય થયા. હવે કુમાર પણ કેટલાક દિવસે પોતાના નગર સમીપ જઈ પહોંચ્યો. તેટલામાં ત્યાં માર્ગમાં સન્મુખ આવતું એક મુનિમંડલ તેના જોવામાં આવ્યું. કુમાર બોલ્યો, હે નયચંદ્ર ! એમનું દર્શન શુભ કે અશુભ ! નયચંદ બોલ્યો, દરેક શકુનોમાં આ શકુન ઉત્તમ છે. કારણકે જગત્‌માં શિરોમણિ સમાન આ મુનિઓનાં દર્શન મહા પુણ્ય યોગે પ્રાપ્ત થાય છે. માટે હસ્તી ઉપરથી નીચે ઉતરી તેમના ચરણમાં વંદન કરો, મંત્રી સહિત કુમારે પોતાની બુદ્ધિથી ઓળખીને પ્રથમજ સૂરિને નમસ્કાર કર્યો, ત્યારબાદ શેષ મુનિઓને નમસ્કાર કર્યો. માર્ગમાં થાકી ગયેલા મુનિઓને જોઇ મિત્ર સહિત કુમારે આચાર્યને વિનતિ કરી, પ્રભો ! કૃપા કરી અહીં નજીકમાં રહેલા, લવલીલતાઓથી આછાદિત, ઈલાયચીનું વન અને દ્રાક્ષા મંડપથી વિભૂષિત એવા, રાજ ઉદ્યાનમાં ક્ષણમાત્ર આપ વિશ્રાંત થાઓ. આ પ્રમાણે કુમારનું વચન માન્ય કરી સૂરિ મહારાજ કુમારની સાથે ઉદ્યાનમાં ગયા. અને મુનિઓને ઉચિત એવા સ્થાનમાં પરિવાર સહિત પોતે બેઠા. ત્યારપછી કુમાર પણ પોતાના પરિવાર સાથે શુદ્ધ ભૂમિ ઉપર બેઠો. પછી સૂરિએ ધર્મ દેશનાનો પ્રારંભ કર્યો.

## देशनानो प्रारंभ.

जीवितं यौवनं लक्ष्मी—र्लावण्यं प्रियसंगमः ।
जैनधर्माद्दते सर्व—मनित्यं देहीनां भवे ॥
धर्मार्थकाममोक्षाख्य—पुरुषार्थप्रसाधकम् ।
आयुरास्वण्डलोदण्ड—कोदण्डचटुलं नृणाम् ॥

कामं कामक्षमं काम्यं, कामिनीजनवल्लभम् ।
तारुण्यं तरुणीतार–तारिकेवाऽति चञ्चलम् ॥

અર્થ—" સંસારમાં પ્રાણિઓને જૈનધર્મની પ્રાપ્તિ થયા વિના જીવિત, યૌવન, લક્ષ્મી, લાવણ્ય અને પ્રિય વસ્તુનો સમાગમ એ સર્વ અનિત્ય કહ્યો છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષરૂપ પુરૂષાર્થોનું પરમ સાધનભૂત, પ્રાણીઓનું આયુષ ઈંદ્ર ધનુષની માફક અતિ ચંચલ છે. વળી અત્યંત કામભોગનું મુખ્ય સાધન બહુ સુંદર અને સ્ત્રી જનને બહુ પ્રિય એવી તરૂણ અવસ્થા પ્રમદાના ચંચલ નેત્ર સમાન બહુ અસ્થિર છે." તેમજ—

लक्षशो लक्ष्यमाणाऽपि, क्षयं लक्ष्मीः क्षणादपि ।
याति चण्डाऽनिलोद्धूता, जीमूतस्येव पद्धतिः ॥
यत्प्रभावाज्जनोऽत्यर्थं, जायते दृष्टिहारकः ।
तल्लावण्यं गिरिस्रस्त, सरिद्वेगोपमं जनाः ? ॥
अभीष्टजनसङ्गोऽपि, विप्रयोगसमन्वितः ।
योगप्रदेशवत्तस्मा–द्धर्मे चैव मनः कुथाः ॥
जिनबिंबार्चनं सेवा, गुरूणां प्राणिनां दया ।
शमो दानं तपः शील–मेषधर्मो जिनोदितः ॥
हितकृच्छाश्वतोऽभीष्टो–रूपलावण्यकारकः ।
स्वर्गापवर्गसंसर्गी, दत्ते किं बहुनाऽथवा ॥
श्रुत्वैवमादिकं धर्मं, नागदत्तः क्षितीशजः ।
मंत्रिपुत्रेण संयुक्तः, प्रबुद्धो जिनशासने ॥

અર્થ—" ઉદ્ધત પવનના વેગવડે વાદળની પંક્તિની માફક, લાખોવાર દૃષ્ટિગોચર થતી લક્ષ્મી પણ ક્ષણમાત્રમાં ક્ષય પામે છે. હે ભવ્ય પ્રાણીઓ! જેના પ્રભાવથી લોકોની દૃષ્ટિ અત્યંત

ખેંચાય છે, એવું શરીરનું લાવણ્ય પર્વતમાંથી નીકળતી નદીના વેગ સમાન ચાલ્યું જાય છે. વળી ઇષ્ટ જનનો સંયોગ પણ યોગ પ્રદેશની માફક ક્ષણિક છે, માટે ધર્મને વિષે મનોવૃત્તિ કરવી, તેમજ જીન પ્રતિમાની પૂજા, સદ્ગુરૂઓની સેવા, પ્રાણી ઉપર દયા, શમ, દમ, દાન, શીલ અને તપશ્ચર્યા એને જીનેશ્વર ભગવાને ધર્મ કહ્યો છે. આ પ્રમાણે જીનેશ્વર ભગવાને કહેલો ધર્મ નિરંતર હિતદાયી છે, તેમજ અભીષ્ટરૂપ તથા લાવણ્યને આપનાર છે, એટલુંજ નહીં; પરંતુ સ્વર્ગ અને મોક્ષ સુખ પણ આપે છે. નયચંદ્ર સહિત નાગદત્ત કુમાર આ પ્રમાણે ધર્મ સાંભળી જીન-શાસનમાં પ્રવીણ થયો " અને વિશેષ પ્રકારે શ્રાવકધર્મનું સ્વરૂપ પૂછયું. ત્યારબાદ ગુરૂએ વિસ્તારપૂર્વક ગૃહી ધર્મનો ઉપદેશ આપ્યો.

**ગૃહીધર્મનો સ્વીકાર.**

મંત્રી સહિત કુમારે બાર પ્રકારનો ગૃહિધર્મ સ્વીકાર્યો. પછી સૂરીંદ્રને વંદન કરી કુમાર પોતાના નગર તરફ ચાલ્યો. માર્ગમાં ચાલતા કુમારે મિત્રને કહ્યું કે ત્હારા કહ્યા પ્રમાણે શકુનનું ફલ બરાબર પ્રાપ્ત થયું. કારણકે આજે આપણને અપૂર્વ જૈનધર્મ મળ્યો. એમ બોલતો આનંદપૂર્વક કુમાર પોતાના સ્થાનમાં ગયો. ત્યારબાદ જીનપ્રતિમાનું પૂજન કરી વિધિપૂર્વક વંદન કર્યાબાદ મિત્ર સાથે ભોજન કરવા બેઠો. મુખવાસ જમ્યા પછી બન્ને જણ સમ્યક્ત્વાદિ ગૃહિધર્મનો પરસ્પર વિચાર કરતા હતા પરંતુ તેમાં સામાયિક વ્રત બરોબર સમજી શક્યા નહીં. તેથી બીજે દિવસે પ્રભાતમાં જીનપૂજા તથા વંદનાદિક કરી તે બન્નેજણ સૂરિ પાસે ગયા. અને ભક્તિવડે વિધિપૂર્વક વંદન કરી સામાયિકનું સ્વરૂપ પૂછયું.

ભવ્ય પ્રાણિઓના હિત માટે સૂરિ મહારાજ બોલ્યા, જે

**સામાયિકનું લક્ષણ.**

વ્રતમાં રહેલા ભવ્યાત્માઓની શત્રુ, મિત્ર, તૃણ, મણિ અને સુવર્ણમાં સમાન બુદ્ધિ થાય, તે સામાયિક નામે પ્રથમ શિક્ષાવ્રત કહેવાય. વળી જે સામાયિક વ્રતમાં ધનાદિક પરિગ્રહ, ઘર, અને સ્ત્રી સહિત હોય, તેમજ દેશવિરત હોય, તો પણ તે મનુષ્ય મુનિની ઉપમાને ધારણ કરે છે. તેમાં વિશેષ અમે શું કહીએ ? સામાયિકમાં રહેલા પ્રાણીઓના જેમ જેમ વિશુદ્ધ પરિણામ થાય છે, તેમ તેમ અનેક ભવમાં ઉપાર્જન કરેલાં કર્મ ક્ષીણ થાય છે. વળી માનસરોવર સ્વાભાવિક જેમ વિશુદ્ધ હોય છે, પરંતુ મહિષાદિ ( પાડાઓ ) વડે તે જેમ ડોળાઈ જાય છે, તેમ સામાયિક વ્રત પણ અતિચારોવડે દૂષિત થાય છે. નાગદત્ત બોલ્યો હે ભગવન્! તે અતિચારોનું સ્વરૂપ અમને સંભળાવો. ગુરૂ મહારાજ બોલ્યા, મન, વચન, અને કાયાનું અનવસ્થિતપણું, દુર્ધ્યાન, તેમજ સામાયિક કર્યું કે નથી કર્યું એ પ્રમાણે સંશય કરવો તે પાંચ અતિચાર કહ્યા છે. આ પ્રમાણે સામાયિકનું યથાર્થ સ્વરૂપ સમજી કુમાર સૂરિ સમક્ષ અષ્ટમી ચતુર્દશીના દિવસે જરૂર મ્હારે સામાયિક લેવું એમ પ્રતિજ્ઞા કરી ગુરૂ મહારાજને વંદન કરી પોતાને ઘેર ગયો. અને જૈન ધર્મમાં નિમગ્ન થઈ મિત્ર સાથે સમય વ્યતીત કરે છે.

**મલયકેતુની કન્યાઓ.**

અન્યદા મલયકેતુ રાજાની ચાર કન્યાઓ ત્યાં આવી, ઉત્તમ મુહૂર્ત્તમાં કુમારે તેઓની સાથે લગ્ન કર્યું. પછી તે નાગદત્ત પાંચ સ્ત્રીઓ સાથે પાંચ પ્રકારના ભોગ અનુભવતો હતો, તેના પિતાએ પોતાનો મરણ સમય નજીક જાણી પોતાના સ્થાને કુમારને સ્થાપન કર્યો. હવે મિત્ર સહિત કુમાર ધર્મમાં પ્રવૃત્ત થઈ સર્વત્ર દેશમાં જીન મંદિરો બંધાવે છે.

તેમજ રથ યાત્રાઓ પ્રવર્ત્તાવે છે. અને સાધર્મિક વાત્સલ્ય કરે છે, એ પ્રમાણે ધર્મપ્રવૃત્તિમાં કેટલોક સમય ગયો, કદાચિત્ કુમાર કાંઇક વિરોધિ રાજાને જીતવા માટે ચઢાઇ કરી જતો હતો, તેવામાં રસ્તે ચાલતાં કોઇક યક્ષે ઉજ્જડ કરેલું એક મ્હોટું નગર આવ્યું. ત્યાં તેણે મુકામ કર્યો. ત્યારે કોઈક પુરૂષે ત્યાં આવી કુમારને વિનતિ કરી કહ્યું કે, હે રાજન્! અહીં તમ્હારે રહેવા જેવું નથી. માટે વેલાસર અહીંથી બીજે ઠેકાણે ચાલ્યા જાઓ! કારણકે અહીં કોઈ રાત્રીએ રહી શકતું નથી. રાજા બોલ્યો. આજે ચૌદશ છે માટે અહીંજ મ્હારે રહેવું પડશે. બીજે જઈ શકાય તેમ નથી. એમ કહી રાજા યક્ષના મંદિરમાં સામાયિક લઇ મંદિરનાં દ્વાર બંધ કરી સ્વાધ્યાય કરવા લાગ્યો.

**નગરવાસીયક્ષ.**

તેજ યક્ષના મંદિરમાં સુંદર શણગારોથી વિભૂષિત વેગવતી રાણી તેની દૃષ્ટિગોચર થઇ અને તે કહેવા લાગી કે હે સ્વામિન્! મ્હને દુઃખી મૂકીને આપ અહીં અરણ્યમાં કેમ નાશી આવ્યા છો? આપના વિરહથી મ્હારૂં હૃદય તડ્તડ્ ફાટી જાય છે તે આપ જાણતા નથી? તે સાંભળી રાજા વિશેષ પ્રકારે વૈરાગ્ય જનક કુલક ગણવા લાગ્યો. ત્યારબાદ વેગવતી બોલી, હા! દયિત! હાલ મ્હને પ્રત્યુત્તર આપો. સમસ્ત અંગોપાંગમાં વ્યાપી રહેલો અપૂર્વ સ્નેહ આપના હૃદયમાંથી ક્ષણમાત્રમાં કેમ નષ્ટ થયો? વળી આપનો વિરહ મ્હારા હૃદયને બહુ પીડે છે, શરીરને બાળી નાંખે છે, તેમજ સર્વાંગે રણરણાટ ઉત્પન્ન કરે છે. માટે હે સ્વામિન્! હવે આ આડંબર છોડી દો. જેથી આ મ્હારૂં દુઃખ પલાયન થાય. તેવો કોઇ પણ ઉપાય કરો. મહા પુરૂષો દુઃખી જનો ઉપર દયાલુ હોય છે. રાજા વિચાર કરવા લાગ્યો. કોઇ પણ ઉત્પન્ન થએલો આ અચિંત્ય ભય અક્ષયનિધિ

કાઢનારને શું કરી શકે તેમ છે ? એટલામાં તેજ મંદિરનો યક્ષ અતિ ભયંકર રૂપ ધરી ગડગડ શબ્દ કરતો રાજાની પાસે આવ્યો અને ઉદ્ધત શબ્દોથી બોલવા લાગ્યો, રે મૂઢ ! પોતાના પરાક્રમથી સમસ્ત ભુવનને પણ તૃણ સમાન ગણે છે, " વળી તું કહીશ કે મ્હને કહ્યું નહોતું. " હવે હું ત્હને જીવતો મૂકીશ નહીં. માટે ત્હારા ઇષ્ટ દેવનું સ્મરણ કરી લે. અથવા મ્હારી સેવામાં હાજર થા. એમ કહી રાજાની ઉપર મુદ્‌ગર ઉગામી ફરીથી તે બોલ્યો, જલદી આ નગર છોડી તું ચાલ્યો જા ! અથવા ત્હારૂં પરાક્રમ બતાવ ? કિંવા મસ્તકરૂપી કમલ નમાવીને મ્હારા ચરણની પૂજા કર ? એ પ્રમાણે યક્ષનું વચન સાંભળી રાજા વિશેષપણે સ્વાધ્યાય કરવા લાગ્યો. તેટલામાં અંગરક્ષક દેવતાઓ જેની સાથમાં રહેલા છે અને પોતે પણ યુદ્ધમાં દક્ષ એવો કપર્દી યક્ષ રાજાની રક્ષા માટે એકદમ ત્યાં આવ્યો. અને તેને જોઈ તે નગરયક્ષ ભયને લીધે જીવ લઈ ત્યાંથી નાશી ગયો. " અહો ! જીવનની આશા દરેક પ્રાણીને બહુ પ્રિય હોય છે. "

**કપર્દીયક્ષ.**

સમય પૂર્ણ થવાથી રાજાએ વિધિપૂર્વક સામાયિક પૂર્ણ કરીને કપર્દી યક્ષ સાથે કેટલીક વાતચીત કરી કહ્યું કે, ત્હારા ભયથી તે નગરયક્ષ નાશી ગયો છે પણ ત્હેને અહીં બોલાવી લાવ. હું તેને પ્રતિબોધ આપું. કારણકે આ નગરના લોકો એના દુ:ખથી નાશી ગયા છે, તેથી આ નગર ઉજ્જડ થઈ ગયું છે. તત્કાલ કપર્દીએ પોતાના દેવો પાસે તેને ત્યાં બોલાવ્યો. એટલે તરતજ તે નગર યક્ષ ત્યાં આવી રાજાને તથા કપર્દીને નમસ્કાર કરી વિનયપૂર્વક બોલ્યો હે રાજન્ ! આ જગત્‌માં ધૈર્યવાન્ પુરૂષ તુંજ છે. કારણકે મ્હારા આવા ઉપસર્ગોવડે પવનથી પર્વતની માફક તું ક્ષુભિત થયો નહીં. વળી સ્વસ્થ દશામાં દરેક લોકો પોતાનું કાર્ય સાધી

શકે છે, પરંતુ વિષમ દશામાં જેઓ ધર્મથી ચલાયમાન થતા નથી તેવા પુરૂષો તો દુર્લભજ હોય છે. માટે હે નરેશ્વર! હું ત્હારૂં ધૈર્ય જોઇને તુષ્ટ થયો છું. માટે કૃપા કરી કંઇ પણ કાર્ય તું મ્હને બતાવ. ત્યારબાદ કપર્દી યક્ષ બોલ્યો, હજુ પણ આ વાત તું શું પુછે છે? પોતાના જ્ઞાનથી એનું ઈપ્સિત સર્વ તું જાણી શકે તેમ છે. માટે પોતેજ વિચાર કર. પછી તે યક્ષ જ્ઞાનનો ઉપયોગ કરી બોલ્યો કે, હે નરેંદ્ર! ત્હારા પ્રસાદવડે આ નગરના સર્વ લોકો પોતાની રૂદ્ધિ સહિત સુખેથી અહીં નિવાસ કરે. અને કપર્દી યક્ષની સહાયતાથી તું આ નગરનો અધિપતિ થા.

**રાજ્યાભિષેક.**

ત્યારબાદ કપર્દી યક્ષે પોતાના દેવોને મોકલી નગરવાસી લોકોને ત્યાં બોલાવી મંગાવ્યા અને તેમને કહ્યું કે, આ નાગદત્ત રાજાને નમસ્કાર કરી પોતપોતાના ગૃહાધિકાર સંભાળી લ્યો, અને આ તમ્હારો રાજા છે. પછી લોકોએ તે પ્રમાણે કપર્દીનું વચન માન્ય કરી સર્વ વ્યવસ્થા સંભાળી લીધી. ત્યારપછી નગર યક્ષ બોલ્યો, હે નરેંદ્ર! આ નગરના રાજાએ મ્હારૂં એવું અનિષ્ટ કર્યું છે કે, જે મુખથી પણ કહી શકાય તેમ નથી. નાગદત્ત રાજા બોલ્યો--પ્રાયે નિરપરાધી લોકોના અનિષ્ટપણામાં મૂર્ખ, દ્વેષી કે નીચ માણસોજ ઉભા રહે છે. પરંતુ મહાત્માઓ તો આ દુનીયામાં મહાન્ અપરાધી હોય છતાં પણ તેની ઉપર દયા કરે છે. વળી તેવા દયાળુ સત્પુરૂષોને લીધેજ આ પૃથ્વી રત્નવતી કહેવાય છે, એમ સમજી આ નાગરિક લોકો ઉપર તેમજ નગરાધિપ ઉપર હવે ત્હારે ક્ષમા રાખવી. યક્ષ બોલ્યો પરોપકારી જનોમાં શિરોમણિ સમાન હે નરપતિ! આ નગરના રાજાને તો પ્રથમજ મ્હેં સ્વર્ગવાસી કર્યો છે. રાજા બોલ્યો, ત્હેના પુત્રને

લાવીને રાજ્યાભિષેક કરો. ત્યારબાદ યક્ષે પણ નાગદત્તના કહ્યા પ્રમાણે સર્વ કાર્ય પૂર્ણ કર્યું.

રાજ્યાભિષેક થયા બાદ નાગદત્ત રાજાએ સભ્યજન સમક્ષ નવીન રાજાને શિખામણ આપી કે, નીતિ-

**રાજાનેઉપદેશ.**

પરાયણ થઇ જે સજ્જનોનું પાલન, દુષ્ટોનો નિગ્રહ, તેમજ દીન, અનાથ, સાધુ અને સ્વજન વર્ગનું પોષણ કરે છે તે આ લોકમાં યથાર્થ રાજા ગણાય છે. વળી રાજાએ પોતાના એશઆરામથી સંતુષ્ટ ન થવું જોઇએ, તેમજ પ્રમાદ પણ સેવવો નહીં, વળી જે રાજાઓની દૃષ્ટિ સમક્ષ લોકો દુઃખી થાય છે તેઓના જીવિત, લક્ષ્મી કે રાજ્યવડે શું ? અર્થાત્ નિષ્ફલ છે. એ પ્રમાણે નવીન રાજાને ઉપદેશ આપી નગરયક્ષને નાગદત્તે કહ્યું હવે તું જૈન ધર્મનું આરાધન કર, યક્ષ બોલ્યો હે રાજન્ ! કૃપા કરી મ્હને તે ધર્મનો ઉપદેશ આપો. રાજા બોલ્યો, દરેક પ્રાણીઓએ જીવ માત્રને આત્મ સમાન માનવા. તેમાં પણ દુઃખી પ્રાણીઓને વિશેષે કરી સંભાળવા. વળી વિવેકી પુરૂષે આ બાબત વિશેષ જાણવી જોઇએ. ત્યારબાદ રાજાએ તેને દેવ, ધર્મ અને તત્ત્વ સંબંધી ઉપદેશ બહુ વિસ્તાર પૂર્વક આપ્યો. સર્વ ઉપદેશનો સ્વીકાર કરી યક્ષ બોલ્યો, હે રાજન્ ! પૃથ્વીમાં ભુષણ સમાન આપના સરખા મહાપ્રભાવિક પવિત્ર પુરૂષોનું માત્ર દર્શન પણ શુભદાયક થાય છે. તેમજ સત્પુરૂષોનો સમાગમ અને સંભાષણ તો વિશેષ પ્રકારે સુખદાયક થાય તેમાં શું આશ્ચર્ય છે ? પછી નાગદત્ત રાજાએ નાગરિક લોકોને સ્થિર કરી કપર્દી યક્ષ વિગેરેને વિદાય કર્યા અને પોતે પોતાના કાર્ય માટે આગળ ચાલવાની તૈયારી કરી ત્યારે નગરયક્ષ બોલ્યો, હે સ્વામિન્ ! જેની ઉપર આપની ચઢાઇ છે તે રાજાને હું પોતે જ બાંધી અહીં લાવું છું. માટે આપને

ત્યાં જવાની કંઇ જરૂર નથી. બાદ રાજાએ આજ્ઞા આપી કે તરતજ યક્ષ ત્યાં ગયો અને તે રાજાને લઈ આવી નાગદત્તની આગળ ઉભો કર્યો. પછી નાગદત્તે પોતાની આજ્ઞા મનાવી ત્હેને મુક્ત કર્યો. ત્યારબાદ નાગદત્ત રાજા ત્યાંથી પોતાના નગરમાં ગયો. બાદ વેગવતીના પુત્રને પોતાના રાજ્યમાં સ્થાપન કરી આયુષ પૂર્ણ કરી અંતે સમાધિ પૂર્વક મરણ પામ્યો અને તે આ લોકમાં ત્રીજે ભવે સિદ્ધિપદ પામશે. માટે હે ભવ્યાત્માઓ ! આ પ્રમાણે સામાયિક વ્રતમાં ભાવ રાખવાથી નાગદત્ત રાજા આ લોકમાં પણ વિશેષ પુજનીય થયો. તેથી આ સામાયિક વ્રત અવશ્ય કરવું જોઈએ. વળી જેનું ચિત્ત સામાયિકમાં સ્થિર હોય છે, તે પુરૂષની સેવામાં દેવ અને દાનવ પણ હાજર રહે છે. તેમજ તે પ્રાણી અલ્પ સમયમાં બહુ પ્રાચીન કર્મોથી મુક્ત થાય છે.

॥ इतिसामायिकदृष्टान्ते नागदत्तकथानकं समाप्तम् ॥

## मानवणिकनी कथा.

### મનોદુષ્પ્રણિધાનાતિચાર.

સામાયિક વ્રત સંબંધી ઉપદેશ સાંભળીને દાનવિર્ય રાજાએ પ્રશ્ન કર્યો કે, હે મુમુક્ષુ જનવલ્લભ ! હે જગત્પતિ ! હવે સામાયિકમાં પ્રથમ અતિચારનું સ્વરૂપ સાંભળવાની અમને બહુ જીજ્ઞાસા છે. માટે કૃપા કરી તે સંભળાવો. શ્રીસુપાર્શ્વ પ્રભુ બોલ્યા, મનુજેંદ્ર ! જે જન સામાયિક ગ્રહણ કરી મનમાં દુર્ધ્યાન કરે છે તે પુરૂષ માનવણિકની માફક પ્રમત્ત થઈ પોતાની સદગતિનો રોધ કરનાર થાય છે.

**માનવણિક.**

હું એમ માનું છું કે, જેને જોવા માટે ઇંદ્રે હજાર નેત્રો ધારણ કર્યાં છે એવું જગદ્વિખ્યાત રત્નપુર નામે નગર છે. તેમાં ધનાઢ્ય ગંગદત્ત નામે શ્રેષ્ઠી રહે છે. ગુણમતી નામે તેની સ્ત્રી છે. માન નામે તેને એક પુત્ર છે. તે કલાઓમાં કંઇક પ્રવીણ થઈ ઉદ્યાન વિગેરે સ્થળોમાં સ્વેચ્છા પ્રમાણે હમ્મેશાં ફરવા લાગ્યો. તેવામાં એક દિવસ દુર્લભ નામે પોતાના મિત્ર સાથે તે જીન-મંદિરમાં ગયો. ત્યાં સૂરિ મહારાજની પાસે ભક્તિમાન એવા ઘણા લોકો એકાગ્ર મનથી સમ્યક્ત્વાદિક ગૃહી ધર્મ સાંભળતા હતા. તે જોઇ માનવણિક પણ સભાની એક બાજુએ ઉભો રહી ઉપદેશ સાંભળવા લાગ્યો. એવામાં એક શ્રાવકે તેને ઓળખ્યો, પછી તેણે પોતાની પાસે બોલાવી તેને કહ્યું કે અહીં બેસ, એમ કહી સૂરીંદ્રને કહ્યું કે આ ગંગદત્તનો પુત્ર આપને વંદન કરે છે. સૂરિએ ત્હેને વિશેષ અસર કરનારી દેશનાની શરૂઆત કરી. ભદ્રક ભાવથી માન પણ સાવધપણે સાંભળે છે.

**શિક્ષોપયોગી દેશના.**

અશ્રાધાર નામે બહુ સમૃદ્ધિવાળું એક નગર છે. તેમાં નિષ્પુણ્યક નામે બહુ વ્યવસાયી એક કુલ બાલક રહે છે. વળી તે એવો નિર્ભાગી છે, કે જે કોઇ ઉદ્યોગ કરે છે તેમાંથી માત્ર તેને અનર્થજ પ્રાપ્ત થાય છે. પરંતુ કોડી માત્ર પણ લાભ મળતો નથી. અન્યદા તેની દુર્દશા જોઇ એક કુટુંબીએ કહ્યું કે, ચોમાસામાં મ્હારા બે બળદ લઈ તું હળ ખેડવાનું કામ કર. જેથી તું સુખી થઈશ. પરંતુ હમ્મેશાં સંધ્યા-સમય થાય ત્યારે મ્હને બળદ બતાવીને મ્હારા વાડાની અંદર ત્હારે બાંધી જવા, અને પ્રભાતમાં લઈ જવા. નિષ્પુણ્યકે પણ તે પ્રમાણે કબુલ કર્યું. ત્યારપછી હમ્મેશાં હળ લઈ ખેતરમાં

ખેડ કરી બળદ ત્હેને ત્યાં વાડામાં મૂકી આવતો હતો. પ્રથમની મોસમમાં તેણે મગ, અડદ, બાજરી અને ચોખા વિગેરેની વાવણી કરી, પરંતુ ઉગતા અંકુરાઓને કાતરા ખાઈ ગયા. પછી તેમાં બીજીવાર બીજું બીજ ખરીદીને વાવ્યું. વળી પોતાની પાસે આજીવિકાનું સાધન નહીં હોવાથી પોતાની સ્રીની બ્હેનપણી પાસેથી કંઈક દાણા વિગેરે પરચુરણ લાવીને વૃત્તિ ચલાવતાં, એવાં તે બન્ને સ્રી પુરૂષ ક્ષેત્રનું કામ કરતાં હતાં. તેવામાં એકદમ ટીડ પડ્યાં, જેથી સર્વ પાક ખાઈ ગયાં. ત્યારપછી બહુ નિરાશ થઈ ફરીથી નવેસર તેણે વાવણીનું કામ શરૂ કર્યું. અને હમ્મેશાં તેઓ પ્રથમની માફક કામ કરતાં હતાં. એક દિવસ ઉતાવળને લીધે કૌટુંબિકને દેખતાં બળદોને બહાર મૂકી ત્હેને કહ્યા વિના નિષ્પુણ્યક પોતાને ઘેર ગયો. તેથી તે બન્ને બળદ બહાર ક્યાંય પણ ચાલ્યા ગયા, તેની ખબર પડી નહીં. કૌટુંબિક નિષ્પુણ્યકને ઘેર જઈ પુછવા લાગ્યો કે આજે બળદ ક્યાં ગયા ? નિષ્પુણ્યક બોલ્યો, સંધ્યાકાળે તમને દેખાડીને વાડામાં મૂક્યા છે. કૌટુંબિક બોલ્યો કે, મ્હેં જોયા હતા ખરા પરંતુ તે સમયે હું બીજા કામમાં ગુંથાયેલો હતો. વળી ત્હેં એમ નહોતું કહ્યું કે આ બળદ તમ્હને સોપું છું, તેથી આ ત્હારી જ ભુલ ગણાય, માટે મ્હારા બળદ લાવ. નિષ્પુણ્યક બોલ્યો, મ્હેં તો તમને આપ્યા છે, હવે મ્હને કંઈ પણ તમ્હારે પુછવું નહીં. એમ બન્નેનો વિવાદ બહુ વધી પડ્યો, છેવટે બંને જણ કલેશ કરતા છતા મંત્રી પાસે જતા હતા તેવામાં તે રસ્તે કોઈક સ્વાર ઘોડાની પાછળ દોડતો આવતો હતો, તેણે નિષ્પુણ્યકને સ્હામો આવતો જોઈ કહ્યું કે, રે પથિક ! આ ઘોડાને પાછો વાળ. નિષ્પુણ્યકે તેને રોકવા માટે લાકડીનો પ્રહાર કર્યો કે, તરતજ મર્મસ્થળમાં વાગવાથી તે ઘોડો પૃથ્વી પર પડીને

મરી ગયો. તે જોઇ સ્વાર બોલ્યો, ત્હેં આ ઘોડા શા માટે માર્યો ? નિષ્પુણ્યક બોલ્યો, ત્હારા કહેવાથી મ્હેં તો પાછો વાળ્યો હતો. પરંતુ મ્હેં માર્યો નથી. તે સાંભળી સ્વાર પણ ઝગડાની બુદ્ધિથી તેની પાછળ ચાલ્યો. પછી તે ત્રણે જણ નગરની નજીકમાં ગયા. એટલામાં સૂર્યાસ્ત થઇ ગયો. તેથી ત્યાં આગળ એક મ્હોટો વડ હતો તેની ઉપર વ્યાઘ્રાદિકના ભયથી તેઓ ચઢીને સુઇ ગયા. ત્યારપછી ત્યાં નટ લોકોનું એક ટોળું આવ્યું. તે પણ તેજ વડની નીચે સુઇ ગયું.

**નિષ્પુણ્યકનો પશ્ચાત્તાપ.**

હવે નિષ્પુણ્યકને ચિંતાને લીધે નિદ્રા આવી નહીં. તેથી તે વિચાર કરવા લાગ્યો. અરે ! આ બન્ને જણ મ્હારી પાછળ લાગ્યા છે. આ લોકોમાંથી હું જીવતો કેવી રીતે છુટીશ ? માટે કંઠે પાશ નાંખી મરવું એજ ઉત્તમ છે. એમ નિશ્ચય કરી પોતાના ઓઢવાના વસ્ત્રનો પાશ કરી વડના ડાળાએ પોતાનો દેહ લટકતો મૂક્યો. પરંતુ વસ્ત્ર જીર્ણ અને શરીર ભારે તેથી વસ્ત્ર ત્રટ દઇને તુટી ગયું, તેથી તેની નીચે નટના ટોળાના અધિપતિની સ્ત્રી સુઇ રહી હતી તેની ઉપર તે પડ્યો. ત્હેના ભારથી દબાઇને તત્કાળ તે નટી મરી ગઈ. પરંતુ નિષ્પુણ્યકને કિંચિત્ માત્ર પણ અડચણ આવી નહીં. પછી નટીનો પતિ નિષ્પુણ્યકને કહેવા લાગ્યો. રે દુષ્ટ ! પાપી ! મ્હારી સ્ત્રીને ત્હેં શા માટે મારી ? નિષ્પુણ્યક બોલ્યો, ત્હારી સ્ત્રીને મારવા માટે આ મ્હારૂં કર્ત્તવ્ય નહોતું. પરંતુ આ બન્નેના ભયને લીધે મ્હારા મરણ માટે મ્હેં આ સાહસ કર્યું હતું. વળી બળદ અને અશ્વ માટે આ બન્ને મ્હારી પાછળ લાગ્યા છે. તેવી રીતે તું પણ ત્રીજો ચાલ, પ્રભાતમાં મંત્રી પાસે જે ન્યાય થશે તે પ્રમાણે ત્હારૂં પણ સમાધાન થશે.

પ્રભાતમાં પોતાના કામ ઉપર મંત્રી આવી તૈયાર થયો.

**ન્યાયસ્વરૂપ.**

એટલે વાદી પ્રતિવાદીઓએ પોત પોતાનો વૃત્તાંત જાહેર કર્યો. મંત્રી બોલ્યો, હે કૌટુંબિક? આ નિષ્પુણ્યક બળદ મૂકી ગયો ત્યારે ત્હેં જોયા હતા? કૌટુંબિક બોલ્યો, હે મંત્રીશ્વર! મ્હેં જોયા હતા ખરા, પરંતુ આ તમ્હારા બળદ મૂક્યા છે, જોઇ લ્યો. હું મ્હારા ઘેર જાઉં છું, એમ તેણે કહ્યું નહોતું અને અમ્હારે પ્રથમ આ પ્રમાણે કહેવાનો કરાર કરેલોછે. ત્યારબાદ સ્વારને પૂછ્યું, એટલે તે બોલ્યો મ્હારો ઘોડો પાછો વાળ એમ ત્હેં કહ્યું હતું? હા, એ પ્રમાણે મ્હેં કહ્યું હતું. એમ કહી સ્વાર મૌન રહ્યો. ત્યારબાદ મંત્રી બોલ્યો, રે નિષ્પુણ્યક? ત્હારે ગળે પાશ નાંખવાનું શું કારણ હતું? તે બોલ્યો, આ બન્નેના ભયને લીધે મ્હારે તે કામ કરવું પડયું. તેમજ રાજાને કર આપવાનો છે, વળી ઉધારે લાવીને દાણા ખાધા છે ત્હેનો પણ મ્હોટો ભય છે. કારણ કે ખેતીમાંથી બીજ માત્ર પણ મળે તેમ નથી. એમ અનેક દુઃખથી છુટવા માટે મ્હેં આ ઉપાય કર્યો હતો. પરંતુ મ્હારા મંદ ભાગ્યને લીધે મરણ ન થયું અને ઉલટી આપત્તિ આવી પડી. એમ શોક કરતાં તેના શુભ કર્મનો ઉદય થયો. તેથી મંત્રીને તેની ઉપર બહુ દયા આવી. પછી તેણે પ્રથમ કૌટુંબિકને કહ્યું કે, તું ત્હારાં બન્ને નેત્ર તેને આપીને ત્હારા બળદ લઇ લે. તે શિવાય તને બળદ મળવાના નથી. કારણ કે આ ત્હારા નેત્રનો દોષ છે. ત્યારપછી સ્વારને કહ્યું કે, તું ત્હારી જીભ આપીને ત્હારો અશ્વ લઇ લે. કારણ કે આકામમાં ત્હારી જીભનો અપરાધ છે. પછી નટને કહ્યું કે ત્હારી સ્રીની જગોએ નિષ્પુણ્યક સુઇ રહે અને તું તેની માફક ગળે પાશ નાંખી તેની ઉપર પડ. એ પ્રમાણે ન્યાય સાંભળી બન્ને જણ વિચાર કરવા લાગ્યા કે, નેત્ર

અને જીભ હશે તો બીજા બળદ તથા અશ્વ મળી આવશે. તેમજ નટ પણ સમજ્યો કે, સ્ત્રી તો મરી ગઇ અને મ્હને પણ મારવાનો આ ઉપાય છે. કારણ કે એનું વસ્ત્ર તો જુનું હતું. તેથી એનો પાશ તુટી ગયો. પરંતુ મ્હારો પાશ એવી રીતે નહીં તૂટે કારણ કે મ્હારૂં વસ્ત્ર બહુ જાડું છે. વળી કદાચિત્ પાશ તુટી જાય અને હું નીચે પડું તોપણ ત્હેના પ્રાણ જવાના નથી. કેમકે હું તેના જેટલો ભારે નથી માટે આ સર્વ મ્હનેજ નુકશાની છે. એમ જાણી ત્રણે જણે તેને છોડી દીધો. ત્યારબાદ દરિદ્રી એવો તે નિષ્પુણ્યક પોતાને ઘેર ગયો. અને મંત્રીએ તેનો કર માફ કર્યો એટલુંજ નહીં, પરંતુ ખાવા માટે અનાજ પણ પુરતું આપ્યું.

**ઉચ્ચસ્થિતિ.**

એ પ્રમાણે સૂરીશ્વરનાં વચન સાંભળી માનવણિક હમ્મેશાં પોતાનો વેપાર છોડી દઇ સૂરિના વ્યાખ્યાનમાં જતો હતો. સૂરિએ તેની યોગ્યતા જાણી ગૃહસ્થોને લાયક એવો સમ્યકત્વાદિ બાર પ્રકારનો શ્રાવકધર્મ વિસ્તારપૂર્વક સમજાવ્યો તેણે પણ વિધિપૂર્વક તે અંગીકાર કર્યો. અને પ્રતિ દિવસે પોતાના પિતાની સાથે દેવ તથા ગુરૂઓને વંદન કરવા જાય છે. તેમજ તે સામાયિકમાં સાંજ સવાર બન્ને વખત વિશેષ પ્રકારે ઉદ્યુક્ત થયો. વળી પોતાની દુકાનમાં વેપાર પણ બહુ નીતિપૂર્વક ચલાવતો હતો. અને ધર્મના પ્રભાવથી બાલ લીલા છોડી દઈ તે ઉત્તમ સ્થિતિમાં ગણાવા લાગ્યો. તેમજ દરેક લોકો પ્રાયે: માનની દુકાનેથીજ ખરીદ કરે છે. કેટલાક ગ્રાહક લોકો ઉધારે પણ લઇ જાય છે. અને વિના ઉઘરાણીએ પોતાની અનુકૂલતા પ્રમાણે તેઓ પૈસા આપી દે છે.

એમ કેટલોક સમય વ્યતીત થયો. એવામાં એક ખેડુત

દુર્ધ્યાન.

તેની દુકાનેથી કેટલુંક અનાજ ઉધારે લઇ ગયો. પછી પોતાની પાસમાં અનાજ આવ્યું તોપણ તેણે માનની દુકાને પૈસા ભર્યા નહીં. તેથી માન તેને ઘેર ગયો અને ઉઘરાણી કરી. પરંતુ તેણે કંઈ પણ ધાન્ય આપ્યું નહીં. અને સિદ્ધો જવાબ આપ્યો નહીં. તેમજ કોઇએ અર્ધું અને કોઈએ ચતુર્થાંશ પણ આપ્યું. એમ એકંદર હિસાબ કરતાં માનને દશ હજાર રૂપીઆનો ટોટો આવ્યો. તેથી તેને બહુ ઉદ્વેગ થયો. પરંતુ સામાયિકનો તેનો નિયમ તેણે છોડ્યો નહીં. અને સામાયિકમાં બેસીને પણ ચિંતવવા લાગ્યો કે, આ દુષ્ટ લોકોએ હાલમાં મ્હારૂં ખોરાકીમાં બહુદ્રવ્ય ખોટું કર્યું, પરંતુ જ્યારે ફરીથી તેઓ લેવા આવશે ત્યારે તેઓને થોડું ઘણું કંઇક ધીરીને સર્વ દ્રવ્ય વસુલ કરી વ્યાજ સુદ્ધાં પણ છોડવાનો નથી. તેઓની સાથે વિચાર કરવાનું કંઇ પણ કામ નથી. તેમજ અનુક્રમે તેઓને બંધનમાં લઇ ધીરધારનો ધંધો કરવાનો છે. એ પ્રમાણે દુર્ધ્યાન કરતો હતો તે વાત જ્ઞાનવડે સૂરિના જાણવામાં આવી. તેથી તત્કાળ સૂરિ માનની પાસે આવી કહેવા લાગ્યા અરે માન ? સામાયિકમાં આ દુર્ધ્યાન અનર્થદાયક થાય છે. માટે તેનો તું ત્યાગ કર. કારણ કે જે શ્રાવક સામાયિકમાં બેસી આર્ત્ત ધ્યાન પૂર્વક ઘર કાર્યની ચિંતા કરે છે તેનું સામાયિક નિરર્થક થાય છે. તે સાંભળી માન બોલ્યો, ભગવન્ ? ધર્મ પણ ધન વિના થતો નથી. અને આ વખતે વેપારમાં મ્હારે ધનનો બહુ ટોટો આવ્યો છે. માટે હું નિશ્ચિંત થવાનો નથી. મુનીંદ્ર બોલ્યા. આ પ્રમાણે બોલવું ત્હને ઉચિત નથી. પરંતુ ભાવ પૂર્વક મિથ્યાદુષ્કૃત આપ. પછી માને કંઇ પણ ઉત્તર આપ્યો નહીં. અને તેવીજ રીતે હમ્મેશાં પોતાના ઘરમાં બેસી કેવલ અભિગ્રહ સહિત સામાયિક કરે છે. આ પ્રમાણે માનસિક

આર્ત્તધ્યાન કરવાથી તેણે બહુ કર્મ ઉપાર્જન કર્યાં. ત્યારપછી કૃષ્ણ પક્ષની ચૌદશના દિવસે તે પોતાને ઘેર સામાયિકમાં બેઠો હતો, તેવામાં એક ક્ષુદ્ર દેવી આવી અને તેણીએ છળ કરી માનને મૃત્યુ વશ કર્યો. તેથી તે સંસારભ્રમણમાં પડ્યો. વળી ગંગદત્ત શ્રેષ્ઠી પણ નિષ્કલંક ગૃહિધર્મ પાળીને ઈશાન દેવલોકમાં ઉત્પન્ન થયો અને ત્રીજે ભવે સિદ્ધ થશે.

इति समायिकप्रथमातिचारविपाके मानस्य द्रष्टान्तः ॥

## विसढश्रेष्ठीनी कथा.

### દ્વિતીયવચનદુષ્પ્રણિધાનાતિચાર.

દાનવિર્ય રાજાએ ફરીથી પ્રશ્ન કર્યો, હે દયાલુ ભગવન્ ! હવે સામાયિકવ્રતમાં દ્વિતીય અતિચારનું સ્વરૂપ કહો. શ્રી સુપાર્શ્વ પ્રભુ બોલ્યા, હે ધરાધીશ ! જે શ્રાવક સામાયિક ગ્રહણ કરી અયોગ્ય વચન બોલે છે તે કુગતિમાં ગયેલા વિસઢની માફક પોતાના દોષનો પશ્ચાત્તાપ કરે છે.

**વિષઢશ્રાવક.**

આ ભરતક્ષેત્રમાં આશ્ચર્યનું કુલમંદિર, લક્ષ્મીનું નિવાસ સ્થાન અને વિદ્યાઓનો નિધાન હોયને શું ? એવું સાકેત (અયોધ્યા) નામે નગર છે. તેમાં મૃદુ અને મધુરભાષી, શિષ્ટ જનોમાં શિરોમણી સમાન આશાધર નામે શ્રેષ્ઠી હતો. વસુધારા નામે તેની સ્ત્રી હતી. આઠ મદ સ્થાનોથી વિમૂઢ બનેલો, અધર્મની શ્રદ્ધાવાળો અને હમ્મેશાં કૌતુકનો વિલાસી એવો વિસઢ નામે તેઓને એક પુત્ર હતો. વળી નિષઢ નામે તેનો મિત્ર હતો. તે ધર્મમાં બહુ દૃઢ અને સ્વભાવથી સરલ હતો. તેમજ વિસઢ ઉલ્લંઠની માફક લોકોને બહુ

સંતાપતો હતો. વળી દરેક દેશની અંદર વેપાર માટે તેઓ બન્ને સાથે જતા હતા.

**મુનિ દર્શન.**

અન્યદા બન્ને જણ ફરવા નીકળ્યા હશે. તેવામાં ભૂલા પડેલા બે મુનિઓ ત્યાં વૃક્ષની છાયામાં બેઠેલા તેઓના જોવામાં આવ્યા, એટલે વિસઢ બોલ્યો હે નિષઢ ? આ મુનિઓને સર્વ પ્રકારનું જ્ઞાન હોય છે. માટે ચાલ આપણે એમને કંઇક લાભાદિકનું કારણ પૂછી જોઇએ. એમ વિચાર કરી તેઓ મુનિઓ પાસે ગયા. અને નમસ્કાર કરી યોગ્યસ્થાને બેઠા. પછી મ્હોટા મુનિએ તેમને કોઇપણ નગરનો માગ પૂછયો. તેથી તેઓએ પરસ્પર હસીને માર્ગ બતાવ્યો. પછી મુનીંદ્ર બોલ્યા, ભાઈઓ ? તમે કેમ હસ્યા ? વિસઢે પોતાના હાસ્યનું કારણ જણાવ્યું કે અમે અમ્હારા લાભદિકનું કારણ તમને પૂછવાના હતા. પરંતુ તમે તમ્હારા માર્ગને પણ જાણતા નથી તો પછી અમ્હારે પૂછવાની વાત હવે ક્યાં રહી ? ! એમ જાણી અમને હાસ્ય આવ્યું. મુનિ બોલ્યા, વત્સ ! ત્હારૂં કહેવું સત્ય છે, પરંતુ દ્રવ્યમાર્ગમાં ભૂલા પડેલા પુરૂષો કોઈપણ પ્રકારે માર્ગે ચઢી શકે છે. અને ભાવમાર્ગથી પતિત થયેલા પુરૂષો તો મહા કષ્ટથી પણ માર્ગાભિમુખ થવા મુશ્કેલ છે. જેમકે તમે બન્ને અત્યંત અજ્ઞાનવડે ભ્રષ્ટ થઈ સંસારમાં રખડો છો. ત્યારબાદ વિસઢ બોલ્યો, અમે તો ફક્ત નગર કે ગ્રામાદિકનો એક જ માર્ગ જાણીએ છીએ, પણ અન્ય માર્ગ જાણતા નથી.

**દ્રવ્ય અને ભાવમાર્ગ**

મુનિ બોલ્યા, ગ્રામ નગરાદિકનો જે માર્ગ પ્રથમ તે દ્રવ્યમાર્ગ ગણાય છે અને જ્ઞાનાદિકનો બીજો ભાવમાર્ગ કહેવાય છે. વળી જેનાથી જીવાદિક પદાર્થોનું સ્વરૂપ જાણી શકાય તે જ્ઞાન કહેવાય. તે જ્ઞાન મતિજ્ઞાનાદિકના ભેદ વડે

પાંચ પ્રકારનું છે. વળી જીવાદિક સર્વ પદાર્થોનું જે શ્રદ્ધાન કરવું તે સમ્યકત્વ કહેવાય. તેમજ અર્હંતદેવ અને ઉત્તમ સાધુઓને જ ગુરૂ જાણવા. વળી તે સમ્યકત્વ ક્ષાયિક, ક્ષાયોપશમિક અને ઔપષમિક એમ ત્રણ પ્રકારે કહ્યું છે. અથવા કારક, રોચક અને દીપક એમ તે ત્રણ પ્રકારનું છે. વળી સામાયિકાદિ ભેદવડે ચારિત્ર પણ પાંચ પ્રકારનું કહ્યું છે. આ પ્રમાણે કિંચિત્ વિસ્તાર પૂર્વક ભાવ માર્ગ પણ કહ્યો છે. જેવી રીતે અમને તમે સિદ્ધો દ્રવ્યમાર્ગ બતાવ્યો તે પ્રમાણે અમોએ પણ તમ્હને ભાવ માર્ગ બતાવ્યો. હવે તમ્હારા બતાવેલા માર્ગે અમે તો જઇશું પરંતુ જો તમારી ઇચ્છા હોય તો તમે પણ અમ્હારા કહેલા ભાવમાર્ગે પ્રવૃત્તિ કરવા પ્રયત્ન કરજો. પછી વિસઢ બોલ્યો, હે મુનીંદ્ર! સંપૂર્ણ ભાવ માર્ગે ચાલવા અમે અશક્ત છીએ એ માટે કૃપા કરી દેશથકી પણ ભાવમાર્ગનું સ્વરૂપ બતાવો. મુનિએ સમ્યકત્વ તેમજ સ્થૂલપ્રાણાતિપાત વિરતિ વિગેરે બાર પ્રકારે ગૃહિધર્મનું સ્વરૂપ સવિસ્તર કહ્યું. વિસઢ અને નિષઢ બન્ને જણે બુદ્ધિપૂર્વક સમજીને વિધિપૂર્વક શ્રાવક ધર્મનો સ્વીકાર કર્યો. ત્યારબાદ બન્ને મુનિવરો તેમના બતાવેલા માર્ગે ચાલતા થયા. અને વિસઢ તથા નિષઢ પણ મુનિઓને નમસ્કાર કરી જ્યાં પોતાને જવાનું હતું ત્યાં ગયા. પછી કેટલાક દિવસ ત્યાં રહી ઇચ્છા મુજબ લાભ મેળવીને પોતાના નગરમાં તે બન્ને જણ પાછા આવ્યા અને વિધિપૂર્વક સમ્યકત્વાદિ ગૃહીધર્મની સમ્યક પ્રકારે આરાધના કરવા લાગ્યા.

**સામાયિકમાં શીથિલતા.**

સામાયિક વ્રતમાં બેઠેલો શ્રાવક પણ મુનિ સમાન ગણાય છે. એમ સાંભળીને તેઓ સામાયિકમાં વિશેષ ઉદ્યમ કરવા લાગ્યા. સામાયિક ધારક પુરૂષોના જેમ જેમ શુદ્ધ પરિણામ થાય તેમ તેમ અનેક ભવનાં સંચિત કર્મ

નિર્મૂલ થાય છે. એમ જાણી દરેક સમયે તેઓ સામાયિક કરવા લાગ્યા. એમ કરતાં તેમનો કેટલોક સમય વ્યતીત થયો. તેમાંથી વિસઢ સામાયિકમાં રહીને પણ પ્રમાદી થઈ રાજકથાદિ પણ કરવા લાગ્યો. તેમજ હાસ્યાદિ ક્રીડા વિલાસથી પણ શાંત થતો નથી. નિષઢે બહુ વાર્યો તો પણ પોતાની પ્રકૃતિને તે છોડતો નથી. તે વાત અન્ય શ્રાવકોના જાણવામાં આવી એટલે તેઓએ પણ કહ્યું કે, સામાયિક લીધા પછી હાસ ક્રીડાદિકનો સર્વથા ત્યાગ કરવો જોઈએ. વળી સામાયિકધારી પુરૂષોએ પ્રથમ બુદ્ધિપુર્વક વિચાર કરી નિરંતર પાપ વિનાનું વચન બોલવું. અન્યથા સામાયિક ગણાય નહીં. તે સાંભળી વિસઢ બોલ્યો, હું શું કરૂં ? મ્હારી આવી પ્રકૃતિ છે એમ લોકોને જવાબ આપે છે, વળી ધાર્મિક લોકો જેમ જેમ મ્હને વારે છે તેમ તેમ હું અધિક અનાચાર સેવું છું. જેમ મ્હારો પાડોશી પુત્રાદિકનો તિરસ્કાર કરી બહુ નિષ્ઠુર ભાષી થયો છે તેમ હું પણ અધર્મી થયો છું. તે સાંભળી ધાર્મિક જનો બોલ્યા, ત્હારો પાડોશી કોણ છે ? વિસઢ બોલ્યો, શાંત નામે બહુ વૃદ્ધ શ્રેષ્ઠી હતો, તે બહુ વૈભવવાળો અને પુત્ર પૌત્રાદિક પરિવાર પણ તેને ઘણો હતો, તેમજ બોલવામાં ઘણો નિષ્ઠુર હતો.

**શાંતશ્રેષ્ઠીની નિષ્ઠુરતા.**

એક દિવસ તેના પુત્રની દીકરીનો વિવાહ મહોત્સવ તેને ત્યાં પ્રવૃત્ત થયો, લગ્નનો દિવસ નજીકમાં આવ્યો ત્યારે તેનો પુત્ર બોલ્યો, પિતાજી ! હવે આજથી તમ્હારે અપશબ્દ બોલવો નહી, કોઇ અન્યપણ અશુભ શબ્દ બોલે તો તે પણ અમંગલિક ગણાય, માટે કોઈએ નીંદ્ય વચન બોલવું નહીં. અને કદાચિત્ કોઇ તેવું બોલે તો ત્હેને બીજાઓએ વારવું. કારણ કે હવે લગ્ન સમય નજીક આવ્યો છે. શાંતશ્રેષ્ઠી બોલ્યો,

ભલેને લગ્નનો કે મરણનો સમય આવે, પરંતુ મડદાની માફક હું કંઈપણ બોલીશ નહીં અને મુંગાની માફક બેસી રહીશ. ત્યારબાદ અર્ધરાત્રીનો સમય થયો એટલે શાંતશ્રેષ્ઠી ઉઠયો અને ગ્રહમંડળ જોઇ તે ઉપરથી લગ્નનો સમય થયો છે એમ જાણી પોતાના પુત્રને બોલાવીને કહ્યું કે લગ્નનો સમય થયો છે માટે ગોક્ષત નામના આ ભટ્ટને ઉઠાડ. જો તે જીવતો હોય તો અહીં આવીને લગ્નની તૈયારી કરે, પુત્ર બોલ્યો હે તાત ? આવું અમંગલ વચન ન બોલો ? ન.બોલો ? ? આ સમયે માંગલિક વચન બોલવાં જોઈએ. કારણકે હવે કન્યાને વિવાહ મંડપમાં પધરાવવાનો સમય થયો છે. પિતા બોલ્યો, વિવાહ મંડપમાં પધરાવો કે શૂળી ઉપર પધરાવો. પરંતુ હવે હું કંઇ બોલીશ નહીં. એમ કહી ફરીથી તે બોલ્યો, હજુએ આ રંડા મારા ઘરમાંથી નીકળતી નથી. તે સાંભળી પુત્રો બોલ્યા, તાત ? શકુનમાં પ્રથમ જ તમે રંડા એમ ન બોલો. શ્રેષ્ઠી બોલ્યો, તમ્હારી માને હમ્મેશાં હું રાંડ કહું છું, તોપણ તે તો કંઇ રંડાણી નથી. રે! સેંકડો મંગળોચ્ચારવડે શું દૂધ જેવું બહુ ઉજળું થતું હશે ? એ પ્રમાણે શાંત શ્રેષ્ઠીનાં વચન અસંખ્ય છે. તેવીજ રીતે કર્મની વિમૂઢતાને લીધે મ્હારો પણ ઉપહાસ કરવાનો સ્વભાવ પડ્યો છે. એમ કહી છેવટમાં વિસઢ બોલ્યો કે, હવે હું સાવધાન રહીશ અને સામાયિક છોડીશ નહી.

**સદાચારીનિષઢ**

તેમજ નિષઢ બહુ શ્રદ્ધાપૂર્વક સામાયિક ગ્રહણ કરીને પાળે છે. અને અતિચારરૂપ કાદવથી વિમુક્ત થઇ શ્રાવક ધર્મ પણ સારી રીતે પાળે છે. હવે પ્રકૃતિથી શઠ બુદ્ધિવાળો વિસઢ સમાયિક લઇને પણ દુર્ધ્યાનમાં દોરાઇ વાણીવડે તેને મલીન કરે છે. વળી હમ્મેશાં નિષઢ ત્હેને બહુ ઠપકો આપે છે. તેથી

તેની ઉપર ક્રોધ કરી વિસઢ બોલ્યો, તું ધર્મના પ્રભાવથી મહર્દ્ધિક દેવેંદ્ર થા ? અને હું ત્હારો મૃદંગ વગાડનાર સેવક થઇશ. આ પ્રમાણે તે જવાબ આપતો હતો. ત્યારબાદ આયુષ પૂર્ણ કરી વિસઢ અને નિષઢ બન્ને સામાધિ પૂર્વક મરણ પામીને સૌધર્મદેવલોકમાં ઉત્પન્ન થયા. તેમાંથી નિષઢ મહર્દ્ધિક દેવ થયો અને વિસઢ તેના સેવકોની અંદર અલ્પ રૂદ્ધિકદેવ થયો, ત્યારબાદ નિષઢની બહુ સમૃદ્ધિ જોઇ વિસઢ પોતાનો પૂર્વજન્મ સંભારી બહુ ખેદ કરવા લાગ્યો કે અમે બન્ને જણ સાથે ગૃહસ્થ ધર્મ પાળતા હતા તેમાં આ શુદ્ધ અધ્યવસાયથી અધિપતિ થયો અને હું દુર્ધ્યાન વડે ત્હેનો ચાકર થયો. હા ? મૂઢ એવા મ્હને ધિક્કાર છે કે, મ્હેં ધર્મ વિરૂદ્ધ આચરણ કર્યું. હાસ્યરસમાં લુબ્ધ થઇને હું મનુષ્ય જન્મ હારી ગયો. વળી મ્હારા જેવો અધમ બીજો કોણ હોય ? કે જે હું સામાયિકમાં રહ્યો ત્યાં સુધી પણ વાણીરૂપી વાઘેણને કબજે કરવા સમર્થ ન થઇ શક્યો. અહો ! મોહ રાજાનું બલ કેવું છે ? વળી મ્હારા નિષઢ બંધુએ બહુવાર મ્હને વાર્યો હતો તોપણ મ્હેં એમ કહ્યું કે તું મહર્દ્ધિક દેવ થઇશ અને હું ત્હારો મૃદંગવાદક સેવક થઇશ. તે વચન સત્ય થયું. નિષઢ જો કે પૂર્વ ભવના સ્નેહથી બહુ સત્કારપૂર્વક મ્હને જુવે છે તોપણ તેની આગળ નૃત્ય સમયે મ્હારે કંઠમાં મ્હોટો મૃદંગ બાંધવો પડે છે અને તેથી જે કંઇ દુઃખ થાય છે તે કેવલી ભગવાન્ જાણે છે. એપ્રમાણે વિસઢને પશ્ચાત્તાપ કરવો પડ્યો. પછી ત્યાંથી તે બન્ને ચવીને મહાવિદેહમાં ઉત્પન્ન થઇ સંયમની આરાધના કરી કેવલજ્ઞાન પામીને મોક્ષપદ પામશે.

इति सामायिकद्वितीयातिचारविपाके विसढनिषढ कथानकं समाप्तम् ॥

## श्यामलवणिक् कथा.

---

## તૃતીય કાયદુષ્પ્રણિધાનાતિચાર.

દાનવિર્ય રાજા બોલ્યો, કૃપાસિંધુ એવા હે ભગવન્ ! સામાયિક વ્રતમાં ત્રીજા અતિચારનું લક્ષણ દ્દષ્ટાંત સહિત કહો. શ્રી સુપાર્શ્વ પ્રભુ બોલ્યા, હે રાજન્ ! સામાયિકમાં રહેલો મનુષ્ય ઉપયોગશૂન્ય થઇને અપ્રમાર્જીત સ્થાનમાં આસનાદિક કરે છે તે પ્રાણી કુગતિમાં ગયેલા શ્યામલની પેઠે શોકને પાત્ર થાય છે.

**શ્યામલદ્રષ્ટાંત.** ચંપક સમાન (રૂપ) છે જંઘાઓ જેની, કમલ સમાન (રૂપ) છે મુખ જેનું, ઉન્નત પયોધર (સ્તન–મેઘ) છે જેના અને અશોકવૃક્ષના પલ્લવ સમાન (રૂપ) કર છે જેના એવી પ્રમદા સમાન વિલાસવાળી મલયપુરી નામે નગરી છે. તેમાં આચારમાં શુદ્ધ અને દયાદિક ગુણોમાં પ્રવીણ નયસાર નામે રાજા છે. તેમજ સમુદ્ર પર્યંત પૃથ્વીરૂપી સ્ત્રીના વક્ષઃસ્થલમાં રહેલા હારની માફક તે આનંદથી વર્ત્તે છે. વળી તેજ નગરમાં બહુધનવાન કુલધર અને શ્યામલ નામે બે વાણીયાઓ રહે છે. બન્ને પોતાના અનુચરો સાથે હમ્મેશાં સાથે જ ફરે છે, કોઇપણ સમયે વિયુક્ત રહેતા નથી.

**વસંતરૂતુ.** અન્યદા શાંત પુરૂષોને પણ અશાંત બનાવનાર વસંતરૂતુ આવી. તેથી કુલધર અને શ્યામલ બન્ને પોતાના પરિવાર સહિત વસંત ખેલવા રતિસુંદર નામે ઉદ્યાનમાં ગયા. અને પોતાના મિત્રોની સ્ત્રીઓ સાથે વિવિધ ક્રીડાઓ કરવા લાગ્યા. તેટલામાં એકદમ પુર્વ દિશા તરફ બહુ જોસથી પોકાર થવા લાગ્યા,

તે સાંભળી આ શું ? આ શું ? એમ બોલતા બન્ને જણ ઝડપથી તે તરફ જતા હતા, તેવામાં ત્યાં બહુ એકઠા થયેલા માણસો તેઓના જોવામાં આવ્યા. તેઓમાંથી કેટલાક ઓષધો મંગાવતા હતા, કેટલાક આશ્વાસન કરતા હતા, વળી કેટલાક મ્હોટા પોકાર મૂકી રૂદન કરતા હતા, અને કેટલાક છાતી કુટવામાં રોકાયા હતા. આવો ભયંકર દેખાવ જોઈ કુલધર વણિકે કોઈક પુરૂષને પુછયું કે, ભાઈ ! આ સર્વ લોકોને શોક કરવાનું શું કારણ આવી પડયું છે ? ત્યારે તે બોલ્યો, હમણાંજ ધનેશ વણિકનો પુત્ર મલચંદ અહીં ક્રીડા કરવા આવ્યો હતો અને અપ્સરાઓ સાથે જેમ ઈંદ્ર તેમ તે પોતાની સ્ત્રીઓ સાથે રમતો હતો. તેવામાં ત્હેને કાળો નાગ કરડ્યો છે, જેથી આ સર્વ લોકો વિલાપ કરે છે.

**ચારણમુનિનું આગમન.**

એવામાં ઉપકારનું કારણ જાણી અનેક વિદ્યાધરો સાથે એક ચારણ શ્રમણ ત્યાં આવ્યા, એટલે કુલધર તથા શ્યામલે તેમનાં દર્શન કર્યાં પછી તેઓએ ધનેશ શ્રેષ્ઠીને કહ્યું કે આ મુનિવર સર્વ વિદ્યામાં કુશલ છે. તેમજ તે સર્વ જાણે છે. અને પોતાની ઇચ્છા પ્રમાણે આકાશમાં પણ ગમન કરે છે. માટે એમની પ્રાર્થના કરો તો તમ્હારા પુત્રને તે જલદી જીવિતદાન આપશે. તે સાંભળી શ્રેષ્ઠીએ પણ જલદી ત્યાં જઈ વિનતિ કરી જણાવ્યું કે, હે મુનીંદ્ર ! યમ સમાન ભયંકર સર્પે મ્હારા પુત્રને દંશ કર્યો છે. માટે કૃપા કરી હાલમાં મ્હને પુત્ર ભિક્ષા આપો. અને સોળ સ્ત્રીઓ સહિત એને જીવાડો. મુનીંદ્ર પોતાના આચારની અપેક્ષાએ કંઇપણ બોલ્યા નહીં. ત્યારે એક વિદ્યાધરે કહ્યું કે, હે શ્રેષ્ઠી ! આ મુનીંદ્રો મંત્ર તંત્રોથી વિરક્ત હોય છે. પરંતુ દયા જાણી હું તને ઉપદેશ આપું છું કે, ત્હારા

પુત્રને મુનિના ચરણ કમલ પાસે લાવીને ભૂમિ ઉપર મૂક, જેથી તેમના ચરણ રજના સ્પર્શથી તેનું વિષ ઉતરી જશે. શ્રેષ્ઠીએ તે પ્રમાણે કર્યું, એટલે મુનીંદ્રના પ્રભાવથી તેમજ વિદ્યાધરે ગુપ્ત સ્મરણ કરેલા વિષઘાતિ મંત્રના પ્રભાવથી સૂર્યના કિરણોથી તપેલા હિમની માફક તે વિષ વિલય પામ્યું. ત્યારબાદ નિદ્રામાંથી જાગ્રત્‌ની માફક બેઠો થઈ મલયચંદ્ર બોલ્યો, તાત! આ બધા મનુષ્યો કેમ અહીંયાં એકઠા થયા છે? વળી આ મુનીંદ્ર કોણ છે? તે સાંભળી તેના પિતાએ સર્વ વૃત્તાંત વિસ્તારપૂર્વક તેને કહી સંભળાવ્યું. એટલે મલયચંદ્ર ઉભો થઈ મુનીંદ્રના ચરણમાં નમસ્કાર કરી બોલ્યો, હે સ્વામિન્‌ ? હું વિષધર નાગના દંશથી ઘેરાયેલો હતો, છતાં મ્હને આપે જીવિતદાન આપ્યું.

**ચારણમુનિનો ઉપદેશ.**

મુનીંદ્ર બોલ્યા, અરે ! ધર્મવિમૂઢ ! ત્હારા એક સર્પનું વિષ નષ્ટ થયું. પરંતુ આઠ મદ સ્થાનરૂપી છે ફણાઓ જેની, રતિ અને અરતિરૂપી મહા ભયંકર છે જીહ્વાઓ જેની, હાસ્ય તથા ભય રૂપી જેની અતિ ભયંકર દંષ્ટ્રાઓ છે, અને જેના દંશથી આ જગતના જીવો અજ્ઞાનરૂપી વિષવડે મૂર્છિત થયા છતા પોતાનું પરમાર્થ કાર્ય કંઇ પણ જાણી શકતા નથી, એવા પ્રચંડ મોહરૂપી મહા સર્પના વિષથી હજુ તું ઘેરાયેલો છે. હવે જે પુરૂષને મોહરૂપી સર્પે દંશ દીધેલો હોય તેને કોઇ પણ પ્રકારે જો ગુરૂરાજનો યોગ મળી આવે અને તેઓ ધર્મદેશનારૂપી અમૃતની ધારાઓ તેના પર સિંચન કરે તો પણ તે બરોબર સચેતન થતો નથી. વળી જો ઉપદેશ રૂપી મંત્ર દાન તેના કાનમાં આપે તો તે મસ્તક ધુણાવે છે. પરંતુ તે સારી રીતે સાંભળતો નથી, તેમજ ભવિતવ્યતાના યોગે ઉત્કૃષ્ટ પુણ્યના પ્રભાવથીજ સદ્‌ગુરૂ રૂપ ગારૂડિકે આપેલો મંત્ર કોઇક ભવ્ય પ્રાણીના મોહરૂપી વિષને હઠાવે છે.

માટે હે મલયચંદ્ર ! હજુ પણ મોહરૂપી મહા સર્પના વિષ વેગો ત્હારા દેહમાં બહુ સ્ફુરી રહ્યા છે. તેથી હે ભદ્ર ? તેઓને ઉતારવા માટે તું યત્ન કર. ત્યારબાદ મલયચંદ્ર બોલ્યો, હે મુનિંદ્ર ? આપની કૃપાથી તે વિષ વેગો પણ સૂર્યના પ્રભાવથી અંધકારની માફક બહુ દૂર ચાલ્યા જશે, કારણ કે મોહવિષને ઉતારવામાં પણ આપ બહુ સમર્થ છો. માટે આપ કૃપા કરી ત્હેનો ઉપાય બતાવો જેથી મ્હને તે મોહવિષ પીડે નહીં. ગુરૂ બોલ્યા, પ્રથમ સારી રીતે સમ્યકત્વરૂપી મંડલ રચીને શિક્ષાબંધ કરવામાં આવશે. ત્યારબાદ મુનિ ધર્મરૂપી મહામંત્ર આપવામાં આવશે. પછી તેની વિધિ પુર્વક આરાધના કરવી. જેથી તે ત્હારા સમગ્ર મોહવિષનો ઉચ્છેદ કરશે. એ પ્રમાણે ભવ્ય દેશના આપીને પોતેજ સ્ત્રીઓ સહિત મલયચંદ્રને દીક્ષા આપી. પછી કુલધર અને શ્યામલ વણિકે પણ સમ્યકત્વ સહિત દેશ ચારિત્ર લીધું. બીજા લોકોએ પણ સમ્યકત્વ અને બીજાં વ્રત પણ લીધાં. તેમજ ધનેશશ્રેષ્ઠીએ પણ અખંડિત દેશવિરતિ લીધી. હવે મલયચંદ્ર મુનિ સહિત ગુરૂ મહારાજે અન્યત્ર વિહાર કર્યો. ત્યારબાદ કુલધર અને શ્યામલ બન્ને જણ મલયચંદ્ર મુનિની પ્રશંસા કરતા પોતપોતાને ઘેર ગયા. અને વિધિ પ્રમાણે ગૃહીધર્મ પાળવા લાગ્યા. વળી સામાયિકમાં વિશેષ પ્રયત્ન કરવા લાગ્યા. તેમજ સિદ્ધાંત શ્રવણમાં પણ હમ્મેશાં તત્પર રહે છે. વળી ગીતાર્થ ગુરૂના મુખથી સામાયિકના ગુણો સાંભળ્યા કે જેમ મુનિઓ સમભાવમાં રહી સાવદ્ય કાર્યનો ત્યાગ કરે છે અને નિરવદ્ય કાર્યનો સ્વીકાર કરે છે તેમ શ્રાવક પણ સામાયિકમાં સમ્યક્ પ્રકારે રાગ-દ્વેષનો પરિહાર કરવાથી મુનિની માફક કર્મની નિર્જરા કરે છે. અને અલ્પ કર્મ બાંધે છે. તેમજ ઈર્યા સમિતિ વિગેરે ગુણોવડે યુકત થયો છતો પરિમિત કાલનિર્ગમન કરે છે. ત્યારબાદ તેના અભ્યાસથી ચારિત્ર મોહનીય

કર્મને પણ ખપાવીને થોડા વખતમાંજ પ્રાયે સર્વ ચારિત્ર પણ મેળવે છે. એ કારણથી શ્રાવકોએ નિરંતર સામાયિક કરવું. એ પ્રમાણે ગુરૂ મુખથી ઉપદેશ સાંભળી તેઓ બન્ને જણ પ્રતિ દિવસ વિશેષ પ્રકારે સામાયિકમાં જોડાયા.

**શ્યામલનો પ્રમાદ.**

એમ કેટલોક સમય વ્યતીત થયા બાદ કર્મવશથી શ્યામલ સામાયિકમાં પ્રમાદી થયો. તેથી અપ્રતિ લેખિત અને અપ્રમાર્જીત ( અશુદ્ધ ) સ્થાનમાં પણ બેસવા લાગ્યો. વળી કાયિકાદિકને વોસરાવે છે અને અપ્રમાર્જીત સ્થંડિલ ભૂમિમાં કાયોત્સર્ગે ઉભો રહે છે. તેમજ પ્રમાર્જન કર્યા સિવાય શરીરે ખણે છે. તે જોઇ કુલધરે ત્હેને બહુ ઠપકો આપી કહ્યું કે આવી દૂષિત ક્રિયાનો તું ત્યાગ કર. કારણ કે એમ કરવાથી સામાયિકમાં અતિચાર લાગે છે. અપ્રમાર્જીત અને અનિરિક્ષિત ભૂમિમાં સ્થાનાદિક કરવાથી જો કે હિંસાનો અભાવ હોય તો પણ પ્રમાદને લીધે તે શુદ્ધ સામાયિક કરનાર ગણાય નહિ. સ્યામલ બોલ્યો, તે સમયે મ્હને પ્રતિલેખનાદિકનું કંઇ પણ સ્મરણ રહેતું નથી. તેમાં હું શું કરૂં ? પણ બાંધવ ! તું મ્હારાં છિદ્ર જુએ છે ? ત્યાર પછી કુલધરે ત્હેની ઉપેક્ષા કરી. પરંતુ શ્યામલે સામાયિકનું ફલ જાણી ત્હેનો ત્યાગ કર્યો નહીં અને તેણે દુશ્ચિષ્ટિત કાયાથી સામાયિક આચર્યું તેથી સાતિચાર સામાયિક કરી શ્યામલ મરણ પામી અલ્પ રૂદ્ધિક દેવ થયો. વળી કુલધર વણીક્ નિરતિચાર સામાયિક પાળી પર્યંતમાં અનશન વિધિ વડે કાળ કરી સૌધર્મ દેવલોકમાં ઈંદ્રનો સામાનિક દેવ થયો. પછી પોતાના મિત્રનું સ્મરણ કરી તે ત્હેની પાસે ગયો. શ્યામલ દેવ ત્હેને જોઈ પૂછવા લાગ્યો, તું કોણ છે ? હરિ સામાનિક દેવ બોલ્યો, હું ત્હારો કુલધર નામે મિત્ર છું. તે સાંભળી શ્યામલે અવધિ-

જ્ઞાનનો ઉપયોગ કર્યો જેથી પોતાના પુર્વભવનું વૃત્તાંત જાણી તેમજ કુલધરની મ્હોટી રૂદ્ધિ જોઇ પોતે ખેદ કરવા લાગ્યો. હા ! ધિક્કાર છે. મ્હને મ્હારા આ પ્રમાદનું ફલ મળ્યું. અને એને અપ્રમાદનું ફળ મળ્યું. અમે બન્ને જણે એક ગુરૂ પાસે સમ્યકત્વ અને દેશ વિરતિ વ્રત સાથે લીધું હતું છતાં આટલું અંતર થઇ ગયું. એમ બહુ ખિન્ન થઇ બોલ્યો, બાંધવ ! તે સમયે મૂઢતાને લીધે મ્હેં ત્હારો ઉપદેશ માન્યો નહીં તેનું આ ફલ મ્હારે ભોગવવું પડયું. ત્યારબાદ તે બંને જણા ત્યાંથી ચવી મહાવિદેહમાં ઉત્પન્ન થઇ સંયમ પાળીને ઉત્તમ જ્ઞાન મેળવીને ત્રીજે ભવે મોક્ષ પદ પામશે.

इति सामायिकव्रते तृतीयातिचारविपाकेश्यामलकथानकं समाप्तम्.

## वरुणश्रेष्ठीनी कथा.

### ચતુર્થ અનવસ્થાનાતિચાર.

દાનવિર્ય રાજા બોલ્યો, હે જગદ્ગુરૂ ! સામાયિક વ્રતમાં ચોથા અતિચારનું સ્વરૂ દૃષ્ટાંત સહિત કહેવાને માટે આપ કૃપા કરો. **શ્રી સુપાર્શ્વ** પ્રભુ બોલ્યા, હે ભૂમિપાલ ? જે મનુષ્ય સામાયિક ગ્રહણ કરીને તેનો મર્યાદા યુકત સમયપુર્ણ કરતો નથી અથવા તે સામાયિક વ્રતમાં સ્વેચ્છા પ્રમાણે પ્રવૃત્તિ કરે છે તે પ્રાણી વરૂણની પેઠે નરકાદિક ગતિઓમાં અનેક પ્રકારનાં દુઃખો ભોગવે છે.

જેની અંદર વિલાસ કરતી યુવતિઓના હસ્ત તથા ચર-

**વરૂણદૃષ્ટાંત**

ણુમાં સુશોભિત કંકણ અને ઝાંઝરોના મધુર શબ્દોવડે પ્રાભાતિક વાજીંત્રોના ધ્વનિસ્ખલિત થાય છે. એવું નંદિવર્ધન નામે નગર છે. તેમાં સૂર્ય સમાન પ્રતાપી સૂર નામે રાજા છે. વળી તેણે વૈરીરૂપી અંધકારનો મૂલમાંથી નાશ કર્યો છે તો પણ તે પ્રજાને ત્રાસદાયક નથી તેમજ તે નગરમાં નગરશેઠ તરીકે સુંદર નામે શ્રેષ્ઠી છે તેને વરૂણ અને ધરણ નામે બે પુત્ર છે તેઓ નીતિમાં બહુ દક્ષ છે.

**ચારણમુનિનો ઉપદેશ**

એક દિવસ તે બન્ને ભાઈઓ નદી કીનારે ક્રીડા કરતા હતા, તેટલામાં ત્યાં એકાએક ચારણમુનિ પધાર્યા. બન્ને જણે તેમને પ્રણામ કર્યો. પછી મુનિએ ધર્મલાભ પુર્વક મધુરવાણી વડે સમ્યકત્વાદિ યતિધર્મ અને ગૃહિધર્મનો વિસ્તાર પુર્વક ઉપદેશ આપ્યો. યતિધર્મમાં અશકત હોવાથી તે બન્ને જણે શ્રાવક ધર્મ અંગીકાર કર્યો. અને થોડા સમયમાં યથાર્થ જ્ઞાન મેળવી શ્રદ્ધાપુર્વક ધર્મારાધન કરવા લાગ્યા, તેમજ હમ્મેશાં સામાયિકનો નિયમ લઈ તે બંને જણ વિધિ સહિત સામાયિક લેતા હતા, તેમાંથી વરૂણ સામાયિકનો સમય બરોબર પુર્ણ કરતો અટકી ગયો. કંઈ કાર્ય પ્રસંગ આવે ત્યારે પુર્ણતાની માફક સામાયિક પાળીને ઉઠી જતો. તે જોઈ ધરણે ત્હેને શિક્ષા આપી કહ્યું કે આ પ્રમાણે કરવું ત્હને ઉચિત નથી. કારણકે સામાયિકનો સમય બે ઘડીનો છે અને આપણે ભાવ પૂર્વક તે ગુરૂ સમક્ષ ગ્રહણ કરેલું છે. છતાં તું પ્રમાદી થઈને તે બરોબર પાળતો નથી માટે ત્હને તે બહુ દુઃખદાયક થશે. તેમજ અન્યત્ર પણ કહ્યું છે કે—

विधाय नियमं यो वै, न पालयति संभ्रमात् ।
स नरो दुःखमाप्नोति, प्रतिज्ञा तस्य निष्फलम् ॥

**અર્થ**—" જે પુરૂષ-નિયમ લઇને વ્યગ્રતાને લીધે સમ્યક્ પ્રકારે તેને પાળતો નથી તે બહુ દુ:ખી થાય છે જેથી તેણે લીધેલા નિયમનું કંઈપણ ફલ મલતું નથી." વળી અનવસ્થ ચિત્તે સામાયિક ગ્રહણ કરી જે પુરૂષ તેનો સમય પૂરો થયા વિના સમાપ્ત કરે છે અથવા ઈચ્છા પ્રમાણે તેમાં અનાદરથી પ્રવૃત્તિ કરે છે તેનું સામાયિક અશુદ્ધ ગણાય છે. કારણકે ચિત્તની અનવસ્થાને લીધે આ લોકનું કાર્ય પણ સિદ્ધ થતું નથી. તે ઉપર ચાર ભટ નામે ક્ષત્રિયનું દૃષ્ટાંત છે.

**ચારભટક્ષત્રિય.**

શાલિગ્રામ નામે ગામમાં નામપ્રમાણે ગુણવાન્ શૂરનામે એક ક્ષત્રિય રહે છે. શ્રીમતી નામે યથાર્થ નામધારક તેની સ્ત્રી છે. અને ચાર ભટ નામે તેને એક પુત્ર છે. હવે તે યૌવન વયમાં આવ્યો એટલે ભીમરાજાની નોકરીમાં રહ્યો. વળી ચાર ભટનો એક મોહન નામે મિત્ર છે, તે પણ તેજ રાજાની સેવામાં રહ્યો અને ભોજનની પણ દરકાર કર્યા વગર રાજસેવામાં તત્પર થયો. હમેશાં સવારમાં ઉઠી તે બન્ને મિત્ર રાજા પાસે હાજર થતા, તેમાં ચાર ભટને એવી ટેવ હતી કે ઘડીભર બેસી નમસ્કાર કરી ચાલ્યો જતો, અને મોહન તો જ્યાંસુધી રાજા ભોજન કરી શયનગૃહમાં જાય ત્યાં સુધી તે રાજાની પાસે બેસતો, પછી ત્યાંથી ઉઠીને બહાર જઇ ભોજન કરીને ફરીથી પણ સમય પ્રમાણે રાજા પાસે હાજર થતો, આથી રાજા મોહનને તો પોતાની પાસે જ જોયા કરતો અને ચાર ભટ તો નિયમસર હાજર પણ થઈ શકતો નહોતો. તેમજ કોઇ કાર્ય પ્રસંગે ચાલ્યો જાય અને વળી ફરીથી પાછો આવી જાય, એમ ગમના ગમનમાં દિવસ પુરો કરતો હતો. એ પ્રમાણે તે બન્ને સેવકોનો તફાવત રાજાના જાણવામાં આવી ગયો.

**મોહનનું પરાક્રમ.**

એક દિવસ ભોજન કરી રાજા પલંગપર બેઠા હતો. તેવામાં અકસ્માત્ નગરની અંદર લોકોનો કોલાહલ વ્યાપી ગયો. તે સાંભળી રાજા ગભરાઇ ગયો. પણ મોહન પાસે બેઠા હતો. તેને રાજાએ આજ્ઞા કરી કે નગરમાં તપાસ કર. લોકો શાથી બૂમો પાડે છે. તત્કાલ મોહન ત્યાં ગયો તો ઘર તથા દુકાનોને ભાંગી નાંખતો અને માવત વિનાનો નિરંકુશ એવો એક હસ્તી તેના જોવામાં આવ્યો કે, તરત જ તેણે હક્કારવ કરી તે હાથીને અટકાવ્યો. પછી તેના સન્મુખ ફાલ મારી તેના મસ્તક ઉપર તે ચઢી ગયો, અને ગજશિક્ષણમાં બહુ કુશલ હોવાથી તેણે ક્ષણમાત્રમાં તેને કબજે કર્યો. તેટલામાં પ્રતીહારે રાજાને ત્યાં જઇ સર્વ વૃત્તાંત નિવેદન કર્યું. તેથી રાજા આશ્ચર્ય પામી હસ્તી પાસે આવ્યો અને હસ્તિના સ્કંધ ઉપર બેઠેલા મોહનને જોઇ રાજા વિચાર કરવા લાગ્યો કે મ્હેં એને બુમરાણની ખબર લેવા મોકલ્યો હતો. પરંતુ આ કાર્ય માટે કંઇ મોકલ્યો નહોતો છતાં એણે મોટો ઉપકાર કર્યો. એમ જાણી રાજા તેના ઉપર બહુ પ્રસન્ન થયો અને તે હાથી મોહનને ઇનામ તરીકે આપી દીધો. તેમ દેશ તથા રાજમહેલ સાથે ત્હેને મંડલિકપદે સ્થાપન કર્યો.

**ચારભટની વ્યગ્રતા.**

હવે ચારભટને ચિંતા થઇ કે અમે બન્ને જણ રાજસેવામાં સાથે રહ્યા છીએ છતાં રાજા એના ઉપર પ્રસન્ન થયો અને મ્હને તો કંઇપણ આપતો નથી. એમ જાણી તેનું મન બહુ વ્યગ્ર થઇ ગયું તોપણ પુર્વની માફક અનવસ્થપણે તે સેવામાં વળગી રહ્યો. પછી એક દિવસ મધ્યાન્હ સમયે રાજાને વિચાર થયો કે આ ચારભટને પણ કંઇક ગ્રામાદિક ગ્રાસ આપવો જોઇએ એમ જાણી દ્વારપાલને આજ્ઞા કરી કે ચારભટને અહીં

બોલાવી લાવ, દ્વારપાલે તપાસ કરી જવાબ આપ્યો કે દેવ ! તે હાલમાં ત્યાં નથી. તેમજ તેના ચિત્તનું પણ ઠેકાણું નથી. તેથી તે પ્રસાદને લાયક નથી. રાજાએ કહ્યું ત્હારૂં કહેવું સત્ય છે, કારણકે ક્ષણ માત્ર પણ તે ટકીને બેસતો નથી. ત્યારબાદ કોઇએ ત્હેને સમાચાર આપ્યા કે આજે રાજા ત્હને બોલાવતા હતા. ચારભટ બોલ્યો ભાઇ ! હું એક અગત્યના કાર્ય માટે ગયો હતો. એમ કહી પછી બે ત્રણ દિવસ સુધી તે સદોદિત રાજા પાસે બેસી રહ્યો, પણ તેનું ફલ કંઇ તેના જોવામાં આવ્યું નહીં. તેથી તે પાછો પ્રથમની માફક ગમનાગમન કરવા લાગ્યો.

**ચારભટને બક્ષિસ.**

એક દિવસ ચારભટને મોહને કહ્યું કે બાંધવ ! રાજસેવામાં તું નિયમસર રહેતો નથી હવે જો તું સ્થિર ચિત્તે નિરંતર લાગ્યો રહીશ તો ત્હને સેવાનું ફલ મળશે. ચારભટ બોલ્યો, આપણો સ્નેહ અસાધારણ છે. તેનો તું વિચાર કર. અને રાજાને કંઈક સમજાવ, જેથી મ્હારી ઉપર પ્રસન્ન થાય. ત્હારા કહેવાથી જરૂર મ્હારૂં કામ થશે. ત્યારબાદ મોહને રાજાને જણાવ્યું, પ્રભો ! ચારભટ ઘણાદિવસથી આપની સેવા કરે છે, માટે તેની ઉપર કંઇક પણ દયા કરવી જોઇએ. કારણકે તે બહુ દુઃખી છે અને આપ દયા નહીં કરો તો તે બીજા કોને ત્યાં જશે ? આ પ્રમાણે મોહનના આગ્રહથી ચારભટને પણ એક ગામ આપ્યું. માટે આ પ્રમાણે સમજીને હે વરૂણ ? તું પણ સામાયિકમાં સ્થિર ચિત્તે ધ્યાન કર અને સામાયિક પાળવામાં અપ્રમાદી થઇશ તો સ્વર્ગ અને મોક્ષનું સુખ પણ તને સુલભ થશે. એમ કહી ધરણ મૌન રહ્યો. પછી વરૂણ બોલ્યો ત્હારૂં કહેવું સત્ય છે. પરંતુ કર્મવશને લીધે હું સામાયિકમાં સ્થિર રહી શકતો નથી. તો હવે મ્હારે શું કરવું ? તેમાં મ્હારો કોઇ ઉપાય ચાલતો નથી. તેમજ સામાયિકનો

ત્યાગ કરવો તે પણ મ્હારૂં મન કબુલ કરતું નથી. ગમે તેમ કરીને પણ સામાયિક લીધા વિના તો નહી રહું. માટે ત્હારી શિખામણ મ્હને લાગવાની નથી. એમ કહી ફરીથી પણ તે પોતાનો નિયમ ચલાવતો હતો. તેવામાં આયુષ પુર્ણ થવાથી કાળ કરી જ્યોતિષિક દેવોમાં ઉત્પન્ન થયો. અને ત્યાંથી ચ્યવી બહુ કાલ સંસાર ભ્રમણ કરશે. હવે ધરણ શ્રાવકે બહુ સમય નિરતિચાર સામાયિક પાળીને વિધિ પુર્વક દેહનો ત્યાગ કરી ઈશાન દેવલોકમાં સુરેંદ્ર થયો. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં ચારિત્ર પાળી સિદ્ધ થશે. માટે હે ભવ્ય પ્રાણીઓ! સામાયિક વ્રત પાળવામાં નિરંતર તમારે યત્ન કરવો.

इति चतुर्थातिचारविपाके वरुणकथानकं समाप्तम् ॥

## सोमवणिकनी कथा.

### પંચમસ્મૃતિવિહીનતાતિચાર.

દાનવિર્ય રાજા બહુ જીજ્ઞાસુ હોવાથી ફરીથી પ્રશ્ન કર્યો, હે જગત્પાલક! આપ સચરાચર પ્રાણીઓના ઉદ્ધારક છો માટે કૃપા કરી હવે પાંચમા અતિચારનું લક્ષણ દૃષ્ટાંત સહિત કહો. શ્રી સુપાર્શ્વ પ્રભુ બોલ્યા, હે ભૂપતિ! જે ભવ્યાત્મા ચિત્તની શૂન્યતાને લીધે ગ્રહણ કરેલું સામાયિક શૂન્યચિત્તે પાળે છે તે શૂન્યદશામાં રહેલા સોમ વણિકની માફક અલ્પ ફળ મેળવે છે. જેમકે—આ ભરત ક્ષેત્રમાં ગુરૂ (સદ્ગુરૂ) બુધ, (પંડિત) શુક્ર (કવિઓ) અને ચંદ્ર (બ્રાહ્મણ ક્ષત્રિય અને વૈશ્ય) વડે વિરાજીત આકાશની માફક સુશોભિત કાંપિલ્ય નામે નગર છે. પોતાના પરાક્રમ વડે સર્વ લોકમાં પ્રસિદ્ધ પામેલો જયપાલ નામે રાજા તેમાં રાજ્ય કરે છે. બહુ

ગુણવાન્ પ્રિયકાંતા નામે તેની સ્ત્રી છે. તેમજ તે નગરમાં વણિક જનોમાં મુખ્ય સુમતિ નામે શ્રેષ્ઠી છે. સુલસા નામે તેની સ્ત્રી છે. બંધુ રૂપ કુમુદ વનમાં ચંદ્ર સમાન સોમ નામે તેમને એક પુત્ર છે. વળી કુમત રૂપી વનમાં નિત્ય ભ્રમણ કરતો એવો તે સોમ એક દિવસ સમંતભદ્ર ભટ્ટને ત્યાં ગયો. અને ભટ્ટના ચરણમાં પ્રણામ કરી તે બોલ્યો, ગુરૂજી ! કંઈક નવીન કથા વાર્તા આજે મ્હને સંભળાવો તો બહુ સારૂં.

ઉચિત ધર્માનુયાયી તે બ્રાહ્મણે કથાનો પ્રારંભ કર્યો. ગિરિદુર્ગ નામે નગરમાં એક બ્રાહ્મણ રહેતો હતો,

**એકનવીનકથા.**

તે વિષયભોગથી પરાઙ્મુખ થઇ તીર્થયાત્રાઓ કરતો હતો. તેવામાં કોઈક દિવસે ફરતો ફરતો સુકોમલ પલ્લવોથી ઢંકાઈ ગયા છે સર્વ ભૂમિ ભાગ જેના એવા એક વનની કુંજમાં તે જઇ પહોંચ્યો. તેટલામાં ત્હેને બહુ જ તૃષા લાગી. જેથી કંઠ તથા ઓઠ સુકાઈ ગયા. તેથી તે પાણી માટે આમતેમ ફાંફાં મારવા મંડી ગયો. એવામાં બહુ વેલીઓથી આછાદિત એક અંધ કૂવો તેની નજરે પડ્યો. પછી જળની આશાથી તેના કાંઠા ઉપર તે ગયો. અને લાંબી વેલીઓની દોરી બનાવી પોતાની તુંબડી બાંધીને કુવામાં પાશી. એટલે અંદર રહેલો એક નાનો બાળક દોરીને વળગી પડ્યો. પછી બ્રાહ્મણે તેને બહાર કાઢ્યો. તે બાલકે પોતાનો ઉપકારી જાણી બ્રાહ્મણને નમસ્કાર કર્યો. પછી વિપ્ર બોલ્યો, તું કોણ છે ? અને આ કૂવામાં શામાટે પડ્યો હતો ? ત્યારબાદ તે બાળક બોલ્યો, મથુરા નગરીના માળીનો હું પુત્ર છું અને રાજઉદ્યાનમાં હું રમતો હતો, ત્યાંથી એક ચોર મ્હને ઉપાડીને અહીં લાવ્યો. પછી વાઘના ભયથી અમે બન્ને જણ આ કૂવામાં પડ્યા. તેમજ તૃષાથી પીડાયેલો એક સોની અને ગારૂડિક પણ

આ કૂવામાં પડ્યા છે. તેઓ પણ હજુ અંદર છે. માત્ર મ્હારો આપે ઉદ્ધાર કર્યો. તે સાંભળી પરોપકાર સમજી બ્રાહ્મણે ફરીથી દોરી પાસી એટલે ગારૂડિક પણ નીકળ્યો. એમ અનુક્રમે સર્વને બહાર કાઢ્યા. પછી તેઓ બ્રાહ્મણને નમસ્કાર કરી બોલ્યા, અમારા પિતા અને ગુરૂ પણ તમેજ છો. કારણકે અમને જીવિતદાન આપે આપ્યું છે. વળી હે વિદ્વન્ ? અમે સર્વે મથુરાના રહીશ છીએ અને અમારાં નામ પણ પ્રસિદ્ધ છે. તેથી તીર્થયાત્રા માટે તમ્હારે જરૂર ત્યાં આવવું. જેથી તમ્હારો કંઈ પણ ઉપકાર કરી અમે આપના દેવામાંથી છુટીએ. પરંતુ પ્રાણદાતાઓનો ઉપકાર કરવો બહુ દુષ્કર છે. ત્યારબાદ વિપ્ર બોલ્યો, હે ચોર ! આ બાળકને પોતાના માબાપનો જલદી મેળાપ થાય તેવી ગોઠવણ ત્હારે કરવી. જરૂર હું પહોંચાડી દઈશ એમ કહી ચોર ત્યાંથી વિદાય થયો. તેમજ સોની વિગેરે પણ પોતપોતાના સ્થાનમાં ગયા.

**બાળકે કરેલો ઉપકાર.**

કેટલોક સમય વ્યતીત થયા બાદ તે વિપ્ર મથુરામાં ગયો. અનેક પ્રકારનાં મનોહર ફલ, પુષ્પોના ભારથી નમી ગયેલાં સુંદર વૃક્ષો જેમાં રહેલાં છે એવા ઉદ્યાનની છાયામાં વિશ્રાંતિ માટે તે બેઠો હતો. તેવામા તેજ માળીનો પુત્ર ત્યાં આવ્યો અને તે બ્રાહ્મણને જોઈ બહુજ ખુશી થયો. પછી નમસ્કાર કરી નારંગી, કેળાં, દ્રાક્ષ, અને દાડિમ વિગેરે લાવીને તેને ફલાહાર કરાવ્યું, પછી ઉદ્યાનની અંદર પોતાના સ્થાનમાં તેને લઈ ગયો. ત્યારબાદ તેણે ચોરને ત્યાં બ્રાહ્મણના આગમનના સમાચાર મોકલાવ્યા. સમાચાર મળતાની સાથે ચોર પણ વિપ્ર પાસે આવ્યો અને પ્રણામ કરી ત્હેને એકાંતમાં લઈ ગયો. પછી રાજાનાં બહુ કિંમતી આભરણો ચોરીમાં

લાવેલો હતો તે સર્વે બ્રાહ્મણને આપ્યાં. ત્યારબાદ તે વિપ્રે સોનીનું ઘર પૂછી તેના ઘેર ગયો. તે સોની પોતે દુકાનમાં ઘડતો હતો. તેની પાસે જઇ વિપ્ર બોલ્યો, ભાઇ ! કેમ તમે મ્હને ઓળખો છો ? સોની બોલ્યો ખરેખર મ્હને સ્મૃતિ નથી. તમને કુવામાંથી જેણે બહાર કાઢ્યા તેજ હું પોતે. પછી તે ઉભો થઇ સંભ્રમ પૂર્વક પોતાનું આસન આપી મધુર વચન બોલવા લાગ્યો. ત્યારબાદ બ્રાહ્મણે એકાંતમાં જઇ સોનીને આભરણ બતાવ્યાં. અને કહ્યું કે આ વેચવાનાં છે. માટે જે કિંમત આવે તે મ્હને આપો અને તમે પણ તમારી મહેનત જેટલું કંઇક લ્યો.

**કૃતઘ્ન સોની.** હવે સોની સર્વ ઘરેણું લઇ બજાર તરફ નીકળ્યો. અને બ્રાહ્મણ પણ સ્નાન માટે યમુના ઉપર ગયો. સોની જેટલામાં ઝવેરીની દુકાને જતો હતો તેટલામાં ત્યાં પટહઘોષણા સાંભળી કે રાજકુમારને મારી નાંખી તેનાં આભરણ ચોરી લેનાર ચોરને જે કોઇ રાજાની આગળ જાહેર કરશે તેને રાજા તરફથી લાખ સોનૈયા આપવામાં આવશે. એમ સાંભળી સોની વિચાર કરવા લાગ્યો. આ અલંકાર રાજકુમારના છે અને આ મ્હારાજ ઘડેલા છે માટે આ અલંકાર રાજાને આપી લક્ષ સોનૈયા લેવા ઠીક છે. પરંતુ હવે આ બ્રાહ્મણનો મ્હારે શો ખપ છે ? એમ નિશ્ચય કરી તે રાજા પાસે ગયો અને સર્વ વૃત્તાંત કહ્યું. રાજાએ પૂછ્યું, તે વિપ્ર ક્યાં છે ? સોની બોલ્યો, તે તો યમુના ઉપર સ્નાન કરવા ગયો છે. રાજા બોલ્યો, આ સીપાઇઓને લઇ તું ત્યાં જા અને એને બતાવ. સોની પણ દૂર ઉભો રહીને યમુનાના પ્રવાહમાં વેદાધ્યયન કરતા તે વિપ્રને બતાવી પોતે રસ્તે પડ્યો. પછી સીપાઇઓએ તેને અવળા હાથ બાંધીને રાજાની

આગળ હાજર કર્યો. ત્યારબાદ રાજાએ સોનીને પુછયું મ્હારા કુમારને મારનાર આ માણુસ છે ? અને એનાં આભરણુ પણ એણે ત્હને આપેલાં છે ? સોની બોલ્યો, હે રાજન્ ! હા એણે જ મ્હને આપ્યાં છે એ વાત સત્ય છે. પછી રાણીઓ બ્રાહ્મણુને જોઇ દુ:ખથી બહુ વિલાપ કરવા લાગી. રાજા પણ તેઓના વિલાપથી બહુ દુ:ખી થઇ ગયો. છેવટે પોતે ધૈર્ય રાખી રાણીઓને શાંત કરી ત્યારબાદ રાજાએ પંડિત બ્રાહ્મણોને બોલાવીને કહ્યું કે આ બ્રાહ્મણને કંઇક યોગ્ય દંડ બતાવો. પંડિતો બોલ્યા, હે નરાધીશ ! જો કે કુમારનો ઘાત કરનાર અને સોનાની ચોરી કરનાર આ બ્રાહ્મણમાં આભાસ માત્ર વિપ્રપણું દેખાય છે તો પણ તેનો વધ કરવો ઉચિત છે, તે સાંભળી રાજાએ બ્રાહ્મણને વધ્યસ્થાને લઇ જવાની આજ્ઞા આપી.

**ગારૂડિકનો પ્રત્યુપકાર.**

ત્યારબાદ બ્રાહ્મણુના કંઠમાં લાલ પુષ્પોની માળા પહેરાવી તેને ગધેડા ઉપર બેસાર્યો. અને બજારમાં વાજીંત્રોના મ્હોટા નાદ સાથે તેને ફેરવવા કાઢયો તે વખતે તે બ્રાહ્મણ એક ગાથા પોતાના મુખે બોલતો હતો કે—

नस्यन्ति गुणशतान्यपि, पुरुषाणामगुणवत्सु पुरुषेषु ।
अञ्जनगिरिशिखरेष्विव, निशासु चन्द्रांशवः पतिताः ॥

અર્થ—“ અંજનગિરિના શિખરો ઉપર પડેલા ચંદ્રના કિરણોની માફક ગુણ રહિત પુરૂષોને વિષે સત્પુરૂષોના સેંકડોગુણો પણ વિનષ્ટ થાય છે. ” હવે આવી અવસ્થામાં પડેલો તે બ્રાહ્મણ ગારૂડિકના જોવામાં આવ્યો. અહો ! આ બ્રાહ્મણ મ્હારો પરમ ઉપકારી છે, માટે જરૂર મ્હારે પ્રત્યુપકાર કરવો જોઇએ. એમ જાણી સિદ્ધ વિદ્યાવાળા તે ગારૂડિકે અકસ્માત્ રાજકુમારીને સર્પ

કરડાવ્યો અને તરતજ તે મૂર્છિત થઇ ભૂમિ ઉપર પડી. તે જોઇ લોકોમાં હાહાકાર થઇ ગયો કે રાજાની પુત્રીને સર્પ કરડયો તે વાત સાંભળીને રાજા પણ ત્યાં આવ્યો અને એક શ્લોક બોલ્યો કે—

एकस्य दुःखस्य नयावदन्तं, गच्छाम्यहं पारमिवार्णवस्य ।
तावद् द्वितीयं समुपस्थितं मे, छिद्रेष्वनर्था बहुलीभवन्ति ॥

અર્થ—" સમુદ્રના અંતની માફક હજુ એક દુઃખનો અંત હું પામ્યો નથી તેટલામાં આ બીજું દુઃખ આવી પડયું. અહો દૈવની વિચિત્ર ગતિ છે કે છિદ્રોમાં [ દુઃખના સમયમાં ] અનેક અનર્થો આવી પડે છે. " એમ વિચાર કરી રાજાએ નગરમાં પટહ વગડાવીને સર્વ ગારૂડિકોને બોલાવ્યાં, અને જાહેર કર્યું કે, જે રાજકુમારીને સજીવન કરશે ત્હેને લક્ષ સોનૈયા આપવામાં આવશે. એ પ્રમાણે પટહનાદ સાંભળી પેલો ગારૂડિક નગારાનો સ્પર્શ કરી બહુ ખુશી થઇ રાજા પાસે ગયો, અને તેણે કહ્યું કે, હે નરેંદ્ર ! આપની પુત્રીને હું સજીવન કરીશ એમાં કંઇ પણ સંશય નથી. પરંતુ જે બ્રાહ્મણને ગધેડા ઉપર બેસારી વધ્યસ્થાનમાં લઇ જવાય છે તે બ્રાહ્મણ શુદ્ધ છે માટે તેને મુક્ત કરાવો. રાજાએ તત્કાલ બ્રાહ્મણને પોતાની પાસે બોલાવ્યો અને તેણે પણ મૂળથી આરંભી સર્વ હકીકત રાજાની આંગળ નિવેદન કરી.

**દયાળુ બ્રાહ્મણ.**

ત્યારબાદ ગારૂડિકે પણ ક્ષણાર્ધમાં મંત્રના પ્રભાવથી કુમારીને સજીવન કરી પછી રાજા પણ બહુ સંતુષ્ટ થયો અને સોનીનું વૃત્તાંત જાણી બોલ્યો કે—

उपकारिणि विश्रब्धे, आर्यजने यः समाचरति पापम् ।
तं जनमसत्यसंधं, भगवति ? वसुधे ? कथं वहसि ॥

અર્થ—" ઉપકારી અને વિશ્વાસી એવા સજ્જન ઉપર જે

પુરૂષ પાપ આચરણ કરે છે તેવા અધમ પુરૂષને પૂજ્ય એવી હે પૃથ્વી દેવી ! તું શામાટે ધારણ કરે છે ? ” એમ વિચાર કરી રાજાએ તત્કાલ સોનીને પોતાની પાસે પકડાવી મંગાવ્યો અને કબજે કર્યો. પછી ગારૂડિકને લાખ સોનૈયા આપી વિદાય કર્યો. બ્રાહ્મણને પણ ક્ષમાપૂર્વક બહુ દ્રવ્યથી સત્કાર કરી રાજાએ કહ્યું કે, અન્ય કંઇ પણ મારા લાયક કાર્ય હોય તો કહેવું. બ્રાહ્મણ બોલ્યો, હે રાજન્ ! ખરૂં કાર્ય મારે એટલું છે કે આ સોનીને છોડી મૂકો. કારણકે એ મારો મોટો ઉપકારી છે. એણે જો આ પ્રમાણે ન કર્યું હોત તો આપનું દર્શન મને ક્યાંથી થાત ? તે સાંભળી રાજાએ સુભાષિત વચન કહ્યાં કે—

उपकारिणि वीतमत्सरे वा, सदयत्वं यदि तत्र कोऽतिरेकः ।
अहिते सहसाऽपराधलब्धे, सघृणं यस्य मनः सतां स धुर्यः ॥

અર્થ—“ઉપકારી અથવા માત્સર્ય રહિત પુરૂષ ઉપર જે દયા કરવી તેમાં શી વડાઈ ! પરંતુ અકસ્માત્ અપરાધકારી શત્રુ ઉપર જેના હૃદયમાં દયા ઉત્પન્ન થાય તે પુરૂષ સજ્જનોમાં અગ્રણી ગણાય છે.” તેમજ વળી કહ્યું છે કે—

प्रत्युपकुर्वन् पूर्वं, कृतोपकारोऽपि लज्जयति चेतः ।
यस्तु विहितापकारा—दुपकारः सोऽधिको मृत्योः ॥

અર્થ—“ પ્રથમ ઉપકાર કર્યો હોય છતાં પણ જે પ્રત્યુપકાર કરતાં હૃદયમાં લજ્જા ઉત્પન્ન કરે છે તે ઉપકાર અપકાર કરનાર મૃત્યુથી પણ અધિક ગણાય છે. ” એમ વિપ્રની બહુ પ્રશંસા કરી રાજાએ સોનીને જીવિતદાન આપી છોડી દીધો. પરંતુ એની પાસેથી સર્વ દ્રવ્ય લુંટી લઇ તેને પોતાના દેશમાંથી કાઢી મૂકયો. વળી ગારૂડિકે સુવર્ણાદિક જે લક્ષ્મી રાજા પાસેથી મેળવી હતી તે સર્વ પરોપકારી જાણી બ્રાહ્મણને અર્પણ કરી અને તેણે કહ્યુંકે—

प्रत्युपकुर्वन्बह्वपि, न भवति पूर्वोपकारिणा तुल्यः ।
एकोऽनुकरोति कृतं, निष्कारणमेव कुरुतेऽन्यः ॥

અર્થ—" પ્રત્યુપકારને કરતો છતો પણ પુરૂષ પ્રથમ ઉપકાર કરનાર પુરૂષની તુલનાને પામતો નથી. કારણકે પ્રત્યુપકારી ઉપકાર કર્યા બાદ તેનું અનુકરણ કરે છે, અને ઉપકારી તો કારણ સિવાય પ્રવૃત્ત થાય છે. " માટે તમે મારા નિષ્કારણ મોટા ઉપકારી છો અને મારી પાસે તેવી કોઇપણ વસ્તુ નથી કે જેથી હું આપની સેવા કરી રૂણમુક્ત થાઉં. શાસ્ત્રમાં પણ તે પ્રમાણ કહ્યું છે કે પ્રાણદાતાઓનું રૂણ વાળવું બહુ દુષ્કર છે. એમ કેટલીક પ્રાર્થના કરી તેને પ્રણામ કરી, તેમજ પોતાને ઘેર કેટલાક દિવસ રાખીને પછી વિદાય કર્યો. તેજ પોતે શ્વેતાંબર ભિક્ષુકરૂપે હાલ અહીં આવ્યા છે અને આજે મ્હેં તેમને ઉદ્યાનમાં જોયા છે. વળી તેમણે પોતાનું ચરિત્ર ત્યાંના રહિશ લોકોની આગળ જાહેર કર્યું છે. સોમ બોલ્યો, હે મિત્ર ! શા કારણથી ત્હેને જૈનદીક્ષા લેવી પડી ! સમંતભદ્ર બોલ્યો, એ સંબંધી મ્હેં કંઇપણ પૂછ્યું નથી. ચાલ ! તું આવે છે ! આપણે બન્ને ત્યાં જઇ તે કારણ પણ પૂછી જોઇએ. એમ વિચાર કરી બન્ને જણ ઉદ્યાનમાં મુનીંદ્ર પાસે ગયા. નમસ્કાર કરી સોમ બોલ્યો, હે મુનીંદ્ર ! આપને દીક્ષા ગ્રહણ કરવામાં મુખ્ય શું કારણ ?

**મુનિચરિત્ર.**

મુનિ બોલ્યા, હે સોમ ! મથુરાનો રહીશ એક સોની મ્હારા વ્રત ગ્રહણમાં નિમિત્ત કારણ છે. એમ કહી તેમણે ફરીથી પ્રથમની માફક તે સોનીનું ચરિત્ર કહ્યું અને વિશેષમાં મુનિએ કહ્યું કે તે સોનીને રાજાએ દેશનીકાલની આજ્ઞા કરી હતી. ત્યારબાદ તે સોની ફરતો ફરતો કોઈક નગરની પાસમાં ગયો, ત્યાં ધ્યાનમાં

બેઠેલા એક મુનીંદ્ર તેના જોવામાં આવ્યા. પછી તે મુનિને નમસ્કાર કરી નીચે બેઠો. મુનિએ પોતાનું ધ્યાન સમાપ્ત કરી તેને જૈનધર્મનો ઉપદેશ આપ્યો. તેથી વિશુદ્ધ પરિણામને લીધે પ્રબુદ્ધ થઇ તે સોનીએ જૈન દીક્ષા લીધી. ત્યારબાદ પોતાના ગુરૂ પાસેથી બન્ને પ્રકારની શિક્ષા ગ્રહણ કરી, એકાકી વિહાર પ્રતિમાનો સ્વીકાર કરી વિચરતા એવા તે મુનિએ મથુરામાંથી પાછો વળતાં મ્હને જોયો. હવે તે સોનિ મુનિએ, પ્રત્યુપકારની બુદ્ધિએ પ્રથમ કરેલા દુષ્કૃતની શાંતિ માટે મ્હને દીક્ષા આપી. તેમજ પ્રતિબોધ આપી બન્ને પ્રકારની શિક્ષામાં મને બહુ કુશળ કર્યો. પછી એકાકી વિહાર પ્રતિમાનો સ્વીકાર કરી વિહાર કરતો હું અહીં આવ્યો છું, આ પ્રમાણે મ્હારૂં ચરિત્ર મ્હેં તમને સંભળાવ્યું. માટે હે મહાનુભાવો! લૌકિક તીર્થોમાં ભ્રમણ કરતા મ્હેં બહુ પુણ્યથી પરમ પવિત્ર એવું આ ઉત્તમ મુનિતીર્થ પ્રાપ્ત કર્યું છે. અને તેના પ્રભાવથી હું ઘોર સંસારસાગર તરી ગયો છું. માટે તમારે પણ જૈન ધર્મમાં ખાસ ઉદ્યમ કરવો. તેમજ જીનેંદ્ર ભગવાનની ભક્તિ, સમગ્ર જીવો ઉપર મૈત્રી ભાવ, ગુરૂ ઉપદેશમાં શ્રદ્ધા, શીલવંત જનો ઉપર પ્રેમભાવ, ધર્મ શ્રવણ કરવામાં બુદ્ધિ, પરોપકારમાં લક્ષ્મી, પરલોકનાં કાર્યસાધનમાં હૃદયભાવના અને ધર્મને માટે જ જન્મ કોઈ મહા પુણ્યવંતને જ પ્રાપ્ત થાય છે. વળી હે ભવ્યાત્માઓ! દુર્લભ એવો આ મનુષ્ય ભવ પામીને પણ ધર્મ સંબંધિ નાના પ્રકારના ગુણ વિનાના જે મનુષ્યોના દિવસો જાય છે તે તેઓનો સમય નિષ્ફલજ જાણવો. તેમજ તેઓની ઉત્પત્તિ જ ન થાય તે ઉત્તમ ગણાય. ધર્મ ગુણ રહિત થઇ જેઓ પોતાનો જન્મ નિષ્ફલ ગણાવે છે તેઓ કરતાં અરણ્યવાસી પશુઓ ઉત્તમ ગણાય છે. વળી જે મહાનુભાવ પુરૂષોનું ભાવિ કલ્યાણ નજીકમાં હોય છે તેઓના દિવસો ધર્મ પ્રવૃત્તિમાંજ ચાલ્યા જાય છે. અને તેઓજ

ધન્યવાદને લાયક થાય છે તથા પુન્યના પાત્ર પણ તેઓજ ગણાય છે. વળી ધર્મકાર્યમાં ઉદ્યુક્ત થયેલા જેઓની બુદ્ધિ પાપકાર્યમાં પ્રવૃત્ત થતી નથી તે પુણ્યશાલી જનોનું જીવિત સફલ ગણાય છે. તે સાંભળી સોમ બોલ્યો, હે મુનીંદ્ર ! જૈન ધર્મના કેટલા ભેદ છે ? મુનિ બોલ્યા, યતિ અને ગૃહિ ધર્મના ભેદથી તે બે પ્રકારે ગણાય છે. એમ કહી મુનિએ તે બન્ને ધર્મનું સ્વરૂપ વિસ્તાર પુર્વક કહ્યું. ત્યારબાદ સંમતભદ્ર સહિત સોમશ્રેષ્ઠીએ સમ્યકત્વ સહિત શ્રાવક ધર્મનો સ્વીકાર કર્યો. તેમજ તે બન્ને જણે હમ્મેશાં સામાયિકનો અભિગ્રહ લીધો. તેજ પ્રમાણે નિરંતર સામાયિક કરવા લાગ્યા અને શ્રાવક ધર્મમાં બહુ રાગી થયા.

**સોમશ્રેષ્ઠીનો પ્રમાદ.**

ત્યારબાદ સોમશ્રેષ્ઠીએ વેપારમાં લોકોને ઉધારે બહુ દ્રવ્ય ધીર્યું પછી લોકો તે ધન લઈને અન્ય દેશમાં ચાલ્યા ગયા. તેથી સોમ વણિક્ બહુ ચિંતાતુર થઇ ગયો. તેમ છતાં તે હમ્મેશાં જીન મંદિરમાં દર્શન કરવા જાય છે. સામાયિક પણ નિરંતર કરે છે. પરંતુ બેભાનપણાને લીધે આજે મ્હેં સામાયિક લીધું કે નહીં ? અથવા સામાયિક ક્યારે કરવું ? તે પણ બરોબર જાણતો નથી. આ પ્રમાણે ત્હેની સ્થિતિ જોઇ સંમતભદ્ર વિપ્ર બોલ્યો, હે સોમ ! આ પ્રમાણે સામાયિકમાં બેભાનપણું રાખવું ત્હને ઉચિત નથી. તેજ પ્રમાણે આગમમાં પણ કહ્યું છે કે સામાયિક ક્યારે કરવું ? અથવા કર્યું કે નહીં તેવી સ્મૃતિ જે પુરૂષને ન રહેતી હોય તેનું લીધેલું પણ સામાયિક નિષ્ફલ જાણવું. સોમ બોલ્યો, હે બંધુ ! જ્યારથી મ્હારી લક્ષ્મીનો નાશ થયો છે તે દિવસથી હું શૂન્ય થઇ ગયો છું. એ મહા ખેદની વાત છે. હવે હું શું કરૂં ? કારણકે ધનરહિત પુરૂષ ક્ષણમાત્રમાં અપશબ્દોનું પાત્ર બને છે. તેમજ કૂટકવિઓના

પ્રબંધની માફક તેની ઉપર અનેક પ્રકારના ઉપસર્ગો આવી પડે છે. વળી કેટલાક મહા સત્ત્વધારી પુરૂષો સુરેંદ્રની લક્ષ્મીને પણ પોતાને સ્વાધીન કરવા ઈચ્છે છે અને કેટલાક તો પિત્રોપાર્જીત લક્ષ્મીનું પણ રક્ષણ કરવા અશકત હોય છે. સમંત ભદ્રક બોલ્યો, હે સોમ! આ પ્રમાણે ત્હારે ખેદ કરવાનું કંઈપણ કારણ નથી. અહો! આ સંસારમાં દરેક વસ્તુ ક્ષણમાત્રમાં દૃષ્ટ અને વિનષ્ટ થાય છે. તે પ્રત્યક્ષપણે દેખવામાં આવે છે. તે માટે કહ્યું છે કે—

पटुतरपवनवशाकुलित—कुवलयदलतरलानि ।
जीवितयौवनयुवति—जनधनलवलाभसुखानि ॥

અર્થ—" પ્રચંડ પવનના વેગથી કંપાયમાન કમલપત્રની માફક અતિ ચંચલ જીવિત, યૌવન, સ્ત્રી અને લક્ષ્મીના લેશ માત્ર લાભ સંબંધી સુખો, અસ્થિર જાણવાં " એમ સમજી હે ધીર પુરૂષ ! તું ધૈર્યનું અવલંબન કર. વિશેષ પ્રકારે ધર્મમાં ઉદ્યુક્ત થા. તેમજ સામાયિકવ્રતમાં મનને સારી રીતે સ્થિર કર. વળી લક્ષ્મીનો નાશ થવાથી અધમ પુરૂષો ખિન્ન થઈ રૂદન કરે છે. તેમજ વારંવાર તેનું સ્મરણ કરી વિલાપ કરે છે. અને બહુ વિષાદ પણ પામે છે. પરંતુ ક્ષણમાં નાશ પામે તેવા ધન માટે ચારિત્રધારી સત્પુરૂષો તેમ કરતા નથી. પવનથી દોલાયમાન કમલપત્રની માફક લક્ષ્મી વિલાસ બહુ ચંચલ છે એમ જાણી સત્પુરૂષો ક્ષણમાત્રમાં લક્ષ્મીને સત્પાત્રોને સ્વાધીન કરે છે. વિગેરે ઉપદેશામૃતથી બહુ સિંચન કર્યું તોપણ તે મહા પુરૂષ શૂન્ય ચિત્તે સામાયિક વિગેરે ધર્માનુષ્ઠાન કરે છે. અનુક્રમે કર્મવશ થયો છતો પર્યંતમાં મરણ પામી જ્યોતિષિકમાં ઉત્પન્ન થયો અને બહુ અલ્પ સુખ પામ્યો. વળી સમંતભદ્ર વિપ્ર વિધિ પ્રમાણે શ્રાવકધર્મની આરાધના કરી સામાયિકવ્રતના પ્રભાવથી સમાધિ

પૂર્વક મરણ સાધી સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયો. પછી ત્યાંથી નીકળી આ ભરતક્ષેત્રમાં કુસુમપુર નગરમાં દીક્ષા વ્રત ગ્રહણ કરી સર્વ કર્મનો ક્ષય કરી સિદ્ધપદ પામશે. માટે હે ભવ્ય-પ્રાણીઓ ! વિશેષ પ્રકારે સામાયિકવ્રતમાં તમે ઉદ્યુક્ત થાઓ. વળી પાંચ દોષ રહિત સ્થિર ચિત્તે જે સામાયિક કરે છે તે પુરૂષ દેવતાઓને પણ નિરંતર વંદનીય થાય છે. વળી શાંત થયાં છે પાપ જેમનાં, તેમજ ઉત્તમ સ્વભાવવાળા અને શુભભાવથી ઉલ્લાસ પામતા એવા સામાયિકધારી શ્રાવકો પણ મુનિઓની માફક પૂજનીય થાય છે.

**इतिसामायिकव्रते पञ्चमातिचारविपाके सोमकथानकं समाप्तम् ।**

तत्समाप्तौ श्रीमल्लक्ष्मणगणिविरचितप्राकृतपद्यबन्धश्रीसुपार्श्वनाथजिन-
चरित्रस्य श्रीसकलसूरिपुरन्दरायमाणपरमगुरुतपागच्छाधिराजशा-
स्त्रविशारदजैनाचार्ययोगनिष्ठाध्यात्मज्ञानदिवाकरश्रीमद्बुद्धि-
सागरसूरिशिष्यप्रसिद्धवक्तेति लब्धख्याति, व्याख्यान-
कोविद जैनाचार्य श्रीमद् अजितसागरसूरिकृतगुर्जर-
भाषानुवादे प्रभुदेशनाप्रबन्धे सदृष्टान्तातिचारव्या-
ख्योपेतं सामायिकनामप्रथमशिक्षाव्रतं समाप्तम् ॥

# શંખકુમારની કથા.

## દેશાવકાશિકવ્રત.

દાન વિષે રાજા સંતુષ્ટ થઈ બોલ્યો, હે જગદ્ગુરૂ ! હવે દેશાવકાશિક વ્રતનો મહિમા તથા તેનું સ્વરૂપ દષ્ટાંત સહિત અમને સંભળાવો. શ્રી સુપાર્શ્વ પ્રભુ બોલ્યા, હે ભૂપાલ ! વિસ્તાર સહિત એવાં પણ દરેક વ્રતોના ગ્રહણ કરેલા નિયમનો પ્રાયે જે સંક્ષેપ કરવામાં આવે તેને દેશાવકાશિકવ્રત કહ્યું છે. હવે દરેક ક્ષણે સાવધાન થઇ શુદ્ધતાપૂર્વક જે દેશાવકાશિક વ્રત પાળે છે તે મનુષ્ય શંખની પેઠે સુર, અસુર અને મનુષ્યોને પૂજનીય થાય છે.

**શંખદષ્ટાંત.**

બહુદલ ( સ્થૂલતા–વિભાગો ) વડે મનોહર, તેમજ સુંદર આકૃતિમાં ગોળાકાર, સુરાલયની સંપત્તિને અનુસરતી અને મધુર છે નાદ જેનો ( જેને વિષે ) એવી વિજયઘંટા સમાન વિજયપુરી નામે નગરી છે. તેમાં મદોન્મત્ત ગજેંદ્રોના દંતાગ્રવડે ચાર સમુદ્રના તટ રૂપી કિલ્લાને ખંડિત કરતો અને સમગ્ર વૈરીઓ જેના ચરણમાં લોટે છે એવો વિક્રમ નામે રાજા છે. મહાદેવના ત્રીજા નેત્રમાંથી પ્રગટ થયેલા અગ્નિવડે દગ્ધ થયેલા કામદેવરૂપી વૃક્ષની મંજરી સમાન, અને નમ્ર જનોને વિષે બહુ દયાલુ મલયમંજરી નામે તેની સ્ત્રી છે. એક બીજા સાથે ગાઢ પ્રીતિવાળાં અને પુત્રની લાલસામાં ગુંચવાયેલાં તેઓને સેંકડો માનતાઓવડે મહા કષ્ટે એક પુત્ર થયો. મહોત્સવ પૂર્વક તેનું શંખ એવું નામ પાડયું. અનુક્રમે શુકલ પક્ષના ચંદ્ર સમાન તે વૃદ્ધિ પામવા લાગ્યો. યોગ્ય વયમાં બુદ્ધિના પ્રભાવથી સાંખ્યાદિ સર્વ શાસ્ત્રોમાં

પારંગત થયો. તેમજ પ્રચંડ વૈરીઓનો વિક્ષેપ કરવામાં મહા પરાક્રમી અને બહુ ગુણવાન તે થયો.

એક દિવસ અનેક મંત્રી, સામંત અને કોટિ સુભટ સહિત વિક્રમરાજા સભામાં બેઠો હતો. શંખકુમાર પણ ત્યાં જઈ પિતાને પ્રણામ કરી પોતાના આસને બેસી વિનય પૂર્વક પિતાના

**વિક્રમરાજા**

ચરણની સેવા કરતો હતો. તેવામાં ત્યાં અકસ્માત્ અતિશ્યામ એવા આકાશમાંથી ઉતરતો એક સુભટ દેખાયો, એટલે વિસ્મિત થઈ સર્વ સામંતાદિક સભ્યજનો ઉંચાં મુખ કરી જોવા લાગ્યા. જેના ડાબા હાથમાં રહેલા ઢાલ તરવારના આડંબરથી કેટલાક સુભટોનાં હૃદય શિથિલ થઈ ગયાં. તેમજ ઉત્તમ સુભટોની પ્રચંડ ચડાવેલી ભ્રકુટી રૂપ તટને ભેદવામાં વિષમ આકૃતિવાળો, તેજસ્વી ખડ્ગાગ્રમાં સુભટોના પ્રતિબિંબને ગ્રહણ કરતો, વળી તે પ્રતિ બિંબોને વિદારવા માટે પોતાના ભુજદંડને વિસ્તારતો, વળી તે ભુજદંડમાં વીરવલય જેણે પહેરેલું છે અને સમસ્ત ભુવનમાં અદ્વિતીય પરાક્રમને જાહેર કરતો, તેમજ બહુ દક્ષ એવા સુભટોને ભેદવામાં લંપટ એવા તે સુભટને જોઇ અત્યંત ભયરસથી વ્યાપ્ત થયેલા સર્વ રાજસુભટો પરસ્પર એક બીજાનાં મુખ જોવા લાગ્યા. તેટલામાં તે સુભટ નજીકમાં આવી પહોંચ્યો. એટલે રાજાએ પોતાના સુભટો તરફ દૃષ્ટિ કરી. સુભટો પણ પોતાના ખડ્ગાદિક શસ્ત્રો તરફ જોવા લાગ્યા. વળી તેમાં કેટલાક સુભટો યમરાજાની જીહ્વા સમાન ચંચલ, આકૃતિમાં વિકરાલ, અને સંગ્રામમાં રસિક બનેલા સુભટોના માંસમાં અતિલુબ્ધ એવા ખડ્ગને હસ્તમાં ગ્રહણ કરી ખડભડાટ કરવા લાગ્યા. તેમજ કેટલાક ભુજદંડ વગાડે છે કે જેના પ્રતિધ્વનિથી સમસ્ત બ્રહ્માંડને પણ બધિર કરી મૂક્યું. કેટલાક તો પોતાનું સુભટપણું પ્રગટ કરતા

બખ્તર પહેરે છે. અને કોઈક તો બહુ તીક્ષ્ણ મ્હોટા ભાલાઓ બતાવે છે. વળી તેઓ બોલે છે કે હે પૃથ્વીનાથ ! અમને આજ્ઞા આપો, જેથી ક્ષણમાત્રમાં અમે એને યમરાજાનો અતિથિ કરીએ.

**આકાશચારી સુભટ**

આ પ્રમાણે પરાક્રમ બતાવતા એવા સુભટોના પરસ્પર આલાપ થઈ રહ્યા છે. તેટલામાં કંઈક હસ્તે મુખે તે સુભટ પણ ત્યાં આવી પહોંચ્યો. અને બોલ્યો કે, હે સુભટો ! આ સભાસ્થાનમાં તમે પોતાનાં આયુધ લઈને શા માટે ઉભા રહ્યા છો ? સુભટો બોલ્યા. હે રે મૂઢ ? અમે અમારા સ્વામીની સેવામાં ઉભા છીએ, તો તેમાં ત્હારે પૂછવાનું શું પ્રયોજન ! વળી ત્હારે આજ્ઞા વિના અહીં આવવાનું શું કારણ ? માટે વેલાસર અમારા સ્વામીના સ્થાનમાંથી જલદી તું ચાલ્યો જા. આ પ્રમાણે પોતાનું અપમાન સમજી સુભટ બોલ્યો, શું આ દુનીયામાં મ્હારા વિના બીજો કોઈ સ્વામી છે ખરો ? એમ તમારે નક્કી સમજવું કે ત્રણ ભુવનમાં પણ મ્હારા શિવાય અન્ય કોઈની આજ્ઞા મનાતી નથી. માટે જાઓ, તમ્હારા સ્વામીને આ પ્રમાણે સૂચના આપો કે, જો જીવવાની ઈચ્છા હોય તો પોતાનું રાજ્ય અમને સોંપી દો. વળી જો તમ્હારા સ્વામીના હૃદયમાં એવો અભિમાન હોય કે વંશ પરંપરાથી આવેલું આ રાજ્ય હું કેમ આપું ? તો તે પણ ત્હેનું માનવું અયોગ્ય છે. શું કોઈએ કોઈને આ પૃથ્વી લખી આપી છે ? અથવા વંશ પરંપરાથી આવેલી છે, એ વાત પણ અસત્ય છે. કારણકે તે તો ખડ્ગ માત્રના બળથી જ ગ્રહણ કરી શકાય છે. જો તમ્હારા સ્વામીમાં કે, તમ્હારામાં ખડ્ગ બળ હોય તો તમ્હારા સ્વામી અને તમ્હારી સાથે યુદ્ધ કરવા હું તૈયાર છું.

આ પ્રમાણે ઉદ્ધતાઈથી ભરેલું ત્હેનું વચન સાંભળી બહુ

**બન્ને સુભટોનો પરસ્પર વિવાદ.**

રોષથી ખસી ગયેલી ભ્રકુટીને લીધે ભયંકર ભાલસ્થાનને ધારણ કરતા અને યુદ્ધમાં રસિક એવા તે સુભટના વચનથી રોમાંચરૂપી કંચુકને ધારણ કરતા તે સુભટો પણ બોલ્યા. રે દુષ્ટ ! ધૃષ્ટ ! નીચસુભટોમાં અધમ ! આ પ્રમાણે ત્હારી વાચાલતાને લીધે અમે જાણીએ છીએ કે જરૂર તું યમમંદિરમાં જવાનો છે, તું જીભ સંભાળીને બોલ. તમે અને તમ્હારો સ્વામી બન્ને જણ મ્હારી સાથે યુદ્ધ કરો એમ ત્હારાથી બોલી શકાય ખરૂં ! વળી ઉદ્ધત વૈરીરૂપ મદોન્મત્ત હસ્તીના કુંભસ્થળને વિદારવામાં સિંહ સમાન પરાક્રમી, એવા અમારા એક પણ સુભટ સાથે યુદ્ધ કરવાની ત્હારામાં શક્તિ છે ? કે જેથી શરદ્ ઋતુમાં મેઘના ગર્જારવની માફક અમૂને અને અમારા સ્વામીને નિષ્ફળ ધૃષ્ટ વચન બોલી તું આક્ષેપ આપે છે. સુભટ બોલ્યો, હું એકાકી છું, છતાં તમ્હારા સ્વામી સહિત તમે સર્વે પ્રથમ મ્હારી ઉપર પ્રહાર કરો. પછીથી હું તમ્હારી યુદ્ધ ખરજને દૂર કરીશ. એમ તેનું બોલવું સાંભળી રાજસુભટો ભાલા, ખડ્ગ, ધનુષ અને બાણ વિગેરે શસ્ત્રો પોતાના હાથમાં લઈ બોલ્યા તું એકલો છે એમ જાણીને અમારા સુભટોએ ત્હને જીવતો મૂક્યો છે. માટે હાલમાં તું પલાયન થઈ જા. અથવા ઇષ્ટદેવનું સ્મરણ કરી લે, જેથી મરણાંત પછી પણ ત્હને શુભ સ્થાન મળે. સુભટ બોલ્યો, તમ્હારા જીંદ્રશે દિશાઓ ખુલ્લી છે. માટે આ શૌર્યનો આડંબર પડતો કરવો. જેજ વેલાસર ચાલ્યા જાઓ. કારણકે તમે સર્વ સુભટો પ્રમાદ કરરૂપી ભૈરવના મુખમાં પડીને મરણ ન પામો. વળી રૂપ સવિસ્તેંદ્ર અનેક હસ્તીઓને ભેદવામાં પ્રચંડ થઈ પડે છે વિરતિ પાળવાને પણ જાણવો. વળી તમે સર્વે એક સાથે મ્હારી હતો તેટલામાં કુંમે પ્રહાર કરો.

**રણસંગ્રામ.**

ત્યારબાદ રાજસુભટો એક સાથે તેની ઉપર પ્રહાર કરવા મંડી પડયા. પરંતુ અકસ્માત તેઓની એવી દશા થઈ પડી કે મૂર્છિતની માફક, ચિત્રમાં લખેલા, પાષાણમાં કોતરેલા, કાષ્ઠ સાથે ઘડેલા અને મડદાની માફક તેઓ ધસીને પૃથ્વી પર પડી ગયા. આ પ્રમાણે પોતાના સુભટોની સ્થિતિ જોઈ રાજાનાં નેત્ર લાલ થઇ ગયાં અને હાથમાં તલવાર લઇ તૈયાર થઇ ગયો. તેમજ બહુ કોપાયમાન થઇ સુભટની સ્હામે ખડ્ગ ખેંચી મારવાની તૈયારી કરે છે તેટલામાં શંખકુમાર બોલ્યો, હે તાત ! કૃપા કરી યુદ્ધને માટે મ્હને આજ્ઞા આપો. અહીં આપની જરૂર પડે તેમ નથી. મ્હારી આગળ એનો શો હિસાબ છે? આપના પ્રસાદથી તે કાર્ય હું મુશ્કેલ ધારતો નથી. માટે આપ અહીંજ રહો અને એ દુષ્ટને હું પોતેજ મારીશ. પ્રહાર કરવામાં દક્ષ એવા ખડ્ગ સહિત મ્હારા હસ્તનું લાઘવપણું આપ જુઓ. એ પ્રમાણે બોલતા કુમારને રાજાએ વારંવાર બહુ વાર્યો, તોપણ પોતે ખડ્ગ ખેંચી યુદ્ધમાં ઉતરી પડયો. પછી સમરાંગણમાં એક સાથે પરસ્પર ખડ્ગની તુલના કરતા બન્ને જાણે તેઓના માંસમાં લુબ્ધ થયેલી ભયંકર યમજીહ્વા સહિત હોય ને શું ? એમ તેઓ દીપવા લાગ્યા.

**શંખ અને સુભટ.**

શંખકુમાર બોલ્યો, હે સુભટ ! તું પ્રથમ પ્રહાર કર. ત્યારે સુભટ બોલ્યો, હે શંખ! પ્રથમ પ્રહાર ત્હારે કરવો ઉચિત છે. તે સાંભળી કુમારે તરત જ ખડ્ગ પ્રહાર કર્યો. પણ સુભટ યુક્તિ પૂર્વક પ્રહારનો બચાવ કરી નગરની બહાર નાઠો. કુમાર પણ તેની પાછળ દોડ્યો. પછી એક ઉદ્યાનની અંદર સૂરિમહારાજના ચરણ કમળનું શરણ લઈ બેઠેલા તે સુભટને જોઈ કુમાર પણ ખડ્ગને મીયાનમાં કરી સૂરિને નમસ્કાર કરી બોલ્યો, હે ભદ્ર !

ત્હેં સૂરિશ્વરનું શરણુ લીધું છે તેથી હું ત્હને અભયદાન આપું છું. માટે હવે તું ઈચ્છા પ્રમાણે ચાલ્યો જા. ત્યારબાદ જ્ઞાની ગુરૂ પોતાના જ્ઞાનવડે બોલ્યા, હે કુમાર ? પ્રથમ દેવ ભવમાં આ ત્હારો પરમ સ્નેહી મિત્ર હતો. એમ સાંભળી સુભટે પોતાનું દેવ સ્વરૂપ પ્રગટ કર્યું. પછી કુમાર પણ વિચાર કરવા લાગ્યો કે, પૂર્વ ભવમાં મ્હેં એને જોયેલો છે એમ ઉહાપોહ કરતાં કુમારને જાતિ સ્મરણ જ્ઞાન પ્રગટ થયું. તેથી તેને પોતાનો દેવભવ પ્રત્યક્ષ થયો. તેમજ દેવભવમાં મરણ સમયે કરેલો સંકેત અને સૌધર્મ દેવલોકમાં પ્રથમ પ્રીતિપૂર્વક કરેલો વિલાસ વિગેરે સર્વ પ્રત્યક્ષ-પણે જોયું. ત્યારબાદ બન્ને જણ બહુ ખુશી થઇ સૂરીંદ્રની સમક્ષમાં પરસ્પર ગાઢ આલિંગન કરવા લાગ્યા. કુમાર બોલ્યો, હે મિત્ર ! આ આનંદનો પ્રસંગ તું લાવ્યો તે બહુ સારૂં કર્યું. કારણ કે પોતાની કરેલી પ્રતિજ્ઞા પાળવી તે ધીર પુરૂષોનું મ્હોટું વ્રત કહેવાય છે.

**દેવનો ઉપદેશ.**

ત્યારબાદ દેવ બોલ્યો, હે મહાભાગ ? મ્હારાથી જે કંઇ અપ-રાધ થયો હોય તેની હું ક્ષમા માગું છું. વળી ધર્મ કાર્યમાં પ્રમાદ વશ થયેલો ત્હને જાણી મ્હેં આ કાર્ય કર્યું છે. તે સાંભળી શંખકુમાર બહુ ખુશી થયો અને બોલ્યો કે, હે બાંધવ ? કાર્ય અને અકાર્યનો મ્હને ઉપદેશ આપો. દેવ બોલ્યો, કુમારેંદ્ર ? ગુરૂ મહારાજ જે કાર્યનો ઉપદેશ આપે તે પ્રમાણે ત્હારે ઉદ્યોગ કરવો. ભદ્ર ! જલબિંદુ સમાન ચંચલ એવા આ જીવિતમાં પ્રમાદ કરવો નહીં. ત્યારબાદ કેવલી ભગવાને મુનિધર્મનું સ્વ-રૂપ સવિસ્તર વર્ણવ્યું. પછી કુમાર બોલ્યો, ભગવન્ ? સર્વ વિરતિ પાળવાની હાલ મ્હારી શક્તિ નથી. એમ વિનંતિ કરતા હતો તેટલામાં કુમારની શોધ કરતો વિક્રમ રાજા ચતુરંગ સેના

સહિત ત્યાં આવ્યો. અને મારો, મારો, મારો, એમ બહુ રોષથી બોલતા હાથી, ઘોડા અને રથોમાં બેઠેલા કોટિ સુભટોએ ચારે તરફથી ઉદ્યાનને ઘેરી લીધો. વળી બખ્તર પહેરી સજ્જ થયેલો વિક્રમ રાજા કેટલાક સુભટોને સાથે લઈ ઉદ્યાનની વચ્ચે ગયો. કુમાર અને દેવાદિકથી પરિવારિત કેવલી ભગવાનને જોઈ રાજા બોલ્યો, હે વત્સ ? તે દુરાચારી સુભટ ક્યાં ગયો ? એમ ક્રોધાયમાન થઈ રાજા બોલ્યો. તેટલામાં કુમાર બોલી ઉઠ્યો, એનો તિરસ્કાર કરશો નહીં કારણકે દુર્વચન બોલનાર તે સુભટદેવ મ્હારો પરમ ઉપકારી થયો છે. એમ કહી કુમારે પોતાનો પૂર્વભવ કહ્યો. તે સાંભળી રાજા બહુ ખુશી થયો. અને સૂરિને વંદન કર્યા બાદ દેવની ક્ષમા માગી. ત્યારબાદ વિક્રમ રાજા સમ્યક્ત્વાદિ જીનેંદ્ર ધર્મ સાંભળવા બેઠો. પછી શ્રદ્ધાવડે વિશુદ્ધ છે હૃદય જેનું એવા વિક્રમ રાજાએ શંખકુમાર સાથે પાપના ભયથી ભય પામીને બાર પ્રકારનો ગૃહીધર્મ અંગીકાર કર્યો પછી દેવ પણ રાજા અને કુમારની ક્ષમા માગી મુનીંદ્રને વંદન કરી પોતાના સ્થાનમાં ગયો. રાજા અને કુમાર પણ કેવલી ભગવાનને પ્રણામ કરી પોતાને ઘેર ગયા. બન્ને જણ વિધિ પ્રમાણે નિરંતર ધર્મ સેવન કરે છે. વળી શંખકુમાર દેશાવકાશિક વ્રતમાં વિશેષ પ્રકારે ઉદ્યુક્ત થયો.

**દેશાવકાશિક વ્રત.**

એક દિવસ કુમારે અર્ધરાત્રીના સમયે બહુ સંકુચિત દિગ્વ્રત ગ્રહણ કર્યું કે, હવેથી સૂર્યોદય સુધી મ્હારે વાસભવનમાંથી બહાર નીકળવું નહીં તેમજ ચાર પ્રકારના આહારનો ત્યાગ અને સ્ત્રી શય્યાનો સ્પર્શ પણ હું કરીશ નહીં. એ પ્રમાણે તેણે નિયમ કર્યો. હવે દેવસભામાં ઈંદ્ર મહારાજે પ્રશંસા કરી કે દેશાવકાશિકવ્રતથી શંખકુમારને ચલાયમાન કરવા માટે દેવતાઓ પણ સમર્થ નથી. એ પ્રમાણે સુરેન્દ્રનું

વચન સાંભળી કોઈક દેવ તેની પરીક્ષા કરવા માટે કુમારના દ્વારમાં આવ્યો અને મ્હોટા શબ્દોથી રૂદન કરતી કુમારની સ્ત્રીનો અપહાર કરી ત્યાંથી ચાલતો થયો. હે સ્વામિન્ ! કોઈક અધર્મી મ્હને ઉપાડીને ચાલ્યો જાય છે. માટે મ્હારૂં રક્ષણ કરો ! રક્ષણ કરો ! એમ પોતાની સ્ત્રીનું રૂદન સાંભળી કુમાર વિચાર કરવા લાગ્યો. આ સ્ત્રી કોની ? પુત્ર કે બંધુઓ કોના ? વિગેરે ભાવના વડે પોતે આત્મ ભાવના કરવા લાગ્યો કે આ સંસારમાં કેવળ જીનેંદ્ર કથિત ધર્મજ સર્વ અનિષ્ટ કાર્યનો નિવર્તક છે. અને ભવ્યાત્માઓનો રક્ષક પણ ધર્મજ છે. એમ સત્ય ભાવના ભાવતો હતો તેટલામાં મારો, મારો, મારો એ પ્રમાણે બહુ બલવાન્ શત્રુઓનો મ્હોટો કોલાહલ બહાર વ્યાપી ગયો અને તે કરતાં પણ અધિક પરિજનના રૂદનનો શબ્દ સાંભળી સમભાવમાં રહેલો કુમાર સંસારના ભયથી ભીરૂ બની મુનિની માફકભાવના ભાવવા લાગ્યો કે, હું એમનો સ્વામી અને તેઓ મ્હારા સેવક એ પ્રકારની બુદ્ધિ માત્ર અભિમાનથી ઉત્પન્ન થએલી છે. અને તેથી આ લોકમાં બહુ કલેશ થાય છે. અમુક મ્હારા સ્વજન અને અમુક મ્હારા શત્રુઓ એ પણ કુબુદ્ધિ છે. વળી સ્વજન કે અન્યજન કોઇપણ સુગતિના સાધક થતા નથી, પરંતુ કેવળ જીનોક્ત ધર્મજ સ્વર્ગ અને મોક્ષ સિદ્ધિનો સાધક થાય છે, એમ સમજી જૈન ધર્મમાંજ પ્રયત્ન કરવો ઉચિત છે. પણ અન્ય વિકલ્પ કરવો નિરર્થક છે. એમ નિશ્ચય કરી શંખકુમાર નિશ્ચલ સમાધિમાં રહ્યો અને સ્ત્રી તરફ તેનું ચિત્ત બીલકુલ ખેંચાયું નહીં.

**દેવનીપ્રસન્નતા.**

આ પ્રમાણે શંખકુમારનો નિશ્ચળ ભાવ જાણી દેવ પોતે પ્રત્યક્ષ થઇ બોલ્યો, મહાશય ! આ દુનીયામાં ધન્યવાદને લાયક તુંજ છે. વળી દેવતાઓ પણ જેની પ્રતિજ્ઞાનો ભંગ કરી

શકતા નથી એવો તુંજ આ જગતમાં ધીર પુરૂષોમાં ચૂડામણિ સમાન છે. ઈંદ્રાણી સહિત સુરેંદ્ર પણ ત્હારા ગુણોના સ્મરણ વડે પોતાને કૃતાર્થ માને છે. વળી હું એમ માનું છું કે ત્રણ ભુવનમાં પણ ધૈર્યવાન્ તુંજ છે. તેમજ શુદ્ધ ધર્મમાં તત્પર એવો તું આ ભુવનમાં ચિંતામણિ સમાન છે. માટે હે કુમાર ! ત્હારા ગુણો વડે હું પ્રસન્ન થયો છું જેથી કંઈપણ વરદાન માગ. શંખકુમાર બોલ્યો, હવે અન્ય વરદાનનું મ્હારે શું પ્રયોજન છે ? તમ્હારૂં દર્શન એજ ઉત્તમ વરદાન છે, તે સાંભળી દેવ બહુ પ્રસન્ન થયો અને ફરીથી બોલ્યો, મહાશય ? જો કે ત્હારૂં માનવું સત્ય છે પરંતુ દેવદર્શન નિષ્ફળ હોતું નથી. માટે હું ત્હને વરદાન આપું છું કે કરૂણ દૃષ્ટિએ તું જેને જોઈશ તે પ્રાણી ક્ષણમાત્રમાં રોગ રહિત થઈ જશે. એમ કહી દેવ પોતાના સ્થાનમાં ગયો. હવે સૂર્યોદય થયો એટલે પોતાનો નિયમ પૂર્ણ કરી વિધિ પૂર્વક શય્યાનો ત્યાગ કરી શંખકુમાર બહાર આવ્યો. અને પોતાનું નિત્ય કાર્ય પરવારી નિરવદ્ય ક્રિયાના સાધક એવા મુનિઓને વાંદવા માટે નીકળ્યો. બહુ વિનયપૂર્વક વંદન કરી ગુરૂ મુખથી સિદ્ધાંતનું શ્રવણ કરે છે અને યથાશક્તિ ધર્મારાધન કરે છે.

**અકસ્માતશુલ વેદના.**

એક દિવસ કુમારના પિતા વિક્રમરાજા અકસ્માત્ શૂળની વેદનાથી ભારે માંદગીમાં આવી પડયા. વૈદ્યલોકોએ ઘણા ઉપચાર કર્યા પરંતુ કિંચિત્ માત્ર પણ શાંતિ થઈ નહીં. તેથી રાજાએ કુમારને બોલાવી કહ્યું કે, વત્સ ? હાલમાં મ્હારો મરણ સમય નજીક આવ્યો છે માટે હવેથી આ પ્રજાનો અધિપતિ તું છે. તે સાંભળી કુમારે દેવે આપેલા વરદાનનું સ્મરણ કર્યું અને કરૂણ દૃષ્ટિ પિતાના દેહ તરફ કરી કે તરતજ સૂર્યના પ્રચંડ પ્રતાપથી હિમની માફક શૂળની પીડા શાંત થઈ ગઈ. પછી

રાજા બોલ્યો, હે વત્સ ? ત્હારી દૃષ્ટિના પ્રભાવથી હું નિરોગી થયો છું. નહીં તો મુનિ ધર્મ રહિત એમને એમજ હું મરણવશ થઇ જાત. હવે ત્હારી સહાયતા વડે હું મ્હારૂં ધર્મકાર્ય સાધું. આ રાજ્યભારથી મ્હને મુક્ત કર, જેથી હું ઉદારચિત્તે સદ્ગુરૂની પાસે સંયમવ્રત ગ્રહણ કરૂં. અને તું હવે આ રાજ્યભારને ધારણ કર. કુમાર કંઇપણ પ્રત્યુત્તર આપવાનો વિચાર કરતો હતો તેટલામાં રાજાએ કુમારના બે હાથ પકડી સિંહાસન ઉપર બેસારી દીધો. અને બહુ નમ્ર એવા સામંતાદિક લોકોને કહ્યું કે, આ શંખરાજાને નમસ્કાર કરો. કારણકે હવે તમ્હારો સ્વામી આ શંખરાજા છે. તેઓએ પણ તે પ્રમાણે રાજાની આજ્ઞા મસ્તકે ચઢાવી. ત્યારબાદ હસ્તીઓના મંડલો ઉપર સિંહની માફક ઘરરૂપી ગુફામાંથી મ્હોટી રૂદ્ધિ સાથે વિક્રમરાજા બહાર નીકળ્યો. અને કોશાંબવન નામે ઉદ્યાનમાં શ્રી વિજયસૂરિ પાસે જઇ વિધિ સહિત દીક્ષા લીધી. ત્યારબાદ બન્ને પ્રકારની શિક્ષા ગ્રહણ કરી ધૈર્યશીલ એવા તે વિક્રમ મુનિ ગુરૂ સેવામાં તત્પર થયા.

**શંખરાજાનો પ્રભાવ.**

શ્રી શંખરાજા પણ પિતા નિમિત્તે અષ્ટાહ્નિકાદિક ધર્મ કાર્ય સમાપ્ત કરી વિધિપૂર્વક શ્રાવક ધર્મમાં દૃઢ થયો. અને લોકમાં પોતાનો પ્રતાપ ફેલાવતો પ્રયત્નપૂર્વક પ્રજા પાલન કરે છે. તેવામાં કોઇએક દિવસ રાજદ્વારમાં મ્હોટા વ્યાધિઓથી પીડાતા અનેક પ્રાણીઓનો કરૂણામય ભારે કલકલાટ સાંભળી શંખરાજાએ પ્રતીહારને પુછયું કે, આ બૂમરાણ શાની છે ? પ્રતીહારે તપાસ કરી કહ્યું કે, હે દેવ ? દુરંત પાપોથી પીડાએલા અંગવાળા જ્વરિત, કુષ્ઠી, ક્ષય, ઉદ્ગરસ અને શ્લેષ્મ રોગી એમ અનેક રોગવાળા દેશાંતરમાંથી આવેલા રોગીઓ દ્વારમાં બેઠેલા છે, તેઓનો આ ધ્વનિ સંભળાય છે. વળી આપ

કરૂણ દ્રષ્ટિએ જેને જેને જુઓ છો તે મહારોગી હોય છે તોપણ નિરોગી થાય છે. એ પ્રમાણે આપની કીર્ત્તિ સાંભળી તેઓ અહીં આવ્યા છે. રાજાએ પ્રતીહારને કહ્યું કે દરેક રોગીઓના જુદા જુદા વર્ગ ગોઠવો પછી મ્હારી પાસે લાવો, એમ રાજાની આજ્ઞા માન્ય કરી પ્રથમ કુષ્ઠી વર્ગ પછી જ્વરિત એમ અનુક્રમે દરેકના વર્ગ પાડી રાજાની પાસે લાવ્યા. પછી રાજાએ પ્રથમ વર્ગને કહ્યું કે, હે કુષ્ઠીઓ ! જીવો ત્યાંસુધી તમ્હારે દારૂ, મધ અને માંસાદિક સાવદ્ય પદાર્થોનો ત્યાગ કરવો. તેમજ કેટલાકને સમ્યકત્વ, વળી કેટલાકને પ્રથમ વ્રત અને કેટલાકને દ્વિતીય વ્રતાદિકના નિયમો આપ્યા. પછી દયારસની દૃષ્ટિએ સર્વને જોયા એટલે તત્કાલ તેઓ ભયંકર એવા સર્વ રોગોથી વિમુક્ત થઇ ગયા અને નિકાચિત કર્મોનો ત્યાગ થવાથી તેઓની વેદના પણ ક્ષીણ થઇ ગઈ. આવા પરોપકારને લીધે રાજાની થોડા સમયમાં પ્રસિદ્ધિ બહુ વધી ગઇ. ત્યારબાદ પોતાના પાટવી કુમારને રાજ્ય આપી શંખ રાજાએ જીનશાસનની પ્રભાવના પૂર્વક જીન દીક્ષા ગ્રહણ કરી, અનુક્રમે કેવળજ્ઞાન પામી મોક્ષ સુખ પામ્યા. માટે હે ભવ્ય પ્રાણીઓ ! જેવી રીતે વ્રતના પરિણામ વૃદ્ધિ પામે. તેમજ અતિચારોનો પ્રાદુર્ભાવ ન થાય અને વિશુદ્ધિનો ઉદય થાય તેવી રીતે વિરતિ પાળવામાં વિશેષ યત્ન કરવો.

इति देशावकाशिकनिश्चलतायां शंखकुमारकथानकं समाप्तम् ॥

# विंध्यवणिक्नीकथा.

## પ્રથમ આનાયનાતિચાર.

દાનવિર્ય રાજા બોલ્યો, હે ભગવન્! હવે બીજા શિક્ષા વ્રતમાં પ્રથમ અતિચારનું સ્વરૂપ દૃષ્ટાંત સહિત કૃપા કરી અમને કહો. શ્રી સુપાર્શ્વ પ્રભુ બોલ્યા, હે રાજન્! ગ્રહણ કરેલા અવધિની બહારથી, ગામ તથા ગૃહાદિકમાં રહેલી વસ્તુઓને જે બીજાની પાસે મંગાવે છે, તે પુરૂષ વિંધ્યવણિકની માફક બહુ દુ:ખી થાય છે. જેમકે—ઉત્તમ પ્રકારના ગજગત ( ગતગંદ ) હસ્તીઓથી વ્યાપ્ત ( રોગરહિત ) વિબુધમત ( મય ) દેવતાઓને માનવા લાયક ( પંડિતમય ) અમૃતની માફક અમૃત કુંડ નામે નગર છે. તેમાં વિંધ્ય નામે શ્રેષ્ઠી છે. અને રતિસુંદરી નામે તેની ભાર્યા છે. હવે મનોવાંછિત સુખ વૈભવમાં તેઓનો બહુ સમય વ્યતીત થયો. પરંતુ સંતાનનું સુખ તેમને મળ્યું નહીં. તેથી તેઓનું મન ઉદ્વિગ્ન થવા લાગ્યું. પછી કેટલીક માનતાઓ માનવાથી મધ્યમ વયમાં તેઓને એક પુત્ર થયો. ત્યારબાદ લગભગ અર્ધ રાત્રીના સમયે શેઠ પોતે સુઈ રહ્યા હતા, તેવામાં તેમના ઘરમાં પરસ્પર વાતચિત કરતા બે વ્યંતર દેવ આવ્યા અને તેમાંથી એક બોલ્યો કે, આ શેઠને ત્યાં એક પુત્ર જન્મ્યો છે, તે શું તું જાણે છે? બીજો બોલ્યો, હું બરોબર જાણતો નથી કે તે કોણ છે? તે સંબંધી મ્હને સ્પષ્ટ રીતે તું સમજાવ. પ્રથમ વ્યંતર બોલ્યો, આ પુત્ર પૂર્વભવમાં શેઠનો લેણદાર હતો. એના એક લાખ રૂપીઆ શેઠ પાસે માગણા છે, તે લેવા માટે પુત્રના બ્હાનાથી આ શેઠને ત્યાં તેણે જન્મ લીધો છે. તે પોતાનું માગણું લઈ ચાલતો થશે. તે

સાંભળી શેઠ ઉદ્વિગ્ન મનથી વિચાર કરવા લાગ્યા. શું આ દેવ-વચન સત્ય થશે ! મહા ખેદની વાત થઈ. જો આ વાત સત્ય થાય તો આ પુત્રથી શું વળવાનું ? માટે ઉત્સવ તથા વધામણીઓ વિગેરેમાં બહુ દ્રવ્ય વાપરવું તે નિરર્થક છે.

**વિંધ્યનો મહોત્સવ.**

પુત્રનો જન્મ સાંભળી પ્રભાતમાં ગાયક લોકો તેમજ સર્વ સ્વજન વર્ગ અને નગરના મુખ્ય આગેવાનો અક્ષત તથા વસ્ત્રાદિક લઈને પુત્ર વધાઇ માટે શેઠને ત્યાં આવ્યા. શેઠનું મન ઉદાસ હતું, પરંતુ વ્યવહાર સાચવવો પડે એમ જાણી વધામણી માટે અક્ષત, વસ્ત્રાદિક લઇ શ્રેષ્ઠી એ વ્યવહારમાં ખોટું ન દેખાય તેવી રીતે સર્વનો સત્કાર કરી, પોતપોતાને ઘેર વિદાય કર્યા. પછી સૂતિકર્મ કરનારી સ્ત્રીઓને પણ સંતુષ્ટ કરી, એકંદર જે ખરચ થયું તે સર્વ પોતાના ચોપડામાં લખી વાળ્યું. ત્યારબાદ છઠ્ઠા દિવસે ષષ્ઠી જાગરણ કરાવ્યું. બારમા દિવસે વિંધ્ય એ પ્રમાણે તેનું નામ પાડયું. અને અનુક્રમે ઉમ્મર લાયક થયો એટલે અભ્યાસ માટે તેને લેખશાળામાં મૂકયો. ત્યારપછી લગ્ન પણ કર્યું. તેમજ વસ્ત્ર, ભોજન, પાન, સોપારી વિગેરેમાં જેટલું ધન વાપર્યું તે સર્વનો હિસાબ ગણી પોતાના ચોપડામાં જમે કર્યું. કારણકે લાખ રૂપીઆ હેને આપવાનાં છે. હવે વિંધ્ય પણ ઉદ્યાનાદિક દરેક સ્થાનોમાં ફરે છે અને આનંદપૂર્વક દિવસો નિર્ગમન કરે છે. તેવામાં એક દિવસ વિંધ્ય પોતે એકાકી ફરવા નીકળ્યો, આગળ ચાલતાં સુરમ્ય વનમાં સૂરિ મહારાજનાં હેને દર્શન થયાં. વંદન કરી તેમની આગળ બેઠો અને તે બોલ્યો, પ્રભુ ! ધર્મ તત્ત્વનો મ્હને ઉપદેશ આપો, સૂરિએ યતિ અને ગૃહી એમ બન્ને પ્રકારે ધર્મ દેશના આપી. સરલ પરિણામને લીધે વિંધ્યે સમ્યકત્વાદિ બાર પ્રકારના શ્રાવક

ધર્મનો સ્વીકાર કર્યો. ત્યારબાદ પોતાની શક્તિ પ્રમાણે ધર્મ સેવનમાં દિવસો નિર્ગમન કરતો હતો.

એક દિવસ વિંધ્ય બહુ માંદગીમાં આવી પડયો. તેથી ત્હેના કુટુંબીઓએ શેઠને કહ્યું કે, કોઇપણ ઉપચાર કર્યા વિના આ રોગ મટે તેવો નથી, માટે, કોઈ વૈદ્યને બોલાવો. શ્રેષ્ઠી બોલ્યો,

**વિંધ્યની માંદગી.**

એમાં વૈદ્યની કંઇપણ જરૂર નથી. મ્હારા પુત્રને થોડા દિવસમાં શાંતિ થઈ જશે, કંઇપણ તમ્હારે હરકત રાખવી નહીં. ત્યારબાદ શેઠના કહ્યા પ્રમાણે વિંધ્યને આરામ થઇ ગયો. તેથી શેઠની કીર્ત્તિ સર્વ ઠેકાણે એવી પ્રસરી ગઇ કે વિંધ્ય શેઠ સર્વ જાણે છે. તેમજ નિમિત્તશાસ્ત્રમાં પણ સારી રીતે જાણે છે. તેવામાં રાજાની મુખ્ય રાણી બહુ વ્યાધિથી ઘેરાઇ ગઇ તેથી રાજ્યમાં દીલગીરી ફેલાઇ ગઈ. ત્યારે રાજાને કોઇએ કહ્યું કે, વિંધ્ય શેઠ ઓષધાદિક સર્વ ઉપચાર જાણે છે. રાજાએ તરતજ શેઠને બોલાવ્યા, શેઠ પણ રાજાની પાસે ગયા અને ભેટ મૂકી નમસ્કાર કરી બોલ્યા કે, હે રાજન્ ! શી આજ્ઞા છે ? રાજા બોલ્યો, અંતઃપુરમાં જાઓ, ત્યાં રાણી બહુ દુઃખી છે. માટે ઓષધાદિક ઉપચાર કરી જલદી તેને આરામ થાય તેમ કરો. શ્રેષ્ઠી બોલ્યો, સ્વામિન્ ! હું વૈદ્ય નથી, તેમજ મંત્ર, તંત્રમાં પણ કંઇ જાણતો નથી. છતાં આપ મ્હને કેમ આ પ્રમાણે ફરમાવો છો ? રાજા બોલ્યો, મહારોગથી બુમો પાડતા પોતાના પુત્રને કોઇપણ ઉપચાર અથવા મંત્ર, તંત્રથી ત્હેં સાજો કર્યો હતો અને કોઇ વૈદ્યને પણ બોલાવ્યો નહોતો, છતાં આ વખત ના પાડે છે તેનું શું કારણ ? તે સાંભળી શ્રેષ્ઠી હાસ્યપૂર્વક બોલ્યો, આપની સાથે મ્હારે એકાંતમાં કંઈક વાત કરવાની છે, માટે મહેરબાની કરો. રાજાએ ભ્રકુટીના ઈસારે લોકોને દૂર કર્યા, એટલે શ્રેષ્ઠીએ પોતાના પુત્ર સંબંધી વ્યંતરે કહેલી

સર્વ વાર્ત્તા રાજાને નિવેદન કરી, પછી રાજાએ પૂછ્યું, હવે ત્હેને આપવાનું કેટલું દ્રવ્ય બાકી રહ્યું છે ? શ્રેષ્ઠી બોલ્યો, હવે પચાસ હજાર બાકી રહ્યા છે. એમ કેટલીક વાત કરી રાજાની આજ્ઞા લઈ શ્રેષ્ઠી પોતાને ઘેર ગયો. હવે વિંધ્ય પણ પોતાને ત્યાં વિધિસહિત ગૃહિધર્મ પાળે છે. પરંતુ દેશાવકાશિક વ્રત ઉપર તેનું વિશેષ ધ્યાન ખેંચાય છે. તેથી તે હમ્મેશાં પોતાનો નિયમ ચુકતો નથી.

**વિંધ્યની શિથિલતા.**

એક દિવસ વિંધ્ય બ્હાર ઉદ્યાનમાં ફરવા જતો હતો, તે વખતે તેજ માર્ગે ચંડસિંહ નામે રાજાનો દ્વારપાલ પવનવેગી સાંઢણી ઉપર બેસી જતો હતો, તે તેના જોવામાં આવ્યો. અને તે દ્વારપાલ ખાસ પોતાનો મિત્ર હોવાથી યોગ્ય સત્કાર પૂર્વક સંભાષણ કરી તેણે તેને પૂછ્યું કે, હે મિત્ર! આજે કઈ તરફ સ્વારી કરી છે ? ચંડસિંહ બોલ્યો, હે બાંધવ ! રાજાના હુકમથી દ્રવિડ નરેશની પાસે હું જાઉં છું. કારણકે તેની સાથે હાલમાં યુદ્ધનો પ્રસંગ આવી પડયો છે. પરંતુ તેમ નહીં કરતાં સલાહશાંતિ કરવાનો વિચાર છે. વિંધ્ય બોલ્યો, હે મિત્ર ! ત્યાં એક અમુક રાજમંત્રી છે. ત્હેને આટલા મ્હારા સમાચાર આપજે કે, તે મ્હારૂં ધન જલદી મોકલી દે, તેમજ મ્હારા પત્રનો જલદી પ્રત્યુત્તર અહીં મ્હારી ઉપર મોકલી દે. આ કાર્ય મ્હારે પોતે ત્યાં જઈને કરવા જેવું છે, પરંતુ ત્હારી પાસે કહેવડાવવાનું કારણ તો એટલુંજ છે કે, છ માસ સુધી વીશ ગાઉથી વધારે પ્રયાણ કરવાનો મ્હારે નિયમ છે. છ માસ પછી મ્હારાથી ચારે દિશાઓમાં દોઢસો યોજન જવાની છુટ છે. પરંતુ હાલમાં જઈ શકાય તેમ નથી. વળી તું રાજકાર્ય માટે ત્યાં જાય છે, અને અચાનક ત્હારો મેળાપ થયો છે, તેથી તેનું પણ આ સાંકેતિક કાર્ય ત્હારાથી સિદ્ધ થશે. વળી આ સમાચાર ત્હારે તેને

એકાંતમાં કહેવા. તે સાંભળી ચંડસિંહ દ્રવિડ દેશમાં રાજાની પાસે ગયો.

હવે આ બન્ને જણુ એકાંતમાં આ વાત કરતા હતા તેવામાં ત્યાં કોઇક માણુસ આવ્યો હશે, તેણે આ વાત સાંભળી. તેથી તેણે પોતાના રાજાને વિંધ્યની સર્વ વાત કહી. રાજાએ તરતજ

**વિંધ્યને શિક્ષા.**

હુકમ કર્યો કે, વિંધ્ય શેઠના પુત્રને બાંધીને અહીં લાવો. કારણકે તે દુષ્ટ મહા પાપી છે. અને મ્હારા વૈરીના મંત્રી સાથે તેનો મેળાપ છે, તેમજ તેની સાથે આપ લેનો વ્યવહાર પણ કરે છે. માટે તે સારૂં નહીં. કોઇ વખત તેમાંથી અનર્થ ઉત્પન્ન થાય. તેથી એવા અધર્મીનો ખાસ નિગ્રહ કરવો જોઇએ. પ્રધાને તરતજ આરક્ષકને આજ્ઞા કરી. આરક્ષક પાયદળ સાથે તેને ત્યાં જઇ વિંધ્યને પકડી બાંધીને રાજાની આગળ લાવી ઉભો કર્યો. આ વાત વિંધ્ય શેઠના જાણુવામાં આવી કે તરતજ તે પણ રાજા પાસે ગયા. પોતાના સ્વજન વર્ગની પ્રેરણાથી શ્રેષ્ઠીએ પ્રાર્થના કરી કહ્યું કે, દેવ! મ્હારા પુત્રે આપનો શો અપરાધ કર્યો છે? જેથી એને ચોરની માફક બાંધીને અહીં લાવ્યા? રાજા બોલ્યો, આ ત્હારો પુત્ર બહુ બદમાસ છે. તેથી ત્હેને ફાંસીએ લટકાવવાનો છે. કારણકે મારા શત્રુ સાથે તે મસલત કરે છે. શ્રેષ્ઠી બોલ્યો, રાજાધિરાજ! આપની ઇચ્છા પ્રમાણે દંડ લઇને એકવાર ત્હેને મુક્ત કરો. નહીં તો મ્હારા સ્વજન વર્ગનો મ્હને અપવાદ લાગશે. આ પ્રમાણે લોકાપવાદ ટાળવા માટે શ્રેષ્ઠીના ઘણા આગ્રહથી રાજાએ પચાશ હજાર રૂપીઆ દંડ કરી વિંધ્યને મહા કષ્ટે છોડી મૂકયો. પછી શેઠ પોતાના પુત્રને ઘેર લઇ ગયા. પણ ગાઢ બંધનોની પીડાથી તેને દાહજ્વર આવી ગયો. શ્રેષ્ઠીએ જાણ્યું કે, જરૂર હવે આ જીવવાનો નથી. કારણકે એના લાખ રૂપીઆ પૂરા થઇ રહ્યાં

છે, એમ વિચાર કરી શ્રેષ્ઠીએ કહ્યું કે, હે વત્સ! હવે ધર્મ ધ્યાનમાં સાવધાન થા! ગૃહાદિકનો પ્રતિબંધ છોડી દે. પુત્ર બોલ્યો, હે તાત! લોભના વશ થઇ બહુ વસ્તુઓનો મ્હેં સંગ્રહ કર્યો. તેથી બીજા શિક્ષા વ્રતમાં મ્હને અતિચાર લાગ્યો અને તેનું ફલ આ લોકમાં પણ મ્હારે ભોગવવું પડ્યું. અહો! મ્હારા જેવો નિર્ભાગી બીજો કોણ હોય? તેમજ પરલોકમાં પણ મ્હને આથી અધિક દુઃખ ભોગવવું પડશે. માટે હે તાત! ચિંતામણીનો પણ તિરસ્કાર કરનાર એવા મ્હોટા ત્યાગી અને ગુણવાન કોઈપણ ગુરૂ મહારાજને અહીં બોલાવો. જેથી હું પર્યાલોચન કરી આત્મશુદ્ધિ કરૂં. તે સાંભળી શ્રેષ્ઠી પોતે જ ગુરૂ પાસે જતો હતો. તેવામાં તે વિંધ્ય તેવા પ્રકારના શુદ્ધ ભાવથી પ્રાણ વિમુક્ત થઈ ગયો. અને સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયો, ત્યાંથી ચવી ત્રીજે ભવે સિદ્ધ થશે. માટે હે ભવ્ય પ્રાણીઓ! પોતે ગ્રહણ કરેલા નિયમને લેશમાત્ર પણ કલંકિત કરવો નહીં.

इति द्वितीयशिक्षाव्रतप्रथमातिचारे विन्ध्यकथानकं समाप्तम् ॥

## सढश्रेष्ठीनी कथा.

### દ્વિતીયપ્રેષણાતિચાર.

દાનવિર્ય રાજા બોલ્યો, હે કૃપાસિંધુ! હવે બીજા શિક્ષા વ્રતની અંદર બીજા અતિચારનું વૃત્તાંત દૃષ્ટાંત સહિત અમને સંભળાવો? જેથી આ લોકનો ઉદ્ધાર થાય. શ્રીસુપાર્શ્વ પ્રભુ બોલ્યા, હે રાજન્! જે શ્રાવક દિગવકાશનો નિયમ લઇ પોતે ન જાય પરંતુ બીજાને મોકલે તે મૂઢ બુદ્ધિવાળા સઢની માફક બહુ દુઃખી થાય છે.

**સઙ્કુદ્રષ્ટાંત.**

આ ભરતક્ષેત્રમાં સ્થાવર નામે એક નગર છે. જેમાં જૈન મતનો જાણકાર સુંદર નામે રાજા રાજ્ય કરે છે. તેમજ તેમાં સ્થિર નામે સમ્યગ્ દૃષ્ટિ એક શેઠ રહે છે. સહદેવી નામે તેની ભાર્યા છે, વળી સઙ્કુ નામે તેમને એક પુત્ર છે. પરંતુ તે ધર્મમાં કંઇપણ જાણતો નથી, તેમજ કંઇક ધનવાન્ અને બુદ્ધિમાં જડ છે. અનુક્રમે ઉમ્મર લાયક જાણી માતપિતાએ ત્હેને બહુ રૂપવંતી રૂપિણી નામે એક કન્યા પરણાવી. પછી એક દિવસ કોઇ પુણ્યના ઉદયે સઙ્કુ પોતે મુનીંદ્ર પાસે ગયો. ત્યાં વ્યાખ્યાનમાં વિનય ધર્મની પ્રરૂપણા ચાલતી હતી. તેમાં બહુ રસ પડવાથી આદરપૂર્વક તે સાંભળવા માટે બેઠો. દરેક ધર્મમાં વિનય ધર્મ મુખ્ય છે. વળી સમ્યકત્વાદિ સર્વ જૈન ધર્મ પણ વિનય ધર્મથીજ સિદ્ધ થાય છે. તેમજ વિનીત પુરૂષને લક્ષ્મી પોતાની મેળેજ પ્રાપ્ત થાય છે. યશ અને કીર્ત્તિ પણ વિનીતને વળગી રહે છે. વળી કોઇપણ સમયે દુર્વિનીત પુરૂષ પોતાની કાર્ય સિદ્ધિ કરી શકતો નથી. વિગેરે વિનયના બહુ ગુણો સાંભળી તેણે સૂરિના ચરણકમલમાં શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો, પછી વંદન કરી સઙ્કુ શ્રાવક પોતાને ઘેર ગયો.

**સઙ્કુની દુર્દશા.**

કેટલોક સમય વ્યતીત થયા બાદ સ્થિરદેવ શ્રેષ્ઠી દેવલોક પામ્યો. પછી સઙ્કુ શ્રેષ્ઠી ઘરનો અધિપતિ થયો. પરંતુ દૈવયોગને લીધે અનુક્રમે ઘરનો વૈભવ નષ્ટ થવા લાગ્યો. જેથી દુર્જન લોકો તેનો પરાભવ કરવા લાગ્યા. આ અસહ્ય દુઃખ નહીં સહન થવાથી સઙ્કુ પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે, આ દુર્જન લોકોમાં તિરસ્કાર સહન કરી પડી રહેવું ઠીક નહીં. કારણ કે કોઇક વિદ્વાને કહ્યું છે કે, હે માની પુરૂષ! જો તું

જીવતો હોય તો, દુર્જનોની આંગળીઓનો પરાજય નહીં સહન કરતાં હારે વિદેશમાં ચાલ્યું જવું. એમ નિશ્ચય કરી પોતાની સ્રીને તેણે કહ્યું કે, વેપાર માટે કોઈપણ દેશાંતરમાં હું જવાનો છું માટે ભાતું તૈયાર કર. સ્રીએ પણ તે પ્રમાણે જલદી તૈયાર કર્યું. પછી ગૃહ સંબંધી કાર્ય સ્રીને સોંપી સારા મુહૂર્તે ભાતું બાંધી જમીને સક્કુ પોતાના ઘેરથી નીકળ્યો.

**મુનિદર્શન.**

મધ્યાન્હ કાળ થયો એટલે નગરની પાસમાં આમલીઓનું એક વન આવ્યું. પરિશ્રમને લીધે થાકી જવાથી ભાતાનું પોટલું પોતાના માથા તળે મૂકી આમલીની છાયામાં તે સુઇ ગયો. અને પોતે વિચાર કરવા લાગ્યો કે નિર્ભાગી એવો હું, અહીં ક્યાં આવ્યો ? અત્યારે બંધુ, સ્વજન કે મિત્રવર્ગ પણ મ્હારો કોઈ નથી. નિર્ધન પ્રાણીઓને સર્વ દિશાઓ શૂન્ય ભાસે છે. વળી મિત્રોથી ભરેલું આ ભૂમંડલ છે, છતાં પણ તું છાશ પી. એમ કોઈપણ અત્યારે મ્હને કહેતું નથી. આ સર્વ લક્ષ્મીદેવીનોજ ચમત્કાર છે. એમ ચિંતવન કરતો હતો, તેવામાં ત્હેને બગાસું આવ્યું. જેથી તત્કાળ તેના મુખમાં આમલીનું ફળ પડયું, તેથી તે બહુ ખુશી થયો અને સમજ્યો કે આ પણ એક શકુન છે. નહીં તો મુખની અંદર ફલ ક્યાંથી પડે ? માટે જરૂર કોઈપણ અચિંત્ય લાભ મ્હને પ્રાપ્ત થશે. એ પ્રમાણે વિચાર કરતો હતો તેટલામાં, તેણે ઉત્તર દિશા તરફથી શ્વેત વસ્રધારી મુનીંદ્રને આવતા જોયા. જેમના હાથ ઢીંચણ સુધી લાંબા હતા, પગમાં સોનાની પાદુકાઓ પ્હેરેલી હતી. જેમના નેત્રોની શોભા પ્રફુલ્લ કમલ પત્રને અનુસરતી હતી, અને નાસિકાના અગ્ર ભાગ ઉપર દષ્ટિ રાખી જેઓ ધ્યાન કરતા હતા એવા મુનિવરને જોઇ તે વિચાર કરવા લાગ્યો કે, જરૂર આ મહાત્મા વિનય ગુણને લાયક છે “ વિનય-

ગુણ લક્ષ્મીને બોલાવી સ્વાધીન કરે છે " એ પ્રમાણે મુનીંદ્રના વાકયનું સ્મરણ કરી તે એકદમ ઉભો થયો અને ઉતાવળથી પ્રેમપૂર્વક સ્વાગત બોલતો, ઘણા કાળે આવેલા મિત્રની માફક તેમના સન્મુખ ગયો. પછી મુનિને નમસ્કાર કરી, વસ્ત્રના છેડાવડે મુનિના ચરણોને સ્વચ્છ કરી, બહુ સન્માન પૂર્વક આમલીની છાયામાં આસન ઉપર બેસાર્યા અને પોતે ચરણકમલની સેવા સાથે આશ્વાસન કરવા લાગ્યા.

**મુનિનો પ્રશ્ન**

મુનિ બોલ્યા, તું કોણ છે? કયાંથી આવ્યો? કયાં જાય છે? અને જવાનું શું પ્રયોજન છે? સહુ બોલ્યો, હું અહીં સમીપમાં રહેલા નગર શેઠનો પુત્ર છું. શ્રાવક કુળમાં મ્હારો જન્મ છે. પરંતુ વૈભવહીન થઇ ગયો છું. તેથી મ્હારા પિતાના મરણ પછી શેઠ પદવી પણ મ્હારી ચાલી ગઇ છે. સ્વજન લોકોએ પણ મ્હારૂં અપમાન કર્યું, તેથી દુઃખનો માર્યો હું દ્રવ્ય મેળવવા નીકળેલો છું. મ્હારા નગરથી થોડોજ ચાલ્યો છું. એટલામાં બહુ પરિશ્રમ લાગવાથી થાકીને અહીં બેઠો. તેટલામાં આપનાં દર્શન થયાં. મુનિ બોલ્યા, ભદ્ર! મ્હારા દર્શનથી હવે ત્હારૂં નિર્ધનપણું રહેવાનું નથી, માટે મ્હારી સાથે તું ચાલ. નજીકમાંજ ત્હને મ્હોટો નિધાન બતાવું. સહુ તેમની સાથે ઉત્તર દિશા તરફ ચાલ્યો. જ્યાં પ્રથમ તેણે મુનીંદ્રને પ્રણામ કર્યો હતો, તેજ ઠેકાણે મુનિએ ત્હેને ચાર આમ્રવૃક્ષ બતાવીને તેઓની નીચે ચાર દ્રવ્યથી ભરેલા કલશ બતાવ્યા, અને કહ્યું કે, આ નિધાનની નિશાની માટે દરેક વૃક્ષની શાખાઓમાં કંઇક નિશાની કરી લે. પછી સહુ શ્રેષ્ઠીએ પોતાના વસ્ત્રનો છેડો ફાડી ચારે શાખાઓમાં ચીંથરા બાંધીને કલશની નીશાની કરી લીધી.

ત્યારબાદ તેઓ બન્ને જણ ફરીથી તે આમલીની છાયામાં

**મુનિનું ચરિત્ર.** આવીને બેઠા. પછી સક્કુ બોલ્યો, હે મહાપુરૂષ! આપનો જન્મ મહોત્સવ ક્યા નગરમાં થયો છે? અને હાલમાં પોતાના ચરણવડે ક્યું નગર પવિત્ર કરવા ધારો છો? સિદ્ધ પુરૂષે કહ્યું, મહાભાગ! ઉત્તરદિશારૂપી સ્ત્રીના ભાલસ્થલમાં તિલક સમાન કનકપુર નામે નગર છે. તેમાં હું જન્મ્યો છું, હાલમાં સમેતગિરિની યાત્રા માટે જવું છે, અને આયુષ પૂર્ણ થવાથી ત્યાંજ મ્હારે કાળ કરવાનો છે. માટે હાલ તું ત્હારે ઘેર ચાલ્યો જા. ત્યારબાદ રાજાની આજ્ઞા લઈ મ્હારા બતાવેલા નિધાન ત્હારે કાઢી લેવા અને પ્રણતજનોનાં મનોવાંછિતસુખ પૂર્ણ કરવાં. વળી તારા નિધાનોનું વૃત્તાંત રાજા જાણશે પરંતુ મ્હારા મંત્રના પ્રભાવથી ત્હારે કોઇનો પણ ભય રાખવો નહીં. અને ત્હારી ઇચ્છા પ્રમાણે વૈભવવડે વિલાસ કરવા, એમ કહી સિદ્ધપુરૂષ ચાલતો થયો. પછી સક્કુ પણ પાછો વળીને સંધ્યા સમયે પોતાને ઘેર આવ્યો. એટલે તેની સ્ત્રી બોલી, સ્વામિન! અપશકુન થયા કે શું? પાછા કેમ આવ્યા? સક્કુ બોલ્યો, પ્રિયે! શકુન બહુ સારા થયા છે. પ્રભાતમાં તેનું સ્પષ્ટ ફલ જણાશે. પરંતુ હાલ જીનપૂજા માટે સામગ્રી તૈયાર કર. સ્ત્રીએ પણ તેજ પ્રમાણે પૂજા સામગ્રી એકઠી કરી. સક્કુ શ્રેષ્ઠી ભાવપૂર્વક જીન પ્રતિમાની પૂજા કરી સુઇ ગયો. પ્રાત:કાલમાં જીન વંદન કરી કંઇપણ ભેટ લઇ તે રાજા પાસે ગયો અને ભેટ મૂકી નમસ્કાર કરી નિધાન સંબંધી સર્વ વાર્ત્તા રાજાને જણાવી એટલે રાજાએ પણ દ્રવ્ય લાવવાની પરવાનગી આપી, પછી તે પોતાના ઘેર આવી ખોદવાનાં સાધનો લઇ નિધાન સ્થાનમાં ગયો. અને યુક્તિપૂર્વક ચારે કલશ કાઢી લઇ પોતાના ઘેર ચાલ્યો આવ્યો.

નિધાનની વાત સાંભળી નગરલોકો મંગલિક માટે અક્ષત-

**ધનનો પ્રભાવ.** પાત્ર અને વસ્ત્ર લઇ સદ્ધુશ્રેષ્ઠીની મુલાકાત માટે આવવા લાગ્યા. તેમજ બહુ ગાયક લોકો વધાઇને માટે આવ્યા કરે છે, વળી સ્વજન વર્ગ તો ત્યાંનો ત્યાંજ બેસી રહે છે. શાસ્ત્રમાં કહ્યું છે કે—

**संपदि सपदि घटन्ते, कुतोऽपि संपत्ति सह भुवो लोकाः ।**
**वर्षाभूनिवहा इव, काले कोलाहलं कृत्वा ॥**

અર્થ—"વર્ષાકાલમાં દેડકાઓના સમૂહની માફક સંપત્તિના સમયમાં લક્ષ્મીના સંબંધવાળા લોકો એકદમ કોલાહલ કરીને કયાંયથી પણ એકઠા થઈ જાય છે." આ પ્રમાણે લક્ષ્મીનો મહિમા જોઇ સદ્ધુ બહુ ખુશી થઈ ગાયકજન સાથે જિનમંદિરમાં ગયો. પછી વિધિસહિત સ્નાત્ર પૂજા કર્યા બાદ ધર્મ નિમિત્તે બહુ દ્રવ્યનો વ્યય કેરી સ્વજન સહિત પુનઃ પોતાને ઘેર આવ્યો. પશ્ચાત્ સાધુ વર્ગનો સંવિભાગ કરીને પોતે ભોજન કર્યું. એ પ્રમાણે હમ્મેશાં ધર્મ ક્રિયા કરે છે. ત્યારબાદ તેણે દૂર દેશાંતરમાં વેપાર ચલાવ્યો અને ધર્મમાં પણ વિશેષ ઉદ્યમ કરવા લાગ્યો.

**દિગ્વ્રતનો સંક્ષેપ** કદાચિત તેણે સંક્ષેપથી દિગ્વ્રત ગ્રહણ કર્યું કે, મન, વચન અને કાયાથી બન્ને પ્રકારે આજથી એક મહિના સુધી કોઇપણ કાર્ય પ્રસંગે પચીશ યોજનથી વધારે મ્હારે ગમન કરવું નહીં. વળી પ્રથમ તેણે ચારે દિશાઓમાં મળીને દોઢસો યોજનની છુટ રાખેલી હતી. હવે કોઇક પુરૂષે તેને સમાચાર આપ્યા કે, સ્થાવર નગરના રાજાનું લશ્કર શ્રીનગર પ્રત્યે જવાનું છે. ત્યારબાદ સદ્ધુ શ્રેષ્ઠીએ પોતાને દિગ્વ્રત હોવાથી એક પત્ર લખી પોતાના નોકર સાથે ત્યાં રહેલા પોતાના માણસો ઉપર મોકલાવ્યો અને પત્રમાં લખ્યું હતું કે, અહીંથી સર્વ સૈન્ય સહિત સ્થાવર નગરનો રાજા

શ્રીનગર પ્રત્યે ચઢાઈ કરી આવે છે. માટે સર્વ કરીયાણું તૈયાર રાખવું. અને કેટલોક સમય તમ્હારે ગિરિદુર્ગમાં રહેવું, વળી મ્હારો લેખ વાંચી પુનઃ પત્ર વ્યવહાર રાખવો. અને મ્હારા પત્ર પ્રમાણે તમ્હારે વેપારનો ઉદ્યોગ કરવો.

**લેખવાહક**

લેખવાહક પુરૂષ લેખ લઇ અર્ધે માર્ગે ગયો એવામાં સ્થાવર નરેંદ્રના ચાર પુરૂષો ત્હેને મળ્યા. તેઓ બોલ્યા, તું કોણ છે ? અને ક્યાં જાય છે ? એમ પુછતાંજ તે તરત ગભરાઈ ગયો. એટલે તેઓએ લેખ સહિત તે પુરૂષને પકડી લઇ રાજા આગળ રજુ કર્યો, રાજાએ તે લેખ લઇ વાંચી જોયો. અને એકદમ કુપિત થઇ તે લેખ મંત્રીને આપ્યો. મંત્રીએ પણ તે વાંચી જોઇ રાજાની આજ્ઞાથી સદ્ધુ પાસે પોતાના અંગરક્ષકો મોકલ્યા અને કહ્યું કે, ત્હેને બાંધીને જલદી અહીં લાવો. સુભટોએ પણ તેજ પ્રમાણે અવળા હાથે બાંધી સદ્ધુને નરેંદ્રની આગળ ઉભો કર્યો. રાજા બોલ્યો, રે ! રે ! પાપિષ્ટ! અધમ! પ્રત્યક્ષ શત્રુ ? હેરિક! મ્હારો નગરશેઠ થઈને પણ તું મ્હારી ગુપ્ત વાર્ત્તાઓ લેખ મારફત મ્હારા શત્રુઓને ત્યાં જણાવે છે. માટે તું દંડને પાત્ર છે. પરંતુ સાધર્મિક છે એમ જાણી ત્હને એકવાર મુક્ત કરૂં છું. ફરીથી આ પ્રમાણે કરીશ નહીં. પ્રથમ કષાય ( ક્રોધ )ને લીધે જે ત્હારી આ કદર્થના કરી છે તે પણ ત્હારે ક્ષમા કરવી એમ કહી રાજાએ ત્હેને વિદાય કર્યો.

**સદ્ધુનો પશ્ચાતાપ.**

સદ્ધુ શ્રેષ્ઠી વિલક્ષ થઇ પોતાને ઘેર ગયો. પરંતુ બંધનોની પીડાને લીધે બહુ દુઃખી થયો અને વિચાર કરવા લાગ્યો કે, રે જીવ ! હે હતાશ ! સ્ત્રી પુત્રાદિકને માટે અતિ લોભરૂપી ગ્રહથી ઘે-

રાઈને તું નિયમ ભાગવા તૈયાર થયો પરંતુ તે પુત્રાદિક પરિવાર દૂર રહેશે અને ત્હારા દુઃખમાં અંશ માત્ર પણ ભાગ તે લેવાનો નથી. હા ! મ્હને ધિક્કાર છે કે, હું એકલો દુઃખનું પાત્ર થયો. રે જીવ? મ્હોટા નિયમના ભંગરૂપી વૃક્ષના પુષ્પ સમાન બંધનાદિક દુઃખ આ લોકમાં ત્હેં અનુભવ્યું. અને મુખ્ય ફળ તો કુગતિમાં આગળ ઉપર ત્હારે ભોગવવુંજ પડશે એમ ચિંતવન કરતો સદ્ધ શ્રાવક આયુષ પુર્ણ કરી નાગકુમાર દેવોમાં ઉત્પન્ન થયો. ત્યાંથી ચ્યવી બહુ દુઃખ અનુભવી અનુક્રમે કર્મનો ક્ષય કરી સિદ્ધપદ પામશે. માટે હે ભવ્ય પ્રાણીઓ ! અલ્પમાત્ર પણ નિયમનો ભંગ કરવો નહીં. કારણકે ફરીથી બોધિજ્ઞાન તથા સદ્ધર્મની પ્રાપ્તિ બહુ દુર્લભ છે.

इति द्वितियशिक्षाव्रतेद्वितीयातिचारविपाके सद्धकथानकं समाप्तम् ।

# मतिसागरमंत्रीनी कथा.

## તૃતીય શબ્દાતિચાર.

જ્ઞાનવીર્ય રાજા બોલ્યો, હે જગદ્ઉદ્ધારક ! હમ્મેશાં ગુરૂઓની દૃષ્ટિ શિષ્ય તરફ કોમળ હોય છે, માટે કૃપા કરી બીજા શિક્ષાવ્રતમાં ત્રીજા અતિચારનું લક્ષણ કહો. શ્રી સુપાર્શ્વપ્રભુ બોલ્યા, હે રાજન્ ! જે પુરૂષ દેશાવકાશિક વ્રત લઈને કાસાદિક (ખુંખારાદિક) ના નિમિત્તે શબ્દ કરે છે તે મતિસાગરની માફક આ લોકમાં પણ બહુ દુઃખ ભોગવે છે.

આ ભરતક્ષેત્રમાં પૃથ્વીરૂપી પ્રમદાના ભાલ સ્થલમાં તિલક

**મતિસાગર દૃષ્ટાંત**

સમાન રથવૃત નામે નગર છે. સમરાંગણમાં અતિશય કીર્ત્તિ પામેલો રિપુવિક્રમ નામે રાજા તેમાં રાજ્ય કરે છે. વળી તે રાજા રાજ્યના લોભથી પોતાને જેટલા પુત્ર જન્મે છે તેઓના નાક. કાન, ઓષ્ઠ વિગેરે અંગો કાપી નાખે છે, એટલુંજ નહીં, પણ તેઓ રાજ્યને લાયક ન થાય તેવી રીતે કરે છે. આ પ્રમાણે પોતાના પતિનો બળાત્કાર જોઇ મદનશ્રી રાણી બહુ ચિંતાતુર થઇ ગઈ. હવે અવિરત સમ્યગદૃષ્ટિ મતિસાગર નામે તે રાજાનો એક મંત્રી છે, ત્હેને મદનશ્રી રાણીએ. ગુપ્ત સમાચાર કહેવરાવ્યા કે, દરેક પુત્રોને રાજા પોતેજ રાજ્યને ગ્રહણ કરવા નાલાયક કરે છે, માટે કૃપા કરી પોતાની બુદ્ધિવડે તમે મારા ગર્ભનું રક્ષણ કરો, મતિસાગર મંત્રીએ પણ રાણીનું વચન અંગીકાર કર્યું અને રાણીની સાથેજ સગર્ભા થયેલી પોતાની એક દાસીને એકાંતમાં ઉપદેશ આપી ખાનગી રીતે રાણી પાસેમોકલી. અનુક્રમે ગર્ભનો સમય પૂર્ણ થયો એટલે બહુ યુક્તિપૂર્વક મંત્રીએ બન્નેને સાથે પ્રસવ કરાવ્યો. તેમાં રાણીને પુત્ર અને દાસીને પુત્રી જન્મી. મંત્રીના કહ્યા પ્રમાણે તરતજ દાસીએ પોતાની પુત્રીને રાણીની શય્યામાં મૂકી, અને પુત્રને પોતે લઇ તે દાસી મંત્રીના ઘેર આવી. ત્યારબાદ વૃદ્ધ દાસીએ રાજાને જણાવ્યું કે, દેવીને પુત્રી જન્મી. એ વાત સાંભળી રાજા મૌન થઇ ગયો. પછી મંત્રીએ તે પુત્રનું નામ હરિવિક્રમ પાડયું શુકલપક્ષના ચંદ્રની માફક દરેક કળાઓ સાથે તે પુત્ર દિનદિન પ્રત્યે વધવા લાગ્યો.

**મતિસાગરમંત્રી.**

હવે રિપુવિક્રમ રાજા કાળધર્મ પામ્યો. તેથી મતિસાગર મંત્રીએ હરિવિક્રમને રાજ્યાસન ઉપર સ્થાપન કર્યો. પછી તે સ્વેચ્છા પ્રમાણે વિલાસ કરવા લાગ્યો, અને રાજ્ય કારભાર

મંત્રી ચલાવે છે. તેવામાં એક દિવસ હરિવિક્રમ રાજાને કોઇએ કહ્યું કે, તું તો નામ માત્ર રાજા છે. ખરો રાજા તો મંત્રી છે. કારણકે તે પોતાની મરજી મુજબ દરેક વ્યવહાર ચલાવે છે. અને સ્વેચ્છા પ્રમાણે વિલાસ સુખ ભોગવે છે. વળી સામંતાદિકને પણ પોતાના તાબામાં રાખે છે અને પોતાનો ખજાનો પણ હમ્મેશાં ભરેલો રાખે છે. તે સાંભળી રાજા વિચાર કરવા લાગ્યો કે, એનું કહેવું સત્ય છે. કારણકે વિષયમાં આસક્ત થઇને મ્હેં રાજ્યની પણ દરકાર રાખી નહીં. માટે કોઇપણ તેવો તુચ્છ આદેશ આપું કે, જેથી તે નહીં કરી શકે એટલે ત્હેનો સર્વસ્વ દંડ હું કરીશ. એમ વિચાર કરી રાજાએ મંત્રીને કહ્યું કે, કૃતજ્ઞ, કૃતઘ્ન, જ્ઞાની અને મૂર્ખ એવા ચાર પુરૂષો તું મ્હને બતાવ. નહીં તો જરૂર તું મરણ વશ થઇશ. તે સાંભળી હૃદયમાં બહુ વ્યાકુલ થઇ મંત્રી પોતાને ઘેર ગયો. હવે મંત્રીની પુત્રી સુયશા બહુ બુદ્ધિશાળી છે તેથી તેણીએ એકાંતમાં પોતાના પિતાને પૂછયું કે, હે તાત ! આજે આપ ચિંતાતુર કેમ દેખાઓ છો ? મંત્રીએ રાજાનો હુકમ કહ્યો, એટલે પુત્રી બોલી. હે તાત ! આ કાર્ય એટલું બધુ મહત્તા ભરેલું નથી માટે એમાં તમ્હારે કંઇપણ ચિંતા કરવી નહીં. આ દુષ્ટ પ્રશ્નનો જવાબ હું તેને આપીશ, પરંતુ તમ્હારે આ સંબંધી કંઇપણ બોલવું નહીં.

**સુયશાએ આપેલો ઉતર.**

ત્યારબાદ સુયશા પોતાની સાથે એક કુતરો અને ધોબીને લઇ મંત્રી સહિત રાજા પાસે ગઇ. પછી રાજા બોલ્યો, હે મંત્રી ! મ્હારા કહેવા પ્રમાણે ચાર પુરૂષોને તું લાવ્યો ! મંત્રી બોલ્યો હે દેવ ! આ મ્હારી દીકરી તેઓને લાવી છે. રાજાના પૂછવાથી સુયશાએ પ્રથમ કુતરાને બતાવી કહ્યું કે, હે રાજન્ ! આ કુતરો માત્ર આહાર આપવાથી પ્રાયે ચાંડાલનું પણ કલ્યાણ ઇચ્છે છે. માટે એને કૃતજ્ઞ જાણવો. વળી કૃતઘ્નનો

શિરોમણિ તું પોતેજ છે. કારણકે જે મંત્રીએ જન્મથી આરંભી ત્હને મ્હોટો કર્યો અને રાજ્ય ગાદીએ બેસાર્યો, તેનેજ તું મારવા તૈયાર થયો છે. બોલ ! મ્હારા કહ્યા પ્રમાણે શું તું કૃતઘ્ન નથી ? તેમજ આ ધોબી બહુ જ્ઞાની છે. કારણકે રાત્રીએ પણ દરેકનાં વસ્ત્ર તે ઓળખી શકે છે. અને આ મ્હારો પિતા તે અજ્ઞાની છે. કારણકે તે એટલું પણ જાણી શકતો નથી કે, રાજા અવિવેકી અને કાનનો કાચો છે. તેમ છતાં તમ્હારી સેવા કરી વૈભવની વાંચ્છા રાખે છે. તે પ્રમાણે કહ્યું છે કે—

अविवेकिनि यो भूपे, कुर्याद्गृद्धिं समृद्धये ।
गच्छेद्दिगन्तरं मन्ये, खमारुह्य समृद्धये ॥
घटवत्परिपूर्णोऽपि, विदग्धो रागवानपि ।
ग्रहीतुं शक्यते केन, पार्थिवः कर्णदुर्बलः ॥

અર્થ—" જે પુરૂષ અવિવેકી રાજા તરફથી સમૃદ્ધિની ઇચ્છા રાખે છે, તે વૈભવ માટે આકાશ માર્ગે ચઢી દિગંતરમાં ચાલ્યો જાય એમ હું માનું છું, વળી ઘટની માફક પરિપૂર્ણ, તેમજ ડાહ્યો અને રાગી એવો પણ રાજા જો કાનનો કાચો હોય તો કોઇથી પણ ગ્રહણ કરી શકાતો નથી." એમ કેટલાંક સુયશાનાં સુભાષિત વચનો સાંભળીને વિલક્ષ થઈ રાજા બોલ્યો, હે મંત્રી ! જે કંઇ મ્હારાથી ત્હારો અપરાધ કરાયો હોય તેની હાલ હું ક્ષમા માગુ છું. તે સાંભળી મંત્રી બોલ્યો—

पाषाणजालकठिनोऽपि गिरिर्विशालः,
सांभिद्यते प्रतिदिनं वहता जलेन ॥
कर्णोपजापपिशुनैः परिघृष्यमाणः,
को वा न याति विकृतिं दृढसौहृदोऽपि ॥

અર્થ—"અનેક પાષાણોવડે કઠિન અને વિશાલ એવો પર્વત પણ નિરંતર વહેતા જલવડે ભેદાઈ જાય છે તો પછી, કર્ણ સૂચક-પિશુનોથી ઘસાતો અને દૃઢ સ્નેહવાળો એવો પણ કયો પુરૂષ વિકારને ન પામે ?" માટે એમાં આપનો કંઈ દોષ નથી. વળી હે રાજાધિરાજ ! મ્હારાથી પણ જે કંઈ આપનો અપરાધ કરવામાં આવ્યો હોય તેની પણ આપની પાસે હું ક્ષમા માગુ છું અને વિશેષમાં એટલી મ્હારી વિનતિ છે કે, હવે મ્હારા ઘરની દોલત સહિત આપની મંત્રીમુદ્રા આપ લઈ લો. રાજા બોલ્યો, હે મંત્રી ! મુદ્રા મૂકવાનું ત્હારે કંઇ પણ કારણ નથી. આ રાજ્ય પણ ત્હારે આધીન છે. ત્યારબાદ મંત્રી ઉભો થઇ રાજાને પગે લાગી બોલ્યો, હે નરેશ્વર ! આજથી આ દેહપર્યંત મ્હારે મંત્રી મુદ્રાનો નિયમ છે. માટે હે સ્વામિન્ ! આ કાર્યમાંથી મ્હને મુક્ત કરો. અને આપની આજ્ઞાથી હું મુનિ દીક્ષા ગ્રહણ કરીશ. રાજા બોલ્યો, કોઇપણ રીતે હું ત્હને રજા આપવાનો નથી. કારણકે તું મ્હારા સ્વાધીન છે. અને ત્હારા વિના મ્હારે પલભર પણ ચાલે તેમ નથી. માટે મ્હારાકાર્યમાં અવશ્ય ત્હારે રહેવું પડશે. મંત્રી બોલ્યો, પ્રભુ ! આપનું કહેવું ઠીક છે. પરંતુ હું આ કઠોર એવાં રાજકાર્ય કરવા માટે હવે ઇચ્છતો નથી, માટે આ સંબંધમાં હવે મ્હને ઘણો આગ્રહ કરવાની જરૂર નથી. આ પ્રમાણે મંત્રીનો દૃઢ નિશ્ચય જાણી રાજા બોલ્યો, મંત્રી ! ગૃહસ્થાશ્રમમાં રહી શ્રાવક ધર્મની આરાધના કરવી બહુ ઉત્તમ છે. શું દીક્ષા વિના ધર્મ સાધન નહીં થતું હોય ? શ્રાવક ધર્મ પણ સુગતિદાયક થાય છે. એ પ્રમાણે રાજાનું વચન માન્ય કરી મંત્રી પોતાની પુત્રી સહિત પોતાને ઘેર ગયો.

પછી મંત્રીએ ગીતાર્થ એવા સદ્ગુરૂ પાસે જઈ અણુવ્રતા-

**શ્રાવકધર્મ.** દિક બાર પ્રકારનો શ્રાવક ધર્મ અંગીકાર કર્યો. અને તે પ્રમાણે નિરંતર પોતે પાળવા લાગ્યો. તેમજ બીજા શિક્ષાવ્રતમાં વિશેષે કરી દેશાવકાશિકનો નિયમ લીધો. એક દિવસ તેણે એવો નિયમ લીધો કે, આજે કોઈપણ કાર્ય માટે મ્હારે દિવસની અંદર પોતાના ઘરમાંથી બહાર જવું નહીં. તેવામાં રાજાએ મંત્રીની પાસે પોતાનો પ્રતીહાર મોકલ્યો. તે પ્રસંગે મંત્રી પોતાના રાજાના શત્રુના પ્રધાન પુરૂષને ખુંખારો કરીને બોલાવી, તેની સાથે એકાંતમાં બેસી કંઈક વાતચિત કરતો હતો, તે બાબત મંત્રીના ઘેર જતાં પ્રતીહારના જોવામાં આવી, એટલે તરતજ તે શંકિત થઈ રાજાની પાસે આવ્યો. અને બન્નેની મસલત તેને કહી દીધી. તે સાંભળી રાજા બહુ ક્રોધાતુર થઈ ગયો અને પ્રતીહારને હુકમ કર્યો કે, મંત્રીને અવળા હાથે બાંધીને જલદી મ્હારી પાસે લાવો. તત્કાલ તેઓએ પણ હુકમ પ્રમાણે મંત્રીને દાખલ કર્યો.

**મંત્રીની કદર્થના.** રાજા બોલ્યો, મંત્રી! હજુ પણ તું દ્વેષ બુદ્ધિને છોડતો નથી ? મ્હારા શત્રુને તું શા માટે માન આપે છે ? મ્હેં ક્ષમા માગીને ત્હારો સત્કાર કર્યો તેમ છતાં પણ તું તો અકૃત્યમાં પડ્યો. અને પોતાની ઇચ્છા પ્રમાણે તું વર્તે છે. માટે હવે ત્હને કેવી રીતે રાખવો ? વળી ત્હને સાધર્મિક જાણી હું ત્હારા પ્રાણ તો નથી લેતો. પરંતુ માત્ર મ્હારા દેશનો ત્યાગ કરી તું ચાલ્યો જા. કારણ કે સ્વામી વિરૂદ્ધ કાર્ય કરવાથી ત્હારા પ્રાણો પોતાની મેળેજ ચાલ્યા જશે. આ પ્રમાણે બોલવાથી નરેંદ્રની માતા મદનશ્રી પણ મંત્રીનું બંધનાદિક દુઃખ સાંભળી રૂદન કરતી ત્યાં આવી અને બોલી કે, હે વત્સ ! સદાકાલ પરમ ઉપકારી એવા આ મંત્રીની કદર્થના દુર્જનોના કહેવાથી તું શા માટે કરે છે ? વળી હાલમાં આ

મંત્રી વિશેષ પ્રકારે ધર્મમાં રક્ત થઇ શુભ કાર્ય કરે છે અને અનિષ્ટ કાર્ય સ્વપ્નમાં પણ તે ચિંતવતો નથી. તેમજ પ્રજા વર્ગને પણ સમાન બુદ્ધિથી જુએ છે. " મહાત્માઓ શુભ વા અશુભ કોઇ પણ કાર્ય વિચાર્યા વિના કરતા નથી. " માટે એકદમ મંત્રીને બંધનમાં નાખ્યો અને આ પીડા આપી તે બહુજ ત્હેં ખોટું કર્યું છે. વળી મંત્રીની પુત્રીએ તેજ વખતે ત્હને જે કૃતઘ્નશિરોમણી કહ્યો હતો તે વાત આ પ્રમાણે અકૃત્ય કરવાથી ત્હેં પોતેજ સત્ય કરી. એમ કહી રાણીએ છરીથી બંધન કાપીને મંત્રીને છુટો કર્યો અને તેની ક્ષમા માગી. ત્યારબાદ મંત્રી બોલ્યો, આ કાર્યમાં ખાસ મ્હારોજ દોષ છે. કારણ કે આજે ઘરમાંથી બહાર ન નીકળવું એવો મ્હેં નિયમ લીધો હતો. છતાં હે દેવિ! પ્રથમના પરિચયને લીધે ખુંખારો કરી શત્રુના પ્રધાનને મ્હેં બોલાવ્યો, તેથી મ્હને દેશાવકાશિક વ્રતમાં અતિચાર લાગ્યો. તેથી તેનું ફલ મ્હેં પોતેજ ભોગવ્યું એમાં રાજાનો કંઇપણ દોષ નથી. તે સાંભળી રાજાનો ક્રોધ પણ શાંત થઇ ગયો. પછી રાજાએ પણ વિનયનાં વચન બોલી મંત્રીની ક્ષમા માગી. મંત્રી પણ સુખાસનમાં બેસી રાજાની આજ્ઞા લઇ પોતાને ઘેર ગયો. અને દૃઢ બંધનોની પીડાને લીધે મંત્રીના શરીરે કાલજ્વર ભરાઇ ગયો. જેથી ત્રીજે દિવસે અકસ્માત્ પ્રાણમુક્ત થઇ ગયો. અને કર્મના અનુસારે સૌધર્મ દેવલોકમાં અલ્પ રૂદ્ધિવાળો દેવ થયો. ત્યારપછી ત્યાંથી ચ્યવીને મહાવિદેહમાં ઉત્પન્ન થઇ ત્રીજે ભવે મોક્ષ સુખ પામશે.

इति द्वितीयशिक्षाव्रते तृतीयातिचारविपाके मतिजलधिमंत्रिकथानकं समाप्तम् ॥

# કૃષ્ણની કથા.

## ચતુર્થસ્વરૂપપ્રદર્શનાતિચાર.

દાનવીર્ય રાજા બોલ્યો, હે જગત્પાલક ! આપની પવિત્ર દેશનાવડે સર્વ જગતના જીવો પવિત્ર થાય છે માટે, હે ભગવન્ ! આપ મહાન્ પરોપકારી છો. તેથી કૃપા કરી હવે બીજા શિક્ષાવ્રતમાં ચોથા અતિચારનું સ્વરૂપ દૃષ્ટાંત સાથે અમને સમજાવો. શ્રી સુપાર્શ્વપ્રભુ બોલ્યા, દેશાવકાશિક વ્રત ગ્રહણ કરીને જે પુરૂષ કોઇ કાર્યને લીધે દૂર રહેલા પુરૂષને પોતાના સ્વરૂપનું ભાન કરાવે છે, તે કૃષ્ણની માફક બહુ દુઃખી થાય છે.

**કૃષ્ણદૃષ્ટાંત.**

ષટ્ખંડભૂમિમાં ઉત્તમ શોભાને ધારણ કરતું માનખેટ નામે નગર છે. તેમાં સમસ્ત શત્રુઓનો પરાજય કરનાર અને સમગ્ર કલાઓનો પારગામી વિક્રમાદિત્ય નામે રાજા છે. પદ્મા નામે તેની પટરાણી છે. વિનયાદિક સદ્ગુણોનું મંદિર વિક્રમસેન નામે તેને પુત્ર છે અને કૃષ્ણ નામે તેનો મિત્ર છે. હવે એક દિવસ વિક્રમસેન કુમાર પોતાના મિત્ર સહિત હસ્તી ઉપર બેસી હૃદયને આનંદ દાયક અને મનોહર એવા નંદનવન નામે ઉદ્યાનમાં ગયો. ત્યાં આગળ એક પુરૂષ મળ્યો. તેણે પ્રાર્થના કરી કહ્યું કે, હે કુમાર ! રત્નમાલા નામે મ્હારી ભાર્યા સાથે હું આ કદલીગૃહમાં રાત્રીએ સુતો હતો તેટલામાં અશોકવૃક્ષ ઉપરથી નીચે ઉતરી એક મયૂર ( મોર ) મ્હારી સ્ત્રીની ડોકમાંથી રત્નાવળી હારનું હરણ કરી મ્હારા દેખતાં તે પાછો તેજ વૃક્ષ ઉપર ગયો. ત્યારપછી મ્હેં ત્હેને બાણ માર્યું. તે પણ ત્હેને નહીં લાગતાં પાછું આવીને મ્હારાજ શરીરે લાગ્યું. વળી તે મોર કલા ચઢાવી આનંદપૂર્વક

નૃત્ય કરે છે. પરંતુ કોઈપણ પ્રકારે તેનો પરાજય થતો નથી, અને કોઇથી તે ડરતો પણ નથી. માટે આપ કૃપા કરી ક્ષણુમાત્ર ત્યાં પધારો અને તે પક્ષીને જુઓ. કુમાર પોતે ત્યાં ગયો અને મોરને જોઇ વિસ્મિત થઈ તે બોલ્યો, હે મયૂર ! ત્હારે નૃત્ય કરવાનું શું કારણ? મોર બોલ્યો, હે કુમારેંદ્ર ! કૃપા કરી ક્ષણ માત્ર સાવધાન થઈ તું મ્હારૂં ચરિત્ર સાંભળ.

**મોરનું ચરિત્ર.**

શીલરૂપી અલંકારથી ભ્રષ્ટ થયેલ રાષ્ટ્રકૂટ નામે પૂર્વભવમ હું રાજપુત્ર હતો. એક દિવસ બહુ રૂપવંતી નગરશેઠની પુત્રી મ્હને મળી. ત્હેને લઈ કોઈક સાર્થવાહની સાથે હું સિંધુ દેશમાં જતો હતો. વળી તે શેઠની પુત્રી ચાલવામાં બહુ ધીમી હતી અને સાર્થવાહના લોકો બહુ ઝડપથી ચાલતા હતા. તેથી અમારે અને સાર્થને ઘણું અંતર પડી ગયું. પછી અમે બન્ને જણ માર્ગના શ્રમથી બહુ થાકી ગયા તેથી માર્ગ છોડી એકાંતમાં નિર્ભયપણે અમે મુકામ કર્યો. રાત્રીના પ્રથમ પ્રહર સુધી ક્રીડા કરીને સુઈ રહ્યાં પછી રાત્રીના છેલ્લા પ્રહરે હું જાગી ઉઠયો તો મ્હારી સ્ત્રી ત્યાં નહોતી તેથી મ્હેં ચારે બાજુએ તપાસ કર્યો પણ તેનો પત્તો લાગ્યો નહીં. પછી મ્હેં વિચાર કર્યો કે પોતાનાં માબાપને સંભારી કદાચિત્ તે પાછી વળી હશે પણ તે તેની મ્હોટી ભૂલ ગણાય, કારણ કે માર્ગમાં દુષ્ટ પ્રાણીઓ એને મારી નાખશે. એમ હું વિચાર કરતો હતો તેટલામાં સૂર્યોદય થયો. એટલે તેનાં પગલાં જોતો જોતો હું જતો હતો તેવામાં બહુ વેગથી દોડેલા વાઘનાં પગલાં મ્હારા જોવામાં આવ્યાં તે ઉપરથી મ્હને નિશ્ચય થયો કે, આ નિર્દય વાઘે મ્હારી સ્ત્રીને મારી નાખી છે. પછી ત્યાંથી હું સાર્થ પાસે જઇ પહોંચ્યો, સાર્થાધિપને આ સર્વ વૃત્તાંત જણાવીને મ્હેં કહ્યું કે, જ્યાંસુધી હું મ્હારી સ્ત્રીની ખબર લઈ

અહીં આવું ત્યાંસુધી તમ્હારે અહીં રોકાવું. પછી સાર્થવાહે પણ મ્હારા વચનનો સ્વીકાર કરી મ્હારી સહાય માટે પોતાના કેટલાક સુભટો મોકલ્યા.

**બાલાની શોધ.**

પછી હું ત્યાંથી સુભટો સહિત નીકળીને બાલાની શોધમાં ફરતો હતો તેવામાં એક વાઘ મ્હારા જોવામાં આવ્યો અને તે સુઈ ગયો હતો. તેમજ તેની પાસમાં ઉત્તમ વીંટીઓ, કડાં, બાજુબંધ અને સુવર્ણના કંકણોથી વિભૂષિત તે બાલાના બન્ને હાથ, અને બહુ સુંદર સોનાની સાંકળ સહિત બન્ને ઝાંઝર તેમજ આ રત્નાવલી હાર વિગેરે સર્વ આભૂષણો પડેલાં જોયાં. પછી તે બાલાના માંસથી તૃપ્ત થઇ સુતેલા તે વાઘને મ્હેં બોલાવ્યો. રે લંપટ ! નિરપરાધી બાળાને મારી હજુ પણ નિર્ભય થઇ સુઇ રહ્યો છે ? પરંતુ ત્હારા પેટમાંથી તે બાલાને જરૂર હું ખેંચી લેવાનો છું. એ પ્રમાણે મ્હારાં અસહ્ય વચન સાંભળી વાઘ એકદમ જાગ્રત્ થઇ ઉભો થયો, અને પોતાના ગર્જારવથી બ્રહ્માંડ રૂપી મંડપને વિખેરતો હોયને શું ? વળી ભારે પુંછડાના આડંબર વડે ભૂતલને કંપાવતો હોયને શું ? એમ અનુક્રમે યમ સમાન અત્યંત ગર્વને વહન કરતો તે મ્હારી ઉપર ધસી આવ્યો. મ્હેં પણ વજ્ર સમાન ખેરના ખીલાવડે ડાબા હાથે ત્હેની જીભ અને ઓષ્ઠ વીંધી લીધા. તેમજ જમણા હાથમાં ધારણ કરેલી છરીવડે તેનું ઉદર ચીરી નાખ્યું. તેથી તે તત્કાલ પ્રાણ મુક્ત થઇ ગયો, પછી તે બાલાના શરીરના સર્વ અવયવ તેમજ તેનાં કડાં, કુંડલ વિગેરે સર્વ આભરણ લઇને ફરસી ઉપર વાઘનું કલેવર ભરવી હું સાર્થવાહની પાસે ગયો, અને તેને કહ્યું કે રત્નપુર નગરમાં રત્નસંચય નામે શેઠ છે. દેવશ્રી નામે તેની ભાર્યા છે, તેઓ આ બાળાનાં માબાપ થાય છે, તેમને આ આભરણો તમે જાતે

જઈને જરૂર આપજો અને આ સર્વ વૃત્તાંત તમ્હારા જાણવામાં છે તે પ્રમાણે કહેજો. કૃપા કરી આટલું મ્હારૂં કામ અવશ્ય કરવું. ભૂલશો નહીં. હવે હું આ સ્ત્રીનાં અંગો સાથેજ બળતી ચિતામાં પ્રવેશ કરી મ્હારી સ્ત્રીના માર્ગને અનુસરીશ. મ્હારાથી કોઇ પણ થયેલો અપરાધ આપે ક્ષમા કરવો. અને મ્હારા સ્વજન વર્ગને મ્હારી ક્ષમાપના સાથે આ સર્વ વૃત્તાંત નિવેદન કરશો.

**સાર્થવાહનો ઉપદેશ.**

સાર્થપતિ બોલ્યો, રે પાંથ ! તું સ્ત્રી સાથે જે અગ્નિમાં પ્રવેશ કરે છે તે લોક વ્યવહાર તથા ધર્મથી પણ વિરૂદ્ધ છે. કારણકે કેટલીક સ્ત્રીઓ પોતાના પતિ સાથે અગ્નિમાં પ્રવેશ કરે છે એ વાત તો લોકમાં પ્રસિદ્ધ છે. ત્યારબાદ મ્હેં પણ કહ્યું કે, પ્રાયે પુરૂષોનો સ્નેહ તેવો હોતો નથી. કારણકે, ભૂખ્યા માણસોને ભોજનની માફક પુરૂષોનો સ્ત્રીઓ ઉપર રાગ હોય છે. વળી જે સ્નેહ મરણાંતે પણ નાશ પામતો નથી તેવા પુરૂષો તો વિરલાજ હોય છે. તૃષાતુર ચાષ પક્ષિઓ પણ વારંવાર પ્રિય વચન બોલે છે. એમ પ્રલાપ કરી તૈયાર રચેલી ચિતામાં સ્ત્રીના અવયવો સાથે મ્હેં પ્રવેશ કર્યો. અને કર્મયોગને લીધે મરીને હું વ્યંતર થયો છું. પછી અનુક્રમે ક્રીડા કરતો સ્ત્રી સહિત તે સાર્થવાહ પણ અહીં આવ્યો. અને તે સ્ત્રીના વક્ષ-સ્થલમાં મ્હારો રત્નાવલી હાર મ્હેં જોયો. જેથી જ્ઞાનના ઉપયોગ વડે પુર્વોક્ત સર્વ વૃત્તાંત મ્હેં જાણ્યું, તેથી મોરનું સ્વરૂપ ધારણ કરી હું મ્હારો રત્નાવળી હાર લઇ બહુ ખુશી થયો. હે કુમાર ! તમને જો આ વાતની પ્રતીતિ ન થતી હોય તો આ ઉદ્યાનની અંદર આમ્રવૃક્ષની નીચે કેવલી ભગવાન બેઠા છે તેમને મ્હારૂં ચરિત્ર પુછી જુઓ.

હવે મિત્ર સહિત કુમાર તથા સ્ત્રી સહિત તે પુરૂષ મોરને સાથે લઇ તે સર્વે કેવળી પાસે ગયા. અને વંદન કરી ઉચિત સ્થાને બેઠા. યોગ્ય અવસર જાણી કુમાર બોલ્યો, ભગવન્ ! આ

**કેવલીભગવાન્.**

મોર પુર્વભવમાં કોણુ હતો અને કયા સ્થાનમાં હતો, વળી એણે શું શુભાશુભ કાર્ય કર્યું છે ? તે કૃપા કરી આપ નિવેદન કરો. કેવલી બોલ્યા, આ મોરે જે તમને કહ્યું છે તે સત્ય છે. વળી કુમારના પ્રતિબોધને માટે વિશેષમાં જણાવ્યું કે, વિષય સુખનું ધ્યાન કરતી તે બાલા ભર નિદ્રામાં સુતી હતી, તેવામાં વાઘે તેને મારી નાખી તેથી તે તિર્યગ્ જાતિમાં ઉત્પન્ન થઇ છે. કુમાર બોલ્યો, મુનીંદ્ર ! શું રતિસુખનો અધ્યવસાય આવું ફલ આપે છે ? કેવલી બોલ્યા, રતિસુખનું ધ્યાન કરતો કોઇ મનુષ્ય નિદ્રામાં જો મરણુ પામે તો તે જીવ બહુ ગુણુવાન્ હોય તોપણુ વિષમ દુર્ગતિમાં ઉત્પન્ન થાય છે. એમ વિસ્તારપુર્વક દેશના સાંભળી પોતાના મિત્ર સહિત કુમારે દ્વાદશ પ્રકારનો ગૃહીધર્મ સ્વીકાર્યો. મોરે પણુ વ્યંતરનું સ્વરૂપ પ્રગટ કર્યું અને સમ્યક્ત્વ ગ્રહણુ કરી કુમારના કંઠમાં રત્નમાલા પહેરાવી પછી મુનિને નમસ્કાર કરી તે પોતાના સ્થાનમાં ગયો. ત્યારબાદ કુમારાદિક પણુ કેવલી ભગવાનને વંદન કરી પોતપોતાના સ્થાનમાં ગયા.

હવે કૃષ્ણુ સહિત કુમાર નિરંતરે ઉપયોગપુર્વક ધર્મકાર્ય કરે છે. પછી એક દિવસ કૃષ્ણે દેશાવકાશિક વ્રતમાં વિશેષ નિયમ લીધો કે આજે સૂર્યાસ્ત સુધી મ્હારે પૌષધશાલાની બહાર ન જવું. તેમજ પૌષધશાલાનું દ્વાર બંધ કરી

**કૃષ્ણુની શિથિલતા.**

પોતે અંદર બેઠો હતો તેવામાં કુમારનો મોકલેલો કોઇક પુરૂષ કૃષ્ણુની પાસે આવ્યો. દ્વાર બંધ હોવાથી, કૃષ્ણુ ! કૃષ્ણુ ! એમ મ્હોટા શબ્દ તે કરવા લાગ્યો. તે સાંભળી કૃષ્ણુ પોતે મૌનધારી

હતો છતાં પણ તે ઉંચા સ્થાને ઉભો રહી આવેલા પુરૂષની દૃષ્ટિગોચર થયો. એટલે તે પુરૂષ કમાડ ઉઘાડી અંદર ગયો અને કુમારનો સંદેશો તેને કહેતો હતો તેટલામાં ક્યાંયથી ફરતો ફરતો કોઈક સાહસિક શિરોમણિ બંદિવાન દ્વાર ઉઘાડું હોવાથી કૃષ્ણની પાસે ગયો. અને તેના બે હાથ પકડી તરવાર બતાવી બંદીવાન્ બોલ્યો, હું બહુ ભૂખ્યો થયેલો છું માટે દશ હજાર સોનૈયા મ્હને આપ. પછી કુમારનો પુરૂષ પૌષધશાળાની બહાર નીકળી બુમ પાડવા લાગ્યો. તે સાંભળી નગરના લોકો એકઠા થઇ ગયા અને કુમાર પણ ત્યાં આવ્યો. એટલામાં બંદીએ સ્તંભ સાથે કૃષ્ણને ખેંચી બાંધ્યો અને ખડ્ગ ખેંચી ત્યાં ઉભો રહ્યો હતો. તે જોઇ કુમાર બોલ્યો, બંદી ! આ મ્હારો મિત્ર છે માટે એને તું છોડી દે. અને જે તું માગીશ તે ત્હને હું આપીશ. બંદી ભયભીત થઇ ગયો તેથી અભયદાન સાથે તેણે દશ હજાર સોનૈયા માગ્યા. પછી કુમારે તે પ્રમાણે ગણી આપ્યા. ત્યારબાદ બંદી કુમારનો હાથ પકડી નગરની બહાર ગયો અને કુમારને નમસ્કાર કરી વળી વળીને પાછું જોતો તે વિદાય થયો.

**અતિચારની વેદના.** હવે ગાઢ બંધનોની પીડાને લીધે રૂધિર ભરાઈ જવાથી કૃષ્ણ પૌષધશાલામાંજ પડી રહ્યો. અને સંસાર સ્વરૂપની વિચારણા કરવા લાગ્યો કે–

जन्ममरणाय नियतं, बन्धुर्दुःखाय धनमनिर्वृतये ।
तन्नास्ति यन्न विपदे, तथाऽपि लोको निरालोकः ॥
घनापायः कायः, प्रकृतिचपला श्रीरपि खला ।
महाभोगा रोगाः, कुवलयदृशः सर्पसदृशः ॥
गृहावेशः क्लेशः, प्रणयिषु सुखं स्थैर्यविमुखम् ।
यमः स्वैरी वैरी, तदपि न हितं कर्मविहितम् ॥

અર્થ—" પ્રાણી માત્રનો જન્મ જરૂર મરણ માટેજ થાય છે, તેમજ બંધુ વર્ગ દુઃખને માટે અને ધન સંપત્તિ અસંતોષને માટે થાય છે. વળી આ દુનીયામાં કોઈ પણ એવો પદાર્થ નથી કે જે દુઃખદાયક ન હોય ! એમ જાણતાં છતાં પણ લોકો અજ્ઞાનતાથી તેને છોડતા નથી. તેમજ આ દેહ બહુ વિઘ્નોથી ઘેરાયેલો છે. વળી સ્વાભાવિક ચંચલ એવી લક્ષ્મી પણ કુટિલ છે, મહાન વિષયભોગો રોગમય દેખાય છે, સ્ત્રીઓ નાગિણી સમાન દુઃખદાયક છે, તેમજ ગૃહકાર્ય બહુ કલેશદાયક છે. સ્નેહી વર્ગનું સુખ પણ બહુ અસ્થિર છે. અને સ્વચ્છંદચારી યમરૂપી મ્હોટો વૈરી ઝુકી રહ્યો છે છતાં પણ આત્મહિત કાર્ય ન કર્યું. " કારણકે દિગ્વ્રતના કલંકરૂપી વૃક્ષનું પુષ્પરૂપી દુઃખ અહીંજ મ્હને પ્રાપ્ત થયું. વળી જન્માંતરમાં કુગતિ પામીને અનેક દુઃખરૂપી અતિચારનું ફલ મ્હારે ભોગવવું પડશે. ઇત્યાદિક ભાવનામાં દિવસ વ્યતીત કરી રાત્રીએ તે કૃષ્ણ પોતાને ઘેર ગયો. પરંતુ દાહજ્વર ભરાઇ જવાથી ત્રીજે દિવસે મરણ પામી જ્યોતિષિક દેવમાં ઉત્પન્ન થયો, ત્યાંથી ચ્યવીને ત્રીજે ભવે સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષ સુખ પામશે. વિક્રમસેન કુમાર પણ અનુક્રમે નિર્મલ ચારિત્ર પાળી કેવળજ્ઞાન ઉત્પન્ન કરી વિશુદ્ધ થઈ સિદ્ધ પદ પામ્યો.

इति द्वितीयशिक्षाव्रतचतुर्थातिचारविपाके कृष्णकथानकं समाप्तम् ।

---

## सोमश्रेष्ठीनी कथा.

---

### પંચમપુદ્ગલક્ષેપાતિચાર.

દાનવીર્ય રાજા બોલ્યો, હે ભગવન્ ! હવે બીજા શિક્ષાવ્રતમાં પાંચમા અતિચારનું લક્ષણ દૃષ્ટાંત સહિત અમને સમજાવો. શ્રી

સુપાર્શ્વ પ્રભુ બોલ્યા, હે રાજન્ ! જે પુરૂષ દેશાવકાશિક વ્રત ગ્રહણ કરીને કાંકરા વિગેરે વસ્તુઓના પ્રક્ષેપવડે પોતાને જાહેર કરે છે તે સોમશ્રેષ્ઠીની માફક બહુ દુ:ખ પામે છે.

બહુ વિ(વૃ)ષ ( ઝેર=ધર્મ ) નું સ્થાન, તેમજ નિર્મલ મણિઓની કાંતિથી વિભૂષિત શેષનાગના શરીર સમાન ભોગપુર નામે નગર છે. તે બન્નેમાં ભેદ માત્ર એટલોજ છે કે, નાગને બે જીહ્વાઓ રહેલી છે અને આ નગરની અંદર કોઈપણ બેજીહ્વાવાળો ( ચાડીઓ ) રહેતો નથી. એવા તે નગરની અંદર સ્વજનરૂપી કુમદ વનને પ્રફુલ્લ કરવામાં ચંદ્ર સમાન સોમ નામે શ્રેષ્ઠી છે. કામદેવની સ્ત્રી સમાન બહુ સુંદર આકૃતિવાળી અનંગસેના નામે તેની ભાર્યા છે. પરસ્પર ગાઢ પ્રીતિને લીધે વિષય સુખમાં આસક્ત અને હમ્મેશાં આનંદમય દોગુંદક દેવની માફક તેઓનો કેટલોક સમય વ્યતીત થયો. એમ કરતાં કોઈક સમયે અનંગસેનાને એક પુત્રી જન્મી. યોગ્ય સમયે અનંગસુંદરી એવું તેનું નામ પાડયું. વળી તે અનંગસુંદરી રૂપ વૈભવમાં અદ્વિતીય હતી. પોતાની અતિ સૌંદર્યતાને લીધે રતિના ગર્વનો પણ તે અપહાર કરતી હતી. વળી હું એમ માનું છું કે, તેની રચનામાં વિધિને બહુ પ્રયાસ વેઠવો પડ્યો હશે. પરંતુ તે બહુ દુર્ભાગી હતી. તેથી કોઈપણ પુરૂષ તેની તરફ દૃષ્ટિ પણ કરતો નહોતો. હવે પુત્રીની યોગ્ય ઉંમર જોઇ તેના માતાપિતાએ વિવાહ માટે બહુ પ્રયાસ કર્યો પણ તે વરાકીને કોઈ સ્વીકારતું નથી ! વળી તે અનંગ સુંદરી કામાગ્નિની પીડાને નહી સહન કરતી હમ્મેશાં પરપુરૂષોની પ્રાર્થના કરતી હતી અને લોકો પણ આ પ્રમાણે તેનો દુરાચાર જોઈ આ કુલટા છે એમ બોલવા લાગ્યા. તે અપવાદ સાંભળી પોતે બહુ દુ:ખી થવા લાગી. તેમજ તેની સખીઓ પણ હસે છે. તેથી તે બહુ લજ્જા પામવા લાગી.

ત્યારબાદ સૌભાગ્યની વાંચ્છા કરતી એવી તે અનંગસુંદરી શંકર અને પાર્વતીનું પૂજન કરવા લાગી.

**સૌભાગ્યનો ઉપાય.** વળી નેત્રમાં સૌભાગ્ય અંજન આંજે છે. તેમજ ભાલાદિકમાં સૌભાગ્ય તિલક વિગેરેનાં ચિન્હો પણ કરે છે. બહુ મનોહર ધૂપોવડે પોતાનો દેહ સુગંધિત કરે છે. વળી કામદેવના મંત્રનું પણ ધ્યાન કરે છે. ત્રણ કાળમાં ત્રિપુરાદિક વિદ્યાઓનો જાપ કરે છે. તેમ છતાં પણ પુરૂષોને તે રૂચિકારક થતી નથી. તેથી તેનાં માતાપિતા બહુ દુઃખી થઇ નિમિત્તવેદી–દૈવજ્ઞને બોલાવીને પુછે છે. તેમજ મંત્રવાદી લોકોને બોલાવી અનંગસુંદરીને બતાવે છે. કુલદેવતાઓની પૂજા અને અનેક માનતાઓ રાખે છે. દેવ સ્નપનાદિકના જલથી સ્નાન કરાવે છે. તેમજ અનેક ઔષધિઓથી પણ નવરાવે છે, એટલુંજ નહીં પણ જે કોઇ કહે છે તે સર્વ ઉપચારોમાં તથા મંત્ર, તંત્રાદિકમાં તેના માતાપિતા બહુ દ્રવ્ય ખરચે છે. પરંતુ અત્યંત પુષ્પની રૂદ્ધિવાળા ખાખરાના વૃક્ષ તરફ ભ્રમરાઓની માફક યુવાન પુરૂષોની દૃષ્ટિ તેના શરીર તરફ કિંચિત્ માત્ર પણ ખેંચાતી નથી.

**ગુરૂમહારાજ.** અન્યદા તે ભોગપુર નગરમાં ચાર જ્ઞાનના ધારક ગુરૂમહારાજ પધાર્યા. સોમચંદ્ર શ્રેષ્ઠી પોતાની પુત્રી સહિત ગુરૂને વંદન કરવા ગયો. બહુ ભક્તિપૂર્વક સૂરીશ્વરના ચરણકમલમાં નમસ્કાર કરી બેઠો. ત્યારબાર ઉચિત સમયે તેણે પ્રશ્ન કર્યો. ભગવન્ ! મ્હારી પુત્રીને પરણવા માટે કોઇપણ પુરૂષ ઇચ્છા કરતો નથી તેનું શું કારણ ? ગુરૂ બોલ્યા, એનું પૂર્વનું કર્મ હાલમાં ઉદિત થયું છે. શ્રેષ્ઠી બોલ્યો, કેવી રીતે ઉદયમાં આવ્યું છે તે કૃપા કરી સંભળાવો. સૂરીશ્વરે પ્રારંભ કર્યો કે પૃથ્વી સ્થાન નામે

નગર છે. તેમાં ધનંજય નામે રાજા રાજ્ય કરે છે. વળી તેમાં વિમલ નામે સુપ્રસિદ્ધ શ્રેષ્ઠી છે. વળી સુંદર આકૃતિવાળી, શીલવતી સ્ત્રીઓમાં શિરામણિ સમાન, ઉત્તમ કુલમાં જન્મેલી, વિનય ગુણનું મુખ્ય સ્થાન, લજ્જાગુણ જેમાં મુખ્યતાએ રહેલા છે, મૃદુ અને સ્વલ્પ છે સ્વર જેનો તેમજ સ્વભાવમાં બહુ સરલ એવી ધનશ્રી નામે તેની સ્ત્રી હતી. વિમલ શ્રેષ્ઠી તેની સાથે બહુ પ્રેમપૂર્વક પાંચ પ્રકારના વિષયભોગ અનુભવતા હતા. પરંતુ પુત્ર નહીં હોવાથી બન્નેનાં હૃદય બહુ દુઃખી હતાં. એક દિવસ વિમલે કહ્યું કે, જે સ્ત્રીઓ પુત્રનું સુખ નથી જાણતી તેઓના ગુણ તથા સાૈભાગ્યનો અભિમાન, તેમજ સુખ શયનાદિક 'મેના' વિગેરે વૈભવ શા કામના ! ધનશ્રી બોલી, પ્રાણપ્રિય ! કોઇપણ સારી કુલીન સ્ત્રી સાથે તમે બીજું લગ્ન કરો અને જો પુણ્ય યોગે તેનાથી પણ પુત્ર થાય તો બહુ સારૂં. વિમલ બોલ્યો, હે સુંદરિ ! ત્હારા ઉદરરૂપી સરોવરમાં ક્રિડા કરવા માટે હંસ સમાન પુત્રનો જો જન્મ થાય તો તે શિવાય બીજા પુત્રનું મ્હારે કંઇ પણ પ્રયોજન નથી. ધનશ્રી બોલી, પ્રાણવલ્લભ ! ફરીથી આ પ્રમાણે વચન તમ્હારે બોલવું નહીં. કારણકે પુત્ર વિના દ્રવ્યનું રક્ષણ કોણ કરશે ? ત્યારબાદ સ્ત્રીના બહુ આગ્રહને લીધે વિમલ શ્રેષ્ઠીએ શ્રીપ્રભા નામે કુલીન કન્યા સાથે બીજું લગ્ન કર્યું. ધનશ્રી પોતાની પુત્રી સમાન માનીને તે શ્રીપ્રભા કન્યાનું પાલન કરે છે.

**ધનશ્રીઉપરદ્વેષ.**

અનુક્રમે શ્રીપ્રભા યાૈવન વયમાં આવી ગઇ, બાદ એક દિવસ તે કંઇક કાર્ય કરતી હશે તેવામાં ધનશ્રીએ શુદ્ધ ભાવથી તે કાર્ય કરવાની તેને ના પાડી તેથી એકદમ કોપાયમાન થઇ શ્રીપ્રભા બોલી, શું તમે એકલાંજ દરેક કામ જાણતાં હશો ? બીજું કોઇ સમજતુંજ નહીં હોય ! આ દુનીયામાં તમેજ એકલાં

બ્હાં ! હવે દરેક ઘરનાં કાર્ય તમેજ કરો. હું તો ઘરમાં દાસી છું, માટે કોઇ પર્વના દિવસે પણ મ્હને કંઇ બતાવશો નહીં. એમ હમ્મેશાં ધનશ્રી ઉપર તે દ્વેષ કરવા લાગી. આ વાત વિમલના જાણવામાં આવી તેથી તેણે પણ શ્રીપ્રભાને બહુ વારી પરંતુ તે દ્વેષભાવ છોડતી નથી. પછી વિમલ શ્રેષ્ઠીએ બહુ કલેશને લીધે શ્રીપ્રભાને જુદા ઘરમાં રાખી તોપણ તે નિરંતર ઇર્ષ્યામાંજ રમ્યા કરે છે. કદાચિત્ બન્ને સ્ત્રીઓ લડતી હોય અને તે સમયે વિમલશ્રેષ્ઠી આવે તો તે પણ ધનશ્રીને વારે છે.

અન્યદા શ્રીપ્રભાને ત્યાં એક પરિવ્રાજીકા આવી. શ્રીપ્રભાએ ફૂલ, પુષ્પ અને વસ્ત્રાદિકથી તેની પૂજા કરી.

**એકપરિવ્રાજીકા.** પરિવ્રાજીકા બહુ ખુશી થઇને બોલી, પુત્રી! દુઃસાધ્ય એવું કોઇ પણ કાર્ય ત્હારી ઇચ્છા પ્રમાણે બતાવ. હવે કાંઇપણ ચિંતા ત્હારે કરવી નહીં. સ્તંભન, મોહન, ઉચ્ચાટન અને મારણ વિગેરે સર્વે ઉપાય મ્હારા હાથમાં છે. શ્રીપ્રભા બોલી, ભુવનેશ્વરી! આ જગત્માં ત્હારા વિના ગરીબ જનોનું પાલન કરનાર તથા કાળને પણ છેતરનાર બીજું કોઇપણ સમર્થ નથી. માટે મ્હારી ઉપર દયા કરી મ્હારી શોકનું દુઃખ નિવૃત્ત કરો. પરિવ્રાજીકા બોલી, વત્સે! ત્હારૂં કાર્ય જરૂર હું સિદ્ધ કરીશ. પરંતુ સહાય વિના કંઇપણ સિદ્ધ થતું નથી. માટે કેટલુંક દ્રવ્ય જોઇએ તે ત્હારે આપવું પડશે. શ્રીપ્રભાએ જોઇએ તેટલું દ્રવ્ય પણ તેને આપ્યું અને કહ્યું કે, મ્હારૂં કામ સિદ્ધ થવાથી તમ્હારો પૂજનાદિક સત્કાર કરીશ. પછી પરિવ્રાજીકા ત્યાંથી નીકળી વેશ્યાને ત્યાં જઇ તેની સાથે પ્રસ્તુત કાર્યનો વિચાર કરતી હતી તેવામાં ત્યાં આગળ થઇ વિમલ શ્રેષ્ઠી જતો હતો. હવે તે વિમલ સાંભળે તેવી રીતે વેશ્યા પરિવ્રાજિકાને પૂછવા લાગી કે, તમે કયાં જાઓ

છો ? તે બોલી, ધનશ્રીએ મ્હને મોકલી છે. અને ધનશ્રેષ્ઠીને ત્યાં ત્હેને બોલાવવા માટે હું જાઉં છું, કારણકે પોતે કરેલા સંકેતનો ભંગ થવાથી ક્રોધને લીધે તે આજે આવ્યો નથી માટે મ્હારાથી અત્યારે વિલંબ થાય તેમ નથી. કેમકે ધનશ્રીનો ભર્તા વિમલ શ્રેષ્ઠી પોતાને ઘેર ન આવે તેટલામાં આ કાર્ય મ્હારે કરવાનું છે એમ કહી તેણીએ કહ્યું કે, આ વાત કોઇની આગળ કરશો નહીં. આ સર્વ હકિકત ત્યાં ઉભા રહેલા વિમલે સાંભળી અને તે વિચારમાં પડયો કે, ધનશ્રી અને વિમલનું નામ આવ્યું તેથી જરૂર મ્હારી સ્ત્રી સંબંધી આ બન્ને જણુ વાત કરે છે. એમ જાણી તે અસદ્ વિચારમાં પડી ગયો.

**વીમલનો અસત્ય વિચાર.**

અરે ! શું ચંદ્રના બિંબમાંથી કદાચિત્ અંગાર વૃષ્ટિ થાય ખરી ? કિંવા દ્રાક્ષની વેલીમાંથી લીંબડાના ફળોની ઉત્પત્તિ સંભવે ખરી ? અથવા કામનો સ્વભાવ બહુ વિષમ હોય છે. તેમજ વિષમ સ્વભાવવાળી સ્ત્રીઓ પણ રાગાંધ થઇ કયું અકાર્ય નથી કરતી ? વળી ખરા અનુરાગીને છોડી દે છે અને કૃત્રિમ સ્નેહીઓને ઇચ્છે છે. કામગ્રહથી મૂઢ થયેલી પ્રમદાઓ ગુણને પણ દોષ તરીકે જુએ છે. વળી તેઓને રૂપ, કુલ, કલા, પરાક્રમ અને સંપત્તિ પણ પ્રમાણભૂત થતી નથી. જ્યાં પ્રેમ વધી પડે છે ત્યાંજ કોઇ અપૂર્વ ગુણ જોવામાં આવે છે. પ્રાયે ઉત્તમ કુલમાં જન્મેલી સ્ત્રી પણ અધમ પુરૂષ ઉપર આસક્ત થાય છે. મ્હોટા પર્વતમાંથી પ્રગટ થયેલી નદી પણ નીચ ગામિનીજ હોય છે. માટે મ્હારા કુળમાં કલંક ન લગાડે તેટલામાં એને એના બાપને ત્યાં મોકલી દેવી ઉચિત છે. એમ વિચાર કરતો વિમલ પોતાને ઘેર આવ્યો.

ત્યારબાદ કોઇક પ્રસંગ આવવાથી વિમલ બોલ્યો, હે પ્રિયે !

**સ્ત્રી પ્રત્યે વિમલનો ઉદ્‍ગાર.**

મ્હારૂં કહેવું માને તો મ્હારે ત્હને એક વાત કરવાની છે. ધનશ્રી બોલી, પ્રાણનાથ! આજે આમ કેમ બોલો છો? આ જીવિત પણ તમ્હારા આધીન છે. માટે યોગ્ય કાર્ય ફરમાવો. વિમલ બોલ્યો, પ્રિયે! હાલ તું ત્હારા પિતાને ત્યાં જા. આવું અયોગ્ય વચન સાંભળી ધનશ્રી તત્કાલ મૂર્છિત થઈ પૃથ્વી ઉપર પડી ગઈ. પછી શીતલ જલાદિકના ઉપચારથી સચેત થઇ તે બોલી, સ્વામિન્! એકદમ નિર્દયની માફક વિના કારણે આમ બોલવાનું શું કારણ? વિમલ બોલ્યો, સુંદરિ! કારણ શિવાય કોઇ દિવસ હું બોલું ખરો? માટે એકવાર ત્હારે એમ કરવું પડશે. ધનશ્રી બોલી, સ્વામિનાથ? જો કે આ કાર્ય કરવું બહુ જ અશકય છે, પરંતુ આપનું વચન મ્હારે માનવું જોઇએ, એ પ્રમાણે ધનશ્રીનું વચન સાંભળી વિમલે જલદી કોઇનો સાથ કરી આપ્યો. જોકે ધનશ્રી વાહન તથા સહાય વિના જઇ શકે તેમ નહોતી પરંતુ અપ્રીતિને લીધે ત્હેને પગે ચાલતી વિદાય કરી. અને કહ્યું કે મ્હારી આજ્ઞા શિવાય ફરીથી ત્હારે અહીં આવવું નહીં. તેમજ તેની સાથે મોકલેલા પુરૂષોને પણ કહ્યું કે તેના બાપના ત્યાંથી ભોજન કર્યા વિના તમ્હારે પાછું આવવું. તે સાંભળી ધનશ્રી બહુ રૂદન કરવા લાગી. અને તે સમજી કે કંઇપણ મ્હારો અપરાધ હોવો જોઈએ, નહીં તો કોઈ દિવસ આ શ્રેષ્ઠી આવું નિર્દય વચન બોલે નહીં. પરંતુ પરણીને આવ્યા પછી કોઈપણ અપરાધ મ્હારાથી થયો હોય એમ મ્હને સાંભરતું નથી. એમ વિચાર કરતી ધનશ્રી સાર્થની સાથે પોતાના પિતાને ત્યાં ગઇ, ઘર આવ્યું એટલે સાથે આવેલા પુરૂષો પાછા વળ્યા અને ધનશ્રી પોતે ઘરમાં ગઈ.

સખીજન સહિત, શ્યામ મુખવાળી અને રૂદન કરતી

**માબાપનો શોક.** કરતી એકલી ધનશ્રીને જોઈ તેનાં માતા-પિતા એકદમ હર્ષ અને શોકમાં પડી ગયાં અને વિચાર કરવા લાગ્યાં કે, આ પુત્રી ઉદ્વિગ્ન મનવાળી કેમ દેખાય છે ? વળી નિસ્તેજ મુખાકૃતિને ધારણ કરતી આપણી પુત્રી સાસરેથી અત્યારે એકદમ શા માટે આવી ? એમ બોલતાં તે બન્ને જણ ત્હેને મળ્યાં એટલે બહુ ક્રોધથી ભરાઈ ગયેલા હૃદયે તે રૂદન કરવા લાગી. પછી તેના માતાપિતાએ આસ્વાસન આપી પૂછ્યું, ત્યારે ધનશ્રીએ પોતાનું યથાર્થ સર્વ વૃત્તાંત નિવેદન કર્યું. તે સાંભળી બન્ને જણ બહુ દુઃખી થઇ ગયાં અને ચિંતવવા લાગ્યાં. શું એનો પતિ સંસારથી વિરક્ત થયો હશે ? કિંવા આ પુત્રીએ ઉભય કુળમાં કલંક લગાડયું હશે ? કિંવા દૈવની પ્રતિકૂલતા થઈ ? કિંવા અંતરાય કર્મ પ્રગટ થયું ? કિંવા એની સપત્નિએ એના પતિનો ભાવ ઉતારી નાખ્યો ? કે એના પુણ્યનો પ્રભાવ આવી રહ્યો ? એમ કેટલાક વિતર્ક કરી પુત્રીના દુઃખનું કારણ જાણવા માટે તેના પિતાએ રાત્રીએ કુલદેવીની પૂજા કરી અને દેવીનું ધ્યાન કરી તેની આગળ પૃથ્વી ઉપર સુઇ ગયો. કુલદેવી પરો-ઢના ભાગમાં પ્રત્યક્ષ થઈ બોલી, હે'શ્રેષ્ઠી ! આ બાબતમાં ધનશ્રીનો કોઈપણ દોષ નથી. વળી નવીનચંદ્રની કલા સમાન શુદ્ધ ગુણોથી વિભૂષિત એવી આ ધનશ્રી મહાસતી છે. પરંતુ એની શૉકના કહેવાથી એક પ્રવ્રાજીકાએ કપટ કરી ધનશ્રીનું જુઠું કલંક રસ્તામાં જતા વિમલ શ્રેષ્ઠીને સંભળાવ્યું. તેથી તે પોતાના હૃદ-યમાં શંકિત થઇ કુળ કલંકના ભયને લીધે તેણે ધનશ્રીને અહીં મોકલી છે. માટે તમે ખેદ કરશો નહીં. કેટલાક દિવસ ગયા પછી વિમલ પોતેજ અહીં આવીને ધનશ્રીને લઈ જશે. એમ કહી કુલ-

દેવી પોતાના સ્થાનમાં ચાલી ગઈ. ત્યારબાદ શ્રેષ્ઠીએ પણ પ્રભાતમાં ધનશ્રીને રાત્રીનું વૃત્તાંત કહ્યું તેથી ધનશ્રીનો વિષાદ કેટલોક ક્ષીણ થયો. અને પોતે ધર્મધ્યાનમાં સમય વ્યતીત કરવા લાગી.

**સાધ્વીનો સમાગમ.**

એવામાં એક દિવસ પોતાના પિતાને ત્યાં ભિક્ષા માગવા માટે બે સાધ્વીઓ આવી. ધનશ્રીએ તેઓને જોઈ બહુ ભક્તિપૂર્વક વંદન કર્યું. પછી બહુ માનપુર્વક ભક્તપાનાદિક વ્હોરાવ્યું. તેમજ તેઓને રહેવાનું સ્થાન તેણીએ પુછ્યું. સાધ્વીએ અમુક ઉપાશ્રય બતાવ્યો. ભોજન કર્યા બાદ ધનશ્રી તેઓના સ્થાનમાં ગઈ. ત્યાં શીલમતી નામે મુખ્ય ગુરૂણીને વંદન કરી તેમની સાધ્વીઓને પણ વાંદીને શુદ્ધ ભૂમિ ઉપર તેમની પાસે બેઠી. પછી તેણીએ વિનયપૂર્વક ધર્મ સંબંધી પ્રશ્ન કર્યો. ગુરૂણીએ પણ સારી રીતે ક્રોધાદિક કષાયોનો વિપાક કહ્યો. તેમજ મિથ્યાપવાદનું ફલ, ઇંદ્રિયાદિકનું ગોપન, નિર્મળ એવા સમ્યકત્વના ગુણ અને મિથ્યાત્વના દોષ પણ વર્ણવ્યા. આ પ્રમાણે ધર્મોપદેશ સાંભળી ધનશ્રીનો આત્મિક ભાવ બહુ ઉલ્લાસ પામવા લાગ્યો, તેથી ત્હેને અપૂર્વ કરણ પ્રાપ્ત થયું. અને અષ્ટ કર્મની ગ્રંથિ પણ ભેદાઇ ગઇ. પછી તેણીએ જૈન ધર્મનો સ્વીકાર કરી સર્વ અણુવ્રતો ગ્રહણ કર્યાં ત્યારબાદ સાધ્વીઓને વંદન કરી ધનશ્રી પોતાને ઘેર ગઇ. આ પ્રમાણે શુદ્ધ ધર્મની પ્રાપ્તિ થવાથી પોતાને કૃતાર્થ માની સ્વામીના વિરહ દુઃખનો તિરસ્કાર કરતી ગત સમયને પણ જાણતી નથી.

**શ્રીપ્રભાની વેદના.**

અન્યદા શ્રીપ્રભા મહા જ્વરથી ઘેરાઇ ગઇ-અને પ્રતિ દિવસે શરીર ક્ષીણ થવા લાગ્યું. મસ્તક પણ શ્લેષ્માદિકની વેદનાથી ધમધમવા લાગ્યું, શૂલની પીડા પણ બહુ વધી ગઈ, પૃષ્ઠ ભાગ

ચીરાવા લાગ્યો, સઘળાં અંગ વાયુની વેદનાથી ભરાઈ ગયાં, બોલવાની શકિત પણ બહુ ઘટી ગઇ. શ્વાસ પણ બહુ ચાલવા લાગ્યો, એમ અનેક ઉપદ્રવને લીધે તે બહુ અશકત થઇ ગઇ. એટલે વિમલ શ્રેષ્ઠીએ મંત્રવેદી વૈદ્યોને બોલાવ્યા, તેઓએ પણ પોતાની બુદ્ધિ પ્રમાણે ઉપાય કર્યા પણ કંઇ આરામ થયો નહીં. ત્યારપછી શ્રીપ્રભાએ વિમલને કહ્યું, હવે હું જીવવાની નથી. માટે મ્હને ભૂમિ ઉપર સુવાડો અને સ્વજનવર્ગને બોલાવો. જેથી તેઓની હું ક્ષમા માગું. વિમલે પણ તે પ્રમાણે કર્યું, અને શ્રીપ્રભાને કહ્યું કે તું ત્હારા અશુભ કાર્યની પર્યાલોચના કર. શ્રીપ્રભા બોલી, પ્રિય પતિ! પાપકર્મ, તો મ્હેં બહુ કર્યાં છે. પરંતુ એક મ્હોટું નિર્દય કાર્ય કર્યું છે. જેથી હું દુર્ભાગિણી સ્ત્રીઓમાં શિરોમણિ સમાન છું. વળી મ્હારૂં હૃદય મોહરૂપી ગ્રહથી ઘેરાયેલું છે. અવિવેકને લીધે મ્હારૂં ચિત્ત સ્થિર નથી. રાગાંધ બની બહુ અધમ કાર્ય મ્હારાથી કરાયાં છે તેમજ સ્ત્રીઓમાં પ્રધાનપણે રહેલી ઈર્ષ્યાવડે મ્હેં તે સમયે પ્રવ્રાજીકાના મુખથી ઉત્તમ કુળમાં જન્મેલી, ઉત્તમ ધૈર્યવાળી, શાંતિગુણ જેમાં મુખ્ય રહેલો છે અને ચંદ્રલેખાની માફક મન, વચન અને કાયાથી નિષ્કલંક એવી મહાસતી ધનશ્રી ઉપર તમ્હારા સ્નેહનો ઉચ્છેદ કરવા મિથ્યા આળનો આરોપ કરાવ્યો છે તે હજુ પણ મ્હારા હૃદયમાં શલ્યની માફક પીડે છે.

**વિમલનો પશ્ચાતાપ.**

તે પ્રમાણે શ્રીપ્રભાનું વચન સાંભળી વિમલ પશ્ચાત્તાપ કરવા લાગ્યો. મહા ખેદની વાત છે કે મ્હેં કર્ણ દુર્બળતાને લીધે આ અકૃત્ય કર્યું. માત્ર મ્હેં લોકના કહેવા ઉપર વિશ્વાસ રાખ્યો. તેનું આ પરિણામ આવ્યું. આશ્ચર્ય છે કે અવિવેકને લીધે અકાર્ય કરનાર એવા મ્હને અને

મ્હારા ભાગ્યને પણ ધિક્કાર છે. વળી મ્હારી નૈતિક કુશળતા પણ હાલમાં નિર્મૂલ થઈ ગઈ. જેથી માર્ગે જતાં અનાર્ય એવા મ્હેં પ્રવ્રાજીકાની કપટ વાર્તા સાંભળીને સતી સ્ત્રીને ત્હેના પિતાને ત્યાં મોકલી. પણ હજુ કંઈક મ્હારા પુણ્યનો ઉદય છે. કારણ કે મરણ સમયે પણ તેણીએ સત્ય વાર્ત્તા પ્રગટ કરી. એમ વિચાર કરી વિમલ શ્રેષ્ઠી તરતજ ધનશ્રીને તેડવા માટે તેના પિતાને ત્યાં ગયો. ત્યાં પોતાના સાસરા તરફથી યોગ્ય સત્કાર થયો. ધનશ્રીએ પણ એકાંતમાં પોતાના પતિને કુશલ વૃત્તાંત પૂછયું. પછી શોકાતુર વૃત્તિથી વિમલ બોલ્યો. મ્હેં બહુજ અયોગ્ય કાર્ય કર્યું છે માટે હવે મ્હારા કુશળ પ્રશ્નથી પણ શું ? ધનશ્રી બોલી, સ્વામીનાથ ! એમ તમ્હારે બોલવું નહીં કારણકે એમાં તમ્હારો કંઈ પણ દોષ નથી, પુત્રના માટે દ્રવ્યના લોભવડે પાપને નહીં ગણતી એવી મ્હેં તમને પરણાવ્યા તેનું આ ફળ પ્રગટ થયું. આ પ્રમાણે ધનશ્રીનો ઉત્તમ વિનય જોઈ બહુ ખેદથી નેત્રોમાં અશ્રુધારાને વહન કરતો વિમલ શ્રેષ્ઠી બોલ્યો, સર્વાંગોને સંગવડે સુંદર અને બળતા એવા પણ જે સજ્જનરૂપ ચંદન વૃક્ષોનો સુગંધ મનોહર ભવનને સુવાસિત કરે છે. તેમજ તેઓ ( સજ્જનો ) સેંકડો અપરાધોનું સ્મરણ કરતા નથી. અને અણુ માત્ર પણ ઉપકારનું સ્મરણ કરે છે. માટે સજ્જનો શૂન્યહૃદયવાળા છે કે બહુ બુદ્ધિમાન્ છે તે જાણી શકાતું નથી. એ બહુ ખેદની વાત છે. વળી હે કુલરૂપી કુમુદ વનમાં ચંદ્ર સમાન ! સ્વચ્છ હૃદયવાળી ! મૃગ સમાન નેત્રવાળી ! હે કૃશાંગી ! તે દિવસથી આરંભી જે કંઇ સુખ દુઃખ ત્હેં અનુભવ્યું હોય તે મ્હને કહે. ધનશ્રી બોલી, હે પ્રિય ! વિશેષ જણાવવાનું એ છે કે, અહીં આવ્યા પછી મ્હને સાધ્વીજી મહારાજનો સમાગમ થયો. અને તેમણે ગૃહીધર્મનો ઉપદેશ આપ્યો તેથી મ્હારા દિવસો આનંદમાં ગયા એમ કેટલીક પોતાની વાર્ત્તા

જણાવી. પછી વિમલ બોલ્યો, હે મૃગાક્ષિ ! મ્હને પણ સદ્‌ગુરૂની પાસે ગૃહીધર્મ અપાવ. પ્રભાતમાં ધનશ્રી પોતાના ગુરૂણીના ગુરૂ શ્રી વિમલસૂરિ પાસે પોતાના પતિને લઈ ગઈ. અને પોતાની સાથે જ વિમલને સૂરીશ્વરના ચરણકમલમાં વંદન કરાવ્યું. પછી સૂરિએ દેશનાનો પ્રારંભ કર્યો. ક્ષણમાત્ર ધર્મોપદેશ સાંભળી ધનશ્રીયે ગુરૂ મહારાજને પ્રાર્થનાપૂર્વક વિનંતિ કરી. પ્રભો ! મ્હારા પતિને ગૃહિધર્મ આપો. ગુરૂએ પણ તે પ્રમાણે શ્રાવક ધર્મનો ઉપદેશ આપ્યો. ત્યારબાદ પોતાની સ્ત્રી સહિત વિમલ પોતાના નગરમાં આવ્યો. અને રોગ રહિત શ્રીપ્રભાને જોઈ તે બોલ્યો, તું ત્હારા પિતાને ત્યાં ચાલી જા. વળી ત્હારા માટે જે ખર્ચ થશે તે હું ત્હને ઘેર બેઠે ત્યાં મોકલાવી દઈશ. માટે હવે તું જલદી ચાલી જા. આ પ્રમાણે શ્રીપ્રભાનો તિરસ્કાર સાંભળી ધનશ્રી પતિના પગમાં પડી બોલી, પ્રાણપ્રિય ! આ મ્હારી બ્હેન છે. માટે તે મ્હારા ઘરમાંજ રહેશે. વળી એની ઉપર ત્હમે પ્રસન્ન થાઓ અને મ્હારી ઉપર પણ આટલી કૃપા કરો, એમ પતિને જણાવ્યા બાદ શ્રીપ્રભાને કહ્યું કે, હે સખિ! હાલ તું સ્વામી પાસે જઈને ક્ષમા માગ. પછી શ્રીપ્રભાએ પણ ધનશ્રીના કહેવા પ્રમાણે ક્ષમા માગી. વિમલ બોલ્યો, હું તો ક્ષમા કરૂં છું, પરંતુ ત્હારી બ્હેનની ક્ષમા માગ. જેથી ફરીને આ પ્રમાણે દુર્દશા થાય નહીં. ત્યારબાદ તેઓ સંતુષ્ટ થઈ પૂર્વની માફક ભોગ સુખ ભોગવવા લાગ્યાં.

**ધનશ્રીનો ઉપદેશ.**

એક દિવસ ધનશ્રી બોલી, સ્વામિન્! ખરૂં જોતાં આ સંસાર દુઃખરૂપજ છે. યૌવનના વિલાસવાળી પ્રમદાઓ પણ ક્ષણમાત્ર રમણીય છે. તરૂણ અવસ્થાનો રંગ વિજળી સમાન અસ્થિર છે. જીવિત પણ ક્ષણભંગુર દેખાય છે. તેમજ સ્નેહ વિનાનો ભર્ત્તા, સદ્‌ભાવ રહિત મિત્રવર્ગ, શીલ રહિત ભાર્યા, ઉત્કૃષ્ટ જ્ઞાન

વિનાની ક્રિયા, સુગંધ વિનાનાં પુષ્પ, વૈભવ વિના ભોગસુખ, નીતિહીન રાજા, અને મધુર રચના વિનાની વાણી જેમ શોભાપાત્ર થતી નથી, તેમ મનુષ્ય જન્મ પણ ધર્મ રહિત શોભતો નથી. માટે હે સુભગ ! મ્હને હવે આજ્ઞા આપો ? જેથી હું દીક્ષા ગ્રહણ કરીને આત્મહિત કરૂં. તે સાંભળી વિમલ બોલ્યો, હે પ્રિયે ! કોઈ સમયે પણ ત્હારી આજ્ઞાનો ભંગ મ્હારે ન કરવો એ પ્રમાણે મ્હેં પ્રતિજ્ઞા કરી છે. પરંતુ હે સુતનુ ! એ કાર્ય આપણે બન્ને સાથેજ કરવાનું છે. તેથી હાલમાં કેટલાક દિવસ તું વિલંબ કર. જેથી સાતે ક્ષેત્રોમાં પોતાનું ધન વાપરીને આપણે નિવૃત્ત થઇએ. તે પ્રમાણે ધનશ્રીએ પણ સાતે ધર્મસ્થાનોમાં પોતાના દ્રવ્યનો નિયોગ કર્યો. ત્યારબાદ સર્વ ધનની વ્યવસ્થા કરીને શ્રીપ્રભા અને ધનશ્રી સહિત વિમલ શ્રેષ્ઠીએ ઉત્તમ મુહૂર્તમાં સદ્ગુરૂની પાસે જઇ વિધિપૂર્વક દીક્ષા લીધી. અનુક્રમે દુષ્કર તપશ્ચર્યા કરીને પર્યંતમાં અનશન પાળી ત્રણે જણ સૌધર્મ દેવલોકમાં મહર્દ્ધિક દેવપણે ઉત્પન્ન થયાં. પછી ત્યાંથી નીકળી શ્રીપ્રભા અહીં ત્હારી આ દીકરીપણે ઉત્પન્ન થઇ છે. અને તે આ ભવમાં પણ પૂર્વના દુષ્કૃતને લીધે અતિ દુર્ભાગીણી થઇ છે. એ પ્રમાણે પોતાનો પૂર્વ ભવ સાંભળીને તે કન્યા ( અનંગસુંદરી ) ને જાતિ સ્મરણ જ્ઞાન થયું. અને તે અનંગસુંદરી કન્યા સૂરિ પ્રત્યે બોલી, હે પ્રભો ! જે આપે કહ્યું તે યથાર્થ છે. તે સંબંધી કંઇ પણ સંદેહ નથી. માટે કૃપા કરી હવે મ્હને દીક્ષા આપી કૃતાર્થ કરો, જેથી હું મ્હારા કર્મ વૃક્ષને નિર્મૂળ કરૂં. ત્યારબાદ તેના પિતાના કહેવાથી સૂરિએ તેને દીક્ષા આપી. પછી સોમચંદ્ર શ્રેષ્ઠીએ શ્રાવક ધર્મ સ્વીકાર્યો. બાદ સૂરિએ સર્વ વ્રતોના અતિચારનું સ્વરૂપ બતાવ્યું. ત્યારબાદ શ્રેષ્ઠી ગુરૂ મુખથી સદુપદેશ ગ્રહણ કરી ગુરૂને વંદન કરી પોતાને ઘેર ગયો.

અને વિધ પ્રમાણે -ધર્મ પાલનમાં દિવસો વ્યતિત કરવા લાગ્યો.

અન્યદા સોમચંદ્ર શ્રેષ્ઠીએ એવા સંક્ષેપથી દેશાવકાશિક વ્રત લીધું કે, આજે દીવસે પૌષધશાળામાંથી મ્હારે બહાર નીકળવું નહીં. એમ નિશ્ચય કરી તે પૌષધ શાળામાં બેઠો હતો તેવામાં ત્યાં આગલ માર્ગમાં જતો તેનો મિત્ર તેની નજરે પડયો. અને તેની જાણુની ખાતર તેની ઉપર તેણે એક કાંકરો ફેંકયો. પરંતુ તે કાંકરો ત્હેને નહીં વાગતાં રાજાનો મર્કટ ( માંકડો ) જતો હતો તેના મસ્તક ઉપર પડયો. તેથી તે મર્કટ બહુ ખીજવાઈને પૌષધશાળામાં શ્રેષ્ઠીની પાસે ગયો. અને તીવ્ર નખો વડે તેનું શરીર ચીરવા લાગ્યો. શ્રેષ્ઠી તાણીને બૂમો પાડવા લાગ્યો. તે સાંભળી તેની પાડોશમાં રહેલા શ્રાવકો બહુ ભેગા થઈ ગયા. તેમણે દંડાદિકના પ્રહારોથી મારીને ત્હેને બહાર કાઢ્યો. ત્યારપછી મહા કષ્ટ વડે સામાયિક પાળીને તે શ્રેષ્ઠી પોતાને ઘેર ગયો. ઘરના મનુષ્યોએ રૂધિરથી ખરડાએલું શેઠનું શરીર શાફ કરી નાંખ્યું અને વૈદ્યોને બોલાવ્યા. વળી તેઓના કહ્યા પ્રમાણે આખા શરીરે ઔષધિઓનો લેપ કર્યો, પરંતુ તીવ્ર વેદનાને લીધે માહેંદ્ર જ્વર ભરાઈ ગયો, પછી વૈદ્ય લોકોએ પણ આરામની આશા છોડી દીધી. અને પાપ કર્મની પર્યાલોચના કર્યા વિના તે કાળ કરી જ્યોતિષિક દેવલોકમાં ઉત્પન્ન થયો. ત્યાંથી નીકળી ત્રીજે જન્મે સિદ્ધ થશે. માટે હે ભવ્ય પ્રાણીઓ ! નિર્મળ એવાં પણ ભીંતમાં રહેલાં ચિત્રામણ જેમ કાદવના લેપથી મલીન થાય છે તેમ વિશુદ્ધવ્રતો પણ અતિચારોથી મલીન થાય છે. વળી સર્વ શરીરમાં વ્યાપી ગયેલાં વિષને મંત્ર બળથી મંત્રવાદીઓ જેમ

**વ્રતની વિરાધના**

દેશમાં લાવીને મૂકે છે, તેમ વિસ્તારપૂર્વક પ્રથમ ગ્રહણ કરેલા નિયમોને જે ભવ્યાત્માઓ સંક્ષેપમાં લાવે છે, તેમજ ઇચ્છાનો નિરોધ કરી દરેક ક્ષણે નિરંતર સર્વ વ્રતોનો સંક્ષેપ કરે છે, તેઓ ધન્યવાદને લાયક થાય છે અને તેમનેજ પુણ્યશાલી તેમજ લઘુ કર્મી જાણવા.

इतिश्री पञ्चमातिचारे सोमचन्द्रकथानकं समाप्तम् ।

तत्समाप्तौ श्रीमल्लक्ष्मणगणिविरचितप्राकृतपद्यबन्धश्रीसुपार्श्वनाथजिन-चरित्रस्य श्रीसकलसूरिपुरन्दरायमाणपरमगुरुतपागच्छाधिराजशा-स्त्रविशारदजैनाचार्ययोगनिष्ठाध्यात्मज्ञानदिवाकरश्रीमद्बुद्धि-सागरसूरिशिष्यप्रसिद्धवक्तेति लब्धख्याति, व्याख्यान-कोविद जैनाचार्य श्रीमद् अजितसागरसूरिकृतगुर्जर-भाषानुवादे प्रभुदेशनाप्रबन्धे सदृष्टान्तातिचारव्या-ख्योपेतं देशावकाशिकनामद्वितीयशिक्षा-व्रतं समाप्तम् ॥

# मलयकेतुराजानी कथा.

## પૌષધવ્રત.

દાનવીર્ય રાજા બોલ્યો, દયાનિધિ એવા હે જગત્પ્રભો! હવે પૌષધવ્રતનું સ્વરૂપ સાંભળવાની અમારી ઇચ્છા છે માટે કૃપા કરી આપ તે કહો. શ્રી સુપાર્શ્વપ્રભુ બોલ્યા, હે નરદેવ! ભવ્ય પ્રાણીઓએ આહાર, દેહ સત્કાર, બ્રહ્મચર્ય અને વેપાર એમ ચાર પ્રકારનું પૌષધવ્રત દેશથી કિંવા સર્વ પ્રકારે પાળવું જોઇએ. વળી પૌષધ સહિત સદ્ધર્મનું જેઓ દૃઢ ચિત્તે આરાધન કરે છે તેઓ મલયકેતુ રાજાની પેઠે દેવોને પણ પૂજવા લાયક થાય છે. જેમકે:—

**મલયકેતુકથા.**

અર્થ ( વૈભવ ) ની જેમાં ગૌરવતા રહેલી છે, ઉત્તમ શબ્દ અને અલંકારોથી વિભૂષિત એવા ઉત્તમ કવિએ રચેલા કાવ્યની માફક ત્રણે લોકમાં પ્રસિદ્ધ શ્રી ભુવન નામે નગર છે. તેમાં નીતિશાસ્ત્રના મંદિરરૂપ અને દારિદ્રરૂપી તાપથી તપી ગયેલા પ્રાણીઓને મલયગિરિ સમાન શ્રી મલયકેતુ રાજા રાજ્ય કરે છે, મલયમતિ નામે તેની સ્રી છે. અને બુદ્ધિ બળમાં બૃહસ્પતિ સમાન બુદ્ધિસાગર નામે તેનો એક મંત્રી છે. હવે મલયકેતુ રાજા રાજ્ય કારભાર મંત્રીને સોંપી પોતે લિલાવિલાસ ભોગવે છે.

અન્યદા મલયકેતુ રાજા સભામાં બેઠો હતો. તેવામાં અક-

**મુનિનું આગમન.** અકસ્માત્ આકાશમાં દુંદુભિ નાદ ઉછળવા લાગ્યો. તે સાંભળી રાજા વિસ્મિત થઈ ગયો, અને ગગનાંગણુ તરફ દૃષ્ટિ કરે છે, તેટલામાં ત્યાં આવતા દેવતાઓ તેના જોવામાં આવ્યા, વળી તેઓના મધ્ય ભાગમાં, કાંતિમાં સુવર્ણ સમાન, રૂપ વૈભવમાં કામદેવ સમાન, અને બહુ ભક્તિભાવથી દેવ તથા ખેચરોએ સ્તુતિ કરાતા, એવા એક મુનિવર તેના જોવામાં આવ્યા કે, તરતજ રાજા સંભ્રાંત થઈ ઉભો થયો. અને હાથ જોડી મુનીંદ્રને પ્રાર્થનાપૂર્વક કહેવા લાગ્યો, પ્રભો ! મ્હારી ઉપર કૃપા કરી આપ ક્ષણમાત્ર અહીં પધારો. મુનીંદ્ર રાજાનું વચન સાંભળી તેમજ બહુ લાભ જાણી દેવ અને વિદ્યાધર સહિત ત્યાં ઉતર્યા. રાજાએ પોતેજ મુનીંદ્રને ભદ્રાસન આપ્યું. મુનીંદ્ર તેની ઉપર વિરાજમાન થયા. પછી પરિવાર સહિત રાજાએ વિધિપૂર્વક વંદન કર્યું.

ત્યારબાદ મુનિએ ધર્મલાભ આપી દેશનાનો પ્રારંભ કર્યો.

**ધર્મદેશના.** ક્ષાંતિ, માર્દવ, આર્જવ, મુક્તિ, તપશ્ચર્યા, સંયમ, સત્ય, શૌચ, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય એમ દશ પ્રકારનો યતિધર્મ કહ્યો છે. તેમાં, કારણ અગર નિષ્કારણપણે ક્રોધાયમાન થઈ દુર્વચન બોલતા એવા ઘાતક ઉપર પણ ઉપશાંત મનવાળા મુનિએ ક્ષાંતિ (ક્ષમા) કરવી. આ લોકમાં માનનું વિઘાત કરનાર જે સરળપણું તે માર્દવ કહેવાય. વળી તે માર્દવ વિનયનું મૂળ કારણ છે તેથી મુનિએ અવશ્ય તેનું સેવન કરવું. માયા એટલે કુટિલ સ્વભાવ, તેનો ત્યાગ કરવો તે આર્જવ કહેવાય છે. વળી સરળ સ્વભાવી મુનીંદ્રો વિશુદ્ધ ધર્મ મેળવી શકે છે. સ્વજન, ધન, વિષયનાં ઉપકરણ અને દેહાદિકને વિષે જે ત્યાગબુદ્ધિ તે અપ્રતિબંધન સ્વરૂપવાળી મુક્તિ જાણવી. બાહ્ય અને આભ્યંતર એમ તપ બે પ્રકારનું છે.

તેમાં પણ એક એકના છ છ ભેદ છે, એમ બન્ને મળી બાર પ્રકારનું તપ ગણાય છે. જેમકે—અનશન, ઉણોદરિપણું, વૃત્તિઓનો સંક્ષેપ, રસનો ત્યાગ, કાય ક્લેશ, અને સંલીનતા એ છ પ્રકારનું બાહ્ય તપ. તેમજ પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ એ છ ભેદ આભ્યંતર તપના જાણવા. તેમજ પાંચ આશ્રવોનો નિરોધ, પાંચ ઇંદ્રિયોનો નિગ્રહ, ચાર કષાયોનો જય, તથા મન, વચન, અને કાયારૂપી ત્રણ દંડની વિરતિ, એમ સત્તર પ્રકારનો સંયમ જાણવો. મન, વચન, અને કાયાવડે શુદ્ધ તેમજ વિસંવાદ રહિત જે વાણી તે ચાર પ્રકારનું સત્ય મુનિએ બોલવું જોઇએ. વળી દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારનું શૌચ જીનેંદ્ર ભગવાને કહ્યું છે. તેમાં ઉપકરણાદિ દ્રવ્ય કહેવાય, તેની અંદર શુદ્ધિપણું અવશ્ય પાળવું. વળી કષાય દોષોથી રહિત એવું જે ચિત્ત તેને ભાવ શૌચ કહ્યું છે. આ ભાવ શૌચને વીતરાગ ભગવાને સત્ય શૌચ કહ્યું છે. કારણ કે, શારીરિક મળની શુદ્ધિ સુખેથી થઈ શકે છે. પરંતુ અતિચિકણા કર્મ મળથી લેપાએલા ચિત્તની શુદ્ધિ બહુ અશક્ય છે. સત્ અને અસત્ વસ્તુઓમાં મૂર્છા રાખવી તે પરિગ્રહ કહેવાય. વળી તેમાં નિરપેક્ષ બુદ્ધિ કરવી તેને અકિંચનપણું કહ્યું છે. તેમજ ઔદારિક અને વૈક્રિય સ્ત્રીઓનો મન, વચન, અને કાયાથી ત્રિવિધ જે ત્યાગ કરવો તે નવ પ્રકારનું બ્રહ્મચર્યવ્રત જીનેંદ્ર ભગવાને કહ્યું છે. એ પ્રમાણે વિશુદ્ધ વૃત્તિઓવડે વિધિપૂર્વક દશ પ્રકારનો યતિધર્મ પાળતો મુનિ પોતાના કર્મનો ક્ષય કરે છે.

મલયકેતુ રાજા બોલ્યો, હે મુનીંદ્ર ! મુનિ ધર્મ પાળવામાં હું અશક્ત છું, માટે હે ભગવન ! કૃપા કરી

**મલયકેતુરાજા.** ગૃહીધર્મનો મ્હને ઉપદેશ આપો. ત્યારબાદ મુનિએ સમ્યકત્વાદિ બાર પ્રકારનો શ્રાવક

ધર્મ કહ્યો. મંત્રી સહિત રાજાએ પણ વિધિ સહિત ગૃહીધર્મનો સ્વીકાર કર્યો. ત્યારબાદ મુનીંદ્ર પણ દેવ તથા વિદ્યાધરોની સભા સાથે રાજાની અનુજ્ઞા લઇ પ્રસ્તુત કાર્ય માટે વિદાય થયા. ત્યારપછી રાજા પોતાના ધર્મમાંજ રક્ત થઇ કાળ નિર્ગમન કરે છે. કદાચિત્ રાત્રીએ વિધિપૂર્વક પૌષધ કરે છે, તેમ રાજા તથા મંત્રી બન્ને સાથે રાજભવનના એકાંત ભાગમાં ધર્મક્રિયા આરાધવામાં પ્રાયે કાલ નિર્ગમન કરે છે. એક દિવસ રાજા અને મંત્રી બન્ને ધર્મવિચારણા કરતા હતા તેવામાં અર્ધ રાત્રી ચાલી ગઇ. પણ રાજાને નિદ્રા આવી નહીં તેથી તેણે મંત્રીને કહ્યું કે, કૌતુક રસથી ભરપુર કોઇ નવીન કથા વૃત્તાંત તું મ્હને સંભળાવ !

મંત્રી બોલ્યો, હે રાજન ! સાવધાન થઇ શ્રવણ કરો. આ ભરતક્ષેત્રમાં સેંકડો વિબુધો ( પંડિત-દેવ ) થી રમણીય ઇંદ્રની નગરી સમાન ધરાતિલક નામે નગરી છે. તેમાં ભુવનપાલ રાજા રાજ્ય કરે છે. અને તેની પાસે અમર ગુરૂ નામે એક વિદ્વાન્ રહે છે. એક દિવસ રાજા અમર ગુરૂ સાથે બહાર જતો હતો. તેવામાં એક ઘરમાં ભાઇ બેન બન્ને એકાંતમાં બેસી કાંઇક વિચાર કરતાં હતાં, તે તેમના જોવામાં આવ્યું. એટલે રાજાએ અમર ગુરૂને કહ્યું કે, આ બન્નેનું એકાંતમાં બેસવું ઠીક ગણાય નહીં એમ કહી રાજા આગળ ચાલ્યો. તેટલામાં ત્યાં બજારની અંદર એક ધીવર (મત્સી) વેચવા માટે એક મત્સ (માછલું) લઇ ઉભો હતો, વળી તે મત્સને હસતો જોઇ રાજા વિચારમાં પડયો કે, આ તિર્યગ્ જાતિ છે અને મરેલો છે. છતાં પણ હસે છે એ મ્હોટું આશ્ચર્ય છે. એમ જાણી રાજાએ અમર ગુરૂને પૂછયું કે, આ મત્સને હસવાનું શું કારણ છે ? તે તું પોતાની બુદ્ધિ વડે તપાસ કરી સત્ય હકિકત મ્હને જણાવ. નહીં તો ત્હને હું દેશ-

**અદ્ભુતકથા.**

પાર કરીશ. વિદ્વાન્ બોલ્યો, હે નરેશ્વર ! એક માસનો મ્હને અવધિ આપો. રાજાએ તે પ્રમાણે કબુલ કર્યું.

**અમરગુરૂની તપાસ**

ત્યારબાદ અમરગુરૂ પોતાને ઘેર ગયો. પરંતુ ચિંતાને લીધે ભોજન પણ કરતો નથી, તેમજ રાત્રીએ નિંદ્રા પણ લેતો નથી. આ પ્રશ્નનો પ્રત્યુત્તર કેવી રીતે જાણવો, એમ વિચાર કરતો એક દિવસ તે રાત્રીએ સુઇ ગયો. તે સમયે ઉત્તર દિશામાં ગમન કરવાથી આ બાબતનું ત્હને જ્ઞાન થશે એવો શબ્દ તેના સાંભળવામાં આવ્યો. એટલે તરતજ તે ઉઠીને ઉત્તર દિશામાં ચાલતો થયો. આગળ ચાલતાં માર્ગમાં એક બ્રાહ્મણ મળ્યો. અમર ગુરૂએ પૂછયું, હે બ્રાહ્મણ ! તમ્હારે કયાં જવું છે ? બ્રાહ્મણ બોલ્યો, હું અમુક ગામ જાઉં છું અને રહીશ પણ તે ગામનોજ છું. પછી બ્રાહ્મણે પુછયું, હે પંડિતરાજ ! તમ્હારે કયાં જવું છે ? અમર ગુરૂ બોલ્યો, તમ્હારા ગામથી પણ મ્હારે તો આગળ જવાનું છે. બ્રાહ્મણ બોલ્યો, ત્યારે તો બહુ સારૂ થયું. આપણ બન્ને સાથે-સાથે ચાલ્યા જઇશું, એમ વાર્તાલાપ કરતા તેઓ ચાલ્યા જતા હતા, તેવામાં એક નદી આવી એટલે અમરગુરૂએ જોડા હાથમાં ઝાલેલાં હતા, તે પાણી આવ્યું એટલે પગમાં પહેરી લીધા. અને બ્રાહ્મણે પહેરેલા જોડા હાથમાં લઇ લીધા. હવે અમરગુરૂની વિપરીત ક્રિયા જોઇ બ્રાહ્મણ વિચારમાં પડ્યો કે, દરેક લોકો પગમાંથી જોડા કાઢી નાંખીને પાણીમાં ચાલે છે, અને એણે આમ વિપરીત કેમ કર્યું ? અથવા આ બાબતની ચિંતા મ્હારે શા માટે કરવી જોઇએ ? એમ પોતાના મન સાથે સમાધાન કરી વિદ્વાન્ સાથે આગળ તે ચાલતો હતો, તેટલામાં બહુ તાપને લીધે બન્ને જણ બહુ છાયા વાળા એક વૃક્ષની નીચે ગયા. પછી અમરગુરૂ છત્રી ઉઘાડીને

છાયામાં બેઠો અને બ્રાહ્મણ તો છત્રીને દૂર મૂકી તેની નજીકમાં બેઠો. છત્રી ઉઘાડીને બેઠેલા અમરગુરૂને જોઇ બ્રાહ્મણે વિચાર્યું કે, એનું દરેક આચરણ વિપરીત દેખાય છે. છાયામાં છત્રી ઉઘાડીને બેઠો અને માર્ગમાં બગલમાં ધરી ચાલતો હતો, અથવા આ બહુ વિદ્વાન્ છે માટે કંઇક વિશેષ સમજીને આ પ્રમાણે કરતો હશે ? ત્યારબાદ ત્યાંથી આગળ ચાલતાં બ્રાહ્મણ બોલ્યો, આ ક્ષેત્રમાં દાણા બહુ પાકયા છે, તેથી એના ધણીને ધાન્યનો લાભ બહુ સારો થશે, અમરગુરૂ બોલ્યો, પ્રથમ ખાધેલું નહીં હોય તો સારૂં. તે સાંભળી બ્રાહ્મણે જાણ્યું કે, આ વચન પણ બહુજ વિપરીત છે. વળી આગળ ઉપર એક દેવાલય જોઇ બ્રાહ્મણ બોલ્યો, આ દેવભવન બહુ સુંદર છે. અમરગુરૂ બોલ્યો, જો એની અંદર અનેક લોકો વાસ ન કરતા હોય તો સુંદર ગણાય. તે સાંભળી બ્રાહ્મણ રોષાતુર થઇ ગયો અને મૌન રહી પોતાના ગામમાં ગયો તેમજ અમરગુરૂને પણ પોતાને ઘેર પરોણા તરીકે લઇ ગયો. હવે તેના ત્યાં બાલપંડિતા નામે તેની એક દીકરી હતી. હેને બ્રાહ્મણે કહ્યું કે, આ વિદ્વાનની સારી રીતે ત્હારે સેવા કરવી. પુત્રીએ પણ બહુ ભક્તિ સહિત ભોજનાદિક કરાવ્યું. ભોજન કર્યા બાદ મુખવાસ લઇ વિદ્વાન્ સુઇ ગયો. બ્રાહ્મણે પોતાની પુત્રીને પૂછયું, આ વિદ્વાને નદી ઉતરતાં જોડા પહેર્યા તેનું શું કારણ ? જળમાં ચાલતાં કોઇ પણ તેમ કરતું નથી, પુત્રી બોલી. હે તાત ! તમે સમજતા નથી. જળની અંદર કાંટા-કાંકરા પડેલા હોય છે તેના ભયથી એણે જોડા પહેર્યા. ફરી તાત બોલ્યો, વૃક્ષની છાયામાં બેસીને તેણે છત્રી કેમ માથે ધરી ? પુત્રી બોલી, વૃક્ષ ઉપર પક્ષિઓ બેઠેલાં હોય છે માટે તેઓનો અમંગલિક વિષ્ટાદિક મળ પોતાની ઉપર ન પડે એમ જાણી તેણે છત્રી ધરી. ત્યાર બાદ તેણે દાણાની વાત પૂછી ત્યારે પુત્રી બોલી, તે ક્ષેત્રના ધણી-

એ પ્રથમ ઉધારે દાણા-ખાધા હોય તો તેના દેવામાં સર્વ ધાન્ય ચાલ્યું જાય તો તે પાક ત્હેના ઉપયોગમાં ક્યાંથી આવે ? પછી તેણે દેવાલયની વાત પૂછી, ત્યારે તે બોલી, જો તેમાં ચોર કે જાર પુરૂષો રહેતા હોય તો તે નકામું છે. એ પ્રમાણે બાપ દીકરીનો સંવાદ સાંભળી અમરગુરૂએ વિચાર કર્યો કે, મ્હારૂં કાર્ય જરૂર આ બાલપંડિતા કરી શકશે. એમાં કંઇ પણ સંદેહ નથી. હવે તે બાલપંડિતા પણ અમરગુરૂની બુદ્ધિથી બહુ ખુશી થઇ અને બોલી કે, હે તાત ! આ વિદ્વાન્ સાથે મ્હને પરણાવો. બ્રાહ્મણ બોલ્યો, પુત્રી ! જો એ પ્રમાણે ત્હારો મનોરથ સિદ્ધ થાય તો બહુ સારૂં. કારણ કે, તે વિદ્વાન્ આપણા કરતાં ઉત્તમ કુળવાન છે. માટે ત્હારી સાથે લગ્ન કરે કે ન કરે તે નક્કી કહી શકાય નહીં.

**બાલપંડિતાનું લગ્ન.**

ત્યારબાદ અમરગુરૂ જ્યારે ગામ જવા નીકળ્યો ત્યારે, બાલપંડિતાએ આગળ જઇને તેના માર્ગમાં, ઉચેરા ઉપર પોતાની સોનાની મુદ્રિકા તેની પરિક્ષા જોવા માટે મૂકી. અમરગુરૂએ તે મુદ્રિકા જોઇ જળથી શુદ્ધ કરીને લઇ લીધી. તે જોઇ બાલપંડિતા બોલી, હે મહાશય! આ અશુચિમાંથી ત્હમેં વીંટી કેમ લીધી ? વિદ્વાન્ બોલ્યો, અશુચિમાંથી પણ સોનું લેવાનો કંઇ પણ દોષ નથી. વળી એ પ્રમાણે કહ્યું છે કે—

> बालादपि हितं ग्राह्य—ममेध्यादपि काञ्चनम् ।
> नीचादप्युत्तमां विद्यां, स्त्रीरत्नं दुष्कुलादपि ॥

અર્થ—" બાલક પાસેથી પણ હિતવચન ગ્રહણ કરવું, અશુચિમાંથી પણ સોનું લેવું, તેમજ નીચ પાસેથી પણ ઉત્તમ વિદ્યા અને નીચ કુળની પણ કન્યા ગ્રહણ કરવી એમાં શાસ્ત્રથી બાધ નથી. તે સાંભળી બાળા બોલી, જો આ પ્રમાણે આપ સત્ય

માનતા હો તો પાછા વળો અને હું હીનકુળમાં જન્મેલી બ્રાહ્મણની પુત્રી છું માટે મ્હને આપ પરણો. અમરગુરૂએ પાછા વળી તે પ્રમાણે કર્યું પછી કેટલાક દિવસ ત્યાં રહી તેણે બાલપંડિતાને કહ્યું કે, ત્હારા પિતાને કહે કે આપણને અહીંથી જલદી વિદાય કરે. તે બોલી, હે સુભગ ! ઉતાવળ કરવાનું શું કારણ છે ? પછી અમરગુરૂએ તેની આગળ રાજાનો પ્રશ્ન કહી સંભળાવ્યો. બાલપંડિતા બોલી, આ પ્રશ્નનો ઉત્તર મ્હારે જ કરવાનો છે. કારણ કે, તે મચ્છના હસવાનું કારણું હું સમજી ગઇ છું. તે સાંભળી અમરગુરૂ નિશ્ચિંત થયો અને બ્રાહ્મણની આજ્ઞા લઈ પોતાની સ્ત્રી સહિત નિર્ભય ચિત્તે પોતાને ઘેર ગયો.

બાદ માસનો અવધિ પૂર્ણ થવાથી રાજાએ અમરગુરૂને બોલાવવા માટે પોતાનો અનુચર મોકલ્યો.

**પ્રશ્નનો ઉત્તર.** અમરગુરૂની સ્ત્રીએ તેને જવાબ આપ્યો કે, માર્ગના શ્રમને લીધે હજુ તે સુઇ રહ્યા છે. પરંતુ રાજાના પ્રશ્નનો ઉત્તર ત્યાં આવીને હું આપીશ. અનુચર બોલ્યો, હું ત્યાં જઈ રાજાને આ વાત જણાવીને ફરીથી તેમની રજા લઈ અહીં પાછો આવું છું. એમ કહી તે સુભટ રાજાની પાસે ગયો, અને સર્વ હકીકત જણાવી. તેથી રાજાને બહુ આશ્ચર્ય થયું. અહો સ્ત્રીઓની પણ આવી બુદ્ધિ હોય છે. જેથી આ અશક્ય પ્રશ્નનો જવાબ આપશે. માટે એને જોવી તો ખરી ! રાજાએ હુકમ કર્યો. જલદી તે સ્ત્રીને અહીં બોલાવો. સેવક પણ તરતજ તે બાલપંડિતાને બોલાવી રાજાની પાસે લાવ્યો. રાજાએ મચ્છના હસવાનું કારણ પૂછયું. બાલપંડિતા બોલી, હે રાજન્ ! કૃપા કરી આપ મ્હને એકાંત આપો જેથી આપના પ્રશ્નનો ઉત્તર હું આપું. રાજાએ તરત જ ભ્રકુટીનો ઇસારો કરી લોકોને વિદાય કર્યા. એટલે તે બોલી, હે નરેશ્વર ? જ્યારે તમે હસ્તીની સ્વારી કરી બહાર

જતા હતા તેવામાં એક ઘરની અટારીમાં એકાંતે બેઠેલાં ભાઇ બ્હેન તમ્હારા જોવામાં આવ્યાં, તે ઉપરથી તમ્હને શંકા થઇ કે ' આ સહોદર થઈ એકાંતમાં બેસી વિચાર કરે છે તે ઉચિત ગણાય નહીં. આ પ્રમાણે તમ્હારો અભિપ્રાય જાણી, કોઇક વ્યંતર દેવે મરેલા મચ્છમાં પ્રવેશ કરી હાસ્ય કર્યું કે, આ રાજા શંકિત થઇ પરછિદ્ર જુએ છે પણ પોતાનાં છિદ્રો બીલકુલ તપાસતો નથી. જેમકે—

सर्वः परस्य पश्यति, वालाग्रादपि तनूनि च्छिद्राणि ।
आत्मकृतानि न पश्यति, हिमगिरिशिखरप्रमाणानि ॥

અર્થ—"દરેક માણુસ વાળના અગ્રથી પણ બહુ સૂક્ષ્મ એવાં અન્યનાં છિદ્ર જુએ છે, પરંતુ પોતે કરેલાં હિમગિરિના શિખર સમાન મ્હોટાં છિદ્રને જોતો નથી." તે સાંભળી રાજા બોલ્યો, મ્હારામાં કયું છિદ્ર છે તે બતાવ! પંડિતા બોલી, પ્રસન્ન થઇ મ્હને અભયદાન આપો તો હું કહું. રાજાએ અભય વચન આપ્યું. પછી બાલપંડિતા સ્પષ્ટ રીતે બોલી, હે દેવ! આપના અંતઃપુરમાં સર્વ રાણીઓ શીલથી ભ્રષ્ટ છે. કારણ કે, ઘણા યુવાન પુરૂષો દાઢી મુચ્છ રહિત થઇ કૃત્રિમ દાસીનો વેષ પહેરી ત્યાં આવે છે, અને તેઓ એકેક રાણીની પાસે દુર્વિલાસ કરે છે. વળી હે પૃથ્વીનાથ! જો મ્હારા વચન ઉપર આપને વિશ્વાસ ન હોય તો, એકાંતમાં મ્હોટો ખાડો ખોદાવો અને સર્વ રાણીઓને તેમજ દાસીઓને કહો કે, આજે રાત્રીએ સ્વપ્નમાં દાસીઓ સહિત સર્વ રાણીઓને ખાડો કુદતી મ્હેં જોયેલી છે. માટે એ વાત મ્હને સત્ય કરી બતાવો. રાજાએ પણ તે પ્રમાણે ખાડો ખોદાવીને રાણીઓને તે પ્રમાણે કહ્યું, એટલે સ્ત્રી વેષધારી પુરૂષો એકદમ તે ખાઇ કુદી પડ્યા, તે જોઇ બાલપંડિતા બોલી, દેવ! આ સર્વ

પુરૂષો છે. કારણ કે, આ સ્ત્રીઓ પોતાના સ્તન અને નિતંબના ભારથી કુદી શકી નહીં. તેથી આ વેષધારી પુરૂષોની પરીક્ષા કરી રાજાએ જલદી તેઓને પકડી કબજે કરી લીધા. પછી રાજા બોલ્યો, હે બાલપંડિતે ! આ જ્ઞાન ત્હને શાથી પ્રાપ્ત થયું છે ? તે બોલી, હે રાજન્ ! મ્હારી માતા મરીને વ્યંતરી થયેલી છે અને તેનું સ્મરણ કરવાથી તે મ્હને સૂક્ષ્મ વૃત્તાંત પણ કહે છે. રાજા તેની બુદ્ધિ જોઇ બહુ ખુશી થયો અને વસ્ત્રાદિકથી સત્કાર કરી ત્હેને વિદાય કરી. પછી રાજા વિચાર કરવા લાગ્યો. અહો ! મ્હારી સ્ત્રીઓ પણ આવું અકાર્ય કરે છે. એમ ભાવના ભાવતાં ત્હેને વૈરાગ્ય ભાવ પ્રગટ થયો. તેથી રાજાએ અમર ગુરૂને મંત્રી પદે સ્થાપન કર્યો અને પોતાના પુત્રનો રાજ્યાભિષેક કરી તેણે દીક્ષા લીધી, પછી વિધિ પ્રમાણે શુદ્ધ ચારિત્ર પાળી તે મોક્ષે ગયો.

ત્યારબાદ એક દિવસ મલયકેતુ રાજા અને અમરગુરૂ મંત્રી પૌષધશાળામાં પૌષધ લઇ બેઠા હતા.

**દેવકૃતઉપસર્ગ**— અમરગુરૂ સ્વાધ્યાય કરતો હતો અને રાજા પોતે શ્રવણ કરતો હતો. તેવામાં આકાશ માર્ગે દેવનું એક જોડલું જતું હતું તેઓના જોવામાં તેઓ આવ્યા એટલે તેઓમાંથી સમ્યક્દૃષ્ટિ એક દેવ બીજા દેવને કહેવા લાગ્યો કે, પૌષધમાં બેઠેલા આ રાજાને ચલાયમાન કરવા ઇંદ્ર પણ સમર્થ નથી. તે સાંભળી નહીં સહન થવાથી રૂષ્ટ થઇ તે દેવ રાજા પાસે ગયો. અને કહેવા લાગ્યો કે, હે નરાધીશ ! તું બહુ ધર્મીષ્ટ છે તેથી હું ત્હારી ઉપર તુષ્ટ થયો છું, માટે કંઇક વરદાન માગ. જેથી ત્હારૂં મનોવાંછિત હું પૂર્ણ કરૂં. રાજા બોલ્યો, હે સુરેંદ્ર ? મ્હારે કોઇ પણ વસ્તુનું પ્રયોજન નથી. ત્યારબાદ તે દેવે પ્રભાતકાળ વિકુર્વિને કહ્યું કે, હે નરેંદ્ર ! હવે પ્રભાત સમય થયો માટે પૌષધ પાળો. પછી હું ત્હને

શાશ્વત જીન પ્રતિમા વાંદવા માટે મેરૂશિખર ઉપર લઇ જાઉં. તે સાંભળીને રાજાએ વિચાર કર્યો કે, સ્વાધ્યાય કરવાના પ્રમાણથી હજુ અર્ધ રાત્રી થઇ છે, અને આ સર્વ દેવ માયા છે એમ જાણી રાજાએ પૌષધ પાળ્યો નહીં અને ઉત્તર આપ્યા વિના પોતાનો સ્વાધ્યાય કરવા લાગ્યો. તેથી તે દેવ બહુ કુપિત થયો અને અનેક પ્રકારની તેને દારૂણ વેદનાઓ કરવા લાગ્યો. જેથી રાજાનાં નેત્ર, કાન, મુખ, વિગેરે અંગો બહુ પીડાવા લાગ્યાં. તો પણ રાજા સમસ્ત વેદનાઓ સહન કરીને ભાવના ભાવવા લાગ્યો કે, રે જીવ ! સ્વાધિન દશામાં ક્ષણ માત્ર વેદનાઓ સહન કર. કારણ કે, નરકાવાસમાં પરાધિનપણે પલ્યોપમ તથા સાગરોપમ સુધી તેવાં અનેક દુઃખો ત્હેં સહન કર્યાં છે. માટે હાલમાં દેવતાએ રચેલી વેદનાઓથી પણ તું ઉદ્વિગ્ન થઇશ નહીં. તેમજ પરમ ઉપકારી એવા આ દેવ ઉપર દ્વેષ પણ કરીશ નહીં. કારણકે, ઘણા કાલે વેદવા લાયક એવાં કર્મને હાલમાં આ દેવ તીવ્ર વેદનાઓ વડે ક્ષીણ કરાવે છે. માટે હે જીવ ! તું સિદ્ધ પરમાત્માની સાક્ષીએ સર્વ દુશ્ચરિતનું પર્યાલોચન કર. અને સર્વ પ્રાણીઓની ક્ષમા માગ. એ પ્રમાણે રાજા ચિંતવતો હતો, તેટલામાં તે દેવે પોતાના જ્ઞાનથી જાણ્યું કે, આ રાજા પોષધમાંથી કિંચિત્ માત્ર પણ ચલિત થયો નથી, એમ તેની દ્રઢ શ્રદ્ધા જોઇ સર્વ વેદનાઓનો સંહાર કરી દેવ પોતે ક્ષમા માગવા લાગ્યો કે, હે મહાશય ! હાલમાં અજ્ઞાન, પ્રમાદ, અને દ્વેષને લીધે નિષ્કારણ વૈર બુદ્ધિથી મ્હેં ત્હને બહુ વેદનાઓ કરી ત્હેની હું ક્ષમા માગું છું. રાજા બોલ્યો, હે સુરેશ ? એમાં ત્હારો કંઇ દોષ નથી. માત્ર મ્હારા અશુભ કર્મના ઉદયને લીધે મ્હારે આ વેદનાઓ વેદવી પડી. વળી પોતાના શુદ્ધ પરિણામના પ્રભાવને લીધે તેમજ ત્હારી સહાયતાને લીધે અમને કંઇ પણ કઠીન

લાગ્યું નથી. વળી આ પ્રમાણે કરવાથી મ્હને બહુ ફાયદો થયો છે. નહીં તો બહુ ભવોમાં પણ આ કર્મનો સંક્ષેપ હું કેવી રીતે કરી શકત. એ પ્રમાણે બન્નેનો સંવાદ ચાલતો હતો તેવામાં સૂર્યોદય થયો. એટલે દેવ બોલ્યો, કેટલાક જ્ઞાની પુરૂષોનું કહેવું સત્ય છે કે, હજારો આપત્તિઓ રૂપી કસોટી ઉપર કષાએલા સોનાની માફક પુરૂષનો મહિમા સમય ઉપર પ્રગટ થાય છે. ત્યારબાદ મંત્રી સહિત રાજાએ વિધિપૂર્વક પૌષધ પાળી દેવને કહ્યું કે, હાલમાં તું સમ્યક્ દર્શનનો સ્વીકાર કર. દેવ પણ તે પ્રમાણે સ્વીકાર કરી બહુ સંતુષ્ટ થયો અને બોલ્યો, હે નરેંદ્ર ? અચિંત્ય પ્રભાવવાળાં આ બે મણિ કુંડલો ગ્રહણ કર. રાજા બોલ્યો, એનું મ્હારે શું પ્રયોજન છે ? મ્હારે ત્યાં એવાં મણિ કુંડલો બહુ પડ્યાં છે. દેવ બોલ્યો, હે નરેંદ્ર ! આ કુંડલોના પ્રભાવથી ક્ષુદ્ર એવા દેવ કે દાનવો પરાજય કરી શકતા નથી. તો નવીન વૈરની ઈચ્છા કરતા મનુષ્યોની તો વાત જ શી ? વિગેરે કહી મણિકુંડલ આપીને દેવ પોતના સ્થાનમાં ગયો.

**રાજાનોમોક્ષ.**

મલયકેતુ રાજા પણ આવશ્યક વિધિપૂર્વક જીનેંદ્રની પૂજા કરી દિવ્ય મણિકુંડલ ધારણ કરી રાજસભામાં બેઠો. તે સમયે મંત્રી, સામંત વિગેરે પણ હાજર હતા. પછી સભાના લોકો વિસ્મય થઈ બોલ્યા, અહો ! મલયકેતુ નરેંદ્રનાં શ્રવણકુંડલ મેરૂપર્વતના શિખર ઉપર ઉદિત થયેલા સૂર્ય ચંદ્રની શોભાને ધારણ કરે છે. એમ સભ્યજનો સ્તુતિ કરતા હતા તેટલામાં કોઈ એક મરણીઓ સુભટ ત્યાં આવ્યો અને લાગ શોધી એકદમ રાજા ઉપર તલવારનો તેણે ઘા કર્યો. પણ મણિ કુંડલના પ્રભાવથી રાજાને શસ્ત્ર અડકયું નહીં અને તરતજ પાસે ઉભેલા સુભટોએ ઘાતકી પુરૂષને પકડી લીધો. પરંતુ રાજાએ ત્હેને અભય વચન આપી

પૂછયું કે, મ્હને મારવા માટે ત્હને કોણે મોકલ્યો હતો ? પછી તે સુભટે પણ સત્ય વાત કહી દીધી. તેથી રાજાએ ત્હેને મુક્ત કર્યો. ત્યારબાદ રાજાએ મંત્રીને કહ્યું કે, હે મંત્રી! દેવની સહાયથી આજે મ્હને જીવિતદાન મળ્યું, નહીં તો જરૂર ધર્મ કર્યા સિવાય મ્હારૂં મરણ થાત. વળી હે મંત્રી ! હવે હું અરિસિંહકુમારને રાજ્ય આપી પૂર્વજોના માર્ગને અનુસરીશ. મંત્રી બોલ્યો, આપનું કહેવું સત્ય છે. અને આ સંસારમાં ધર્મ સાધન એજ મુખ્ય કર્તવ્ય છે. ત્યારબાદ રાજાએ તે પ્રમાણે પુત્રને રાજ્યગાદી સોંપી, અને મંત્રી સહિત પોતે સદ્ગુરૂની પાસે દીક્ષા ગ્રહણ કરી, અનુક્રમે બન્ને પ્રકારની શિક્ષા લઈ, સાધુના સદાચારમાં સાવધાન થઈ, એકાદશ અંગનો અભ્યાસ કરી, તેજ ભવમાં સિદ્ધિ પદ પામ્યા. માટે હે ભવ્ય પ્રાણીઓ ! એ પ્રમાણે જીનેંદ્ર મતના જાણકાર અન્યજનોએ પણ પૌષધવ્રત ગ્રહણ કરવું, અને પ્રાણાંતે પણ દેવતાઓના ઉપસર્ગથી ક્ષોભ પામવો નહીં. વળી જે ધર્મરૂપી શરીરની પુષ્ટિ કરે છે, તેને બાળકને શાંતિદાયક એવા દુધની માફક આત્માનો હિતકારક જાણવો. તેમજ પવિત્ર તિથિઓમાં ભવ ભીરૂ એવા ભવ્ય પુરૂષોએ વિધિપૂર્વક પૌષધવ્રત અવશ્ય ગ્રહણ કરવું. જેથી ગ્રહણ કરેલા પૌષધવડે શ્રાવક પણ મુનિ સમાન પ્રભાવિક થાય છે.

इति पौषधव्रते मलयकेतुकथानकं समाप्तम् ॥

## वैश्रमणपुत्रोनी कथा.

### પૌષધનાપાંચઅતિચાર.

દાનવીર્ય રાજા બોલ્યો, હે ભગવન્ ! આપ બહુ દયાલુ છો,

પોતે તરો છો અને અન્ય જીવોને તારો છો, માટે હવે કૃપા કરી પૌષધ સંબંધી અતિચારનું સ્વરૂપ અમને સંભળાવો. શ્રી સુપાર્શ્વ પ્રભુ બોલ્યા, હે રાજન્! પૌષધમાં રહેલા જે પુરૂષો અપ્રતિલેખિત, દુષ્પ્રતિ લેખિત, અપ્રમાર્જીત અને દુષ્પ્રમાર્જીત એવી શય્યાનું સેવન કરે છે તેમજ સમ્યક્ પ્રકારે પોષો લઈ તેનું પાલન કરતા નથી તેઓ બહુ દુઃખોના ભોક્તા થાય છે. અહીં દરેક અતિચારોમાં અનુક્રમે વૈશ્રમણ શેઠના પુત્રોનાં દૃષ્ટાંત ઘટે છે.

**વૈશ્રમણપુત્ર દૃષ્ટાંત.**

આ ભરતક્ષેત્રમાં દક્ષ પુરૂષોથી ભરપુર, પંચપુર નામે સુપ્રસિદ્ધ નગર છે. તેમાં અમરસેન નામે રાજા રાજ્ય કરે છે. વળી વૈશ્રમણ નામે તેમાં નગર શેઠ રહે છે. સૌભાગ્ય શ્રી નામે તેની ભાર્યા છે. તેમજ લહર, શલભ, દુર્લભ, મદન અને મેઘ નામે તેમને પાંચ પુત્રો હતા. તેઓ સર્વ કળાઓમાં નિપુણ અને કુલીન સ્ત્રીઓ સાથે પરણ્યા હતા. વળી વૈશ્રમણ શેઠ ધન સંપત્તિ મેળવવામાં ઘણોજ મૂર્છિત હતો. તેમજ અતિ ઘોર કૃષિ કર્મ અને ઉદ્યાનાદિક દરેક સાવદ્ય કાર્યોના આરંભમાં અગ્રણી હતો.

**વૈશ્રમણની માંદગી.**

એક દિવસ વૈશ્રમણ શેઠ દાહજ્વરની માંદગીમાં આવી પડ્યા. તેમના શરીરમાં દાહ જ્વર બહુજ ભરાઈ ગયો જેથી પોતે ગભરાઇ ગયો અને પોતાના પુત્રોને કહ્યું કે, સહસ્રાગ્રવણ ઉદ્યાનમાં મ્હને લઇ જાઓ. ત્યાં કેળોના વનની અંદર લવલીલતા અને દ્રાક્ષા મંડપમાં શય્યા રચી મ્હને સુવાડો જેથી શાંતિ થાય. પુત્રો બોલ્યા, હે પિતાજી! આપને આ બીમારીમાં ત્યાં સુઇ રહેવું ઉચિત નથી. કારણકે બહુ ઠંડો પવન લાગવાથી સંનિપાત થઈ જાય.

તો પછી શરીરને હાની પહોંચે. માટે અમારો વિચાર ત્યાં જવાનો નથી. વૈશ્રમણ બોલ્યો, ભાઈઓ ! જો તમ્હારૂં ધાર્યું જ તમ્હારે કરવું હોય તો મ્હારૂં વચન માનશો નહીં. એ પ્રમાણે પોતાના પિતાનો બહુ આગ્રહ જાણી તેઓ ઉદ્યાનમાં તેને લઈ ગયા.

વૈશ્રમણશ્રેષ્ઠી કદલીવનમાં સુઈ રહીને વિચાર કરવા લાગ્યો. હા ! આ બગીચાનાં વૃક્ષો તેમજ વિનયવંત આ પુત્રો જન્મથી આરંભીને મ્હેં પ્રેમપૂર્વક ઉચ્છેરીને મ્હોટા કર્યાં. પરંતુ

**મરણકાલ.**

હાલમાં એક સાથે તેઓનો મ્હારે વિયોગ થશે. એમ આર્ત્ત-ધ્યાનમાં ગુંચવાયેલા પિતાને જોઇ પુત્રોએ સ્નેહપૂર્વક કહ્યું કે, હે તાત ! ધર્મ નિમિત્તે કંઈ પણ દાન પુણ્ય કરો. વૈશ્રમણ બોલ્યો, ભાઇઓ ! હું બધું સમજું છું પરંતુ અત્યારે ખરચ કરવાનું કંઇ પણ પ્રયોજન નથી. તેમજ મ્હારી પાછળ પણ તમ્હારે ધર્મ નિમિત્તે કાંઇ પણ વ્યય કરવો નહીં. એમ શિખામણ આપતો શ્રેષ્ઠી મરીને તેજ ઉદ્યાનમાં વાનરપણે ઉત્પન્ન થયો. પુત્રોએ પણ તેના શરીરના દાહક્રિયા કરી સમગ્ર ભાઈયોએ એકત્ર થઈ તે શ્રેષ્ઠીનો સર્વ વ્યવહાર કર્યો.

ત્યારબાદ તેઓના ઉદ્યાનમાં લક્ષ્મીના સ્થાનભૂત એવા શ્રી ભુવનભાનુ નામે કેવલી ભગવાન્ પધાર્યા. તેઓ દેવ, મનુષ્ય અને અસુરોની ચીકાર ભરાયેલી સભામાં ધર્મ વ્યાખ્યાન

**કેવલીભગવાન્.**

આપતા હતા. તે પ્રસંગે આમ્રવૃક્ષ ઉપર બેઠેલા વાનરરૂપ વૈશ્રમણના જીવે કેવલી ભગવાનને જોયા. અને તે પણ એકાગ્ર ચિત્તવડે કેવલી ભગવાનની દેશના શ્રવણ કરવા લાગ્યો. કેવલી ભગવાને સમયોચિત દેશનાનો પ્રારંભ કર્યો. હે ભવ્ય પ્રાણીઓ ! ક્ષણ

આત્રમાં દષ્ટ અને નષ્ટ એવા ગૃહ, ધન, પુત્ર અને સ્ત્રી વિગેરે પદાર્થોમાંથી મૂર્છાનો ત્યાગ કરો. કારણ સંસારી પ્રાણીઓને મ્હોટા પાપ કર્મોનો હેતુ મૂર્ચ્છાજ ગણાય છે. વળી મૂર્છા વશ થયેલા ચિત્તને લીધે આર્ત્તધ્યાન કરતો પ્રાણી જો મરણ પામે તો તે તિર્યગ્ યોનિમાં ઉત્પન્ન થાય છે, જેમકે અહીં આ ઉદ્યાનમાં વૈશ્રમણ શેઠનો જીવ વાનર પણે ઉત્પન્ન થયો છે. એ પ્રમાણે તે વાનરને પોતાનું નામ સાંભળવાથી જાતિ સ્મરણ જ્ઞાન થયું, તેથી તે નીચે ઉતરી કેવલી ભગવાન પાસે ગયો. પછી નમસ્કાર કરી ત્યાં બેઠો. તે વાનરની ક્રિયા જોઈ સર્વ સભા જનો વિસ્મિત થઈ બોલ્યા, ભગવન્ ! આ કોણ છે ? જ્ઞાની બોલ્યા, જે આ વાનર છે તેજ વૈશ્રમણનો જીવ છે. સભામાં બેઠેલો તેનો મ્હોટો પુત્ર લહરચંદ્ર પોતાના પિતાનું ચરિત્ર સાંભળી બોલ્યો, હે ભગવન્ ! મ્હારા પિતા હમ્મેશાં સાધુ બ્રાહ્મણોને દાન આપતા હતા, છતાં તે વાનર જાતિમાં શાથી ઉત્પન્ન થયા ? કેવલી બોલ્યા, ગૃહ, ધન, સ્ત્રી અને પુત્રાદિકની મૂર્છાથી તે વાનર થયો છે. હે મહાશય ! બહુ કહેવાની કંઈ જરૂર નથી. તે પોતેજ અક્ષરો લખીને પોતાનું ચરિત્ર તમ્હને સંભળાવશે. ત્યારબાદ તે વાનરે તે પ્રમાણે સમગ્ર વૃત્તાંત કહ્યું, એટલે લહરચંદ્રે પોતાના ભાઈઓને બોલાવી પિતાનું ચરિત્ર સંભળાવ્યું.

**ધર્મોપદેશ.**

ત્યારબાદ કેવલી ભગવાને તેઓને ઉદ્દેશી યતિ અને ગૃહિ એમ બન્ને પ્રકારનો ધર્મ કહ્યો. મુનિધર્મ ગ્રહણ કરવામાં અશક્ત હોવાથી તેઓ બોલ્યા, હે ભગવન્ ! અમને શ્રાવક ધર્મનો ઉપદેશ આપો. સૂરિએ વિસ્તારપૂર્વક તેઓને સર્વ ગૃહસ્થ ધર્મનું સ્વરૂપ સમજાવ્યું. તેઓ પણ વિશેષ પ્રકારે નમસ્કાર કરી બોલ્યા, હે પ્રભો ! પૌષધ શબ્દનું યથાર્થ સ્વરૂપ સમજાવો. સૂરિ બોલ્યા,

પૌષધ શબ્દ રૂઢિથી પર્વ વાચક કહ્યો છે. જૈન સિદ્ધાંતમાં પંચમી, અષ્ટમી અને ચૌદશ વિગેરે પર્વ તિથિઓ પ્રસિદ્ધ છે. અને તે તિથિઓમાં ઉપવાસ કરવો તેને પૌષધોપવાસ કહ્યો છે. અથવા ધર્મવડે પુરૂષની પુષ્ટિ થાય તે પણ પૌષધ કહેવાય. વળી પ્રાચીન સૂરિઓએ આહાર, દેહ સત્કાર, બ્રહ્મચર્ય અને વ્યાપારના ભેદથી સિદ્ધાંતમાં તે પૌષધ ચાર પ્રકારનો કહ્યો છે. વળી તે પૌષધ દેશ અને સર્વ એમ પ્રત્યેક બે પ્રકારનો છે. તેમાં નિર્દિષ્ટ વસ્તુનો ત્યાગ તે દેશ પૌષધ અને સર્વ આહારનો ત્યાગ તે સર્વ પૌષધ કહેવાય. તેમજ શરીર સત્કાર પૌષધ પણ દેશ અને સર્વ એમ બે પ્રકારે છે. દેશમાં સ્નાન, ઉદ્વર્ત્તન, વર્ણક (ચંદન) વિલેપનાદિકમાંથી નિર્દિષ્ટ વસ્તુનો ત્યાગ અને સર્વમાં સર્વ વસ્તુનો ત્યાગ હોય છે. તેવીજ રીતે બ્રહ્મચર્ય પૌષધ દેશ અને સર્વ એમ બે પ્રકારનો છે. દિવસના આદિ ભાગથી માત્ર દિવસનું બ્રહ્મચર્ય પાળવું તે દેશ પૌષધ અને અહોરાત્ર બ્રહ્મવ્રત સેવવું તે સર્વ પૌષધ જાણવો. વળી દળવું, ખાંડવું, રાંધવું અને લિંપવું વિગેરે અશુભ અને શુભ એમ બે પ્રકારના વ્યાપાર કહ્યા છે. તેમાંથી દેશ પૌષધમાં અશુભનો ત્યાગ. અને સર્વમાં બન્ને વ્યાપારનો ત્યાગ કહ્યો છે. વળી પૌષધ વ્રતધારીને પણ અપ્રતિષિદ્ધ એવા શુભ વ્યાપારો અનુમત છે. તેમજ પૌષધમાં રહેલા સર્વ પ્રાણીઓએ અવશ્ય સામાયિક કરવું અને મુનિઓના સહવાસમાં રહેવું. વળી પ્રયત્નપૂર્વક પૌષધમાં અતિચાર વર્જવા જોઇએ. તે અતિચાર પાંચ પ્રકારના કહ્યા છે. અપ્રતિલેખિત, દુષ્પ્રતિલેખિત, અપ્રમાર્જીત, અને દુષ્પ્રમાર્જીત એવી શય્યા ફલકાદિક સર્વ વસ્તુઓનું લેવું તથા મુકવું, તેમજ પૂર્વોક્ત દોષયુક્ત સ્થંડિ ભૂમિમાં વિધિરહિત મૂત્રોચ્ચારાદિ કરવાથી પૌષધવ્રત બરોબર નહીં પાળવાથી એ પાંચ અતિચારો લાગે છે. એ પ્રમાણે ઉપદેશ

સાંભળી તે સર્વ શ્રેષ્ઠી પુત્રોએ બાર પ્રકારનાં શ્રાવક વ્રત લીધાં. પછી વાનરે કેવલી ભગવાનની સમક્ષ દર્શન સહિત અનશનવ્રત વિધિપૂર્વક ગ્રહણ કર્યું. બાદ કેવલી ભગવાન્ હમ્મેશાં તેની પાસે રહી ઉપદેશ આપે છે. પુત્રો પણ વાનરની ઉપર પુષ્પોપચારાદિક રચે છે. અને તેઓએ કહ્યું કે, તમ્હારા પુણ્ય માટે જીનબિંબની પ્રતિષ્ઠા અને પુસ્તકાદિકમાં કોટી દ્રવ્ય અમે વાપરીશું. વાનર પણ તેનો સ્વીકાર કરી સાતમા દિવસે મરણ પામી અષ્ટમ કલ્પમાં અતિમહર્દ્ધિક દેવ થયો.

**પ્રથમઅતિચાર.**

સર્વ શ્રેષ્ઠી પુત્રો વિધિપ્રમાણે શ્રાવક ધર્મ પાળે છે અને પર્વ તિથિઓમાં ચાર પ્રકારના પૌષધવ્રત ગ્રહણ કરવામાં તેઓ બહુ ઉપયોગી રહે છે. એક દિવસ પૌષધ લઈ લહરચંદ નિદ્રાને લીધે પ્રમાદ વશ થઇ ગયો, અને બહુ ઉતાવળથી પડીલેહણ કર્યા વિના સંથારાનાં વસ્ત્ર લેવા ગયો કે, તરતજ ઉગ્ર વિષવાળા સર્પે તેની હથેળીમાં દંશ કર્યો. જેથી તે તત્કાલ પ્રાણમુક્ત થઇ ગયો, અને નાગલોકમાં ઉત્પન્ન થયો. ત્યાંથી નીકળી અલ્પ સમયમાં મહા વિદેહમાં ઉત્પન્ન થઇ. ત્યાં દીક્ષાવ્રત પાળી કર્મબંધનનો ત્યાગ કરી થોડાજ સમયમાં મોક્ષસુખ પામશે.

**દ્વિતીય અતિચાર.**

તે શ્રેષ્ઠીનો બીજો પુત્ર શલભ વણિક્ એક દિવસ પૌષધમાં બેઠો હતો. પરંતુ તે બહુ નિષ્ઠુર અને પ્રમાદી હતો, તેથી દુષ્પ્રતિ લેખીત ( જેમ તેમ પડિલેહણ ) કરી શય્યા ઉપર બેસવા ગયો કે, તરતજ તેના પગમાં સર્પ સમાન વિષવાળા મ્હોટા વીંછીએ દંશ કર્યો. જેથી અત્યંત વેદનાને લીધે કાળ કરી તે ભવન પતિ દેવ થયો.

ત્રીજો પુત્ર દુર્લભ પોષો લઇ અર્ધરાત્રીના સમયે અત્યંત

**ત્રીજોઅતિચાર.** શરીર ચિંતાથી પીડાવા લાગ્યો અને બહુ ઉતાવળને લીધે પ્રમાર્જન કર્યા વિના સ્થંડિલમાં પેશાબ કરતો હતો, તેવામાં તેનાં લિંગ (ગુહ્ય ઇંદ્રિય) ઉપર ભંફોડીએ દંશ માર્યો. જેથી તરતજ પ્રાણનો ત્યાગ કરી જ્યોતિષિક દેવોમાં તે ઉત્પન્ન થયો.

**ચોથોઅતિચાર.** તેમજ પૌષધવ્રતધારી એવા શેઠનો ચોથો પુત્ર મદન શ્રેષ્ઠી મંદ જઠરાગ્નિ હોવાથી ઉદર વેદનાથી બહુ પીડાવા લાગ્યો, અને અસહ્ય વેદનાથી અપ્રમાર્જીત સ્થંડિલ ભૂમિમાં ઠલ્લો કરવા બેઠો, તેવામાં ગુદાએ મ્હોટો સર્પ કરડ્યો. તેની તીવ્ર પીડાથી એકદમ તે મરી ગયો અને વ્યંતર જાતિમાં ઉત્પન્ન થયો.

**પાંચમોઅતિચાર.** તેમજ પાંચમા પુત્ર મેઘ વણિકે પાંચમા અતિચારનું સેવન કર્યું. જેમકે—પૌષધવ્રત કરી રાત્રીએ વિચાર કરવા લાગ્યો કે. દાળ, ભાત, શાક અને પકવાન્નાદિક બહુ સુંદર રસોઇ કરાવી સવારે જમીશ. એમ વિચાર કરતો હતો, તેટલામાં નવીન મેઘ મંડલમાંથી અકસ્માત્ તેની ઉપર વીજળી પડી. જેથી મરણ પામી નાગકુમારોમાં તે ઉત્પન્ન થયો અને ત્યાંથી નીકળી ત્રીજે ભવે મોક્ષસુખ પામશે. એમ જાણી, હે ભવ્ય જનો! તમે હમ્મેશાં કલંકરહિત વ્રત ધારણ કરો. અન્યથા તમ્હારે ચિરકાલ સંસારમાં ભ્રમણ કરવું પડશે. તેમજ શુદ્ધ પરિણામવડે વ્રતોનું પાલન કરવાથી ઉત્તમ ફલ પ્રાપ્ત થાય છે. અને તેઓનો ભંગ કરવાથી બહુ અનિષ્ટ ફલ પ્રાપ્ત થાય છે. માટે વ્રત લીધા પછી તેનો ભંગ કરવો નહીં. કારણ કે વ્રત ગ્રહણ કરી તેનો ભંગ કરવો તે કરતાં પ્રથમથી જ લેવું નહીં તે બહુ ઉત્તમ ગણાય. તેમજ અગ્નિમાં પ્રવેશ કરવો તથા વિશુદ્ધ કર્મવડે મરણ થવું તે પણ વ્રત ભંગ કરવા

કરતાં શ્રેષ્ઠ ગણાય છે. વળી શીલથી ભ્રષ્ટ થયેલા પ્રાણીના જીવનની માફક ગ્રહણ કરેલા વ્રતનો ભંગ પણ અનુચિત છે. હાલતાં,ચાલતાં તેમજ કોઈપણ કાર્યકરતાં મન, વચન અને કાયાથી હમ્મેશાં ઉપયોગ શૂન્ય થવું નહીં. વળી જેમ જેમ વ્રત સંબંધી પરિણામની વૃદ્ધિ થાય, અતિચારો ન લાગે તેમજ વિરતિની વિશુદ્ધિ થાય તેવી રીતે ઉપયોગ રાખવો. વળી જેઓ વિશેષ વ્રત પાળવામાં નિરંતર ઉદ્યુક્ત રહે છે તેવા સાધુ મહાત્માઓને ધન્ય છે. કારણકે, તેઓ દેહનો ત્યાગ કરે છે. પરંતુ જીવન પર્યંત કિંચિત્ માત્ર પણ પાપાચરણ કરતા નથી. તેમજ શરીર સંબંધી સર્વ અલંકાર જેમણે ત્યાગ કર્યા છે. વિષયથી વિરક્ત થયેલા, સમગ્ર સાવદ્ય વ્યાપારથી વિમુખ થયેલા અને તપ સંયમમાં તત્પર એવા મુનીંદ્રો વાંછારહિત કાળ નિર્ગમન કરે છે. વળી જે પુરૂષ ચતુરંગ સહિત પૌષધવ્રત નિર્દોષપણે પાળે છે તે અલ્પ સમયમાં ગાઢ કર્મરૂપી તૃણ રાશીને બાળી નાખે છે. તેમજ પુણ્યશાળી એવા ભવ્ય પુરૂષો દુઃખના સાગરરૂપી ગૃહ વ્યાપારનો ત્યાગ કરી પવિત્ર તિથિઓમાં અતિચાર રહિત સમગ્ર દોષને હરનાર તથા દુઃખને વારનાર એવા પૌષધવ્રતનું પાલન કરે છે.

इति पौषधव्रतातिचारविपाके वैश्रमणपुत्राणां कथानकं समाप्तम् ॥

तत्समाप्तौ श्रीमल्लक्ष्मणगणिविरचितप्राकृतपद्यबन्धश्रीसुपार्श्वजिनचरित्रस्य श्रीसकलसूरिपुरन्दरायमाणपरमगुरुतपगच्छाधिराजशास्त्रविशारदजैनाचार्ययोगनिष्ठाध्यात्मज्ञानदिवाकरश्रीमद्बुद्धिसागरसूरिशिष्यप्रसिद्धवक्तेतिलब्धख्यातिव्याख्यानकोविदजैनाचार्यश्रीमद्अजितसागरसूरिकृतगुर्जरभाषानुवादे प्रभुदेशनाप्रबन्धे सदृष्टान्ताऽतिचारव्याख्योपेतं तृतीयशिक्षा व्रतं समाप्तम्॥

# शान्तिमतीनी कथा.

## અતિથિસંવિભાગવ્રત.

દાનવીર્યરાજાએ પ્રશ્ન કર્યો, હે ભક્તવત્સલ! હવે ચોથા શિક્ષાવ્રતમાં અતિથિ સંવિભાગનું સ્વરૂપ અમને કહો. શ્રી સુપાર્શ્વપ્રભુ બોલ્યા, હે રાજન્! જે ગૃહસ્થપુરૂષ શ્રદ્ધાવડે વિશુદ્ધ, ન્યાયથી ઉપાર્જન કરેલું અને નિર્દોષ એવું ભોજનાદિક પોતાને ત્યાં આવેલા સુપાત્ર મુનિઓને અર્પણ કરે છે, તેમ જ પ્રફુલ્લ મનવડે રોમાંચિત થઇ સત્પાત્ર સાધુઓને શુદ્ધ દાન આપે છે, તે શાંતિમતીની માફક સ્વર્ગલોકની સુખ સંપત્તિ ભોગવે છે. જેમકે—દેવતાઓની સ્નાન ક્રીડાવડે મનોહર છે શોભા જેની, સુવર્ણ કમળોની શ્રેણીઓને લીધે રાજહંસોવડે સેવન કરાયેલું અને નિર્મલ જલ જેમાં ભરેલું છે એવા માન સરોવરની સમાન, સુંદર ક્રીડા કરતા મનુષ્યોથી વિભૂષિત અને ઉત્તમ પ્રકારની પ્રજા જેમાં રહેલી છે એવું વિલાસપુર નામે નગર છે. તેમાં ઉત્તમશા ( શ ) સ્ત્રોમાં ( શસ્ત્રોમાં ) કર્યો છે શ્રમ જેમણે એવા પંડિત સમાન અને વૈરિરૂપી અંધકારને હરણ કરવામાં સૂર્ય સમાન શૂર નામે તેમાં રાજા છે. વળી સર્વ ધર્મકાર્યમાં તત્પર તેમજ મન, વચન અને કાયાવડે પતિભક્તિમાં દૃઢ શ્રદ્ધાવાળી વિલાસવતી નામે તેની સ્ત્રી છે. તેમજ તે નગરમાં ધર્મરૂપી છે સમૃદ્ધિ જેની તથા વિશેષ સદાચારમાં હમ્મેશાં યત્ન કરતો અને સર્વ ગુણોનો આધારભૂત એવો સાધાર નામે પ્રસિદ્ધ શ્રેષ્ઠી રહે છે. વિશાલ નિત્ર વિલાસવડે રમણીઓમાં ચૂડામણિ સમાન વિમલા નામે તેની સ્ત્રી છે. અને મુખની કાંતિવડે ચંદ્રમંડલને નિસ્તેજ

(માર્જિન: અતિથિસંવિભાગ.)

કરતી શાંતિમતી નામે તેમને એક પુત્રી હતી. વળી હું માનું છું કે-રતિનું રૂપ, સતીઓનું શીલ અને દેવાંગનાઓનું સૌંદર્ય ગ્રહણ કરીને વિધિએ હેને નિર્માણ કરી હોય ? તેમ તે દીપતી હતી. યોગ્ય ઉમ્મરે કુલીન વર સાથે હેનું લગ્ન થયું હતું. છતાં પણ આ બાલા મ્હારી ઉપર અત્યંત રાગિણી થઈ સંસારમાં ન પડે એમ જાણી વિષયોના ત્યાગવડે તેના પતિએ બાલ્યાવસ્થામાં જ હેનો ત્યાગ કર્યો હતો.

**અભયદેવસૂરિ.**

એક દિવસ શાંતિમતી કુસુમાકર ઉદ્યાનમાં ગઈ. ત્યાં આગળ શીતલ છાયામાં વિરાજમાન એક મુનીંદ્રનાં હેને દર્શન થયાં. વળી જેમની સેવામાં બહુ મુનિઓ જોડાયા હતા, તેમજ ઉપશમ લક્ષ્મી દીપાવવામાં સ્વયંબુદ્ધ સમાન, સૌભાગ્ય રત્નના મહાનિધિ, ગુણરત્નોના મહાસાગર, મુખની કાંતિવડે ચંદ્રને નિસ્તેજ કરતા, અનેક વિબુધજનોને વંદન કરવા લાયક, કલિકાલની છાયાથી દૂર રહેલા, બહુ સુકોમલ બાહુલતાથી વિરાજીત, સ્નિગ્ધતામાં શરદ્ ઋતુના ચંદ્ર સમાન, વચન વિન્યાસમાં અમૃત સમાન, કામદેવના વિજેતા, વળી જેમનાં નેત્ર કમલ પત્રને અનુસરતાં હતાં અને જેમનું નામ અભયદેવસૂરિ હતું. તેમજ હમ્મેશાં ઉદ્યોતકારી અપૂર્વ સૂર્ય હોયને શું ? તેમ તેઓ દીપતા હતા, વળી સંસાર જન્ય સંતાપને નિવૃત્ત કરનાર, સ્થિરતામાં મેરૂ સમાન, બહુ વિબુધ ગણ જેમના અંગમાં રહેલા છે અને સર્વથા નિર્ભય એવા તે સૂરીંદ્રને વંદન કરી તેમની આગળ ધર્મ શ્રવણમાં સાવધાન થઈને તે નીચે બેઠી. અભયદેવસૂરિએ યતિ અને શ્રાવકધર્મ સંબંધી ધર્મદેશના આપી. ત્યારબાદ શાંતિમતીએ ગૃહસ્થ ધર્મનો સ્વીકાર કર્યો. તેમજ અતિથિ સંવિભાગમાં વિશેષનિયમ સૂરિ મહારાજની પાસે લીધો. દાનવ્રતમાં વિશેષતાએ હેનું

લક્ષ્ય ખેંચાયું તેથી તેણીએ નિયમ ધાર્યો કે મુનિજનને દાન આપ્યા શિવાય અશન, પાન, ખાદિમ, અને સ્વાદિમ એમ ચાર પ્રકારનો આહાર મ્હારે લેવો નહીં. ત્યારબાદ સૂરિમહારાજને વંદન કરી તે પોતાને ઘેર ગઈ અને પોતાના નિયમ પ્રમાણે હમ્મેશાં ધર્મ પાલનમાં તત્પર થઇ.

**દાનશ્રદ્ધા**

અન્યદા પોતાના સ્નેહી સ્વજનને ત્યાં વિવાહ પ્રસંગ આવ્યો. તેઓના બહુ આગ્રહને લીધે શાંતિમતી તેઓની સાથે ગઇ. ત્યાં ભોજનનો સમય થયો એટલે સર્વ લોકો તૈયાર થઈ જમવા બેસી ગયા. શાંતિમતીને પણ અંદર બેસાડી હતી પરંતુ તે મુનિઓની વાટ જોઇ બેઠી હતી તેટલામાં ત્યાં બે મુનિઓ આવ્યા. લોકોએ બહુ ઉતાવળથી કંઈક વ્હોરાવીને તેમને વિદાય કર્યા. પછી શાંતિમતીને પ્રથમ ફલાદિક પીરસવાનો પ્રારંભ કર્યો. શાંતિમતી બોલી, મ્હારે તે વસ્તુ જોઇએ નહીં. જે વસ્તુ સાધુઓને તમે આપી હોય તેજ મ્હને પીરસો. મ્હારે કંઇ સ્વાદિષ્ટ વસ્તુની જરૂર નથી. એમ તેણીએ ના પાડી છતાં પણ તેઓએ બહુ આગ્રહ કરી દરેક વસ્તુ પીરસી, પણ શાંતિમતી જેટલી વસ્તુ સાધુઓને આપી હતી તેટલીજ વસ્તુ જમી. પછી તે પોતાના પિતાને ત્યાં ગઈ. અને માર્ગમાં જતા સર્વ લોકો વર્ણન કરવા લાગ્યા કે, અહો ! શાંતીમતીની ધર્મ શ્રદ્ધા કેવી છે ! વળી જેણીના ચરિત્રનું વર્ણન કરવા બહસ્પતિ પણ અશક્ય છે.

**વર્ષાકાલ.**

ત્યારબાદ વિરહી સ્રી જનોને અશાંતિકારક વર્ષાૠતુ આવી. તીવ્ર ગર્જના સાથે સાત દિવસ સુધી એટલો બધો વરસાદ પડયો કે, પાણી લેવા પણ કોઇ મુનિઓ શાંતિમતીને ત્યાં આવી શક્યા નહીં. જેથી તે પણ હમ્મેશાં ઉપવાસ કરે છે. તેથી પોતાની પુત્રીને

બહુ ક્ષુધાક્રાંત જોઈ તેનાં માતાપિતાએ કહ્યું કે, હે પુત્રી ! તું બહુ દુ:ખી થાય છે માટે પારણું કર. શાંતિમતી બોલી, હે તાત ! ગુરૂ સમક્ષ મ્હેં પોતેજ અતિથિ સંવિભાગનું વ્રત લીધું છે. તો હવે મ્હારે દાન આપ્યા વિના કેવી રીતે ભોજન કરવું ? વળી જો ભોજન કરૂં તો મ્હારા નિયમનો ભંગ થાય છે. માટે હે તાત ! સર્વથા વૃષ્ટિ બંધ થશે અને જ્યારે મુનિઓને હું દાન આપીશ ત્યારેજ હું જમીશ. એમ સાંભળી તેનો પિતા બોલ્યો, એવા નિયમની ત્હારે જરૂર નથી. વરસાદ પડે છે તોપણ હું ઉપાશ્રયે જઈ મુનિયોને બોલાવી લાવું છું. શાંતિમતી બોલી, હે તાત ! તમ્હારે ત્યાં જવાનું કારણ નથી. કારણકે બાલક કે માંદા શિવાય મુનિયો પ્રાયે વરસાદમાં ભિક્ષા માટે નીકળતા નથી. અને તે મુનિઓમાં બાલક કે માંદા કોઈ છે નહીં. તેમજ સર્વ મુનિઓ સત્વધારી અને તપશ્ચર્યામાં બહુ ઉત્સાહી છે. હે પિતાજી ! વળી સંકટ સમયમાં નિયમ પાળવાથી ધીર અને ભીરૂ જનોની કસોટી થાય છે. તેમજ સુખ અવસ્થામાં તો સર્વ લોકો અભિગ્રહ પાળી શકે છે. હે તાત ! આમાં મ્હને દુ:ખ શું છે ? પુણ્ય વિના તપશ્ચર્યાનો સમય પણ દુર્લભ છે. જીવિત અને ધન કોને પ્રિય નથી હોતુ ? પરંતુ સજ્જન પુરૂષો સમય ઉપર તે બન્નેને પણ તૃણ સમાન ગણે છે. માટે હે તાત ! યોગ્ય અવસરે મ્હારૂં મરણ થશે તોપણ તમ્હારે મહોત્સવ સમાન જાણવું. કારણકે કોઇપણ સમયે મરણ તો નિશ્ચય છેજ. કહ્યું છે કે—

> अद्य वाब्दशतान्ते वा, मृत्युर्वै प्राणिनां ध्रुवम् ।
> गृहीत इव केशेषु, मृत्युना धर्ममाचरेत् ॥

અર્થ—" આજે અથવા સો વર્ષે પણ પ્રાણી માત્રનું મરણ અવશ્ય થવાનું છે, માટે મૃત્યુ એ કેશને પકડેલા મનુષ્યની માફક ધર્મનું આરાધન કરવું." વળી હે તાત ! આપના પ્રસાદથી બહુ

દિવસ મ્હેં મુનિઓને દાન આપ્યું છે. વિશુદ્ધ શીલવ્રત પણ પાળ્યું છે. તેમજ મુક્તાવલી વિગેરે તપશ્ચર્યા પણ કરી છે. નિર્મલ ભાવનાઓ પણ ભાવી છે, સાધર્મિક વાત્સલ્ય પણ ચુકી નથી. અને યથાશક્તિ તીર્થંકરોની પૂજા પણ કરી છે. માટે હે તાત! પરલોક માર્ગમાં અનુકુલ પુણ્યરૂપી ભાતાનો સંગ્રહ કરી હવે હું મરીશ. તેથી શું અનિષ્ટ છે? એ સંબંધી તમ્હારે કંઈપણ ખેદ કરવો નહીં. એમ કહી તરતજ સમસ્ત પ્રાણીઓસાથે ક્ષમાપના કરી અનશન વ્રત લઈ, સમાધિપૂર્વક મરણ કરી માહેંદ્ર લોકમાં મહર્દ્ધિ દેવોમાં તે ઉત્પન્ન થઇ. ત્યાંથી નીકળી ત્રીજે ભવે તે મોક્ષ સુખ પામશે.

इति चतुर्थशिक्षाव्रतेऽतिथिसंविभागे शांतिमतीकथासमाप्ता ॥

---

# लक्ष्मीश्राविकानी कथा.

---

## પ્રથમ સચિત્તનિક્ષેપણાતિચાર.

દાનવિર્ય રાજા બોલ્યો, હે સર્વજ્ઞ ભગવન! હવે ચોથા શિક્ષા વ્રતમાં અતિથિસંવિભાગની અંદર પ્રથમ અતિચારનું સ્વરૂપદૃષ્ટાંત સહિત અમને કહો. શ્રી સુપાર્શ્વ પ્રભુ બોલ્યા, હે રાજન! જે પુરૂષ અતિથિ સંવિભાગનો નિયમ લઇને દુષ્ટ ચિત્તવડે ઓદનાદિક પદાર્થ સચિત્ત વસ્તુમાં મૂકે છે તે લક્ષ્મીની માફક કપટ ભાવનું ફલ પામે છે.

**લક્ષ્મીદૃષ્ટાંત.**

જેમકે—સર્વ સંપત્તિઓનું સંકેત સ્થાન એવું પૃથ્વીસ્થાન નામે વિશાલ નગર છે. તેમાં બલસાર નામે રાજા રાજ્ય કરે છે. ધનંજય નામે તેમાં શ્રેષ્ઠી રહે છે. સાક્ષાત્ વિષ્ણુ પત્નીની માફક અતિ

આનંદકારી લક્ષ્મી નામે તેની સ્ત્રી છે. તે બન્ને સ્ત્રી પુરૂષ પરસ્પર પ્રેમથી આનંદમાં દિવસો વ્યતીત કરતાં હતાં. પરંતુ સંતાનનુ સુખ નહીં હોવાથી લક્ષ્મીનું હૃદય બહુજ અસંતુષ્ટ રહેતું હતું. વળી પ્રજા સંબંધી ઘણા ઉપાય તે કરી ચુકી. કોઇપણ દેવ, યક્ષ, કે વ્યંતર, એવો નહીં હોય કે, જેની ઇષ્ટ માનતા તેણીએ નહીં કરી હોય. તેમ છતાં ત્હેને પુત્ર થયો નહી. બાદ ઘણું દ્રવ્ય ખર ચીને અનેક નૈમિત્તિકો પાસે બહુ ઉપાય કરાવ્યા, તેમજ જડી બુટીઓ પણ બાંધી ચુકી, સ્નપનાદિક પ્રયોગ પણ કર્યા. તેમ છતાં પણ તેનો મનોરથ પૂર્ણ થયો નહીં. પછી એક દિવસ બહાર જતા લોકોને જોઇ લક્ષ્મીએ એક શ્રાવિકાને પૂછયું કે, આ લોકો કયાં જાય છે ? શ્રાવિકા બોલી, નગરની બહાર ઉદ્યાનમાં દિવ્ય જ્ઞાની મુનિ પધાર્યા છે, માટે તેમને વંદન કરવા આ સર્વ લોકો જાય છે. લક્ષ્મી બોલી, હે સખી ! મ્હારે પુત્રની બહુ વાંછા છે માટે જો મ્હને પણ તે સંબંધી કંઇ ઉપાય બતાવે તો હું પણ ત્યાં આવું. શ્રાવિકા બોલી, હે સખી ! આવી સકામ બુદ્ધિથી મુનિઓ પાસે જવું અયોગ્ય છે. માત્ર તેમની ભક્તિથી જ દરેક મનોરથ સિદ્ધ થાય છે. તે સાંભળી લક્ષ્મી પણ રથમાં બેસી તે શ્રાવિકાની સાથે ઉદ્યાનમાં ગઇ. શ્રાવિકાના કહ્યા પ્રમાણે સૂરીંદ્રને વંદન કરી તે ભૂમિ ઉપર બેઠી. શ્રાવિકા પણ તેની પાસમાં બેઠી. સભા ચીકાર ભરાઇ હતી.

**જ્ઞાનીમહાત્માનો ઉપદેશ.**

જ્ઞાનીએ લક્ષ્મીને ઉદ્દેશી સમ્યકત્વાદિ શ્રાવક ધર્મનો ઉપદેશ આપ્યો. પછી લક્ષ્મીએ અતિથિ સંવિભાગનો પ્રશ્ન કર્યો, એટલે સૂરિએ વિશેષ પ્રકારે અતિથિ વ્રતની વ્યાખ્યા આપી કે, જે ગૃહસ્થના ઘેર ઉત્તમ ભોજનના સમયે અકૃત અને અકારિત એવા શુદ્ધ પિંડાદિકની જે

ભિક્ષા ગ્રહણ કરે છે તે અતિથિ તેના કલ્યાણને માટે થાય છે. વળી વિશેષ શ્રદ્ધા પૂર્વક જે ગૃહસ્થ ન્યાયથી મેળવેલું પોતાનું દ્રવ્ય, માનસિક શુદ્ધ ભાવનાવડે અતિથિને આપે છે, તેણે આ પ્રમાણે ભાવના કરવી કે, આ જગત્‌માં હું ધન્યવાદને લાયક છું. કારણ કે જેના ત્યાં આ સમયે આવા મહાત્મા પધાર્યા. વળી શુદ્ધ ભાવ વડે આ મુનિને શુદ્ધ દાન આપવાથી જન્મ અને જરા રૂપી જલવડે વ્યાકુલ, કદાગ્રહરૂપી મઘરાદિક જંતુઓ વડે ભયંકર, અનેક દુઃખરૂપી મ્હોટા તરંગોથી વ્યાપ્ત, એવા અનાદિ અપાર આ સંસાર સાગરને હું તરી ગયો. તેમજ બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, અને શુદ્રો પોતપોતાની અનિંદિત વૃત્તિ વડે ઉપાર્જન કરેલા, જે દ્રવ્યનો સત્પાત્રમાં નિયોગ કરે છે તે દ્રવ્ય-ન્યાયોપાર્જીત જાણવું, એમ જ્ઞાનીપુરૂષો કહે છે. વળી તેજ દ્રવ્ય અક્ષય જાણવું, કે જે સુપાત્રોને દાન આપવામાં આવે છે. વળી તે પરિણામે સુંદર અને અનંત ફળદાયક થાય છે. તેમજ જે એષણીય અને પ્રાસુક હોય તેજ અતિથિઓને દાન આપવા લાયક કહ્યું છે. જેવી રીતે વિશુદ્ધ ભાવના વડે આ અતિથિ સંવિભાગ વ્રત ગ્રહણ કર્યું હોય તેવી રીતેજ નિરતિચારપણે પાળવું. વળી તેના સચિત્ત દ્રવ્ય નિક્ષેપણ અને સચિત્ત દ્રવ્ય વિધાન, તેમજ કાલાતિક્રમણ, પર વ્યપદેશ અને પ્રદ્વેષ એમ પાંચ પ્રકારના અતિચાર છે. તેમાં સચિત્ત દ્રવ્યોમાં જે શુદ્ધ અન્ન નાખવું (ઉપર મુકવું) તે સચિત્ત દ્રવ્ય નિક્ષેપણ નામે પહેલો અતિચાર કહેવાય. વળી જે સચિત્ત દ્રવ્યથી શુદ્ધ દ્રવ્યને ઢાંકવું તે સચિત્ત વિધાન નામે બીજો અતિચાર જાણવો. તેમજ સાધુના આગમ કાલનું ઉલ્લંઘન કરી, પ્રથમ જે ભોજન વિધિ કરે છે તે કાલાતિ ક્રમ નામે ત્રીજો અતિચાર કહેવાય. વળી લોભી શ્રાવક પોતાના દ્રવ્યને પણ આ પારકું છે, એમ જે મુનિઓને કહે છે તે પરદ્રવ્ય વ્યપદેશ અતિ-

ચાર કહેવાય. વળી જે મુનિઓને જોઇ કોપ કરે તેમજ ઇર્ષાને લીધે ક્રોધ વશ થઈ દાન આપે છે તેને મત્સરદાન કહ્યું છે. આ પ્રમાણેના અતિચારો રહિત અતિથિ સંવિભાગ નામે વ્રતને જે પાળે છે તે ઉભય લોકમાં બહુ સુખ ભોગવે છે. એ પ્રમાણે દેશના સાંભળી સમગ્ર સભા ઉભી થઇ એટલે લક્ષ્મીએ અતિથિસંવિભાગનો અભિગ્રહ લીધો. અને સૂરિને વિનંતિ કરી કે, હે ભગવાન ! કૃપા કરી આપના મુનિઓને ભિક્ષા માટે હમ્મેશાં મ્હારે ત્યાં મોકલવા. એમ કહી તે પોતાને ઘેર ગઈ. અને પુત્રની ઇચ્છાથી તે ધર્મ પાલન કરે છે, પરંતુ ધર્મબુદ્ધિથી કરતી નથી. વળી પ્રાચીન કર્મને લીધે તેને પુત્ર થયો નહીં તેથી તેની દાનની પ્રતિજ્ઞા શિથિલ પડી ગઇ. છતાં પણ લૌકિક વૃત્તિ વડે હમ્મેશાં મુનિઓને કંઇક દાન આપે છે.

**લક્ષ્મીનોકપટ ભાવ.**

અન્યથા કોઇક મહોત્સવના પ્રસંગે લક્ષ્મીએ બહુ પ્રકારની રસોઇ કરાવી અને સર્વ સંબંધીઓને જમવા માટે પોતાને ત્યાં બોલાવ્યા. તેવામાં ત્યાં મુનિઓને આવતા જોઇ લક્ષ્મીએ મુદ્ગપિંડિકા (મગની ઢગલી) ઉપર દાળ, ભાતનાં વાસણ મૂકી દીધાં, અને તેમની ઉપર પકવાનનાં વાસણ ગોઠવી દીધાં. તેટલામાં મુનિઓ ત્યાં આવ્યા અને ધર્મલાભ આપી ઉભા રહ્યા. લક્ષ્મીએ ઉભી થઈને વંદન કર્યું અને વ્હોરાવા માટે દાળ, ભાત લઇ આવી, એટલે મુનિઓ બોલ્યા, આ આહાર અમને કલ્પે નહીં. કારણ કે સચિત વસ્તુ ઉપર આ રસોઈ મુકેલી છે. લક્ષ્મી લોકોને સંભળાવવા માટે પોતાને નિંદવા લાગી કે, હા હા ! હું નિર્ભાગિણી છું. કારણકે, મુનિઓ પધાર્યા છતાં તેમને કલ્પે તેવું પ્રાસુક અને એષણીય કંઇ પણ મ્હેં રાખ્યું નહીં. હવે મ્હારે તેમની ભકિત કેવી રીતે કરવી ? વળી ક્રોધ કરી પોતાની

દાસીને કહેવા લાગી કે, અરે ! ત્હેં બહુ ખરાબ કર્યું. રે ભાગ્યહીન ! સચિત્ત વસ્તુનો સંઘટ્ટો કરવાથી સર્વ પકવાન્નાદિક ઉત્તમ પદાર્થો પણ તેં દૂષિત કર્યા. એમ કહી પછી નીરસ સાધારણ વસ્તુ લઈ વ્હોરાવવા માટે નીકળી અને મનમાં તો બહુજ ખુશી થઈ છે, પણ મુખેથી કહે છે કે, શું કરૂં ? આ વસ્તુ આપતાં મ્હારા હાથ ચાલતા નથી. ! તેવામાં મુનિની ભક્તદેવીએ તેની શિક્ષા માટે પાત્રમાં પ્રવેશ કરી તેનો હાથ ભોજન સહિત અટકાવી દીધો. અને તે બોલી કે, રે દુષ્ટ માયાવિનિ ! રે અનાર્યે ! રે કુટ કરનારી ! ચારિત્રનિધિ એવા મુનિઓને પણ તું આ પ્રમાણે છેતરે છે ? એ પ્રમાણે દેવી એ બહુ નિંદા કરીને લક્ષ્મીને કહ્યું કે, સખી ! હું તને હણુતી નથી કારણ કે, જીવદયા એજ મુખ્ય ધર્મ છે. એમ કહી દેવી અદૃષ્ટ થઇ ગઇ. ત્યારબાદ સ્વજનોએ લક્ષ્મીને બહુ ધિક્કાર આપ્યો. પછી અલ્પ સમયમાં તે દેવીએ સ્તબ્ધ કરી હતી તેથી તે લક્ષ્મી શ્રાવિકા પર્યાલોચના કર્યા વિના મરણ પામી, અને પ્રણુપર્ણિકા નામે જંભક યોનિમાં ઉત્પન્ન થઈ થઈ. ત્યાંથી નીકળી સંસાર ભ્રમણ કરી બોધિ જ્ઞાન પામી મોક્ષ સુખ પામશે. માટે હે ભવ્ય પ્રાણીઓ ! આ પ્રમાણે સમજી અતિચાર રહિત વ્રત પાળવામાં તમે ઉદ્યમવાન્ થાઓ, નહીં તો આ લોકમાં પણ બહુ ઘોર દુઃખો ભોગવવાં પડશે.

इत्यतिथिसंविभागे प्रथमातिचारदृष्टान्तः ॥

## વિજયાશેઠાણીની કથા.

### દ્વિતીય સચિત્તપિધાનાતિચાર.

દાનવીર્ય રાજા બોલ્યો, હે જગત્પાલક ! હવે અતિથિસંવિભાગમાં દ્વિતીય અતિચારનું સ્વરૂપ કહો. શ્રી સુપાર્શ્વપ્રભુ બોલ્યા, હે ભૂમિપાલ ! જે મનુષ્ય અતિથિસંવિભાગનો નિયમ લઈ દાન આપવા લાયક વસ્તુને સચિત્ત વસ્તુથી ઢાંકી દે છે તે વિજયા શેઠાણીની માફક ગાઢ કર્મ બાંધે છે.

**વિજયાદૃષ્ટાંત.**

શ્રેષ્ઠ ક્ષમાધર (પર્વતો—ક્ષમાવંત પુરૂષો) વડે સંયુક્ત, બહુ રૂપવંત અનેક વિદ્યાધરો વડે મનોહર એવો વૈતાઢ્ય પર્વત છે જેને વિષે, અથવા અનેક પંડિતોવડે મનોહર, અને સેંકડો દેશો વડે સંકીર્ણ એવા ભરતક્ષેત્ર સમાન વિશાલ, ભદ્દિલપુર નામે નગર છે. તેમાં યાચકોને કલ્પવૃક્ષ સમાન, પાર્થ નામે રાજા છે. તેમજ સુયશ નામે સમ્યગ્દૃષ્ટિ નગરશેઠ છે. વળી કામ ભવનની વિજય પતાકા સમાન, જૈનધર્મમાં પ્રમાદી અને કુમતમાં આસક્ત એવી વિજયા નામે તેની સ્ત્રી છે. હવે સુયશ શ્રેષ્ઠી વર્ષાકાલમાં ઉદ્યાનમાં રહેલા, વિશુદ્ધજ્ઞાની અને ક્ષમાના સાગર સમાન એવા પોતાના ગુરૂ શ્રીમાન્ શાંતિસાગરસૂરિનાં દર્શન કરવા માટે ગયો. વંદન કરી ધર્મદેશના સાંભળવા બેઠો. દેશના સમાપ્ત થઇ એટલે પુનઃ વંદન કરી પોતાને ઘેર આવ્યો.

**વિજયાને પ્રતિબોધ.**

એ પ્રમાણે સુયશ શ્રેષ્ઠી હમ્મેશાં સૂરીશ્વરની દેશનામાં જતો અને તેથી બહુ સંતુષ્ટ થઇ એક દિવસ પોતાની સ્ત્રીને કહેવા લાગ્યો કે, તું સૂરીશ્વરની પાસે ચાલ. તેમનાં દર્શન કરી ધર્મ શ્રવણ કર. જેથી ત્હારો મનુષ્ય જન્મ સફલ

થાય. વિજ્યા બોલી, જો તેઓ સચિત્ત અને અનંતકાયના નિયમો મ્હને ન આપે તો હું ત્યાં આવું. શ્રેષ્ઠી બોલ્યો, તેઓ કોઇને પણ બલાત્કારે નિયમો આપતા નથી. માત્ર ધર્મનો ઉપદેશ કરે છે. અને ભવ્ય પ્રાણીઓ ધર્મ સાંભળી જે જે નિયમો માગે છે, તે તે તેમની યોગ્યતા પ્રમાણે તેમને આપે છે. એ પ્રમાણે ધૈર્ય આપી શ્રેષ્ઠી પોતાની સ્ત્રીને ગુરૂ પાસે લઇ ગયો. તે પણ વંદન કરી ગુરૂની આગળ ધર્મ દેશના સાંભળવા માટે બેઠી. સૂરિએ સમ્યકત્વાદિ શ્રાવકનાં સર્વ વ્રત કહ્યાં, તે સાંભળી વિજ્યા બોલી, હે પ્રભો ! કૃપા કરી આપ અતિથિ સંવિભાગનો નિયમ મ્હને આપો. ગુરૂએ તેની આગળ અતિથિ સંવિભાગની સવિસ્તર વ્યાખ્યા કહી. તેમજ તેના અતિચારોનું સ્વરૂપ પણ બતાવ્યું. પછી અતિથિવ્રતનો નિયમ તેને આપ્યો. વળી ગુરૂએ કહ્યું કે, પોષધવ્રતના પારણે શ્રાવકે સાધુઓને જે વસ્તુ ન વ્હોરાવી હોય તે વસ્તુ પોતે અવશ્ય ખાવી નહીં, કારણ કે, તેમ કરવાથી પોષધની શુદ્ધિ થાય છે. સર્વ આરંભોમાં પ્રવૃત્ત થયેલા ગૃહસ્થાશ્રમિઓએ નિરંતર અતિથિ સંવિભાગમાં પ્રયત્ન કરવો જોઇએ. અને ઉપવાસના પારણે તો અવશ્ય મુનિઓને વ્હોરાવવું જોઇએ તેમાં તો કહેવું જ શું ? વળી જે મનુષ્યો હમ્મેશાં વિશુદ્ધ ભાવથી સાધુઓને સુંદર ભોજન વ્હોરાવે છે તેઓ સર્વત્ર સદાકાળ સુખી થાય છે. જેઓનું ધન નિરંતર જીનમંદિર, મુનિઓ અને સાધર્મિક જનોમાં વપરાય છે તઓને ધન્યવાદ ઘટે છે. અને ધાર્મિક કાર્યોમાં જેઓનું ધન વપરાતું નથી તેઓનું ધન તૃણાદિના ઉકરડા સમાન જાણવું. કારણ કે, તેવા ધનની અધિક વૃદ્ધિ થવાથી પણ શો લાભ ? વળી જેઓનું આયુષ્ય સદાકાલ વિશુદ્ધ ભક્તિવડે સત્પાત્રોને દાન આપવામાં વ્યતીત થાય છે, તેઓજ ધન્યવાદને લાયક છે. આવી ભાવનાવડે સમ્યક્પ્રકારે સર્વથા હૃદયનો મલ દૂર કરી નિરંતર શ્રાવકોએ વિશુદ્ધ એવો શ્રાવકધર્મ

આરાધવો. આ પ્રમાણે ઉપદેશ સાંભળી સંવેગ પરાયણ થઈ વિજ્યા બોલી, હે મુનિવર્ય ! હમ્મેશાં ભિક્ષા માટે મ્હારે ત્યાં બે મુનિઓ તમારે મોકલવા. સૂરિએ વર્ત્તમાન યોગ, એમ કહી વિજ્યાને સંતુષ્ટ કરી. ત્યારબાદ સુયશશ્રેષ્ઠી ગુરૂના ચરણમાં પડી બોલ્યો, હે પ્રભો ! આ સ્ત્રી બહુ પ્રમાદી છે માટે મ્હોટી કૃપા કરી આ ભવસાગરમાંથી આપ એનો ઉદ્ધાર કરો. હવે એને સંસાર સાગર તરવાનો અન્ય કોઈ ઉપાય નથી. એમ કહી શ્રેષ્ઠી પોતાની સ્ત્રી સહિત પોતાને ઘેર ગયો.

**વિજયાનીદાન ભક્તિ.**

ત્યારબાદ સૂરિએ શ્રેષ્ઠીને ત્યાં ભિક્ષાના સમયે બે મુનિઓ મોકલ્યા. મુનિઓને આવતા જોઈ શ્રેષ્ઠી સહિત વિજ્યા શેઠાણી બહુ ભક્તિપૂર્વક વંદન કરી શુદ્ધ શ્રદ્ધાપૂર્વક ચાર પ્રકારનો આહાર તેમને વ્હોરાવ્યો. તે પ્રમાણે દરરોજ તે ભક્તિ કરવા લાગી. શેઠ પણ ઉમંગથી બહુ દ્રવ્ય આપે છે. ત્યારબાદ કેટલાક દિવસે વિજ્યાને વિચાર થયો કે, આ પ્રમાણે કરવાથી હાલમાં ખરચો બહુ વધી પડ્યો છે. અને મ્હેં પણ અતિથિઓને ભોજન દાનનો નિયમ લીધો છે. માટે એવો કોઈ ઉપાય કરૂં કે, જેથી બન્ને કાર્ય સિદ્ધ થાય. એમ નિશ્ચય કરી કપટ જાળથી દાળ, ભાત, ઘૃતાદિકનાં પાત્રો ઉપર બીજોરૂં, ચીભડાં વિગેરે સચિત્ત વસ્તુઓ ઢાંકી દે છે, જેથી મુનિઓને કંઈ પણ પદાર્થ કલ્પે નહીં તેવી યુક્તિ તેણીએ ગોઠવી. પછી ગોચરીનો સમય થયો એટલે સાધુઓ તેને ત્યાં આવ્યા. પ્રથમની માફક બહુ ભક્તિ બતાવી વિજયા વ્હોરાવવા માટે ઉભી થઈ. ભાત, દાળ વિગેરે આપવા આવી એટલે મુનિઓ બોલ્યા, એની ઉપર સચિત્ત પદાર્થો મૂકેલા છે માટે તે આહાર અમારે કલ્પે નહીં. તેથી તે અમારા વાસ્તે લાવશો નહીં. વિજ્યા બોલી, અરે ! મ્હને

ધિક્કાર છે ! આ સમગ્ર રસોઇ તૈયાર છે તે છતાં મુનિઓને અનુપયોગી થઇ. કોઇ દાસીએ અજાણમાં મ્હારા અભાગ્યને લીધે આ અવ્યવસ્થા કરી. મહા ખેદની વાત છે કે, હું પુણ્યહીન થઇ. એમ બહુ ખેદ કરતી તેને જોઇ શેઠ બોલ્યા, બીજું કંઇક વ્હોરાવ. ત્યાર બાદ વિજયાએ વાલ, ચણા વિગેરે વ્હોરાવીને નમસ્કાર કરી પોતાના ઘેરથી કેટલાંક ડગલાં પાછળ ચાલી મુનિઓને વિદાય કર્યા. તેવીજ રીતે કદાચિત્ મુનિઓને આવતા જોઇ સચિત્ત સાથે અચિત્ત વસ્તુનું સંઘટ્ટન કરે છે. કદાચિત્ પાણીનું વાસણ હાથમાં લઇ કહે છે કે, અરે ! હાથમાં કાચું પાણી રહી ગયું છે. વળી કદાચિત્ ભાત, દાળ, ઘી વિગેરે બળતા અગ્નિ ઉપર મૂકે છે. એ પ્રમાણે તેનાં આચરણ જોઇ સાધુઓએ જાણ્યું કે, આ શેઠાણી બહુ કૂટ કપટ વાળી છે. એને કંઇપણ દાન આપવાની ઇચ્છા નથી. પરંતુ શેઠના આગ્રહને લીધે મુનિઓ ભિક્ષા માટે જાય છે. એમ કરતાં એક દિવસ વિજયાને વાસિત વમન થયું. જેની ગાઢ પીડાથી મરણ પામી તે પ્રણુપર્ણિકા નામે વ્યંતર દેવોમાં ઉત્પન્ન થઇ. ત્યાંથી નીકળી કેટલોક સમય ભવ ભ્રમણ કરશે. ત્યારબાદ વિદેહ ક્ષેત્રમાં સંયમ–દીક્ષા પ્રાપ્ત કરી અનુક્રમે સિદ્ધિ સુખ પણ પામશે.

इत्यतिथिसंविभागे द्वितीयाऽतिचारविपाके विजयादृष्टान्तः ॥

## देवचंद्रश्रावकनी कथा.

### તૃતીયકાલાતિક્રમણાતિચાર.

દાનવિર્ય રાજા બોલ્યો, હે દયાલુ ભગવન્ ! હવે અતિથિ સંવિભાગમાં ત્રીજા અતિચારનું સ્વરૂપ દૃષ્ટાંત સહિત કહો, શ્રી

સુપાર્શ્વ પ્રભુ બોલ્યા, હે ભૂપાલ ! જેણે દાનનો નિયમ કર્યો છે, છતાં જેના હૃદયમાં શઠતા રહેલી છે એવા દેવચંદ્ર શ્રાવકની માફક જે પુરૂષ કાલનું ઉલ્લંઘન કરી દાન આપે છે તેનું ફલ તેને પ્રાપ્ત થતું નથી.

**દેવચંદ્રદૃષ્ટાંત.**

આ ભરતક્ષેત્રમાં સ્વસ્થ બુદ્ધિશાલી મનુષ્યોથી વિભૂષિત લક્ષ્મી મંદિર નામે નગર છે. જેની અંદર સત્પુરૂષોના ચરિત્રોનાં ચિત્રો જેમાં ચિત્રેલાં છે એવાં મંદિરો શોભી રહ્યાં છે. વળી તે નગરમાં મદોન્મત્ત વૈરીરૂપી સિંહોને દમન કરવામાં પ્રચંડ શરભ સમાન, અને ચંદ્ર સમાન ઉજ્વલ એવી કીર્તિરૂપ ગંગાને વહન કરવામાં હિમાલય સમાન વજ્રસાર નામે રાજા છે. વળી તેમાં દેવચંદ્ર નામે બહુ ધનાઢ્ય વણિક રહે છે. કૃષ્ણની સ્ત્રી સમાન નિરંતર સેવા પરાયણ દેવશ્રી નામે તેની ભાર્યા છે. વળી દેવચંદ્ર શ્રાવક સ્વભાવથી એવો કૃપણ છે કે, કોઇ પણ દિવસ કોઇને તલ-ભાર પણ દાન આપતો નથી. પરંતુ ધર્માભિલાષી હોવાથી ભર-યૌવન અવસ્થામાં રહ્યો છે છતાં ક્રીડા વિલાસ કરતો નથી.

**સૂરિનું આગમન.**

અન્યદા ચતુર્જ્ઞાની સૂરિ મહારાજ ત્યાં બહાર ઉદ્યાનમાં પધાર્યા. તે પ્રસંગે દેવચંદ્ર પણ ઉદ્યાનપાલકો પાસે ઉઘરાણી માટે ત્યાં ગયો. તેવામાં ઉદ્યાનપાલકો પણ સૂરીશ્વરના ચરણકમલમાં વ્યાખ્યાન સાંભળવા બેઠા હતા. તે જોઈ દેવચંદ્ર પણ સૂરિને વંદન કરી વિનયપૂર્વક મતિમોહને નિર્મૂલ કરનાર દાન, તપ, શીલ અને ભાવનામય ધર્મ સાંભળવા બેઠો. જેમકે—દાન, શીલ, તપ અને ભાનનારૂપ ચાર પ્રકારનો ધર્મ ધીર પુરૂષોએ કહ્યો છે. વળી તમાં શીલ, તપ અને ભાવનારૂપ ત્રણ પ્રકારનો ધર્મ સાધવામાં અશક્ત એવા ગૃહસ્થોને દાન ધર્મ જય આપનાર થાય છે. સમગ્ર

આરંભોથી તેમજ કરવું અને કરાવવાથી નિવૃત્ત થયેલા મુનિઓને ગૃહસ્થ પુરૂષોએ ધર્મ નિમિત્તે અવશ્ય દાન આપવું. કહ્યું છે કે–જે પુરૂષ વિદ્યમાન, બાહ્ય અને અનિત્ય એવું પણ દાન સત્પાત્રને નથી આપી શકતો, તે બિચારો તુચ્છ દુર્ધર એવા શીલને કેવી રીતે ધારણ કરે ? કારણકે, દાન આપવા લાયક વસ્તુ, દાન આપવાની શક્તિ અને સત્પાત્રનો સમાગમ એ સર્વ સામગ્રી પૂર્વના પુણ્યોવડે કોઈ ભાગ્યશાલી પુરૂષોનેજ પ્રાપ્ત થાય છે. વળી કેટલાક પ્રાણીઓ પોતાનું જીવિત પણ સંદેહસ્થાનમાં મૂકી સમુદ્રમાર્ગે ચાલે છે અને દ્વીપાંતર જાય છે. છતાં કોડિ માત્ર પણ પ્રાપ્ત કરતા નથી. તેમજ કેટલાક લોકો પ્રાચીન પુણ્યયોગે મહા કષ્ટે ધન મેળવે છે પરંતુ તેઓ સ્વાભાવિક કૃપણતાને લીધે તે ધનમાંથી કિંચિત્ માત્ર પણ સન્માર્ગે વાપરી શકતા નથી. અને પ્રાણાંતમાં પણ તેઓને દાન રૂચી થતી નથી. વળી કહ્યું છે કે–દાની જનોની હસ્તપરંપરામાં પરિવર્ત્તન કરવાના ખેદથી શ્રાંત થયેલી સંપત્તિઓ, કૃપણ જનોના ઘરની અંદર આવી સ્વસ્થ અવસ્થામાં નિદ્રિત થયેલી હોય તેમ જણાય છે. તેમજ આદરપૂર્વક વૃદ્ધિ પમાડેલી, અને નિરંતર બહુ પ્રયત્નોવડે રક્ષણ કરેલી, કૃપણ પુરૂષોની ધન સંપત્તિ, કુમારીની માફક પરોપયોગી છે. વળી કેટલાકને ધન સંપત્તિ પણ પ્રાપ્ત થાય છે અને દાન શક્તિ પણ હોય છે. છતાં પણ સત્પાત્રનો સમાગમ દુર્લભ થાય છે. કારણકે સર્વ આરંભથી નિવૃત્ત થયેલા, નિર્મલ ચિત્તવાળા, પવિત્ર એવા ચારિત્રના પાલન કરનાર અને નિષ્કારણ દયા રસીથી વ્યાપ્ત એવા સુપાત્રનો સંયોગ આ જગત્માં ક્વચિતજ મળી શકે છે. માટે હવે અધિક શું કહેવું ? જો સંસાર સાગર તરવાની ઇચ્છા હોય તો ધનવાન્ પુરૂષોએ પોતાની લક્ષ્મીનો સદુપયોગ સૂત્ર વિધિ પ્રમાણે સુપાત્રમાં કરી લેવો. કારણકે—

पटुतरपवनवशा—कुलितकुवलयदलतरलानि ।
जीवितयौवनयुवति—जनधनलवलाभसुखानि ॥

અર્થ—" જીવિત, યૌવન, સુંદર યુવતિજન, અને લેશ માત્ર ધન લાભના સુખોને પ્રચંડ વનના વેગથી કંપાયમાન કમલ પત્રની માફક ચંચલ જાણવાં." આ પ્રમાણે ધર્મદેશના સાંભળી દેવચંદ્ર શ્રેષ્ઠીએ અતિથિદાનનો નિયમ લીધો અને પોતાને ત્યાં ભિક્ષા માટે મુનિઓને વિનતિ કરી પોતાને ઘેર આવ્યો. પછી ઉચિત સમયે મુનિઓ ભિક્ષા માટે આવ્યા. દેવચંદ્રે ભાવપૂર્વક પકવાન્નાદિક વ્હોરાવ્યું. તેઓએ પણ યથોચિત વિશુદ્ધ એવો આહાર લીધો. પછી દેવચંદ્ર બોલ્યો, આજે આપ પધાર્યા તેથી મ્હારૂં ઘર પવિત્ર થયું. અને આજે આ ભક્ત પાનાદિક રસોઇ પણ સફલ થઇ. કારણકે, ગુરૂ ભોજનથી અવશિષ્ટ અન્ન આજે હું જમીશ. એમ ભાવના ભાવતો દેવચંદ્ર મુનિઓની પાછળ કેટલાંક ડગલાં ચાલી પોતાને ઘેર પાછો આવી શેષ અન્નથી ભોજન કરી બહુ સંતુષ્ટ થયો. મુનિઓ પણ ભિક્ષા લઇ ગુરૂપાસે ગયા અને સર્વ વૃત્તાંત નિવેદન કર્યું.

**શિષ્યપ્રત્યે ગુરૂ વચન.**

ભિક્ષા તરફ દૃષ્ટિ કરી ગુરૂ બોલ્યા, હે મુનિઓ! હવે હમ્મેશાં તમ્હારે દેવચંદ્રના ત્યાં જવું. જેથી એનો કૃપણતાનો અપવાદ દૂર થાય. અને નિર્જરા પણ થાય. ત્યારબાદ મુનિઓ ગોચરી માટે હમ્મેશાં તેને ત્યાં જવા લાગ્યા. વળી સ્વભાવથીજ તેની સ્ત્રી બહુ ઉદાર ચિત્તની હતી તેથી તે ઘેબર, લાડુ, પેંડા, બરફી અને સાકર વિગેરે બહુ પદાર્થો પ્રતિ દિવસ વ્હોરાવતી હતી. એ પ્રમાણે સ્ત્રીની ઉદારતા જોઇ દેવચંદ્રે કૃપણતાને લીધે પોતાની સ્ત્રીને કહ્યું કે, હવે મુનિઓને હું પોતેજ

દાન આપીશ, કારણકે આ વિષયનો નિયમ મ્હેં લીધેલો છે. એમ કહી બીજે દિવસે પોતે ઉપાશ્રયે જઈ મુનિઓને પોતાને ત્યાં બોલાવી લાવ્યો. પછી થોડું ઘી ( અરધી પળી ) વ્હોરાવી વંદન કરીને તેમને વિદાય કર્યા. મુનિઓ પણ બીજે સ્થળેથી ભિક્ષા લઈ ગુરૂ પાસે ગયા.

કૃપણતાનું ફળ.

સૂરીશ્વરે મુનિઓને પૂછ્યું, આજે દેવચંદ્રને ત્યાંથી શું મળ્યું ? મુનિઓએ ઘી બતાવ્યું. ગુરૂ બોલ્યા, હવે તેના ત્યાં નિમંત્રણ વિના તમ્હારે જવું નહીં. વળી બીજે દિવસે ભોજન સમય વ્યતીત થયા બાદ દેવચંદ્ર મુનિઓને બોલાવવા માટે ગયો. ત્યારે ગુરૂએ કહ્યું કે, મુનિઓએ આહાર કર્યો. આહાર લીધા પછી હવે ગોચરી શા કામની ! શઠ બુદ્ધિથી દેવચંદ્ર બહુ ખેદ કરવા લાગ્યો. ફરીથી સૂરિ બોલ્યા, ભદ્ર ! હવે ખેદ કરીશ નહીં. આજે કારણને લીધે મુનિઓ ત્હારે ત્યાં આવી શકયા નથી. ત્યારબાદ દેવચંદ્ર પોતાને ઘેર જઈ જમીને સુઇ ગયો. પરંતુ બહુ જમવાથી વિસૂચિકા થઈ ગઇ. જેથી મરણ પામી ભૂત યોનિમાં તે ઉત્પન્ન થયો અને ક્રમે મોક્ષ સુખ પણ પામશે, માટે ભવ્ય પ્રાણીઓએ બુદ્ધિપૂર્વક વ્રતમાં અતિચાર સેવવા નહીં. કારણકે અતિચાર સેવવાથી અનુક્રમે વ્રત ભંગનો પ્રસંગ પણ આવી જાય છે.

इत्यतिथिसंविभागव्रते तृतीयातिचारदृष्टान्तः ॥

# સ્થવિરાની કથા.

## ચતુર્થ પરવ્યપદેશાતિચાર.

દાનવીર્ય રાજાએ પ્રશ્ન કર્યો કે, હે ભગવન્! હવે અતિથિ સંવિભાગ વ્રતમાં ચોથા અતિચારનું લક્ષણ દૃષ્ટાંત સહિત કૃપા કરી આપ અમને કહો. **શ્રી** સુપાર્શ્વ પ્રભુ બોલ્યા, હે રાજન્! જે પુરૂષો અતિથિ દાનનો નિયમ લઇને સત્પાત્ર પોતાના ઘેર આવે છતે પણ પોતાના દ્રવ્યને પારકું છે એમ કપટથી કહે છે તેઓ એક સ્થવિરા ( વૃદ્ધ સ્ત્રી ) ની માફક દુઃખી થાય છે.

**સ્થવિરાદષ્ટાંત.** બહુ વિશાલ અને ઉંચી હવેલીઓના શિખરોવડે સૂર્યના રથના ઘોડાઓની ગતિને અટકાવતું વિશ્વપુર નામે જગદ્વિખ્યાત નગર છે. વળી જેની અંદર કુલીન જનો વસે છે એવું તે નગર શંકરના હાસ્ય તથા ચંદ્રને નિસ્તેજ કરતાં એવાં જીનમંદિરોનાં શિખરોની શોભાવડે-મુનિવાસ રહિત એવી સ્વર્ગપુરીને પણ હસે છે. વળી પદ્મ સમાન ( પદ્મરૂપી ) છે મુખ જેમનાં, વિશાલ પયોધર એટલે સ્તન મંડલ ( જલને ) ધારણ કરનાર અને પ્રફુલ્લ કુમુદ સમાન ( કુમુદરૂપી ) છે નેત્ર જેમનાં, એવી સ્ત્રીઓ અને સરોવરોવડે અંદર અને બહારથી જે નગરીની સૌંદર્યતા પ્રસરી રહી છે. તેમજ અનેક રાજાઓના ચૂડામણિઓની કાંતિવડે જેના ચરણ રંગાઇ ગયા છે એવો સમયસિંહ નામે રાજા તે નગરમાં રાજ્ય કરે છે. ચંદ્રલેખા નામે તેની ભાર્યા છે. વળી તેજ નગરમાં બહુ દુઃખરૂપી દાવાનલથી દગ્ધ થએલી એક સ્થવિરા ( વદ્ધા ) રહે છે. તે હમ્મેશાં ધનવાનોને ત્યાં કામકાજ કરતી અને પોતાનું ગુજરાન ચલાવતી દિવસો વ્યતીત કરતી હતી.

અન્યદા મહાજ્ઞાની મલયચંદ્ર સૂરિ ત્યાં પધાર્યા. લોકો બહુ ઉત્સાહ પૂર્વક તેમને વંદન કરવા ગયા. વૃદ્ધા પણ ભક્તિ ભાવથી આકર્ષાઇને ત્યાં જઇ વંદન કરી મુનીંદ્રની આગળ લોકો સાથે ધર્મ દેશના સાંભળવા બેઠી. સૂરિએ

મલયચંદ્ર-
સૂરિ-

પ્રથમજ સમ્યકત્વની વ્યાખ્યા કરીને કહ્યું કે, દુસ્તર અને દુરંત એવા સમુદ્રની મધ્યમાં ડુબતા પ્રાણીને જેમ નાવ શરણ થાય છે. તેવી રીતે દુઃખ વડે તરવા લાયક અને દુઃસહ એવા દુઃખરૂપી જલથી ગંભીર ભરેલા સંસાર સાગરમાં જીવાત્માને સમ્યકત્વ પ્રાપ્તિજ શરણ થાય છે. વળી જેમ દુકાળમાં ક્ષુધાતુર કોઇ પણ પ્રાણીને અકસ્માત્ પુણ્ય બલથી પરમાન્ન પ્રાપ્ત થાય તેવી રીતે દુઃષમ કાલમાં બહુ પ્રમાદી અને દુઃખી એવા જીવોને સમ્યકત્વ અમૃત સમાન થાય છે. જેમ ચંચળ તરંગોથી ઉછળતી, પર્વતમાંથી નીચે ઉતરતી અને મહા વેગને ધારણ કરતી નદીના પ્રવાહમાં તણાતો મડદાલ પ્રાણી તટ ઉપર રહેલા વૃક્ષનું અવલંબન પામે છે, તેમ રાગરૂપી મહાગિરિમાંથી નીકળતી નદીના પ્રવાહમાં પીડાતો કોઇ પણ પુણ્યશાળી જીવ સમ્યકત્વરૂપી તરૂવરનું આલંબન મેળવે છે. વળી જેમ લોહાદિક ધાતુઓમાં સુવર્ણ, તૃણ જાતિમાં ધાન્ય, સમૃદ્ધિમાં રત્ન અને રત્નોમાં ચિંતામણિ રત્ન શ્રેષ્ઠ ગણાય છે, તેમ ધર્મોની અંદર જૈન ધર્મ ઉત્તમ છે. જેમ વનોમાં નંદનવન, વૃક્ષોમાં કલ્પવૃક્ષ, પુરૂષોમા ચક્રવર્તી અને મુનીઓમાં જીનેંદ્ર ભગવાન્ શ્રેષ્ઠ છે, તેમ સર્વ ધર્મોમાં વીતરાગ પ્રણીત ધર્મ પ્રશંસનીય છે. વળી જેમ નાગોમાં નાગેંદ્ર, નક્ષત્ર અને તારાઓમાં ચંદ્ર, અસુરોમાં અસુરેંદ્ર, દેવોમાં દેવેંદ્ર, નરોમાં નરેંદ્ર અને મૃગ જાતિમાં મૃગેંદ્ર શ્રેષ્ઠ છે. તેમજ સર્વ ધર્મમાં જૈન ધર્મ શ્રેષ્ઠ છે. વળી તે ધર્મ

યતિ અને ગૃહી એમ બે પ્રકારનો છે. તેમાં યતિ ધર્મના દશ ભેદ છે. અને શ્રાવક ધર્મ બાર પ્રકારનો છે. અનુક્રમે બન્ને મોક્ષ સુખ આપનાર થાય છે. એ પ્રમાણે ધર્મદેશના સાંભળી સૂરિ પાસે કેટલાકે યતિધર્મ સ્વીકાર્યો, અને કેટલાક જનોએ શ્રાવક ધર્મ લીધો, વળી વિશેષમાં સ્થવિરાએ અતિથિદાનનો નિયમ લીધો.

**કપટવૃત્તિ.**

ત્યારબાદ વૃદ્ધા વંદન કરી પોતાને ઘેર ગઈ. ભોજન સમયે રસોઈ તૈયાર કરી મુનિઓની વાટ જોઈ બેઠી હતી, તેવામાં ત્યાં મુનિઓ પધાર્યા. વૃદ્ધાએ પ્રેમપૂર્વક અશનાદિક આહાર વ્હોરાવી તેમને વિદાય કર્યા. અન્યદા કોઈક ધનવંતને ત્યાં મહોત્સવ ચાલતો હતો, જેથી તે વૃદ્ધા તેને ત્યાં કામકાજ કરવા જતી હતી. તેથી ત્હેને કમોદના ચોખા, દુધ, ઘી વિગેરે ઉત્તમ સામગ્રી મળી હતી. તે સર્વ પોતાને ત્યાં લાવીને તેણીએ દુધપાક બનાવ્યો. તેવામાં તેને ત્યાં માસક્ષમણના પારણાના સમયે એક મહા તપસ્વી આવ્યા. વૃદ્ધાએ પણ કંઈક વાલ, શાક વિગેરે સાધારણ વસ્તુઓ વ્હોરાવીને કપટભાવથી કહ્યું કે, હે મુનીંદ્ર! હું શું કરૂં? આ દુધપાક પારકો છે, નહીં તો હું તમને વ્હોરાવત! મ્હારાં અભાગિણીનાં તેવાં પુણ્ય ક્યાંથી હોય? કે, મુનિ પારણે મ્હારે ઘેર પરમાન્ન હોય! પરંતુ આ ભાતનું પાણી પ્રાસુક છે, માટે જો આપને ખપે તો ગ્રહણ કરો. કારણ કે, તે મ્હારૂં છે. મુનિએ પણ અવસર જાણી તે ઓસામણ વ્હોર્યું. પછી મુનિ ત્યાંથી સંતુષ્ટ થઈ ચાલ્યા ગયા. ત્યારબાદ વૃદ્ધા પણ સમગ્ર દુધપાક કંઠ સુધી જમી ગઈ, અને રાત્રીના છેલ્લા ભાગમાં સમ્યક્ત્વ સહિત તેનું તેને વમન થયું, જેથી તત્કાલ મરી ગઈ

અને મધ્યમ ગુણયુક્ત મરીને મનુષ્ય જાતિમાં ઉત્પન્ન થશે. પશ્ચાત્ અનુક્રમે કર્મ વૈરીને નિર્મૂલ કરી સિદ્ધિ સુખ પામશે.

इत्यतिथिव्रते चतुर्थातिचारदृष्टान्तः समाप्तः ॥

# नंदवणिक्नी कथा.

## પંચમમાત્સર્યાતિચાર.

દાનવીર્ય રાજા બોલ્યો, હે કૃપાસાગર! હવે અતિથિ સંવિભાગ વ્રતમાં પાંચમા અતિચારનું સ્વરૂપ દૃષ્ટાંત સહિત અમને સાંભળવાની ઈચ્છા છે, માટે કૃપા કરી આપ તે કહો. **શ્રી સુપાર્શ્વપ્રભુ** બોલ્યા, હે રાજન્! “ આ પણ દાન આપે છે તો શું એનાથી પણ હું અશક્ત છું ? ” એવા માત્સર્ય ભાવની બુદ્ધિથી જે દાન આપે છે તે નંદની માફક અલ્પ ફળ મેળવે છે.

**નંદવણિક્‌ની કથા**

મેરૂ પર્વતરૂપી છે દીવેટ જેની, પૃથ્વીરૂપી જેનું પાત્ર છે, સમગ્ર સરોવરરૂપી જેમાં તેલ રહેલું છે, અને પ્રજ્વલિત સૂર્યરૂપી જેની શિખા છે એવા દીપ સમાન, જંબુદ્વીપ નામનો દ્વીપ છે. તેની અંદર ઉત્તમ રૂદ્ધિશાલી ભરતક્ષેત્ર છે. તેના મધ્યખંડમાં દક્ષિણ દિશારૂપસ્રીના તિલક સમાન અને લક્ષ્મીનું નિવાસસ્થાન શ્રીપુર નામે નગર છે. જેની અંદર જીનમંદિરોના શિખરો ઉપર સ્થાપન કરેલા સુવર્ણ કલશોની કાંતિવડે દિવસે પણ ગગનાંગણ સંધ્યા કાલના વાદળ સમાન શોભે છે. તેમજ સરળ સ્વભાવવાળા, સફલા ( યા ) પત્રોના ગુચ્છ સહિત ( દયા સહિત ) સફલ

પ્રવૃત્તિવાળા ( ફૂલ સહિત ) ગુણવંત પુરૂષોથી સેવાયેલા ( પક્ષિગણોથી સેવાયેલા ) તેમજ મનોહર એવા ધનવંત પુરૂષો અને સુંદર વૃક્ષો જેની અંદર તેમજ બહાર અનુક્રમે વિલાસ કરે છે. તે નગરીમાં સૂર્ય સમાન તેજસ્વી, શત્રુના બળરૂપી અંધકારનો સંહાર કરનાર, અને મનુષ્યોએ માનવા લાયક રિપુબલમથન નામે રાજા છે. પરંતુ તેનામાં એક મ્હોટો દોષ રહેલો છે કે; જેની કીર્તિરૂપી સ્ત્રી શત્રુઓના ઘરમાં પણ યશરૂપી પોતાના બંધુ સાથે ઈચ્છા મુજબ વિલાસ કરે છે. વળી તે નગરીમાં સમગ્ર વણિક જાતિમાં મુખ્ય ગણાતો સુંદર નામે બહુ ગુણવાન એક શ્રેષ્ઠી રહે છે. તેમજ નંદન નામે પણ એક વણિક તેમાં વસે છે.

**કાયોત્સર્ગમાં રહેલા મુનિ.**

એક દિવસ મદોન્મત્ત રાજહસ્તી બંધનસ્તંભ ભાંગી નાખીને નિરંકુશપણે ગૃહાદિકને ભાંગી નાંખતો નગરની બહાર ચાલ્યો ગયો. નગરના લોકો તે હસ્તીનો ત્રાસ નહીં સહન થવાથી બુમ પાડવા લાગ્યા. તે સાંભળી સુભટો સહિત ઘોડેસ્વાર થઇ રાજા તેની પાછળ ગયો. હવે હાથી ઉદ્યાનમાં ગયો અને ઉત્તમ ફળોથી સુશોભિત એક સુંદર વૃક્ષની છાયામાં વિશ્રાંતિ માટે ઉભો રહ્યો. તેટલામાં ત્યાં આગળ ધ્યાનમાં લીન થએલા, શરીરે ક્ષીણ અને હૃદયથી દીનતા રહિત તથા કાયોત્સર્ગમાં રહેલા એવા એક મુનીંદ્ર તેની દૃષ્ટિગોચર થયા, કે, તરતજ તે હાથીને જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેથી તેણે મુનીંદ્રના ચરણ કમળમાં પ્રણામ કર્યા. તે જોઈ રાજા વિસ્મિત થઈ બોલ્યો કે, આ એક આશ્ચર્ય છે કે પશુ જાતિ પણ સાધુને નમસ્કાર કરે છે, તો આપણે પણ આ મુનીંદ્ર નમવા લાયક છે, એમ કહી અશ્વ ઉપરથી નીચે ઉતરી રાજાએ પરિજન સહિત સાધુને વંદના કરી. ત્યારબાદ હસ્તિને શાંત કરી શુદ્ધ ભૂમિ ઉપર પોતે બેઠો.

હસ્તિનો ઉપદ્રવ શાંત થયો એટલે સુંદર અને નંદ બન્ને જણ મુનિને વંદન કરવા ગયા. ધ્યાનની સમાપ્તિ થવાથી મુનિએ તેઓને ઉદ્દેશી જૈન ધર્મની દેશના આપી. પછી ઉચિત સમય જાણી વિનયપૂર્વક હાથ જોડી રાજા બોલ્યો, હે મુનીંદ્ર ! ભર યૌવનમાં આપને દીક્ષા લેવાનું શું કારણ બન્યું ? મુનિ બોલ્યા, સંસારમાં વૈરાગ્યનાં કારણ ત્હારા માટે પણ બહુ સુલભ છે. પરંતુ હાલમાં ત્હારે ચારિત્ર રોધક—આવરણ કર્મ બાકી રહ્યું છે. વળી અમારા વ્રત ગ્રહણ કરવાનું કારણ પણ તું સાંભળ. કદાચિત્ તે શ્રવણ કરવાથી ત્હને પણ વૈરાગ્યભાવ પ્રગટ થાય. માટે અહીં કથન કરવું ઉચિત છે.

**ધર્મદેશના.**

ઉપવનના વિભાગોથી રમણીય છે પ્રદેશ જેના એવી જગત્ પ્રસિદ્ધ રત્નપુરી નગરી છે. તેમાં રત્નચૂડ રાજા છે. તે અમાવાસ્યાની રાત્રીએ સર્વ પાપ કાર્યથી મુક્ત થઇ પોતાની રાણીઓનો પણ ત્યાગ કરી. એકાકી આવાસભવનમાં આનંદપૂર્વક સુખ શય્યા ઉપર બેઠો હતો, તેટલામાં દીવાની શિખા તરફ તેની દૃષ્ટિ ગઇ, ચંચલ વૃત્તિવાળું એક પતંગીયું દીવામાં પડવાની તૈયારી કરતું હતું. તે જોઇ રાજાને બહુ દયા આવી. અરે ! આ બિચારૂં અજ્ઞાનથી મૂઢ બની દીવામાં પડી પોતાનો દેહ છોડી દેશે. એમ જાણી રાજાએ ખુલ્લા હાથે તેને બહાર મૂકી દીધું. ફરીથી પણ તેજ પ્રમાણે તેનો બચાવ કર્યો. એમ પાંચ વખત તેનો ઉદ્ધાર કર્યો, છતાં પણ દીપ સાથે બંધાયેલો પતંગીયાનો પ્રેમ ક્ષીણ થયો નહીં. પછી રાજાએ વિચાર કર્યો કે, ઉપાયવડે રક્ષણ કરાયેલો પ્રાણી સો વર્ષ જીવી શકે છે એ વાત લોકમાં પ્રસિદ્ધ છે. તેથી એની રક્ષા માટે કોઈ પણ ઉપાય કરૂં. વળી જો આ પતં-

**વૈરાગ્યનું કારણ.**

ગનો બચાવ હું કરી શકીશ તો વૈદ્ય લોકો મંત્ર, તંત્ર અને ઔષધોવડે પ્રાણીઓને મૃત્યુના મુખમાંથી જીવાડે છે એ વાત નક્કી જાણવી, અને કદાચિત્ આ નહીં જીવે તો જગતમાં કોઇનું પણ મરણ નિવૃત્ત થતું નથી, એ વાત નિર્વિવાદ થશે. એમ વિચાર કરી રાજાએ ચારે તરફ દૃષ્ટિ ફેરવી તો ત્યાં ખુલ્લો પડેલો એક ડાબડો તેના જોવામાં આવ્યો. પછી તે પતંગને લઇ ડાબડાની અંદર મૂકી ઢાંકણું બંધ કરી પોતાની પાસે મૂકી નિશ્ચિંતપણે રાજા સુઇ ગયો.

**પતંગનું મરણ.**

રાજા નિદ્રામાંથી જાગી ઉઠ્યો અને તરતજ તેને સ્મરણ થયું કે, ડાબડામાં તે પતંગીયાનું શું થયું હશે? એમ જાણી ડાબડો ઉઘાડીને જુએ છે તો પતંગીયું દીઠું નહીં અને રત્નના પ્રકાશથી બહુ શોધ કરતાં તેની અંદર એક ઘરોળી છુપાઇ ગયેલી તેના જોવામાં આવી! તે ઉપરથી રાજાને નિશ્ચય થયો કે, જરૂર આ ઘરોળી તેને ગળી ગઇ. અહો! સ્વભાવથીજ આ સંસાર ક્ષણમાં દૃષ્ટ અને નષ્ટપ્રાય છે. કારણ કે, રક્ષણ માટે એને ડાબડામાં નાખ્યું. પરંતુ ઘરોળીનું ભક્ષ્ય નીવડયું. વળી ભોગવ્યા શિવાય કરેલા કર્મનો ક્ષય થતો નથી. તેમજ સંસારી પ્રાણીએ પૂર્વ જન્મમાં જે કર્મ ઉપાર્જીત કર્યું હોય તેનું ફલ તેને મળ્યા વિના રહેતુંજ નથી. વૈદ્ય લોકો મંત્રાદિકની શક્તિથી ઔષધોવડે ઉપચાર કરે છે, પરંતુ પ્રાચીન કર્મને હઠાવવા માટે તેઓ અશક્ત હોય છે. કારણકે, આ પતંગીયું મ્હેં ડાબડામાં પ્રત્યક્ષ નાખ્યું હતું. છતાં ઘરોળી ગળી ગઇ. મૃત્યુથી કોણ બચાવે? માટે આ ચરાચર જગત્માં જીવોને ધર્મ શિવાય બીજું કોઇ શરણ નથી. પૂર્વોપાર્જીત પોતાના કર્મથીજ સુખ દુઃખ આવી મળે છે. છતાં પણ અત્યંત રાગ અને દ્વેષથી વિમૂઢ બની ધર્મક્રિયામાં શિથિલ

થયેલા આ લોકો ગૃહવાસાદિક ઉદ્યોગોને કેમ છોડતા નથી? એમ વૈરાગ્ય માર્ગે પ્રવૃત્ત થયેલા રત્નચૂડ રાજાને કર્મનો ક્ષયોપશમ થવાથી જાતિસ્મરણ જ્ઞાન થયું. તેથી તેને પૂર્વ ભવનું જ્ઞાન થયું અને જે પ્રથમ ભણ્યો હતો તેનું પણ સ્મરણ થયું.

**મુનિવેષધારણ.**

ત્યારબાદ ચારિત્રનું આવરણ પણ દૂર થઇ ગયું, અને સાંસારિક દુઃખથી વિમુક્ત થઇ તે રાજાએ પંચ મુષ્ટિ લોચ કર્યો. પછી પોતાની મેળેજ સર્વ સાવદ્ય કાર્યોનો સર્વથા ત્યાગ કર્યો. શ્વેત વસ્ત્ર પહેરી શરદ્ઋતુના વાદળ સમાન તે મુનીંદ્ર શોભવા લાગ્યા. પછી સમીપમાં રહેલા દેવતાએ તે સમયે મુનિ માર્ગ બતાવવા માટે તે મુનિને ચારિત્રનાં ઉપકરણ આપ્યાં. જેમકે—શ્વેત કાંતિમય, નિર્મલ, શાસ્ત્ર વિહિત પ્રમાણ યુક્ત, બહુ પાપરૂપી ધૂળને દૂર કરનાર અને ભવ્ય પ્રાણીઓના હૃદયને આકર્ષણ કરનાર, ભવ્ય રજોહરણ ( ઓઘો ) અને બીજી મુખવસ્ત્રિકા ( મહુપત્તી ) તેમજ પાત્રાદિક બીજાં સાત ચિન્હો અર્પણ કર્યાં. એમ એકંદર નવ પ્રકારની ઉપધિ સહિત રત્નચૂડ મુનિ પ્રત્યેક બુદ્ધ થયા. પછી પ્રભાતકાળનો સમય થયો જાણી દ્વાર ઉઘાડીને ગુહામાંથી સિંહના બાળકની માફક તે ઘરમાંથી બહાર નીકળ્યા.

**રાણીઓની પ્રાર્થના.**

ત્યારબાદ તેવા વેષધારી રાજાને જોઇ શયનપાલિકા એકદમ બોલી, હે સ્વામિની ! દોડો, દોડો ! આ તમ્હારા સ્વામી શ્વેત વસ્ત્ર ધારણ કરી એકાકી ઘરમાંથી બહાર જાય છે. તે સાંભળી સંભ્રમ સહિત અંતઃપુરની સમગ્ર સ્ત્રીઓ મુનિની પાછળ દોડવા લાગી. અને મુખેથી કરૂણ સ્વરે પોકાર કરવા લાગી. ચરણની ગતિ પ્રાયે મંદ પડી ગઇ. વળી ચરણોના

આઘાતથી ઝાંઝરના શબ્દો સંભળાવા લાગ્યા. તેમજ દરેકના કેશપાશ છુટી જવાથી દૃષ્ટિરોધક થઇ પડ્યા. અને તેઓ પ્રાર્થના કરવા લાગી કે, હે સ્વામિન્ ! આપ દયાળુ છો. વળી જગદ્રક્ષક અને શરણદાયક છો. અમારો શો અપરાધ થયો છે ? જેથી સહસા અમને ત્યજી દીધી. તેમજ નિરંતર વિલાસ સહિત વિલાસિનીઓની નખશ્રેણીથી ઉછેરેલો અને ભ્રમરાઓની પંક્તિ સમાન શ્યામ કાંતિવાળો આપનો કેશકલાપ કોણે ઉચ્છિન્ન કર્યો ? વળી કર્પૂર, કસ્તૂરી અને ચંદન સમાન અતિ સુંદર એવા આ વાસભવનમાં આ તર્પિણી ( તુંબી ) આપને કયાંથી મળી ? ઉદ્ધત શત્રુઓને વિદારવામાં દક્ષ અને તેજસ્વી તરવાર તમ્હારા હસ્ત કમલમાં શોભતી હતી, તેના સ્થાનમાં આ ઉનની દશીઓનો અનુચિત રજોહરણ કયાંથી આવ્યો ? એ પ્રમાણે પ્રલાપ કરતી પોતાની સ્ત્રીઓ અને મંત્રીઓ તરફ સિંહાવલોકન તરીકે પણ, મુનિએ કિંચિત્ માત્ર દૃષ્ટિ કરી નહીં. હે નરેંદ્ર ! જેનું ચરિત્ર આ પ્રમાણે મ્હેં કહ્યું, તેજ મુનિ હું પોતે છું. તે સાંભળી રાજા બોલ્યો, આ જગત્માં તમેજ કૃતાર્થ અને પુણ્યવાન્ ગણાઓ. કારણ કે, માત્ર આટલા કારણથી તમને વૈરાગ્ય રંગ પ્રગટ થયો. વળી મ્હેં નિર્વેદનાં કારણો બહુ જોયાં તોપણ હે સ્વામિન્ ! પાપસ્થાનોમાં મ્હારી પ્રવૃત્તિ બહુજ રહ્યા કરે છે. માટે હે મુનીંદ્ર ! દયા કરી મ્હને યોગ્ય ધર્મની દેશના આપો. મુનિએ બન્ને પ્રકારના ધર્મનું સ્વરૂપ કહ્યું. પછી રાજાએ વિધિપૂર્વક ગૃહીધર્મનો સ્વીકાર કર્યો. તેમજ સુંદર અને નંદ વણિકે અતિથિ સંવિભાગનું વ્રત લીધું. ત્યારબાદ રાજાએ હસ્તિનું વૃત્તાંત પૂછ્યું. મુનિ બોલ્યા, તે વાત હું બરોબર જાણતો નથી. પરંતુ ભદ્રક ભાવથી એણે મ્હને પ્રણામ કર્યા છે.

ત્યારબાદ આમ્રવૃક્ષમાં રહેલો યક્ષ ત્યાં પ્રગટ થઇ બોલ્યો,

**એકુયક્ષ.**

આં હાથીને મુનિનાં દર્શન થવાથી જાતિસ્મરણ જ્ઞાન થયું, તેથી તે પ્રતિબોધ પામ્યો છે. કારણકે, પૂર્વભવમાં આ ગૃહસ્થીભાવે મુનિનો છત્રધર હતો. ત્યાંથી પોતાના સ્વામિનો વિયોગ થવાથી મરીને વિંધ્યાચળમાં હસ્તી થયો. બાદ વિંધ્યાચલના નજીકના પર્વતમાંથી ગજબંધકોએ એને પકડયો અને ત્હારી પાસે લાવી વેચ્યો છે. એ પ્રમાણે સાંભળી મુનિએ પણ જેના હૃદયમાં વૈરાગ્યભાવ રમી રહ્યો છે એવા હસ્તીને કહ્યું કે, સમ્યકત્વ સહિત દેશવિરતિને તું ગ્રહણ કર! પછી હસ્તીએ પણ તે પ્રમાણે બન્ને વ્રત ભાવપૂર્વક અંગીકાર કર્યાં. ત્યારબાદ રાજા મુનિને નમસ્કાર કરી હસ્તી સહિત પોતાના સ્થાનમાં ગયો. તેમજ સુંદર અને નંદશ્રેષ્ઠી પણ પોતપોતાને ઘેર ગયા, ત્યારબાદ પોતાના નિયમ પ્રમાણે ધર્મમાં ઉદ્યમ કરે છે.

**ગુણચંદ્રસૂરિ.**

અન્યદા બહુ ગુણરત્નોના નિધાન સમાન 'શાંતમૂર્ત્તિ' ગુણચંદસૂરિ પરિવાર સહિત ઉદ્યાનની અંદર પવિત્ર સ્થળમાં પધાર્યા. તેમને વંદન કરવા માટે નરેંદ્ર સાથે સુંદર અને નંદ બન્ને ઉદ્યાનમાં ગયા. અને ભક્તિ પૂર્વક વંદન કરી તેઓ વિનય પૂર્વક બેઠા. સૂરિએ ધમ લાભ આપી દેશનાનો પ્રારંભ કર્યો. શુદ્ધ ધર્મ સાંભળી ફરીથી પ્રણામ કરી તેઓ પોતાના સ્થાનમાં ગયા. પછી બીજે દિવસે સુંદર વણિક્ બહુ વિનયપૂર્વક વંદન કરી મુનિઓને નિમંત્રણ કરી પોતાને ઘેર લઈ ગયો. પછી સૂરિમહારાજ પોતાના પરિવાર સહિત ત્યાં જીનપ્રતિમાઓને વાંદવા માટે ગયા. પ્રભુવંદન કરી સૂરીશ્વરે આસન ઉપર બેસી જૈનધર્મની વ્યાખ્યા કરી. પછી સુંદરે પ્રણામ પૂર્વક વિનતિ કરી કે, હે મુનીંદ્ર! મ્હારી ઉપર કૃપા કરી વસ્ત્ર, પાત્ર, ભોજન વિગેરે યોગ્ય વસ્તુ ગ્રહણ કરો.

સૂરિ બોલ્યા, જે દોષ રહિત હોય તેજ વસ્ત્ર શુદ્ધ ગણાય છે. વળી તે દોષ એવા છે કે, જે મુનિ માટે વણાવેલું ન હોય, ખરીદેલું પણ ન હોવું જોઇએ, અન્ય લોકોએ લીધેલું ન હોવું જોઇએ, તેમજ હરણ કરેલું અને ઉચ્છેદ ( બલાત્કાર ) ભિનાનું જે હોય તે વસ્ત્ર મુનિઓને કલ્પે છે. તે પ્રમાણે પાત્રાદિકની શુદ્ધિ બતાવીને પોતાને જે ઉપયોગી હતું તે લીધું. પછી સૂરિમહારાજ ત્યાંથી ચાલ્યા, સુંદર વણિક પણ ગુરૂની પાછળ ચાલ્યો. સૂરિમહારાજ ઉદ્યાનમાં ગયા. બાદ સાધુઓને વિભાગ કરી સર્વ વસ્તુઓ વહેંચી આપી.

**નંદવણિક.**

હવે સુંદર વણિકની વાત નંદના સાંભળવામાં આવી. એટલે તે પણ બીજે દિવસે ગુરૂ પાસે ઉદ્યાનમાં ગયો. અને મત્સર ભાવથી વિનતિ કરીને ગુરૂમહારાજને ત્યાં બોલાવી લાવ્યો. વળી પોતાના મનમાં ભાવના ભાવવા લાગ્યો કે, પ્રથમ મ્હેં સુંદર શ્રેષ્ઠીને સર્વ પ્રકારે જીત્યો છે. છતાં તે અધમ. વસ્ત્ર, પાત્ર અને ભોજનાદિકથી ગુરૂની ભક્તિ કરે છે, તો શું એનાથી હું અશક્ત છું ? એમ જાણી ગુરૂના ચરણમાં પડી બહુ વસ્ત્ર, પાત્ર વિગેરે શુદ્ધ વસ્તુઓ અર્પણ કરી બોલ્યો, પ્રભુ ! મ્હારી ઉપર કૃપા કરો. આ વસ્ત્રાદિક સર્વ નિર્દોષ છે. માટે આપને જોઇએ તે પ્રમાણે ગ્રહણ કરી મ્હને કૃતાર્થ કરો. સૂરિએ પણ ત્હેનો અભિપ્રાય નહીં જાણતાં તેના આગ્રહથી વસ્ત્રાદિક ગ્રહણ કર્યાં. પછી સૂરિએ ધર્મદેશના આપી. જે ગૃહસ્થો શાસ્ત્ર વિધિ પ્રમાણે મુનિઓને ભક્તિપૂર્વક વસ્ત્ર ઔષધાદિક દાન આપે છે, તેઓ સર્વત્ર સુખી થાય છે. વળી ભાગ્યશાળી એવા ધનાઢ્ય પુરૂષો અનિત્ય અને અસ્થિર એવું પોતાનું ધન જૈનધર્મ અને ધાર્મિક જનોમાં હમેશાં ખરચે છે. અને તેથી તેઓ જન્માંતરમાં સુખી થાય છે. તેમજ જે પુરૂષો પોતે ઉપાર્જન કરેલા ધનવડે ઉદાર ભાવથી ઉ-

ત્તમ પુરૂષોના પણ હૃદયમાં ચમત્કાર ઉત્પન્ન કરે છે. તેઓ અક્ષય વૈભવ મેળવે છે. વિગેરે દેશના સાંભળી નંદશ્રેષ્ઠીએ સૂરિને વંદન કર્યું. અને કેટલાંક ડગલાં તેમની પાછળ ગયો. પછી મુનિઓ ઉદ્યાનમાં ગયા. અને નંદ પોતાને ઘેર આવ્યો. હવે તેણે મત્સર ભાવથી દાન કર્યું તેથી તેને અતિચાર લાગ્યો એટલે ત્હેને દાનનું ફળ મળ્યું નહીં. ત્યારબાદ તે નંદશ્રેષ્ઠી મરણ પામી વ્યંતરદેવોમાં ઉત્પન્ન થયો. ત્યાંથી નીકળી કેટલાક ભવ ગ્રહણ કર્યા બાદ મનુષ્ય ભવ પામી ચારિત્રપદ ગ્રહણ કરશે. અને અનુક્રમે જ્ઞાન મેળવી મોક્ષસુખ પણ પામશે. વળી સુંદરશ્રેષ્ઠી સરલ પ્રકૃતિને લીધે તેજ ભવમાં ચારિત્ર પાળી નિર્બાધ સ્થાનમાં સુખ પામ્યો.

इत्यतिथिसंविभागव्रतपञ्चमातिचारे नन्दकथानकं समाप्तम् ॥

तत्समाप्तौ श्रीमल्लक्ष्मणगणिविरचितप्राकृतपद्यबन्ध श्रीसुपार्श्वजिन-
चरित्रस्य श्रीसकलसूरिपुरन्दरायमाण परमगुरु तपागच्छाधिराज
शास्त्रविशारदजैनाचार्य योगनिष्ठाध्यात्मज्ञानदिवाकर श्रीमद्-
बुद्धिसागरसूरिशिष्य प्रसिद्धवक्तेतिलब्धख्याति व्याख्या-
नकोविदजैनाचार्य श्रीमद् अजितसागरसूरिकृत गु-
र्जरभाषानुवादे प्रभुदेशनाप्रबन्धे सदृष्टान्तातिचार
व्याख्योपेतानि द्वादशव्रतानि समाप्तानि ।

# મલયચંદ્રની કથા.

## સંલેખના.

દાનવીર્ય રાજાએ મુમુક્ષુ જનોના હિતમાટે પ્રશ્ન કર્યો કે, હે પતિત પાવન ! હે ત્રૈલોકય બંધુ ! યતિ અને શ્રાવકધર્મનું સ્વરૂપ સવિસ્તર આપે સંભળાવ્યું તેમજ દરેક વ્રતના અતિચાર પણ દૃષ્ટાંત સહિત કહ્યા. તે પ્રમાણે હવે અંત સમયમાં સમાધિ પુર્વક મરણ થાય તેવો વિધિ બતાવીને અમને કૃતાર્થ કરો. શ્રી સુપાર્શ્વપ્રભુ બોલ્યા, હે ભૂપાલ ! જે શ્રાવકે બાર વ્રત અંગીકાર કરી વિધિ સહિત પાળ્યાં હોય તેણે ઉપયોગ પુર્વક અંતસમયમાં સમાધિ મરણ માટે સંલેખના કરવી. વળી તે સંલેખના આગમ-શાસ્ત્રમાં દ્રવ્ય અને ભાવવડે જઘન્ય અને ઉત્કૃષ્ટ એમ બે પ્રકારની કહી છે. તેમાં તે પ્રમાણે પ્રવૃત્તિ કરવી. વળી વિધિ પુર્વક સિદ્ધ કર્યો છે ઉત્તમ અર્થ જેણે એવો જે પ્રાણી કૃતાર્થ થઇને કાળ કરે છે, તે મલયચંદ્રની માફક સ્વર્ગ સંપત્તિ પામી અક્ષય સુખ મેળવે છે.

**મલયચંદ્ર દૃષ્ટાંત.**

આ ભરત ક્ષેત્રમાં સિદ્ધાર્થ નામે સુપ્રસિદ્ધ એક નગર છે. જેની અંદર કાવ્યોમાં અને સરોવરોની પાળીમાંજ બંધ રહેલો છે. પણ અન્યમાં નથી. તેમ ધર્મ કાર્યમાં ચિંતા, મુનિઓ અને સજ્જનો ઉપર રાગ, દાન આપવામાં વ્યસન અને વિભાગ વિલાસવતી સ્ત્રીઓના કેશ પાશમાંજ રહ્યો છે. અન્યત્ર નથી. તેમજ તે નગરમાં સંપૂર્ણ છે કલાઓ જેની, પરિપૂર્ણ છે મંડલ જેનું, સજ્જનરૂપી કુમુદોને આનંદ આપનાર અને નિવૃત્ત કર્યો છે શત્રુ રૂપી અંધકારનો સમૂહ જેણે એવા ચંદ્રની

પેઠે, મહાસેન નામે રાજા રાજ્ય કરે છે. ઉન્નત પયોધર ( મેઘ-સ્તન ) વડે વર્ષાઋતુ સમાન, સુંદર શ્રવણ ( ધાન્ય ) વડે વસંત ઋતુ સમાન અને નિર્મલ આકૃતિવડે શરદ્ઋતુ સમાન પ્રીતિમતી નામે તેની સ્ત્રી છે, અને મિત્રરૂપી કમળોને ઉલ્લાસ આપવામાં સૂર્ય સમાન મલયચંદ્ર નામે સમાન વયનો તેનો મિત્ર છે. વળી તે દરેક કાર્યમાં પ્રમાણભૂત ગણાય છે.

**મહાસેનરાજા**

એક દિવસ મહાસેન રાજા પોતાના મિત્ર સહિત સ્વારી સાથે બહાર ફરવા નીકળ્યો. ત્યાં આગળ રાજા અને મલયચંદ્ર બહુ ઝડપવાળા પવનજય અને પવનાશન નામે અશ્વો ઉપર બેઠેલા હતા, અને અશ્વ દમનની ગતિવડે તેઓને જોસથી ચલાવતા હતા, એમ એક પ્રહર થઈ ગયો એટલામાં ઘોડાઓ બહુ ક્રોધમાં ભરાઈ ગયા તેથી અવળા માર્ગે ચાલતાં ચાલતાં ઘોર વનમાં જઈ પહોંચ્યા. અશ્વો ઝાલ્યા પણ રહેતા નથી. જેથી સર્વ સૈનિક લોકો પણ બહુ પાછળ રહી ગયા અને પોતાના સીમાડા સુધી આવ્યા એટલે બહુ ક્ષુધા અને તૃષાથી થાકી ગયા છતાં પણ બહુ મુશીબતે રાજાની શોધમાં તેના પગલે પગલે ચાલતા હતા.

**મુનિદર્શન.**

ત્યારબાદ ઘણો માર્ગ ઉલ્લંઘન કરવાથી તેમજ સૂર્યના તાપથી પીડાયેલા ઘોડાઓ પણ બહુ થાકી ગયા તેથી તેઓની ગતિ પણ બહુ ધીમી પડી ગઈ. એટલે રાજા અને મલયચંદ્ર બન્ને નીચા ઉતરી પડ્યા કે તરતજ ઘોડાઓ પૃથ્વી ઉપર પડી ગયા. પોતાના અધિપતિએ ત્યાગ કર્યો એમ જાણી પ્રાણોએ પણ તેમને ત્યજી દીધા. ત્યારબાદ તૃષાતુર હોવાથી રાજા બોલ્યો, હે મલયચંદ્ર ! કોઇપણ સ્થળેથી શુદ્ધ પાણી લાવ. હવે જળ વિના પ્રાણ રહે તેમ નથી. મલયચંદ્ર પાણીની શોધ કરતો કેટલોક

માર્ગ ચાલી નીકળ્યો. તેવામાં ત્યાં વર્ષાઋતુના મેઘના ગર્જારવને અનુસરતી મનુષ્યની વાણી તેના સાંભળવામાં આવી. પછી તેના અનુસારે તપાસ કરતો તે આગળ ચાલ્યો એટલે શુદ્ધ ભૂમિ ઉપર બેઠેલા અને સિંહ, નકુલાદિકથી વીંટાયેલા તેમજ મધુર ધ્વનિવડે સ્વાધ્યાય કરતા એક મુનિવર તેની દૃષ્ટિગોચર થયા. તેમને નમસ્કાર કરી મલયચંદ્ર બોલ્યો, દયાલુ એવા હે ભગવન્ ! અહીં કોઈપણ જગ્યાએ જલાશય હોય તો મ્હને બતાવો. કારણ કે, અશ્વથી હરણ કરાયેલો મહાસેન રાજા વનની કુંજમાં બહુ તૃષાતુર થઈ પીડા પામે છે. મુનિએ કંઈ પણ ઉત્તર આપ્યો નહીં. તેટલામાં રાજાનું નામ સાંભળવાથી એક મૃગલીને જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેથી તે મૃગલી સંકેત કરીને મલયચંદ્રને પોતાની સાથે લઈ ચાલી. અને જ્યાં સરોવર હતું ત્યાં ગઈ. પછી કમલપત્રોનો પડીઓ કરી તેમાં પાણી ભરીને મૃગલી સહિત મલયચંદ્ર રાજા પાસે ગયો. પછી જળપાન કરી મહાસેન રાજા સ્વસ્થ થઈ બોલ્યો, હે મિત્ર ! આ મૃગલી અહીં ક્યાંથી આવી ? મલયચંદ્ર બોલ્યો, એક મુનીંદ્ર પાસે આ બેઠી હતી. વળી દયાલુ એવી આ મૃગલીએ મ્હને પાણી બતાવ્યું. તે સાંભળી રાજાએ પૂછ્યું કે, તે મુનીંદ્ર ક્યાં છે ? ચાલો, તેમનાં દર્શન કરીએ. એમ કહી મિત્ર સહિત રાજા મૃગલીને સાથે લઈ મુનિ પાસે ગયો. અતિશય ભક્તિરસમાં નિમગ્ન થઈ રાજાએ મુનિને નમસ્કાર કર્યો. મુનિએ ધર્મલાભ આપી રાજાને ઉદ્દેશી બન્ને પ્રકારની જૈન ધર્મની દેશનાનો પ્રારંભ કર્યો. મૃગલી અને મિત્ર સહિત મહાસેન રાજા સાવધાન થઈ સાંભળવા લાગ્યાં.

**મૃગલી અને રાજાનો સંબંધ.**

યોગ્ય સમયે રાજાએ પ્રશ્ન કર્યો, હે મુનીંદ્ર ! આ મૃગલી પણ મ્હને સ્નેહભાવ કેમ બતાવે છે ? અવધિજ્ઞાનવડે મૃગલીના પૂર્વ ભવનું અને રાજાના વર્ત્તમાન ભવનું સ્વરૂપ જાણી મુનિએ બ-

ન્નેનો સંબંધ બતાવ્યો કે—રાજન્ ! ત્હારા મનરૂપી સુંદર ઉદ્યાનમાં કામરૂપી અશોકવૃક્ષને સિંચન કરવામાં ગાઢ સ્નેહ જળથી પૂર્ણ ભરેલી નીક સમાન આ મૃગલી બંધુમતી નામે ત્હારી સ્ત્રી હતી. એક દિવસ ત્હેની પરીક્ષા કરવા ત્હેં પોતાના વાસભવનમાં તેણીને બોલાવી. પછી તેણીની સાથે ક્ષણમાત્ર વાતચિત કરીને તેને વિદાય કરી. ત્યાંથી તે નીકળી આ ઉપવનમાં આવી, અને વિચાર કરવા લાગી કે, આ દુનીયામાં પ્રિય સમાગમનાં સર્વ સાધનો દુઃખદાયકજ છે. વળી જે સ્ત્રીને પતિનો સંગ ન થયો હોય તે સ્ત્રી નિરંતર સ્વસ્થ દશામાં રહે છે. તેમજ જેઓની બુદ્ધિ અપમાનદાયક એવા વિષય સુખથી વિમુખ થયેલી છે અને જેમનું પાપ શાંત થયું છે એવી બાલ સાધ્વીઓને ધન્યવાદ ઘટે છે. તેમજ જેઓ પ્રેમ, પ્રિય વિરહ અને વિષય તૃષ્ણાને બીલકુલ ગણતી નથી તેવી બ્રહ્મચર્ય ધારક સાધ્વીઓને વારંવાર નમસ્કાર ! વળી તીવ્ર તપશ્ચર્યા રૂપી તાપથી તપી ગયેલા જેમના શરીર રૂપી ઘરમાં બળવાના ભયથી કામદેવે સર્વથા પ્રવેશ કર્યો નથી તેવી સાધ્વીઓનો જન્મ સફલ છે. જેણીએ પ્રિયપતિનો સમાગમ સર્વથા ત્યજ્યો છે તેજ આ જગતમાં પુણ્યશાળી ગણાય છે. પૃથ્વીપર ભ્રમણ કરતી જે સાધ્વીઓના હૃદયભવનમાં કોઈ વલ્લભે વાસ કર્યો નથી તેઓ વનવાસમાં પણ નિરંતર સુખેથી સુઇ રહે છે. વળી જેઓ સર્વદા સર્વ અવસ્થામાં આનંદથી કાલ નિર્ગમન કરે છે તેમને સવિનય નમસ્કાર છે. આ દુનીયાંનો પ્રેમ ચંચલતાને લીધે પવનથી ઉછળતા સમુદ્રના તરંગોમાં પ્રતિબિંબિત થયેલા ચંદ્રમંડલને અનુસરે છે. જે ડાહ્યા પુરૂષો દૂર અને પરોક્ષ શુભ અને અશુભ એવી ગ્રહોની ગતિને જાણે છે, તે પણ પ્રેમ ગતિમાં વિમૂઢ થઈ જાય છે. રે પાપિષ્ઠ દૈવ ! અમ્હારા ગાઢ સ્નેહને તોડાવનાર એવા ત્હને અમૃતરસમાં

વિષ નાખવાથી શો લાભ થયો ! એ પ્રમાણે પ્રચંડ દુ:ખમય વચનોને વારંવાર ઉચ્ચારતી બંધુમતી છાતી કૂટીને ઈર્ષ્યાથી મરણ પામી. જેથી આર્ત્તધ્યાનને લીધે આ બિચારી અહીં મૃગલી થઈ છે. માટે ત્હારૂં નામ સાંભળવાથી એને જાતિસ્મરણ જ્ઞાન પ્રગટ થયું.

સમ્યક્ત્વસ્વરૂપ.

એ પ્રમાણે મૃગલીનો પૂર્વભવ સાંભળી રાજા બોલ્યો, મુનીંદ્ર ! આપનું વચન સત્ય છે; પરંતુ આ બાબતમાં મ્હને જે પાપ લાગ્યું તેની શુદ્ધિને માટે ઉપાય બતાવો. મુનીંદ્ર બોલ્યા, જૈનધર્મ સિવાય બીજો કોઈ ઉપાય નથી. મહાસેન રાજા બોલ્યો, ભગવન્ ! જૈનધર્મનો મ્હને ઉપદેશ આપો. મુનિ બોલ્યા, યતિ અને શ્રાવકના ભેદથી જૈનધર્મ બે પ્રકારનો છે. તેમાં ક્ષમાદિ ગુણોએ કરી યતિધર્મ દશ પ્રકારનો છે અને ગૃહસ્થધર્મ સમ્યક્ત્વાદિ બાર પ્રકારનો જીનેંદ્ર ભગવાને કહ્યો છે. વળી જીવાદિ પદાર્થોની શ્રદ્ધારૂપ એક પ્રકારનું સમ્યક્ત્વ કહ્યું છે. તેમજ દ્રવ્ય અને ભાવ તથા નિશ્ચય અને વ્યવહારથી તે સમ્યક્ત્વ બે ભેદે જાણવું. વળી અધિગમ, નિસર્ગરૂપ તે પુદ્ગલ પરિણામથી ત્રણ પ્રકારનું કહ્યુ છે અથવા ક્ષાયિક, ક્ષાયોપશમિક અને ઔપશમિક તેમજ કારક, રોચક અને દીપક એમ ત્રણ પ્રકારે પણ કહ્યું છે. તેમાં સાસ્વાદન ઉમેરવાથી ચાર ભેદ અને વેદક ઉમેરવાથી પાંચ પ્રકારનું જાણવું. કારણકે પ્રજ્ઞાપનાસૂત્રમાં નૈસર્ગાદિ તેના દશ ભેદ કહ્યા છે. જેમકે—નિસર્ગ, ઉપદેશ, આજ્ઞા, સૂત્ર, બીજ, અભિગમ, વિસ્તાર, ક્રિયા, સંક્ષેપ અને ધર્મરૂચિ. એ પ્રમાણે વિસ્તારથી સમ્યક્ત્વના ભેદ કહ્યા બાદ સંલેખના પર્યંત ગૃહિધર્મ કહ્યો.

ત્યારબાદ રાજાએ પ્રશ્ન કર્યો કે, મુનીંદ્ર ! સંલેખનાનું સ્વરૂપ

**ઉત્કૃષ્ટસંલેખના.** વિસ્તારપૂર્વક કહો. મુનીંદ્ર બોલ્યા, ઉત્કૃષ્ટ સંલેખનાનું પ્રમાણ બાર વર્ષનું છે. તેમાં પ્રથમ ચાર વર્ષ સુધી છઠ્ઠ અઠ્ઠમાદિક તપશ્ચર્યા કરવી અને ઘૃતાદિક વિકૃતિઓવડે પારણું કરવું. પછી બીજા ચાર વર્ષ સુધી પ્રથમની માફક તપશ્ચર્યા કરવી; પરંતુ પારણામાં ઘૃતાદિક વિગયોનો ત્યાગ કરવો. નવમા અને દશમા વર્ષે એકાંતર કરવાં અને પારણાના દિવસે આંબેલ કરવું. પછી અગીયારમા વર્ષે પ્રથમ છ માસ સુધી મધ્યમ તપ કરવું અને પરિમિત (ઉણોદરી) આંબેલથી પારણું કરવું. બાકીના છ માસમાં અઠ્ઠમ આદિ તપશ્ચર્યા કરવી અને પારણાના દિવસે ઈચ્છા પ્રમાણે આંબેલ કરવું. ત્યારબાદ બારમા વર્ષમાં આંબેલ કરવાં; પરંતુ છેલ્લા ચાર માસમાં તેલથી એકાંતરે કોગળા કરવા. કારણકે મુખ પવનથી સુકાઈ જાય નહીં. " બારમા વર્ષમાં હમેશાં આંબેલ કરવાં તેમાં પ્રતિદિવસે ભોજનના કોળીયા ઓછા કરતાં કરતાં એક કવલ સુધી આવવું. પછી તે કવલમાંથી કણીયાઓ ઓછા કરતાં કરતાં છેવટે એક કણીયા સુધી આવવું. જેથી દીવામાં રહેલા તેલ તથા દિવેટનો જેમ સમકાલે નાશ થાય છે તેમ શરીર તથા આયુષ્યનો સમકાલે નાશ થાય. વળી તે બારમા વર્ષના છેલ્લા ચાર માસ બાકી રહે ત્યારે એકાંતરે તેલના કોગળા ભરી ઘણીવાર મુખમાં રાખી રાખમાં નાખી દેવા. ત્યારબાદ મુખશુદ્ધિ માટે ઉના પાણીના કોગળા કરવા. કારણકે એમ કરવામાં ન આવે તો મુખ લુખું પડીને બીડાઈ જાય તેથી નવકાર મંત્રનો ઉચ્ચાર થઈ શકે નહિ. " આ પ્રમાણે ઉત્કૃષ્ટ સંલેખના કહી છે.

**જઘન્યસંલેખના.** જઘન્ય સંલેખના છ માસની કહી છે. હવે તે બન્ને સંલેખનાઓમાં પાંચ અતિચાર કહ્યા છે. જેમકે—આલોક, પરલોક, જીવિત, મરણ અને

ભોગ સંબંધી આશંસા કરવાથી સંલેખના કરનાર મનુષ્યને તે પાંચ અતિચાર લાગે છે. રાજા બોલ્યો, હે મુનીંદ્ર! આ અતિચારોનું સ્વરૂપ મ્હને સમજાવો. મુનીંદ્ર બોલ્યા, આલોકમાં શેઠ, અમાત્ય, રાજા કે ચક્રવર્ત્તી થવાની જે ઇચ્છા કરવી તે આલોક આશંસા કહેવાય. સુરેંદ્ર, શક્રનો સામાનીક કે ગ્રૈવેયક દેવ થાઉં એવી જે ચિંતા કરવી તે પરલોક આશંસા. તેમજ અનશન કરીને પણ જે લાંબો વખત જીવવાનું ઇચ્છે અથવા લોકોના મુખથી પોતાની પ્રશંસા સાંભળી પૂજનાદિકની ઇચ્છા કરે તે જીવિત આશંસા કહેવાય. વળી અનશન કર્યા બાદ ક્ષુધાને લીધે દુઃખથી પીડાઇને જલદી જે મરણની ઇચ્છા કરવી તે મરણ આશંસા કહેવાય. વળી અનશન કરીને તપશ્ચર્યાના પ્રભાવથી દેવ અથવા ચક્રવર્ત્તિના ભોગોની જે પરભવમાં વાંચ્છા કરવી તે ભોગ આશંસા કહેવાય. આ પ્રમાણે પરમપદની ઇચ્છાવાળા મનુષ્યોએ અનશન કર્યા બાદ પ્રમાદરહિતપણે પાંચ અતિચાર વર્જવામાં પ્રયત્ન કરવો. આ પ્રમાણે સાંભળી મૃગલી અને મલયચંદ્ર સહિત મહાસેન રાજાએ સમ્યક્ત્વ સહિત દેશવિરતિ ધર્મનો સ્વીકાર કર્યો. હવે તે મૃગલી અનુક્રમે કાળ કરી સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થશે.

**મલયચંદ્રની ભાવના.**

ત્યારબાદ સર્વત્ર શોધ કરતા રાજાના સૈનિકો ત્યાં આવી પહોંચ્યા. એટલે મહાસેન રાજા પણ મિત્ર સહિત મુનીંદ્રને નમસ્કાર કરી સૈન્ય સાથે પોતાના નગરમાં આવ્યો અને હમેશાં મિત્ર સાથે શાસનની ઉન્નતિ કરતો મહાસેન બહુ શ્રદ્ધાપૂર્વક શ્રાવક ધર્મ આરાધે છે. એવામાં મલયચંદ્ર મ્હોટા વ્યાધિથી ઘેરાઇ ગયો, તેથી તેના હૃદયમાં એવી ભાવના થઇ કે, મ્હારે અનશન વ્રત ગ્રહણ કરવાનો આ સમય છે. મહાસેન નરેંદ્ર

પણ ત્યાં આવ્યો અને તેણે પણ પ્રતિજાગરણ ( સાવધાન રહેવા ) માટે સારી રીતે બોધ આપ્યો. પછી તેણે રાજાને કહ્યું કે, હાલમાં મ્હારૂં શરીર રોગથી બહુ જીર્ણ થઇ ગયું છે; માટે જો આપની આજ્ઞા હોય તો હું અનશન વ્રત ગ્રહણ કરૂં. રાજા બોલ્યો. હાલમાં અનશન કરવાની જરૂર નથી. કારણકે સારા વૈદ્યોને બોલાવીને હું ત્હારો દેહ સાધ્ય ( સાજો ) કરાવીશ, તેમાં કોઈ પ્રકારનો સંદેહ નથી. મલયચંદ્ર બોલ્યો, હે રાજન ! મનુષ્ય જન્મ બહુ દુર્લભ છે, તેથી જીન વચનાદિક સામગ્રી મેળવીને મનુષ્યોએ મોક્ષસુખ માટે ઉપશમ કરવો જોઇએ. આજે જે સુખ દેખાય છે તે કાલે સ્મરણ માત્ર રહે છે. એમ જાણી સુજ્ઞ પુરૂષો ઉપદ્રવરહિત એવું મોક્ષ સુખ ઇચ્છે છે, મ્હેં સામાન્ય રીતે સમ્યકત્વાદિ શ્રાદ્ધધર્મ આરાધ્યો છે અને હાલમાં અનશન વિધિથી મરણની ઇચ્છા રાખું છું. કારણકે, પ્રતિક્ષણે અંજલિમાં રહેલા જળની માફક બલ, વીર્ય, બુદ્ધિ, શ્રુતિ અને આયુષ્ વ્યાધિવડે ક્ષીણ થાય છે. વળી હે સ્વામિન્ ! આપના પ્રસાદથી બહુ વખત સુધી મ્હેં ભોગ સંપદાઓ ભોગવી છે. લક્ષ્મી પણ સારી રીતે મેળવી છે. વળી બહુ લાલનપાલન કરેલો આ દેહ કોઈ સમયે પણ એમને એમજ છોડવો પડશે. એમ તેઓ પરસ્પર બોલતા હતા તેવામાં જેમની પાસેથી પ્રથમ ગૃહિધર્મ સ્વીકાર્યો હતો તેજ મુનિચંદ્ર ચારણ મુનિ આકાશ માર્ગે ત્યાં આવતા દેખાયા.

**અનશનવ્રત.**

મુનિને જોઇ રાજા બોલ્યો, અહો ! આજે પુણ્યને લીધે અકસ્માત્ વાદળ વિનાની વૃષ્ટિ થઇ. એમ પ્રશંસા કરીને ભક્તિપૂર્વક વંદન કર્યા બાદ મુનીંદ્રને મલયચંદ્ર પાસે તે લઇ ગયો. મલયચંદ્ર પણ વિનયપૂર્વક વંદન કરી સ્તુતિ કરવા લાગ્યો.

નિષ્કારણ દયાના રસરૂપ નદીના ઉન્નત પર્વત સમાન એવા હે મુનીંદ્ર ! અંગીકાર કરેલા મહાવ્રતરૂપી ભારને વહન કરવામાં ધુરંધર એવા આપને વારંવાર નમસ્કાર કરૂં છું. મ્હારા પૂર્વ પુણ્યની પ્રેરણાથી આપ અહીં પધાર્યા છે. માટે હવે અનશનદાન આપી મ્હને કૃતાર્થ કરો. મુનીંદ્ર બોલ્યા, હું પણ ત્હારો અવસાન સમય જાણી અહીં આવ્યો છું. માટે સુખેથી તું અનશનવ્રત ગ્રહણ કર. પછી મલયચંદ્રે વિધિપૂર્વક અનશનવ્રત લીધું. ત્યારબાદ નિરતિચાર વિશુદ્ધપણે અનશનવ્રત પાળીને સમાધિપૂર્વક કાળ કરી તે બ્રહ્મલોકમાં ઉત્પન્ન થયો.

**રાજાનો શોક.**

બાદ મહાસેન રાજા ધર્મબંધુ એવા મલયચંદ્ર મિત્રના શોકમાં ગરક થઈ વિલાપ કરવા લાગ્યો. પછી મુનિ બોલ્યા, નરેંદ્ર ? હવે એમાં ખેદ કરવાનું કંઈ પણ કારણ નથી. કારણ કે જેના હાથમાં જરારૂપી ધનુષ્ય રહેલું છે, અને વ્યાધિરૂપી સેંકડો બાણો પણ રહેલાં છે, તેમજ મનુષ્યરૂપી મૃગલાઓનો સંહાર કરવામાં ઉદ્યુક્ત થયેલા દૈવરૂપી પારધિથી બચવાને કોણ સમર્થ છે ? ગર્ભાદિક દુઃખરૂપી તરંગિત જળનો વિનાશ થવાથી સુકાતા સરોવરની માફક દરેક સમયે મૃત્યુ વિદ્યમાન છતાં પણ મનુષ્યો જીવિતની આશા કેમ છોડતા નથી ? વળી અન્ય લોકમાં એક સાથે ચાલેલા સાર્થીઓની માફક જો કોઈ આગળ જાય તો તેમાં શોક કરવાનું શું કારણ ? અથવા જેમ ખેતીદાર લોકો ક્ષેત્રમાં પાકેલું ધાન્ય લણી લે છે, તેમ મૃત્યુ સુભટ પ્રાણીમાત્રનો સંહાર કરે છે. માટે વસ્તુ સ્વભાવ આ પ્રમાણે વિચિત્ર છે. વળી જ્યાં જરા, રોગ અને વ્યાધિ વિગેરેનો સર્વથા અભાવ છે એવા સુરેંદ્રોમાં પણ જો મૃત્યુરૂપ સુભટ સ્વચ્છંદપણે વિચરે છે, તો વ્યાધિ, જરા, રોગ અને શોકથી ઘેરાયેલા મનુષ્યલોકમાં પ્રાણીઓ

નિમેષ માત્ર પણ જે જુવે છે તે મૃત્યુનો મ્હોટો પ્રમાદ છે. માટે અધીર પુરૂષોએ સેવેલા શોકને આધીન થવું નહીં. કારણ કે, મૃત્યુના મુખમાં રહેલા પ્રાણીને બચાવવા માટે ઈંદ્ર પણ સમર્થ નથી. વિગેરે દેશનાથી રાજાનો શોક દૂર કરી ભવ્યજનોને પ્રતિબોધ આપી મુનિએ અન્ય સ્થળે વિહાર કર્યો.

મહાસેન રાજા પણ નિરંતર ધર્મધ્યાન કરતો હતો. એક દિવસ પરોઢીયાના ભાગમાં ભરનિદ્રામાં હતો.

**સ્વપ્નવિચાર.** તેવામાં ત્હેને સ્વપ્ન આવ્યું કે:—એક વૃક્ષ હતું. તેના સ્તંભની ચારે તરફ મ્હોટો વિષધરસર્પ વિંટાયેલો હતો. તેમજ તે વૃક્ષને ચાર મુખ્ય શાખાઓ હતી. તેની નીચે બહુ શીકારી પશુઓ ઉભાં હતાં, અને પ્રચંડ પવન વેગથી કંપતી તેમજ કટ કટ એવા ભયંકર શબ્દ કરતી એવી તેની એક શાખાને હું વળગી રહ્યો હતો. વળી પડવાની વાટ જોઇ પ્રચંડ દંષ્ટ્રાઓથી ભયંકર મુખ પહોળું કરી દુષ્ટ સિંહ નીચે તૈયાર થઇ ઉભો હતો. એવામાં અકસ્માત્ એક શરભ ત્યાં આવ્યો. તેને જોઈ તે દુષ્ટ સિંહ ત્યાંથી જીવ લઈ નાશી ગયો. તેથી બહુ વિસ્મિત થઇ જુએ છે તેટલામાં તે જાગી ઉઠયો, અને કંઈ પણ તેણે જોયુ નહીં તેથી તેણે જાણ્યું કે, આ સ્વપ્નાવસ્થા મ્હેં ભોગવી. પછી પ્રભાત સમયમાં પોતાનું નિત્ય કાર્ય કરી જીનેંદ્ર ભગવાનને વંદન કરી મહાસેન રાજા સભાસ્થાનમાં આવ્યો અને સર્વ શાસ્ત્રોના જાણકાર એવા સ્વપ્નાર્થ વેદી નૈમિત્તિકોને બોલાવ્યા. તેઓ પણ મંત્રોચ્ચારપૂર્વક આશીર્વાદ આપીને ઉચિત સ્થાને બેસી ગયા. પછી રાજાએ તેઓની આગળ પોતાનું સ્વપ્ન કહી સંભળાવ્યું.

નિમિત્તવેદી બોલ્યા, હે રાજન્! આ સ્વપ્નનું ફળ બહુ વિષમ

**સ્વપ્નનો ઉત્તર.** છે. તે બાબતમાં શાસ્ત્રકાર કહે છે કે— વૃક્ષો ઉપર ચઢવું અને ઘોડાઓનું દર્શન તે શ્રેષ્ઠ ગણાય છે. તેમજ નીચે મુખ પ્રસારીને ઉભેલા સિંહનું અવલોકન બહુ દુષ્ટ કહ્યું છે. હે દેવ ! વળી તે શરભ કોણ હશે ? તે અમને સમજાતું નથી. કારણ કે, જેનાથી ત્રાસ પામી સિંહ પણ નાશી ગયો. માટે આ સ્વપ્ન ઘણું વિષમ છે. આ બાબતમાં અમારી બુદ્ધિ પહોંચતી નથી. કોઇપણ શ્રુતજ્ઞાની મુનિ શિવાય આ સ્વપ્નનો ખરો ભાવાર્થ જાણી શકે તેમ નથી. ત્યારબાદ રાજા વિચાર કરવા લાગ્યો. હાલમાં કોઈ સૂરિ મહારાજ અહીં વિરાજે છે ! એમ ઉહાપોહ કરતો હતો, તેટલામાં હાથમાં સુંદર કમળમાળાને ધારણ કરતી અને હૃદયમાં અપાર પ્રમોદને વહન કરતી ઉદ્યાનપાલિકા ત્યાં આવી રાજાને નમસ્કાર કરી બોલી. હે દેવ ! અહીં આપના ઉદ્યાનમાં બહુ શિષ્યો જેમની સાથે રહેલા છે, ચારે જ્ઞાનના જાણકાર અને અનેક લબ્ધિઓના નિધાન એવા સમયસાગર સૂરીશ્વર પધાર્યા છે. તે સાંભળી રાજાએ હેને વસ્ત્ર અલંકારાદિવડે સંતુષ્ટ કરી, પછી સ્વપ્નપાઠકો સહિત રાજા ઉદ્યાનમાં ગયો. સૂરીંદ્રના ચરણકમળમાં વંદન કરી નીચે બેઠો. અને ઉચિત સમયે સ્વપ્નની વાત પુછી.

**સમયસાગરસૂરિ.** સમયસાગર સૂરિએ પણ ઉપકાર જાણી તે સ્વપ્નનું યથાર્થ ફળ બતાવ્યું કે, વૃક્ષરૂપી સંસાર, શાખાઓરૂપી ચાર ગતિઓ, વિષધર સમાન વિષયો, શીકારી પશુઓ સમાન રોગ, પવન સમાન પૂર્વોપાર્જીત કર્મ અને જે શાખાને તું વળગી રહ્યો હતો, તે મનુષ્યગતિ તેમજ તે શાખા નીચે માનષગતિથી પડતા એવા હને જે સિંહ ગળવાની ઇચ્છા કરતો હતો તે મૃત્યુ સુભટ જાણવો. વળી તેટલામાં ત્યાં જે શરભ આવ્યો તે કોઈપણ સૂરિ

સમજવા અને તે સૂરિ ત્હારા મૃત્યુનો નાશ કરી નિર્બાધ સ્થાનમાં ત્હને સ્થાપન કરશે. આ પ્રમાણે ત્હારા સ્વપ્નનું ફળ છે. એમાં કોઈ પ્રકારનો ત્હારે સંદેહ જાણવો નહીં.

**મહાસેનરાજાનો મોક્ષ.**

મહાસેન રાજાએ આ પ્રમાણે સ્વપ્નનો પરમાર્થ જાણી સૂરિને વિનંતિ કરી કે 'હે ભગવન્! આ સ્વપ્ન ફળ તત્કાળ મ્હને સત્ય થાય. તેવી રીતે કૃપા કરો. સૂરીંદ્ર બોલ્યા, હે રાજન્! જો એવોજ ત્હારો નિશ્ચય હોય તો કોઈ પ્રકારનો હું પ્રતિબંધ કરીશ નહીં. રાજાએ પણ તરતજ પોતાના પુત્રને રાજ્ય સોંપી પોતે દીક્ષા ગ્રહણ કરી. ત્યારબાદ બન્ને પ્રકારની શિક્ષા લીધી. અને અનુક્રમે કેવળજ્ઞાન પામીને મહાસેન મુનિ અલ્પ સમયમાં અચળ અને સર્વદા નિર્ભય એવા મોક્ષ પદને પામ્યા. માટે હે ભવ્ય પ્રાણિઓ! ઇચ્છાનો ત્યાગ કરી જે પ્રાણી અનશનવ્રત ગ્રહણ કરે છે તે જીવ તેજ ભવમાં જો સિદ્ધ ન થાય તો પ્રાયે ત્રીજા ભવમાં સિદ્ધ થાય છે. વળી અત્યંત સ્થિર બુદ્ધિ, દયાભાવ અને નષ્ટ સંકલ્પ વિકલ્પવાળા ધન્ય પુરૂષો પરમાત્માનું ધ્યાન કરતા અનશન પૂર્વક સમાધિ મરણ પામે છે.

इति संलेखनायां मलयचन्द्रकथानकं समाप्तम् ॥

तत्समाप्तौ श्रीमल्लक्ष्मणगणिविरचितप्राकृतपद्यबन्धश्रीसुपार्श्वनाथजिन-
चरित्रस्य श्रीसकलसूरिपुरन्दरायमाणपरमगुरुतपागच्छाधिराजशा-
स्त्रविशारदजैनाचार्ययोगनिष्ठाध्यात्मज्ञानदिवाकरश्रीमद्बुद्धि-
सागरसूरिशिष्यप्रसिद्धवक्तेति लब्धख्याति व्याख्यानको-
विद जैनाचार्य श्रीमद् अजितसागरसूरिकृतगुर्जरभाषा-
नुवादे प्रभुदेशनाप्रबन्धे सदृष्टान्तातिचारव्याख्योपेतं
संलेखनाव्रतं समाप्तम् ॥

## નિર્વાણવર્ણન.

**તીર્થયાત્રા.**

શ્રી સુપાર્શ્વ પ્રભુ બોલ્યા, હે રાજન્ ! સમ્યકત્વ સહિત બાર પ્રકારનો શ્રાવકધર્મ સંલેખના પર્યંત વિસ્તારપૂર્વક કહ્યો અને દરેક અતિચારનું સ્વરૂપ પણ દૃષ્ટાંત સહિત સમ્યક્ પ્રકારે કહ્યું. માટે હવે તું નિરતિચાર ગૃહિધર્મ પાળવામાં નિશ્ચલચિત્તે સાવધાન થા. આ પ્રમાણે પ્રભુના વચનામૃતનું પાન કરી દાનવીર્ય રાજા ભગવાનને નમસ્કાર કરી બોલ્યો, હે ભગવન ! કૃપા કરી મ્હને શ્રાવકધર્મ આપો. જગદ્ગુરૂએ નરેંદ્રને વિધિ સહિત ધર્મદાન આપી શ્રી નંદિવર્ધન નગરમાંથી વિહાર કર્યો. પ્રથમ શત્રુંજય ગિરિની યાત્રા કરી અને ત્યારબાદ અનેક પુર, ગ્રામ, નગર વિગેરે સ્થાનોમાં વિહાર કરી ગૃહી અને મુનિઓના ધર્મનો ઉપદેશ આપતા તથા ભવ્ય જનોને દીક્ષાનો અનુગ્રહ કરતા ભગવાન્ સર્વત્ર વિજય પ્રવર્ત્તાવતા હતા. હવે ભગવાનની સેવામાં પંચાણું ગણધરો હતા. તેમજ ત્રણ લાખ મુનિઓ, ચાર લાખ ત્રિશહજાર સાધ્વીઓ, બે લાખ સત્તાવન હજાર શ્રાવકો અને ચાર લાખ તાણું હજાર શ્રાવિકાઓ હતી. તેમજ બે હજારને ત્રીશ ચતુર્દશ પૂર્વધારી મુનિઓ, અગીયાર હજાર કેવલજ્ઞાની મુનિઓ, પંદર હજાર ત્રણસો વૈક્રિય લબ્ધિવાળા અને આઠ હજાર ચારસો વાદિ મુનિઓ, નવ હજાર અવધિજ્ઞાનિ તેમજ નવ હજાર એકસો ને પચાશ મનઃપર્યવજ્ઞાની મુનિઓથી સેવાતા શ્રી સુપાર્શ્વપ્રભુ ગ્રામ, આકર અને નગરાદિક સ્થલોમાં વિચરતા, પંડિતોના વિવિધ પ્રશ્નોના ઉત્તર આપતા, ભવ્ય પ્રાણીઓને પ્રતિબોધ આપીને ઉત્તમ જ્ઞાનરૂપી સૂર્યના કિરણોવડે તેમના હૃદયરૂપી ઘરમાંથી અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરતા સંમેતગિરિ ઉપર ગયા. ત્યાં જ્ઞાનવડે પોતાનો

મોક્ષ સમય નજીક જાણી શ્રી સુપાર્શ્વનાથ ભગવાને એક માસનું અનશનવ્રત ગ્રહણ કર્યું. ત્યારબાદ ભવ્ય પ્રાણીઓના હિતમાં ઉદ્યુક્ત, સંસાર અને મોક્ષમાં ચિત્તની સમાનતાને ધારણ કરતા, જીવિત અને મરણમાં વાંછા રહિત, અને નિષ્ક્રિય ધ્યાનમાં લીન થયેલા શ્રી સુપાર્શ્વનાથ સ્વામી ચતુરંગ—ચોરાશી લાખ વર્ષનું એક અંગ થાય એવાં ચાર અંગ ન્યૂન એવું એક પૂર્વલક્ષ ચારિત્ર પર્યાય પાળીને પલ્યંક આસને બેઠા.

**સુર તથા સુરેંદ્રોનું આગમન.**

હવે મોક્ષાભિમુખ થયેલા ભગવાનને જાણી સર્વે સુરાસુરેંદ્ર ભગવાનની પાસે આવ્યા. અને ગંધોદકની વૃષ્ટિ સહિત પુષ્પોના ઢગલા કરી મસ્તકે અંજલિ રચી ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા. હે સપ્તમ જીનવર ! આપ વિજય પ્રવર્તાવો. આપ અખિલ કર્મરૂપી કંચુકથી મુક્ત થયા છો, વળી ભવરૂપી રાક્ષસથી પીડાતા પ્રાણીઓના રક્ષક અને મુક્તિરૂપી સ્ત્રીના સમાગમમાં ઉત્સુક એવા હે જીનેંદ્ર ! આપના ચરણ કમલમાં નમવાવડે મદોન્મત્ત હસ્તી પણ તત્કાલ શાંત થાય છે. વળી હે જીનેંદ્ર ! આપના સ્મરણમાત્રથી અતિ તીક્ષ્ણ દંષ્ટ્રાઓવડે વિકરાળ છે મુખકંદરા જેની અને સન્મુખ આવતો એવો સિંહ પણ નિવૃત્ત થાય છે. જેમાં અનેક સુભટોનાં ધડ નૃત્ય કરી રહ્યાં છે અને નિરંકુશ હસ્તીઓ જેમાં પ્રસરી રહ્યા છે એવા મ્હોટા સમરાંગણમાં જે આપનું સ્મરણ કરે છે તે પ્રાણીને જયલક્ષ્મી પોતેજ વરે છે. તેમજ લાંબી જીહ્વાઓને નચાવતો, અરૂણ એવા નેત્રોની કાંતિવડે ગગનમંડલને લાલ કરતો અને પ્રચંડ ફણાઓને વિસ્તારતો એવો નાગ પણ આપના ધ્યાનથી પરાજય પામે છે. વળી અત્યંત દુર્દિન સમયમાં વિજળીરૂપી દડાવડે જેમનો નાવિક ભયભીત થઈ ગયો છે એવા આ યાત્રિક લોકો મધ્યદરિયામાં ડુબતા

છતાં પણ આપના શરણથી તરી જાય છે. હે ભગવન્! આ પ્રમાણે આપના નામ સ્મરણથી ભવ્યજીવો આ લોકમાં સુખી થાય છે અને પરલોકમાં પણ અસંખ્ય દુ:ખોનો ક્ષય કરનાર એવા મોક્ષને પામે છે. એ પ્રમાણે સર્વ સુરેંદ્રો બહુ સ્તોત્રોવડે સમ્મેત ગિરિ ઉપર રહેલા ભગવાનની સ્તુતિ કરે છે. તેટલામાં જગદ્ગુરૂ સર્વ પાપદ્વારોનો રોધ કરનાર શૈલેશી ધ્યાનમાં સ્થિર થયા.

**નિર્વાણપદ.** વળી જેના માટે છઠ્ઠ, અઠ્ઠમ, પ્રમુખ દુશ્ચર તપશ્ચર્યાઓ કરવી પડે છે, તેમજ શુદ્ધ જલ તથા તુચ્છ રસ વિનાનાં ભોજન કરવાં પડે છે, ગાઢ અનુરક્ત એવી સ્ત્રીઓનો પ્રતિબંધ છોડવો પડે છે, વીરાસન જેમાં રહેલું છે એવાં સ્થાનકો નિરંતર સેવવાં પડે છે. નવીન સ્નેહપાશવડે મનોહર એવા બંધુઓનો સંસર્ગ પણ છોડી દેવો પડે છે. અને જેના માટે શીત તથા તડકાથી દુ:સહ એવા સમયમાં પણ કાયોત્સર્ગે રહેવું પડે છે. એવાં દુ:ખદાયક વેદનીય, આયુષ્, નામ, અને ગોત્ર એ ચારે કર્મોનો એક સમયે ક્ષય કર્યો. પછી વિકટ એવા ભવ પાશથી મુક્ત થયેલા, તપાવેલા શુદ્ધ સુવર્ણ સમાન છે કાંતિ જેમની, વળી સૂર્યની કાંતિનો જેમણે તિરસ્કાર કર્યો છે અને લક્ષ્મીના નિવાસ સ્થાન એવા શ્રી સુપાર્શ્વ પ્રભુ ફાગણ વદી સાતમના દિવસે પાંચસો મુનિઓ સાથે પોતાનો દેહત્યાગ કરીને મોક્ષસ્થાને ગયા.

**વિરહભાવ.** જગદ્ગુરૂના પ્રચંડ વિરહથી પ્રગટ થતા અશ્રુપ્રવાહવડે ભરાઈ ગયા છે નેત્રપુટ જેમનાં એવા સર્વ સુરાસુરેંદ્ર પ્રભુને નમસ્કાર કરી પ્રાર્થના કરવા લાગ્યા. હે જગદીશ્વર! ત્રણ લોકમાં પ્રદીપ સમાન દીપતા એવા આપ હાલમાં નિર્વાણ પદ પામ્યા

તેથી અખિલ ભરતક્ષેત્ર આરે મોહ તિમિરમાં નિમગ્ન થયું. વળી હે ભગવન્ ! અત્યંત ભક્તિભાવથી અમે અહીં આવીને હવે કોની સ્તુતિ કરીશું ? અથવા કોની પૂજા રચીને આનંદ માનીશું ? અથવા વિલાસ સહિત નૃત્ય લીલા કોની આગળ કરીશું ? હે સ્વામિન્ ! તમ્હારા વિના હાલમાં અમારા રત્નમય મુકુટોને કોના ચરણપીઠમાં ભક્તિભાવથી નમાવીશું ? એ પ્રમાણે સ્તુતિ કરી વારંવાર નમસ્કાર કરી ઉદાસચિત્તે સર્વ સુરેંદ્રો જીનેંદ્રની પાસે બેઠા. ત્યારબાદ સુરેંદ્રની આજ્ઞાથી વૈશ્રમણ દેવે ઉન્નત ધ્વજાઓ વડે વિભૂષિત સુવર્ણ અને રત્નમય ઉત્તમ નિર્વાણ શિબિકા તૈયાર કરી. ત્યારપછી ક્ષીરસાગરના જલથી પ્રભુને સ્નપન કરાવી રત્નમય આભરણોથી શણગારેલા શરીરે શુદ્ધ દુકૂલ પહેરાવ્યાં. ત્યારબાદ સર્વે સુરાસુર લોકો રૂદન કરવા લાગ્યા છતાં પણ દેવ સહિત સુરેંદ્રોએ પ્રભુને પાલખીમાં પધરાવ્યા અને નૈરૂત ખુણામાં શુદ્ધ જગ્યાએ લઇ ગયા. ત્યાં ગોશીર્ષ અને અગુરૂચંદનના કાષ્ઠોની બે ચિતાઓ રચાવી. એક ચિતામાં જીનેંદ્રને અને બીજીમાં પાંચસો મુનિઓને સ્થાપન કર્યા. તે સમયે દુંદુભિ વિગેરે ગંભીર વાજીંત્રો વાગવા લાગ્યાં. સર્વત્ર ખેચરોએ સુગંધમય પુષ્પોની વૃષ્ટિ કરી, સુરાંગનાઓ નૃત્ય કરવા લાગી. વળી સમસ્ત સંઘના લોકો શોકાતુર થઇ ગયા. દેવેંદ્રોના જયજય શબ્દોથી અખિલ ભુવનમંડલ ભરાઇ ગયું. પછી અગ્નિકુમારોએ પોતાના મુખમાંથી ચિતામાં અગ્નિ પ્રગટ કર્યો. વાયુકુમાર દેવોએ પવન વિકુર્વિને અગ્નિ પ્રજ્વલિત કર્યો. તેમજ અન્ય સુરવરો સુગંધમય ધૂપની મૂઠીઓ ભરી ફેંકવા લાગ્યા. એમ અનુક્રમે ચિતા લાગવાથી માંસાદિક સર્વ ધાતુઓ બળી ગઇ. એટલે અતિ શીતલ, સુગંધિત અને મનોહર એવા ક્ષીરસાગરના જલની ધારાઓવડે મેઘ કુમારોએ જીનેંદ્ર ભગવાનની ચિતા શાંત કરી.

નંદીશ્વરની યાત્રા.

ત્યારબાદ જીનેંદ્ર ભગવાનની ઉપરની જમણી દાઢ શક્રેંદ્રે ગ્રહણ કરી અને નીચેની ચમરેંદ્રે લીધી. વામ ભાગની ઉપરની દાઢ ઇશાનેંદ્રે અને નીચેની બલીન્દ્રે લીધી. વળી અત્યંત ભક્તિભાવથી રોમાંચિત થયેલા અવશિષ્ટ સુરાસુરેંદ્ર અને સર્વ દેવોએ પોતાના મંગલ માટે દાંત અને અસ્થિ (હાડકાં)ના ટુકડાઓ ગ્રહણ કર્યા. ત્યારબાદ દેવીયોએ પુષ્પ, નરેન્દ્ર તથા નરનારીયોના સમુદાયે વસ્ત્રો તેમ જ બાકીના સર્વ લોકોએ બહુ ઉમંગથી ચિતાની ભસ્મ લઈ લીધી. ત્યારબાદ યત્નવડે તે સમયનું દરેક કાર્ય સમાપ્ત કરીને જગત્ પ્રભુના ભારે વિરહાનલની જ્વાળાથી દગ્ધ થયેલાં હૃદયને શાંત કરવા સર્વ દેવસહિત સુરેંદ્રો નંદીશ્વરદ્વીપમાં ગયા. ત્યાં પરમભક્તિ વડે અષ્ટાહ્નિક મહોત્સવ કરીને સર્વ સુરાસુરેંદ્ર પોત પોતાના પરિવાર સહિત દેવલોકમાં ગયા. પછી પાંચ ફણાઓને ધારણ કરતા શેષ નાગના મસ્તક મણિને નિસ્તેજ કરતી એવી જીનેંદ્રની દાઢાને તેઓએ બહુ પ્રેમપૂર્વક સાવધાનપણે પૂજીને રત્નમણિના ડાબડામાં મૂકી દીધી. વળી હે ભવ્યાત્માઓ ? રાગદ્વેષાદિક દુઃખના વિનાશક, સંસારવાસનાથી દૂર થયેલા, રાગ અને રોષના વિજેતા, જનસમૂહના સુખદાતા અને સ્વર્ગ તથા મોક્ષસુખના પ્રકાશક એવા સુપાર્શ્વ ભગવાન્ નિરંતર તમ્હારૂં સંરક્ષણ કરો. આ પ્રબંધમાં વાક્ય વ્યવસ્થા કિંવા શાસ્ત્રવિરૂદ્ધ કંઇ કહેવામાં આવ્યું હોય તે સંબંધી હું મિથ્યાદુષ્કૃત યાચું છું અને સજ્જન પુરૂષો સુધારો કરી વાંચશે એવી આશા રાખું છું.

# ગ્રંથકારની પ્રશસ્તિ.

આ લોકમાં સમસ્ત ભૂમંડલરૂપી ભવનના આભૂષણ માટે સરળ ધ્વજદંડ સમાન અને કીર્તિરૂપ પતાકાવડે યુક્ત શ્રી હર્ષપુર ( હર્ષપુરીય ) નામે ઉત્તમ ગચ્છ છે. તેની અન્દર સમગ્ર શિવ સુખના મંદિર સમાન હિમાલયની માફક જયસિંહ નામે સૂરિ હતા. જેનાથી નીકળેલી સુરસરિત–ગંગાની માફક મુનિયોની પરંપરા આ જગત્‌માં વિદ્યમાન છે. તે જયસિંહ સૂરિના પછી દયારૂપી કમલિનીને પ્રફુલ્લ કરવામાં સૂર્ય સમાન, મિથ્યાત્વરૂપી અંધકારના સમૂહને હરણ કરનાર અને સમગ્ર જૈનશ્વેતાંબર સંઘના તિલક સમાન શ્રીમાન્ અભયસૂરિ નામે સૂરીન્દ્ર થયા. તેમના સુશિષ્ય ઉજ્વલ યશરૂપી જ્યોત્સ્ના વડે ઉજ્વલ કર્યો છે જૈન શ્વેતાંબર સંઘનો વિસ્તાર જેમણે અને પરવાદીયોના સમૂહનો પરાજય કરવામાં પ્રગટ છે મહાત્મ્ય જેમનું એવા ચન્દ્ર સમાન શ્રીમાન્ હેમચન્દ્ર સૂરિ થયા. જેમણે રા. રા. શ્રીયુત્ જયસિંહ રાજાને પ્રબોધીને રથયાત્રાદિક કાર્યોમાં બહુ ઉદ્યોત કર્યો. વળી જેમના મુખરૂપ ક્ષીરસાગરમાંથી નીકળેલા અદ્ભુત શાસ્ત્રામૃતનો સ્વાદ લઈ મ્હોટા મુનિયો હાલમાં પણ અજરામર સ્થાનને પામે છે. વળી તે હેમચન્દ્ર સૂરિના ત્રણ શિષ્યો થયા. તેમાં પ્રથમ એકાન્તવાદિયોના સંસર્ગરૂપી રંગનો ભંગ કરવામાં સિંહ સમાન શ્રી વિજયસિંહ સૂરિ. બીજા પારાવાર વિદ્યારૂપ સમુદ્રને વિષે સંપૂર્ણ પૂર્ણિમાના ચન્દ્ર સમાન અને જૈન સિદ્ધાંતરૂપી કુમુદોના વિકાસ કરનારા શ્રી ચન્દ્રસૂરિ થયા. શ્રી લાટદેશની મુદ્રાને પાલન કરતા એવા જે સૂરિએ માત્ર જૈન શાસનની પ્રભાવના કરી એટલુંજ નહિ પરન્તુ શ્રમણ મુદ્રાનું પણ પાલન કર્યું છે. વળી શ્રીમાન મુનિસુવ્રત સ્વામીના ચરિત્રરૂપી રંગશાળામાં છંદ સહિત

અલંકારો વડે સુશોભિત જેમની વાણી નર્તકીની માફક વિલાસ કરી રહી છે. તેમજ ત્રીજા વિબુધજનોના મનને બહુ આનંદ આપવામાં અતિદક્ષ એવા શ્રીમાન વિબુધચન્દ્ર સૂરિ હતા.

હવે એક દિવસ તે શ્રીમાન વિબુધચન્દ્ર સૂરિ વિહાર કરતા કરતા ધંધૂકા નગરમાં આવ્યા ત્યાં પુંડરિકના પુત્ર આષડ શ્રાવકે શ્રી પદ્મચન્દ્ર ઉપાધ્યાય વિગેરે શ્રી સંઘને કહીને શ્રી સુપાર્શ્વનાથ ભગવાનનું ચરિત્ર રચવા માટે તેમની પ્રાર્થના કરી કબુલ કરાવ્યું. ત્યારબાદ તેમણે પણ શ્રીમાન્ હેમચન્દ્ર સૂરિના લઘુ શિષ્યને ઉપરોક્ત ચરિત્ર રચવાની આજ્ઞા કરી.

લક્ષણ તથા છંદ શાસ્ત્રોના જાણકાર એવા શ્રીમાન્ લક્ષ્મણ ગણીએ પ્રકાશ કરેલું આ સાતમા તીર્થંકર ભગવાનનું ચરિત્ર સકલ શ્રી સંઘના દુઃખનું હરણ કરો ?

શ્રીમાન કુમારપાલ નૃપતિના રાજ્યમાં આવેલી ગુરૂમંડલી નામે નગરીમાં શમ્બાસુતના ઉપાશ્રયમાં વાસ કરતા એવા શ્રીમાન લક્ષ્મણ ગણીએ વિક્રમ સંવત્ ૧૧૧૯ ના મહા સુદિ દશમીને ગુરૂવારે આ ચરિત્ર રચ્યું છે.

આ ચરિત્રની અનુષ્ટુપ શ્લોક સંખ્યા પ્રત્યક્ષર ગણવા વડે દશ હજાર એકસોને આડત્રીશ ઉપર આઠ અક્ષરની પ્રાયઃ છે.

॥ इतिश्रीमल्लक्ष्मणगणिविरचितप्राकृतपद्यबन्धश्रीसुपार्श्वनाथजिनचरित्रस्य श्रीसकलसूरिपुरन्दरायमाणपरमगुरुतपागच्छाधिराजशास्त्रविशारदजैनाचार्ययोगनिष्टाध्यात्मज्ञानदिवाकरश्रीमदबुद्धिसागरसूरिशिष्यप्रसिद्धवक्तेति लब्धख्याति व्याख्यानकोविद जैनाचार्य श्रीमद् अजितसागरसूरिकृत गुर्जरभाषानुवादः समाप्तः ॥

**॥ इतिश्रीसुपार्श्वजिनचरित्रं समाप्तम् ॥**

**ॐ शान्तिः शान्तिः शान्तिः**

## ॥ ગીરનારમંડનનેમપ્રભુ સ્તવન ॥

મહાવીરજી મુજ માયાળુ રે—રાગ.

ગિરનાર વાસી ગુણ ગિરૂવારે, નેમ નગીના.
 શામળીયા શિવપદ લીના રે. નેમ નગીના. ટેક.
લટકાળા ! હું તો લળીલળી પાયે લાગું,
 પ્રભુ ! પ્રેમ અવિચળ માગું રે. નેમ નગીના.
પાતળીયા ! પ્યારા ! પિયુ ! પિયુ ! કરતી હું આવું,
 ગુણ ગીત તમ્હારાં ગાઉં રે. નેમ નગીના.
મોહનજી ! મ્હારા હૃદય મંદિરમાંહી આવો,
 મને ભેદાભેદ બતાવો રે. નેમ નગીના.
નટવરજી ! ન્યારા શાને રહો છો મુઝથી !
 છે સગપણ સાચું તુજથી રે. નેમ નગીના.
દયાળુ દેવા ! દયા કરો દિન જનની,
 આશા પુરો મુઝ મનની રે. નેમ નગીના.
દાતા ! શિવપદના દાયક નામ ધરાવો,
 સેવકને શીદ તરશાવો રે. નેમ નગીના.
ત્રાતા ! ત્રિભુવનના તારક છો તમે સ્વામિ,
 સિદ્ધ અવિચળ આતમરામી રે. નેમ નગીના.
નાથજી ! મેં તો શરણુ ગ્રહ્યું છે તમારૂં,
 વળી અરજી નિત્ય ઉચારૂં રે. નેમ નગીના.
પ્રભુજી ! આપો અજીત અમર પદ અમને,
 છે લાજ અમારી તમને રે. નેમ નગીના.

ॐ शांतिः ३

## ॥ અજરાપાર્શ્વનાથનું સ્તવન ॥

માતા મરૂદેવીના નન્દ–એ રાગ.

વ્હાલા ! વામાદેવીના નન્દ ! અજરા પાર્શ્વજીનરાજ !
વિનતી સુણો અમ્હારી રે.
વિનતી સુણો અમ્હારી રે, મહેર કરી મહારાજ ! આપજો
પદ અવિકારી રે–એ ટેક.

અશ્વસેન કુલદીપક જીપક, કામ ક્રોધ મદ માન;
વારાણસીના વાસી વિભુજી ! ધરીએ તુઝ ગુણ ધ્યાન. વ્હાલા.
પ્રભાવતી રાણીના પ્રિયતમ, જ્ઞાન રયણ ભંડાર;
તાપસ તારી નાગ ઉગારી, ત્યાગ દીયો સંસાર. વ્હાલા.
સંયમ રસીયા વસીયા વનમાં, સુંદર સરોવર તીર;
વનહસ્તિ કરી ભક્તિ શિરપર, ઢોળે નિર્મળ નીર. વ્હાલા.
વૈર વિચારી મનમાં પ્રભુને, વડતરૂ હેઠળ ભાળી;
જબરી જળધારા વરસાવે, મસ્ત બની મેઘમાળી. વ્હાલા.
ધરણેન્દ્ર પદ્માવતી પોતે, સમય વિચારી આવે;
મેઘ સંહારી પાપ પખાળી, પ્રભુ ગુણ મહિમા ગાવે. વ્હાલા.
સમતામાં રહી કેવળ પદ લહી, અજર અમર અવિકાર;
શિવ સુખ પામ્યા તે જીનવરની, પ્રતિમા તારણહાર. વ્હાલા.
કલ્પવેલ ચિંતામણી સ્વામિ ! જગચિંતા દૂર કરતા;
રઘુનન્દનના તનની પીડા, શાસનપતિ સંહરતા. વ્હાલા.
સુરભુવનમાં સેવા પામી, જે પ્રતિમા બહુ કાળ;
કળિકાળમાં જાગતી જ્યોતિ, અજારમાં છે હાલ. વ્હાલા.
જગદ્ગુરૂ પદવીના ધારક, વિજય હીર સૂરિરાય;
અજીત અમર પદ ઇચ્છક, પોતે પ્રેમે પ્રણમે પાય. વ્હાલા.
ઉનામાં યાત્રાર્થે આવી, કર્યાં પ્રભુ દર્શન;
મોરારજીની ભક્તિ ભાળીને, અજીત થયો પ્રસન્ન. વ્હાલા.

## ॥ મહુવામંડનમહાવીરજીનસ્તવન ॥

કેશરીયા થાશું પ્રીતિ કિની રે—એ રાગ.

મનમોહક મુઝને મૂર્તિ મળી રે, મહાવીરની;
લય દીલમાં લાગી, ધર્મ ધુરંધર મહાધીરની—એ ટેક.
મનહર મહુવામાં બહુ મ્હોટા, મંદિરની છબી છાજે;
જીવત જીનવરજીની આગળ, ત્રિકાળ નોબત ગાજે રે. મન.
સિદ્ધારથ રાજાના નંદન, ત્રિશલા સુત સુખકારી;
પાપો અમ્હારાં કાપો પ્રભુજી ! આપો પદ અવિકારી રે. મન.
સુમેરૂ શિખરે સુરપતિ સઘળા, સ્નાત્રવિધિ શુભ કરતા;
ચરણવડે ગિરિવર કંપાવી, હરિમન શંકા હરતા રે. મન.
ડસીયો ચરણે ચંડકોશીયો, તે સ્વર્ગે જઇ વસીઓ;
અડદ બાકુળા આપી પ્રભુને, સતી જીવ અતિમન હસીયોરે. મન.
સુરનર પશુ ગણ મળી દુ:ખ કરતા, પ્રભુ સહતા શમ ભાવે;
ઘન ઘાતી ચઉકર્મ ખપાવી, અન્તર જ્યોતિ જગાવે રે. મન.
સમવસરણની રચના સુન્દર, સુરપતિ સઘળી કરતા;
અતિશય સહ જીનવર વિચરતા, નવિન કમળ પદ ધરતા રે. મન.
આત્મજ્ઞાન આપી ભવિજનની, જડતા દૂર નીવારી;
અજીતાનન્દમાં રમતા નિશદિન, પ્રભુજીની બલિહારી રે. મન.
વિનતી વ્હાલ ધરીને વ્હાલા, સેવકની ઉર ધરજો;
કૃપા તણા સાગર જીનવરજી ! દુ:ખ અમ્હારાં હરજો રે. મન.
સિદ્ધાચળમાં વાસ કરીને, અનુભવ પ્યાલો પીધો;
રૈવતગિરિ યાત્રાએ જાતાં, પ્રભુ ગુણ લ્હાવો લીધો રે. મન.
મંગલરૂપ છો મહાવીર મ્હારા, હૃદય મંદિરમાં વસીયા;
અજીત નમે કરજોડી તમને, શિવરમણીના રસીઆ રે. મન.

ॐ शांतिः ३

## ॥ ઘોઘામંડનપાર્શ્વજીનસ્તવન ॥

મહાવીરજી મુજ માયાળુ રે—એ રાગ.

ઘોઘામંડન નવખંડા રે, પાર્શ્વ જીણુંદા;
શરણે આવ્યો સુખ કંદા રે, નાણ દિણંદા. ટેક.

પ્રભુજી ! મ્હારા ચાર ગતિમાં હું ભમીયો,
તવ ચરણે નાથ ! ન નમીયો રે. પાર્શ્વ.

અલબેલા ! હું તો અભિમાનથી અકડાયો.
વળી પ્રપંચમાં પકડાયો રે. પાર્શ્વ.

છબીલા ! મ્હેં તો શાસ્ત્ર મર્યાદાઓ છોડી.
પ્રતિમામાં પ્રીતિ ન જોડી રે. પાર્શ્વ.

રંગીલા ! મુઝને પરનારી લાગી પ્યારી,
પણ ભક્તિ ન કીધી તમારી રે, પાર્શ્વ.

રસીયાજી ! હું તો રાચી રહ્યો પરધનમાં,
મદ મોહ ધર્યો બહુ મનમાં રે. પાર્શ્વ.

નાથજી ! મ્હેં તો નિન્દા કરી મુનિવરની,
હાર્યો બાજ નિજ ઘરની રે. પાર્શ્વ.

મોહનજી ! મ્હારા અવગુણ સામું ન જોશો.
છે અગણિત મુઝમાં દોષો રે. પાર્શ્વ.

દયાના દરિયા ! દયા કરીને ઉગારો,
ભવ સાગર પાર ઉતારો રે. પાર્શ્વ.

ભવ વનમાં ભમતો ભાવનગરથી હું આવ્યો,
પ્રભુ ! અજીત મનમાં ભાવ્યો રે. પાર્શ્વ.

ૐ શાંતિઃ ૩

## ॥ શ્રી અમીઝરાપાર્શ્વનાથનું સ્તવન. ॥

શ્રી શંખેશ્વરા ? પ્રભુ પાર્શ્વ જીનવરા—એ રાગ.

શ્રી અમીઝરા ! પ્રભુ પાર્શ્વ દુઃખ હરા !
ત્રાતા ! દાતા ! જ્ઞાતા ! માતા ! જય જીનેશ્વરા ! ટેક.
કામ ક્રોધ માયાનો માર્યો, ભમીયો કાળ અનંત;
શરણે આવ્યો સેવક જાણી, સહાય કરો ભગવંત. શ્રી.
મોહ વૈરિએ મુંઝાવ્યો બહુ, ભૂલ્યો નિજગુણ ભાન;
સમઝાવ્યો સદ્‌ગુરૂએ મુઝને, છતાં ન આવી સાન. શ્રી.
અવગુણ ભરિયો દોષનો દરિયો, વરિયો કુમતિ નાર;
પોતાનો જાણી જીનવરજી ! તાર તાર મુઝ તાર. શ્રી.
પારસમણિ સમ પ્રભુતા ધારક, પાર્શ્વનાથ ભગવાન્ !
સ્પર્શ જરા જો થાય તમારો, ખૂબ બનું ગુલતાન. શ્રી.
અમી વરસાવી અમર બનાવો, રાખો સેવક લાજ;
બગડેલી બાજી સુધારી, આપો અવિચળ રાજ. શ્રી.
સુંદર સોરઠ દેશમાં શોભે, ઉના શહેર ગુલજાર;
વિચર્યા પૂર્વે વિજય હીર જ્યાં, પ્રભુ ભેટ્યા સુખકાર. શ્રી.
પ્રભુ ગુણ રમતાં પરગુણ વમતાં, ધરતાં નિર્મળ ધ્યાન,
ચરણ કમળનું શરણ ગ્રહીને, અજીત બન્યો મસ્તાન. શ્રી.

ॐ शांतिः ३

## શ્રી મહાવીર જિન સ્તવન

મહાવીરજી મુજ મયાળુ રે. એ રાગ

સિદ્ધારથ સુત ! સુખકંદારે, વીર જીણુંદા.
ભવિચાતક ચિત્તહર ચંદા રે, ત્રિશલાના નંદા—એ ટેક.
દયાના દરિયા ! દશમા દેવલોકથી ચવિયા,
ક્ષત્રીકુંડમાં અવતરીયારે......................વીર.
બાળુડા પ્રભુજી ! બાળપણે બળવંતા,
જગજીવનજી જયવંતારે......................વીર.
મોહનજી ! મ્હારા, માતાની ભક્તિમાં રાતા,
નંદિવર્ધનના ભ્રાતારે......................વીર.
પ્રિયતમ પ્રભુ ! પ્યારા, પરણ્યા યશોદા નારી,
જે પૂર્ણ પતિવ્રત ધારીરે......................વીર.
વૈરાગી વ્હાલા ! ત્રીશ વર્ષે થયા ત્યાગી,
બન્યા શિવરમણીના રાગીરે......................વીર.
ત્રિભુવનના તારક ! તપ તપીયા બહુ ભારી,
જીનવરજી ! છો જયકારીરે......................વીર.
લટકાળા ! લટકે, ચંદનબાળાને તારી,
તુજ મુખડાપર જાઉં વારીરે......................વીર.
કેવળ ગુણવંતા ! કેવળજ્ઞાનને પામી,
થયા શિવરમણીના સ્વામીરે......................વીર.
શરણે હું આવ્યો, સહાય લેવાને તમારી,
સ્વીકારો અરજી અમારીરે......................વીર.
મહાવીર પ્રભુ ! મ્હારા, હૃદય મંદિર માંહી રહેજો,
શુભ અજીત અમર પદ દેજોરે......................વીર.

ॐ शांति: ३

॥ ॐ अर्हम् ॥

# श्रीमद् सच्चारित्रचूडामणि सुखसागराष्टकम् ॥

## ललित.

अखिल कर्मणां ग्रन्थिभेदकं, भवनिवारकं शान्तिधारकम् ।
प्रणत सौख्यदं दीनतापहं, सुखपयोनिधिं श्रीगुरुं भजे ॥१॥

जितकलिकलौ तत्त्ववेदिनं, मथितमानसोद्भूतविक्रमम् ।
क्रमकदर्थिताऽनेकविक्लवं, सुखपयोनिधिं श्रीगुरुं भजे ॥२॥

तमकलङ्कितं वर्त्तनं स्तुतं, जनगणैः सदा यस्य शस्यते ।
परम पात्रता यत्र राजते, सुखपयोनिधिं श्रीगुरुं भजे ॥३॥

मुनिवर ? त्वयादीपितं ततं, मतिमतादृतं जैनशासनम् ।
जिनमतार्थिनस्त्वां नमन्त्यतः, सुखपयोनिधिं श्रीगुरुं भजे ॥४॥

नियमधारिणीं श्राद्धसन्ततिं, विहितवान्भवाँस्तत्त्वदेशकः ।
तवगुणानहं स्तोतुमक्षमः, सुखपयोनिधिं श्रीगुरुं भजे ॥५॥

रतिकरी न यन्मूर्त्तिरुत्तमा, भवति कस्य सद्भूविदायिनी ।
करुणचेतसं सम्पदालयं, सुखपयोनिधिं श्रीगुरुं भजे ॥६॥

चिरमखण्डिता भावनापरा, विमलचेतसा येन साधिता ।
शमितकामनं तं मुनिप्रियं, सुखपयोनिधिं श्रीगुरुं भजे ॥७॥

तमघघातिनं त्रातभारतं, पतितपावनं कारिताऽवनम् ।
अखिलदेहिनामात्मबोधदं, सुखपयोनिधिं श्रीगुरुं भजे ॥८॥

# श्री रविसागरजी गुणकीर्तन.

## गझल.

कृपावन्तं क्षमावन्तं, जगत्क्षेमङ्करं धीरम्
नरामरसेवनीयं शं, विधातारं कलौ कामम् ।
वृषाधारं महारामं, गुणामरपादपश्रेणे–
भजध्वं प्रेमतः पौरा, रविसागरगुरुं नित्यम् ।
सदाराध्यं सतांवृन्दैर्दुरालोकं विमूढानाम्–
महासिद्धिप्रदं चित्रं, चरित्रं शोभनं यस्य ।
कृतायेन क्षमाभाजा, सदाचारप्रियालोका–
भजध्वं प्रेमतः पौरा, रविसागरगुरुं नित्यम् ॥
जितानङ्गं पवित्राङ्गं, प्रभाभिर्दिपितालोकं
सुयोगेन क्षितीशानां, हृदुर्व्यारोपितं तत्त्वम् ।
मुनीशानां सदावन्द्यं, दुरन्तापल्लतानाशं
भजध्वं प्रेमतः पौरा, रविसागरगुरुं नित्यम् ॥
निराशं निर्मलाकारं, निरीहं निर्भयावेशं
निरारोगं निराशङ्कं, निरामोदं निराशोकम् ।
निरालम्बं सदालम्बं, महालम्बं सुभव्यानाम् ।
भजध्वं प्रेमतः पौरा, रविसागरगुरुं नित्यम् ॥
चिदानन्दं निरानन्दं, जगच्चन्द्रं गतातन्द्रम् ।
न मोहाधीनता यस्य, सुतत्त्वाधीनता मुख्या ।
स्थिता यस्यान्तिके मुक्तिप्रिया चित्यं परालम्ब्या ।
भजध्वं प्रेमतः पौरा, रविसागरगुरुं नित्यम् ॥

